ૐ

શ્રી વીતરાગાય નમઃ

અધ્યાત્મ સુધા

(ભાગ-૯)

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ
ઉપરના સળંગ પ્રવચનો)

(વચનામૃત-૨૯૮ થી ૩૩૫)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

અન્ય પ્રાપ્તિ સ્થાન :
- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

પ્રથમાવૃત્તિ : ૨૦-૮-૨૦૧૬ (પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતિ)
પ્રત : ૧૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૨૦ + ૮ = ૪૨૮
પડતર કિંમત : ૭૨૦/-
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઇમ્પ્રેશન્સ
૧૯૨૪/, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
ભગવતી ઓફસેટ
અમદાવાદ
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં 'સીમંધર' ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્‌ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી'નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે 'બહેનશ્રીનાં વચનામૃત' ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા

ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન'ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના આ પ્રવચનોનું પુસ્તક 'અધ્યાત્મ સુધા' ભાગ-૯ પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતરબાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલશ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શિવમ્

ટ્રસ્ટીગણ

વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ 'અધ્યાત્મ સુધા' ભાગ-૯ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૨ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ આઠમા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત 'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્ય ભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ ટાઈપ કરીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં

આવે તો અવશ્ય જાણ કરે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઈન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

'અધ્યાત્મસુધા' ભાગ-૯ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી	૨૫,૦૦૦/-
શ્રીમતી વંદનાબેન રણધીરભાઈ ઘોષાલ, ભાવનગર	૧૧,૦૦૦/-
શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા	૫,૦૦૦/-
શ્રી હીરાલાલ જૈન, ભાવનગર	૫,૦૦૦/-
શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, મુંબઈ	૫,૦૦૦/-
ડો. બી.એમ. સુથાર, કમ્પાલા, યુગાન્ડા	૫,૦૦૦/-
ફેમીલ-હેમલ જયંતભાઈ ગાલા	૫,૦૦૦/-
ઝવેરીભાઈ સાવલા	૫,૦૦૦/-
શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર	૨,૫૦૦/-
શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ	૨,૫૦૦/-
અમિતિબેન કેતનભાઈ વાલડિયા	૨,૫૦૦/-
શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા	૧,૦૦૦/-
શ્રીમતી ચારુબેન નિલેષભાઈ જૈન, ભાવનગર	૧,૦૦૦/-
સ્વ. ઈન્દુમતી જસવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસુભાઈ કામદાર	૫૦૦/-
શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર	૨૫૧/-
સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-
સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ	૨૫૧/-

પ્રવચન અનુક્રમણિકા

પ્ર. ક્રમાંક	તારીખ	બોલ	પૃષ્ઠ સંખ્યા
૨૨૮	૩૦-૦૧-૮૮	૨૯૮-૨૯૯	૦૦૧
૦૩૯	-	૨૯૮	૦૧૬
૦૪૦	-	૩૦૧-૩૦૩	૦૨૯
૨૩૧	૪-૦૨-૮૮	૩૦૪	૦૪૩
૨૩૨	૩-૦૨-૮૮	૩૦૩-૩૦૪	૦૫૭
૨૩૩	૫-૦૨-૧૯૮૮	૩૦૫-૩૦૬	૦૭૨
૨૩૪	૭-૦૨-૮૮	૩૦૭	૦૮૭
૨૩૫	૯-૦૨-૮૮	૩૦૮	૧૦૦
૨૩૬	૧૦-૦૨-૮૮	૩૦૯	૧૧૫
૨૩૭	૧૧-૦૨-૮૮	૩૧૦	૧૨૯
૨૩૮	૧૩-૦૨-૮૮	૩૧૧	૧૪૩
૨૩૯	૧૪-૦૨-૮૮	૩૧૨	૧૫૯
૨૪૦	૧૫-૦૨-૮૮	૩૧૩-૩૧૪	૧૭૫
૨૪૧	૧૬-૦૨-૮૮	૩૧૪-૩૧૫	૧૮૯
૨૪૨	૧૭-૦૨-૮૮	૩૧૬	૨૦૩
૨૪૩	૧૯-૦૨-૮૮	૩૧૭	૨૧૭
૨૪૪	૨૦-૦૨-૮૮	૩૧૮	૨૩૨
૨૪૫	૨૨-૦૨-૮૮	૩૧૯	૨૪૯
૨૪૬	૩૩-૦૨-૮૮	૩૧૯-૩૨૦	૨૬૬
૨૪૭	૨૪-૦૨-૮૮	૩૨૧	૨૮૨
૨૪૮	૨૬-૦૨-૮૮	૩૨૧-૩૨૨	૨૯૬
૨૪૯	૨૭-૦૨-૮૮	૩૨૨-૩૨૩	૩૧૩
૨૫૦	૨૮-૦૨-૮૮	૩૨૪-૩૨૫	૩૨૮
૨૫૧	૨૯-૦૨-૮૮	૩૨૬-૩૨૮	૩૪૫
૨૫૨	૦૨-૦૩-૮૮	૩૨૮-૩૨૯	૩૬૧
૨૫૩	૦૫-૦૩-૮૮	૩૩૨-૩૩૩	૩૭૭
૨૫૪	૦૬-૦૩-૮૮	૩૩૩ થી ૩૩૫	૩૯૩

ॐ

नमः श्रीसिद्धेभ्यः

અધ્યાત્મ સુધા

(ભાગ-૯)

('બહેનશ્રીના વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

તા. ૩૧-૦૧-૧૯૮૮, વચનામૃત-૨૯૮, ૨૯૯
પ્રવચન નં. ૨૨૮

જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ. બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે. પછી ક્રમે ચારિત્ર વધતું જાય. ૨૯૮.

પોતાના વિષયમાં નિઃશંકતાનો પ્રકાર કેવો હોય? નિઃશંકતાના પડખાથી અહીંયાં જ્ઞાનીની દશા દર્શાવી છે.

'**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ; વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.**' શું કહેવું છે? કે જ્ઞાની જીવને ... જેવો પ્રત્યક્ષ અનુભવ છે એવા જીવને પોતાના સ્વરૂપના વિષયમાં એટલું નિઃશંકપણું હોય છે કે એ વિષયમાં આખું જગત બદલે, આખું બ્રહ્માંડ એટલે આખું જગત ફેરફાર કરે તોપણ પોતે જરા પણ એમાંથી ચલિત થતા નથી, હલતા નથી. પોતાનો પ્રત્યક્ષ અનુભ છે. એ અનુભવમાં અનંત જ્ઞાનીઓની સાક્ષી છે, અનંત તીર્થંકરોની સાક્ષી છે, અનંત આગમની એમાં સાક્ષી છે. પણ બીજાની સાક્ષી છે માટે

નિઃશંક છે, મજબૂત છે એમ નથી. પોતાના પ્રત્યક્ષ અનુભવના બળવાનપણાને લીધે પોતે નિઃશંક છે અથવા પોતાના જ્ઞાનમાં, જ્ઞાનબળ એટલું છે કે એને ફેરવવા જગતમાં કોઈ સમર્થ નથી. જગતમાં કોઈ દ્રવ્ય, કોઈ ભાવ એવા નથી કે એના અનુભવના વિષયમાં એને શંકા ઉત્પન્ન કરી શકે એવું જગતમાં ક્યાંય છે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાની એટલે કોણ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની એટલે જેને પ્રત્યક્ષ પોતાના સ્વરૂપનો-સિદ્ધ સમાન સ્વરૂપનો અનુભવ છે તે. એમ લેવું. જેને પોતાના સ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન છે તે જ્ઞાની. અથવા અપરોક્ષ અનુભવજ્ઞાનને અહીંયાં જ્ઞાન કહેવાય છે. ધારણા જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. જગતમાં કોઈ પોતાની વાત ન બદલે તો એને જીદ છે એવો અવગુણ કહેવામાં આવે છે. આ જીદ્દી છે. પોતાની વાત પકડી છે એ મૂકતા નથી. એવા પ્રકારમાં જ્ઞાની સરળ છે. જ્ઞાની જગતના કાર્યોના પ્રકારમાં સરળ છે. જતું કરે છે, એમાં ક્યાંય જીદ કરતા નથી-હઠ કરતા નથી. પણ સિદ્ધાંતમાં અને અનુભવમાં જ્ઞાની કદી ફરતા નથી. આખું જગત સામે આવે તોપણ જ્ઞાની ફરતા નથી. એને ફેરવનાર કોઈ ગમે તેવા માંધાતા પ્રયત્ન કરે તોપણ જ્ઞાની ફરતા નથી. સિદ્ધાંતમાં ફરતા નથી, સ્વાનુભવમાં એ બદલતા નથી. નિઃશંક રહે છે. આમ જ હોય, વસ્તુનું સ્વરૂપ તો આમ જ હોય, બીજી રીતે હોઈ શકે નહિ. આત્મા આવો જ હોય, નિશ્ચય આવો જ હોય, વ્યવહાર આવો જ હોય. એમાં ફેરફાર કરતા નથી.

મુમુક્ષુ :- એ જીદ નથી પણ એના ગુણ છે એ.

પૂજ્ય ભાઈશ્રી :- એના ગુણ છે. પોતાની અડગતા, એમાં નિશ્ચળતા, અચલિતપણું પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં અચલિતપણું છે એ ગુણ છે. એ બળ છે એનું, જ્ઞાનનું બળ છે, નિર્ણયનું એ બળ છે, શ્રદ્ધાનું એ બળ છે. શ્રદ્ધાને લઈને નિઃશંકતા છે. શ્રદ્ધા બળવાન હોવાને લીધે અને અનુભવ પ્રત્યક્ષ હોવાને લીધે કોઈને પૂછવા જાવું પડતું નથી કે આ શું થયું? આ અનુભવ છે કે બીજું કાંઈ છે? એ કોઈને પૂછવા જાવું પડતું નથી. ગુરુને પૂછીને તો નક્કી કરે કે નહિ? ગુરુને પૂછીને પણ નક્કી કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી. ગુરુ તો કોઈવાર પરીક્ષા કરે. ઊંધો પ્રશ્ન કરે કે આને જ્ઞાન ન કહેવાય. જ્ઞાન આને જ કહેવાય. એમાં મારો અનુભવ બીજી વાત કરતો નથી. એવા જ્ઞાની જીવ એટલા નિઃશંક હોય છે કે આખું બ્રહ્માંડ ફરે, એ વધુમાં વધુ ઉત્કૃષ્ટ સામે યુકિત આપી છે. પોતાની નિઃશંકતા છે. એક ... કોઈપણ પરિસ્થિતિમાં એ નિઃશંકતા અનંતી છે. એમાં કોઈ ફેરફાર થતો નથી.

મુમુક્ષુ :- એવી નિઃશંકતાનું કારણ શું? એવી નિઃશંકતા કેવી રીતે આવે?

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષ છે ને? અનુભવ પ્રત્યક્ષ છે. પોતાના પ્રત્યક્ષ અનુભવમાં એને શંકા કેવી રીતે થાય? ફરે ક્યારે? કે શંકા પડે ત્યારે. અને પ્રત્યક્ષપણામાં શું શંકા? કે પ્રત્યક્ષપણામાં કાંઈ શંકા નથી. સાકર ગળી લાગે. કોઈ કહે કે સાકર કડવી પણ હોય છે. ગધેડા એને કડવી કહે છે. તો ઘણાં ગધેડા ભેગા થઈને, આખા જગતના ગધેડા ભેગા થઈને પણ અમારા બધાનો મત એમ છે કે સાકર કડવી છે. તમે માણસ થઈ ગયા એટલે શું થયું? કાંઈ સાકરને કડવી તમે કહો એમ થોડું થાય? સાકર ગળી જ છે. સાકર કોઈ રીતે કડવી સાબિત થઈ શકે એવું નથી. પણ તમે અમારી અપેક્ષાએ એને કડવી કહો. એનો સ્વભાવ મીઠો જ છે. જે કડવાપણું લાગે છે એ તમારો દોષ છે. એમાં સાકર સાકરનો કિંચિત્માત્ર દોષ નથી. સાકર તો મીઠી જ છે, ગળી જ છે.

મુમુક્ષુ :- ...ગધેડા છે.

પૂજ્ય ભાઈશ્રી :- નથી જોતો એ ... છે કે નહિ? તો પોતાને પ્રત્યક્ષ અનુભવ છે પછી કેમ નિર્ણય ફરે એમાં? મને સ્વાદ આવે છે. મારા અનુભવનો, મારી શાંતિો, મારા જ્ઞાનનો પ્રત્યક્ષ સ્વાદ આવે છે. મારામાંથી ઉત્પન્ન થાય છે. આત્માનો નિર્ણય ક્યાંથી કર્યો છે? કે જ્ઞાન, જ્ઞાનમાંથી થાય છે અને જ્ઞાન જ્ઞેયથી થતું નથી. જ્ઞાન ગુરુથી થતું નથી. જ્ઞાન શાસ્ત્રથી થતું નથી. તો બીજા ગુણોથી જ્ઞાન થાય એ તો પ્રશ્ન નથી. મારામાંથી સ્વયં ઉત્પન્ન થતું જ્ઞાન અનુભવગોચર થાય છે. એવો જે જ્ઞાનનો પ્રવાહ, જ્ઞાનનો સ્રોત અનાદિથી ચાલે છે. કોને પૂછવા જાવું? કોઈ ગમે તેટલા આવે, ના, ના હોં! પુસ્તક વગર જ્ઞાન થાય જ નહિ. અરે...! શાસ્ત્રમાં આવે છે કે ગુરુ વગર જ્ઞાન થાય નહિ. આવે કે ન આવે? નિમિત્ત-નિમિત્તિક સિદ્ધાંત એવો છે કે આત્મજ્ઞાનમાં ગુરુનું નિમિત્ત હોય, હોય ને હોય જ. એવા શબ્દો આવે કે ગુરુ વિના જ્ઞાન થાય નહિ. ગુરુ વિના એને કોઈ દર્શાવિનાર નથી એમ કહેવું છે. પણ જ્ઞાન તો પોતે જ કરે છે. એનું જ્ઞાન ગુરુ કરે છે કે જ્ઞાનને ગુરુ ઉત્પન્ન કરે છે, એનો અનુભવ ગુરુ કરાવે છે એવું ગુરુમાં કોઈ સામર્થ્ય નથી, દેવમાં સામર્થ્ય નથી. એ તો ભિન્ન પદાર્થો છે, ભિન્ન જ રહે છે. દર્શાવે છે એનું નામ ગુરુએ જ્ઞાન કરાવ્યું. જ્ઞાનને દર્શાવ્યું, જ્ઞાનનું સ્વરૂપ દર્શાવ્યું. પણ જોયું કોણે? દેખ્યું કોણે? દર્શાવિનારા ... આંગળી ચીંધી. પણ જોયું કોણે? કે જોયું પોતે. ગુરુએ જોયું નથી. પોતાનું જ્ઞાન પોતે જોયું, ગુરુએ જોયું નથી.

'**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ;...**' અથવા અનંતી નિઃશંકતા છે. પોતાના અનુભવ વિષે એને શંકા થતી નથી. '**વિભાવના ગમે તેટલા ઉદય આવે...**' વિભાવના ઉદય આવે, ચારિત્રમોહમાં

વિભાવ પણ પ્રવર્તે તોપણ એને એમ ન થાય કે આ ઉદય આવ્યો માટે વિભાવ થયો. એમ ન થાય. પોતાની નબળાઈ છે, પોતાના બળવાનપણાની કમી છે એટલે વિભાવ પોતાના કારણે થાય છે પણ ઉદય આવ્યો માટે વિભાવ થયો અને ઉદયના કારણે વિભાવ થયો એવી જ્ઞાનીને કદી શંકા પડતી નથી.

ઘણી વેદના થાય તો શરીરમાં એકત્વબુદ્ધિ થાય એવું જ્ઞાનીને બનતું નથી. જે દેહથી ભિન્ન કેવળ ચૈતન્યનો બોધ થયો અને દેહાતીતદશા પ્રગટ થઈ, દેહાતીત (શું) વિકલ્પાતીત દશા પ્રગટ થઈ એ ધારા ને એ પરિણતિ પણ પ્રત્યક્ષ છે. એટલે વેદના શરીરને લઈને થાય છે એમ નહિ પણ મારી સત્તામાં-જ્ઞાનની ભૂમિમાં, જ્ઞાન દર્પણમાં, જ્ઞાનની હયાતીમાં ફકત વેદનાનું પ્રતિબિંબ પડે છે. વેદના એમાં જણાય છે પણ જ્ઞાનસત્તામાં વેદના નથી. વેદનાની સત્તામાં મારું જ્ઞાન એટલે હું નથી. મારું જ્ઞાન નથી એટલે હું નથી. પોતાનું અસ્તિત્વ ત્યાંથી ખસી ગયું છે. અસ્થિરતા પૂરતો દ્વેષ અથવા દુઃખભાવ ઉત્પન્ન થાય છે. એને પોતાનો દોષ સમજે છે. એ અસ્થિરતા થઈ એ પોતાનો દોષ છે. એમાં વેદનાનો કિંચિત્માત્ર, શરીરનો કિંચિત્ માત્ર દોષ નથી. એ તો પૂર્વ કર્મનો ઉદય છે. કર્મનો ઉદય કર્મમાં છે અને કર્મના ઉદયનું ફળ નોકર્મ રૂપ શરીરમાં થાય છે, મારામાં નહિ, મારા જ્ઞાનમાં નહિ-મારી હયાતીમાં નહિ.

મુમુક્ષુ :- અનાદિકાળથી આ જ કર્યું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ વાત રહી ગઈ છે. બહારનું બધું કર્યું છે. પૂજા, ભકિત, દયા, દાન બધું બહારનું કર્યું છે. એ સહેલું પડી ગયું છે, ટેવ પડી છે એટલે સહેલું થઈ ગયું છે. અંદરનું ભેદજ્ઞાન કરવાનું કરવા યોગ્ય કાર્ય કર્તવ્ય કર્યું નથી. કર્તવ્ય રહી ગયું છે. અકર્તવ્યને કર્યું છે અને કર્તવ્ય રહી ગયું છે. અનેક જાતના-છપ્પન જાતના ભોજન હોય અથવા ભોજન પકાવવાની સામગ્રી બધી હોય. વાસણ હોય, મીઠું, મસાલો, અનાજ, ગોળ, ખાંડ બધું હોય તેલ, ઘી. અગ્નિ ન હોય તો? બધું છે વાસણ છે અને મીઠાઈ, મિષ્ટાન બધું બનાવવાની સામગ્રી પણ છે પણ અગ્નિ ન હોય તો? કેવી રીતે ચીજ બને? બધું તૈયાર કરી રાખે ભેગું કરીને (પણ) અગ્નિ જ નથી. તો એ ખાવાને લાયક પાકતું નથી. આ તો બરાબર છે કે નહિ? એમ પૂજા કરે, ભકિત કરે, સ્વાધ્યાય કરે, શાસ્ત્ર વાંચન કરે, તત્ત્વચર્ચા કરે, તપ કરે, દાન કરે, યાત્રા કરે બધું કરે પણ અંદરમાં જ્ઞાનનો અગ્નિ નથી. એને પકવનાર કોઈ નથી. એ બધું કાંઈ કામમાં આવતું નથી. એના ઉપર વ્યવહારનો આરોપ પણ આવતો નથી. વ્યવહાર તો ખરો ને. એટલું તો કર્યું ને? નહિ, કાંઈ નથી કર્યું એ કહે છે.

મુમુક્ષુ :- ધ્યાનનો અગ્નિ...

પૂજ્ય ભાઈશ્રી :- ધ્યાનાગ્નિ કહે છે, જ્ઞાનઅગ્નિ કહે છે. ધ્યાનમાં .... જ્ઞાનનો પહેલાં શું કામ કહે છે? જ્ઞાન જ્ઞાનમાં એકાગ્ર થાય ત્યારે. અને એ જ ધ્યાનની પરિભાષા છે. જ્ઞાનની જ્ઞાનમાં એકાગ્રતા તે ધ્યાન છે. ઉપયોગ પોતામાં સ્થિર થઈ જાય. જેમ વેદનમાં ઉપયોગ સ્થિર થાય ત્યારે એને ધ્યાન કહેવામાં આવે છે. એ ધર્મ ધ્યાન છે.

એ પોતામાં ફેરફાર કરતા નથી. '**વિભાવના ગમે તેટલા ઉદય આવે...**' વેદનાનો ઉદય વિશેષ નજીક છે અને એ ઉદયમાં બીજા સાધન કામમાં આવતા નથી. એવા વેદનાના ઉદય હોય તોપણ ચલિત થતા નથી. અથવા એના શ્રદ્ધા-જ્ઞાનમાંથી ચલિત કરાવવા કોઈ ઉપસર્ગ આપે, ઉદય હોય છે, ઘણા લોકો મંદિર બાંધે છે, ઘણા લોકો મને માને છે અને ... સાચું છે મારો ધર્મ સાચો છે એમ બધાની વચમાં જાહેર કર. નહિતર હું તારું ધનોતપનોત કાઢી નાખીશ એમ કહે. આવીને કહે, રીતસર વાતચીત કરે. જ્ઞાની એમ કહે કે તારામાં મારો વાળ વાંકો કરવાનું કોઈ સામર્થ્ય નથી. .... મારા .... સામર્થ્ય કોઈનામાં બીજામાં નથી. આ ... હું તને પડતો મૂકું છું. પડતો મૂકે. પણ એ એનો ભાવ કરે છે. બાકી તો જેટલો ઉદય હોય એટલું કાર્ય થાય છે. બીજું કાંઈ થાય નહિ. તોપણ એનો પોતાનો અભિપ્રાય જ્ઞાની બદલતા નથી. ... નથી કાંઈ. ... તારે જેમ કરવું હોય એમ કર, મારા અખંડ તત્ત્વમાં કાંઈ .. થઈ શકે એવું નથી. અવ્યાબાધ સ્વરૂપ છે એમાં કોઈ બાધે પહોંચાડે, એમાં કોઈ કાંઈ કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં નથી. કોઈ પ્રતિકૂળતા ઊભી થાય તો પુરુષાર્થ વધારે છે. હું નિરોગ કરી દઉં તને. શરીરને રોગ થાય. પછાડે તો શરીરને પછાડે. આત્માને તો લઈ શકે છે એ વાત છે નહિ કે આત્માને રોગ કરી શકે છે એ વાત નથી.

મુમુક્ષુ :- કેટલાક તો પુરુષાર્થ વધારીને કેવળજ્ઞાન લઈ લે.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિદશામાં આવી ગયા હોય તો કેવળજ્ઞાન લે. જગતની અંદર પ્રકાર બને છે કે કુદેવ પોતાના સંપ્રદાય ચલાવવા માટે પરચા પૂરે. અન્યમતમાં તો કોઈ મિથ્યા શ્રદ્ધાનમાં ગૃહીત મિથ્યાત્વમાં વધારે પકડાય છે એનું કારણ આ છે કે એની શ્રદ્ધાને-મિથ્યાશ્રદ્ધાને વધુમાં વધુ મજબૂત કરવા માટે જે કોઈ એને બહાર વાત બતાવવામાં આવે છે આ બધી પછી એમાં ૯૯ ટકા ધતીંગ હોય છે. ક્યાંક ક્યાંક એવું બનતું હોય છે. હજાર, લાખમાં કોઈ એક પ્રસંગ એવો બનતો હોય છે.

હમણાં એક ભાઈ મળ્યા. હું 'સોનગઢ' આવ્યો છું. ઘણાં વરસ 'સોનગઢ' આવ્યો છું. 'ગુરુદેવ'નું તત્ત્વજ્ઞાન ઘણું ઊંચું છું. પણ હું મૂળમાં સ્વામિનારાયણ

સંપ્રદાયમાં અમારા ઘરમાં સ્વામિનારાયણ ભગવાને એક-બે પરચા પૂર્યા છે. એ વાત માને એવી છે. એ વાત તો માનવી પડે એવી છે. શ્રદ્ધા ફરી ગઈ. આમ તો શ્રદ્ધા થઈ જ ન હોય. પણ સારું લાગ્યું હોય ઉપર ઉપરથી કે બહુ ઊંચુ તત્ત્વજ્ઞાન છે. બુદ્ધિગમ્ય વાત તો છે જ ને. કાંઈક પ્રતિકૂળતા આવી હોય એમાં શ્રદ્ધાથી કાંઈક... અને એણે એમ માન્યું હોય કે આ શ્રદ્ધા રાખવાથી ફાયદો થયો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને તો એવો નહોતો બન્યો. ઘરમાં એક સભ્યે વાત કરી કે મને આવો ચમત્કાર લાગ્યો. 'સ્વામિનારાયણ ભગવાન' આવ્યા અને મારી સાથે વાત કરી ગયા. એને એમ થયું કે આને ભ્રમણા થઈ લાગે છે. ... ભ્રમણા થઈ હશે. એટલે એમને ... પૂછયું એને પૂછ્યું કે આ ભ્રમણા હશે? કહે ના, ના. ઘણાંને આપણા ભગવાન પરચા પૂરે છે. આવે છે ઘણાને વાતચીત કરવા. બન્યું હશે, તમારા ઘરમાં પણ બન્યું હશે. ... અને રાતના ૩-૪ વાગ્યા હશે અને ઊંઘ ઊડી ગઈ પાછો વિચાર આવ્યો કે આ સાચું હશે કે આને ભ્રમણા થઈ હશે? આ છોકરીને ભ્રમણા થઈ હશે કે સાચું હશે? એ વિચાર આવવા માંડ્યા એમાં એકદમ સુગંધ સુગંધ થવા માંડી અને જોયું તો પથારીમાં ફૂલો ... હતા. ઘરમાં સુગંધ સુગંધ થઈ ગઈ. એને એમ થયું કે ના, ના વાત તો સાચી છે. ... મેં પ્રસિદ્ધિ નથી આપી. એમાં પરચા પૂરે છે એ વાત સાચી છે માટે એ પંથ સાચો છે. એમ પકડાઈ ગયું. હવે ત્યાંથી ફરે નહિ. 'કાનજીસ્વામી'ની વાત ઘણી સારી પણ 'સહજાનંદ સ્વામીએ' ઘણું કામ કર્યું છે. એમણે ઘણાં માણસોને ... એનો પંથ પણ સાચો લાગે છે. ઠીક! કહ્યું, આ તો ઊંડા ઉતરવાની ચીજ છે. તમે સાંભળી હશે ભૂતકાળમાં ઉપર ઉપરથી.

... ઊંડા ઉતર્યા વિના એનું ઊંડાણ મપાતું નથી. પાણીની સપાટી તળાવને કિનારે ઊભો રહીને જુએ તો એમ લાગે કે પાણી સરખું છે બધે. બધે પાણી સરખું છે. પગ મૂક્યા પછી ખબર પડે કે આગળ છીછરું છે અને આગળ જતા ઊંડું છે. ઊંડા ઉતર્યા પછી ખબર પડે છે. પણ આવું લગભગ જગતમાં ચાલે છે.

અહીંયાં એમ કહે છે કે જ્ઞાનીને ક્યાંય ... નથી કે આને આવા પરચા... માણસ ખોટું બોલતો નથી. અથવા ખોટું બોલવાનું આપણી પાસે કોઈ કારણ નથી આને. સામાન્ય મળી ગયા અને વાતચીત થઈ પરિચયને લઈને. ભૂતકાળના પરિચયને લીધે. એથી ... આપણી પાસે ... લેવાનો છે કે નથી આપણને કોઈ ફરવવાની મહેનત છે. ... માણસ ખોટું નહિ બોલતો હોય. ખોટું નહિ બોલતો હોય એટલે એનો પંથ સાચો છે કે એમાં સત્ય રહ્યું છે એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- તમે સાચા અને અમે સાચા.

પૂજ્ય ભાઈશ્રી :- વિનય મિથ્યાત્વ. આ પણ સત્ય અને આ પણ સત્ય. આ પણ વિનય કરવા યોગ્ય અને આ ધર્મ પણ વિનય કરવા યોગ્ય, આ ધર્મ પણ વિનય કરવા યોગ્ય. આ ધર્મના પ્રવર્તક પણ ધર્માત્મા અને આ પણ ધર્માત્મા. વિનય મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- દિગંબરમાં પણ છે ને પદ્માવતી, ક્ષેત્રપાલ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ગરી ગયા છે.

મુમુક્ષુ :- રાજકોટમાં ૨૫ વર્ષ પહેલા ... એને ત્યાં અવારનવાર કોઈ સો રૂપિયા મૂકી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યંતર આવે. .... વ્યંતર એમને સાધ્ય હતો. 'ગુરુદેવ' કહેતા હતા કે પૂર્વભવમાં મનુષ્ય હશે અને બ્રહ્મચર્ય પાળ્યું હશે. એ .. અહીંયાં પણ મનુષ્ય થયા છે અને અહીંયાં પણ એને નૈષ્ઠિક બ્રહ્મચર્ય (પાળ્યું). બ્રહ્મચર્યની નિષ્ઠા પણ ઘણી હતી. આમ દાગીના પહેરતા, રૂપાળા હતા, સાફો-બાફો પહેરતા. કપડા બધા ઝરીના વાઘા ને એવું બધું પહેરતા, દાગીના પહેરતા. એટલે તો એ બધું આવે છે ને? ... ... ભૂતડું સાધ્ય હતું એટલે જાણે ... પુણ્યનો યોગ હોય તો કોઈકને ચમત્કાર થાય એમાં પરચાની ઘણી વાત આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' આ વાત માટે અભિપ્રાય આપ્યો.. 'ગુરુદેવ' કહે, એ કોઈ ભૂતડું હશે. પેલો કહે, હા, સાહેબ, એવું જ છે. એની શ્રદ્ધામાં...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બને છે એવા ચમત્કાર, એવા પ્રકાર બને છે અસાધારણ પ્રકાર એવા બને છે. એવા વ્યંતર યોનિના જીવો આવી ચડે છે અને ગડબડ કરે છે એ. આ તો પૈસા આપી જતા હતા, ... લઈ જાય છે પૈસા.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ... પૈસા ઉપડી જાય, ખીસામાંથી ઉપડી જાય, બેગમાંથી ઉપડી જાય, પટારામાંથી ઉપડી જાય, કબાટમાંથી ઉપડી જાય અને લૂંટી જાય કોઈક કબાટમાં એ રીતે, પણ એથી શું? આત્માના હિતમાં એનું ... શું? અથવા જન્મ-મરણના ટળવા અને નહિ ટળવાને શું? પૈસા લાવે કે ફૂલ લાવે કે જાય કે આવે ગમે તે થાય. કંકુ ખરે છે. કોઈક કહે, એમના ફોટામાંથી કંકુ ખરતું હતું. સુગંધ આવતી હતી. ફલાણું થતું હતું. (પણ) એનાથી શું ડાળિયા થયા? એનાથી કાંઈ આત્માનું હિત થાય એવું કાંઈ બનતું નથી.

મુમુક્ષુ :- મૂળ તો પહેલેથી અભિપ્રાય એવો કે ક્યાંકથી લાભ મળે તો લઈ લેવો.

પૂજ્ય ભાઈશ્રી :- એ લોભવૃત્તિ છે. એને શું છે કે લોભકષાય હોય છે ને એની વાસના એવી છે કાંઈક મળે, કાંઈક મળે અહીંથી મળે, ત્યાંથી મળે, ક્યાંકથી મળે એ જે પ્રકાર અપેક્ષાવૃત્તિનો રહે છે એમાં આવું કાંઈક બને એટલે Fit થઈ જાય. એવું શ્રદ્ધા-જ્ઞાનમાં Fit થઈ જાય, એના શ્રદ્ધાગુણના પરિણમનમાં પછી કાઢ્યું નીકળે નહિ. એનું ફળ શું? કે એનું ફળ તિર્યંચ ગતિ. એમાંથી તીર્યંચગતિની ઉત્પત્તિ થાય. પણ એ કોઈને વિચાર નથી. આમ ને આમ જીવન પસાર થાય, પસાર થઈ જાય આર્તધ્યાનમાં. કાગડા-કૂતરા, પશુ-પક્ષી-ઢોર-ઢાંખરને જીવન પૂરું થાય છે. મનુષ્ય જીવન લગભગ પ્રાયઃ મનુષ્ય પૂરું કરે છે. ... સંયોગો ભેગા કરવામાં, સંયોગોની વૃદ્ધિ કરવામાં અને સંયોગો પાછળ આર્તધ્યાન... આર્તધ્યાન... આર્તધ્યાન.. એના જ વિચારો. આમ કરવું... આમ કરવું... આમ કરવું... ફળ શું એનો વિચાર નહિ કરે. આમ આર્તધ્યાનમાં તિર્યંચગતિનું ફળ આવે એનો વિચાર કરતા નથી. કાંઈક જન્મ-મરણ ટળે એ વિષયમાં પ્રયત્નવંત રહે, પ્રયાસ કરે તો કાં તો પામી જાય, કાં સંસ્કારમાં આવી જાય. તો એને એ Lineનું અનુભવ જ્ઞાન આગળને આગળ ચાલુ રહે. એનો નિવેડો આવે કોઈ રીતે પરિભ્રમણમાં.

મુમુક્ષુ :- આમ તો ઘણા જીવોને પરિણામના ફળની કે આ પરિણામનું આ ફળ આવે એનું ભાન જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ના, એ વિજ્ઞાન જ નથી, પ્રસિદ્ધ નથી. આ તત્ત્વ છે એ ગુમ રહ્યું છે. જેના ઘરમાં સાહિત્ય અને સિદ્ધાંત છે એ બધા ભાન વિના દેવદેવલામાં જાય છે. સંયોગની લાલચે કે આને માનશું તો કાંઈક લાભ કરી દેશે, આને માનશે તો લાભ થશે. બીજાનો તો અફસોસ કરવો શું કામનો? એને તો કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- બીજા એમ કહે છે કે 'ગુરુદેવ'ને માનનારા એમાં કાંઈ કહેવાપણું ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- બધા ક્યાં એક સ્તરના છે? ... સ્તર બધાનું એક નથી. એમાં પણ સાધારણ માણસો હોય છે. એક સ્તરના હોય તો જુદી વાત છે. એથી કોઈ ... લાલચ .. નજીક તો આવે પણ પછી ખબર પડશે કે અહીંયાં એવી વાત ચાલતી નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ને માનનારા...

પૂજ્ય ભાઈશ્રી :- એવું કાંઈ છે નહિ. 'ગુરુદેવ' પોતે ના પાડતા હતા. ઊંચું તત્ત્વ છે. ઊંચા પુણ્ય ... પૂર્વકર્મના ફળ તો બધાને કાંઈ એકસરખા ન હોય, પૂર્વ કર્મ પણ એક સરખા ન હોય. એ વસ્તુસ્થિતિ નથી. 'ગુરુદેવ' એનો નિષેધ કરે છે. એવું કાંઈ અહીંયાં ચમત્કાર-ફમત્કારની વાતો છે નહિ. અથવા તો ચમત્કારમાં જ્ઞાનીપણું

નથી. ચમત્કારમાં મોક્ષમાર્ગપણું નથી. બાહ્ય ચમત્કાર એ મોક્ષમાર્ગનો વિષય નથી. એ Line જુદી છે. પુણ્ય અને પુણ્યના ફળમાં જાય છે. ધર્મ અને ધર્મનું ફળ જુદું છે. પુણ્ય અને પુણ્યનું ફળ જુદું છે હંમેશા. ... જ્ઞાનીમાં ચમત્કારની વાત હોતી નથી.

મુમુક્ષુ :- એ પોતે ચમત્કાર છે પછી બીજો...

પૂજ્ય ભાઈશ્રી :- એ ચૈતન્ય ચમત્કાર છે. એમાં બહારની અનુકૂળતાનો પ્રશ્ન નથી. કોઈ એમ વિચારે કે મને બહુ માર્ગની પ્રાપ્તિની ભાવના છે ને કેમ બહારમાં પ્રતિકૂળતાઓ છે? પણ તેં બહારમાં પ્રતિકૂળતાને....

મુમુક્ષુ :- ... ચમત્કારીક પદાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ... બહારમાં ચમત્કાર એ આ માર્ગ નથી. ...

મુમુક્ષુ :- ૩૯૦, ૧૪૬ પાને છેલ્લે.

પૂજ્ય ભાઈશ્રી :- બહારમાં જે ચમત્કાર છે એ અહીંયાં આ માર્ગમાં નથી. મોક્ષમાર્ગ એ નથી, એ પ્રકારનો મોક્ષમાર્ગ નથી. જેમાં બહારના ચમત્કાર પ્રગટે અને આવું બધું પરચા પ્રગટે અને ફલાણું થાય અને ઢીકણું થાય, આ જે લૌકિક ....

'**तरवानो उपाय बहारना चमत्कारोमां रहेलो नथी.**' આ કહેવું છે. સિદ્ધાંત મૂક્યો છે. તારે સંસારથી તરવું હોય ને જન્મ-મરણનો નાશ કરવો હોય તો એ માર્ગ અને એ ઉપાય અને એ સાધન બહારના ચમત્કારમાં ક્યાંય નથી. એટલે એમ કહેવું છે કે તને ક્યાંક કોઈક બહારના ચમત્કાર દેખાડનારા મળશે ખરા. આ જીભ ઉપર છરી મૂકી પણ લોહી નથી નીકળતું. નજરે દેખાડે. બધા હાથચાલાકીના ખેલ કરે છે આમ કરીને આમ છરી મારે. ... એક ટીપું લોહીનું ન નીકળે. અસંખ્ય પ્રકાર છે એ બધા. ચમત્કારોના અસંખ્ય પ્રકાર છે પણ એમાં ક્યાંય તરવાનો ઉપાય નથી. તરવાનો ઉપાય એમાં ક્યાંય નથી. અને '**बाह्य चमत्कारो एे साधकपणानुं लक्षण नथी.**' શૈલી બહુ સરસ આવી છે. બહારના ચમત્કારો એ કોઈ સાધકપણાનું લક્ષણ નથી. આને બહારનો ચમત્કાર છે માટે એ આત્માનો સાધક છે, એ મોક્ષમાર્ગનો સાધક છે એવી ભ્રમણામાં પડવા જેવું નથી. તો કહે છે, શું સાધકના લક્ષણ છે? કે '**चैतन्यचमत्कारस्वरूप स्वसंवेदन ते ज साधकनुं लक्षण छे.**' એને સાધક કહેવાય. સ્વસંવેદનમાં આવે તે સાધક. બહારના ચમત્કારમાં ક્યાંય સાધકપણું નથી.

એટલે ક્યાંક ચમત્કાર જોવે અથવા કોઈ જ્ઞાનીને ચમત્કારનો અનુભવ કરાવે તો પણ જ્ઞાની નિઃશંક હોય છે કે મારા માર્ગમાં ફેર નથી. આ માર્ગ મારો નથી. પહેલેથી તૈયાર છે. જ્ઞાની એ દિશામાં, એ વિષયમાં પહેલેથી તૈયાર છે કે ગમે તેવા ચમત્કાર જોવે તોપણ ધર્મ અને ધર્મનો માર્ગ સાધકપણું-બાધકપણું એ વિષયમાં એને ક્યાંય

શંકા પડતી નથી. જુઓ! આને .... મટાડી દીધી. .. માણસ કોઈ તબિયત નરમ થાય, કાંઈને કાંઈ એંઝાઈ જાય. એક પડીકું આપું છું અને તમે તમારા ઘરમાં રાખી મૂકજો, બધી તમારી પ્રતિકૂળતાઓ મટી જશે. ચમત્કાર કર્યો. એ કોઈ સાધકપણાનું લક્ષણ નથી અને એ કોઈ જીવને તરવાનો ઉપાય નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- માને જ નહિ. કોઈનાથી કોઈનું કાર્ય થાય એ જૈનદર્શનમાં નથી. એક જીવ બીજા જીવનું કાર્ય કરી શકે. એક જીવની ઇચ્છાથી બીજાનું કાર્ય થાય કે એક પરમાણુમાં પણ ફેરફાર થાય, પરમાણુની પણ દશા પલટે, રોગ તો અનંત અનંત પરમાણુનો પિંડ છે, શરીર તો પણ એક પરમાણુની દશા જો જીવ ચમત્કારથી ફેરવી દે એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ વિષયમાં જ્ઞાનીને કદી શંકા પડતી નથી. ચલિત થાય નહિ. ગમે તેવા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.

'**બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે.**' બીજાના ચમત્કાર જોઈને તો શંકા પડે નહિ પણ એમ કહે કે લો આ તમારું મટાડી દઉં. તમે તો માનો અમને. તમારો રોગ મટાડી દઈએ. એ પ્રશ્ન છે નહિ. અમારી શ્રદ્ધા, અમારા આત્મામાં અમારું સુખ છે એ અમારી શ્રદ્ધા છે અને આ સંયોગનો રોગ મટે તો સુખ છે એ અમારી શ્રદ્ધા નથી. વેદના મટે તો સુખ થાય એવી અમારી શ્રદ્ધા જ નથી એમ કહે છે. જગતની શ્રદ્ધા છે કે વેદના મટે તો સુખ થાય. અમારી શ્રદ્ધા એ નથી. એમ છે.

'**બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે;...**' જ્ઞાયક પરિણતિ તો જ્ઞાયકને આશ્રિત છે. અનંત ગુણનો પિંડ જ્ઞાયક છે. એની સાથે અભેદ થયેલી જ્ઞાયક પરિણતિ છે. ... વેદનાથી પણ એ ફરતી નથી. એમ છે. વેદનાના ભોગવવાના પરિણામને નિર્બળ કરી નાખે છે. જ્ઞાયક પરિણતિ તો વેદનાને ભોગવવાના પરિણામને નિર્બળ કરી નાખે છે. પણ વેદના જ્ઞાયકપરિણતિને નિર્બળ કરે એમ બનતું નથી. છે એક દશામાં બંને સાથે, એકબીજાના સંગમાં છે તોપણ બળવાનનો સંગ કાર્યકારી છે. બળવાન હોય એ કાર્ય કરી જાય છે. જગતમાં પણ એમ કહે છે ને કે Major force એ Effect કરે છે. અનેક કારણોની અંદર અનેક કારણ અનુસાર કાર્ય દેખાય કે જેનો Major force હોય એ. વધારે તેનું બળવાનપણું હોય. એનું કાર્ય દેખાય છે, બીજાનું કાર્ય દેખાતું નથી. જ્ઞાયકપરિણતિ બળવાન છે. વેદના આદિના પરિણામ છે એ વિભાવ પરિણામ નિર્બળ થયા છે. સમ્યગ્દર્શન થતાં કષાયની કેડ ભાંગી છે. હવે એ જોર કરી શકે એવી પરિસ્થિતિ નથી.

'બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે.' અને જ્ઞાયક પરિણતિ અને શ્રદ્ધા એમ ને એમ ચાલુ રહે તો **'પછી ક્રમે ચારિત્ર વધતું જાય.'** ચારિત્ર એટલે આત્મસ્થિરતા એમ લેવું. ચારિત્રગુણનું કાર્ય શું? કે સ્થિરતા-અસ્થિરતારૂપ પરિણામ તે ચારિત્રગુણનું કાર્ય છે. ઓળખવું કેવી રીતે ચારિત્રને? કે સ્થિરતા-અસ્થિરતાથી ઓળખાય છે. અસ્થિરતાથી જ્ઞાનદશામાં રાગ-દ્વેષ-મોહ જેટલા થાય એટલું અચારિત્ર કહેવામાં આવે છે. પછી ભલે એ પંચ મહાવ્રતરૂપ હોય તોપણ એને અચારિત્ર કહેવામાં આવે છે. બાહ્યદૃષ્ટિએ એને ચારિત્ર લોકો કહે છે. જુઓ! વ્રત પાળે છે.

સ્વરૂપસ્થિરતા એટલું જ ચારિત્ર છે. અસ્થિરતા છે એટલું અચારિત્ર છે. એટલે સ્વરૂપાચરણમાં ચારિત્ર લીધું છે. ચોથા ગુણસ્થાને ચારિત્ર કેમ હોય? એમાં તો અવ્રતિ છે અને અવિરત ગુણસ્થાનનું નામ અવિરત સમ્યગ્દૃષ્ટિ એવું ગુણસ્થાનનું નામ છે. ચારિત્ર ક્યાંથી ... છે? શુદ્ધોપયોગના કાળમાં ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થયો એટલું ચારિત્ર છે. એનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર આપ્યું છે. એની કોઈ સાબિતી ખરી? કે તને ભાવથી ન સમજાતું હોય તો કર્મથી સમજાવીએ કે ચારિત્રની અનંતાનુબંધીની પ્રકૃતિનો નાશ કર્યો અથવા ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થયો એ અનંતાનુંબંધી, ચારિત્રની પ્રકૃતિ જેટલી છે એની અંદર એ પ્રકાર ત્રણેય જાતના પ્રકાર ઉપજે છે. એ બતાવે છે કે અહીંયાં આચરણને લઈને આચરણની પ્રકૃતિ ઉપર અસર છે. નિમિત્ત-નૈમિત્તિક.

મુમુક્ષુ :- અનંતાનુબંધીની ચોકડી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતાનુબંધીની ચોકડી ગઈ તો ચારિત્ર વગર ક્યાંથી ચારિત્રની પ્રકૃતિ ટળી? ચારિત્રના દોષની પ્રકૃતિ છે એ તો. ક્યાંથી ટળી? ... સ્વરૂપનું આત્માનું ચારિત્ર ઊભું થયું છે ત્યાંથી. અને સૌથી વધારે ચારિત્રમાં દોષિત અનંતાનુબંધી છે. ચારે ચોકડીમાં સૌથી વધારે દોષિત અનંતાનુબંધી છે. એટલે પહેલા મોટા દોષ જાય છે પછી નાનો દોષ જાય છે એ સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- બધામાં અનંતાનુબંધીનો દોષ વધુ...

પૂજ્ય ભાઈશ્રી :- અનંતાનુબંધીનો દોષ મોટો છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી બંને પ્રકૃતિ અવિનાભાવી રહે છે. છે જુદાં જુદાં ગુણની સામે, બંને અવિનાભાવી રહે છે. સૌથી મોટો દોષ આ બેનો છે. એ ટાળે છે. એનું અનુમોદન કરવામાં આવે છે કે આ માર્ગની અંદર એણે બે મોટા યોદ્ધાને મારીને પ્રવેશ કર્યો છે. ભલે સૈન્ય .... એ સંખ્યા ... નથી. સંખ્યા તો કોઈ કામની ચીજ નથી. બળવાન છે

એ મરી ગયા છે. પતી ગયું. 'સુંદરદાસ'નું પદ આવે છે. 'શ્રીમદ્‌જી'એ ગાયું છે. કવિ 'સુંદરદાસ'. એમ કે મહાન યોદ્ધો છે એ મોટા દુશ્મનને મારીને હવે સૂતો છે. નિશ્ચિંત થઈને સૂતો છે. એક પદ એવું છે. કેમ કે અનંતાનુબંધી અને મિથ્યાત્વને મારી નાખ્યા. હવે નિશ્ચિંત થઈને સૂતો છે. જે બીજા કર્મ છે એને કોઈ મારી સામે બુતુ નથી કે મને હરાવે. એ પ્રશ્ન હવે એને રહેતો નથી. જેણે વધુ તાકાતવાળાને માર્યા એને ઓછી તાકાતવાળાની સામે લડવાની કયાં તકલીફ પડવાની હતી. એ પ્રશ્ન રહેતો નથી.

'બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે; શ્રદ્ધામાં ફેર ન પડે.' અને ચારિત્ર એટલે સ્વરૂપ સ્થિરતા તો ક્રમશઃ હળવે હળવે વધતી જાય છે સ્થિરતા. શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન પણ વિશેષ બળવાન થતું જાય છે. ચારિત્ર-સ્થિરતા પણ વધતી જાય છે. એ રીતે સાધકદશામાં, જ્ઞાનદશામાં જ્ઞાની મોક્ષ પ્રત્યે જેટલો સમય પસાર થાય છે એમાં મોક્ષની નજીક જતા જાય છે. પૂર્ણ દશાની એ નજીક જતા જાય છે. ૨૯૮ થયો.

વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય. સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે. ૨૯૯.

૨૯૯માં છે વસ્તુનો સ્વભાવ, વસ્તુનું સ્વરૂપ. **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે.'** અથવા સ્વતઃ એટલે પોતાથી આપમેળે, Automatic. વસ્તુને સિદ્ધ કરવાની જરૂર નથી. અનાદિસિદ્ધ છે એમ કહો, સ્વતઃસિદ્ધ છે એમ કહો બંને એકાર્થ છે. **'વસ્તુ સ્વતઃસિદ્ધ છે.'** પોતાથી જ સિદ્ધ છે. વસ્તુની સિદ્ધિ એમ કે શબ્દો દ્વારા કરી, વ્યાખ્યા કરીને વસ્તુને સિદ્ધ કરી, એ તો કથનની અંદર સિદ્ધ કરી. વસ્તુને સિદ્ધ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ તો સિદ્ધ જ છે. પણ અનેક પ્રકારના મિથ્યા અભિપ્રાયથી પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં વસ્તુના સ્વરૂપનું ખંડન થતું હતું, શ્રદ્ધા-જ્ઞાનમાં ખંડન થતું હતું, વસ્તુ તો ખંડિત કરી શકાતી નથી. એ શ્રદ્ધા-જ્ઞાન ખંડિત થતા હતા. એ અહીંયાં કથનથી સમીચીન થાય છે, સમ્યક્ થાય છે, તો એમ કહેવાય કે વસ્તુને સિદ્ધ કરી. પણ ખરેખર વસ્તુ તો સ્વતઃસિદ્ધ જ છે.

મુમુક્ષુ :- સિદ્ધ છે એટલે હયાત છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સિદ્ધ છે એટલે હયાત છે. પ્રસિદ્ધ છે અથવા પોતાના સ્વરૂપથી પરિપૂર્ણપણે પોતાને પ્રાપ્ત જ છે. કાંઈ પ્રાપ્ત કરવાનું બાકી નથી. સિદ્ધિ કરવી એટલે હાંસલ કરવું, મેળવવું, પ્રાપ્ત કરવું. નથી કહેતા? અમે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે હવે આ સિદ્ધિ અમારે આવી ગઈ. એમ વાત નથી. અહીંયાં વસ્તુમાં એ વાત નથી. અનંત ગુણોથી વસ્તુ પ્રાપ્ત જ છે. 'ધર્મદાસજી'એ લીધું કે પ્રાપ્તની પ્રાપ્તિ છે. મને પ્રાપ્તની પ્રાપ્તિ થઈ છે. જ્યારે જ્ઞાન થયું, સ્વરૂપનો બોધ થયો ત્યારે એમ જ્ઞાન થયું કે પ્રાપ્તની પ્રાપ્તિ થઈ છે. કોઈ નવી ચીજ પ્રાપ્ત થઈ છે એમ છે નહિ. અંદરમાં અનાદિથી સિદ્ધ વસ્તુ હતી એ શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રસિદ્ધ થઈ કે આ હું છું. ત્યારે એને પ્રાપ્ત થયું એમ કહેવામાં આવે છે. ખોવાયેલી ચીજ હતી તે મળી છે, નહોતી અને બહારથી લાવ્યા છીએ એમ નથી પણ હતી તે મળી ગઈ. એમ છે. પણ ભૂલ્યો હતો પોતાને. પોતાના સિદ્ધપદને પોતે-પરમેશ્વરપદને પોતે ભૂલ્યો હતો એ સંભાળી લીધું. '**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય.**'

મુમુક્ષુ :- બધા શાસ્ત્રોનો સાર એક લીટીમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક લીટીમાં છે. એનો સ્વભાવ એને અનુકૂળ હોય. વસ્તુના સ્વરૂપને તોડનારો વસ્તુનો સ્વભાવ ન હોય. કેમકે વસ્તુનો સ્વભાવ સુખ છે. તો વસ્તુના સ્વભાવમાં જો સુખ છે એને તોડનારો વસ્તુનો સ્વભાવ હોય-દુઃખ વસ્તુનો સ્વભાવ હોય એમ કેમ બને? ન બને. સુખ પણ વસ્તુનો સ્વભાવ અને દુઃખ પણ વસ્તુનો સ્વભાવ. જ્ઞાન પણ વસ્તુનો સ્વભાવ અને રાગ પણ વસ્તુનો સ્વભાવ એમ હોઈ શકે નહિ. જ્ઞાન વસ્તુનો સ્વભાવ છે, રાગ વસ્તુનો સ્વભાવ નથી.

વસ્તુનો સ્વભાવ '**તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય.**' વસ્તુનો સ્વભાવ નિર્દોષ છે-દોષ રહિત છે. તો કોઈપણ જીવને એની અવસ્થામાં જે દોષ થાય છે એ દોષનો એને અંદરથી નકાર આવે છે. Conscious bite કરે છે કે નહિ? Conscious એટલે આત્મા. એનો આત્મા અંદરથી નકાર કરે છે (કે) આ ન કરાય, આ ન કરાય. પછી એને અવગણીને કરે છે એ બીજી વાત છે. પણ ખરેખર અંદરથી એનો આત્મા એને હા પાડતો નથી. આ વસ્તુ સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ જ છે આ. કોઈપણ આત્મા માટે આ વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ગુણ છે, અને ... ગ્રહણ ત્યાગ નથી. રાગનો ગ્રહણ ત્યાગ વસ્તુના સ્વરૂપમાં નથી. બીજો દૃષ્ટાંત લઈએ કે સંયોગમાં સુખ છે, અનુકૂળતાઓમાં સુખ છે એવી સંસારમાં બધા જ સંસારી જીવોની માન્યતા છે. તેથી

સંયોગપ્રાપ્તિ પાસે ઘણા રસ લેનાર પોતે ચૈતન્યસ્વરૂપી આત્મા જડ સંયોગોનો ઘણો રસ લેનાર કેમ પરિણામમાં અસ્વસ્થ થાય અને બેચેન થાય છે? કેમકે પોતે ચૈતન્ય છે. તો એને ચૈતન્યનો રસ લેવો છે એ એને અનકૂળ છે. જડનો રસ લેવો એને અનુકૂળ નથી. એટલે બહુભાગ સંસારીજીવને પાછલી ઉંમરમાં એ પરિસ્થિતિ જોવામાં આવે છે.

જેણે સંયોગનો પૂરો રસ લીધો છે એને પાછલી ઉંમરમાં માનસિક અસ્વસ્થતા, બેચેની એ પ્રકાર એને અવશ્ય ઊભો થાય ને થાય જ. કેમકે ... છે. છેલ્લું જે જીવન છે, છેલ્લા વર્ષો જે આયુષ્યના બાકી રહ્યા હોય એમાં અનુકૂળતાઓ થઈ ગઈ હોય, પૂર્વ પુણ્યના ઉદયને લઈને અનકૂળતાઓ થઈ ગઈ હોય એવું બને, પણ એને કોઈ રીતે માથું ઠેકાણે રહે નહિ. એને Tension.. Tension બેચેની અને આકુળતા એકદમ ચાલુ જ રહે. કેમકે એને જે સંયોગો ઘણા સારા થયા એનો પણ તીવ્ર રસ ચડે છે એ એને બેચેની ઊભી કરે છે. મારા સંયોગો હવે ઘણાં સારા છે એનો તીવ્ર રસ એને તો બેચેની જ ઊભી કરે છે. આ દશા થાય છે.

મુમુક્ષુ :- શાંતિને હણી નાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એની શાંતિને હણી નાખે છે. શાંતિનો ઘાણ કાઢી નાખે છે. હણી નાખે છે નહિ પણ શાંતિનો ઘાણ કાઢીને અશાંતિ ઊભી કરે છે. જીવના ... અને દુર્ગતિમાં જીવ ચાલ્યો જાય છે. એની ગતિ સારી હોતી નથી.

... '**તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય. સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે,...**' એકલું જ્ઞાન, માત્ર જ્ઞાન, જ્ઞાનમાત્ર એનો સ્વભાવ તે એને શ્રદ્ધા-જ્ઞાન, જ્ઞાતા-દૃષ્ટાપણું એને અનુકૂળ છે. જે જ્ઞાન જ્ઞાતા-દૃષ્ટાપણામાં ઈષ્ટ-અનિષ્ટપણું મૂકી દે એવું જે સામ્યપણું છે એને જ્ઞાન-દર્શન સ્વભાવ કહેવામાં આવે છે. સામ્યભાવે જ્ઞાન-દર્શન છે. ત્યાં સુધી ... છે કે પોતાના સ્વરૂપનો પણ રાગ નહિ. નહિતર તો એમ કહે કે આ મારું સ્વરૂપ મને ઉપાદેય છે. એ રાગની વાત નથી. પોતાના નિજ સ્વરૂપ ઉપર ઉપયોગ મૂકે ત્યાં પણ વીતરાગ ભાવે. વીતરાગ ભાવે, સામ્ય ભાવે ઉપયોગ છે એનો. એ ઉપયોગ સ્થિર રહે છે. રાગમાં સ્થિરતા નથી. આ તો સ્વયં અસ્થિરતારૂપ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિરુદ્ધ છે ખરેખર તો. ... તો છે પણ વિરુદ્ધ જાય છે. જ્ઞાતા-દૃષ્ટાપણાથી એ વિરુદ્ધ જાય છે. અહીંયાં તો એ વાત લેવી છે, અનુકૂળ-પ્રતિકૂળ સ્વભાવથી પ્રતિકૂળ છે. વિરુદ્ધ છે એટલે પ્રતિકૂળ છે. પ્રતિકૂળ છે એટલે

સ્વભાવથી વિરુદ્ધ છે.

'સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શનજ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.' એ તો વિરુદ્ધ જાય છે, એના સ્વભાવ સાથે એનો મેળ ખાતો નથી. તિર્યંચ પણ આમ મેળવે છે કે આ રાગ-દ્વેષના ભાવ મારા સ્વરૂપ સાથે અણમળતા છે. મેળ ખાતા નથી. શબ્દ વાપર્યો છે 'રાજમલજી'એ, અણમળતા છે. મેળ ખાતો નથી. જ્ઞાનનો મારી સાથે મેળ ખાય છે, દર્શનનો મારી સાથે મેળ ખાય છે, સુખનો મારી સાથે મેળ ખાય છે પણ રાગ-દ્વેષ અને દુઃખનો મારી સાથે મેળ ખાતો નથી. મારાથી જુદાં પડે છે.

મુમુક્ષુ :- અણમળતા ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનમળતા ભાવો છે. બસ, આ ઓળખાણ છે એને. ભલે નામ નથી આવડતા એને. આ એની ઓળખાણ છે કે આ મળે છે અને આ મળતું નથી. આને ને મારે મેળ છે અને આને ને મારે મેળ નથી. બસ! આ જુદો પડી જાય છે.

એ રીતે વસ્તુનું સ્વરૂપ જ એવું છે કે કેવળજ્ઞાન અને પરમાત્મનંદ રૂપે પરિણમે એવું એનું સ્વરૂપ છે. અધૂરી દશાએ પરિણમે એવું એનું સ્વરૂપ નથી. પૂર્ણ શુદ્ધ દશાએ સર્વ ગુણો પરિણમી જાય એવું જ એનું સ્વરૂપ છે. એ જ એને સાનુકૂળતા છે. એથી વિરુદ્ધ પરિણમન એ એનું કોઈ સ્વરૂપ નથી. એ એને કોઈ સાનુકૂળતા નથી. ઉલટાની પ્રતિકૂળતા છે. વસ્તુ સ્વયં જ આવી છે. એને એમ જોવી, એમ સ્વીકારવી. બસ! એટલી વાત છે. અહીં સુધી રાખીએ...

સ્વરૂપપ્રાપ્તિની ભાવના જેને થઈ છે, તે આત્માર્થી જીવ સંસારથી ભયભીત છે, અને આત્માનુભવને અતિશય દુર્લભ અમૃત-પાન જાણી, તેના પુરુષાર્થમાં સાવધાન થાય છે, અને સ્વકાર્ય /પ્રયોજનનું જરાય વિસ્મરણ થવા દેતા નથી. તેથી ક્યાંય અટકતા નથી. પોતાના મહાન ધ્યેય માટે કટીબદ્ધ થઈ જાય છે, તેવા આત્માર્થી આ કાળમાં ધન્ય છે ! સત્પુરુષની કૃપાદૃષ્ટિને તે પ્રાપ્ત થયા છે. **('અનુભવસંજીવની' બોલ નં.૩૮૯)**

પ્રવચન નં. ૨૨૯ અને ૨૩૦માં અવાજ ખરાબ હોવાથી
વચનામૃત ૨૯૮ થી ૩૦૩ ઉપરના પ્રવચનો Spool માંથી લેવામાં આવેલ છે.

વચનામૃત-૨૯૮ થી ૩૦૦, પ્રવચન નં. ૩૯

'બહેનશ્રીના વચનામૃત'. પાનું-૧૦૦. ૨૯૮ નંબરનો બોલ છે. '**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ;...**' જગતના તમામ જીવો જ્ઞાનીની માન્યતાથી એકવાર વિરૂદ્ધ હોય તોપણ પોતાના સ્વરૂપાનુભવ વિષે અને પોતાની નિઃશંક પ્રતીતિને વિષે જ્ઞાની જીવ અફર હોય છે. બહુભાગ સામાન્ય જીવોની પરિણામની સ્થિતિ એવી હોય છે કે ઘણા કરે અને ઘણા માને તેવું તે કરે અને તેવું તે માને. આ એક સામાન્ય માણસોની એવી Tendency હોય છે, એવું ઢળણ હોય છે. ઘણા માણસો કરતા હોય અને ઘણા માનતા હોય. એમાં ગુણ-દોષ શું છે એ જોવાની પછી દરકાર રહેતી નથી. ગતાનુગતે.

અહીંયાં એમ કહે છે કે જ્ઞાની જીવને તો પ્રત્યક્ષ અનુભવ છે. પોતાના નિજ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ છે. અતીન્દ્રિય જ્ઞાનમાં જે પોતાનું સ્વરૂપ જણાયું છે, પોતાનો સ્વભાવ જણાયો છે અને અભેદ ભાવે પોતાનો આનંદ અથવા અનંત ગુણનો રસ વેદાયો છે એમાં જ્ઞાનીને શંકા પડતી નથી. નિઃશંક હોય છે. કેટલા નિઃશંક હોય છે? એનો એક તર્ક લીધો છે કે '**આખું બ્રહ્માંડ ફરે...**' ચૌદ રાજલોકમાં રહેલા તમામ જીવો એકવાર એમ કહે કે ફેર છે તમારી વાતમાં. જેટલા ધર્મીઓ છે એ તો કાંઈ કહેવાના નથી. આ તો એક તર્ક છે. તોપણ જ્ઞાની જીવ નિઃશંક છે. પોતાના સ્વાનુભવને વિષે પોતે નિઃશંક છે.

કોઈ સામાન્ય ઉઘાડવાળો અનુભવી જીવ હોય, ઓછા ઉઘાડવાળો અનુભવી જીવ હોય અને કોઈ ઘણો વિદ્વાન મિથ્યાદૃષ્ટિ હોય અને એ મિથ્યાદૃષ્ટિ પોતાની વિદ્વતાને લઈને અનેક વાતો કરે કે તમારું ખોટું છે. તમે જેવો આત્મા જાણ્યો અને માન્યો તે ખોટો છે. આ રીતે આત્માનું સ્વરૂપ છે. શાસ્ત્રના હું આધાર આપું. હું કહું છું એમ શાસ્ત્રકાર કહે છે પછી તો તમે માનશો કે નહિ માનો? આવા પ્રસંગ બને. ભાઈ! શાસ્ત્રમાં તો દરેકની માન્યતાનું કોઈનું કોઈ વચન આવશે. વસ્તુ અનંત નયાત્મક છે.

તે તે નયનું કથન શાસ્ત્રમાંથી નીકળશે. એટલે કોઈપણ જીવ એમ કહી શકશે કે મારી માન્યતા પ્રમાણે જુઓ શાસ્ત્રમાં અહીંયાં લખ્યું છે. આ વાત અમારી અહીંયાં છે. અમારો આધાર શાસ્ત્રમાંથી મળે છે. એમ અનેકવિધ પ્રકારે કોઈ વિદ્વાન હોય અને સાબિત કરે છતાં એને અનુભવ ન હોય અને બીજી રીતે-વિપરીતપણે સાબિત કરે. અને સમ્યગ્દૃષ્ટિ જીવ ઓછો ઉઘાડ હોય અને એવું એને ન આવડે, એની પાસે કોઈ દલીલબાજી ન હોય, સમજાવતા ન આવડે તોપણ એમાં પોતાની નિઃશંકતામાં જ્ઞાનીને કોઈ ફરક પડતો નથી. એ એમ કહે છે કે અમારો પ્રત્યક્ષ અનુભવ છે. અતીન્દ્રિય જ્ઞાનથી અમે આત્માને જાણ્યો છે, વેદ્યો છે, પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. એમાં અમારે કોઈને પૂછવા જવાની જરૂર રહેતી નથી કે એમાં કોઈની સંમતિની જરૂર નથી. અમુકની સંમતી મળે તો આ બરાબર અને નહિતર બરાબર નહિ એમ પરથી અપેક્ષિત આ અનુભવ હોતો નથી. સર્વથા પરથી નિરપેક્ષ છે. ખરેખર કહીએ તો એ સર્વથા પરથી નિરપેક્ષ છે.

અહીંયાં સમર્થ દૃષ્ટાંત લીધું છે કે '**આખું બ્રહ્માંડ ફરે...**' બ્રહ્માંડ તો આખું ફરવાનું નથી. જેમ ચાલવાનું છે તેમ જ ચાલવાનું છે. પણ એક તર્ક છે. '**તોપણ પોતે ફરે નહિ;...**' એટલો નિઃશંક હોય છે કે તોપણ પોતે ફરે નહિ. '**વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.**' ચારિત્રમોહ છે એનો ઉદય વર્તે અથવા પૂર્વકર્મનો કોઈપણ ઉદય વર્તે તોપણ પોતાને પોતાના વિષે-પોતાના સ્વરૂપને વિષે શંકા પડતી નથી. એવું પોતાનું સ્વરૂપ નિઃશંક પ્રતીતિમાં વર્તે છે કે એમાં આ વિભાવ ઉત્પન્ન થયો માટે એને શંકા થઈ એમ છે નહિ. જોકે જે-તે વિભાવ છે તે મર્યાદિતપણે, મર્યાદામાં રહીને જ ઊપજે છે. અમર્યાદિતપણે તો જ્ઞાનીને વિભાવ ઊપજતો નથી. પણ છતાં ચારિત્રમોહને અનુસાર, દર્શનમોહ તો ગયો છે, ચારિત્રમોહને અનુસાર ગમે તેટલા ઉદય આવે. '**વિભાવના ગમે તેટલા ઉદય આવે...**' એમ લીધું છે. બે પ્રકાર લીધા છે-દ્રવ્ય અને ભાવ. એમાં પહેલી ભાવની વાત કરી છે કે '**વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ...**' પોતે પોતાની માન્યતામાંથી, પ્રતીતમાંથી, શ્રદ્ધામાંથી ચલિત થતો નથી. એ એક.

બીજું. '**બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે, શ્રદ્ધામાં ફેર ન પડે.**' બેય લીધું. શ્રદ્ધા-જ્ઞાન બેયનું પરિણમન લેવું છે. બહારને ગમે તેટલા પ્રતિકૂળ સંયોગ આવે એ પ્રતિકૂળ સંયોગને કારણે અહીંયાં જ્ઞાનધારામાં ફેર પડે એવું જ્ઞાનીને બનતું નથી. કોઈ પ્રતિકૂળ સંયોગોમાં એવી શક્તિ નથી કે ધર્મી જીવની ધર્મની ધારા અને ધર્મના પરિણામને પલટાવી શકે. અથવા ધર્મનું પરિણમન પોતાના સ્વયંની

શક્તિથી ઉત્પન્ન થયેલું હોવાથી, ધર્મનું પરિણમન પોતાની સ્વયંની શક્તિથી ઉત્પન્ન થયેલું હોવાથી એ શક્તિમાં એટલી તાકાત રહેલી છે કે જગતના કોઈ પ્રતિકૂળ સંયોગો એ ધર્મીના પરિણમનને ફેરવી શકતા નથી. બે વાત લીધી છે ને?

વિભાવનો ગમે તેટલો ઉદય આવે. એ ભાવમાં લીધું છે. ચારિત્રમોહમાં 'ભરત' ચક્રવર્તી અને 'બાહુબલી'ને આપસમાં લડવાનો, ચક્રવર્તી થઈને છ ખંડમાં તો લડીને ઠીક છે પણ સગા ભાઈ સાથે લડવાનો વિભાવ આવ્યો. 'રામચંદ્રજી'ને 'સીતા'ના હરણ પછી રુદન કરવા પર્યંતનો વિભાવ આવ્યો છે. પત્નીના વિયોગમાં રડ્યા છે એ. શાસ્ત્રમાં ઘણું વર્ણન આવે છે પુરાણોમાં. એટલું રુદન કર્યું છે કે પશુ-પક્ષી અને ઝાડ-પાનને પૂછે છે કે તમે મારી સીતા કાંઈ જોઈ છે જંગલમાં? એવી રીતે. એટલો બધો વિભાવ આવ્યો છે. ઠીક! પછી રાવણ સાથે લડાઈ કરી છે. ત્યારપછીનો વિભાવ આવ્યો છે સીતાજીને મોકલી દેવાનો. અરણ્ય જંગલમાં મૂકી આવો. વિચિત્રતા પરિણામની કેવી છે! નહિતર એમ કહે કે એમને કોઈ શ્રાવિકા આશ્રમમાં મોકલાવો. આર્યિકાઓના, આર્જિકાઓના સંઘમાં એમને મોકલી આપો. ભલે ધર્મધ્યાન કરે. મારા મહેલમાં એ ન જોઈએ, મારા શહેરમાં ન જોઈએ. પણ એના બદલે એમ આજ્ઞા કરી, જેમ કોઈ શિક્ષા કરવી હોય એવી રીતે, લોકોને દેખાડવું હતું કે જુઓ! હું શિક્ષા કરું છું. જાવ મોકલી દયો. ઘોર જંગલમાં જ્યાં કોઈ ન હોય ત્યાં એને મોકલી દયો. જે થાવું હોય એ થાશે. ઠીક! જેના માટે એ રડ્યા છે, જેના માટે રાવણ સાથે ખુનખાર યુદ્ધ કર્યું છે. લોહીની નદીઓ વહી છે. એને એમ કહે છે કે એને મોકલી દયો. એવા ગમે તેવા વિભાવના પરિણામ આવે છે પણ અંદરથી શંકા પડે છે એવું બનતું નથી. પુરાણ પુરુષો હતા ને બધા.

'લક્ષ્મણજી'નું મડદું ઉચકે છે છ મહિના. એ તો તમામ બળભદ્રની એ સ્થિતિ હોય છે. અહીંયાં 'શ્રીકૃષ્ણ'નો પહેલા દેહાંત થાય છે. અને એ છ મહિના એને પણ લઈને ફરે છે. બળબદ્ર મરે નહિ. ભાઈ! તું કેમ ઉઠતો નથી? કેમ તું કાંઈ ખાતો નથી? કેમ? અને રોવે... રોવે... રોવે... રોવે... રોવે કાંઈ. બીજા રોઈ પડે એવી રીતે રોવે. છતાં એને અંદરમાં શંકા પડતી નથી. કેવી રીતે લોકોને બેસે? પાગલપન દેખાય. ક્રોધ દેખાય ત્યારે જાણે બીજાનો એવો ક્રોધ નથી એવો દેખાય. રાગ દેખાય ત્યારે જાણે બીજાનો એવો રાગ નથી એવો દેખાય. પણ અંદરમાં શંકા પડતી નથી. એવા **'વિભાવના ગમે તેટલા ઉદય આવે તોપણ ચલિત થાય નહિ.'**

આમ માને છે કે પરિવારમાં કોઈ મારું સગું નથી. પણ પરિવારના સ્વજનના વિયોગમાં રડવું સુદ્ધા આવે છે. **'બહારના પ્રતિકૂળ સંયોગ..'** ઉથલ-પાથલ થાય,

ચૌદ બ્રહ્માંડના મોટા ફેરફારો થાય, ધરતીકંપ થાય, વજ્રપાત થાય વીજળીના. ગમે તેટલા ફેરફાર થાય. દેવો, કોઈ મિથ્યાદૃષ્ટિ દેવો આવીને એમ કહે કે આખું જગત મને માને છે, તું એક જ માનતો નથી. મને મારો ઈષ્ટદેવ તરીકે સ્વીકાર કર. નહિતર હું આમ કરી નાખીશ ને તેમ કરી નાખીશ. આકાશમાં ઊંચે લઈ જઈને હેઠો પછાડીશ. તારા ફૂરચેફૂરચા કરી નાખીશ. પણ સમ્યગ્દૃષ્ટિના અનુભવમાં શંકા પડતી નથી. એટલા નિઃશંક રહે છે કે જગત આખું ફરે પણ પોતે ફરતા નથી.

કહે છે કે ઘણા તમે માતાજીને માનતા નથી પણ કો'કવાર પરચો દેખાડશે ત્યારે ખબર પડશે. ઠીક! આમ તો થયું છે બીજી રીતે. શાસન દેવ-દેવીઓ હોય. શાસનના દેવ તો સમ્યગ્દૃષ્ટિ હોય છે. શાસનના જે દેવ-દેવીઓ હોય છે તે સમ્યગ્દૃષ્ટિઓ હોય છે. પણ પછી એની પૂજા કરવા લાગે અને તીર્થંકરને મૂકે પડતા. એ કાંઈ વિધિ બરાબર છે નહિ. એવા હોય છે. એના કેટલાક પુણ્ય હોય છે. પુણ્યને લઈને કોઈ સાધર્મીઓ પ્રત્યે મદદનો વિકલ્પ હોય અને સામાને સાધર્મીને પુણ્યનો ઉદય હોય તો મદદ પહોંચે એવો દેખાવ પણ થાય છે. પણ એમાંથી ચાલ્યું પછી કે માનો માતાજીને અને માનો ફલાણા દેવને. એ આખો અન્યમત એમાંથી ઊભો થયો. થોડું નીકળ્યું છે એમાંથી. મૂળ થોડું એમાંથી છે. પછી જે વિકૃતિ આવીને ફેરફાર થઈ ગયા બધા એટલે બધી ગડબડ મોટી થઈ.

'**બહારના પ્રતિકૂળ સંયોગથી જ્ઞાયકપરિણતિ ન ફરે;...**' જે સાધકપણું છે એમાં કોઈ પ્રતિકૂળતાને લઈને બાધકપણું અંદર ઊભું થાય એવું બનતું નથી. એ જ્ઞાયકપરિણતિમાં ફેર ન પડે. એ જ્ઞાયક પરિણતિ કહેતા આત્મપરિણતિ. આત્મપરિણતિ કહેતા શુદ્ધ પરિણતિ. એમાં અનંત ગુણ આવી ગયા. અને શ્રદ્ધા કે જે પૂરેપૂરી સ્વરૂપની શ્રદ્ધા છે. બીજા ગુણોના પરિણમનમાં તો અંશ છે-આંશિક પરિણમન છે પણ જે શ્રદ્ધા છે એ તો પૂરેપૂરી સ્વરૂપમાં લાગેલી છે એમાં તો કાંઈ ફેર પડતો નથી. એમાંથી કોઈ અંશે ફેર પડે કે નહિ? એમાં કોઈ ગુણમાં કોઈ અંશે સંયોગને લઈને, ઉદયને લઈને, વિભાવને લઈને ફેર પડે એમ છે નહિ. એ શ્રદ્ધા-જ્ઞાનની વાત કરી.

'**પછી ક્રમે ચારિત્ર વધતું જાય છે.**' અને જ્ઞાનીને ક્રમે-ક્રમે ચારિત્રમાં વૃદ્ધિ થાય છે. સ્વરૂપસ્થિરતાની વૃદ્ધિ થાય છે. એવું જ સહજ પરિણમન છે કે એમાં શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિનું ઘટવું એમ થતું હોવાથી મર્યાદિત કાળમાં સંપૂર્ણ શુદ્ધિ થયા વિના રહેતી નથી. કેમકે શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિનું ઘટવું એ ચાલુ જ છે. ક્યારેય એવું નથી કે અશુદ્ધિ વધી ગઈ અને શુદ્ધિ ઘટી ગઈ. એવું છે નહિ. એ ૨૯૮ થયો.

મુમુક્ષુ :- શ્રદ્ધા-જ્ઞાનમાં એવું તે શું છે કે આટલા બધા વિભાવો...

પૂજ્ય ભાઈશ્રી :- અભેદ અનુભવ છે. શ્રદ્ધા-જ્ઞાનનો સ્વરૂપ સાથેનો અભેદ અનુભવ છે. એમાં કોઈ વચ્ચે માધ્યમ નથી કે જેથી કાંઈ છેટું રહ્યું છે. મનનું, ઇન્દ્રિયનું, રાગનું સૂક્ષ્મ વિકલ્પનું કોઈ એવું માધ્યમ નથી, એવું નિમિત્ત નથી વચ્ચે કે એને લઈને કાંઈક શંકા રહે કે આમાં કાંઈક આમ હશે કે આમ હશે? એવું કાંઈ હોતું નથી. જ્યાં અપરોક્ષ અનુભવ છે, અતીન્દ્રિય જ્ઞાનથી પ્રત્યક્ષ અનુભવ છે ત્યાં પછી શંકાનું કોઈ સ્થાન રહેતું નથી. કોઈ શંકા પડે એવો અવકાશ રહેતો નથી. આખા ચૌદ બ્રહ્માંડની ઉથલપાથલ થાવ. ભિન્ન પડેલા જે વિભાવ અંશો છે કે જેનાથી પોતે ભિન્ન પડી ગયો છે, એ ગમે તે પ્રકારે પછી એનો ઉછાળો હો, સરવાળે તો ભિન્ન પડેલો છે. એનો ઉછાળો ગમે તેટલો હો તોપણ એ ભિન્ન તે ભિન્ન જ રહે છે. ભિન્ન અભિન્ન થતો નથી. અથવા એમાં એવી ભ્રમણા થતી નથી કે હું મારા સ્વરૂપથી મટીને આવા વિભાવરૂપે થઈ ગયો છું. એવો અનુભવ સ્વપ્નાંતરમાં પણ આવતો નથી. એટલી નિઃશંકતા હોય છે. સ્વપ્ને પણ હું રાગરૂપ થયો એવો અનુભવ નથી આવતો. જુદો પડેલો રાગ જુદો ને જુદો જ રહે છે અને જુદો જ જણાય છે. બસ! એટલે એને વિભાવમાં ચલિત થવાનો પ્રશ્ન છે નહિ.

પ્રતિકૂળ સંયોગો ખરેખર એને માટે પ્રતિકૂળ છે નહિ. એ તો જ્ઞાનનું જ્ઞેય છે. જે કોઈ અનુકૂળતા-પ્રતિકૂળતાનો પ્રકાર છે એ તો એક પ્રકારને સૂચવે છે. એ મારી અનુકૂળતા કે મારી પ્રતિકૂળતાને ક્યાં સૂચવે છે? બહારનો જે પ્રકાર છે, એના જે ફેરફાર છે એ ફેરફાર ગમે તે પ્રકારના હો. પરસ્પર વિરૂદ્ધ જાતના હો કે અનુકૂળ જાતના હો, પ્રકારની અંદર પરસ્પર વિરૂદ્ધતા હોય. સુગંધ અને દુર્ગંધ. વિરૂદ્ધ જાતના એ પરિણામો પુદ્ગલના છે. અને સુગંધમાં અનેક ભેદો હો તો એ સુગંધને અનુકૂળ જાતના પ્રકારો છે. અનેક જાતની સુગંધ. અને દુર્ગંધ છે તે સુગંધથી પ્રતિકૂળ જાતની છે. પણ એ જડના પ્રકારો જડમાં છે અને આત્મામાં નથી. એમ અસ્તિ-નાસ્તિ છે. કોઈ પ્રકાર, સંયોગના બહારના કોઈપણ પ્રકાર. લોકો જેને પ્રતિકૂળ કહે છે પણ જ્ઞાનનું જ્ઞેય છે અને લોકો જેને અનુકૂળ ગણે છે તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. કેમકે પોતે માત્ર જ્ઞાતા થઈને રહે છે. કેમ એ જ્ઞાનનું જ્ઞેય છે? કે પોતે જ્ઞાનમાત્રપણે અવસ્થિત રહે છે. એ જ્ઞાનમાત્રપણે જે અવસ્થિત રહે છે એવું જે એનું જ્ઞાનબળ એ જ્ઞાનબળમાં જ્ઞેયોને લઈને શું થાય? ભિન્ન જ્ઞેયોને લઈને શું થાય? કે એમાં કાંઈ ફેર પડે નહિ. કોઈ જાતનો ફેર ન પડે. એવું સ્વરૂપાશ્રિત પરિણમન ચાલુ રહેતું હોવાથી. ચારિત્ર કે જેને સ્વરૂપ સ્થિરતારૂપ ગણવામાં આવે છે, જે ભાવને સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર કહેવામાં

આવે છે, એ સ્થિરતા પણ ક્રમે ક્રમે વધતી જ જાય છે. સંપૂર્ણ સ્થિર થતાં પછી સાધ્ય દશાની પ્રાપ્તિ હોય છે. એ ૨૯૮ થયો. ૨૯૯.

'**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય, પ્રતિકૂળ ન હોય.**' એવું નથી કે આત્માને કોઈએ બનાવ્યો છે. જીવને કોઈએ ઉત્પન્ન કર્યો છે એમ ખરેખર છે નહિ. જીવ પદાર્થ ચૈતન્યસ્વભાવી પદાર્થ અનાદિથી અનુત્પન્નપણે અનાદિથી છે... છે... છે... ને છે. એની હયાતી સ્વતઃ પોતાથી જ સિદ્ધ છે. કોઈથી એને સિદ્ધ કરવો પડે, બનાવવો પડે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આખું જગત એટલે જૈનદર્શનથી અન્ય એવા સર્વ આત્માને બનાવ્યો છે એમ માને છે. અથવા જે કાંઈ હોય તે કાર્યરૂપ છે, પ્રત્યક્ષ વિદ્યમાન કાર્યરૂપ છે તો કોઈના કર્યા વિના કેમ હોય? આ તર્ક છે એની પાછળ. ભાઈ! એ પોતે પદાર્થ પોતાનો કર્તા છે. કર્તા નામનો એનામા સ્વભાવ છે. એમાં કોઈ કરે તો ક્યાંથી કરે? શૂન્યમાંથી બનાવે? શેમાંથી કરે? એવું કોઈ વિચારતું નથી.

'**વસ્તુ સ્વતઃસિદ્ધ છે. તેનો સ્વભાવ તેને અનુકૂળ હોય,...**' સિદ્ધાંત તો આ લેવો છે કે વસ્તુનો જે સ્વભાવ એ સ્વભાવ વસ્તુને સાનુકૂળ હોય અને વસ્તુને પ્રતિકૂળ ન હોય. સાનુકૂળ હોય એટલે શું? કે જેવો સ્વભાવ હોય તેવું જ પરિણમન થાય. સ્વભાવ સ્વરૂપ અવસ્થાનું રહેવું એવું જ વસ્તુના સ્વભાવમાં સ્વભાવરૂપ શક્તિ હોય. જેમ કે આત્મામાં જ્ઞાનસ્વભાવ છે. તો એ જ્ઞાનસ્વભાવ કેવો હોય? ભલે અત્યારે પ્રગટ ન હોય તોપણ એને સમજવો હોય તો કેવો હોય જ્ઞાનસ્વભાવ? કે સર્વ જ્ઞેયોને જાણે એવો હોય. અત્યારે સર્વ જ્ઞેયો નથી જણાતા. અને સર્વ જ્ઞેયોને જાણે એવો એનો સ્વભાવ હોય તો સ્વભાવિક પરિણમન એવું હોય કે સર્વ જ્ઞેયોને જાણે એવું જ એનું સ્વભાવિક કાર્ય થાય. જાણવાનું બંધ થાય એવું એનું કાર્ય ન થાય. એને એમ કહે છે કે વસ્તુનો જે સ્વભાવ હોય તેને સાનુકૂળ–સ્વભાવ વસ્તુને અનુકૂળ હોય અને વસ્તુને પ્રતિકૂળ હોય નહિ. વસ્તુનો નાશ થાય એવો વસ્તુનો સ્વભાવ હોય? જ્ઞાનસ્વભાવ જ્ઞાનનો નાશ થાય એવો જ્ઞાનસ્વભાવ હોય? એવું ન હોય.

એમાં વિશેષ વાત શું છે કે કોઈપણ સંસારી જીવને જે આત્માનો પ્રથમ સંસ્કાર છે એમાં આ વાત છે કે તું જ્ઞાનસ્વરૂપ છો. દેહાદિ અને રાગાદિ સ્વરૂપ નથી. એટલે કે દેહસ્વરૂપે તને તારો અનુભવ થાય છે, તું તને ભાસ્યમાન થાય છે, રાગાદિરૂપે તું તને અનુભવે છો પણ એવો તું નથી. એટલે તારો વર્તમાન ચાલતો જે અનુભવ તે અનુભવ તારો જૂઠો છે, મિથ્યા છે. તું તો એક જ્ઞાનસ્વભાવી આત્મા છો. એ જે પ્રથમ એને એના સંસ્કારમાં આવતી જે આ નવી વાત, આ નવો સંસ્કાર છે,

અનાદિનો રાગાદિ રૂપ અને દેહાદિ રૂપ છે એ સંસ્કાર તો એને ચાલુ જ છે, એમાં જે પ્રથમ ફેર પડે છે ત્યારે એની વિચારણામાં શું છે કે રાગનો તો નાશ થાય છે. દેહનો તો નાશ થતો જોવામાં આવે છે અને જ્ઞાનનો નાશ થતો જોવામાં આવતો નથી. જો જ્ઞાનનો નાશ થતો નથી અને સર્વ કાળે વસ્તુમાંથી જ્ઞાનની ધારા, જ્ઞાનનો પ્રવાહ ચાલ્યો જ આવે છે. તો અંદરમાં કેટલું જ્ઞાન છે? સ્વભાવજ્ઞાન કેટલું? જો શ્રુતજ્ઞાન લંબાય સ્વભાવ પ્રત્યે, જે જ્ઞાનનો પ્રવાહ અવિરતપણે વહે છે, ક્યારેય અટકીને વહે છે એવું તો બનતું નથી કોઈ જીવને, અટક્યા વિના સતતપણે, નિરંતરપણે, અનાદિઅનંત કાયમ જેનું પરિણમનનું વહેણ ચાલુ જ છે તો એ પરિણામનો પ્રવાહ ક્યાંકથી આવે છે કે નહિ? એ જ્યાંથી આવે છે એવી જે શક્તિ, એવો જે સ્વભાવ એ કેટલી અને કેવી? ત્યાં જો શ્રુતજ્ઞાન લંબાય તો એ શ્રુતજ્ઞાનમાં એને એમ ભાસે, જરૂર ભાસે કે અંદરમાં અમર્યાદિતપણે આવો જ્ઞાન સ્વભાવ અથવા જ્ઞાન ભર્યું હોવું જોઈએ કે જેમાંથી સદાય કાળને, ત્રણે કાળને વિષે પ્રવાહ આવ્યા કરે છતાં જે શક્તિ છે એ શક્તિપણે જ રહે. એવું જે સ્વરૂપ શક્તિનું ભાસવું, સ્વભાવ શક્તિનું ભાસવું એ સ્વભાવમાં આખો આત્મા જ એ સ્વભાવસ્વરૂપ છે અને એ સ્વભાવ કહો કે આત્મા કહો, ખરેખર આત્મા તે સ્વભાવ છે. સ્વભાવ તે જ ખરેખર આત્મા છે. આમ છે.

કહે છે કે જે વસ્તુ હોય એનો જે સ્વભાવ (છે) એ એને અનુકૂળ હોય અને પ્રતિકૂળ ન હોય. મારો હું નાશ કરું એવો હું કેમ હોઉં? મારો જે સ્વભાવ છે એવો જ હું હોઉ. વસ્ત મારા સ્વભાવને સાનુકૂળ છે. સ્વભાવ છે એ વસ્તુને સાનુકૂળ છે. જેમ કે અસ્તિત્વ સ્વભાવ. અસ્તિત્વ સ્વભાવ છે એ અસ્તિત્વ સ્વભાવ કેટલો છે? કે અમર્યાદિત છે. એનું હોવાપણું છે એની કોઈ મર્યાદા નથી. ત્રણે કાળે એનું હોવાપણું શાશ્વતપણે, કાયમ રહે એને કોઈ મર્યાદા હોઈ શકે નહિ. પોતાની હયાતીને કોઈ મર્યાદા ન હોય, પોતાના જ્ઞાનસ્વભાવને કોઈ મર્યાદા ન હોય. એવી જ રીતે પોતાના સુખસ્વભાવને કોઈ મર્યાદા ન હોય.

કહે છે કે આ દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત છે. આમ તો દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મ એને સીધો સંબંધ છે. જોકે ચારેય અનુયોગ અધ્યાત્મ સાથે સંકળાયેલા છે અને ચારેય અનુયોગના પ્રતિપાદનનું પ્રયોજન અધ્યાત્મમાં આવવું તે છે. જો એમાંથી અધ્યાત્મ ઊભું ન થાય તો ચારેય અનુયોગ સંબંધીનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે ખરેખર.

'પ્રતિકૂળ ન હોય. સ્વતઃસિદ્ધ આત્મવસ્તુનો દર્શન-જ્ઞાનરૂપ સ્વભાવ તેને અનુકૂળ છે, રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.' સ્વતઃસિદ્ધ એવો જે આત્મપદાર્થ-

આત્મવસ્તુ તેની અંદર રહેલો જે અનંતજ્ઞાન, અનંતદર્શન એનો સ્વભાવ એ વસ્તુને અનુકૂળ છે. એ આત્માને અનુકૂળ છે. એટલે કે જ્ઞાનનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ અથવા જ્ઞાનનો જ્ઞાનને વેદવાનો જે સ્વભાવ, સ્વરૂપાનુભવનો જે સ્વભાવ, સ્વસંવેદન સ્વભાવ એ એમ જ પરિણમવું એવો એનો સ્વભાવ છે. એથી વિભાવરૂપ પરિણમવું એવો એનો સ્વભાવ છે નહિ. દર્શનનો સ્વભાવ પણ સ્વરૂપની શ્રદ્ધા કરવી એવો દર્શનનો સ્વભાવ છે. પરપદાર્થની પોતારૂપે શ્રદ્ધા કરવી, પરતત્ત્વની સ્વતત્ત્વરૂપે શ્રદ્ધા કરવી એવો દર્શનનો સ્વભાવ છે નહિ.

જ્ઞાન-દર્શન સ્વભાવ તે આત્મવસ્તુને અનુકૂળ છે. જે રાગ-દ્વેષરૂપ વિભાવ છે એટલે અવસ્થામાં રહેલા જે વિકૃત પરિણામો છે તે તો આત્મવસ્તુને પ્રતિકૂળ છે. એ આત્મવસ્તુને અનુકૂળ છે નહિ. પોતાની જાતથી એ વિરુદ્ધ જાતિના છે. જે પોતાની સ્વભાવ જાતિ છે એટલે કે સ્વભાવને અનુસરીને થતાં જે સ્વભાવરૂપ પરિણામ જાત, એ સ્વભાવરૂપ પરિણામ જાતથી રાગ-દ્વેષરૂપ ભાવની જાત વિરુદ્ધ છે. જો સ્વભાવિક પરિણમનમાં પવિત્રતા છે તો રાગ-દ્વેષમાં મલિનતા છે. રાગ-દ્વેષમાં મલિનતા છે તો સ્વભાવિક પરિણમનમાં પવિત્રતા છે, એકબીજાને એકબીજા સામે સામે છે. એનો જરાય મેળ ખાતો નથી.

પરમાગમમાં આચાર્યોથી માંડીને સર્વ જ્ઞાનીઓએ શુભરાગનો સુદ્ધા નિષેધ કર્યો. અશુભરાગનો તો સર્વ માણસો નિષેધ કરે છે પણ શુભરાગનો પણ નિષેધ કર્યો એનું કારણ શું? કે એમાં મલિનતા છે અને આત્મવસ્તુથી એ પ્રતિકૂળ છે. પછી થોડી પ્રતિકૂળ, વધારે પ્રતિકૂળ એ પ્રશ્ન નથી. કોઈ એમ કહે કે વિરોધીઓ ઘણા છે. પણ કોઈ થોડો વિરોધ કરે છે અને કોઈ ઓછો વિરોધ કરે છે. પણ છે તો વિરોધીને? કે અવિરોધી છે? આટલો સવાલ છે. વિરોધી છે તે વિરોધી છે. એમ રાગનો કણ છે, ભલે તે અલ્પ કષાય છે, મંદ કષાય છે તોપણ એની જાતિ છે એ આત્માથી વિરુદ્ધની જાતિ છે. એનું જરા પણ અનુમોદન હોય નહિ. અથવા જો આત્મા સત્ છે, જો નિજ સ્વરૂપ છે એ સત્ છે તો એ સત્ની અપેક્ષાએ તે અસત્ છે. જેને સત્ની શ્રદ્ધા છે, જેને સત્ને અનુસરવું છે એને અસત્ની શ્રદ્ધા અને અસત્નું પણ અનુસરણ (હોય) એમ બે વાત સાથે હોઈ શકે નહિ.

'**રાગ-દ્વેષરૂપ વિભાવ પ્રતિકૂળ છે.**' અપેક્ષાના કથનો તો શાસ્ત્રોમાં એવા હોય છે કે નીચેની કક્ષાના પરિણામની અપેક્ષા લઈને ઉપરની કક્ષાના પરિણામને મહત્તા આપવામાં આવે. હવે અણસમજણથી અને અજ્ઞાનથી અશુભની અપેક્ષાએ શુભને ક્યાંય ઠીક બતાવ્યું હોય. કેમકે તેમાં મલિનતા પણ તીવ્ર છે. અશુભમાં મલિનતા

તીવ્ર છે. તો એ મહત્તાને એટલી હદે ગણી લે કે પછી શુદ્ધ ભાવની અને શુદ્ધાત્માની મહત્તા પણ એને ભાસે નહિ. અને કહે તો માને નહિ અને સમજે નહિ ને સ્વીકારે નહિ. તો એને અજ્ઞાનથી એટલું વિપરીત માન્યું છે કે એ સત્યને સ્વીકારવા એની તૈયારી હોતી નથી.

મુમુક્ષુ :- સ્વભાવ અનુકૂળ અને વિભાવ પ્રતિકૂળ. સ્વભાવમાં...

પૂજ્ય ભાઈશ્રી :- ભાવથી. સ્વભાવ અનુકૂળ છે એટલે વસ્તુને વસ્તુનો સ્વભાવ પ્રતિકૂળ નથી. પોતાના સ્વરૂપનો એ ઘાતક નથી. જ્યારે વિભાવ છે એમાં અને સ્વભાવમાં પરસ્પર ઘાતકપણું છે. વિભાવ તીવ્ર થાય તો સ્વભાવ ઉત્પન્ન થાય નહિ. આ મિથ્યાત્વ છે મિથ્યાત્વ, એ મિથ્યાત્વના બળવાનપણાને લીધે સમ્યક્ શ્રદ્ધાન ઉત્પન્ન થતું નથી. તો એમ કહેવાય કે જીવનું વિભાવિક પરિણમન, સંસારી જીવનું વિભાવિક પરિણમન જીવના જ્ઞાન અને આનંદ સ્વભાવનો ઘાત કરનારું છે. શાંતિનો એ ઘાત કરે છે. વિરુદ્ધ જાતિનો છે એટલે. ભલે કષાયની મંદતા ઘણી હોય, ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ એ મિથ્યા પરિણમન અથવા સ્વભાવથી વિરુદ્ધ જાતિનું પરિણમન એની શાંતિનો ઘાત કરે છે. અને સ્વભાવ બળવાન થાય તો વિભાવનો નાશ કરે છે. સ્વભાવનું બળવાન પરિણમન ચાલુ થાય તો એ વિભાવને તોડી નાખે.

અનાદિનો વિભાવ સ્વભાવના ભાન માત્રમાં એટલી હદે તૂટે છે કે એક ક્ષણનો સ્વરૂપાનુભવ અનંત ભવભ્રમણનો ભૂક્કા બોલાવે છે. એને અનંત ભવભ્રમણ હોઈ શકે નહિ. એવું એક ક્ષણના સ્વાનુભવમાં બળ રહેલું છે. રાગ આત્માને અનુકૂળ છે એ વાત રહેતી નથી. આમાંથી કોઈપણ પ્રકારનો રાગ અને કોઈપણ અંશે રાગ આત્માને અનુકૂળ છે એ વાત રહેતી નથી. એમ પોતાને પરિણામમાં વર્તતા રાગને વિષે જાણવું જોઈએ. રાગ છે એ આત્માથી વિરૂદ્ધ જઈને થતો ભાવ છે અને એ ભાવ ઠીક છે એમ હું કેમ જાણું? એને એ જાણવું જોઈએ નહિ. એ ૨૯૯ થયો.

પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વંમથન કર્યું નહિ. પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ.

૩૦૦.

૩૦૦. **'પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો.'** જીવને પરિભ્રમણ કરતાં, ચાર ગતિમાં જન્મ-મરણ કરતાં. પરિભ્રમણનો અર્થ એ છે. ચારેય ગતિમાં જન્મ-મરણ... જન્મ-મરણ... જન્મ-મરણ કરતાં અનંત કાળ વીત્યો છે. **'તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે' એવી ભાવના તો કરી પણ તત્ત્વરુચિ અને તત્ત્વમંથન કર્યું નહિ.'** રુચિ અને ભાવનાનો આંતરો રહે છે. શું કહ્યું? કે જો પરિભ્રમણ કરતાં જીવને... મર્યાદિત વાત છે. જે જીવો હજી નિત્યનિગોદમાંથી બહાર આવ્યા નથી એને આ સિદ્ધાંત લાગુ પડતો નથી. અને એ તો સ્વભાવિક છે, સમજી લેવું જોઈએ. કારણ કે જે કાંઈ વાત ચાલે છે, ઉપદેશ ચાલે છે એ પરિભ્રમણ કરતાં જીવની ચાલે છે. નિત્યનિગોદના જીવને કહેવા-સાંભળવાનો પ્રસંગ છે નહિ એટલે.

'પરિભ્રમણ કરતાં અનંત કાળ વીત્યો. તે અનંત કાળમાં જીવે 'આત્માનું કરવું છે'...' એટલે આત્માનું હિત કરવું છે, આત્માનું કલ્યાણ કરવું છે એવી ભાવના તો કરી છે. મનુષ્યપણું એને મળ્યું છે. વળી મનુષ્યપણામાં એને દેવ-ગુરુ-શાસ્ત્રના યોગ પણ અનંત વાર થયા છે. તીર્થંકર અને તીર્થંકરની દિવ્યધ્વનિના યોગ પણ એને અનંત વાર થયા છે. અને એણે એમ ઉપલક-ઉપલક ભાવે ભાવ્યું પણ છે કે મારે આત્માનું હિત કરવું છે. જોકે કોઈપણ ધર્મમાં અને કોઈપણ સંપ્રદાયમાં આત્માનું કલ્યાણ કરવું છે એવી ભાવના તો સામાન્યપણે જીવને હોય છે. ત્યારે તો એ એ ક્ષેત્રમાં આવે છે. દુનિયાદારીની પ્રવૃત્તિના ક્ષેત્રમાંથી આ એક ધર્મનું ક્ષેત્ર છે એમાં પ્રવેશે એમાં એવી ભાવનાથી આવે છે.

જોકે વિપરીત ભાવનાથી પણ કેટલાય આવે છે. કોઈ માનની ભાવનાથી આવે છે, કોઈ લોભની ભાવનાથી આવે છે કે હું આવું કરીશ, ધર્મની પ્રવૃત્તિ કરીશ તો મને સારા કર્મો બંધાશે. અને તેથી મને શુભનો ઉદય રહેશે. અનુકૂળતાઓના સંયોગો રહેશે અને પ્રતિકૂળતાઓ મને નહિ થાય. એ લોભની ભાવના છે. બીજા સમાજની અંદર મારું સ્થાન ઊંચું રહેશે એ માનની ભાવના છે. એવી વિપરીત ભાવનાથી પણ અનેક જીવોનો પ્રવેશ હોય છે અથવા સ્થિતિ હોય છે. પણ એને બાદ કરીને, એ Levelને પણ બાદ કરીને સામાન્યપણે કાંઈક આત્માનું કલ્યાણ કરવું છે એવી ભાવનાથી પણ જીવો આવે છે. એમાં પણ એ સામાન્ય ભાવના હોય છે, એવી કોઈ એની તીખી ભાવના નથી હોતી. કેમ તીખી ભાવના નથી હોતી? કે વર્તમાનમાં ઉદય સાથે એનું જે એકત્વનું પરિણમન છે એ એકત્વત્વના પરિણમનમાં કાંઈ એની રુચિ ફરતી નથી.

મુમુક્ષુ :- ત્યાં ઢીલાશ આવતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં ઢીલાશ, ત્યાં ફેર પડતો નથી. નહિતર માણસ આ પ્રશ્ન

પૂછે છે કે નાસ્તિની વાત કેમ કરે છે? નાસ્તિની વાત શા માટે સમજાવે છે? કે ભાઈ! તું નાસ્તિમાં ઊભો છો તેથી. તે તારા વર્તમાન વર્તતા પરિણમન ભાવને તું તપાસ તો ખરો કે જ્ઞાનીઓ કહે છે એવું છે કે નહિ? અને એમાં કાંઈ ફેર પડે છે કે નહિ? એ વાતનો પણ જો તને ખ્યાલ ન રહે તો અસ્તિની વાત શબ્દોમાં રહેશે, ભાવમાં આવશે નહિ. કેમકે અસ્તિ તો ઘણો સૂક્ષ્મ વિષય છે. અસ્તિની અપેક્ષાએ નાસ્તિ ઘણો સ્થૂળ વિષય છે. સ્થૂળ વિષયમાં તારી ચાંચ બૂડતી નથી તો સૂક્ષ્મ વિષયમાં તને કાંઈ ભાવનો આવિર્ભાવ થાય એ વાત કાંઈ માની શકાય એવી નથી.

બહુ સમજવા યોગ્ય વિષય એ છે કે અનેક શાસ્ત્રોનો સ્વાધ્યાય, અભ્યાસ એ વગેરે થઈ શકે છે. જીવને પૂર્વ કર્મનો જ્ઞાનાવરણીનો જે ક્ષયોપશમ લઈને આવ્યો છે તદ્નુસાર જે કાંઈ આગમ અભ્યાસ છે, શાસ્ત્ર અભ્યાસ થઈ શકે છે. એ જે કર્મજનિત જ્ઞાનનો પર્યાય છે એ હજી નાસ્તિનો વિષય છે. શુભરાગ તો નાસ્તિનો વિષય છે, અશુભરાગ તો નાસ્તિનો વિષય છે, તે તે રાગમાં વર્તતો જીવનો રસ છે તે પણ નાસ્તિનો વિષય છે, કષાયરસ તે પણ નાસ્તિનો વિષય છે પણ પરલક્ષી જ્ઞાન પણ હજી નાસ્તિનો વિષય છે. વેદનનો વિષય છે તે અસ્તિનો છે. હવે બધું પકડે. શાસ્ત્રના અભ્યાસથી ત્રિકાળી આવો કહેવાય અને વર્તમાન આવો કહેવાય, દ્રવ્ય-ગુણ-પર્યાય આમ કહેવાય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આમ કહેવાય. ગુણ-ગુણી ભેદ આમ કહેવાય. છ લેશ્યાથી માંડીને લેશ્યા ભાવોને ગુણસ્થાન અનુસાર કષાયની તીવ્રતા, મંદતા, અભાવ, સદ્ભાવ અને કાર્ય-કારણ ભેદોમાં પુરુષાર્થ અને પાંચ સમવાય ને બધું કાંઈક આવે. અને કરણાનુયોગનો વિષય હોય તો કેટલાય ભેદ-પ્રભેદોને સમજે. પણ આત્માનો જે વેદનનો વિષય છ, જે સામાન્ય જ્ઞાનવેદન છે એ કોઈ પરિભાષાનો તો વિષય છે નહિ કે એને પરિભાષાથી પકડી લે, સમજી લે. એ તો એને વેદન બાજુ આવવું જોઈએ. એ અસ્તિનો વિષય છે.

હવે નાસ્તિના વિષયને પણ સમજવામાં ગડબડ ગોટા (વાળે) અથવા અનુભવની પદ્ધતિથી તપાસે નહિ, જોવે નહિ, અવલોકન કરે નહિ અને એ રીતે એને જે સમજવું જોઈએ એ રીતે સમજે નહિ, માત્ર શાસ્ત્રાભ્યાસથી સમજે તોપણ એને અસ્તિનો વિષય પકડાતો નથી. એટલે એને જે ખરેખર આત્માની તીખી ભાવનાથી વેદન બાજુ આવવું જોઈએ એ બાજુ નહિ આવતાં ઉપર ઉપરની ભાવનાથી 'આત્માનું કરવું છે' ત્યાં સુધી એ જીવો સામાન્ય વિચાર કરે છે, સામાન્ય વિકલ્પ કરે છે અથવા સામાન્ય ભાવના ભાવે છે. એવી ભાવનાથી કોઈ કાર્ય થતું નથી. એને અહીંયાં 'બહેનશ્રી' એમ કહે છે કે એ જીવે તત્ત્વરુચિ ન કરી. સ્વરૂપની

ભાવના સામાન્ય કરી એણે. એમ કહ્યું. આત્માનું કરવું છે, આત્મકલ્યાણ કરવું છે એવી ભાવના તો કરી. એવી ભાવના કરી એટલે તો એણે આ ક્ષેત્ર બદલ્યું એમ લઈએ. જે કારણે બદલ્યું. બીજા કારણે બદલ્યું હોય એનો તો કોઈ અહીંયાં Class છે નહિ. પણ મારે કાંઈક હિત કરવું છે એ રીતે જેણે ક્ષેત્ર બદલ્યું છતાં પણ જેણે તત્ત્વરુચિ ન કરી. જેણે ઊંડું પોતાનું તત્ત્વમંથન કર્યું નહિ.

જુઓ! આમાં લીધું છે ને ૨૯૭માં કે '**જીવનમાં એવું જ ઘૂંટાઈ જવું જોઈએ કે જડ અને વિભાવ તે પર છે, તે હું નથી.**' જે જડ અને વિભાવમાં ઊભો છે તે હું નથી. અહીંથી લીધું. નાસ્તિ છે ને એ તો. તે હું નથી અને જ્ઞાયક તે હું. એમ સ્વ-પરની ભિન્નતાનું જે મંથન છે એ સ્વરૂપની રુચિથી-આત્મરુચિથી, ગુણની રુચિથી, તત્ત્વરુચિ છે ને એ ગુણની રુચિ છે, સ્વભાવની રુચિ છે અને એ ગુણની રુચિ છે, એ પૂર્વક એણે તત્ત્વ મંથન કર્યું નહિ. તેથી એની ઉપર ઉપરની જે ભાવના એ કાર્યગત થઈ નહિ અથવા એ ભાવના સાર્થક થઈ નહિ. એમ છે.

આ માર્ગદર્શનનો બહુ સારો વિષય છે કે મુમુક્ષુ જીવને જેને આત્મભાવના છે એને પણ કેટલું સાથે હોવું જોઈએ. એ વાત લે છે. મુમુક્ષુ હોય અને સ્વરૂપની પ્રાપ્તિની ભાવના હોય, આત્મકલ્યાણની ભાવના હોય એને સાથે સાથે બીજું શું હોવું જોઈએ? કે એને ગુણની-તત્ત્વની એને અનન્ય રુચિ ઉત્પન્ન થવી જોઈએ.

રુચિના વિષયને સ્પષ્ટ કરતાં એનું એક પડખું એવું છે કે એના વિના ચાલે નહિ એને રુચિ કહેવામાં આવે છે. એ રુચિનું એક પડખું છે કે એના વિના ચાલે નહિ. 'સોગાનીજી'ની ઉપસ્થિતિમાં એવી એક વખત ચર્ચા ચાલી. કોઈએ એમ કહ્યું કે ફલાણાની સારી રુચિ છે. તમે તો ઓળખો છો. 'સોગાનજી'ને કહે, તમે ઓળખો છો. એની રુચિ સારી છે. એ કાંઈ બોલ્યા નહિ પણ સહેજ હસ્યા. એ હસવામાં એવો ભાવ હતો કે તમે એના માટે રુચિ માનતા હશો પણ મને એવું કાંઈ દેખાતું નથી. એવું કાંઈ બોલ્યા નહિ. ... રોકાઈ ગયા. એટલે એ વાત થોડી આગળ ચાલી કે ના, ના અમને તો પરિચય છે, સારી રુચિ છે. રુચિ ઘણી સારી છે. પછી એમણે એટલું કહ્યું કે ઉસકો રુચિ-કુચિ કયા કહેવે? રુચિ તો ઉસકો કહેવે કે જિસકે બિના ચલે નહિ. એને રુચિ કહે છે. અમસ્તું એમના કથનમાં અને પરિણમનમાં તીખાશ-ઉગ્રતા તો ઘણી હતી. એવી સામાન્ય વાતમાંથી પણ તત્ત્વની એવી જોરથી વાત આવે કે એ વખતે એમનો જે પ્રત્યક્ષ પરિચય એ તો ઉછાળી મૂકે. એવા આત્માને લક્ષે ભાવો ઉત્પન્ન થાય. અને એનો પ્રત્યક્ષ પરિચય, એમાંથી રુચિ શું કહેવાય એવી થોડી વાત નીકળી. પેલું તો દૃષ્ટાંત છે. જેના માટે વાત નીકળી એની કોઈ ટીકા-ટીપ્પણીનો એમાં સવાલ નથી. પણ તત્ત્વની રુચિ કોને કહેવાય? એના ઉપર (વાત છે), મુદ્દો તો એમ ચાલે છે.

શું કહે છે? અનંત કાળના પરિભ્રમણમાં આ જીવે પણ.. હવે અહીં પોતા ઉપર લેવું જોઈએ, આત્માનું હિત કરવું છે, કલ્યાણ કરવું છે એવી ભાવના તો ક્યારેક ક્યારેક કરી છે. ક્યારેક નથી કરી અને ક્યારેક કરી છે. ક્યારેક માનમાં ચડી ગયો હોય, લોભમાં ચડી ગયો. ત્યારે તો આત્મભાવનાનો સવાલ પણ રહેતો નથી. પણ આત્માનું કરવું છે એવી ભાવનાથી પ્રવેશ કર્યો હોય તોપણ સામાન્ય ભાવના રહી હોય અને તત્ત્વની એવી રુચિ એણે પ્રગટ ન કરી હોય કે મારે એક આત્મા જ જોઈએ અને બીજું કાંઈ મારે ન જોઈએ. અને એવી રુચિપૂર્વક એણે તત્ત્વનું મંથન આત્માનું મંથન ન કર્યું હોય. તેથી એને સ્વરૂપનું કલ્યાણ થવામાં કોઈ વિકાસ થયો નહિ. પરિભ્રમણ એવું ને એવું ચાલુ રહ્યું. આ તો ક્યાં ક્યાં રહી જાય છે એની વાત લીધી છે. જીવ અટકી જાય છે. ઠીક ઠીક પડખું ફરે તોપણ અટકી જાય છે એના પરિભ્રમણમાં ફેર પડતો નથી એના આ કારણો કહ્યાં.

કહે છે કે '**પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ.**' જુઓ! ઓલાપણે (કહ્યું કે) જીવનમાં ઘૂંટાઈ જવું જોઈએ. આગળ એક લીધું, જીવન એક આત્મામય થઈ જવું જોઈએ. આ એમની પોતાની મૌલિક પદ્ધતિ છે કથનની, આગવી પદ્ધતિ છે. શું છે કે એ રીતે પોતે ઉપડ્યા હોય છે એવી એમની એક જે પોતાની ઢળક હોય છે એ ભાષામાં કોઈને કોઈ રીતે વ્યકત થાય છે. '**પોસાણમાં તો એક આત્મા જ...**' એમ કહે છે. એ પોસાણ છે એ રુચિને અનુસરીને વાત છે. રુચિમાં બીજું પોષાય છે, રાગ પોષાય છે. રાગની કોઈ પ્રવૃત્તિ પોષાય છે (તો) કહે છે કે તારી ભાવના ભલે આત્માનું કલ્યાણ કરવાની થઈ હોય પણ તારું કલ્યાણ થાશે નહિ. આમ કહેવું છે. બહુ ચોખ્ખી વાત આમ છે કે ભલે તારી ભાવના થઈ હોય પણ તને બીજું પોષાય છે તો તને આત્મા પોષાતો નથી. અને જેને આત્મા પોષાય છે એને બીજું પોષાતું નથી. આમ લ્યે છે.

'**પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ.**' આવું જીવન કરી નાખવું જોઈએ. જીવન એવું થઈ જવું જોઈએ કે જાણે અંદર બીજું કાંઈ પોષાય નહિ. એ રીતે રુચિ જેની આત્મા પ્રત્યયી થાય છે તેને શીઘ્રપણે આત્મપ્રાપ્તિ થાય છે અથવા એની ભાવના ફળે છે. અને એવી રુચિ થયા વિના રુચિ અનુયાયી વીર્ય હોવાથી કોઈ જીવનો તથાપ્રકારનો પુરુષાર્થ ઉત્પન્ન હોઈ શકતો જ નથી કે અનાદિથી થઈ રહેલું જે રાગમાં, વિભાવમાં એકત્વ, એ એકત્વની ગાંઠ છૂટી જાય. ખરેખર તો એકત્વની ગાંઠ ખૂલી જાય તો એ ભિન્નપણે રહી જાય. ભિન્નપણે રહી જાય તો એ તરી ગયો. રાગથી, વિભાવથી, સંસારથી એ તરી ગયો. બાકી ભિન્ન પડ્યા વિના કોઈ રીતે પરિભ્રમણ બંધ થતું નથી. એ બહુ સારો વિષય લીધો છે.

વચનામૃત-૩૦૧ થી ૩૦૩, પ્રવચન નં. ૪૦

જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. 'જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે' એમ તેમાં આવી ગયું. ૩૦૧.

૩૦૧ નંબરનો બોલ છે. '**જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે.**' બહુ ટૂંકામાં મુદ્દાની વાત છે. જે કાંઈ ગૂંચવણ છે અથવા જેમાં જીવ અટકેલો છે, અટકી ગયેલો છે. ભાવથી જીવ ક્યાં અટક્યો છે? કે રાગના એકત્વપણામાં એ અટક્યો છે. જીવ ભાવાત્મક પદાર્થ છે અને જીવનો અવસ્થામાં ઉત્પન્ન થતો જે વિભાવ, રાગ કહો કે વિભાવ કહો, તે વિભાવમાં-રાગમાં એકત્વ કરીને, એકમેક થઈને, તન્મય થઈને જીવ ગૂંચવાઈ ગયો છે, અટવાઈ ગયો છે અથવા પ્રતિબંધપણાને પામ્યો છે. આ મુદ્દો લીધો.

એક સમયની પર્યાયમાં પર્યાયબુદ્ધિવાળો છે તોપણ એ વિભાવમાં એકત્વપણાને લઈને છે. કેમકે સ્વભાવને ગ્રહતો નથી. સ્વભાવને ગ્રહતો નથી પણ પર્યાયબુદ્ધિ હોવા છતાં પર્યાયમાં પ્રગટ એવા જ્ઞાનને પણ ગ્રહતો નથી. પર્યાયબુદ્ધિ છે તો પર્યાયમાં જે વિકાર અંશ છે, વિભાવ અંશ છે એટલો ને એવો હું છું એમ રાગની પ્રધાનતામાં, વિભાવની પ્રધાનાતમાં એટલો જ માત્ર હું છું એમ પોતાને અનુભવે છે. એમ '**જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે.**' રાગ અને જ્ઞાન જુદા છે એમ થવું જોઈએ. આનો અર્થ એમ છે. જો જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાયેલો છે તો રાગ અને જ્ઞાનની ભિન્નતા થવી જોઈએ. એમ આપોઆપ એમાંથી અનર્પિતપણે નીકળે છે.

'**નિજ અસ્તિત્વને પકડે...**' એમ નથી લીધું કે કર્મના ઉદયમાં ગૂંચવાઈ ગયો છે. કેમકે કર્મનો ઉદય એ છદ્મસ્થ જીવને ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. એ અંદરમાં કર્મના ઉદયરૂપ પરમાણુનો વિપાક છે, એ કોઈ સામાન્ય પ્રાણીને પોતાની બુદ્ધિમાં આવતો વિષય નથી. એ તો કરણાનુયોગનો વિષય કેવળજ્ઞાન અનુસાર આગમની અંદર સ્થાપિત કરેલો છે. એટલે સીધો પ્રત્યક્ષ વિષય તો એ કેવળજ્ઞાનનો છે અને કોઈ છદ્મસ્થનો નથી. પછી જેને તે આગમનો સ્વીકાર છે તે કર્મના અસ્તિત્વને, ઉદયને

અથવા કર્મના પરિણમનને સ્વીકારે છે. પણ જેને એ આગમો ઉપર શ્રદ્ધા નથી એને તો એ વિષય બુદ્ધિથી પણ સ્વીકારવાનો રહેતો નથી. જ્યારે આ તો એના પ્રગટ પર્યાયમાં અનુભવગોચરપણે થઈ રહેલો ભાવ છે. રાગ-વિભાવ-એ એની બુદ્ધિમાં સમજાય એવો વિષય છે કે આ રાગ થાય છે, આ ક્રોધ થાય છે, આ વિભાવ થાય છે, આ લોભ થાય છે. તેમાં એકતા એટલે એવો જ હું છું એમ જીવ ગૂંચવાઈ ગયેલો છે. આ તમામ મિથ્યાદૃષ્ટિઓ એક વાક્યમાં સમાય જાય છે. જગતના અનંત મિથ્યાદૃષ્ટિ જીવોને એક વાક્યમાં બધાને આવરી લીધા છે કે આ છે.

'**નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નીકળી જાય.**' પોતાની શુદ્ધ સત્તાને ગ્રહણ કરે એમ કહેવું છે. પોતાના શુદ્ધ અસ્તિત્વને, પોતાના હોવાપણાને સ્પર્શે. પકડે એટલે સ્પર્શે-અનુભવે તો રાગથી ભિન્નતા થાય છે તેથી ગૂંચવણ નીકળી જાય છે. કેમકે શુદ્ધ અસ્તિત્વમાં, શુદ્ધ ચૈતન્યમાં રાગનો ત્રણે કાળે અભાવ છે. આત્માનું જે ત્રિકાળી અસ્તિત્વ છે અથવા જે ત્રિકાળી સ્વભાવ હોવારૂપ છે એમ કહેવું છે, જે ત્રિકાળી સ્વરૂપ હોવાપણે છે એને ગ્રહે એટલે એ રૂપ પોતે છે એમ શ્રદ્ધે, અનુભવે તો ગૂંચવણ નીકળી જાય.

હવે એનો વિશેષ ખુલાસો છે કે એ અસ્તિત્વ કેવું? કેમકે અસ્તિત્વ છે. પોતાનું અસ્તિત્વ છે એ પરથી વિલક્ષણ હોવાથી ભિન્ન છે. જે કાંઈ પોતાનું ચૈતન્ય જ્ઞાયક સત્તાત્મક હોવાપણું છે તે વિલક્ષણ પ્રકારે હોવાથી બીજાથી ભિન્ન છે. બીજાથી ભિન્ન છે એટલું નહિ, રાગથી પણ ભિન્ન છે. એટલું વિલક્ષણ છે. '**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.**' આમ તો હું... હું... હું... હુંપણું એનું હુંપણાનું વેદન ચાલુ છે પણ તે રાગમાં હુંપણાનું એનું વેદન છે. રાગમાં હુંપણે એને અનુભવાય છે. ભગવાન કહે છે કે એ તારી મિથ્યાબુદ્ધિ છે. ખરેખર તું રાગસ્વરૂપે નથી અથવા જે તારું સ્વરૂપ છે એ ખરેખર રાગમય નથી પણ રાગના અભાવસ્વભાવે જ્ઞાનમય છે.

'**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવું જોઈએ.**' એમ. એકલું અસ્તિત્વ... અસ્તિત્વ... અસ્તિત્વ.. એમ નહિ. નહિતર શું કહે કે આ બીજી ગાથામાં સત્તાને અનુભૂતિ કહી ને? સત્તાને અનુભૂતિ કહી છે. ત્યાં તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ લીધો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક જે સત્તા છે એ અનુભૂતિ છે. અનુભૂતિ ત્યાં લીધી છે. એવી અનુભૂતિ સ્વરૂપ. કેમકે એવી સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક સત્તાને અન્યમતિઓ સ્વીકારતા નથી. કોઈ કૂટસ્થ સ્વીકારે છે, તો કોઈ ક્ષણિક સ્વીકારે છે. જેની બુદ્ધિ જ્યાં ચાલી ત્યાં.

અહીંયાં કહે છે કે હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. એનો જે

વિશિષ્ટ સ્વભાવ છે એમાં કઈ વિશિષ્ટતા છે? કે જ્ઞાયકપણું, જ્ઞાનપણું એ એની વિશિષ્ટતા છે. માત્ર ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જીવ જુદો પડતો નથી. કેમકે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવી સત્તા સર્વ જીવોની છે, સર્વ પુદ્ગલોની છે, સર્વ દ્રવ્યોની છે. છએ દ્રવ્યોનું ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક જે અસ્તિત્વપણું છે એ સામાન્ય છે. એ સામાન્ય છે એટલે બીજાથી વિલક્ષણ ન આવ્યું. પણ કોઈ એના ખાસ ગુણથી એ જુદો પડે અને તે પણ અનુભવગોચર ગુણથી જુદો પડે એવો જો કોઈ એક ભાવ હોય તો તે જ્ઞાયકભાવ છે. તે જ્ઞાનસ્વભાવ છે કે જેના દ્વારા આત્માને સર્વથી સર્વ પ્રકારે ભિન્ન અનુભવગોચર કરી શકાય છે.

અસ્તિત્વ લેતા અહીંયાં જ્ઞાયકનો વિષય લીધો છે. અધ્યાત્મિક દૃષ્ટિએ બહુ મુદ્દાસરની આ વાત છે. ટૂંકામાં પણ અસ્તિ-નાસ્તિ બેયથી વાત લઈ લીધી છે. છે સવા ચાર લીટી. પણ અસ્તિ-નાસ્તિથી બેયની વાત લઈ લીધી છે. તું અનાદિથી રાગની એકતામાં ગૂંચવાઈ ગયો છો. એટલે જ્ઞાન દ્વારા તું રાગની એકતા કરે છે. રાગ અને જ્ઞાનની એકતા કરી છે એટલે શું છે કે જ્ઞાન દ્વારા જ્ઞાનમાં પ્રતિબિંબિત થતું જે જ્ઞેય, રાગરૂપી જ્ઞેય તેમાં તેં એકત્વ કર્યું છે. કેવી રીતે એકત્વ કર્યું છે? કે જ્ઞાનને ભૂલીને એકત્વ કર્યું છે. ભલે તેં જ્ઞાન દ્વારા કર્યું છે તોપણ જ્ઞાનને ભૂલીને, સદંતર જ્ઞાનને જ ભૂલ્યો છો તું. ખરેખર તો બને છે શું? કે અનેક જ્ઞેયો જ્ઞાનદર્પણમાં પ્રતિબિંબિત થાય છે. જે જીવ હું જ્ઞાનમાત્ર છું એમ અંતર સાવધાનીમાં નથી, એવા જીવો જે કોઈ જ્ઞાનમાં જ્ઞેય થાય છે એને એવી રીતે પકડે છે, એવી રીતે એમાં એકત્વ કરે છે અથવા તે તે જ્ઞેયોમાં ઈષ્ટ-અનિષ્ટપણું કરીને એવી રીતે રાગ-દ્વેષથી ગૂંચવાય છે કે હું જ્ઞાનમાત્ર છું એને મૂળમાંથી જ એ ચૂકી જાય છે. છોડી દે છે.

એટલે શાસ્ત્રમાં એમ આવે છે કે સ્વરૂપથી ભ્રષ્ટ થયા થકા. સ્વરૂપથી એટલે જ્ઞાનથી ભ્રષ્ટ થયા થકા. એમ લીધું છે. ભ્રષ્ટ થયા થકા એટલે પહેલા ભ્રષ્ટ નહોતા ને ભ્રષ્ટ થયા? એમ કહેવા માગતા નથી. પણ જ્ઞાનની વિદ્યમાનતા હોવા છતાં, જ્ઞાનની વિદ્યમાનતા હોવા છતાં એ જ્ઞાનને ચૂકે છે અને રાગમાં એકત્વ કરે છે. આ બહુ સરસ મુદ્દો છે, ઘણો સારો છે.

'**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.**' હું ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છું માત્ર એમ અસ્તિત્વ નહિ. નહિતર અસ્તિત્વનું સ્વરૂપ તો એટલું છે. જો સત્તાનું લક્ષણ લઈએ તો કેવી છે નિજસત્તા? કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક છે. એ એની સત્તાની પરિભાષા છે. પણ અહીંયાં અધ્યાત્મિક વિષય છે ને? માત્ર દ્રવ્યાનુયોગનો વિષય નથી. જો માત્ર દ્રવ્યાનુયોગ સ્થાપવો હોય તો કેવી છે દ્રવ્યની

સત્તા? કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ્યાત્મક છે. એમ લેવું જોઈએ. અહીંયાં એમ કહે છે કે હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. બહુ મર્મવાળી વાત છે. હોવાપણાને લે છે અને જ્ઞાયકસ્વભાવને પણ લે છે. જ્ઞાયકસ્વભાવ હોવાપણાથી રહિત હોય એ પ્રશ્ન રહેતો નથી અને માત્ર હોવાપણું લે અને કેવું હોવાપણું છે એમ ન લે તોપણ એને જે ભિન્ન પડવાનું પ્રયોજન છે, જે રાગાદિમાં એ ગૂંચવાઈ ગયો છે ત્યાંથી ભિન્ન પડવાનું જે પ્રયોજન છે એ પ્રયોજનની સિદ્ધિ થતી નથી. એટલી વાત આવી જાય છે.

અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ એમ તો કહેવામાં આવે છે. 'શ્રીમદ્‌જી'એ જે લીધું કે અસ્તિત્વ એક વખત ખ્યાલમાં આવે છે તો નજરાય છે અને એ એવી રીતે નજરાય છે કે પછી એ નજરમાંથી જુદું પડતું નથી. ત્યાં ભલે એકલા અસ્તિત્વની વાત કરી છે. પણ અહીંયાં તો બહુ ચોખવટ છે કે અસ્તિત્વને પકડવું જોઈએ, અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. એમ લીધું. તો કેવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ? કે '**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.**' બહુ સારો ધ્વનિ છે. અસ્તિત્વ શા માટે લે છે? જ્ઞાયક છું એમાં છું એમાં અસ્તિત્વ આવી જાય છે. એમ લેવું છે અહીંયાં કે જે શ્રદ્ધાનનો વિષય છે-જે દૃષ્ટિનો વિષય છે એ નિર્વિકલ્પ શ્રદ્ધા પોતે એવો વિકલ્પ કરતી નથી કે હું જ્ઞાયક છું. એ તો ફકત હોવાપણાને જ ગ્રહે છે. શ્રદ્ધાનું કાર્ય સત્તાને ગ્રહવું તેટલું છે. હવે એ સત્તામાં જે ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે એનો વિકલ્પ પણ તેમાં-શ્રદ્ધામાં નથી. છતાં પોતાના મૂળ અસ્તિત્વને, ત્રિકાળ હોવાપણાને શ્રદ્ધા વિષય કરે છે. અને એ જ્ઞાનપૂર્વક હોવાથી આખું પરિણમન લઈ લીધું કે '**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ.**' નહિતર ભિન્ન અસ્તિત્વ જે ખ્યાલમાં આવવું જોઈએ એવી ભિન્નતા ઉત્પન્ન થતી નથી. અને જ્યાં સુધી ભિન્નતા થતી નથી ત્યાં સુધી અનાદિનું જે રાગાદિ સાથેનું એકત્વ છે એ એકત્વ છે એ જ મિથ્યાત્વ છે, એ જ પરિભ્રમણનું મૂળ બીજ છે એ મટતું નથી.

'**હું જ્ઞાયક છું એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે એમ તેમાં આવી ગયું.**' આગળ જે એક બોલ લીધો છે કે હું જ્ઞાયક છું અને જ્ઞાયક સિવાયનું બીજું બધું છે તે પર છે. એમાં આ રાગ અને જ્ઞાનની અથવા યથાર્થ પ્રકારના ભેદજ્ઞાનનો સમાવેશ એમાં થઈ જાય છે. '**જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે...**' એ કઈ રીતે આવે છે? કે જે જ્ઞાયકનું જ્ઞાયકપણે હોવાપણું છે, આત્માનું જ્ઞાનસ્વભાવપણે હોવાપણું છે એમાં રાગનું હોવાપણું પ્રત્યક્ષપણે નથી. કેમકે આત્મા તો જ્ઞાનનો ઘન છે. અરે..! એની એક સમયની અવસ્થા રૂપ જે જ્ઞાન છે

એમાં પણ જ્ઞેયની સ્પર્શના નથી, જ્ઞેયનો પ્રવેશ નથી, જ્ઞેય એમાં મળતું નથી, ભળતું નથી, કોઈ સેળભેળ એમાં થઈ શકતી નથી, તો ત્રિકાળી સ્વભાવને વિષે તો કોઈ મળવાનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. એ અસ્તિત્વ તો ત્રિકાળ નિર્ભેળ રહે છે. ત્રિકાળ નિર્ભેળ રહેતું હોવાથી એને ત્રિકાળ શુદ્ધ કહેવામાં આવે છે.

પરથી ભિન્નપણે ઉપાસવામાં આવતા શુદ્ધ કહેવાય છે. આ જ્ઞાયકની, છઠ્ઠી ગાથામાં જ્ઞાયક વિષેની 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની આ પરિભાષા છે. એમણે જે શુદ્ધની વ્યાખ્યા કરી છે એ આ રીતે કરી છે. પરથી ભિન્નપણે ઉપાસવામાં આવતો શુદ્ધ કહીએ છીએ. પરથી ભિન્નપણે છે માટે શુદ્ધ કહીએ છીએ એવી ભાષા નથી. પણ પરથી ભિન્નપણે ઉપાસવામાં આવે છે એને શુદ્ધ કહેવામાં આવે છે. બહુ સારો ધ્વનિ છે.

મુમુક્ષુ :- આમ તો ત્રિકાળ શુદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે તો ત્રિકાળ શુદ્ધ છે. પણ એમ નહિ કહે છે. ત્રિકાળ શુદ્ધ ક્યારે? કે પરથી ભિન્નપણે ઉપાસવામાં આવે ત્યારે. આ મુદ્દો છે. એમાં એવો સંકેત છે કે અધ્યાત્મનો જેટલો કોઈ વિષય છે એ ઉપાસનાનો વિષય છે. અધ્યાત્મનો જેટલો વિષય છે તે બધો ઉપાસનાનો વિષય છે. કેમકે અધ્યાત્મ શબ્દ જ ત્યાંથી આવ્યો છે. જે આત્માના આધારે ઉત્પન્ન થાય તે અધ્યાત્મ. જેનો આધાર આત્મા હોય. અધેય એટલે અધિકરણ-આધાર. જેનો આધાર આત્મા હોય તે અધ્યાત્મ. કેમકે અધિ + આત્મ. એટલો જ છે એની અંદર. શબ્દ તો અધિ + આત્મા. એટલું જ છે. તો એ આત્માનો જ્યાં આધાર છે ત્યાં આત્માની ઉપાસના છે. આત્માની સત્તાના આધારે જે પરિણમન થયું તેમાં આત્માની ઉપાસના છે. હવે એ તમામ અધ્યાત્મના જેટલા કોઈ પડખા છે, અધ્યાત્મના જેટલો કોઈ વિવરણ આવે છે, વર્ણન ઘણા ગમે તે પ્રકારે આવતા હોય તોપણ એમાં આ તત્ત્વ સામાન્ય છે કે જેમાં આત્મસ્વરૂપની, નિજ સ્વરૂપની ઉપાસના ઉત્પન્ન હોય છે. નહિતર એ ખરેખર અધ્યાત્મનો વિષય રહેતો નથી. ઉપાસના વિના તે અધ્યાત્મનો વિષય રહેતો નથી. પછી એમાં ઉપાસના ન આવે ત્યારે શું આવે છે? કે એની અંદર આત્મરસનો અભાવ હોવાથી કોઈ બીજો રસ છે તે વિભાવરસ છે અથવા પુદ્ગલરસ છે. આમ ઊભું થાય છે એમાં.

શું કહે છે? કે '**જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે.**' એટલે પોતાના સ્વાનુભવમાં એકાકાર જ્ઞાયકપણે પોતાનું જે અનુભવન છે એ અનુભવમાં એકલું જ્ઞાયકતત્ત્વ, એકલું કહેતા સર્વથી સર્વ પ્રકારે ભિન્ન જે જ્ઞાયકતત્ત્વ એનો જે અનુભવ હોવાથી બીજું કાંઈ આમાં નથી એવું નાસ્તિનું જ્ઞાન અસ્તિના જ્ઞાનમાં સમાવેશ પામે છે. હવે અહીંયાં કોઈ જ્ઞાનીની દશાનો વિચાર કરીએ કે છદ્મસ્થ જ્ઞાનીની દશામાં રાગ તો છે.

અબુદ્ધિપૂર્વકનો રાગ છે એના માટે તો એમ કહેવાય કે એને બુદ્ધિમાં નથી આવતો એટલે શું કરે તે? પણ જે બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થાય છે-સ્વાધ્યાય કરું, પૂજા કરું, ભગવાનના મંદિરે જઈને ભગવાનના દર્શન કરું વગેરે-વગેરે. તો એ રાગ છે એ એની અવસ્થામાં બુદ્ધિપૂર્વક ઉત્પન્ન થયેલો ભાવ છે. છતાં એ કેમ એની ખતવણી જ્ઞાનીમાં થતી નથી? એની ખતવણી જ્ઞાનીના આત્માને વિષે કેમ થતી નથી? જેટલો કોઈ રાગ છે-હું જ્ઞાયક છું એવા પોતાના જ્ઞાનમાત્રમયપણે અનુભવનમાં રાગનો અભાવ હોવાથી, રાગ વિદ્યમાન હોવા છતાં પણ રાગ પરના પડખે જાય છે. આત્માના પડખે આવતો નથી.

'ગુરુદેવ'ની આ એક બહુ સારી શૈલી હતી કે ભલે જ્ઞાનીની અવસ્થામાં, સાધકની અવસ્થામાં, ધર્મીની અવસ્થામાં રાગ ઉત્પન્ન થાય છે પરંતુ એની જે દૃષ્ટિ છે એટલે જે દૃષ્ટિ એની શુદ્ધ ચૈતન્યસત્તાને જ માત્ર સ્વરૂપપણે સ્વીકારે છે અને ગ્રહે છે, એવી કોઈ અપૂર્વ અંતરદૃષ્ટિને લઈને રાગ હોવા છતાં રાગ પરને પડખે જાય છે, એના પડખે ખતવાતો નથી. રાગ છે ને? રાગ કર્યો ને એણે? અમે જોયોને. એમ કહે છે. ભાઈ! તારી દૃષ્ટિનું એમાં કામ નથી. તું એમાં સમજી શકે એવો એ વિષય નથી.

મુમુક્ષુ :- અહીંયાં શેઠ-નોકરનું દૃષ્ટાંત લાગુ પડે?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર લાગુ પડે. નોકર શેઠથી આગળ જઈને વાત કરે. લેણદાર પાસે ઉઘરાણી કરે તો શેઠ કો'ક ઠંડા સ્વભાવનો હોય અથવા કાર્યકુશળ એટલો ન હોય જેટલો મુનિમ હોય, મુનિમ ઘણા કાર્યકુશળ હોય છે, તો એ ધણી થઈને કામ કરે. ધણી થઈને એટલે માત્ર વર્તનમાં, હોં! પ્રમાણિકપણે તો એ ધણી થતો નથી. એણે ધણી થઈને વર્તાવ કર્યો હોવા છતાં એનું શ્રદ્ધાન-જ્ઞાન પણ ચોખ્ખું છે અને બીજાનું જેની સાથે વર્તાવ કર્યો છે એનું શ્રદ્ધાન-જ્ઞાન પણ ચોખ્ખું છે કે આ માણસ તે માણસ છે. ફક્ત એના પગારનો અધિકારી છે. એ સિવાય એનો શેઠની મૂડી અને માલમિલકત સાથે કોઈ અધિકાર નથી. એને શ્રદ્ધા-જ્ઞાનમાં ચોખ્ખું છે અને સામાના શ્રદ્ધા-જ્ઞાનમાં પણ ચોખ્ખું જ છે.

એમ પોતાનું શુદ્ધ અસ્તિત્વ અથવા જ્ઞાયક છું એવું અસ્તિત્વ જ્યાં ખ્યાલમાં આવ્યું, અનુભવમાં આવ્યું ત્યાં એની અંદર જેટલું કાંઈ નથી તે બધું પર છે એવું એનું પારકાપણું-પર છે નામ એનું પારકાપણું જ જ્ઞાનમાં રહે છે. જાણતા જ એ પરપણે જણાય છે, સ્વપણે જણાતું નથી. અને જ્યાં પોતાપણું એમાંથી ઊઠી ગયું ત્યાં એકત્વનો જે રસ છે અને જે રસને લઈને એનું પરિભ્રમણ છે એ એને હોઈ શકતું નથી.

સમ્યગ્દર્શનમાં એકત્વનું બીજ, રાગના એકત્વનું બીજ બળી જાય છે. કેમ એક ક્ષણમાં સમ્યગ્દર્શનમાં અનંત ભવભ્રમણનો નાશ કહ્યો છે? કેમકે ત્યાં એકત્વનું બીજ છે, જે રાગની એકતાબુદ્ધિનું જે બીજ છે એ ત્યાં ખલાસ થાય છે, બળી જાય છે. પછી એ જીવને પરિભ્રમણ અનંત કાળનું હોઈ શકે નહિ. પૂર્વકર્મ છે એ એક ભવે નિવૃત્ત થાય કે થોડા બીજા ભવો થાય અને નિવૃત્ત થાય પણ પછી એને ભવભ્રમણની વદ્ધિ થવાનું મૂળ કારણ હયાત રહ્યું નહિ. ખલાસ થઈ ગયું છે. એ ૩૦૧ બોલ થયો.

મુમુક્ષુ :- બહુ સરસ વાત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મુદ્દાની વાત છે, હોં!

મુમુક્ષુ :- ભાવનું ઊંડાણ...

પૂજ્ય ભાઈશ્રી :- એ મુદ્દાની વાત છે. સામાન્ય રીતે બીજી બીજી વાતમાં રોકાવા કરવા કરતાં આ મુદ્દા ઉપર જરા ધ્યાન દેવા જેવું છે કે રાગનું એકત્વ થઈ રહ્યું છે અને રાગનું જે એકત્વ થઈ રહ્યું છે એ 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ જ્યાં ખ્યાલમાં આવે છે ત્યારે જ એ એકત્વથી છૂટી શકાય છે. ત્યારે જ એને રાગ અને રાગનો વિષય જે પર છે એમાં પરપણું ભાસે છે, પરપણું જણાય છે. નહિતર પરપણું આવતું નથી. આમ લઈએ તો ઓળખવાનું સાધન પણ જ્ઞાન અને ભિન્ન પડવાનું સાધન પણ જ્ઞાન.

જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે. તે મોક્ષના માર્ગે ચાલે છે, સંસારને પીઠ દીધી છે. સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી. કોઈ ઉપસર્ગનો ભય નથી, મારામાં કોઈનો પ્રવેશ નથી–એમ નિર્ભય છે. વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે.

૩૦૨.

૩૦૨. '**જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી;...**' આ અગાઉ પણ કાંઈ જોઈતું નથી. મુનિને અને જ્ઞાનીને બેયના વિષયમાં આ કથન આવે છે 'બહેનશ્રી'નું કે જ્ઞાનીને કાંઈ જોઈતું નથી. કાંઈ જોઈતું નથી એટલે આ સંસારમાંથી એને કોઈ અપેક્ષા નથી. કોઈપણ અપેક્ષા હોય તો એણે નિરાલંબ-નિરપેક્ષ આત્માને સ્વીકાર્યો છે એ વાત રહેતી નથી. '**જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી;...**' કેમકે સંસારમાંથી કાંઈ લેવા જેવું પણ નથી. એમ પણ એમાં આવી જાય છે. પણ આ બધી અનેક પ્રકારની

અનુકૂળતાઓ, વૈભવો કાંઈ નથી જોઈતું? અરે..! લોકો પ્રશંસા અને સ્તુતિ કરે એ પણ નથી જોઈતું? કે જુઓ! ભગવાન છે એ સમવસરણમાં છે અને આખા ચૌદ રાજલોકની સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિનો સમવસરણમાં ઉદય વર્તે છે અને હજારો-લાખો જીવો એમની સ્તુતિ કરે છે. ગુણપ્રશંસા કરે છે. ત્યારે પણ એ ભગવાન સામું જોતા નથી. 'નથી એ જ્ઞેયોમાં તુજ પરિણતિ સન્મુખ જરા.' આવે છે? સમવસરણમાં બિરાજમાન ભગવાનની સ્તુતિ કરી છે.

સો સો ઇન્દ્રો નમન કરે છે અને ઇન્દ્રો અને ઇન્દ્રાણીઓ દેવલોકમાંથી આવીને, પૂજા ભક્તિ કરીને ગાંડા ઘેલા થઈ જાય છે. તોપણ ભગવાન સામું જોતા નથી. એની સન્મુખ ઉપયોગ નથી. કેવળજ્ઞાનમાં તો એક સમયમાં પહેલા સમયે જ બધું જણાય ગયું છે. શું થઈ ગયું? શું થઈ રહ્યું? અને શું થવાનું? એ એક જ કાળમાં જણાય છે. એટલે એમાં તો કાંઈ નહિ જાણવાનો પ્રશ્ન રહેતો નથી. પણ તે કઈ રીતે? કે જરા પણ પરસન્મુખ થયા વિના. નિરવશેષ અંતર્મુખ થઈને, રહીને એ બધું જણાય છે. જ્ઞાનની અતિશયતાતો જુઓ! કે જે જ્ઞાન પૂરેપૂરું સ્વરૂપમાં ડૂબેલું રહ્યું છે અથવા સર્વ ગુણોનું પરિણમન સ્વરૂપમાં પૂરેપૂરું ડૂબેલું રહ્યું છે તોપણ એમાં કાંઈ પ્રતિબિંબ થયા વિનાનું રહેતું નથી. ત્રણે કાળનું, પૂરા જગતનું સંપૂર્ણપણે પ્રતિબિંબિત થવું એ અંતર્મુખ જ્ઞાનનો વિષય થાય છે. પરસન્મુખ થતાં તો જ્ઞાનને બાધા આવે છે. જ્ઞાન અવરાય છે. પરસન્મુખ થયેલું જ્ઞાન એ જ્ઞાનાવરણીનું બંધન થવાનું એ કારણ છે. અને પરમાં તન્મયબુદ્ધિએ રોકાયેલું જ્ઞાન તે આઠેય કર્મના પ્રતિબંધનું કારણ થાય છે. આઠેય કર્મ એનાથી બંધાય છે.

'જ્ઞાનીને સંસારનું કાંઈ જોઈતું નથી; તે સંસારથી ભયભીત છે.' જ્ઞાની છે તે સંસારથી ભયભીત છે. ભયભીત છે એટલે કે એ દિશામાં એ આગળ વધવા માગતા નથી. સંસાર કહો કે પોતાનું અહિત કહો. પોતાના અહિતથી જ્ઞાની ભયભીત છે. **'તે મોક્ષના માર્ગે ચાલે છે,...'** ભયભીત છે એનો અર્થ શું છે? કે જેનાથી સંસાર વધે એવા પરિણામથી એ પાછા હઠે છે. એમાં એ રસ લઈને આગળ વધતા નથી. નહિતર વળી એમ કહે કે જ્ઞાનીને વળી ભય શો? જ્ઞાની તો નિર્ભય હોય છે. એ વાત નથી. એમ તો જ્ઞાની નિર્ભય જ છે. એ નીચે લેશે. જ્ઞાની તો નિર્ભય જ છે. પણ આ જે ભય છે એ બીકનો ભય છે એમ નહિ પણ જે સંસારના અને ભવભ્રમણના પરિણામ છે એ પરિણામથી પાછા હટે છે. એ જ આત્માએ સંસારના પરિણામ ભૂતકાળમાં અનંત કાળ સુધી કર્યા. એટલે એમાં કાંઈ મોટી વાત નથી. એ ન કરી શકે માટે ભયભીત છે એમ નથી. એક તર્ક લાવે છે લોકો કે કેમ ધર્મના ક્ષેત્રમાં દાખલ થઈ જાય

છે? કે સંસારી કાર્યો કરવાની એનામાં શક્તિ ન રહે ને નબળા પડી જાય એટલે પછી માળા લઈને બેસી જાય. એટલે ધર્મના ક્ષેત્રમાં જેનો પ્રવેશ હોય એના માટે એમ જાણે કે ભાઈ નબળાઈનું ચિહ્ન છે. શું છે એ? એ નબળાઈનું ચિહ્ન છે. ઠીક! ભાઈ! એમ ન હોય. એ તો એની સબળાઈનું ચિહ્ન છે. તેં જે સંસારમાં પરાક્રમ કર્યા એ શું પરિભ્રમણ કરતા બીજા જીવોએ પણ ભૂતકાળમાં નથી કર્યા? કે એ બધા તો થઈ ચૂક્યા છે. પણ એમાં કાંઈ માલ છે નહિ અને એ કરવા જેવા નથી.

'**તે મોક્ષના માર્ગે ચાલે છે,...**' જ્ઞાની છે તે મોક્ષના માર્ગે ચાલે છે. અને '**સંસારને પીઠ દીધી છે.**' આ દિશાસૂચક વચન છે. મોક્ષ પ્રત્યે પ્રયાણ કરેલા તે જીવો છે. તેમના પરિણામની ગતિ મોક્ષ બાજુની છે, છૂટવા બાજુની છે અને બંધનથી અને સંસાર બાજુ એમણે પીઠ દીધેલી છે. એમણે મુખ ફેરવી લીધું છે. તેથી પરિણામની જે ચાલ છે એમની સંસાર પ્રત્યેની નથી. પરિણામ છે એ તો ચાલરૂપ છે ને? ક્ષણે ક્ષણે અનન્ય ભાવે મોક્ષમાર્ગમાં જ્ઞાની પ્રવર્તે છે અને સંસારથી તે વિમુખ થયેલા છે. પીઠ દીધી છે એટલે વિમુખ થયેલા છે.

ભલે તે સંસારથી ભયભીત છે તોપણ '**સ્વભાવમાં સુભટ છે,...**' ભટ એટલે Soldier. જેમ કોઈ લડવૈયા હોય છે એ ઘણા શુરવીર હોય છે, બળવાન હોય છે. એમ અહીંયાં હવે વીરરસનો વિષય લેવામાં આવે છે. શાંતરસમાં નવેય રસના અલંકાર કરી શકાય છે. તો કહે છે કે ભલે જ્ઞાની અંદરમાં શાંત છે છતાં શુરવીર છે. 'શ્રીમદ્જી' એવું બહુ લે છે. દસ હજાર લડવૈયાઓને એકલે હાથે હરાવનાર એના કરતાં જ્ઞાનીનું શુરવીરપણું ઘણું છે. એમ લે છે. ભૂજાએ કરીને સ્વયંભૂરમણસમુદ્ર તરે એટલું જેના બાવડામાં બળ હોય. તરવાનું છે પાણીમાં એમાં હાથને વધારે કસરત પડે. અને તેથી પહેલા થાકે છે. કોઈપણ તરતો થાકે તો એને હાથ દુઃખવા આવે છે. પછી એ હાથથી જે પાણી કાપવું જોઈએ એ કાપી શકતો નથી. આખા શરીરને ઉપર રાખવાનું કારણ એ હાથથી પાણી કાપે એમાં જ બને છે. એ તો તરતા જાણતા હોય એને ખ્યાલ હોય છે. તો કહે છે કે એટલું શરીરનું બળવાનપણું હોય કે એ સમુદ્ર આખો. સ્વયંભુરમણસમુદ્ર હોં! અત્યારે સમુદ્ર છે પેસિફિક અને આટલાન્ટિક એની વાત નથી. એ તો ક્યાંય એની પાસે ખાબોચિયા જેવા છે. એના કરતાં પણ જ્ઞાનીનું સુભટપણું ઘણું છે-બળવાનપણું ઘણું છે. એવી બધી ઉપમા લીધી છે 'શ્રીમદ્જી'એ.

જ્ઞાની '**સ્વભાવમાં સુભટ છે, અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી.**' જ્યારે જ્ઞાનીને વીરરસની અપેક્ષાએ શુરવીર અને સુભટ કહેવામાં આવે છે ત્યારે

અજ્ઞાનીઓને કાયર અને બાયલા કહેવામાં આવે છે. એ કાયર જેવો છે એમ કહે છે. કેમકે એ પોતાના પરિણામમાં વિકાર પાસે હારી જાય છે. જડ પાસે તે દીન થઈને ફરે છે અને જડથી પોતાની મોટાઈ માને છે, સંયોગથી પોતાની મોટાઈ માને છે. એને દીન, પામર, કાયર, બાયલા, નપુંસક એ વગેરે ઉપમા આપવામાં આવે છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, કાયરના કામ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્‌જી'એ ગાયું છે ને,

વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

જે ભવરોગને મટાડવા માટે નિમિત્તરૂપ ઔષધિ છે તે તેને પ્રતિકૂળ પડે છે. તે તેને પ્રતિકૂળ પડે છે એમ કહેવાને બદલે એની કાયરતાને લઈને એને પ્રતિકૂળ પડે છે એમ લીધું છે.

'**જ્ઞાની સ્વભાવમાં સુભટ છે,...**' શુરવીર છે. '**અંદરથી નિર્ભય છે,...**' એને કોઈનો ક્યાંય ડર હોય એવું બનતું નથી. કેમકે પોતાના અવ્યાબાધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર કર્યું છે. જે પોતાના સ્વભાવને, પોતાના સ્વરૂપને નિર્બાધ જાણે છે કે કોઈ બાધા ન કરી શકે એવું મારું સ્વરૂપ છે. તો પછી એને કોનો ડર છે? કે એને કોઈનો ડર છે નહિ. '**જ્ઞાની અંદરથી નિર્ભય છે, કોઈથી ડરતા નથી.**' જ્ઞાની કોઈથી ડરતા નથી. '**કોઈ ઉપસર્ગનો ભય નથી.**' પ્રતિકૂળતાનો કોઈ ભય નથી. કોઈ વ્યક્તિથી ડરતા નથી, કોઈ પ્રતિકૂળતા આવી પડશે તો? એનો પણ એને ડર નથી. ઉપસર્ગનો એને ભય નથી. કેમ ભય નથી? કે જે કાંઈ ઉપસર્ગ છે એ તો મારા આત્માથી બાહ્ય છે. અને બાહ્ય છે તેથી મારા અવ્યાબાધ સ્વરૂપને તો કોઈ સ્પર્શી પણ શકતું નથી. તેથી હું મારા સ્વરૂપે અનાદિઅનંત અને અત્યારે પણ અવ્યાબાધપણે બિરાજમાન જ છું. મને કોઈ સ્પર્શી શકે એ પ્રશ્ન છે નહિ.

જેમ કોઈ આ બખ્તર પહેરે છે ને? કવચ કહેવામાં આવે છે. લડાઈની અંદર ગમે તેટલા ઘા પડે તોપણ એ ઘા એને કોઈ વાગે નહિ. હથિયાર બૂઠું થાય પણ એના શરીર સુધી એ હથિયાર પહોંચી શકે નહિ. આ Bulletproof બનાવે છે કે નહિ? પિસ્તોલમાંથી ગોળી છોડે તો ગોળી પાછી પડે પણ એ બખ્તર પહેરેલાને ગોળી વાગે નહિ. જ્ઞાનીએ કવચ પહેર્યું છે. ભેદજ્ઞાનનું બખ્તર છે એની પાસે. એટલે એને કોઈ પ્રતિકૂળતાનો ભય થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે બખ્તર પહેરેલાને ભાન છે ને કે કોઈ હથિયાર મને વાગવાનું નથી. એમ જ્ઞાનીને પ્રત્યક્ષ અનુભવરૂપી બખ્તર છે. એને કોઈ પ્રતિકૂળતા અડતી નથી, સ્પર્શતી નથી. એનો પ્રત્યક્ષ અનુભવ વર્તે છે. તેથી

એને ભયવાન થવાનું કોઈ કારણ રહેતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બખ્તર ઉતારી નાખવાની વાતો ચાલે છે. જે ભગવાનનો ઉપદેશ અડતો નથી એવા જે બખ્તર પહેર્યા છે એ ઉતારી નાખવાનો વિષય છે આ તો. હળુકર્મી જીવ અને ભારેકર્મી જીવનું એ લક્ષણ છે. હળુકર્મી જીવને ઉપદેશ અલ્પકાળમાં અસર કરે છે. ભારેકર્મી જીવને ઘણા કાળ સુધી સત્સમાગમ અને સત્નો યોગ રહે તોપણ એને કાંઈ ઉપદેશની અસર થતી નથી. 'શ્રીમદ્જી'એ લીધું છે. એણે ગોદડું ઓઢ્યું છે. ભારેકર્મી જીવ એવું જાડું ગોદડું ઓઢીને સૂતો છે કે ઉપદેશરૂપી લાકડી એને વાગતી નથી. હળુકર્મી જીવે ધોતિયા જેવું, મલમલ જેવું પાતળું ઓઢણું ઓઢ્યું છે. એને ઉપદેશરૂપી લાકડી તરત વાગે છે. એવી વાત લીધી છે.

'**કોઈ ઉપસર્ગનો ભય નથી. મારામાં કોઈનો પ્રવેશ નથી–એમ નિર્ભય છે.**' વિષય એ જ લીધો છે. કેમ કોઈ ઉપસર્ગનો જ્ઞાનીને ભય નથી? કારણ કે મારામાં કોઈનો પ્રવેશ નથી એવો અનુભવ એમને વર્તે છે. ગમે તે પરિસ્થિતિ થાવ. સંયોગો બધા ચાલ્યા જાવ, ટેકેદારો બધા ચાલ્યા જાવ, કુટુંબ–પરિવારના બધા ચાલ્યા જાવ અને શરીર પણ ચાલવાની તૈયારી ભલે કરે. હવે આ શરીર પણ રહે એવું નથી. તોપણ જ્ઞાનીને એની કોઈ દરકાર નથી. કોઈ દરકાર નથી. કેમકે હું મારા સ્વરૂપે અખંડપણે બિરાજમાન છું. મારા ચૈતન્યવજ્રમાં કોઈનું કાંઈ ચાલે એવું નથી. જબરજસ્ત હૂંફ છે. જે ધ્રુવ અસ્તિત્વની, ત્રિકાળી અસ્તિત્વની જે હૂંફ છે જ્ઞાનીને એમાં તો એ આકાશને પાટુ મારે એમ છે. માણસ કહે છે ને કે એટલું બળ છે કે આભને પાટુ મારે છે. એમ જ્ઞાનીની નિર્ભયતા છે એનું જે મજબૂતપણું છે એનું કોઈ માપ નીકળે એવું નથી. બધા જગતના દૃષ્ટાંતો એ દૃષ્ટાંતોના માપથી દૃષ્ટાંતો ભલે મપાય છે, જ્ઞાનીનું પરિણમન મપાય એવું નથી. 'ગુરુદેવ' બહુ કહેતા. જ્ઞાનીના કાળજા તને નહિ જણાય. લોકો બહારથી અનુમાન કરે ને. જ્ઞાનીના કાળજા બીજા છે. કાળજા એટલે એનું અંતર સ્વરૂપ.

'**વિભાવને તો કાળા નાગની જેમ છોડી દીધો છે.**' જેમ કોઈ કાળો નાગ છે એને ઘરમાં રાખવા ચાહે નહિ. આ કૂતરાને પાળે છે ને? નાના–નાના ગલુડિયાને. લોકો કૂતરાને પાળે છે, ખવડાવે, પીવડાવે. કોઈએ નાગને પાળ્યો? એમાં ઝેરી કાળો નાગ એટલે ઝેરી. જેને જોતાં સામાન્ય માણસો ડરે છે, ભયભીત થાય છે. એની ઉપમા આપીને કહે છે કે વિભાવ છે એ તો પોતાના સ્વભાવથી વિરૂદ્ધ એવું ઝેર છે કે સ્વપ્નાંતરમાં કોઈ વિભાવ અને કોઈ વિભાવના અંશને જ્ઞાની ચાહતા નથી. એને

ઇચ્છતા નથી, એમાં મમત્વ કરવું, પક્કડ કરવી એની હિમાયત કરવી એ પ્રશ્ન જ રહેતો નથી. તેથી કોઈપણ બહાને કોઈપણ જીવ કોઈપણ રાગની હિમાયત કરે કે પક્ષ કરે ત્યારે સ્પષ્ટપણે જ્ઞાની જાણે છે કે આણે આત્માને જાણ્યો નથી. એ વાત સ્પષ્ટ છે. વિભાવને કાળા નાગની ઉપમા અહીંયાં આપી છે. ૩૦૨ થયો.

સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે. ૩૦૩.

૩૦૩. '**સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે,...**' બધા અધ્યાત્મના જ વિષયક બોલ છે. કેવા છે સમ્યગ્દૃષ્ટિ? કે જેમને પોતાના અંતરમાં અખંડ તત્ત્વનો આશ્રય છે અથવા ભગવાન આત્માનો એને આશ્રય છે. લોકો જ બહારમાં કહે છે ને કે ભગવાનના શરણે જાય એ બચી જાય. પછી એનો કોઈ વાળ વાંકો કરી શકે નહિ. રામ રાખે એને કોણ ચાખે? અનેક બોલ છે કે નહિ? એ મૂળ વાત અહીંથી નીકળી છે. આત્મરામની વાત છે. '**સમ્યગ્દૃષ્ટિને...**' એટલે જેણે પોતાના '**અખંડ તત્ત્વનો આશ્રય છે...**' એને કોઈ પરાશ્રય નથી. એક અખંડ તત્ત્વનો જ આશ્રય છે એટલે કે એને કોઈ પરાશ્રય નથી. રાગ હો તો ઠીક, શરીર હો તો ઠીક, શરીરને ટકવાના, નભવાના, આજીવિકાના સાધનો હોય તો ઠીક. કુટુંબ, પરિવાર અને એ સિવાય બીજા મને બધા અનુકૂળ હોય તો ઠીક. એ કાંઈ પ્રશ્ન એમાં રહેતો નથી. એક સ્વઆશ્રય પરિણામમાં તમામ પરાશ્રયનો નિષેધ છે. કોઈ પરાશ્રય જ્ઞાનીને નથી.

'**સમ્યગ્દૃષ્ટિને અખંડ તત્ત્વનો આશ્રય છે, અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે.**' અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય-અખંડ તત્ત્વ ઉપરથી દૃષ્ટિ જો છૂટી જાય તો પછી સાધકપણું રહેતું નથી. કેમકે દૃષ્ટિ છે એ અખંડ તત્ત્વને વિષય કરે છે. એમાં એને અન્ય વિષય જ નથી. દૃષ્ટિને તો સ્વ તત્ત્વ સિવાય વિષય જ નથી. અને જો એ વિષય બદલે તો ત્યાં સાધકપણું મૂળમાંથી રહે નહિ. સ્વરૂપદૃષ્ટિપૂર્વક જ સાધકપણું છે. અહીંથી એમ સિદ્ધ થાય છે કે સ્વરૂપદૃષ્ટિપૂર્વક જ સાધકપણું છે. અને સ્વરૂપદૃષ્ટિ ન હોય તો સાધકપણું જ નથી. આ સિદ્ધાંત થઈ જાય છે. સ્વરૂપદૃષ્ટિ હોય અને બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના અથવા વ્યવહારધર્મના જેટલા કોઈ પરિણામ

અને જેટલી કોઈ ક્રિયા વ્રત, નિયમ, સંયમ આદિની (હોય) એ સાધકપણું ખરેખર નથી. કેમકે સમ્યગ્દષ્ટિના સદ્‌ભાવમાં, દષ્ટિના સમ્યક્‌પણાના સદ્‌ભાવમાં એના ઉપર સાધકપણાનો આરોપ છે અને દષ્ટિના સમ્યક્‌પણાના અભાવમાં એના ઉપર જ બાધકપણાનો આરોપ કરી શકાય છે. તે ને તે પ્રકાર દેખાય. એ બહારના જે ક્રિયાના ખોખા છે, દેખાવ છે એને સાધકપણાનો ઉપચાર તો સ્વરૂપ આશ્રય હોય ત્યારે જ લાગે છે. એટલે ખરેખર દષ્ટિપૂર્વક શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી સ્વરૂપની સાધના અને ઉપાસના થતી હોય અને આત્મશુદ્ધિ થતી હોય ત્યારે એ ખરેખર અંતરંગ સાધનને સમજાવવા માટે બાહ્ય ક્રિયા ઉપર સાધનનો ઉપચાર કરવામાં આવે છે.

મુમુક્ષુ :- અંતરંગ દષ્ટિ થતાં બહારમાં એવી દશા સહજ થઈ ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ થાય જ. એનું કારણ શું છે કે સમ્યગ્દષ્ટિ છે એ વીતરાગ દષ્ટિ છે. વીતરાગ દષ્ટિ હોવાથી એક રાગના સૂક્ષ્મ કણને પણ એ દષ્ટિ સ્વીકારતી નથી. હવે એ પરિસ્થિતિમાં તે સમ્યગ્દષ્ટિ જીવનો રાગ અભાવપણાને પામતો જાય છે. ક્રમશઃ ક્રમે ક્રમે જેમ જેમ રાગ અભાવ થાય છે તેમ તેમ રાગના નિમિત્તો-નિમિત્તરૂપ સંયોગોનો પણ ત્યાગ એને જોવામાં આવે છે. લોકો પહેલા ત્યાગને જોવે છે. બહુ સ્થૂળ બુદ્ધિ પહેલા ત્યાગને જોવે છે. એથી વળી કોઈ થોડો વિચાર કરે તો કષાયની મંદતાને જોવે છે. તો જે જીવને કષાયનો અભાવ થવાની પ્રક્રિયા શરૂ થઈ સાધકદશામાં એને કષાયની મંદતા તો થાય જ, એ કાંઈ પ્રશ્ન છે નહિ કે એને મંદતા ન થાય. એટલે કષાય મંદ થાય છે. કેટલાક કષાયો મંદ થાય છે, કેટલાક કષાયો અભાવ થાય છે. તેથી બહારના દેખાવમાં પણ તેને અનુકૂળ ફેરફારો જોવામાં આવે છે. પણ માત્ર એ બહારનો ફેરફાર થયો એટલું સાધકપણું નથી. એના અંતરંગને પહેલાં ઓળખવું જોઈએ. નહિતર બહારમાં અંતરંગ વિનાના બહારના ફેરફારવાળાને પણ એ એટલો જ સમજી લેશે કે આ પણ આની બરાબર જ છે. પણ એ કાંઈ ખરેખર વસ્તુનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સમકક્ષતા નહિ પણ એટલી તૈયારી તો જોઈએ. શા માટે એવું અંતરંગ ઓળખવાની મહેનત લેવી જોઈએ? એવો પરિશ્રમ શું કરવા કરવો છે? કે ખરેખર જેને ગુણની પ્રાપ્તિ કરવી છે તે ગુણને અને ગુણવાનને ઓળખવા માગે છે. એમ વાત છે કે નહિ? એ કોઈ શોખનો વિષય નથી, એ કોઈ Hobby નથી કે ઠીક છે, નવરા છીએ. Club માં જવાને બદલે ચાલો વ્યાખ્યાન સાંભળવા જઈએ. આ જરૂરિયાતનો વિષય છે. આ ચાલ્યું હતું ને આપણે? હમણાં આ મુદ્દો ચાલી ગયો.

રુચિનો વિષય ચાલ્યો ને? તત્ત્વ રુચિ અને ભાવના-ભાવના.

ભાવના, રુચિ એમાં એક પ્રકાર જરૂરિયાતનો છે. એમાં જરૂરિયાતનો પણ પ્રશ્ન છે કે તારે કાંઈ જરૂર છે કે નહિ? જો તારે તારા નિજ હિતની જ જરૂરત ન હોય તો પછી આ વિષય તારા માટે કોઈ કામનો નથી. મૂળની વાત અહીંયાં છે કે નિજ હિતની જરૂરિયાત કેટલી? અને એ જરૂરિયાતને હિસાબે કોઈ ભાવના છે કે એમ ને એમ ખાલી ભાવના છે? ઉપર ઉપરની ભાવના છે. અને એ જરૂરિયાત કેટલી છે અને કેટલી હદે છે? કે મળી તોપણ ઠીક અને ન મળી તોપણ ઠીક. શાસ્ત્રનું જ્ઞાન તો થયું. વ્રત તો પાળ્યા, આટલું પૂજા, ભક્તિ આદિ તો કર્યું, ફલાણું તો કર્યું. ભલે આત્મ પ્રાપ્તિ થઈ કે ન થઈ. આપણી ભાવના આપણે રાખવી. ભાવના આપણે રાખવી. એ વિષય પણ આમાં કામ આવે એવું નથી.

મુમુક્ષુ :- દુર્ગતિનો ભય છે.

પૂજ્ય ભાઈશ્રી :- માત્ર દુર્ગતિનો ભય છે એટલું જ છે? દુર્ગતિ થશે તો એવું નથી કે સુગતિના જે પરિણામ છે, ચાર ગતિમાં દુર્ગતિ અને સુગતિના ભાંગા છે, મનુષ્ય અને દેવ સુગતિમાં લીધા છે. તિર્યંચ અને નારકીને દુર્ગતિમાં લીધા છે. કોઈ જીવના પરિણામ ક્યારેય શુભ રહે અને એની શુભગતિ જ થયા કરે અને દુર્ગતિ ન થાય એવું કદી બનતું નથી.

સમ્યગ્જ્ઞાનની લગામ વગર જ્ઞાનના વિવેક વગર કષાય કદી મર્યાદામાં રહી શકે નહિ. આ એનો સિદ્ધાંત છે-નિયમ છે. જે જીવને સમ્યગ્જ્ઞાન છે અને જ્ઞાનમાં પોતાના અકષાય જ્ઞાનમય સ્વરૂપની જાગૃતિ છે, વેદનથી જાગૃતિ છે એનો જ Control, એનો જ કષાય નિયમિત સિમિત હોઈ શકે, Controlમાં રહી શકે. બીજા જીવનો રહી શકે નહિ. ક્યારેક મંદ થાય તો ક્યારે તીવ્ર થાય એનું એને ભાન રહે નહિ. અને તેથી દુર્ગતિ એને થયા વિના રહે નહિ. અને એ અનુસાર જે વિજ્ઞાન છે એનું માપ સર્વજ્ઞના જ્ઞાનમાં એવું આવ્યું છે કે કોઈપણ જીવનો ત્રસ પર્યાય છે એ બે હજાર સાગરથી વધારે રહી શકે નહિ. ઉત્કૃષ્ટ. એ પહેલાં તો એ અવશ્ય નિગોદમાં જાય, જાય ને જાય જ.

તા. ૪-૨-૧૯૮૮, વચનામૃત-૩૦૪
પ્રવચન નં. ૨૩૧

ભગવાનના પ્રતિમા જોતા એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે. ૩૦૪.

... સ્વરૂપની રુચિવાળાને સ્વરૂપાનુભવ અવશ્ય થાય છે. એક વાત તો એ કરી. જે જીવને વિભાવની રુચિ મટી અથવા રાગની મલિનતા અને દુઃખ એમાં અરુચિ થઈ. સ્વભાવ આનંદઅમૃત છે, પવિત્ર પરમાત્મસ્વરૂપ છે એની જેને રુચિ થઈ ગઈ એને તેનો અનુભવ થવાનો. તેને તેના આત્માથી દૂર રહેવાનું પોસાતું નથી. પોષાણની વાત લીધી ને? જેને આત્મા પોસાય છે એને આત્માથી દૂર રહેવાનું પોસાતું નથી. બીજું પોસાતું નથી એટલે આત્માથી દૂર રહેવાનું પણ પોસાતું નથી. બીજા પદાર્થો પોસાય છે, બીજા ભાવો પોસાય છે એમ નહિ, આત્માથી દૂર રહેવાનું પણ પોસાતું નથી. એવી સ્થિતિમાં આવેલા જીવને આત્મપ્રાપ્તિ અલ્પ કાળમાં શીઘ્રપણે થાય જ છે. એ વાત અનંતા જ્ઞાનીઓનો અનુભવ સાક્ષી પૂરે એવી વાત છે.

... અનુસંધાનમાં આ વાત આવી છે. આગળ વાત કરી એના અનુસંધાનમાં આ વાત આવી છે કે જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? પોતાના સ્વરૂપ સન્મુખ-સ્વસન્મુખ જ્ઞાનમાં જ્ઞાયક સ્વભાવની જીવની હયાતી પ્રગટપણે જોવામાં આવે છે, દેખવામાં આવે છે, શ્રદ્ધવામાં આવે છે, અનુભવ કરવામાં આવે છે. એમાં એ વાત આવે છે કે આવું શાશ્વત તત્ત્વ છે, આટલું જાગૃત તત્ત્વ છે, કૂટસ્થ છે એમ ન લીધું અહીંયાં, જાગૃત જીવ છે, જાગતો જીવ છે, જીવતો જીવ છે. અનંત કાળથી મિથ્યાત્વ અવસ્થામાં એની હયાતીનો નિષેધ કર્યો તોપણ, નિષેધ કરીને નિગોદ અવસ્થાને પ્રાપ્ત થયો તોપણ એની હયાતી મીટાવી શકાતી નથી. ક્યાં જાય? કહે છે. એને કોઈ ટાળ્યો ટાળી શકાય છે એવું નથી. ઊભો જ છે એ તો. સદાય હાજરાહજૂર છે. એવો જીવ કેમ અનુભવમાં ન આવે? એમ કહેવું છે. ક્યાં જાય એટલે કેમ અનુભવમાં ન આવે? શા માટે અનુભવમાં ન આવે?

જે વસ્તુ મુખમાં મૂકી હોય તો એનો સ્વાદ કેમ ન આવે? આ પ્રશ્ન છે. પ્રશ્ન કરનાર એમ પ્રશ્ન કરે છે કે વસ્તુ તો મોઢામાં છે બરાબર પણ એનો સ્વાદ કેમ લેવો? આ પ્રશ્ન છે. ત્યારે ઉત્તર દેનાર એ પ્રશ્નની સામે પ્રશ્ન કરે છે કે જે ચીજ મુખમાં છે તેનો સ્વાદ કેમ ન આવે? તું એમ પૂછે છે કે એનો સ્વાદ કેમ આવે? તો આ કહે છે, સ્વાદ કેમ ન આવે? બસ! આટલી વાત છે આની અંદર. તારું જ્ઞાનતત્ત્વ, જ્ઞાનમય સત્તા સદાય ઉપસ્થિત, સદાય હાજર છે. પોતે છે એનો અનુભવ કેમ ન આવે? એમ પ્રશ્ન થાય છે. અથવા એનો અનુભવ, એનો નકાર કરે તોપણ એ ક્યાં જાય? શું એ ટળી જશે? અભિપ્રાયમાં એનો નિષેધ કરે, અભિપ્રાયમાં એની નાસ્તિ કરે. અન્ય દ્રવ્યની હયાતીમાં એની નાસ્તિની ચિંતવના થાય અને એ ચિંતવના ઘણી ગળે પડી હોય. ગળે પડી હોય એટલે? ચોંટી હોય. અન્ય દ્રવ્યની અને સંયોગની ચિંતામાંથી જીવ નિવૃત્તિ ન લઈ શકતો હોય. તોપણ તારો જીવ ક્યાં જાશે? એમ કહે છે. એ ક્યાંય જાય એવો નથી.

મુમુક્ષુ :- અત્યાર સુધી પોતે જ પોતાને ...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જ પોતાના ભાવમરણ ... મારવાનો એટલે એના પ્રાણ હરે છે. એવા ભાવે પરિણમે છે. જીવ પોતાને ભૂલીને. એને આ વચન દ્વારા સ્વરૂપની સંભાળ કરાવે છે. વચનની અંદર જે ભાવ છે, ધ્વનિ છે, જે શૈલીથી વાત કરે છે એમાં સ્વરૂપની સંભાળ કરાવે છે. સંભાળ તારા સ્વરૂપને. તું છો, ભૂતકાળમાં હતો, અત્યારે હયાત છો. હજી પણ છો, છો ને છો. ફક્ત તું છો એ જો. આનંદથી ભરપૂર તત્ત્વ છે. જેવું છે, સદાય જેવું છે એની નાસ્તિ થઈ શકે, એને મીટાવી શકાય અશક્ય છે. બની શકે એવું નથી. કોઈ રીતે થઈ શકે એવું નથી. ભલે તું અભિપ્રાયમાં નાસ્તિ કર. ક્યાં જશે? એ કાંઈ ચાલ્યું જશે? તારી અભિપ્રાયમાં નાસ્તિ કરવાથી એની નાસ્તિ થઈ જશે? મટી જશે એ? કે નહિ જાય. ધ્રુવ શાશ્વત પદાર્થ છે. નિત્ય પદાર્થની નિત્યતાને ભૂંસાડી શકાતી નથી. અને એ જાગતો છે. તારા સ્વરૂપથી વિરુદ્ધ ભાવો ટકી નહિ શકે એમાં. કોઈ વિભાવભાવ અંતર્મુહૂર્તથી વધારે ટકી શકતો નથી. સ્વભાવ એવો છે કે, વસ્તુનો સ્વભાવ એવો છે કે કોઈ વિભાવભાવ અંતર્મુહૂર્તથી ટકી શકતો નથી. છૂટી જ જાય. લંબાઈ લંબાઈને પણ છૂટી જાય છે. લાંબો ચાલી શકતો નથી. વિભાવ તો ચાલતો નથી પણ અન્ય જ્ઞેય ઉપર ઉપયોગ ટકી શકતો નથી. બીજા પદાર્થમાં પર વિષય સુહાતો હોય, રુચતો હોય, સુખની કલ્પના કરી હોય તોપણ અંતર્મુહૂર્તમાં જ્ઞાનીનો ઉપયોગ એ જ્ઞેયથી બદલે જ છે. ત્યાં રહી શકતો નથી. કેમકે અંદરમાં જીવ ઊભો છે એ એવો ઊભો છે. એના-વિભાવના

વિરૂદ્ધ સ્વભાવે એ ઊભો છે. પછી એ વિભાવ ચારિત્રગુણનો હોય કે વિભાવ જ્ઞાનગુણનો હોય કે વિભાવ શ્રદ્ધાગુણનો હોય, સુખગુણનો હોય તો એનાથી વિરૂદ્ધ સ્વભાવે ઊભો છે. અને એટલા સામર્થ્યથી ઊભો છે કે વિભાવમાં જીવ ટકી શકતો નથી. બદલતો જાય છે. વિભાવ બદલી જાય છે. પણ પોતે કેવો ઊભો છે? પોતાની હયાતીમાં પોતે કેવો છે એ વાત એણે સન્મુખ થઈને જોઈ નથી. પોતાના સ્વરૂપની સન્મુખ થઈને જોઈ નથી. એને સ્વરૂપ સન્મુખ કરાવે છે. આ એક વચન દ્વારા સ્વરૂપ સન્મુખ કરાવે છે ખરેખર તો. એવો સરસ ધ્વનિ છે અંદર.

'ગુરુદેવ'ને તો આ વચન ઉપર બહુ પ્રમોદ હતો. વાંચ્યું પુસ્તક ત્યારે કહે, ઓહો..! '**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય**?' આહાહા...! શું કહે છે! એમ કહે. જેને પરિણમન છે એને તો એટલી સ્વરૂપની જાગૃત અવસ્થા છે કે અનંત જાગૃતિનો પિંડ છે એને જ આ તો સ્પષ્ટ કરે છે. અનંત જાગૃતિનો પિંડ છે. ભલે અવસ્થામાં આંશિક જાગૃતિ છે. પણ વસ્તુ અનંત જાગૃતિનો પિંડ છે. આવો જીવ ક્યાં જાય? આને ટપીને તું ક્યાં જઈશ? આનું ઉલ્લંઘન કરીને ક્યાં જઈશ? કેવી રીતે જઈશ? ક્યાં જઈશ? કેટલેક જઈશ? આ .. છે ને? ઓછી Speed થી દોડતો હોય, ચાલતો હોય તો વધારે Speedવાળો કહે, ક્યાં જાવાનો છે ક્યાં આ? ક્યાં જાશે? આ જઈ જઈને કેટલેક જવાનો છે? મારી આગળ કેટલેક જાશે? ભલે આગળ જાય છે પણ મારી આગળ કેટલેક જાશે? એમ કહે છે કે મારા અનંત જાગૃતિના સામર્થ્ય પાસે આ બધું શું છે? કે કાંઈ નથી. આટલી જાગૃતિમાં જાય ક્યાં આટલી જાગૃતિ? આટલી જાગૃતિ ભૂંસી શકાય. અનંત જાગૃતિના પિંડને ભૂંસાડી શકાય? મટાડી શકાય? નાશ કરી શકાય? કાંઈ થઈ શકે એવું નથી. એવો મંથનનો વિષય છે. આવા વચનો જે શાસ્ત્રમાં હોય છે એના ઉપર એનો રસ લઈને એના મંથનમાં ઉતરે તો નજીકતા થાય, ભાવનો આવિર્ભાવ થાય. એવો પ્રકાર છે આની અંદર.

મુમુક્ષુ :- સ્વીકાર...

પૂજ્ય ભાઈશ્રી :- કારણ તો ભ્રમણા છે કે બહારમાં પોતે શરીર સ્વરૂપે છે. પાયામાં શું ઊલટો સ્વીકાર છે. જીવ કર્મજનિત પર્યાયે ઉપજ્યો છે. દાખલા તરીકે અહીંયાં મનુષ્ય ગતિ છે. ગતિ છે એટકે ગતિને નિકાચિત લીધી છે. આમ એટલો સૂક્ષ્મ રીતે વિચારતા એ વિષયને સ્પષ્ટ નથી લેતા. પણ જે મનુષ્યગતિમાં છે એમાં હું મનુષ્ય છું એની પક્કડ ઓછી નથી કાંઈ. એ પક્કડની અંદર પકડાયેલો છે. ભલે એ પક્કડ સ્વરૂપની મહાનતા પાસે એક ડુંગર અને એક ખડના તરણાની તોલે છે. તરણા ઓથે ડુંગર. એક તરણું ઘાસનું આડું આવે તો પાછળનો ડુંગર ન દેખાય. તોપણ નથી

દેખાતો એ નથી દેખાતો સ્પષ્ટ છે. એની એટલી બધી કિંમત નથી પણ છતાં એ સ્વરૂપને આવરણ કરે છે, સ્વાનુભૂતિને આવરણ કરે છે. એવી એ કલ્પનાયુક્ત-ભ્રમણાયુક્ત સ્થિતિ જરૂર છે.

મુમુક્ષુ :- ભ્રમણા દઢ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી દઢ છે. દઢ છે એટલું જ નહિ, ઘણી દઢ છે.

મુમુક્ષુ :- સ્વરૂપ એટલું મહાન છે...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કિંમત નથી એટલે તો ડુંગર અને એક તરણું. એટલું તરણાની તોલે છે. વજન કરે તો? ખડનું એક તરણું અને ડુંગરનું વજન કેટલું પડે? ડુંગરનું લાખો ટન હોય. આનું એક ગ્રામ પણ ન હોય. છતાં ડુંગર નથી દેખાતો તે નથી દેખાતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સામર્થ્ય નથી પણ એ પરિસ્થિત નકારી શકાય એવી નથી. જેને વશ જીવ અનંત સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે એવી જે ભ્રમણા, એવું જે મિથ્યાત્વ-મિથ્યાભાવ, જેમાં નરકના-નિગોદના અનંત દુઃખ સહન કર્યા છે, એ પરિસ્થિતિ તો છે, એને તો કોઈ નકારી શકાય આવું નથી. એ એક હકીકત છે. એને તો નકારી ન શકાય. પણ ભલે એ બધું છે તોપણ એથી અનંતગુણ મહાન, વજનદાર જાગતો જીવ ઊભો છે. બીજી બાજુનું ભાન કરાવે છે. એક પરિસ્થિતિ છે તેથી એક બીજી પણ પરિસ્થિતિ છે જીવની એનું ભાન કરાવે છે.

જેમકે એક માણસના ઘરમાં સંપત્તિ અઢળક દાટેલી છે. એને ખબર નથી. જન્મ્યો ત્યારથી જ ખબર નથી. કેમકે પૂર્વજોની દાટેલી છે. પોતે નથી દાટેલી. તો એક રોટલાના બટકા માટે લાચારી કરતો હોય. જ્યારે એ લાચારી કરે છે ત્યારે સંપત્તિ નથી? એનો નાશ થયો છે? પણ એની લાચારી એક હકીકત છે, એને ખબર નથી એ પણ એક હકીકત છે અને અઢળક સંપત્તિની હયાતી છે એ પણ એક હકીકત છે. એટલે તો શ્રીગુરુનો ઉપકાર માનવામાં આવે છે. જો એને કોઈએ દેખાડ્યું ન હોત કે તારા ઘરમાં આ ધન છે. તો એમ ને એમ લાચારીમાં મરી જાત. એને તો એ ધન હોવા છતાં નહિ હોવા બરાબર થઈ જાત. જો એમ ને એમ એ આયુષ્ય પૂરું કરી દે તો એને તો હોવું કે નહિ હોવું બરાબર છે. એની જિંદગી તો લાચારીમાં ગઈ, દુઃખમાં ગઈ. જેણે એને દર્શાવ્યું પછી ભલે ખોદ્યું, પોતે વાપર્યું, પોતે ઉપભોગ કર્યો, પોતે ઉપયોગ કર્યો પણ દર્શાવ્યું એ ન દર્શાવ્યું હોત તો? આ પ્રશ્ન એને વાસ્તવિકપણે સમજાય છે. એટલે એનો ઉપકાર માને છે. ન દર્શાવ્યું હોત તો આમ ને આમ મરવાનું

હતું. એ તો એક જીવનનો સવાલ છે. આની ગણતરીનો હિસાબ-કિતાબ તો બહુ લાંબો છે કે આ દર્શાવ્યું ન હોત તો અનંત જન્મ-મરણ આ રીતે થાત. અનંત વાર નરક-નિગોદ હોત. એટલે એ દર્શાવનાર પ્રત્યે જે વિનય આવે છે એની એક આખી વાસ્તવિકતા છે. એની પાછળ કોઈ વાસ્તવિકતા છે.

પ્રશ્ન :- 'ગુરુદેવશ્રી'એ આ વાત ન બતાવી હોત તો?

પૂજ્ય ભાઈશ્રી :- તો એમ ને એમ જ ચાલતું હોત ગાડું, જે ચાલતું હતું એ રીતે. ઝેર ખાવાનો ધંધો વધી ગયો હોત. ચાલુ રહીને વધી ગયો હોત. સત્નો વિરોધ. વિરોધ થતો હતો ને? સંપ્રદાયમાં તો વિરોધ કરતા હતા. ત્રણે સંપ્રદાય ત્રણે ફીરકા નામધારી જૈન. નામધારી જ જૈન કહેવાય ને?

પ્રશ્ન :- 'ગુરુદેવશ્રી' એ વાત કરી...

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર કરવો, વિચાર કરવો. એનો વિચાર કરવો કે આ વાત 'ગુરુદેવે' દર્શાવી તો આ જીવને હવે શું વાંધો છે? હવે શું તકલીફ છે આ માર્ગમાં આવવાની? કારણ કે અવરોધક તો પોતાનો ભાવ છે. કોઈ સંયોગ, કોઈ પર સંયોગ, કોઈ બીજો જીવ એ તો નડતો નથી. પોતાનો જ અવરોધક ભાવ (નડે છે). એનો વિચાર કરવો. એનો ઊંડો વિચાર, જેટલો થાય એટલો ઊંડો વિચાર તલસ્પર્શી વિચાર કરવો જોઈએ. ક્યાં રસ પડે છે? કેમ રસ પડે છે? સમજણમાં વાત આવ્યા પછી સ્વરૂપની અધિકાઈ ન આવે અને સંયોગિક દ્રવ્ય-ભાવની અધિકાઈ રહ્યા કરે તો એ સમજણ વ્યર્થ જવાની. સમજણ થઈ અને ન થઈ એ બંને બરાબર થઈ જશે.

એટલે તો કાલે એક બોલ લીધો હતો ને 'સોગાનીજી'નો? કે સુનતે હી પ્રયાસ ચાલુ હો જાના ચાહિયે. બહુ માર્મિક વિષય છે. ૪૩૯ કાલે લીધો હતો. સુનતે હી પ્રયાસ હો જાના ચાહિયે. એની પાછળ એમ કહે છે કે નહિતર શું થશે કે આ તો સાંભળું છે અને આ તો વાંચું છે ને. મારો સત્શાસ્ત્રનો અભ્યાસ તો ચાલુ છે ને. એમાંથી હું સત્ મેળવી લઈશ. વાંચતા-વાંચતા હું મેળવી લઈશ, સાંભળતા-સાંભળતા હું મેળવી લઈશ. કહે છે કે તારા અભિપ્રાયમાં બહુ મોટી ભૂલ છે આ. અભિપ્રાયની મોટી ભૂલ છે અને મિથ્યા અભિપ્રાયની કેટલી મોટી ભૂલ છે? કે આખું એનું Destination જુદું છે. છેલ્લું Station એનું નિગોદ છે. Destination એટલે છેલ્લું Station એનું. એટલે ક્યાંય પણ એ ભૂલ કરવા જેવી નથી. એવી વાત છે.

એ માર્ગદર્શનનો બહુ સારો બોલ છે. શાસ્ત્રનું અધ્યયન કરનારને એ માર્ગદર્શન છે. સત્શાસ્ત્રનું અધ્યયન કરે. જેને જ્ઞાનની પ્રવૃત્તિ લોકો કહે. શેની પ્રવૃત્તિ કરે છો? કે જ્ઞાનક્રિયા ચાલે છે અમારી. તો કહે છે, ઊભો રહે તું. જ્ઞાનક્રિયામાં આવ્યો છો?

અહીંયાં એક બીજી વાત છે. જ્ઞાનક્રિયામાં આવ્યો હોય, જ્ઞાનની વ્યાયામશાળામાં આવ્યો હોય તો અહીંયાં એક બીજી વાત છે કે સાંભળતા જ પ્રયત્ન કરવો એ વાત તારા અભિપ્રાયમાં ઊભી છે? સતત ઊભી છે? હાજર રહે છે કે જાય છે, ખોવાય જાય છે? બહુ સારી વાત લીધી છે. એ કહેશે આગળ. ૩૦૭માં જ વાત છે.

'તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે;...' આ જે પહેલા તલવાર આવતી ને એ પોલાદની તલવાર આવતી. અથવા તો એવા એવા શસ્ત્રો આવતા જેને એમ કહીએ કે વિદ્યાધર લોકો હાંસલ કરતા, મેળવતા. વજ્રનો થાંભલો હોય તો કાકડીને કાપે એમ કાપી નાખે. વજ્રનો થાંભલો હોય તો કાકડીને કાપે એવી રીતે કાપી નાખે. એવી એની ધાર હોય. આ તત્ત્વના ઉપદેશની ધાર એવી છે એમ કહે છે. વીતરાગનો ઉપદેશ એવો છે, અસિધારા જેવો છે. એનો મોહ જાય, જાય ને જાય જ. ન જાય એવું બને નહિ.

પ્રશ્ન એ થાય એવો છે કે જરૂર પ્રાપ્ત થાય, મોહ ઊભો રહી શકે નહિ, આ બધી વાત આવે છે પણ હજી મોહ ઊભો છે એનું શું? આ પ્રશ્ન થાય એવો છે. ઊંડો વિચાર માગે છે. ઝેરના ઈંજેક્શન કેટલા લીધા છે? જે દર્શનમોહનો ક્ષણે ને ક્ષણે ફરી ફરીને ભાવ કરે છે તો એણે કેટલું પીધું છે એનું એણે માપ રાખ્યું નથી. માપ રાખ્યું નથી અને એનો એણે પત્તો લીધો નથી, ભાન કર્યું નથી, એ વિષયનો પણ વિચાર કર્યો નથી.

મુમુક્ષુ :- દર્શનમોહ વધારે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેમ દર્શનમોહ ઊભો છે, દર્શનમોહનો નાશ થાય એવો ઉપદેશ અને એવા સત્પુરુષના વચનો અને પ્રત્યક્ષ સત્પુરુષનો સમાગમ આ બધું ઉપલબ્ધ છે, પ્રાપ્ત છે. તોપણ દર્શનમોહ ઊભો છે. એક હકીકત છે. એવી પણ એક હકીકત છે. સીધા નિગોદમાંથી આવતા હોય અને કામ કરી લ્યે. સવળો પડે એટલી વાર છે. ઊંધો પડે તો એની ઊંધાઈ પણ બડી છે અને સવળો પડે તો એની સવળાઈ પણ બડી છે. બેય વાત મોટી છે.

મુમુક્ષુ :- ઝેરના Injection લીધા છે, હજી ચાલુ છે, હવે બંધ કરવા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકવાર એના મંથનમાં એવો ઉતરે તો ખાવાય જાય બધેથી. બધેથી ખોવાય જાય. જેમ કોઈ એવી ચિંતા માથે આવી પડે કે કોઈ બીજી વાત એ ધ્યાનમાં લઈ શકે નહિ, લક્ષમાં લઈ શકે નહિ, વિચારમાં લઈ શકે નહિ. પ્રવૃત્તિમાં લઈ શકે નહિ. કહે છે ને? એવો કોઈ આકરો ઉદય આવ્યો તો એમ કહે ભાઈ! અત્યારે તો અમારા માથે આભ તૂટી પડ્યું છે અને તમે ગમે તે વાત કરો પણ અત્યારે કાંઈ

અમે સાંભળી શકીએ એવું નથી. અમને કાંઈ સંભળાય એવું નથી, અમને કાંઈ દેખાય એવું નથી, કાંઈ બીજી વાતમાં વિચારી શકીએ એ રીતે મગજ કામ કરે એવું નથી. એમ કહે છે કે નહિ? એ તો તદ્‌ભવના એક પેટાવિભાગનો વિષય છે. ઉદય છે એ તો તે ભવનો એક પેટાવિભાગ છે, પેટાની રકમ છે.

મુમુક્ષુ :- અમુક સમય પુરતો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અમુક પ્રાસંગિક છે. ઉદયની શરૂઆત છે, એનો નાશ છે. આદિ અંત સહિત છે ઉદય તો. કોઈ અનાદિ ઉદય હોતો નથી, કોઈ અનંત ઉદય રહેતો નથી. દરેક ઉદય સાદિસાંત જ છે. છતાં પણ કેવો પકડાય છે. તો અહીંયાં આની પણ ચિંતવના તો એને આવવી જોઈએ. કે આવડું મોટું ...! મિથ્યા અભિપ્રાયની આ સ્થિતિ? મિથ્યાત્વદશામાં આ કારણ? આ દર્શનમોહની હેરાનગતિ આટલી? તો એટલી ચિંતામાં એક વખત આવે. પોતાના હિત-અહિતની ચિંતામાં એટલો આવે કે બધેથી એના પરિણામ ખસી જાય. પણ એટલી એને એની ભયંકરતા, ગંભીરતાનું વજન ભાસે તો કામ થાય. સાંભળીને હળવું કરીને કાઢી નાખે, સાંભળીને હળવું કરીને કાઢી નાખે (તો) અનંત કાળે કામ ન થાય. થયું છે એમ અત્યાર સુધીમાં કે હળવું કરીને એણે કાઢી નાખ્યું છે. સામાન્ય વાતને એટલી મોટી કરી છે કે જાણે પ્રાણ જવા તુલ્ય દુઃખ થતું હોય એવી રીતે એણે એક સમસ્યા હલ કરવાનો પ્રયત્ન કર્યો છે. અને અનંત વાર પ્રાણ જાય એને હળવી કરીને કાઢી નાખી. એમાં વિચાર શક્તિ કેટલી? એમાં કોઈ વિચારશક્તિની વાત રહેતી નથી.

'**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.**' પોતાને તો-કહેનારને તો સ્વસન્મુખ જ્ઞાનમાં અનંત જાગૃતિનો પિંડલો, મૂર્તિ અનંત જાગૃતિની મૂર્તિ આત્મા પ્રત્યક્ષ છે. એટલે તો 'ધર્મદાસજી' એને સૂર્યની ઉપમા આપે છે. ચૈતન્યસૂર્ય, સમ્યગ્જ્ઞાનસૂર્ય, સ્વાનુભવસૂર્ય. સૂર્ય એ છે. સૂર્ય અને અમાવસ્યાનો અંધકાર. બે સામે સામે લીધું છે. એક બાજુ શુદ્ધ આત્મા, બીજી બાજુ એ સિવાયના દ્રવ્ય-ભાવ એટલે અમાસનો અંધકાર. ક્યારેય બે એક થાય નહિ. બેય ક્યારેય ભેગા થાય નહિ. સાથે દેખાય? અંધકાર અને સૂર્ય? ક્યારેય એને મેળ ખાય એવું, કોઈ અંશે મેળ ખાય એવું નથી.

આવી પોતાની હયાતીના વેદનમાંથી નીકળેલો વિષય છે. અવશ્ય પ્રાપ્ત થાય જ. આનો અનુભવ થાય જ. પ્રાપ્ત થાય એટલે અનુભવ થાય જ. અનુભવ નહિ થવાનો પ્રશ્ન રહેતો નથી. તારી રુચિને તપાસી લે. તને બીજું કાંઈ પોસાય છે કે તને આત્મા પોસાય છે? બાકી પ્રાપ્ત ન થાય એ પ્રશ્ન રહેતો નથી. એટલી વાત સ્પષ્ટ છે કે

જ્યાં સુધી બીજું પોસાય છે ત્યાં સુધી એને આત્મા પોસાતો નથી. આત્મા પોસાય છે એને બીજું પોસાતું નથી. એમાં કોઈ થાબડભાણા કરવાની વાત કરવાની નથી કે ના ના, ભાઈ! તમારી રુચિ બહુ સારી. રોજ સાંભળવા આવો છો ને. નિયમિત સાંભળવા આવો છે માટે તમારી રુચિ ઘણી સારી છે. એમ નથી. આત્મા પોસાય છે કે બીજું પોસાય છે? બસ! આ અંદર તપાસનો, અંતર શોધનો વિષય આત્માર્થી જીવનો છે. અને એ તપાસે એટલે સૂઝ ન પડે આ વિષયની, માર્ગની સૂઝ ન આવે એ વાત રહેતી નથી. એટલો પ્રત્યક્ષ સહજ અનંત પ્રત્યક્ષ...

... જેની સન્મુખ થયા વિના લોકાલોકની સન્મુખ થયા વિના, ત્રણ કાળની સન્મુખ થયા વિના એના પ્રતિબિંબ પડે એની સહજ સ્વરૂપ પ્રત્યક્ષતાનો વિષય શું કહેવો? કે એ વચનાતીત વિષય છે. એટલો બધો પ્રત્યક્ષ જીવ છે. એ ક્યાં જવાનો હતો? એને તો અનુભવ થાય જ. એમ પડખું ફરીને સન્મુખ થાય એની વાત છે. પીઠ ફેરવીને ઊભો રહે તો હજારો યોજનનો સમુદ્ર ન દેખાય. સમુદ્ર બાજુ પીઠ રાખે પછી કોઈ એમ કહે કે તમારી નજીક હજારો યોજનનો સમુદ્ર ઉછાળા મારે છે. ભાઈ! મને છાંટોય દેખાતી નથી. શું કહેશે? તમે એમ કહો છો કે અગાધ પાણીનો સમુદ્ર ઉછાળા મારે છે પણ મને એક છાંટો દેખાતો નથી. પીઠ ફેરવી સન્મુખ થાય તો ... કેવી રીતે એણે નાશ ન થઈ શકે એનો નાશ કલ્પ્યો? આ એક આશ્ચર્ય છે!

'શ્રીમદ્જી'એ એટલા માટે લીધું છે કે પ્રત્યક્ષ સત્પુરુષ મળે અને જીવનું કલ્યાણ ન થાય તો આ જગતમાં તે અગિયારમું આશ્ચર્ય છે. કેવી કેવી વાતો કરી છે! જુઓ! મિથ્યાત્વને તોડી નાખે એવી બધી વાતો છે. અગિયારમું આશ્ચર્ય છે. એ અગિયારમાં આશ્ચર્યમાં આપણે ઊભા રહેવું છે? કેમકે આ તો ન બની શકે એવી વાત છે.

મુમુક્ષુ :- આત્મા પોસાય છે એનું લક્ષણ શું? એક આત્મા પોસાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનું લક્ષણ કે બીજું એનો પોસાય નહિ એ એનું લક્ષણ છે. એ વાત સમજી શકે એટલી વાત છે કે પહેલા બીજું પોસાતું હતું અને હવે બીજું પોસાતું નથી. એ ફેર તો પડે છે કે નથી પડતા? એક ચીજ ભાવતી હતી અને અબખે પડી. માણસ શું કહે છે? અમારે ગુજરાતીમાં અબખે પડી એમ કહે છે. અબખે પડી એટલે એ ચીજની Allergy થઈ જાય. જોવે ત્યાં એને અરુચિ થઈ જાય. નથી ખાવી. એમાં શું થાય કે જે ચીજ બહુ ભાવે એટલે વધારે પડતી ખવાય જાય. એક માણસને અડદિયો બહુ ભાવે. શિયાળામાં બહુ સારું ઘી. ઊંચી Quality નું એકદમ, ગામ કરતા દસ રૂપિયા કીલો વધારે આપે. સારામાં સારો અડદિયો બનાવ્યો. પછી ખાધે રાખ્યો. થાય અપચો. ન પચે એટલે ઊલટી થાય. ઊલટી થાય એમાં એમ થાય કે હવે

અડદિયો કોઈ દિ' ખાવો નહિ. ભાળે ત્યાં એને ઓલી ઊલટીની અરુચિ છે ને એની Psychology ઉત્પન્ન થઈ જાય. અબખે પડે. જે ચીજ ભાવતી હોય એ અબખે પડે. એમ જે રાગ સુહાતો હોય, જે રાગની રુચિ હોય, જે અન્ય પદાર્થ, પર વિષયોની રુચિ હોય એની અરુચિ થાય એ કાંઈ ખબર ન પડે? પોસાતું નથી. આ પોસાય છે અને આ પોસાતું નથી.

કથનમાં રહેલું જે વાચ્ય છે, વચનમાં રહેલું જે વાચ્ય છે એ વાચ્યને જ્ઞાનગોચર કરે તો તત્ત્વની નજીકતા થઈ જાય એવા વચનો છે. અને એથી કરીને એ સત્શ્રુતનો મહિમા છે. જગતમાં જે દ્રવ્યશ્રુતનો પણ મહિમા છે એનું કારણ આ છે. કીધું ને 'રાજમલજી'એ કે કેવળજ્ઞાન અનુસારીણી વાણી છે તેથી તે પૂજ્ય છે. વાણી પણ પૂજ્ય છે. પોતે પ્રશ્ન ઉઠાવ્યો કે વાણી તો જડ છે ને? જડને કેમ નમસ્કાર કરીએ? પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવે. બીજો કળશ છે ને? 'સમયસાર'નો બીજો કળશ. કળશટીકા છે?

'**હવે જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે**?' એનું વાચ્ય એની પાછળ આવું છે. એટલે વાચ્ય પ્રત્યેના અત્યંત બહુમાનમાં, વાચ્ય પ્રત્યેના અત્યંત બહુમાનમાં વાચકને નમસ્કાર કરે છે. આ ભક્તિનો વિષય થઈ ગયો ને. કોઈ માપ નથી રહેતું પછી ત્યાં. જડ છે. તો કહે છે, જડ છે, ચેતન છે એ વાત જવા દો. એનું વાચ્ય છે એ ગજબનો વિષય છે. આ નથી બનતું? કોઈ રાજા હોય. સારા સમાચાર લાવે. મહારાજ! આપને ત્યાં ઘણા વર્ષે પુત્રરત્નનો જન્મ થયો છે. તો એને ખબર તો છે કે રાણી નવ મહિનાથી ગર્ભવતી છે. કાંઈપણ એને પુત્ર-પુત્રી આવશે એ તો એને ખબર છે. કાં પુત્રી હોય કે કાં પુત્ર હોય. બેમાંથી એકનો જન્મ થશે એ તો એને ખબર છે. પણ સમાચાર લાવનારને ગળામાંથી હાર કાઢીને આપી દે. એણે કાંઈ પુત્ર આપ્યો નથી. જે નોકર-ચાકર અનુચર હોય છે એણે કાંઈ એને પુત્ર આપ્યો છે? પણ એના સમાચાર આપ્યા એમાં આટલો રાજી થાય છે. થાય છે કે નહિ? આ આવી વાત છે. વાણીની વાત એવી છે.

'**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्**' એનો વિષય ચાલે છે. દિવ્યધ્વનિ કીધી છે. ભગવાનની અરિહંત પરમાત્માની વાણી તો દિવ્યધ્વનિ છે પણ એ દિવ્યધ્વનિનું વાચ્ય જે જે વાણીમાં છે એ બધી દિવ્યધ્વનિ છે. એમ લ્યે છે. આચાર્યોની વાણી હોય, સત્પુરુષની વાણી હોય. '**જે વાણીને નમસ્કાર કર્યા તે વાણી કેવી છે? સર્વજ્ઞ વીતરાગ...**' એટલે કે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત એવું જે આત્મસ્વરૂપ. કેવું? સર્વજ્ઞ વીતરાગ સ્વરૂપ. '**એવો છે આત્મા...**' તે જેના દ્વારા કહેવાય છે. આવી વાણી. એમ કહેવું છે. સર્વજ્ઞ વીતરાગપદને દર્શાવિનારી છે. એના સમાચાર લાવે છે વાણી. તું

સર્વજ્ઞ વીતરાગ છો એ સમાચાર આપ્યા એ વાણીએ. ઓલો અજાણ્યો હતો એને એમ જાણ થયું એમ! મારું આવું પદ છે! કહેનારને નમસ્કાર છે, વાણીને નમસ્કાર છે.

'**એવો છે આત્મા જેનો તે કહેવાય છે. તેનું સ્વરૂપ,...**' છે. '**प्रत्यगात्मनः पश्यन्ती**' અહીં તો '**पश्यन्ती**' શબ્દ લીધો છે. '**पश्यन्ती**' એને દેખાડનારી છે. તો દેખાડનારી છે એવો હળવો શબ્દ નથી લીધો. 'રાજમલજી' કહે છે કે એ તો એની અનુભવશીલ છે. વાણીમાં અનુભવ ભર્યો છે. સાધારણ વાણી નથી આ. જે વાણીમાં અનુભવ ભર્યો છે એ વાણીનો સ્વભાવ એવો છે કે જે અનુભવ કરાવે એવો એનો સ્વભાવ છે. અનુભવશીલી છે. આની સામે પોતે તર્ક ઉઠાવે છે. ટીકા કરે છે ને.

'**ભાવાર્થ આમ છે-કોઈ વિતર્ક કરે...**' એવો તર્ક કરે એમ નહિ, વિતર્ક કરે. ઊંધો તર્ક કરે. Cross examination. '**કે દિવ્યધ્વનિ તો પુદ્ગલાત્મક છે, અચેતન છે, અચેતનને નમસ્કાર નિષિદ્ધ છે.**' અમે તો આત્માને નમસ્કાર કરવાવાળા. અમે જડને નમસ્કાર કરીએ નહિ. શાસ્ત્રમાં વાત આવે કે નમસ્કાર કરવા યોગ્ય તો પોતાનો ચૈતન્યાત્મક આત્મા છે. જડ નમસ્કાર કરવા જેવા નથી. .. નમસ્કાર શાસ્ત્રની નિષિદ્ધ છે, નિષેધ કરેલો છે.

'**તેનું સમાધાન કરવા માટે...**' પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવીને સમાધાન આપે છે. '**કે તેનું સમાધાન કરવા માટે આ અર્થ કહ્યો કે...**' હવે એમાં રહસ્ય ખોલે છે. '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારીણી છે,...**' સર્વજ્ઞના સ્વરૂપને અનુસરીને નીકળેલી વાણી છે. શેમાં? કે આત્માનું સર્વજ્ઞ સ્વરૂપ દર્શાવવામાં આવે છે. ધન તો હતું પણ દર્શાવ્યું. આ એક હકીકત વચ્ચે ઊભી થઈ (કે) આખું જીવન પલટી ગયું. '**વાણી સર્વજ્ઞસ્વરૂપ-અનુસારીણી છે, એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' લ્યો, આ વાત નાખી છે એમણે. એવું માન્યા વિના પણ ચાલે નહિ. એ તો બહુ વિનય કરવામાં આવે છે. જિનવાણીનો અને શાસ્ત્રનો. દેવ-ગુરુ-શાસ્ત્ર એક Lineમાં મૂક્યા છે. વાણી તો પુદ્ગલાત્માક છે, અચેતન છે. પણ દેવ-ગુરુ તો અરૂપી આત્મતત્ત્વ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધો વચ્ચે એક વાણી ઊભી થાય છે. જે સમાચાર લઈને આવે છે કે આત્મા સર્વજ્ઞસ્વરૂપ છે. તો તને નમસ્કાર છે. એમ લીધું છે.

'**એવું માન્યા વિના પણ ચાલે નહિ.**' હવે એવું માન્યા વિના ચાલે નહિ એના ઉપર વિવરણ. એનું વિવરણ કરે છે. '**વાણી તો અચેતન છે.**' કહેનારને ખ્યાલ છે કે વાણી તો અચેતન છે. અચેતનને ચેતન માને છે કે ચેતનને અચેતન માને છે એ પ્રશ્ન અહીંયાં નથી. વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં છે એમ કહે છે. ભગવાનની ભક્તિ કરનારને

વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી. વળી સર્વજ્ઞ વીતરાગ તો રાગરહિત આત્મા છે. સર્વજ્ઞ વીતરાગ તો, મારું ભલું કરવું એવો રાગ અમને ક્યાંથી હોય? તોપણ એમ કહે કે આપ અમારા તારણહાર છો. આપ અમારા તારણહાર છો. એમાં તો એમ જ કહે. વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં રહે છે, નથી રહેતું એમ નથી. પણ છતાં ભક્તિ તો આમ જ આવે, બીજી રીતે આવે નહિ. એમ વાણી પુદ્ગલાત્મક છે, અચેતન છે એ બરાબર જ્ઞાનમાં છે. પણ અહીંયાં એ દ્રવ્યાનુયોગ સમજાવતા નથી. અહીં તો ભક્તિ કરવાની વાત છે ને. બહુમાનનો વિષય છે.

'**વાણી તો અચેતન છે. તેને સાંભળતા જીવાદિ પદાર્થનું સ્વરૂપજ્ઞાન જે પ્રકારે ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.**' લ્યો ઠીક! ગજબ વાત કરી છે! સર્વજ્ઞ સ્વરૂપ અનુસારીણી વાણી છે એવું માન્યા વિના ચાલે નહિ એનો આ ખુલાસો છે. જરા ઊંડી વાત કરી છે આમાં, હોં! એ વાણીને સાંભળતા જીવાદિ પદાર્થનું એટલે સ્વ-પર પદાર્થનું, નવે તત્ત્વનું એટલે કે સારા વિશ્વનું, નવ તત્ત્વની બહાર કોઈ વિશ્વનું તત્ત્વ નથી, સ્વરૂપ જ્ઞાન ઉપજે છે અને જે પ્રકારે એ સ્વરૂપનું જ્ઞાન ઊપજે છે તે પ્રકારને જોઈને, તે પ્રકારનો અનુભવ કરીને એ વાણીનું પૂજ્યપણું આવ્યા વિના રહેતું નથી. આમ વાત છે. કેમકે એ પ્રકાર કથનનો વિષય નથી. એ પ્રકાર છે તે કથનનો વિષય નથી.

જે પ્રકારે સ્વરૂપજ્ઞાન થાય છે, જે વાણી સાંભળતા જે પ્રકારે સ્વરૂપજ્ઞાન થાય છે એ પ્રકાર જોઈને એમ કહેવાય છે કે વાણી પૂજ્ય છે અને એમ કહેવું તે ઘટારત છે. એમ કહેવું ઘટે છે, એમ કહેવું તે યથાર્થ છે. બિલકુલ વિપર્યાસ એમાં છે નહિ. ભલે એ વાણી અચેતન છે અને એને નમસ્કાર કર્યા છે તોપણ એમાં વિપર્યાસ નથી. આ મોટી વાત છે. એમ કહે છે એમ કાઢીને વાત છે કે વાણી અચેતન છે અને અચેતનને નમસ્કાર નિષેધ છે શાસ્ત્રમાં. તો કહે છે, અહીંયાં એક અપવાદ છે. એ સિદ્ધાંતમાં અહીંયાં એક અપવાદ છે અને એ અપવાદ એટલો છે કે અનાદિનું પરિભ્રમણ કરનાર જીવને જે વાણીથી વાચક-વાચ્ય નિયોગ. 'સમયસાર'ના ઉદ્ઘાટનમાં પંડિત 'જયચંદ્રજી'એ આ એક પદ લખ્યું છે. વાચક-વાચ્ય નિયોગ. જે વાચક અને વાચ્યનો નિયોગ થાય છે કે તું આત્મા છો. તારી હયાતી જ્ઞાનસ્વભાવી તું આત્મા છો. એવી તારી જ્ઞાનમય સત્તા છે એ સાંભળીને જે જ્ઞાન બાજુ વળે છે. જે કદી પોતાના સ્વરૂપ પ્રત્યે વળ્યો નથી એ સ્વરૂપ સન્મુખ થાય છે. એ પ્રકારે જે સાંભળે છે.

એમ લીધું ને? જે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે તે પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું છે. તારું સ્વરૂપ જ્ઞાનસ્વભાવ, જ્ઞાનમયસત્તાધારી તું. ઉપયોગધારી,

ઉપયોગસ્વભાવી સદાય તું છો. અને જે સાંભળતા વળ્યો, તારો અત્યારનો ઉપયોગ પણ વાણીથી નથી, શાસ્ત્રથી નથી, નથી ગુરુથી નથી. હવે અહીંયાં એમ કહે છે કે જે વાણીમાં એમ કહ્યું કે તું જ્ઞાનસૂર્ય છો. તે વાણી એમ કહે છે કે તારું જે જ્ઞાનસૂર્યપણું છે એ આ વાણીને લીધે નથી, વાણીથી નથી. વાણીથી નથી, વાણીના કહેનાર ગુરુથી નથી, શાસ્ત્રથી નથી. તો એમ તું કહે છો તને નમસ્કાર કરીએ છીએ. એમ કહેનારને અમે નમસ્કાર કરીએ છીએ. એવી વાત લીધી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા વાણીને નમન. પ્રકરણ એ ચાલે છે. વાણીના નમસ્કારનું પ્રકરણ ચાલે છે. વિકલ્પ તો અહીંયાં ચાલ્યો છે આ શૈલીથી. જાગતો જીવ ઊભો છે ને. એવું શું વાણીમાં આવે છે? એવો શું વાણીનો પ્રકાર છે? કે જે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે એ પ્રકાર જોઈને. એટલે કે એની જે દિશાનો મોડ એક ઊભો થાય છે, દિશા પલટો ખાય છે. વાણી સાંભળે છે. વાણી એમ કહે છે કે જો તું જ્ઞાનસ્વરૂપ છો. આ વાણી સાંભળે છે એનાથી તારું જ્ઞાન થતું નથી. વાણી સાંભળતા-સાંભળતા વાણી એમ કહે છે કે તું મને સાંભળીશ તો એનાથી તારું જ્ઞાન થતું નથી. તારું જ્ઞાન સ્વયં થાય છે. અત્યારે તારું જ્ઞાન સ્વયં તારાથી થાય છે. જો જરાક એ બાજુ જો. દિશા ફેરવીને તારી સામે જો. ત્યારે દિશા જેની ફરી એણે એમ કહ્યું કે વાહ! તેં આ દિશા ફેરવવાની વાત કરી, ગજબ કરી છે તેં! એટલે એને નમસ્કાર કર્યો. ગંભીર વાત લીધી છે.

'જે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે તે જ પ્રકારે જાણવું કે વાણીનું પૂજ્યપણું પણ છે.' અહીં વિષયને છોડી દીધો છે પછી. પછી તો એ સર્વજ્ઞ વીતરાગ કેવા છે એ બધી વાત લીધી છે. આટલી વાત જરા મહત્ત્વની લીધી છે. કહી નથી શક્યા એટલે જે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે તે પ્રકાર. એમ લઈ લીધું છે. વાત મોભમ રાખી દીધી. પ્રશ્ન થવા યોગ્ય છે કે જે પ્રકારે સ્વરૂપજ્ઞાન ઊપજે છે એટલે એ પ્રકાર કેવો હશે? 'શ્રીમદ્જી' લઈ ગયાને 'સોભાગભાઈ'ને. શું કહ્યું હશે? .. બીજા ભાઈના નસીબ નહોતા સાથે. ડુંગરભાઈ હતા ને? એને કીધું હતું, તમે આવો સાથે તમારે આવવું હોય તો. વ્યવહારિક કારણ ગમે તે હતું. ખરે વખતે વ્યવહારિક કારણ આવીને ઊભું રહ્યું હશે. પોતાને એ જાતની તુલનાત્મક શક્તિ ન રહી. એટલે પ્રત્યક્ષ સમાગમ ગૌણ કર્યો. વિચક્ષણ હોત તો પકડત કે આ 'સોભાગભાઈ'ના છેલ્લા દા'ડા છે. હવે આ માંદગીમાંથી બેઠા થઈ શકે એવું છે નહિ. એમાં આ પથારીમાંથી ઊભા થઈ શકે એવું નથી એને અહીંથી સાયલાથી ઉપાડીને ઈડર સુધી ખેંચે છે. સામાન્ય બુદ્ધિના વ્યક્તિ

તો છે નહિ સામે. વ્યવહારનો વિનય-વિવેક ન હોય એવા સાધારણ બુદ્ધિવાળા તો નથી. કોઈ અસાધારણ બુદ્ધિ પ્રતિભા છે. એ લક્ષ ન ગયું. કાંઈક પ્રસંગ અસાધારણ છે. નહિતર Offer કરી.

'શ્રીમદ્‌જી'ના અનુયાયીઓમાં એક વિશેષતા હતી કે એમની આજ્ઞા હોય એ પ્રમાણે ચાલવું. સાથે આવવા માટે આજ્ઞા હોય તો આવવું. આજ્ઞા હોય તો આ ગ્રંથ વાંચવો, આપની આજ્ઞા હોય તો આ શાસ્ત્રનું અધ્યયન કરું. એમ પૂછાવી લે. જે નજીક પરિચયમાં હતા તે. સામેથી કહ્યું. તો કહે, મારે ફલાણું કામ છે. તબિયત પછી બરાબર ન હતી. એ નથી આવી શક્યા. એટલે એમાંથી વાત તો બીજી લેવી છે. પત્રમાં કોઈ વાત ખોલી નથી. બીજા હોત તો એ ખોલત વાત. અહીંયાં આટલી વાત ચાલી છે. જે પદ્ધતિથી, જે પ્રકારથી વાત ચાલી હતી, જે વિષય ચાલ્યો હતો એ આટલો ચાલ્યો હતો. જે પ્રકારે તે વાણી ચાલતા સ્વરૂપજ્ઞાન ઊપજ્યું. 'વવાણિયા'માં જોયું ને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહુ વિનય-ભક્તિનો પ્રકાર વિશેષ છે એમનો.

શું કહે છે? કે એવું વચનની અંદર પણ કોઈ કોઈ તો એક જ વચન એવા હોય છે કે સોંસરવટ નીકળી જાય. એના વાચ્યમાં જાય એટલે એનું તળિયું એને હાથમાં આવે. ભલે સ્વભાવ અગાધ છે, તળિયા વિનાનો છે, તોપણ મતિ-શ્રુતજ્ઞાન એનું તળિયું જોઈ લે છે. જે મતિ-શ્રુતજ્ઞાને એમ નક્કી કર્યું કે મારો જ્ઞાનસ્વભાવ પણ સીમા વગરનો છે, માપ વગરનો છે. જેની કોઈ હદ નથી એવું મારું સામર્થ્ય છે. એનું તળિયું લીધું ખેરખર તો. તળિયું નથી એનું પણ તળિયું એણે લીધું. જુઓ! કેવી વિશેષતા છે પદાર્થની! કેવળજ્ઞાન પાસે મતિ-શ્રુતજ્ઞાન અનંતમાં ભાગે અલ્પ છે. તોપણ એ મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનું માપ કાઢે છે. કેવળજ્ઞાન કેવું? અને કેવળજ્ઞાન જેમાંથી જન્મે છે એવા જ્ઞાનસ્વભાવની સર્વજ્ઞશક્તિનું સામર્થ્ય કેટલું?

'ગુરુદેવ' તો સીધું એમ જ કહે છે કે આ જે સ્વાનુભવ કર્યો એ સર્વજ્ઞશક્તિનો અનુભવ કર્યો છે. લીધું છે. 'દીપચંદજી'ના 'અનુભવપ્રકાશ'ના પ્રવચનમાં એ વિષય છે. સર્વજ્ઞશક્તિનો અનુભવ કર્યો છે એ સર્વજ્ઞશક્તિને સ્પર્શીને અનુભવ કર્યો છે. પછી એને સર્વજ્ઞપણું પ્રગટ ન થાય એ પ્રશ્ન ક્યાં રહે છે? એને અવશ્ય સર્વજ્ઞપણું પ્રગટ થશે. કેમકે એને તો અત્યારે સર્વજ્ઞપણાનો શક્તિપણે અનુભવ થયો કે મારું સર્વજ્ઞસ્વરૂપ શક્તિપણે કેવું છે. એ તો અનુભવમાં આવી ગયું. એવું જેની વાણીમાં આવે છે એવા મતિ-શ્રુતનું.. હોં! અહીં તો મતિ-શ્રુતનો વિષય આપણે ચાલુ છે.

નહિતર અલ્પતા છે, અનંતમા ભાગે. છતાં એટલું માપ લે છે. અનુભવ કરી લે છે. એ તો જ્ઞાન અનુભવ કરે છે. શ્રદ્ધા તો એનો કબજો લે છે એમ કહે છે.

'સોગાનીજી'એ શબ્દ કાઢ્યો કે શ્રદ્ધાએ તો સર્વજ્ઞ સ્વભાવનો અનંત શક્તિનો કબજો કરી લીધો. એના કબજામાં એ વસ્તુ આવી ગઈ હવે. હવે છટકવાનો પ્રશ્ન રહેતો નથી. એવું શ્રદ્ધાનું એકસાથે પૂરેપૂરું સામર્થ્ય બહાર આવે છે. અનંત શક્તિથી પરિણમે છે. ૩૦૬ બોલ થયો.

વિષય.. વિશેષ તો પછી 'ગુરુદેવ'ના પ્રવચનો ચાલી ગયા છે. ઘણું કરીને ત્રીજા ભાગમાં એ વિષય હોવો જોઈએ. ત્રીજા ભાગમાં એ વિષય હોવો જોઈએ. વિશેષ જોવું હોય તો એ પ્રવચનો જોઈ લેવા. પ્રસિદ્ધ થઈ ગયા છે. 'ગુરુદેવ'ને ખૂબ મહિમા આવ્યો છે. આ વચન ઉપર ઘણો મહિમા આવ્યો છે. 'ગુરુદેવે' લગભગ બધી વાતો, મહત્ત્વવાળી પ્રસિદ્ધ કરી કે આનું મહત્ત્વ છે, આ વાતનું મહત્ત્વ છે, આ શબ્દોનું, આ વચનોનું મહત્ત્વ છે. એ પછી એના ચાકળા પણ આપણે ત્યાં બનાવ્યા છે એનું કારણ એ છે કે 'ગુરુદેવે' મહત્ત્વ આપ્યું છે. સમજાય કે ન સમજાય પણ વાત કાંઈક વજનવાળી છે. એટલું તો માનવું પડે એમ છે. અહીં સુધી રાખીએ...

દઢ મોક્ષેચ્છા, એ રૂપ જે પાત્રતા, તે આવ્યા વિના જીવની પ્રવૃત્તિમાં, સમજણમાં યથાર્થતા-યથાર્થ દૃષ્ટિકોણ પ્રાપ્ત થતો નથી; અને તે થયા વિના આગળની કોઈ વાતની અપેક્ષા રાખવામાં આવે તો તે વ્યર્થ જ છે. એમ પ્રથમ ખચીત નિશ્ચય આવ્યા વિના 'સત્' પ્રાપ્તિ માટે 'કાલ્પનીક' ઉપાય જીવ કરવા લાગે છે. અનંત કાળમાં, અનંત ઉપાયો કર્યા, પરંતુ મૂળમાં / પાયામાં જે કરવા યોગ્ય હતું, તે વિના જ આગળની વાતો - તત્ત્વાભ્યાસ વગેરે કરતાં, માર્ગને બદલે ઉન્માર્ગ જ સધાયો. તેથી ઉપરનો કહેલો / આપેલો સત્પુરુષનો 'મંત્ર' સમજી, તેનું મૂલ્ય થવું ઘટે છે.

ઉપરોક્ત પાત્રતાવાન જીવ 'સજીવનમૂર્તિ'-સત્પુરુષને શોધે છે, અથવા ઓળખે છે, કે જેના વચનના બળે જીવ નિર્વાણમાર્ગને પામે છે.

('અનુભવસંજીવની' બોલ નં.૩૯૧)

તા. ૩-૨-૧૯૮૮, વચનામૃત-૩૦૩,૩૦૪
પ્રવચન નં. ૨૩૨

... સમ્યક્ શ્રદ્ધાન પરિણત જીવ એ સમ્યગ્દૃષ્ટિ છે. એને શ્રદ્ધાનમાં ત્રિકાળી અખંડ તત્ત્વનો આશ્રય છે. એ સિવાય શ્રદ્ધાનનો અથવા દૃષ્ટિનો વિષય બીજું કાંઈ નથી. મૂળ સ્વરૂપ, જીવનું જે મૂળ સ્વરૂપ અથવા અસલ સ્વરૂપ એનો પોતા સ્વરૂપે નિર્વિકલ્પ પ્રતીતિભાવે આશ્રયભાવ છે અથવા હુંપણાનો ભાવ છે. એવું દૃષ્ટિનું પરિણમન છે. અને એ પરિણમન અખંડ રહે છે. એ પરિણમનમાં ખંડખંડપણું થતું નથી. અથવા ક્યારેક થાય, ક્યારેક મટી જાય, ક્યારેક થાય, ક્યારેક મટી જાય એવું થતું નથી. અથવા દૃષ્ટિ અખંડ તત્ત્વ ઉપર પણ જાય, દૃષ્ટિ પર્યાય ઉપર પણ જાય, દૃષ્ટિ શુભરાગ ઉપર પણ જાય કે શ્રુતજ્ઞાનના નિમિત્તો દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર દૃષ્ટિ જાય એવું બનતું નથી.

દૃષ્ટિનું પરિણમન સમજાવવા ઉપલક્ષણથી અનેક પ્રકારના અનુભવી પુરુષોના વચનો હોય છે. ... 'સોગાનીજી'એ એક જગ્યાએ એવી રીતે વાત કરી છે કે ઉદયમાન પ્રસંગોમાં જે પાંચ ઇન્દ્રિયના ભોગવટારૂપ વિષયના પરિણામ છે, એ પરિણામની અંદર એને આનંદ અથવા સુખ છે તો દૃષ્ટિ વિપરીત છે-દૃષ્ટિ મિથ્યા છે. એમણે તો પ્રશ્ન લીધો છે કે તો દૃષ્ટિ સમ્યક્ કહાં રહી? ભોગોપભોગ કે પરિણામ મેં જીવકો સુખ, મજા, આનંદ ઐસા રહા તો દૃષ્ટિ સમ્યક્ કહાં રહી? એવી રીતે પ્રશ્નાર્થ કર્યો છે. એટલે સુખના પરિણામથી સુખાભાસ થયો. જ્ઞાન મિથ્યા થયું, જ્ઞાન મિથ્યા થયું તો એનું દર્શન અવશ્ય મિથ્યા હોય, હોય ને હોય જ. ત્યાં ઉપલક્ષણ લીધું. ત્યાંથી શું ગ્રહણ કરવું છે? કે જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એવા મુમુક્ષુજીવે ચેતવા જેવું એ છે.

વિવિધ પ્રકારના પાંચ ઇન્દ્રિયના વિષયો ઉદય(માન હોય), જેને જેવો ઉદય, ઉદય અનુસાર ઉદયમાન થાય છે ત્યારે પોતે સાવધાન છે કે નહિ? જો પોતે સાવધાન ન હોય તો એમાં એને સુખબુદ્ધિ પડી છે. તીવ્ર રસ આવ્યા વિના રહેશે નહિ. તો આ દૃષ્ટિની સાથે પણ આનો સંબંધ છે. દર્શનમોહ સાથે આનો સંબંધ છે. એવું જાણીને એ જાગૃત થાય ત્યાં એને તીવ્ર રસ પડે નહિ અને એ જ્ઞાન મલિન થતું અટકે. અને એ પોતાના રસ્તે આગળ જવાના પોતાના અવરોધક ભાવથી બચે. પોતાનો જ અવરોધક ભાવ છે. પોતાનો ભાવ જ પ્રતિબંધરૂપ થાય છે. એનાથી બચે. એમ અનેક પ્રકારે ભિન્ન-ભિન્ન રીતે દૃષ્ટિનું પરિણમન દર્શાવવામાં આવે છે.

'અખંડ પરથી દૃષ્ટિ છૂટી જાય તો સાધકપણું જ ન રહે. દૃષ્ટિ તો અંદર જ છે.' શુભભાવના કાળે, અશુભભાવના કાળે કે શુદ્ધભાવના કાળે સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો અખંડ ઉપર જ રહે છે, અંદર જ રહે છે. દૃષ્ટિ પોતાનું સ્થાન બદલતી નથી. સરખામણી એ લેવી છે કે ઉપયોગ છૂટે છે, અસ્થિરતા થાય છે એટલે ચારિત્રના પરિણમનમાં પણ રાગની ઉત્પત્તિ થાય છે. ઉપયોગ પણ શુદ્ધોપયોગ થયો છે તે શુભાશુભ ભાવ સાથે જોડાયને અશુદ્ધ ઉપયોગ થાય છે. ચારિત્રમાં રાગ થાય છે અને જ્ઞાનમાં અશુદ્ધ ઉપયોગ થાય છે. તોપણ દૃષ્ટિ પોતાનું સ્થાન છોડતી નથી. જે સ્વસ્થાન એણે ગ્રહણ કર્યું એ સ્વસ્થાન પછી એ કદી છોડતી નથી. દૃષ્ટિનો મહિમા કરવાનું આ એક વિશિષ્ટ કારણ છે. ક્યાંક જ્ઞાનની પ્રધાનતા, ક્યાંક દૃષ્ટિની પ્રધાનતા કરવામાં આવે છે. ખરેખર બેમાં કોણ પ્રધાન? પણ પોતપોતાના સ્વભાવ વિશેષને લીધે એની પ્રધાનતા કરવામાં આવે છે. તો જેનો જે સ્વભાવ વિશેષ છે એવો બીજાનો નથી. એટલે તો એનો એ ચોક્કસ ગુણ એના લક્ષણથી, સ્વભાવના લક્ષણથી જુદો પાડીને સમજવામાં આવે છે.

આ એક દૃષ્ટિનો સ્વભાવ છે કે ઉપયોગ ફરે, ચારિત્રમાં અશુદ્ધતા થાય પણ દૃષ્ટિમાં કાંઈ ફેરફાર થાય નહિ. પછી એ દૃષ્ટિ તિર્યંચને થઈ હોય કે મનુષ્યને થઈ હોય કે નારકીને થઈ હોય કે ચાર ગતિમાં કોઈને પણ (પ્રાપ્ત થઈ હોય), સિદ્ધપદ પ્રાપ્ત થાય ત્યાં સુધી એ એમ ને એમ જ રહે. પછી એ ફરવાનો તો પ્રશ્ન છે નહિ. પૂરી સાધકદશામાં ક્યાંય દૃષ્ટિ ફરતી નથી.

દૃષ્ટિનું પ્રાધાન્ય બતાવવા એમ પણ કહેવાય કે ભલે ઉપયોગ પરમાં જાય છે પણ દૃષ્ટિ સમ્યક્ હોવાને લીધે એનું જ્ઞાન સમ્યક્ છે એમ કહેવાય. દૃષ્ટિપૂર્વક ઉઘડેલું જ્ઞાન છે એ જ્ઞાન સમ્યક્ છે. અથવા શાસ્ત્રમાં ઉપયોગ જાય છે તો દૃષ્ટિપૂર્વક ઉઘડેલું જ્ઞાન છે. ભલે લખનાર તો ભૂતકાળમાં થઈ ગયા પૂર્વાચાર્યો વગેરે તોપણ એના અભિપ્રાયને બરાબર માપી લે છે અથવા કથનની મર્યાદાને, કથનની અપેક્ષાઓને એ બરાબર સમજી શકે છે. કેમકે ક્યાંય પણ પોતાનું હિત દુભાય નહિ, ન્યાય દુભાય નહિ એનો અર્થ એ છે. ક્યાંય પણ ન્યાય દુભાય નહિ. નય દુભાય નહિ. કોઈ નય દુભાય નહિ. ન્યાય દુભાય નહિ. એટલે કે પોતાનું હિત ક્યાંય પણ અહિતરૂપ થાય નહિ. એવું જ્ઞાનની અંદર એક વિચક્ષણપણું પ્રગટ થાય છે. અને એમાં પણ દૃષ્ટિની મુખ્યતા કરવામાં આવે છે.

'દૃષ્ટિ તો અંદર છે. ચારિત્રમાં અપૂર્ણતા છે.' ચારિત્રમાં અપૂર્ણતા છે તેથી **'તે બહાર ઊભેલો દેખાય પણ દૃષ્ટિ તો સ્વમાં જ છે.'** ચારિત્રની અપૂર્ણતા અથવા તો

ચતુર્થ ગુણસ્થાને બહુ જઘન્ય ચારિત્ર છે. અપૂર્ણ છે એટલું જ નહિ અત્યંત જઘન્ય ચારિત્ર છે. બહુ અલ્પ સ્થિરતા છે. પૂર્ણ સ્થિરતાની અપેક્ષાએ તો ઘણી અલ્પ સ્થિરતા છે, એકદમ અલ્પ સ્થિરતા છે. તોપણ દૃષ્ટિ પૂરેપૂરી સ્વમાં છે. દૃષ્ટિમાં અલ્પતા, અલ્પ-બહુત્વનું પરિણમન દૃષ્ટિમાં આવતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નથી પકડાતું. કરવી સહેલી નથી. અથવા એ સામાને નથી પકડાતી. પણ સમ્યગ્દૃષ્ટિને ધર્મ છે. એ ધર્મી છે અથવા ધર્માત્મા છે તો ધર્મની પરિભાષા શું કરી? ધર્મ એટલે મોક્ષમાર્ગ. સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી છે કે સંસારમાર્ગી છે? સીધો પ્રશ્ન કર્યો. કે મોક્ષમાર્ગ છે એને. મોક્ષમાર્ગની પરિભાષા? કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગઃ. એમ લીધું કે સમ્યગ્દર્શનજ્ઞાન મોક્ષમાર્ગઃ એમ લીધું છે? સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી કરીને એક વચન કર્યું છે. 'શ્રીમદ્‌જી'એ મૂળમાર્ગ ગાયો છે. 'દર્શનજ્ઞાનચારિત્રની એકતા રે, એકપણે અને અવિરૂદ્ધ'. અવિરૂદ્ધ એટલા માટે (કે) ઉપયોગ બહાર જાય છે એ ચારિત્ર નથી, રાગ થાય છે એ ચારિત્ર નથી. પણ શ્રદ્ધાનને જેમ સ્વ તત્ત્વનો આશ્રય છે, એમ જ્ઞાનની પરિણતિને પણ ઉપયોગ ન હોય તોપણ ત્યારે પણ સ્વ તત્ત્વનો આશ્રય છે અને ચારિત્રની પરિણતિને પણ રાગ ઉત્પન્ન થાય છે ત્યારે સ્વ તત્ત્વનો આશ્રય છે. એટલે ત્રણે એક રહે છે. ત્રણે અવિરૂદ્ધ એટલે અરસપરસ વિરોધ કરતા નથી. અવિરોધપણે કામ કરે છે. ત્રણે એકનો જ આશ્રય કરે છે મૂળ તત્ત્વનો, પરમ તત્ત્વનો. અને ખરેખર તો એટલો જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. નિશ્ચયમોક્ષમાર્ગ તો એટલો જ છે.

મુમુક્ષુ :- પણ નિરંતર હોય ને?

પૂજ્ય ભાઈશ્રી :- નિરંતર હોય છે. જેમ દૃષ્ટિ નિરંતર, એમ જ્ઞાનની પરિણતિ નિરંતર, એમ ચારિત્રની પરિણતિ નિરંતર, એમ સુખની પરિણતિ નિરંતર, પુરુષાર્થની પણ પરિણતિ નિરંતર. એમાં પુરુષાર્થ પણ છે. સર્વ ગુણાંશ છે. આ તો પાંચ મુખ્ય ગુણ છે જે સમજી શકાય એવા છે. ભલે એ પાંચ મુખ્ય ગુણ છે કે જેને પ્રયોજનથી સમજવામાં જેનું સ્વરૂપ વિચારવામાં આવે છે. બાકી તો અનંત ગુણની પરિણતિ છે. જે શુદ્ધ પરિણતિ છે એ તો અનંત ગુણની પરિણતિ છે.

મુમુક્ષુ :- પાંચેય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં કોઈપણ એક બાદ હોય એ કેવી રીતે બને? તો તો ટૂકડો થઈ જાય. વસ્તુની અભેદતા અને અખંડતા રહેતી નથી. વસ્તુ વસ્તુપણે અભેદ હોવાથી ભલે ગુણોની સ્વતંત્રતા હોવા છતાં પણ આ રીતે અભેદતાને લઈને બધું

કથન .. થાય છે. અભેદ ભાવે.

મુમુક્ષુ :- ... સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. સમ્યગ્જ્ઞાન પણ છે, સમ્યક્ચારિત્ર પણ છે. આત્માની શાંતિ અને સુખ પણ છે અને આત્માને અનુસરીને પુરુષાર્થ પણ છે. અને અનંતે અનંત ... આના તો પ્રયોજન છે. ચારિત્ર છે પણ ચારિત્ર અપૂર્ણ છે.

મુમુક્ષુ :- નથી એમ ન લીધું. અપૂર્ણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અપૂર્ણ છે. નથી એમ ક્યાં વાત છે? ચારિત્ર નથી એમ કહે છે? ચારિત્ર અપૂર્ણ છે. દૃષ્ટિ? તો દૃષ્ટિ અપૂર્ણ નથી, દૃષ્ટિ પૂર્ણ છે. પૂર્ણની દૃષ્ટિ અને પૂર્ણ દૃષ્ટિ છે. દૃષ્ટિમાં અપૂર્ણતા થતી નથી. આ એક એની પોતાની ગુણના પરિણમનની ખાસિયત છે, સ્વભાવ છે અથવા વિશિષ્ટતા છે કે પૂરી જ પરિણમે, અધૂરી પરિણમવાનો એને પ્રશ્ન નથી. અને એની શક્તિ કેટલી છે? એક ગુણની અનંત શક્તિ છે. બહારમાં કોઈ દ્રવ્ય કે ભાવ એને ફેરવવા સમર્થ નથી. ઉપસર્ગ, પરિષહ, વજ્રપાત બધું જે કાંઈ ઉથલ-પાથલ કહેવામાં આવે એ સમજાવવા માટેની વાત છે. પણ એનાથી કાંઈ એના દૃષ્ટિના બળનું માપ કઢાય છે, માપ નીકળે છે એવું છે નહિ. એ બધા પ્રસંગો મપાય જાય છે એમાં, દૃષ્ટિ મપાતી નથી. એ તો કીધું ને ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ દૃષ્ટિ ન ફરે. હમણાં જ આવી ગયું.

૨૯૮. '**જ્ઞાની જીવ નિઃશંક તો એટલો હોય કે આખું બ્રહ્માંડ ફરે તોપણ પોતે ફરે નહિ;...**' હવે અંદરમાં આવી જેને દૃષ્ટિ કામ કરે છે વીતરાગ દૃષ્ટિ, પૂર્ણ દૃષ્ટિ, અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનને જેવી દૃષ્ટિ છે એવી દૃષ્ટિ અંદરમાં આટલા બળવાનપણા સહિત કામ કરે છે એને શંકા શેની પડે? કોની શંકા પડે? કેવી રીતે શંકા પડે? શંકા પડવાનો પ્રશ્ન રહેતો નથી. આવો ઉદય આવી ગયો માટે દૃષ્ટિ બદલાઈ ગઈ હશે? એ પ્રશ્ન એને પોતાને શંકા પડતી નથી. .. પ્રસંગો આવે છે. પુરાણની અંદર પણ અનેક પ્રસંગો આવે છે. ભરત-બાહુબલીના આવ્યા. રામચંદ્રજીનું દૃષ્ટાંત આવે. અનેક ચિત્ર-વિચિત્ર પ્રકારના. એવો વિભાવ થયો માટે શું દૃષ્ટિ ત્યાં ફરી ગઈ હશે? છ મહિના સુધી લક્ષ્મણનું-વાસુદેવનું કલેવર રાખે છે. ખબર નથી કે આ હવે (છે નહિ). મૂર્છા ખાધી હશે, મૂર્છા આવી ગઈ છે, બીજું કાંઈ નથી. મને મૂકીને મારો ભાઈ જાય નહિ ક્યાંય. અનુરાગ હોય છે. આટલો રાગ! આટલો તીવ્ર વિભાવ!

મુમુક્ષુ :- સામાન્ય જનમાં પણ ન હોય આવું.

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્યમાં તો ભાઈઓ-ભાઈઓ લડતા હોય છે. એ તો પ્રશ્ન જ નથી. પણ અનુરાગ હોય તો આટલો ન હોય. વાસુદેવ (જેટલો) કોઈને હોતો

નથી. તોપણ એવી શંકા નથી પડતી કે દષ્ટિ ફરી જાશે તો? એક શુદ્ધાત્મા ઉપાદેય છે એ દષ્ટિ ક્યારેય બદલાતી નથી. ઊંડાણની વાત છે. અંદરની વાત .. બહારની વાત નથી. એને તીવ્ર કષાય કહેવાય. કષાય તીવ્ર કહેવાય. પણ છતાં મંદ કષાય છે. કેમકે રસ નથી. આમ રસ છે અને રસ નથી, બેય છે. .. તીવ્રતા આવી એટલો તો રસ છે. પણ પોતાનું સ્વસ્થાન છોડીને, હુંપણું થઈને જે રસ આવે એવો આવતો નથી. મારો ભાઈ એમ કહે અને છતાં અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં એમ રહે કે મારો નહિ. નોકર જેવું છે. નોકર શેઠનું દાઝે તો એમ કહે કે એવી રીતે હું મારું નુકસાન સહન કરીશ નહિ. એમ કહે. પણ અંદર જાણે કે મારું નહિ શેઠનું. બોલે એમ કે મારું નુકસાન, હું સહન કરવા નથી. અંદર ખબર છે કે મારું નથી પણ શેઠનું છે. જગતના પણ પ્રસંગોમાં અંદર-બહારનો વિષય જુદો જુદો સમજાય એવો છે.

મુમુક્ષુ :- જેનો આધાર લીધો છે એ તો એને સતત અનુભવમાં આવી જ રહ્યો છે...

પૂજ્ય ભાઈશ્રી :- નિઃશંકતાનો બોલ છે ને. ૨૯૮માં નિઃશંકતાનો બોલ છે. વિભાવના ગમે તેટલા ઉદય આવે. દષ્ટિથી ચલિત, મોક્ષમાર્ગથી ચલિત થઈ જાય (એવું બનતું નથી). દષ્ટિથી ચલિત ન થાય એટલે અનંત ગુણની પરિણતિથી પણ ચલિત ન થાય. એમ લેવું છે. ... અહીંયાં પણ પરિણતિ ક્યાં ચલિત થાય છે? શ્રીગુરુ એમ કહે છે, જ્ઞાનીઓ પોકારી-પોકારીને એમ કહે કે ભાઈ! તું પરમેશ્વર છો, તું પરમાત્મા છો. હું માણસ છું એ પરિણતિ ક્યાં બદલે છે? એકવાર સાંભળ્યું, બે વાર સાંભળ્યું, હજાર વાર સાંભળ્યું. હું ફલાણો-ફલાણો છું એ પરિણતિ બદલે છે? નહિતર બદલવા માટે સાંભળે છે. હેતુ બદલવાનો છે કે હું ભૂલવા માગુ છું કે હું મનુષ્યગતિના ઉદયમાં છું, હું ભૂલવા માગું છું. બધું ભૂલીને હું એક આત્મા છું એવા હેતુથી આત્માના સ્વરૂપને સાંભળે તોપણ પરિણતિ બદલતી નથી. એટલી તો દઢ થઈ ગયેલી પરિણિ છે. જેટલા બળથી એ પરિણતિ દઢ થઈ છે એ પરિણતિને તોડી છે કોણે? કે એથી વિશેષ બળવાનપણું લાવીને એ પરિણતિ તૂટી છે. હિસાબ-કિતાબનો વિષય લઈએ તો. જે અનાદિની પરિણતિ થઈ છે, તોડી તૂટતી નથી એને તોડી તો ખરી. પરિણતિ કોને થઈ છે? કે એને તોડી એની પરિણતિ થઈ. એથી વિશેષ બળવાનપણું આવતાં એ પરિણતિ તૂટી છે. પછી કેમ ફરે? પછી વિભાવ આવતા એ પરિણતિ બદલાતી નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- વિશેષ બળવાનપણું?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ત્રાજવાના પલ્લા જેવું છે. આનું બળ કરતા આનું બળ

વધે ત્યારે આનું બળ તૂટે.

મુમુક્ષુ :- (બળ) કેમ લાવવું?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાનું સ્વરૂપ જોઈને લાવવું. બળ તો સ્વરૂપને જોતા આવશે, બીજી રીતે બળ આવશે નહિ. પોતાની મૂડી જોવે તો બળ આવે કે ઓહો..! આવો છું, આટલો મહાન છું. બળ .. જાય છે. લાવવું પડતું નથી, થઈ જ જાય છે. દ્રવ્ય એટલું સામર્થ્યવાન છે કે પર્યાય સન્મુખ થાય ત્યાં બળવાન થવા લાગે છે. સન્મુખ થતાં. એને ક્યાંય અડવું પડતું નથી એકબીજાને. સન્મુખ થનારને એટલું બળ આપોઆપ ઊપજે છે.

'ચારિત્રમાં અપૂર્ણતા છે. તે બહાર ઊભેલો દેખાય પણ...' બીજા જેમ બહાર ઉભેલા દેખાય છે એમ જોવા જેવું નથી. કોઈ હસવાનો પ્રસંગ હોય અને બધા હસે. બીજા તો ખસે છે અંદરથી. અંદરથી ખસીને એકાકાર થઈને હસે છે. આ ખસતા નથી. અંતર પરિણતિની ઓળખાણ વિના એને એ વાત સમજાતી નથી. એ શું છે? અને જ્ઞાન-ચારિત્રની ગુણસ્થાન અનુસાર એની હદ કેટલી? મર્યાદા કેટલી? એ એને અવલોકનથી સમજાવી જોઈએ. અહીંથી તો આ ધારણા કરી લે. પણ એમાં બળ હોતું નથી. એટલે એમ કહ્યું કે જ્ઞાની છે એમ નિર્ણય થવો એક વાત છે અને એ નિર્ણયમાં ટકવું તે બીજી વાત છે. કેમકે કોઈ એવો ઉદય જોવે તો એને પાછી શંકા પડે કે આટલો બધો વિભાવ થયો. દૃષ્ટિ રહી હશે કે નહિ રહી હોય? છ મહિના મડદું ઉપાડ્યું. હવે દૃષ્ટિ રહી હશે કે નહિ રહી હોય? છ મહિના શું, પ્રશ્ન ત્યાં ઉપસ્થિત થતો નથી. ૩૦૩ થયો.

૩૦૩ થયો.

ભગવાનનાં પ્રતિમા જોતા એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે! કેવા સમાઈ ગયા છે! ચૈતન્યનું પ્રતિબિંબ છે! તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે. ૩૦૪.

૩૦૪. ભગવાનના પ્રતિમાના દર્શનથી, દર્શનના નિમિત્તથી જે આત્મસ્વરૂપનો મહિમા ઉત્પન્ન થાય છે, એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધે સ્વભાવભાવનો આવિર્ભાવ થવાનું એ કારણ છે. એ વિષય બહુ સારી રીતે લીધો છે. **'ભગવાનનાં પ્રતિમા જોતાં**

એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે!' સ્વરૂપમાં નિરવશેષપણે ડૂબેલા છે. એવા જે પરમાત્માની પ્રતિમાને સાક્ષાત્ પરમાત્મારૂપે જોવામાં આવે છે. એટલે એ વિધિ કરેલી છે. પ્રાણપ્રતિષ્ઠા કહેવાય છે. પ્રતિષ્ઠાને શું કહેવાય છે? જીવંત. પ્રાણ એટલે જીવંત. એ જીવંત છે. '**ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા ઠરી ગયા છે!**' તેમની પરિપૂર્ણ સ્થિરતા, સ્વરૂપની સ્થિરતા એમની પરિપૂર્ણ વ્યકત થતી જે વીતરાગી શાંતિ, વીતરાગતા અને એમનું જે પૂર્ણ સ્વસંવેદન અને સંપૂર્ણ અંતર્મુખપણું એ બધા ભાવો પ્રતિમાની અંદર સારી રીતે પ્રસિદ્ધ થાય છે.

માત્ર રૂઢિગતપણે નમસ્કાર કે વંદન કરવાનો એ વિષય નથી. ભગવાનના પ્રતિમા ... વંદન-નમસ્કાર કરવામાં આવે છે. સંપ્રદાયની અંદર તો નિયમ લે છે કે દર્શન કરવા જ. દર્શન કરીને જ ખાવું-પીવું. એ પહેલા ખાવું-પીવું નહિ. એ રૂઢિગતપણે એક નક્કી કર્યું છે એટલે યાંત્રિક ક્રિયા થઈ જાય, યંત્રવત્. ચાલો આ માથુ નમાવ્યું ને આ ભાગ્યા. એમાં આત્મસ્વરૂપ વ્યકત થાય છે. જેવો આત્મસ્વભાવ છે, જેવો દ્રવ્ય સ્વભાવ છે એ આ જીવને અનાદિથી રહસ્યનો વિષય રહ્યો છે ખરેખર તો. અજાણ્યો રહ્યો છે એનું કારણ છે કે એ રહસ્યનો વિષય રહ્યો છે અને જે જ્ઞાનીઓના હૃદયની ચીજ છે. સ્વભાવ એટલે જ્ઞાનીઓના હૃદયની ચીજ છે. કહેવાની ઈચ્છા થાય તો કહી શકતા નથી. એને આ જિનપ્રતિમા સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રસિદ્ધ કરીને દર્શાવે છે. .. એટલી વિશિષ્ટતા છે.

બિલાડીના ચટ્ટાપટ્ટાનું વર્ણન કરવું અને આ બિલાડી છે એમ દેખાડવું એ બિલાડીનું Practical જ્ઞાન થયું. ઓલું શબ્દાત્મક જ્ઞાન છે. એમાં કદાચ કલ્પના પણ થાય. વચન વાંચતા, શાસ્ત્ર વચન વાંચતા સ્વભાવ સંબંધીની કલ્પના પણ થાય કે આવો સ્વભાવ હશે! તો આવો સ્વભાવ હશે! અને કલ્પનાતીત સ્વભાવ છે, વિકલ્પાતીત સ્વભાવ છે એટલે એના વિકલ્પમાં અને કલ્પનામાં તો આવતો નથી. છતાં કલ્પના કરી જાય છે. એવું દૂષણ ન રહે અને એ પ્રકારનો વિપર્યાસ ન રહે એવી કોઈ જગ્યા હોય તો એ જિનેન્દ્ર પ્રતિમા છે.

'**ભગવાનનાં પ્રતિમા જોતાં એમ થાય કે અહો! ભગવાન કેવા સમાઈ ગયા છે!**' અંતર્મુખ થઈને કેવા સમાઈ ગયા છે! કેવા ડૂબી ગયા છે! આ તો '**નિજ ચૈતન્યનું પ્રતિબિંબ છે!**' આમ સીધું પછી અનુસંધાન એ લાગે છે. ચૈતન્યનું પ્રતિબિંબ છે એટલે નિજ ચૈતન્યનું આ પ્રતિબિંબ છે. મારું જ પ્રતિબિંબ છે, મારી જ પ્રતિકૃતિ છે. આવી જ અંદરમાં મૂર્તિ છે. જેવી ભગવાનની મૂર્તિ છે એમ બિલકુલ ઠીક એવી જ મારી મૂર્તિ છે. અંદરમાં અરૂપી ચૈતન્યની આ જ મૂર્તિ છે. આવો જ સ્વભાવ છે.

કિંચિત્માત્ર એમાં ફેર નથી. ફેરફાર વગરનો આવો છું. એમ ચૈતન્યનું પ્રતિબિંબ છે એટલે સ્વ ચૈતન્યનું, નિજ ચૈતન્યનું એ પ્રતિબિંબ છે.

'**તું આવો જ છો.**' પોતે. તું એટલે પોતે જ. પોતે પોતાને કહે છે કે તું આવો જ છો. એમ સીધુ આવિર્ભાવ થવાનું એ નિમિત્ત છે. દર્શન છે એ આવિર્ભાવ થવાનું નિમિત્ત છે. બાકી તો ... જ્ઞાનીઓએ... આમાં ભગવાનને જોવે છે તું. તું પોતે ભગવાન છો. સૂર્ય બીજા સૂર્યને જોવા નીકળે? અને સૂર્ય પોતાને જોવા નીકળે? આ તે કઈ જાતની વાત છે! બેય વાત લીધી છે. બીજા સૂર્યને સૂર્ય ગોતવા નીકળે કે અરે..રે..! જગતમાં અંધારું છે સૂરજ ક્યાંય દેખાય તો સારું. પ્રકાશ થાય. સૂર્ય પોતે ન .. ન તો સૂર્ય બીજા સૂર્યને શોધવા નીકળે, ન તો સૂર્ય પોતાના પ્રકાશને શોધવા નીકળે. કેટલીક વાતો તો બહુ ... મારીને કરી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમને ક્યાંથી પ્રકાશ થયો? એ શબ્દ .. શોધ ચાલતી હતી. ... કે છે શોધક જીવ. આ શોધી રહ્યો છે પણ આને ગુરુગમ મળતી નથી. એટલું જ એને બાકી હતું. બાકી કાંઈ બાકી નહોતું. 'દેખનેવાલે કો નહીં દેખતા હૈ, તુ અંધા હૈ.' સિદ્ધ ભગવાનના દર્શન કરવા છે પણ તું જ સિદ્ધ છો. બહાર ક્યાં ભગવાનના દર્શન છે. ત્યાં ... આખો તબક્કો જુદો છે.

અહીંયાં તો સ્મરણ થાય, ઓળખાણ થાય, ભાવ ભાસે અને વિશેષ ભાવનો આવિર્ભાવ થાય. એવો પ્રકાર જોઈને જેવો ભગવાનનો મહિમા આવે છે એવો જ એને પોતાના સ્વરૂપનો નિજ ભગવાનનો મહિમા આવવો જોઈએ. એમ લેવું છે. સરવાળે એમ લેવું છે. એને ભગવાનનો મહિમા આવે છે. ભગવાનનો તો મહિમા આવે જ ને. તો કહે એવો જ તું છો. તને તારો મહિમા આવવો જોઈએ.

'**તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો,...**' જેમ એ પરિપૂર્ણ પવિત્ર છે, નિષ્કલંક દશાએ બિરાજમાન છે. બસ! તારું સ્વરૂપ પણ એવું જ અંદરમાં નિષ્કલંક છે. ક્યાંય પણ ડાઘનો અંદર પ્રવેશ થાય એવું તારું સ્વરૂપ નથી. '**તું આવો જ છો. જેવા ભગવાન પવિત્ર છે, તેવો જ તું પવિત્ર છો, નિષ્ક્રિય છો,...**' રાગ કર એવો તું નથી. બે રીતે નિષ્ક્રિય કહેવાય છે. આમ તો ત્રણ પ્રકારે કહેવાય છે. કોઈ જડની ક્રિયા કરી શકતો નહિ હોવાથી આત્મા નિષ્ક્રિય છે. અને સ્વભાવે કરીને રાગની ક્રિયા નહિ કરી શકતો હોવાથી આત્મા નિષ્ક્રિય છે. અને એક સમયના બંધ-મોક્ષના પરિણામની ક્રિયાના અભાવસ્વરૂપે હોવાથી પણ આત્મા નિષ્ક્રિય છે. ત્રણે ... લાગુ કરવામાં આવે છે.

'નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો.' જીવ વિકલ્પને જ સર્વસ્વ માનીને અથવા આત્મા માનીને, વિકલ્પમયપણે જે પરિણમન ચાલી રહ્યું છે એની સામે સીધું કહે છે કે તું નિર્વિકલ્પ છો. વિકલ્પની ગંધ પણ તારા સ્વરૂપમાં નથી. એવો તું નિષ્ક્રિય છો, નિર્વિકલ્પ છો. આવું તારુ મહાન સ્વરૂપ છે. તારી મહાનતા કોઈથી માપી જાય એવી નથી. એટલું મહાન છે. અનંત મહાન છે. બેહદ! મહાનતા પણ તારી બેહદ છે, પ્રભુતા પણ તારી બેહદ છે!!

'ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.' બધું પાણી ભરે છે એટલે જેમ કોઈ ચાકરી કરે છે. નોકર-ચાકર પાણી ભરી દે ને. પાણીનો ગ્લાસ આપો. એમ. તુચ્છ છે. આ હલકા કામની નોકરી હોય તો શું કહે? એય..! પાણી લઈ આવ, ચા લઈ આવ, ફલાણું કરી આવ. શું કહે છે? એને કાંઈ બીજું નીચેમાં નીચું એથી કામ કાંઈ હોતું નથી નોકરને. ચૈતન્યની પાસે બધું હેઠ છે. કોઈ પોતાના નિજ ચૈતન્યથી ઉત્કૃષ્ટ નથી. એટલે કયાંય અધિકાઈ આપીને જીવ રોકાય એ કરવા યોગ્ય નથી.

એકવાર ચર્ચામાં એ વાત લીધી હતી. થોડી ચાલી ગઈ હતી. પ્રત્યક્ષ-પરોક્ષ સત્સમાગમનો શું લાભ છે? પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય, સત્પુરુષ હોય તો જીવ કયાં રોકાય છે એનો પોતાને ખ્યાલ મળે. રોકાય જાય છે કયાંય ને કયાંય. કયાંય પોતાના ચૈતન્યની મુખ્યતા છૂટે નહિ. એ વાત સતત રીતે આવે છે. સત્પુરુષને પોતાને પોતાનું સ્વચૈતન્ય મુખ્ય હોવાથી એ વાત વારંવાર આવે છે. તો એના ઉપરથી જે પોતે પકડવા માગે છે એને ખ્યાલ આવે છે કે આ વારંવાર આમ કહે છે. પોતે રોકાય છે એનો એને ખ્યાલ આવે છે. નહિતર રોકાય જાય તો એને ખ્યાલ આવે નહિ. એને એમ થાય કે હું પણ આમ જ કરું છું ને. આમ જ ... કરું છું. દેવ-ગુરુ-શાસ્ત્રના .. અનેક કાર્ય હું કરું છું. પણ એમાં આ તો મૂળ તો એક જ વાત છે ને. પણ પોતાના સ્વચૈતન્યને છોડીને રોકાય જાય છે એ વાત સત્સમાગમ વિના એને પકડાતી નથી. એટલે બધું તુચ્છ લઈ લીધું. ચૈતન્યની પાસે, નિજ ચૈતન્યની મહાનતા પાસે કોઈ મહાન નથી. કોઈ મહાન તો નથી પણ બધું તુચ્છ છે. એવી રીતે એને કયાંય અધિકાઈ આપવી જોઈએ નહિ. પોતાના સ્વચૈતન્ય સિવાય કયાંય અધિકાઈ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખું દેખાય. ઉપરથી તો નીચેનું બધું ચોખ્ખું દેખાય જ ને. સીધી વાત છે. કોઈ ટેકરી ઉપર ઊભો હોય અને પેલો માણસ ચાલતો-ચાલતો અહીંયાં પહોંચ્યો... હવે અહીંયાં પહોંચ્યો... હવે અહીંયાં પહોંચ્યો... એમ દેખાય છે

કે નહિ? કેડીએથી-માર્ગથી ચાલ્યો આવતો હોય તો એ કેટલો નજીક આવ્યો, કેટલો દૂર રહ્યો. નજીક આવવા છતાં કેટલો દૂર રહ્યો એ બધું ચોખ્ખું દેખાય. એમ જ્ઞાનીના સંગમાં રહેલ મુમુક્ષુ કેટલું ચાલ્યો? કેટલો દૂર રહ્યો બધું એને ઉપરથી દેખાય છે. ચોખ્ખું દેખાય છે.

ખાસ કરીને તત્ત્વજ્ઞાનમાં સમજણ થયા પછી પ્રાપ્ત નહિ થવાનું કારણ ક્યાંકને ક્યાંકને અધિકાઈ આપીને રોકાય જવાનું થાય છે એ છે. 'ગુરુદેવશ્રી'એ આ કાળમાં તત્ત્વનો વિષય એટલો બધો સ્પષ્ટ કર્યો કે બહુભાગ જીવોને તો તે સમજાય છે. ઘણાને સમજાય છે, નથી સમજાતું એવું કાંઈ નથી. પણ છતાં પ્રાપ્ત કેમ થતું નથી? આ પ્રશ્ન છે. કે જીવ ક્યાંક રોકાય છે. ક્યાંક રોકાય છે એનો અર્થ શું? કે એ પોતાના ચૈતન્યથી પણ બીજે અધિકતા આપે છે. જ્યાં સુધી ચૈતન્યની સર્વોત્કૃષ્ટપણે અધિકતા ન આવે અને બીજી તુચ્છતા ન આવે ત્યાં સુધી એનું રોકાવું ચાલું રહે છે. અને જે સમજણ છે, સમજણનું જે ફળ આવવું જોઈએ એ ફળ ત્યાં દેખાતું નથી. અંતર લક્ષવાળાને કે જે પોતાની તપાસમાં હોય છે, શોધમાં હોય છે, તપાસમાં હોય છે, અવલોકનમાં હોય છે એને ખ્યાલ આવે. એને તો પોતાનો ખ્યાલ આવે જ છે. અને સમાગમમાં પણ એ અંતર અવલોકન કરનારને ખ્યાલ આવે છે. જ્ઞાની દર્શાવે પણ પોતે ન જોવે તો? તો એને ખ્યાલ આવતો નથી. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અથવા એ તો કરુણાથી સર્વસામાન્ય રીતે પણ સમષ્ટિગત પણ કેટલીક વાતો કરે. વ્યક્તિગત પણ કરે અને સમષ્ટિગત કરે. તોપણ જેની શોધ છે.. આ પાંચ વેપારી ભેગા થઈને વાત કરતા હોય, જુદી જુદી જાતના અનુભવ થયા હોય એની વાતો ચાલતી હોય. તો એવા અનુભવમાં આવ્યા વિના બીજાની વાત પકડી લે છે ને કે આપણે આવી ભૂલ ન થાય. આપણે આવી રીતે લાભ-નુકસાનની અંદર સંભાવળવા જેવું છે. એમ શીખી લે છે કે નથી શીખતા? બીજા અનુભવી પાસેથી. એ કોણ શીખી લે છે? કે એની પ્રયોજન ઉપર દૃષ્ટિ છે એ વખતે. માત્ર વાત સાંભળવાનો રસ નથી પણ એને પ્રયોજન ઉપર દૃષ્ટિ છે. તો એ બીજાના નફા-નુકસાનના દાખલામાંથી પોતાનું પ્રયોજન બરાબર ગ્રહણ કરી લે છે. એવું જ આમાં છે. આ પણ વેપાર જ છે, નફા-નુકસાનનો વેપાર છે. આત્માનું હિત અને આત્માનું અહિત. આવી રીતે જીવ રોકાય જાય, આવી રીતે રોકાય જાય, આવી રીતે રોકાય જાય. અનેક પ્રકારે.

'**ચૈતન્યની પાસે બધુંય પાણી ભરે છે.**' એટલે કોઈની કિંમત નથી. પોતાનું

સ્વરૂપ સર્વોત્કૃષ્ટ છે અને જગતમાં એનાથી કોઈ સર્વોત્કૃષ્ટ તત્ત્વ નથી. ૩૦૪ થયો. ભગવાનના પ્રતિમાથી સ્વરૂપ મહિમાનો વિષય લીધો છે. વિષય તો છે સ્વરૂપ મહિમાનો પણ ભગવાનના પ્રતિમાના પ્રયોગથી વાત લીધી છે. આમ દૃષ્ટાંતનો વિષય થાય છે પણ ખરેખર તો એ પ્રયોગનો વિષય થઈ પડે છે. પોતે પ્રયોગ કેવી રીતે કરવો? ભગવાનની સમક્ષ જ્ઞાની પણ ભક્તિ કરે છે અને અજ્ઞાની પણ ભક્તિ કરે છે. પ્રસંગ હોય તો. જ્ઞાનીને તો વીતરાગતાનું એમનું સ્વરૂપ જોઈને ભક્તિ આવે છે. ભગવાનનું સ્વરૂપ જોઈને પોતાના સ્વરૂપની મહિમા સહિતની ભક્તિ આવે છે. એ ભક્તિ સાચી છે. એવું સ્વરૂપ ઓળખ્યા વિના માત્ર ઓઘે-ઓઘે ભક્તિ આવે છે એ ભક્તિનું કોઈ સફળપણું નથી. એકાંતે એ પુણ્યબંધનું કારણ થાય છે. ભૂતકાળની અંદર એમ કે ભક્તિ કરી હોય તો એને ભક્તિનો પ્રસંગ મળે. પુણ્યબંધ. ઓઘસંજ્ઞાએ પણ પુણ્યબંધ તો થાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. .. બેયના શુભરાગની જાત જુદી છે, ઘણો ફેર છે. એમાં સૂક્ષ્મતા છે કે રસ દેખાય છે છતાં રસ નથી. જ્ઞાનીનો શુભરાગનો રસ દેખાય છે છતાં ખરેખર એટલો રસ નથી. અજ્ઞાનીનો રસ દેખાય છે તો એકાકાર થઈને ભક્તિ કરે છે, તલ્લીન થઈને કરે છે. ભક્તિમાં તલ્લીન થઈ જાય એ બહુ સારી ભક્તિ નહિ? પરમાર્થના પ્રકરણમાં કો'ક બીજી વાત છે. કોઈને ભક્તિનો ભાવ ન આવતો હોય તો એમ કહે અરે..! ભગવાનની ભક્તિનો પણ ભાવ આવતો નથી. એ તો અશુભભાવ કર્યા હોય તો ભગવાનની ભક્તિમાં ઉલ્લાસ ન આવે. અશુભ પરિણતિને વશ. તો એમ કહેવાય કે આને ભગવાનની ભક્તિનો ભાવ આવતો નથી. ભગવાનની ભક્તિમાં તન્મયતા કરે રાગરસથી, તો કહે એ ભક્તિ સાચી નહિ એની. એ ભક્તિને પણ અહીંયાં .. કહેવાતા નથી. એ રાગથી જુદો પડીને ભક્તિ આવે તો બરાબર છે. ભક્તિના રાગથી પણ ભિન્ન પડીને ભક્તિ થાય ત્યારે એને સ્વ-પરની ભક્તિ એકસાથે છે. એ ભક્તિ સાચી છે. એ જુદી જાતની ભક્તિ છે.

છોકરો મોટો થાય અને દુકાને ધંધો ન કરે કાંઈ, કમાવા ન જાય તો કહે આનું મન નથી. કામ-ધંધા ઉપર આનું મન લાગતું નથી. એને કામ-ધંધે પરાણે વળગાડે. અને કામધંધે લાગ્યા પછી ચોવીસ કલાક લાગ્યો રહે. ન વ્યવહારમાં કે ન ઘરમાં કે ખાવા-પીવામાં ક્યાંય નહિ. એકલી ધૂન ચડી જાય. તો કહે, આ ઓછું કરે તો સારું. નકામું Tension વધી જશે. રાતના બાર વાગે ટેલીફોન કરતો હોય. એને અમુક મર્યાદામાં રાખે છે કે નથી રાખતા? ભલે એ કરવા જેવું હતું તોપણ એની મર્યાદામાં રાખે.

ભગવાનની ભક્તિ પણ એની મર્યાદાનો વિષય છે. એકાકાર થઈને, રાગમાં એકાકાર થઈને કરવા માટેનો ઉપદેશ ક્યાંય આપ્યો નથી. ૩૦૪ થયો.

તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. ૩૦૫.

૩૦૫. '**તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.**' વિચાર કર તારો એમ નથી કહેતા. છે ને .. સીધી? તું તારો વિચાર કર, વિચાર કર, વિકલ્પ કર્યા કર (કે) હું જ્ઞાનસ્વરૂપ છું, હું આનંદસ્વરૂપ છું, હું ધ્રુવ છું, પૂર્ણ છું. '**તું તને જો;...**' એમ કહે છે. આ પ્રયોગાત્મક પદ્ધતિ છે. કથનની પણ આ પ્રયોગાત્માત્મક પદ્ધતિ છે. તું તને જો. તારું અવલોકન કર. જેવું તારું સ્વરૂપ છે એવો તું તને જો. તો અવસ્થામાં પણ એવા જ ભાવનો આવિર્ભાવ થઈને એવી જ દશા પ્રગટ થશે. હું આવો એમ થશે. જોવામાં શું થશે કે હું આવો. હું આવો એમ અદ્ધરનો વિકલ્પ નથી પણ જોવે છે કે હું આવો. જો જોવે તો એવો જ પ્રગટ થાય. ન જોવે તો પ્રગટ થાય નહિ. કેમકે જોનાર તદાકાર દશાએ જોવે છે, તન્મયતાથી જોવે છે કે હું આવો છું. તો એવી દશા એને, જેવું સ્વરૂપ છે એવી સદશ દશાની ઉત્પત્તિ થાય છે.

અન્ય જ્ઞેયનું પણ એવું જ પરિણમન જ્ઞાનમાં થાય. મોરનું પીછું જોવે. જેવા અંદર રંગ છે એવા જ જ્ઞાનમાં ભાસે છે કે નહિ? પ્રતિબિંબ આવે છે કે નહિ? સામે એક પીછામાં અનેક જાતના રંગ છે. એવા જ રંગ બરાબર પ્રતિબિંબ આવે છે. તો એ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે કે જેવું જ્ઞેય હોય બિલકુલ એવું જ એમાં એનું પ્રતિબિંબ અંદર ઉઠે. અહીં તો પોતે છે. આ તો પર છે. અહીંયાં પોતે છે. કે જેવો તું છો તેવો જ તું જો તને જો તો એવું જ તારી દશાની અંદર પ્રતિબિંબ આવે. તારા સ્વજ્ઞેયનું પ્રતિબિંબ. એ સ્વજ્ઞેયનું પ્રતિબિંબ છે-પોતાનું જ પ્રતિબિંબ છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- અરૂપી છે પણ જોનાર રૂપી છે કે જોનાર અરૂપી છે? .. છે. સામે ચીજ રૂપી છે. પણ જોનારો અરૂપી છે કે રૂપી છે? તો જોનાર અરૂપી છે. તો પહેલો જોનાર કે પહેલો જણાનાર? બેમાં પહેલું કોણ? ભલે સમકાળે છે તોપણ. બેયનો કાળનો એક છે તોપણ પહેલું કોણ? પહેલો જોનાર. તો પછી આ રૂપી છે માટે જણાય છે એ વાત ક્યાં રહે છે? પોતે અરૂપીને જોવાનો પ્રયત્ન ક્યારે કર્યો છે? અરૂપીને જોવાનો પણ પ્રયત્ન કરે તો દેખાય એવું છે. જેને જોવાનો પ્રયત્ન કરે એ

દેખાય. પોતાના અરૂપી જ્ઞાનતત્ત્વને-આત્મતત્ત્વને જોવાનો પ્રયત્ન ક્યારેય નથી કર્યો. પ્રયત્ન ન કરે અને એમ કહે કે રૂપી દેખાય છે અને અરૂપી દેખાતો નથી. જોવા ધારે તો એ પહેલું દેખાય એવું છે. જેની હયાતીમાં બધું દેખાય છે એ પહેલું છે, એ અગ્ર છે. એટલે એને ઊર્ધ્વતાનું વિશેષણ આપ્યું. ઊર્ધ્વતા છે, જ્ઞાનની ઊર્ધ્વતા છે, આત્માની ઊર્ધ્વતા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વલણ તો પોતે પ્રયોગ કરે તો, પુરુષાર્થ કરે તો ઊભું થાય ને. વલણ તો બંધાય જાય છે. ક્યારે? કે વારંવારનો મહાવરો થાય, Practice થાય તો વલણ થઈ જાય છે.

મુમુક્ષુ :- પહેલા પોતે દેખાય છે એ વાત કરી...

પૂજ્ય ભાઈશ્રી :- પોતે દેખાય છે એથી વધારે પોતે અનુભવાય છે. એટલે તો ૧૭-૧૮ ગાથામાં આચાર્ય મહારાજે જ્ઞાન શબ્દનો પ્રયોગ કરવાને બદલે અનુભૂતિ (શબ્દનો) પ્રયોગ કર્યો છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ ગોપાળને સદાય અનુભવમાં આવી રહ્યો છે. સદાય પાછો એમ. ભગવાન! તમે સદાય અનુભવમાં આવી રહ્યો છે એવું કેમ કહો છો? અમને તો મિથ્યાત્વ છે અને અમને મિથ્યાત્વના કાળે અનુભવમાં આવી રહ્યો છે? તો કહે છે, હા. મિથ્યાત્વના કાળે તને અનુભવમાં આવી રહ્યો છે. કેમકે અનુભૂતિસ્વરૂપ જ છે. અનુભવ વિનાનો થઈ શકે એવી પરિસ્થિતિ નથી. પણ તું એ અનુભૂતિનું ઉલ્લંઘન કરી જાય છે. એનું ઉલ્લંઘન કરે છે ઉદયના વશે. ઉદયમાં એટલો તન્મય થાય છે કે જ્ઞાનના અનુભવને તું જોતો નથી.

જેમ લક્ષ વગરની નજર હોય તો દેખાય નહિ. તો દેખાવા છતાં દેખાય નહિ. અવાજ હોય અને લક્ષ ન હોય તો કાનને તો કાંઈ ઢાંકણું નથી, તો સંભળાવા છતાં સંભળાય નહિ. એમ અનુભવાવા છતાં અનુભવાય નહિ. જણાવા છતાં જણાય નહિ. ન્યાય એ લીધો છે ૧૭-૧૮ ગાથામાં. બહુ સારો ન્યાય છે. એકદમ નજીકતા થઈ જાય, અનુભૂત સ્વભાવની, અનુભવ સ્વભાવની નજીકતા થઈ જાય એવો વિષય લીધો છે.

મુમુક્ષુ :- પહેલા જ્ઞાન જણાય કે જ્ઞેય જણાય?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જ જણાય છે.

મુમુક્ષુ :- પછી જ્ઞેય જણાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી જ્ઞેય જણાય છે. એક સમયે હોવા છતાં પહેલા જ્ઞાન જણાય છે. કેમકે જ્ઞાન અનુભવાય છે, જ્ઞેય અનુભવાતું નથી. જ્ઞાનનો અનુભવ થાય

છે. જ્ઞેયનો અનુભવ કોઈને થતો નથી. લાડવો કોઈ ખાઈ શકતો નથી. 'ગુરુદેવ' કહેતા ને કે અજ્ઞાની પણ લાડવો ખાઈ શકતો નથી. એનો અર્થ શું? કે લાડવાનો અનુભવ નથી કરી શકતો. એ માને છે કે મેં ગળપણનો અનુભવ કર્યો. ગળપણનું જ્ઞાન થયું છે. અનુભવ કર્યો એ એનું મિથ્યાજ્ઞાન છે. માત્ર જ્ઞાન કરે તો એ સાચું જ્ઞાન છે. અને અનુભવ તો એનાથી ... જ્ઞાન સિવાય જ્ઞાનને બીજાનો અનુભવ થવાનો અવકાશ નથી. એટલે એમ કહ્યું કે અનઅવકાશપણે સદાય તને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ થઈ રહ્યો છે. એટલા માટે એ વાત છે. અવકાશ જ નથી-જગ્યા જ નથી ને કે તું બીજાનો અનુભવ કરી શકે. એ વસ્તુસ્થિતિમાં નથી. એના ઉપર તો ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ ગાથા ચાલી છે. કર્તાકર્મ અધિકારની. શીત-ઉષ્ણનો દૃષ્ટાંત લીધો છે. શીત-ઉષ્ણપણું થતું નથી. જ્ઞાન ઠંડુ થતું નથી, જ્ઞાન ઊનું થતું નથી. શીત-ઉષ્ણનો અનુભવ કરે છે કે નહિ? કરી શકે નહિ. જણાય ખરું પણ અનુભવ કરી શકે નહિ. અનુભવ કરે તો પોતે શીત-ઉષ્ણરૂપે પર્યાયે થાય. એવું તો બની શકતું નથી.

મુમુક્ષુ :- એમાં જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો અને જ્ઞાનનું અજ્ઞાનત્વ એ જરા સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનત્વ પ્રગટ કરતો એમ લીધું છે. મને ટાઢું લાગ્યું કે મને ઊનું લાગ્યું એ જ્ઞાનનું અજ્ઞાનત્વ છે. કેમકે એવું તો થતું નથી. જ્ઞાન ટાઢું થતું નથી, જ્ઞાન ઊનું થતું નથી. પણ ટાઢું ઊનું નહિ થવા છતાં એનું જાણવું થાય છે તે જ્ઞાનનું જ્ઞાનત્વ છે. જ્ઞાન તો ભિન્ન રહીને, જ્ઞાન અલિપ્ત રહીને, નિઃસ્પૃહ રહે છે. લેપાયા વિના માત્ર જ્ઞાનપણે રહે છે એ જ્ઞાનનું જ્ઞાનત્વ છે. જ્ઞાનનું જ્ઞાનપણે રહેવું તે જ્ઞાનપણું- જ્ઞાનત્વ. ત્વ એટલે પણું. જ્ઞાનનું જ્ઞાનપણે રહેવું તે જ્ઞાનનું જ્ઞાનપણું. અને જ્ઞાનનું જ્ઞાનત્વ ભૂલીને જ્ઞેયપણે અધ્યાસ થવો, અધ્યાસ થવો, થઈ શકતો નથી, Physically નથી થઈ શકતો. અધ્યાસ થઈ જવો કે મને ઠંડું લાગ્યું, ગરમ લાગ્યું તે જ્ઞાનનું અજ્ઞાનત્વ. બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- હજી આ જરાક સ્પષ્ટતા બાકી રહી ગઈ, જ્ઞેય જણાય એ જ વખતે જ્ઞાન થાય છે, બેયનો એક કાળ છે. તમેં કીધું, પહેલા જ્ઞાન જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં એટલે ઊર્ધ્વતા એની છે. એનું મુખ્યતા છે. જ્ઞાન ન હોય તો શેમાં જણાય? જ્ઞાન ન હોય તો જ્ઞેય શેમાં જણાય? સીધી વાત છે. જેની હયાતીમાં આ ક્રોધાદિ ભાવો છે એમ જણાય છે તે મુખ્ય છે. તે પહેલું છે, તે આગળ છે. એ છે તો જણાય છે તો આગળ ખરું કે નહિ? આગળ છે. પહેલું છે એટલે એ આગળ છે. અને આગળને હંમેશા તું આગળ રાખ. આગળને પાછળ રાખે છો ત્યાં

સંસાર ઊભો થાય. જ્ઞેયોમાં પછી વ્યામોહ થાય છે કે આ ઠીક છે. આ બહુ સારું છે. આ ગમે છે. આમ છે... આમ છે.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાયનો સ્વપરપ્રકાશક સ્વભાવ એક જ સમયે સાથે જ ઉત્પન્ન થાય છે, સ્વ અને પરને જાણવું. તો એમાં સ્વ પહેલાં જણાય અને ..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે સ્વની અધિકતા છે, પરની અધિકતા નથી. એ તો આપણે લીધું કે સ્વની અધિકતા છે અને પરની અધિકતા નથી. એટલે પરપ્રકાશકમાંથી અધ્યાત્મ લેવું હોય તો એનું સ્વચ્છત્વ ગ્રહણ કરવું. પોતાનું સ્વચ્છત્વ ગ્રહણ કરવું. પરને મુખ્ય કરવું નહિ. એમ વાત છે. એ Indirect પદ્ધતિમાં આવશે કે પરનું પ્રતિબિંબ પડ્યું કારણ કે પોતે સ્વચ્છ છે. માટે જ્ઞેય જ્ઞેયને પ્રકાશતું નથી પણ જ્ઞેય જ્ઞાનને પ્રકાશે છે. દીવો ઘટપટાદિને પ્રકાશતો નથી પણ દીવાને પ્રકાશે છે તેમ. પણ સ્વપ્રકાશનમાં સીધી Direct પદ્ધતિ છે. અનુભવ પણ પોતાનો અને જ્ઞાન પણ પોતાનું. એમાં કોઈ વચ્ચે પરની અપેક્ષા જ આવતી નથી. પરની અપેક્ષા આવે અને ભૂલભૂલવણી થાય એ જગ્યા ત્યાં નથી. સ્વપ્રકાશનમાં એ જગ્યા નથી. એટલે સ્વપ્રકાશનમાં સીધો અધ્યાત્મનો વિષય આવે છે. પરપ્રકાશનની અંદર પરથી સ્વમાં આવવું એવી પદ્ધતિ છે. હેતુ બંનેમાં એક જ લેવો છે. હેતુ ફરતો નથી. પણ છતાં સ્વમાં તો પોતે એકલો જ છે અને બીજું કોઈ નથી. પરપ્રકાશનમાં તો બીજાની અપેક્ષા ઊભી થાય છે.

મુમુક્ષુ :- પરપ્રકાશકમાં .. સ્વપ્રકાશમાં સ્વમાં કાર્યકારી...

પૂજ્ય ભાઈશ્રી :- કાર્યકારીપણું આમ સ્વચ્છત્વ પકડે તો થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે પરિસ્થિતિ શું છે કે જ્ઞાનમાં પરજ્ઞેયનું પ્રતિબિંબ અનિવાર્ય છે. બરાબર છે? તો એવી રીતે પ્રતિબિંબને કાઢવા જશે તો જ્ઞાનને કાઢવું પડશે. તો પછી હવે જ્ઞાન ઉપર આવવું કેવી રીતે જ્ઞેયને છોડીને? જ્ઞેયનું લક્ષ છોડીને જ્ઞાન ઉપર કેવી રીતે આવવું? એ જ્ઞાનની જે સ્વચ્છતા છે એ એનો સ્વભાવ છે. તો પરપ્રકાશનમાં સ્વચ્છત્વને લઈને પોતે જ્ઞેયથી ભિન્ન છે. જે જ્ઞેયનું પ્રતિબિંબ ઊઠ્યું એનાથી પોતે ભિન્ન છે. કેમકે પોતે સ્વચ્છ છે માટે પ્રતિબિંબ આવ્યું. એમ ભિન્નતા ત્યાંથી પકડવી છે. ભિન્નતા પકડે તો સ્વમાં આવે. એટલી વાત છે. જ્યારે સ્વપ્રકાશનમાં તો પોતે જ એકાકાર છે. એમાં તો સ્વસ્વામીપણાનો પણ ભેદનો નિષેધ છે. આ મારું સ્વરૂપ, મારું સ્વરૂપ. તો મારાથી મારું સ્વરૂપ કાંઈ જુદું હોય? ભેદ કથનો ઊપજાવાનો અહીંયાં કોઈ પ્રસંગ હવે નથી.

તા. ૫-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૦૫,૩૦૬
પ્રવચન નં. ૨૩૩

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૦૫ નંબર. પાનું-૧૦૨. '**તું તને જો; જેવો તું છો તેવો જ તું પ્રગટ થઈશ.**' આત્મસ્વભાવ પોતાના સ્વરૂપભૂત પરિણમન થવાનો છે. જેવું શુદ્ધાત્મ સ્વરૂપ છે એવું જ પરિણમન થાય, એવી અવસ્થા રહે એવો પરિણમન અપેક્ષાએ એનો સ્વભાવ છે. તેથી સ્વભાવ અવ્યકત હોવા છતાં પરિણમનની વ્યકતતાથી એને ભાવવામાં આવે છે અથવા એનો આવિર્ભાવ કરવાની એ વિધિ છે. સ્વભાવ છે, સ્વભાવ છે એમ નહિ, પણ સ્વભાવ આવું જ પરિણમન થવાનો સ્વભાવ છે. એ પ્રકારથી ..... સ્વભાવની શુદ્ધતાની વ્યકતતાની પ્રતીતિ કરી કરીને સ્વભાવભાવનો આવિર્ભાવ કરવામાં આવે છે.

મુમુક્ષુ :- વ્યકતતાની પ્રતીતિ કરી કરીને?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યકતતાની પ્રતીતિ કરવી. અવ્યકત સ્વભાવ છે. અવ્યકત સ્વભાવ છે, સ્વભાવ તો અવ્યકત છે એમ નથી લેવું. તું તને આવા સ્વરૂપે જો. તું તને જો. તું તને જો એટલે તને આવા સ્વરૂપે જો. તું જેવો છો તેવો જ પ્રગટ થવા યોગ્ય છો. એવું પરિણમન પ્રસિદ્ધ-પ્રગટ થવા યોગ્ય છે. બીજું છે એ સ્વરૂપભૂત નથી. અન્યથા પરિણમન છે એ સ્વરૂપભૂત નથી. એ તો સ્વરૂપથી વિપરીત છે. વિરુદ્ધ જાતિનું છે અને નાશવંત છે. એમાં અહંપણું કરવામાં દુઃખ છે. ભલે પરિણમન એનું છે પણ અહંપણું થવામાં એમાં દુઃખ છે.

'**તું તને જો;...**' તું તારો વિચાર કર એમ નહિ. તું તને જો. એ અવલોકનનો-પ્રયોગનો સીધો વિષય લીધો છે. જેવું અંતરમાં સ્વરૂપ છે એવો તું તને જો, પોતાપણે એવો જો એમ લેવું છે. કોઈ બીજાના જેવો છે એમ નથી પણ પોતાપણે છો એમ જો. તો તારું શુદ્ધિનું પરિણમન પ્રગટ થશે.

૪૭ શકિતઓના વર્ણનમાં એ પદ્ધતિ વિશેષે કરીને 'ગુરુદેવશ્રી'ની પ્રવચનમાં (આવી છે). આત્મામાં રાગ નથી, આત્મામાં પરદ્રવ્ય નથી, આત્મામાં દુઃખ નથી, આત્મામાં કોઈપણ પ્રકારના વિપરિત ભાવો નથી. આત્મા શુદ્ધ છે. જાણે તે દ્રવ્યે, ગુણે અને પર્યાયે. એમ. કેમકે એવો આત્મા લેતા પરિણમનમાં પણ શુદ્ધતા પ્રગટે છે અને શુદ્ધ પરિણમન સહિતનું દ્રવ્ય એટલું જ દ્રવ્ય પોતાનું છે, બાકીનો અંશ છે એ

પરના ખાતે જાય છે, પરના પડખે જાય છે. એને પોતાપણે ત્યાં સ્વીકારમાં આવતો નથી. મોક્ષમાર્ગી જીવ કોઈ પણ વિપરીત પરિણામ અંશને પોતા તરીકે સ્વીકારતો નથી.

'**તેવો જ તું પ્રગટ થઈશ. તું મોટો દેવાધિદેવ છો.**' ત્રણ લોકનો નાથ, દેવાધિદેવ એટલે સર્વ દેવનો પણ અધિ દેવ. અધિ એટલે વિશેષ, અધિક. તું પોતે જ છો. 'ગુરુદેવ' આવી વાત આવે ત્યારે એમ કહેતા આના વગર ન ચાલે, આના વગર ન ફાવે એને આ વાત કેવી રીતે બેસે? તું દેવાધિદેવ છો એ વાત કેવી રીતે બેસે ? અને એ ફોરવે તો કોયડો મટે એટલી જ વાર છે.

સિંહનું બચ્ચું જન્મ્યું ત્યારથી બકરાના ટોળામાં ઉછેર થયો. અને બીજો સિંહ આવે ત્યારે બકરા ભાગે કે ન ભાગે? એક સિંહને એમ થયું કે આ છે સિંહનું બચ્ચું બકરાની સાથે સાથે ભાગે છે છે શું આ? એને ભાગવાની શું જરૂર છે? બકરા હોય એ ભાગે. કાંઈ સિંહ ભાગે? ઊભો રહે. ત્રાડ નાખે ને ખબર પડે કોણ છે? આ બેં બેં બેં.. કરે એવો તું નથી. સીધું ભાન આવ્યું એટલે પતી ગયું. આ એવું છે. હું માણસ છું, હું પામર છું, હું તો આવો છું. સાધારણ છું, ફલાણો છું, મોટા પાસે હું નાનો છું. અંદર મૂળમાં તારું સ્વરૂપ દેવાધિદેવ ત્રણલોકનો નાથ સાક્ષાત્ સિદ્ધ પરમાત્માની મૂર્તિરૂપે અંદરમાં બિરાજમાન છો.

'**તું તને જો;...**' તેવો તું તને જોતા એવો જ પ્રગટ થઈશ. એવું જ સિદ્ધરૂપ છે એ રૂપ પરિણમન થઈ જશે. ભિખારીને ચક્રવર્તીપણાની કલ્પના પણ આવતી નથી. લીધું છે? 'સોગાનીજી'એ પત્રમાં. ભિખારીને ચક્રવર્તીપણાની કલ્પના આવતી નથી. અને હે ગુરુદેવ! તમે તો હું ભગવાન છું એવું પરિણમન ઉપજાવી દીધું. ગજબ કર્યો છે! બધી વાત 'ગુરુદેવ'ને માથે નાખે છે. પુરુષાર્થ પોતાનો છે પણ એ જાતનો વિનય છે વિશેષ. ગજબ કરી! હું મુક્તિ પામી જઈશ અને હું મોક્ષસ્વરૂપ છું આ વાત તો કોઈ રીતે બેસે એવું નહોતું. જો તમે આ વાત જે પદ્ધતિથી કરી છે, જે વિધિથી કરી છે એ વાત ન કરી હોત તો હું મોક્ષસ્વરૂપ છું અને ત્રણ લોકનો નાથ છું, કોઈ દિવસ (ન બનત). પામરતાની કલ્પના છૂટી જ ન હોત. આ તો તમે ત્રણ લોકનો નાથ મને બનાવી દીધો. એવું તો આપનું જ સામર્થ્ય છે. ભિખારીને ભલે ચક્રવર્તીપણાની કલ્પના ન આવે પણ આ પામરની પામરતા ઉડાડીને પ્રભુતામાં સ્થાપના કરાવી દીધી એ આપનું સામર્થ્ય છે. એમ કરીને એ ...

પછી એ ઉપકાર કેવી રીતે વળે? જગતમાં સામાન્ય લાચારી મટી જાય એટલી સ્થિતિમાં આર્થિક સ્થિતિ બદલી નાખે કોઈ અને શું આ પચા-સોની કરકસર કરો

છો? લઈ જાવ દસ લાખ રૂપિયા જ્યારે જોઈએ ત્યારે. સરખી રીતે રહો. કોઈની લાચારી કરો માં. એનો ઉપરકાર કેટલો માને? ભાઈ! આપણી જિંદગી બદલી નાખી છે આણે તો. શું કહે? એની એક જિંદગીનો કેટલોક સમય બહારથી બદલેલો દેખાય, આ અનંતુ જીવન બદલાઈ જાય ભવિષ્યકાળનું. સાદિઅનંત જીવન બદલાઈ જાય. પરિણમન આખુ બદલાઈ જાય.

જાણે કે નવો જ અવતાર થયો છે એમ થાય એને. પોતાના પરમેશ્વરપદને અવલોકતાં એક નવો અવતાર થઈ ગયો છે. પેલું બધું ગયું. એ બધું જાણે બધા ભવ જુદી રીતે ગયા ભ્રમણામાં. આ એક વાસ્તવિક નવો અવતાર થયો. અને પોતે પરમેશ્વરપદે બિરાજમાન થયો. બહારમાં કોઈ પ્રશંસા કરે તો ફુલાઈ જાય. આગળ ખુરશી નાખીને બેસાડે કે ભાઈ! તમે અતિથી વિશેષ કે આ સભાના Chairman કે ફલાણું કે ઢીંકણું, ફુલાઈ જાય. અહીંયાં શ્રીગુરુ પરમેશ્વરપદે બિરાજમાન કરાવે છે. ત્રણ લોકનો નાથ તું છો. અને બેસે તો બલિહારી છે ન બેસે તો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- 'ધર્મદાસજી ક્ષુલ્લક' વારેઘડીએ ગુરુ ગુરુનું જ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ધન્ય છે ગુરુ! સહસ્ત્ર વાર ધન્ય છે! ભાવમાં આવી જાય છે ને! ભાવનામાં. ગુરુ શિષ્યને કેવી રીતે સ્વરૂપ સમજાવતા હશે અને જે શિષ્ય એને સ્વીકારી લે છે એ કેવી રીતે સ્વીકારી લેતો હશે? એનો ત્યાં પ્રશ્ન ઊઠાવ્યો છે. આ કોઈ એક રહસ્યમય વિષય છે. ધન્ય છે શ્રીગુરુને! સહસ્ત્રવાર શ્રીગુરુને ધન્ય છે!! એમ કરીને બહુમાન ભક્તિ કરે છે.

'તું મોટો દેવાધિદેવ છો. તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર.' તેની પ્રગટતા માટે ઉગ્ર પુરુષાર્થ અને સૂક્ષ્મ ઉપયોગ કર. એવું પરિણમન પ્રગટ થવા માટે જોર લાવ. પામરતા ઉડાડીને જોર લાવ. જોર પડ્યું છે. બહારથી કાંઈ જોર લાવવું નથી. અંદરમાં જોર પડ્યું છે. ઘડીકમાં એક માણસ શાંત દેખાતો હોય એ ઉગ્ર થઈ જાય છે ને? ક્યાંથી થાય છે? કાંઈ બહારથી કાંઈ આવી જાય છે? અંદરમાં પરિણમનમાં ઉગ્રતા થાય તેવું સામર્થ્ય છે. અનંત વીર્યનો પિંડ આત્મા છે. ઉછાળ પુરુષાર્થને અને સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વરૂપ છે એને સૂક્ષ્મ ઉપયોગથી ધારણ કર. એની ધારકતા-સ્વદ્રવ્યની ધારકતા ત્વરાથી કરો. લીધું છે ૧૦માં બોલમાં 'શ્રીમદ્જી'એ? સ્વરૂપ દ્રવ્યની ધારકતા ત્વરાથી કરો. શીઘ્ર કરો. એકદમ વર્તમાનમાં કરવાની વાત છે ને એટલે. એક સેકન્ડના અસંખ્યભાગમાં એમ કહો, વર્તમાન સમયમાં એમ કહો કે ત્વરાથી કરવાનું કહો, અત્યારે જ કરો. આટલું કર્યા પછી કરીશ એ વાત એમાં નથી. કોઈ વાયદાનો વિષય નથી એની અંદર. પછી કરીશ એ વાત અહીંયાં લાગુ નથી

પડતી. જેનાથી અનંતો લાભ થાય એની કોઈ મુદત મારે એ વાત કોઈ રીતે ઘડ બેસે એવી નથી. જેનાથી અનંત સુખનો લાભ થાય અથવા અનંત ગુણસંપત્તિના ખજાનાનો કબજો મળે એવું દૃષ્ટિ-જ્ઞાન પ્રગટ થાય. શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ થાય એના માટે એ કાર્ય કરવા માટે પછી કરીશ એમ આવે (તો) એ વાત કોઈ સમજણથી સંમત થાય એવું નથી.

માટે તું તને જો. તને જોવા માટે સૂક્ષ્મ ઉપયોગ કર. સાથે સાથે તીખાશ પણ જોશે. તીક્ષ્ણતા અને તીખાશપણું બંને સાથે હોય છે. મિથ્યાત્વ તૂટે છે એ મિથ્યાત્વ વિભાવને તોડવામાં આ બંને પ્રકારના લક્ષણવાળું પરિણમન હોય છે. તીક્ષ્ણતા હોય છે, ઉગ્રતા હોય છે. સૂક્ષ્મતા હોય છે અને ઉગ્રતા હોય છે. એટલે બંને વાત લીધી છે. જવાબદારીવાળું કામ તો કાળજીથી કરે કે ન કરે? કાચા હીરાના પત્થરમાંથી પહેલ પાડે છે. કોઈ મોટો પત્થર હોય અને એમાંથી મોટો હીરો વજનદાર ઉતરે એવું હોય. સો-પચાસ કેરેટનો હીરો ઉતરે એવું હોય. એને ક્યાંય એક કાંકરી, ક્યાંય એક રજકણ ખોટી રીતે ખરી ન જાય કે એના પહેલ પાડવાના માપમાં કયાંય ભૂલ પડે નહિ. માપસર બધા પહેલ પડે અને એનો ઘાટ ઉતરે એવો હીરો બનાવે. કેમકે એના ઉપર એનું મૂલ્યાંકન છે. કેટલી સૂક્ષ્મતા રાખે ઉપયોગની! Eyeglass થી કેટલી વાર જોવે એનો કોઈ હિસાબ નહિ. સો વાર જોવે, બસ્સો વાર જોવે, કેટલી વાર જોવે એનો કોઈ હિસાબ નહિ. બારીકમાં બારીક નજર કરીને જોવે. બરાબર ખૂણો નીકળ્યો છે કે નહિ? બરાબર પહેલ પડ્યો છે કે નહિ? એવું જ્યાં જ્યાં એની કીંમત છે એની જવાબદારી છે ત્યાં એને સૂક્ષ્મતા આવ્યા વિના રહેતી નથી. એની સૂક્ષ્મતા ઊભી થાય જ. અને હીરો તૈયાર થયા પહેલા આવો હીરો મારી પાસે છે, એની હૂંફ એને આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- દ્રવ્યમાં તો સ્વભાવ છે. પણ પર્યાયે સ્વભાવ છે એ તું જો, એ કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય સ્વરૂપે તું પોતે જ છો. એક સમયની પર્યાયમાં પોતાની ધારણા કરી છે. પોતાને ધારી લીધો છે કે હું આવો છું. એ તો ભૂલ કરી છે. ખરેખર તો દેવાધિદેવ કહ્યો એવો જ છે પોતે. પોતે એવો છે અને એવો પોતાને, જેવો છે એવો સ્વીકારવો છે એમાં તકલીફ શું છે? એનું મંથન તો ઉપાડે. હું જેવો છું એવો જ મને માનવો છે એમાં શું તકલીફ છે? એને એમ થાય છે કે આ હું ઘરવાળો છું, પરિવારવાળો છું, દુકાનવાળો છું. એવું જો ભૂલી જઈશ તો એમાં નુકસાન જાશે એનું શું? એમાં નુકસાન જઈને શું જવાનું છે?

મુમુક્ષુ :- નુકસાનમાં તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અમથોય નુકસાનમાં ઊભો છો. આમાં શું નુકસાનમાં જવાનો છો? કાંઈ નુકસાન જવાનો પ્રશ્ન નથી. તને ભડક ખોટી છે. ખોટો ભય છે, જૂઠો ભય છે. દોરડીને સાપ માનીને બીવે છો. દોરડી તો દોરડી જ છે. એમ એ તો જુદાં જ પડ્યા છે. જુદા પડ્યા છે એને જુદા માનતા તું બીવે છો. જે અભિન્ન સ્વરૂપ છે એને અભિન્ન સ્વરૂપે સ્વીકારતા તને એ બીક છે એ વચ્ચે નડે છે, અવરોધ કરે છે. એનો આધાર લીધો છે, મારો આધાર છૂટી જશે તો? મને કોણ આધાર આપશે? એ પ્રશ્ન પોતાના સામર્થ્યને જોવે તો જ એનું સમાધાન થાય. પોતાના સામર્થ્યને ન સંભાળે તો પામરતામાં શું થાશે મારું? કેમ થાશે મારું? એ ભયમાં ભયમાં જીવ (જીવન પૂરું કરે).

ઉગ્રતાથી પુરુષાર્થ કર એમાં એ પણ સંકેત છે કે પોતાના સ્વરૂપનો અનુભવ કરવા માટે પ્રથમ અનુભવમાં પણ અથવા મોક્ષમાર્ગના પ્રવેશ કાળમાં પણ ઉગ્રતાથી પરિણમન ચાલે છે અને ત્યારે જ પ્રવેશ થાય છે. જેમ સામાન્ય વિચાર કરે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને આત્મા આનંદસ્વરૂપ છે. આત્મા પૂર્ણ છે ને આત્મા અનંત ગુણ સ્વરૂપ છે, એવા સાધારણ વિચારના પરિણમનમાં અનુભવ આવતો નથી. એવા જોર વિનાના, પુરુષાર્થ વિનાના સામાન્ય વિકલ્પો અને વિચારો ચાલે એ પરિણમનમાં સ્વરૂપનો અનુભવ કરવાની શકિત નથી. પણ જોરથી પ્રવેશ કરે છે, મોક્ષમાર્ગમાં પ્રવેશ કરનાર પણ ઉગ્રતાથી જ પ્રવેશ કરે છે, ત્રણે કાળે. એ વસ્તુસ્થિતિ છે. એટલે એ બધા સંકેત એની અંદર આવી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શું છે કે સૂક્ષ્મતા હોય પણ જોર ન હોય તો? એમ. સૂક્ષ્મતાથી ઉપયોગ બારીક કરે પણ પુરુષાર્થ ન હોય ત્યાં સુધી કામ નથી થતું. આમાં શું છે, કાર્યની પ્રાપ્તિમાં પુરુષાર્થની બધી મુખ્યતા છે અથવા મોક્ષમાર્ગમાં સર્વત્ર પુરુષાર્થની પ્રધાનતા છે. જેટલો પુરુષાર્થ એટલું કાર્ય. જેટલો પુરુષાર્થ એટલું કાર્ય.

સમ્યગ્દર્શન બધાનું સરખું છે. બરાબર છે? પણ જેટલો પુરુષાર્થ છે એટલો જ મોક્ષમાર્ગની અંદર વિકાસ થાય છે. બધા સમ્યગ્દૃષ્ટિઓને એકસરખો પુરુષાર્થ છે એમ તો પ્રસિદ્ધપણે કહી શકાય એવું નથી. કેમકે કોઈ અલ્પ કાળમાં અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય છે તો કોઈ ચરમશરીરી આયુષ્ય પૂરું થતાના કાળમાં મોક્ષે જાય છે. તો કોઈ ભવભવાંતર પણ કરે છે કેટલાક. અને દેવલોકમાં જાય તો સાગરોપમના આયુષ્ય સુધી એમ ને એમ ચાલે છે. તો એની શ્રદ્ધામાં તો હું પૂર્ણ છું અને અત્યારે પૂર્ણ

થવાતું હોય તો બીજો સમય જોઈતો નથી. આ એનો અભિપ્રાય છે. છતાં પુરુષાર્થ છે એ સ્વતંત્ર કામ કરે છે.

શ્રદ્ધાન અને જ્ઞાન સ્વરૂપ વિષેનું એકસરખું હોવા છતાં પુરુષાર્થનું પરિણમન બધાનું એકસરખું થાય એવું કદી બનતું નથી. એક કાળના સાધક હોય, એકસાથે સમ્યગ્દર્શન પામેલા હોય તોપણ... 'ગુરુદેવે' તો એનો એક સૂક્ષ્મ પ્રશ્ન કાઢ્યો હતો. મુનિદશામાં કોઈ જીવ શ્રેણીમાં વર્તતો હોય. બે મુનિરાજોએ એકસાથે શ્રેણીમાં પ્રવેશ કર્યો. શુકલધ્યાનની શ્રેણીએ ચડ્યા. તો આગળ વધતા ગુણસ્થાનમાં બધા એકસરખી નિર્જરા કરે બંને? કે ઓછીવત્તી કરે? કે ઓછીવત્તી કરે. એકસરખી કરે એવો કોઈ નિયમ નથી. કેમ કે તારતમ્યભેદે એક એક ગુણસ્થાનમાં અસંખ્ય ભેદ છે. ભલે એ પરિણમન કેવળીગમ્ય છે. પણ અહીંયાં સિદ્ધ શું કરવું? વાત શું દર્શાવવી છે? કે પુરુષાર્થની દરેક જીવની સ્વતંત્રતા છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન તો અમુક Level સુધી આવ્યા પછી જ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પછી જ થાય. Level એકસરખા હોય છે. પુરુષાર્થ કોઈ ગુણસ્થાન પ્રાપ્ત કરવાનો ..

મુમુક્ષુ :- જે વખતે જે સમયે આત્મદર્શન થાય છે, બેયનું એકસાથે એક જ સમયે. તો બેયના એકસરખા પુરુષાર્થ એ વખતે હોય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ગુણસ્થાન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ સરખો. છતાં પૂર્ણ થવામાં પુરુષાર્થ સરખો જ રહે એવો કોઈ નિયમ નથી.

મુમુક્ષુ :- પણ જે વખતે પ્રાપ્ત કરે છે એ બધાય જીવોને એક સરખો પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો જે-તે ગુણસ્થાને જે જે જીવો આવે છે તે તથારૂપ પુરુષાર્થ વિના આવતા નથી. પછી સમ કાળે હોય કે આગળ-પાછળના કાળે હોય એની સાથે કાંઈ સંબંધ નથી. સમકાળે હોય તો એટલો પુરુષાર્થ. આગળ-પાછળના કાળે હોય તોપણ એટલો જ પુરુષાર્થ. ... કારણ? જેટલું કારણ આપે એટલું કાર્ય થાય. એ નિયમ ત્યાં લાગુ કરવો.

મુમુક્ષુ :- બળ હોય તો જ સૂક્ષ્મતા ધારણ થાય?

પૂજ્ય ભાઈશ્રી :- બળ હોય તો સૂક્ષ્મતા આવે જ. પણ સૂક્ષ્મતા આવે ને બળ ન હોય તો એ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, અરુચિ થઈ હોય તો એટલું બળ ન હોય. એ સ્વતંત્ર પ્રકરણ છે આખું. એની તો ચર્ચા કરીએ છીએ આપણે. પુરુષાર્થનું પ્રકરણ એકદમ

સ્વતંત્ર છે અને એ ઘણો વિચાર માગે એવો વિષય છે. થોડો ગહન વિષય છે. આવું કેમ થાય છે? દ્રવ્ય એકસરખું, સ્વભાવ એકસરખો, પરિણમન એકસરખું નહિ. તે સ્વભાવનું ભાન આવ્યા પછી પણ એકસરખું નહિ. કોઈનો હિન પુરુષાર્થ, કોઈને અધિક પુરુષાર્થ. ગુરુના નિમિત્તે શિષ્યને સમ્યગ્દર્શન થાય. શિષ્યનો પુરુષાર્થ વધી જાય ગુરુ કરતા. એવા આ પુરાણની અંદર પ્રસિદ્ધ દૃષ્ટાંત હોય છે. એવું બને.

મુમુક્ષુ :- પુરુષાર્થનું કાર્ય સ્વતંત્ર.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્વતંત્ર છે. સામાન્યપણે એમ કહેવાય કે જેમ જેમ જ્ઞાનમાં સુસ્પષ્ટપણે નિજ સ્વરૂપનું ગ્રહણ થાય છે તેમ તેમ જોર વધતું જાય છે. તેથી પુરુષાર્થનું કારણ જ્ઞાન છે અથવા જ્ઞાનમાં સ્વરૂપનું ગ્રહણ થવું તે છે. તેમ છતાં પુરુષાર્થની સ્વતંત્રતા તો ઊભી રહે છે. એ તો એક નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવ્યો. જ્ઞાનને આધીન પુરુષાર્થ છે અથવા કોઈ ગુણને આધીન કોઈ ગુણનું પરિણમન છે એવું તો વસ્તુનું સ્વરૂપ નથી. સર્વ ગુણો નિરાલંબ નિરપેક્ષ છે. અને દ્રવ્ય નિરાલંબ નિરપેક્ષ હોય તો એનો ગુણ અને સ્વભાવ નિરાલંબ નિરપેક્ષ જ હોય. એ સાબિત કરવાની જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- દરેક જીવોને ઉગ્રતા વિના .. મળતો નથી. સ્વરૂપની જેટલી ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અનંત પુરુષાર્થ જ છે.

અહીંયાં તો જેને સ્વરૂપ પ્રત્યયી પરિણામમાં વેગ નામનું એક તત્ત્વ છે, જે સમ્યક્ હોવાથી એને સંવેગ કહેવામાં આવે છે. જે સમ્યગ્દૃષ્ટિના મૂળ ઉત્તર ગુણ છે એમ સમ, સંવેગ નામનો એક ગુણ છે. સમ્યગ્દૃષ્ટિના જે ગુણ છે ને? મૂળગુણ અને ઉત્તરગુણ. કેટલા છે? ૬૩ છે બધા થઈને? ૬૩ ગુણ-મૂળગુણ છે. મુનિરાજને ૨૮ મૂળગુણ છે અને ૮૪ લાખ ઉત્તરગુણ છે. સમ્યગ્દૃષ્ટિના મૂળગુણ કેટલા ૪૫ લીધા? ઉત્તરગુણ. બધું મળીને ૬૩ છે એમાં આ એક સંવેગ નામનો ગુણ છે. એ પુરુષાર્થ ... છે. સમ્યગ્દૃષ્ટિનો પુરુષાર્થ ચાલે છે. મૂળગુણ એને હોય, હોય ને હોય જ.

મુમુક્ષુ :- મારો પ્રશ્ન સમ્યગ્દૃષ્ટિ માટે પૂછવાનો નથી, મુમુક્ષુ માટે પૂછવાનો છે. સ્વરૂપની ઉગ્રતા હોય ને અન્ય રસમાં અત્યંત નિરસપણું હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો જ આ બાજુ સમીપતા થાય. તો જ સ્વરૂપની સમીપ જવાય. નહિતર જવાય નહિ. ઉપલક ઉપલક વાંચન વિચારમાં કંઈ સ્વરૂપની સમીપતા થાય એવી પરિસ્થિતિ નથી. ભલે ગમે તેટલો કાળ કાઢે. એમ નથી અનેક વાર વાંચે, ઘણા કાળ સુધી વાંચન-વિચાર કરે માટે એને રાહત થઈ જાય એવો વિષય

નથી. ઉગ્રતા આવે એટલું કામ થાય. એટલે એમ કહેવાય છે ને કે આ માણસ વીર્યવાળો છે પણ ઊંધી દિશામાં એનો પુરુષાર્થ જાય છે સવળો પડે તો કામ કરી જાય. એટલે વીર્યગુણનો ક્ષયોપશમ એને છે. વ્યકત છે. શકિત વ્યકત છે. ક્ષયોપશમ છે એટલે વ્યકત શકિત છે. એવા મંથનના વિષય ઘણા છે. અધ્યાત્મની અંદર આ પુરુષાર્થ ને એવા બધા ઘણા પ્રકરણો બહુ ઊંડા છે. એ તો જેમ જેમ એનું મંથન ચાલે, એની સ્પષ્ટતા થાય. ૩૦૫ થયો.

રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.

૩૦૬. આ મુમુક્ષુનો વિષય છે.

'**રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ.**' અહીંયાં પણ ઘૂંટણ લીધું છે. આત્મરુચિનું પોષણ થાય એટલે વારંવાર આત્મરુચિવાળા પરિણામ થાય અને આત્મરુચિ વૃદ્ધિગત થતી જાય. સ્વરૂપની-આત્મસ્વરૂપની વાત આવે, મૂળ સ્વભાવની વાત આવે;... 'દીપચંદજી' લખે છે જેની વાત કરતાં અનુપમ આનંદ થાય એના અનુભવનું શું કહેવું? જેની વાત કરતા અનુપમ આનંદ થાય છે, રુચિનું પોષણ થાય. એ સ્વરૂપને સંભળાવનારા, આત્માને સંભળાવનારા જ્ઞાની હોય, તો આત્મસ્વરૂપનું-સ્વભાવનું કથન આવે તો એને અંદરથી રુચિ પોસાય. એવું રુચે, એવું રુચે અંદરમાં એવું રુચિનું પોષણ થાય અને સ્વ તત્ત્વને (ઘૂંટણ થાય)...

.... ચૈતન્યની સાથે પરિણતિ વણાઈ જાય. વણાઈ જાય એટલે પરિણતિ થઈ જાય. રુચિ અને ઘૂંટણની પરિણતિ થઈને ચૈતન્યની સાથે વણાઈ જાય તો એને કાર્ય ન થાય એ પ્રશ્ન રહેતો નથી. પછી અવરોધ નથી. કોઈ અવરોધ ઊભો ન રહી શકે. સ્વરૂપની તીખી રુચિ હોય અને એવું રસવાળું ઘૂંટણ હોય, સ્વરૂપ મહિમાથી અત્યંત રસવાળુ એનું ઘૂંટણ હોય તો એને કાર્ય થાય જ એટલે અનુભવ થાય જ. અનુભવ ન થાય એવું બને નહિ. 'જ' શબ્દ વાપર્યો છે. અનુભવ થાય જ. નિયમથી વાત છે. આવવું જોઈએ આ જગ્યાએ. પછી અનુભવ ન થાય એ પ્રશ્ન રહેતો નથી. પછી તો

અનુભવ ઉપર નજર નથી. અનુભવનો વિકલ્પ-વિચાર નથી. અનુભવ થયો કે ન થયો એ જોવા રહેતો નથી. એ તો પોતાના ઘૂંટણમાં પડ્યો છે. એમાંથી બહાર નીકળતો નથી. ઘૂંટાતા... ઘૂંટાતા વચ્ચે અનુભવ થઈ જાય છે. ઘૂંટણ પાછું ઊભું રહે છે. એમ ઘૂંટણ ચાલ્યું જતું નથી. આ તો પ્રશ્ન આવે છે ને કાર્ય થતું નથી. કાર્ય થતું નથી. પુરુષાર્થ તો કરીએ છીએ પણ કાર્ય થતું નથી. ખોટી વાત છે. પુરુષાર્થ કરે અને કાર્ય ન થાય એવું કોઈ દિવસ બને નહિ. ગોળ નાખે અને ગળ્યું ન પણ થાય, અહીંયાં એવું બનશે નહિ. કહેવાય તો એમ કે ગોળ નાખે તો ગળ્યું થયા વિના રહે નહિ. અહીંયાં કહે છે કે ત્યાં ગળ્યું થાય કે ન થાય અહીંયાં તો પુરુષાર્થ થાય એટલે કાર્ય થાય, થાય ને થાય જ. આ તો સ્વભાવનો વિષય છે.

મુમુક્ષુ :- સ્વભાવ સાંભળતા રૂંવાટા ખડા થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વભાવ સાંભળતા કાળજામાં સોંસરવશ ઘા પડે. એવા શબ્દ પડ્યા છે. એટલે કેટલી ચોંટ લાગે. એમ લેવું છે. એ બધાનો મેળ ખાય છે. 'સોગાનીજી'એ એ જ વાત લીધી છે કે, સુનતે હી ચોંટ લગની ચાહીએ. સુનતે હી અગર ચોંટ નહિ લગી તો ફિર સુનને કા અભિપ્રાય બન જાયેગા. યહ બાત તો અચ્છી હૈ, આત્મા કી બાત હૈ, અચ્છી બાત હૈ. પરમાર્થ કી બાત હૈ. બાર-બાર સુનની ચાહિયે. હમકો બાર બાર યે સુનની ચાહિયે. ઔર સુનતે-સુનતે ઈસકા થોડા લાભ હો જાયેગા. બહુ સૂક્ષ્મતાથી વાત કરી છે. જો તને ચોંટ ન લાગે તો આ એક પાછો અભિપ્રાય તો નથી થઈ જતો ને જાણ્યે-અજાણ્યે? ના, ના હું સાંભળ્યા જ કરું... ના, ના હું સાંભળ્યા જ કરું. સાંભળતા સાંભળતા કાંઈક ફાયદો થઈ જાય. એ ભૂલો પડી ગયો. અહીંયાં ભૂલો પડી ગયો. એવો વિષય છે.

મુમુક્ષુ :- ચોંટ છે એ અભિપ્રાયને તોડવા માટે ....

પૂજ્ય ભાઈશ્રી :- એ એક ઘેરી, ઊંડી અસર ઊપજાવે છે પરિણામ ઉપર. અને એ ઊંડી અસર છે એ પરિણતિને તોડે છે. કારણ કે પરિણતિ બીજી ઊંધી ઊંડી અસરને લઈને ઊભી થઈ હોય છે. આ તો ત્રાજવાના પલ્લા જેવું છે. અહીં વજન વધે તો પેલું પલ્લુ ઊંચું થાય. સીધી વાત એ છે. ૪૦૦-૪૫૦ વચ્ચેના બોલ બધા એ Typeના છે. પ્રશ્ન ઉઠાવ્યો છે. ૪૩૯.

'**अंदर में तो कुछ दिखता नहि.**' અમને તો કાંઈ આત્મા દેખાતો નથી. આપ કહો છો કે અંદરમાં સિદ્ધપદ-મૂર્તિમંત સિદ્ધપદની મૂર્તિએ બિરાજમાન છે આત્મા. અહીં દેખાતો નથી. અંદરમાં કાંઈ દેખાતું નથી. જો કે અંદરમાં જોતો જ નથી. જોવે તો તો દેખાયા વિના રહે નહિ. કેમકે વસ્તુ હયાત છે. એની મોજૂદગી છે. સિદ્ધ છે

એમ નહિ, પ્રસિદ્ધ સિદ્ધ છે ખરેખર તો. સ્વરૂપપણે તો પ્રસિદ્ધ સિદ્ધ છે. '**अंदर में तो कुछ दिखता नहि और स्थिरता होती नहि...**' પરિણામમાં તો અંદરમાં કાંઈ સ્થિરતા લાગતી નથી. '**ईसलिये सुनने का भाव (अभिप्राय) रहता हे क्या करे?**' આવી વાતો થતી હોય, પ્રવચન જ્ઞાનીઓના થતા હોય, વિદ્વાનોના થતા હોય એ બધી વાતો થતી હોય, સાંભળ્યા કરીએ. બીજું આગળનું કાર્ય કરી નથી શકતા, સાંભળવાનું તો ચાલુ રાખીએ. એના ઉપર ફટકો માર્યો છે. પ્રશ્ન પૂછનાર કહે છે કે આગળ ચલાતું નથી એટલે આટલું ચાલીએ છીએ. એમાં એક ભૂલ થવાનો સંભવ છે. આ વાત સૂક્ષ્મ કરી છે. પહેલાં તો એને એમ કહ્યું કે તને વ્યવહાર શ્રદ્ધાન પણ નથી.

'**ईसमें तो व्यवहार श्रद्धा भी नहीं आयी.**' તારું વ્યવહાર શ્રદ્ધાનું પણ ઠેકાણું નથી એમ લઈ લીધું સીધું. એમની શૈલી જ એવી તીખી હતી. શાસ્ત્ર વાંચતો હોય ઘણા વખતથી, સાંભળતો હોય ઘણા વખતથી, અનેક ન્યાયો અને નયો સાંભળ્યા હોય, ધારણા કરી હોય એને કહે છે કે વ્યવહાર શ્રદ્ધા નથી તને. નિશ્ચય શ્રદ્ધાની વાત તો વિચારવાનો પ્રશ્ન જ નથી. એ ચર્ચાનો જ પ્રશ્ન નથી. વ્યવહાર શ્રદ્ધા નથી તારી. એ શેના ઉપરથી લીધું?

'**सुनने का अभिप्राय भी नहि होना चाहीअे.**' તારા પ્રશ્નમાં એવો અભિપ્રાય છે કે સાંભળવાનો ભાવ રહે છે એટલે અભિપ્રાય એમ છે કે આ સાંભળતા કોઈક દિવસ મારું કલ્યાણ થઈ જશે. આ અભિપ્રાય તારો ખોટો છે. એટલે વ્યવહાર શ્રદ્ધા નથી. એને સાધન ખોટું માન્યું. બુદ્ધિપૂર્વક સાધન ખોટું માન્યું. એ શલ્ય છે. ૮૫મા બોલમાં લીધું છે 'ગુરુદેવે' 'પરમાગમસાર'માં. જેમ કોઈ જપ-તપ ને ઉપવાસ કરતાં કરતાં મારું કલ્યાણ થઈ જશે, મારું કાર્ય થઈ જશે એમ માને એ શૈલ્ય છે, એમ શાસ્ત્ર વાંચતા વાંચતા કલ્યાણ થઈ જશે એમ માને એ પણ શલ્ય છે. એમ લીધું છે. મૂક્યા નથી શાસ્ત્ર વાંચવાવાળાને, છોડ્યા નથી. ખાલી ક્રિયાવાદીઓની જ ટીકા-ટીપ્પણી કરી છે એમ નથી. આ પણ ક્રિયા છે. શાસ્ત્રવાંચન એ તો બાહ્ય ક્રિયા છે.

મુમુક્ષુ :- આશ્રય ફેરવવા માટે ...

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રય ફેરવવા માટે અને ઉપાડીને એક તરફ લઈ જાય છે મૂળમાંથી. એનું મિથ્યાત્વ ખેંચી કાઢવું છે મૂળમાંથી. અભિપ્રાય નહિ થવો જોઈએ. પછી કૌંસમાં ખુલાસો કર્યો છે, '(**सुनने का राग होना और अभिप्राय होना-ईन दोनो में बहुत फरक है**).' રાગ આવે એ તો ગણધરદેવને રાગ આવે છે. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવાનો વિકલ્પ ગણધરદેવને આવે છે. રાગ થવો એક વાત છે, અભિપ્રાય થવો એ તદ્ન બીજી વાત છે. એ સાધનની ભૂલ છે. વ્યવહાર

શ્રદ્ધા નથી એમાં.

'**सुनते ही ईधर का प्रयास चालु हो जाना चाहिऐ.**' બસ, આ વાત છે. ભાઈ! મને તરસ લાગી છે પાણી આપજો, એમ કહે. કહે, ભલે આપું. ૫-૧૫ મિનિટ થઈ. જમતા-જમતા પાણી લીધા વગર બેઠા હોય તો પાણી ... પાણી આપજો. હા આપુ છું. જેમ જેમ ખાય એમ તરસ તો વધતી જાય, તીખું હોય પાછું. પાણી આપજો. હા આપુ છું. આપે નહિ. પછી શું થાય? કે શું આપુ છું, આપુ છું? (એમ અહીંયાં કહે), હા. સાંભળું છું ને. આત્માની વાત સાંભળું છું, આત્માની વાત સાંભળું છું. પણ આ સાંભળવામાં તને એમ કહે છે કે પુરુષાર્થ તારો ચાલુ થવો જોઈએ. તો કહે, હા સાંભળું છું ને, બરાબર છે પુરુષાર્થ થવો જોઈએ. હું ક્યાં પુરુષાર્થની ના પાડું છું. હું ક્યાં ના પાડુ છું. હું ક્યા ના પાડુ છું. હા પાડે છે તો કરતો કેમ નથી? આ સવાલ છે.

સાંભળતા જ પ્રયત્ન ચાલુ થાય એ વર્તમાન પાત્રતાનું લક્ષણ છે. એમાં વર્તમાન પાત્રતા આવે. એમાંથી એક ગર્ભિત વાત નીકળે છે કે જો પુરુષાર્થ ચાલુ ન કરે, જો પુરુષાર્થ ચાલુ ન થાય તો જાણ્યે-અજાણ્યે સાંભળવાનો અભિપ્રાય બંધાય જશે. બુદ્ધિપૂર્વક એવો વિચાર ન કરે કે મારે સાંભળવાને સાધન બનાવી નાખવું છે અને એ અભિપ્રાયથી ચાલું. અજાણપણે પણ એનો એ અભિપ્રાય થઈ જાય કે આ વાંચ, આ સાંભળું આમાંથી કાંઈક થઈ જશે. આમાંથી આમ કરતા કરતા કાંઈક મળી જશે. મોટું શલ્ય ગરી ગયું. શલ્ય એટલે મિથ્યાત્વ સહિતનું પાપ. એનું નામ શલ્ય છે. એવા બોલ ઘણાં લીધા છે. અવારનવાર એ વિષય આવે છે. '**सोचते रहनेसे जागृति नहि होती. ग्रहण करने से जागृति होती है. सोचने में वस्तु परोक्ष रहती है और ग्रहण करने में वस्तु प्रत्यक्ष होती है.**' ઘણી ચોખવટ કરી છે. '**सुनते रहने से और सौचते रहने से तो वस्तु की प्राप्ति नहीं होती, ईसलिये ग्रहण करने अभ्यास शुरु होना चाहिये.**'

૩૦૬ જાગતા જીવવાળો બોલ છે. જાગતો જીવ ઊભો છે, કયાં જાય? તું જાગતો જીવ છો. કહે ને આ રહ્યો હું જીવતો-જાગતો. એટલે પોતાની હયાતી લેવી છે એમાં. આશ્રયસ્થાન પોતાની સત્તા છે. આશ્રયસ્થાન પોતાની હયાતી છે. અને શ્રદ્ધાનું એ મુખ્ય કાર્ય છે અથવા શ્રદ્ધાનું તે એક માત્ર કાર્ય છે, પૂરી શકિતથી સત્તાને ગ્રહણ કરવાનું.

'**અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ.**' અનેક પ્રકારના ઉદયમાન થતાં રાગાદિ ભાવો, વિકલ્પો એનો તને પ્રેમ છે. પ્રેમ છે એની સાબિતી એ છે કે એમાં એકત્વબુદ્ધિએ તું વર્તી રહ્યો છો. અભેદભાવે વર્તી રહ્યો છું. એટલો પ્રેમ છે

કે જુદો ન પડે એટલો પ્રેમ છે. સાધારણ પ્રેમ નથી. એને વિભાવનો પણ અંદાજ નથી. સ્વભાવનો તો આવે ક્યાંથી? એક સમયના વિકલ્પ સાથે એકત્વ થાય છે એ ઘણો પ્રેમ છે એના ઉપરનો.

મુમુક્ષુ :- ધોસરું ઊંચું કરે અને...

પૂજ્ય ભાઈશ્રી :- અભેદ. એમાં તો કાંઈ જુદું રહેતું નથી. આમાં તો સાવ અભેદ લપેટ થઈ ગયો. જાણે વિકલ્પ જુદી ચીજ જ નથી. તે જ હું, એ જ સર્વસ્વ.

મુમુક્ષુ :- આટલો ઊંધો પડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂરો ઊંધો પડ્યો છે. પૂરેપૂરો ઊંધો પડ્યો છે.

'**અનાદિના અભ્યાસથી...**' એટલે અનાદિના પરિણમનથી. વિચારથી નહિ પણ પરિણમનથી, ઊંધા પુરુષાર્થના અભ્યાસથી. ઊંધો પુરુષાર્થ એટલો ચાલ્યો છે. '**વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ.**' એ વિભાવનો પ્રેમ તને સ્વભાવ બાજુ આવવા દેશે નહિ. સ્વભાવ બાજુ આવવાનું એ જ અવરોધક કારણ છે. જેટલો અશુભરસ અવરોધક છે એટલો જ શુભરસ અવરોધક છે. કેમ કે બંને વિભાવરસ છે. વિપરીત રસ છે બંને. એટલે શુભભાવમાં મુમુક્ષુ આવે તોપણ એને એમાં જાગૃતિ અને સાવધાની રાખવાની છે કે આ રસ વૃદ્ધિગત કરીને હું આત્માને પામી શકીશ નહિ. પ્રેમ લાગ્યો છે એટલે રસ લાગ્યો છે. વિભાવમાં તને રસ લાગ્યો છે. એ વિભાવરસ છોડી દે.

'**જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી.**' આ એક મુમુક્ષુતાનું લક્ષણ લીધું છે કે જેને આત્મસ્વરૂપની રુચિ છે, રુચિનું પોષણ જેને કરવું છે એને એનો આત્મા પોષાય છે અને આત્મા સિવાય કોઈ વાત એને પોષાતી નથી. બાકી તો બધા પૂર્વ કર્મના ઉદય અનુસાર ઉદયના ખેલ છે. મૂળ ચીજ છે એ આત્મા છે. જે પોતાને રસ કસનો વિષય છે એ તો પોતાનો આત્મા છે. બાકીના જેટલા બધા સંયોગ-વિયોગના જે પ્રકાર ઊભા થાય છે, શરીરથી માંડીને બીજા સંયોગોના, એ પૂર્વકર્મ અનુસારના ખેલ છે. આ ધણી થઈને ફરે છે કે મેં આમ કર્યું... મેં આમ કર્યું. વાતમાં કાંઈ માલ નથી. એને એમ લાગે કે મારી લઈને બધા કામ થાય છે. વાત તદ્ન ખોટી છે.

મુમુક્ષુ :- ખોટું બંધન બાંધે

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનું તો બંધન એટલે શું છે કે આ બાજુનો રસ્તો એ પ્રકારના આવેગમાં સૂઝે નહિ. અંદરમાં જે માર્ગ સૂઝવો જોઈએ (એ સૂઝે નહિ). આ બોલ આવ્યોને? વિચાર કરવાથી, સાંભળવાથી નહિ પમાય, ગ્રહણ કરવું જોઈએ.

પણ ગ્રહણ કરવું કેવી રીતે? ગ્રહણ કરવાની સૂઝ આવવી જોઈએને. એ સ્વભાવને લક્ષમાં હુંપણે લેવાય તો એનું ગ્રહણ થાય. એમાં ઉગ્રતા આવે એટલો આશ્રય થાય. નહિતર વિકલ્પ ઉપર ઉપરનો આવે. એનાથી કોઈ કામ થતું નથી. આ તો બહુ સારું લક્ષણ લીધું છે. ... આત્માર્થીને દશા થઈ જાય છે. '**જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી.**' બીજું પોષાતુ નથી એટલે એને વિકલ્પો પણ પોષાતા નથી. સંસારિક કાર્યના વિકલ્પો તો બોજારૂપ લાગે જ લાગે એમાં પ્રશ્ન નથી, પણ આ વિચારમાં વિકલ્પો છે, તત્ત્વના વિચારના વિકલ્પો છે, શાસ્ત્ર વાંચનના-વિચારના વિકલ્પો છે એ પણ એને પોષાતા નથી. એ ન પોષાય ત્યારે આત્મા પોષાણો છે. આમ વાત છે. આ પણ પોષય છે અને આ પણ પોષાય છે એમ બે વાત રુચિના પોષણમાં સમાવેશ પામતી નથી. આ તો બહુ સારું લક્ષણ લીધું છે.

'**જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી.**' ત્રિકાળી અફર સિદ્ધાંત છે આ. ત્રણેય કાળે આ સ્થિતિમાં આવે છે એને વિકલ્પની નિવૃત્તિ થાય છે. કેમકે એને વિકલ્પનો રસ ન રહ્યો. વિકલ્પ થાય પણ એનો રસ નથી. અને પેલો વિકલ્પ પોતે કર્તાબુદ્ધિએ કરતો જાય છે અને એનો રસ એને ઊપજે છે. ત્યાં આત્મરસનો અભાવ છે. વિકલ્પરસમાં, રાગરસમાં આત્મરસનો અભાવ છે. જે આત્માનો રસ પોષાય છે ત્યાં વિકલ્પરસનો અભાવ થાય છે. પરસ્પર સામે સામે છે.

મુમુક્ષુ :- ૩૦૦ નંબરનો બોલ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- '**પોસાણમાં તો એક આત્મા જ પોષાય તેવું જીવન કરી નાખવું જોઈએ.**' પરિણતિ થઈ જવી જોઈએ. ક્યારેક રુચિ બહુ સારી કામ કરે છે. કોઈ એમ કહે, ક્યારેક અમારી રુચિ બહુ સારી કામ કરે છે. એમ નહિ. પરિણતિ- એવું જીવન કરી નાખવું જોઈએ, એવી પરિણતિ થઈ જવી જોઈએ કે આત્મા જ પોષાય, બીજું કાંઈ પોષાય નહિ.

મુમુક્ષુ :- ક્યારેકે રુચિ કામ કરી જાય એ રુચિ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ નથી, ભ્રમણા છે. રુચિ સંબંધીની એ ભ્રમણા છે. રુચિ-કુચિ કેવી ત્યાં?

એમ '**જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી...**' આવી સ્થિતિમાં આવનારને. '**તેનાથી આત્મા ગુપ્ત રહી શકતો નથી.**' અથવા આત્મા અપ્રાપ્ય રહી શકતો નથી. એને અનુભવ ન થાય એવું ત્રણ કાળમાં બને નહિ. પોતાના સ્વાનુભવથી એમ કહે છે કે આ સ્થિતિએ જો મુમુક્ષુ આવે, એને આત્મા અપ્રાપ્ય રહી જાય (એમ બને નહિ). તર્ક ઉઠાવવાવાળા તો ત્યાં સુધી તર્ક ઉઠાવે છે, કે

એવી રુચિ થઈ ગઈ અને આયુષ્ય પૂરું થવાની તૈયારી હોય તો? એવો તર્ક ઉઠાવે. હવે તારે શું કરવાનું છે એ નક્કી કરને. આયુષ્ય પૂરું થવાનો વિકલ્પ તને કેમ વચ્ચે આવ્યો? આવું થાય એને આમ થાય જ. આયુષ્ય પૂરું થશે તો તરત જ બીજા ભવમાં પકડી લેશે. હવે એની રુચિ જાગી છે એનો Power કાંઈ થોડો નથી.

એ તો દેહનો ગ્રહણ-ત્યાગનો બહારનો ફેરફાર થયો. અંદરમાં ભાવમાં શું ફર્યું છે? આ ભવમાં કરે કે બીજા ભવમાં કરે, એને શું ફરક છે? થોડો સમય આઘો-પાછો થયો એથી કાંઈ બીજો ફરક પડતો નથી. એ તો ગૌણ છે. અનંત કાળમાં થોડા સમયનું વહેલું-મોડું એ તો અત્યંત ગૌણ વાત છે.

મુમુક્ષુ :- ઉદયમાં ફેર પડશે, રુચિમાં ફેર નહિ પડે.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિમાં નહિ પડે. રુચિ લઈને ગયો એ પાછો ત્યાં જાગી જવાનો છે.

'**તેનાથી આત્મા ગુપ્ત રહેતો નથી.**' તેનાથી આત્મા અપ્રાપ્ય રહેતો નથી. '**જાગતો જીવ ઊભો છે...**' આ તો (કાંઈ) ધ્વનિ છે વચનોનો! '**જાગતો જીવ ઊભો છે...**' આ પોતે હયાત ઊભો છે. મોટો સૂર્યનો પ્રકાશ થાય તો કહે, ભાઈ! સૂરજ દેખાડોને, ભાઈ! સવાર પડે, સૂરજ ઊગે અને કોઈ માગણી કરે કે ભાઈ! સૂરજ દેખાડો ને અમને. સૂરજ દેખાડોને અમને. અમારે સૂરજ જોવો છે. એને પૂછવું પડે કે તું ઘુવડ છો? તું છો કોણ? સૂરજ દેખાડો એમ કહે છે તો ઘુવડ લાગે છે, એ માણસ નથી લાગતો. સૂરજ કોને દેખાડવો પડે? સૂરજ દેખાડવો પડે એવી ચીજ છે? એવું સ્વરૂપ ગુપ્ત છે અને નથી સમજાયું અને સૂક્ષ્મ છે એટલે બહુ સૂક્ષ્મ છે અને આપણને ન પકડાય એમ ન લેવું અહીંયાં.

પાછી એની પોતાની હયાતી એવી છે કે બહુ જાગૃત જીવ છે, જાગતો જીવ છે, પ્રગટ જીવ છે, હયાત જીવ છે. એની હયાતી-સત્તા છે. અમિટ સત્તા છે-મિટાવી ન શકાય એવી જેની સત્તા છે. એને કાઢવો હોય, એનો નાશ કરવો હોય તો કાંઈ થઈ શકે એવું નથી. મિટાવી શકાય એવું નથી. જીવની હયાતી મટાડી શકાય એવું નથી. શરીર છેદાઈ જાય, ભેદાઈ જાય, અંગ-ઉપાંગ કપાઈ જાય. Operation કરીને કાપવા પડે. અંદરથી એક પ્રદેશનો ફેર પડે એવું નથી. એવી શાશ્વત હયાતી છે. અનંત અસ્તિત્વ બળ છે. અસ્તિત્વ બળ પણ અનંત છે. એના ઉપરથી લે છે.

'**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?**' એ ક્યાંય એને દૂર કરી શકાય એવો વિષય નથી. એમ કહે છે કે દૂર કરી શકાય એવો વિષય નથી. 'ધર્મદાસજી' બહુ સરસ લ્યે છે. સૂર્ય પોતે સૂરજને ગોતવા નીકળે કે અંધારું થઈ ગયું છે લાવ સૂરજને ગોતી

આવીએ? સૂર્ય બીજા સૂરજને ગોતવા નીકળે નહિ અને સૂર્ય પોતાના સૂરજને ગોતવા પણ નીકળે નહિ. આ એવું છે પોતાનું. વિષયની કેટલી નજીકતા છે ભાવની અંદર! એ શૈલી કરી છે.

મુમુક્ષુ :- બહુ સરસ શૈલી છે ...

પૂજ્ય ભાઈશ્રી :- શૈલી ઘણી જોરદાર છે. 'સોગાનીજી'ના જીવનમાં 'ધર્મદાસજી'ની ઝાંય ઘણી છે.

મુમુક્ષુ :- 'ધર્મદાસ ક્ષુલ્લક'ની ભાષા પણ કડક છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉગ્ર છે. ઉગ્ર છે. આમ તો પહેલેથી વીર્યના ક્ષયોપશમવાળા તો હતા. તપ, તપશ્ચર્યા, જાત્રાઓ બહુ કરી છે એમણે. ક્રીયાકાંડી હતા બહુ મોટા. ગુરુએ એને ફટકો માર્યો કે આંધળો છો? અંધા હૈ ? આ એમાંથી ફર્યા. પછી તો એના પુરુષાર્થનું શું કહેવું? દીશા મળી અને ઉપડ્યા.

મુમુક્ષુ :- દૃષ્ટાંત પુષ્કળ આપ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટાંતનો જ ગ્રંથ છે. 'સમ્યગ્જ્ઞાન દીપિકા' તો દૃષ્ટાંતનો જ મોટો ગ્રંથ છે. એક ભાગમાં તો દૃષ્ટાંગ-સિદ્ધાંત સાથે આપ્યા છે. એક પાછળનો ભાગ તો એકલા દૃષ્ટાંતનો છે. સિદ્ધાંત નથી. સિદ્ધાંત તમારી મેળે ઘટાવી લેજો. હું દૃષ્ટાંત જ કહીશ. એકલા દૃષ્ટાંતની જ વાત લીધી છે. વિભિન્ન પ્રકારે. કેટલાક તો 'સમયસાર'માં પણ એ દૃષ્ટાંતો આવે છે. .. વિભિન્ન શાસ્ત્રોમાં આવે છે. કેટલાક તો શાસ્ત્રમાંથી ધારણામાં રહ્યા હોય એ વિષય આવે તો કેટલોક એમને પોતાને અંદરથી ઊગેલો વિષય આવે. ઘણી વાતો, નવ વાતો પણ ઘણી.

મુમુક્ષુ :- ૪૭ નય લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નય લીધા છે. નય લીધા છે. પોતાની રીતે વાત કરી છે.

મુમુક્ષુ :- આ બોલ મહત્ત્વનો છે, કાલ લેવો પડશે.

પૂજ્ય ભાઈશ્રી :- બોલ બહુ સારો છે.

'**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય**?' એનો જે વચનનો જે ધ્વનિ છે એ એટલો બધો સુંદર છે કે એક સૂત્ર જેવું થઈ ગયું. 'પૂજ્ય બહેનશ્રી'નું આ વચનામૃત એ સૂત્ર જેવું થઈ ગયું છે કે તારે તારી હયાતી તારે પકડવી છે? તારી મોજૂદગીને ગ્રહણ કરવી છે? તારું શ્રદ્ધાનું તો આટલું જ કાર્ય છે. ક્યાં ગોતવા જાય છે? જાવાનો ક્યાં પ્રશ્ન છે? હું... હું... હું... હું... હું... હું... હુંપણા વડે કરીને આસ્તિક્યતા તો ધારણ કરે છે તું. હવે સ્વપદમાં આસ્તિક્ય ધારણ કર. આટલી વાત છે. જ્ઞાનપદમાં અસ્તિત્વ ધારણ કર.

તા. ૭-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૦૭
પ્રવચન નં. ૨૩૪

તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે; તદ્નુસાર પરિણમતાં મોહ ઊભો રહેતો નથી. ૩૦૭.

'**તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે;...**' અસિ એટલે તલવાર. '**તત્ત્વનો ઉપદેશ...**' આ બે શબ્દનો વિસ્તાર કરીએ તો ઘણો વિશાળ વિષય છે. સંક્ષેપમાં લઈએ તો સ્વ-પર તત્ત્વનો ઉપદેશ. બે જ વિભાગ કરવામાં આવે. પોતાનું સ્વતત્ત્વ છે, ત્રિકાળ નિર્મોહી તત્ત્વ છે. એવું તત્ત્વ ઉપદેશમાં દર્શાવવામાં આવે છે કે તું તને જો. એ લીધું ૩૦૫માં. તું તને જો. તારું સદાય પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છે. પૂર્ણ વીતરાગતા એ તારું મૂળ સ્વરૂપ છે. એવો જો તું તને જો તો મોહ ઉત્પન્ન થાય એવું બને નહિ, બની શકે નહિ. અથવા સ્વભાવને ઉપદેશમાં એવી વિધિથી દર્શાવવામાં આવે છે કે સ્વભાવ જોનારને એમ લાગે છે કે સ્વભાવે કરીને તો આત્મામાં મોહને ઉત્પન્ન કરવો જ અશક્ય છે.

જેમ આત્માને ઠંડો-ઊનો કરવો અશક્ય છે. ઠંડો-ગરમ, ઠંડા-ઉષ્ણ આત્માને કરી શકાય નહિ. એમ સ્વભાવે કરીને આત્માને જોતાં આત્માને મોહ-રાગ-દ્વેષ કરી શકાતો નથી. આનું નામ સ્વભાવદૃષ્ટિ છે. તત્ત્વનો ઉપદેશ સ્વભાવદૃષ્ટિએ છે. સ્વભાવદૃષ્ટિ છોડીને તત્ત્વનો ઉપદેશ ક્યાંય નથી. સત્શ્રુતને વિષે, સત્શાસ્ત્રને વિષે સ્વભાવદૃષ્ટિને છોડીને ક્યાંય તત્ત્વનો ઉપદેશ નથી.

એવી જ રીતે પરતત્ત્વનો વિષય છે. જે પરપદાર્થને જોતા વ્યામોહ થાય છે, જે પરપદાર્થ જ્ઞાનમાં આવતા તત્સંબંધિત વ્યામોહ ઉત્પન્ન થાય છે તે પરપદાર્થને પરપણે જેવું એનું વસ્તુનું સ્વરૂપ છે એવું જોવે, ભિન્ન સ્વરૂપ જોવે તો મોહ ઉત્પન્ન થવાનો કોઈ અવકાશ નથી. કોઈ ગુંજાઈશ નથી. આમ સ્વને કે પરને કોઈને પણ જોતાં વસ્તુનું સ્વરૂપ જે રીતે ઉપદેશમાં દર્શાવ્યું છે તે રીતે મોહને ઉત્પન્ન થવાની કોઈ જગ્યા નથી. ઉપદેશ ભલે નિમિત્તના સ્થાને છે, નિમિત્તની મર્યાદા છે તોપણ અહીંયાં તો નિમિત્ત ઉપાદાનની સંધિ લીધી છે. જેવો ઉપદેશ છે અને ઉપદેશમાં જે નિમિત્તત્વ છે, '**તદ્નુસાર પરિણમતાં...**' આ ઉપાદાનનો વિષય લીધો છે.

'**तद्अनुसार परिणता...**' એ ઉપાદનની વાત લીધી છે. જેવો ઉપદેશ છે એવું જ જો પરિણમન થાય તો અનાદિથી જે મોહની સંતતિ ચાલી આવે છે-પરિણામ શ્રૃંખલા, એ છૂટી જાય છે. એ મોહ નવી દશામાં ઊભો રહે એમ બને નહિ. એટલે કે નવો ઉત્પન્ન જ ન થાય એમ લેવું છે. ઊભો ન રહે. આવું વસ્તુનું સ્વરૂપ છે. સ્વ-પર વસ્તુનું આવું સ્વરૂપ છે. અને ઉપદેશની આ વિશિષ્ટતા છે અથવા આ મહિમા છે. ઉપદેશ છે એ દ્રવ્યશ્રુત રૂપ છે અને દ્રવ્યશ્રુતની આ રીતે મહિમા છે.

કાલે આપણે થોડો એ વિષય લીધો હતો. બીજો કળશ. જે પ્રત્યક્ષ આત્માને દર્શાવે છે, ભિન્ન આત્માને દર્શાવે છે, સર્વજ્ઞ સમાન એવા આત્માને જે દર્શાવે છે એ વાણીને પણ નમસ્કાર કર્યા વિના ચાલે નહિ. કેવી ભાષા લીધી છે! નમસ્કાર કર્યા વિના ચાલે નહિ. કોઈ ઉડાડે તો એ ઉડાડવા જેવી વાત નથી. ન ચાલે. એમ એ વાત ન ચાલે, એમ કહે છે. તર્ક કરી શકે છે કોઈ કે તત્ત્વનો ઉપદેશ તો ઘણો સાંભળ્યો. 'સમયસાર' વાંચ્યું, 'ગુરુદેવશ્રી'ને પણ પ્રત્યક્ષ સાંભળ્યા પણ કાંઈ ઉપદેશનું કામ થયું નહિ, ઉપદેશે કાંઈ કામ કર્યું નહિ. તો '**तत्त्वनो उपदेश असिधारा जेवो छे;...**' અસિધારા એટલે જેમ તલવારનો ઘા નિષ્ફળ જતો નથી એમ ઉપદેશ નિષ્ફળ જતો નથી. પણ અહીંયાં તો નિષ્ફળ જાય છે એમ લાગે છે. એ તર્ક કરી શકે છે. કહે છે, એને માટે ઉપદેશ, ઉપદેશના સ્થાને હતો જ નહિ.

જેને ઉપદેશ અનુસાર પરિણમન થવાનો પ્રયત્ન ઉત્પન્ન ન થયો, પ્રયત્ન ઉત્પન્ન ન કર્યો એને એ ઉપદેશ, ઉપદેશના સ્થાને એના માટે તો નહોતો. અથવા તત્ત્વનો ઉપદેશ અસિધારા જેવો છે એમ કોણ કહે છે? કે જે ઉપદેશ સાંભળતા એ ઉપદેશ અનુસાર પ્રયત્ન કરી, પુરુષાર્થ કરી અને પરિણમન ચાલુ કરે છે એને પ્રતીતિ થાય છે- ખાતરી થાય છે કે આ ઉપદેશ છે એ ઉપદેશ નિષ્ફળ જાય એવો ઉપદેશ નથી. શાંત ચિત્તે આ એક મુદ્દા ઉપર વિચાર કરે. ..માં એક 'સમયસાર' લઈએ. ભગવાન 'કુંદકુંદાચાર્યે' બે હજાર વર્ષ ઉપર લખેલું શાસ્ત્ર છે. પણ એવું શાસ્ત્ર છે કે એ વાંચે અને એ નિષ્ફળ જાય એવો વિષય નથી. એવું એમાં જબરદસ્ત નિમિત્તત્વ રહેલું છે અને જેને પરિણમ્યું એને એમ લાગ્યું છે કે બરાબર છે. તત્ત્વનો ઉપદેશ તો અસિધારા જેવો જ છે. જેમને અનાદિથી પ્રવર્તતા, ચાલ્યા આવતા મોહમાં ઊભો ન રહેવા દે એવો જરૂર, જરૂર ઊભો ન રહેવા દે એવો જ આ ઉપદેશ છે. એની પ્રતીતિ થાય છે એને. એ દૃષ્ટિકોણથી એ સંબંધી જો વિચાર ચાલે તો પ્રતીતિ આવે એવું છે. અહીંયાં તો કહેનારે અનુભવ કરીને કહ્યું છે કે અસિધારા જેવો જ છે. ખરેખર મોહને કાપી જ નાખે છે. અનાદિથી રૂઢ થયેલો મોહ એને ખલાસ કરે છે. બરાબર એના

ઉપર ઘા મારે જ છે.

'મોહ ઊભો રહેતો નથી.' એમ તો ઠીક પણ મોહ ક્યાં ચાલ્યો જાય છે એનો પત્તો લાગતો નથી. એવું જબરદસ્ત તત્ત્વ છે. તત્ત્વનું સામર્થ્ય કેટલું? કે મોહ ક્યાં ચાલ્યો જાય એનો પત્તો લાગતો નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા, વસ્તુગતે વસ્તુ વિચારે..

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુના સ્વરૂપે વસ્તુ વિચારે. વસ્તુ ગતે એટલે વસ્તુના સ્વભાવથી વસ્તુને વિચારે એવા કોઈ વિરલ જીવો હોય છે. જગતની અંદર એવા જીવો વિરલ હોય છે અને એ શાંત થઈને, નિર્મોહી થઈને પોતાના આત્મામાં ઠરી જાય છે. એને પછી મોહનો ઉછાળો આવતો નથી. ભ્રમણા ખલાસ થઈ જાય છે. નથી મોહ આત્માના સ્વભાવમાં, નથી મોહ ઉત્પન્ન થાય એવું કાંઈ પરદ્રવ્યની પર્યાયમાં. બેમાંથી એકેયમાં એવું નથી. એવું વસ્તુનું સ્વરૂપ શ્રુતજ્ઞાનને વિષે સ્પષ્ટ દર્શાવેલું છે.

ખરેખર તો આ દ્રવ્યશ્રુતનો મહિમા છે. આવું દ્રવ્યશ્રુત છે એ આ કાળની અંદર વિદ્યમાન છે. એનો બીજો અર્થ એ છે કે તદ્નુસાર પરિણમનારા જીવો પણ વિદ્યમાન છે. નિમિત્ત વિદ્યમાન છે તો ઉપાદાન પણ વિદ્યમાન જ છે. નિમિત્ત વિદ્યમાન હોય...

મુમુક્ષુ :- જીવ સાંભળતા ... ચડી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રયત્ન કરે તો ચડી જાય બરાબર. શું કરવા ન ચડે? સાંભળતા વેંત જ વર્તમાન પાત્ર છે એ તો એનો પ્રયોગ ચાલુ કરી દે છે કે આમ કહે છે કહેનાર વીતરાગ છે, વીતરાગી વાણી છે. તો હું મારામાં એનો અખતરો કરીને નક્કી કરી લઉં. પ્રયોગ કરીને હું નક્કી કરી લઉં. સોનીએ આપ્યું કે આ સોનું છે. તો કસોટી ઉપર ઘસી લઉં. સોનું છે એની ખાતરી થઈ જાય. દેખાવમાં તો સોનું જ લાગે છે. પણ કસોટી ઉપર ઘસતા એની પ્રતીતિ આવે છે. આ પ્રયોગ છે એની કસોટી છે. એને પોતાને એ પ્રતીતિમાંથી કોઈ પછી વિચલિત કરી શકે નહિ. જ્યારે કસોટી કરીને એને પ્રતીતિ આવી હોય તો એમાંથી કોઈ એને વિચલિત કરી શકે નહિ.

એટલે એમ કહેવાય છે કે અજૈન જૈન થાય પણ જૈન અજૈન ન થાય. જો સમજીને અજૈન જૈન થયો હોય એ સમજીને જૈન થઈને રહ્યો હોય તો એ જૈન અજૈન ન થાય. અજૈનમાંથી ઘણા જૈનમાં આવે. કેમકે એ વસ્તુ એવી નક્કર છે, એવી Solid વાત છે કે એને ખોટી વાત છોડી દેવી પડે. આ વાત સત્ય છે. સત્યનો સ્વીકાર કરવો જ પડે. એવું નક્કર સત્ય છે. પણ સત્યને નક્કર સત્ય તરીકે સમજ્યા પછી કોઈ

અસત્ય વાત છે એ વાત સંમત થઈ શકતી નથી.

પ્રાથમિક પ્રયોગ લઈએ દૃષ્ટાંત તરીકે કે કોઈપણ ઉદયમાં જીવને ગભરાટ થયો લ્યો. એવો ઉદય આવ્યો કે ગભરાટ.. ગભરાટ.. ગભરાટ થઈ ગયો. શું થાશે? શું થાશે? શું થાશે? એ એટલું જ જોવે કે જે કાંઈ થાશે એ આત્મામાં થશે કે આત્માની બહાર થશે? મારો આત્મા તો જ્ઞાનતત્ત્વ છે અને જ્ઞાનતત્ત્વ છે એમાં સિવાય જ્ઞાન બીજું થવાનો શું અવકાશ છે? શું ગુંજાઈશ છે? એક તપાસ કરે કે આમાં તો જ્ઞાન સિવાય બીજું કાંઈ થઈ શકે એવું નથી. તપાસમાં જ જાય. આત્મા જ્ઞાનતત્ત્વ છે એમ સાંભળ્યું તો ખાલી એની તપાસમાં જાય કે બહારના ફેરફારથી તારા જ્ઞાનતત્ત્વને શું થયું? એ તો હજી જાણ્યા જ કરે છે. જ્ઞાનનું કાર્ય માત્ર જાણવું એ માત્ર જાણવું જ થયા કરે છે એમાં તો. મને આ થયું એનું દુઃખ છે.

'ગુરુદેવશ્રી' તો ત્યાં સુધી કહેતા કે નારકીમાં નરકનું દુઃખ નથી, નરકની પ્રતિકૂળતાઓનું દુઃખ નથી, નરકના સંયોગોનું દુઃખ નથી, શરીરના રોગ અને વેદના અને પીડાનું દુઃખ નથી. તો શેનું દુઃખ છે? કે આ મને થાય છે એનું દુઃખ છે. આટલું દુઃખનું કારણ આ છે કે આ મને થાય છે. જ્યારે તત્ત્વનો ઉપદેશ અહીંયાં ઘા કરે છે કે તું જો તો ખરો તને થાય છે કે નહિ? તને એમ થઈ ગયું, એવી ભ્રમણા થઈ ગઈ, એવો અધ્યાસ થઈ ગયો કે મને થાય છે. પણ તું જોતો ખરો કે તને થાય છે કે નહિ? બસ! આ જોવા જાય ને ત્યાં એનો દુઃખનો પારો એનું Metre નીચે આવ્યા વગર રહે નહિ. આ તો પહેલે પગથિયે પ્રતીતિ આવે એવો-વિશ્વાસ આવે એવો વિષય છે. એનું એ જ વખતે દુઃખ રસથી ઘટતું હોવાને લીધે, રસની માત્રા તૂટતી હોવાને લીધે એને એકદમ પ્રતીતિ આવે છે. અસાધારણ પ્રતીતિ આવે છે કે આ માર્ગ જ સાચો છે. આ તત્ત્વનો ઉપદેશ સાચો છે. આ વિષય સાચો છે. આ Lineમાં-આ માર્ગમાં આગળ વધવા જેવું છે. હજી પહેલે પગથિયે આટલો ફરક પડે છે તો આનું સાક્ષાત્ પરિણમન હોય તો નારકીની વેદનાથી પણ છૂટો પડે એમાં કોઈ મોટી વાત નથી. ચોક્કસ છૂટો પડી શકે.

બીજી જગ્યાએ એક જગ્યાએ એવી વાત લીધી છે કે, શ્રીગુરુના વચનો રામબાણ જેવો અમોઘ ઉપાય છે. અમોઘ શસ્ત્ર છે. આગળ આવી ગયું. રામબાણનો વિષય આવી ગયો. જેમ 'રામ'નું બાણ ખાલી ન જાય એમ શ્રીગુરુનું વચન ખાલી જાય એવું નથી. એટલે કે એનું ફળ કોઈને કોઈ લાયક જીવમાં આવે, આવે ને આવે જ. બહુભાગ જ્ઞાનીની-ધર્માત્માની વાણી નિષ્ફળ જતી નથી. કોઈને કોઈ જીવ પોતાના સ્વરૂપનું અનુસંધાન કરી લે એવો જ્યાં વિષય વાણીમાં પ્રગટ

થયો, નક્કી કોઈ સામે એવી યોગ્યતાવાળો જીવ (છે). એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઊભો થવાનો છે એ વાત નક્કી છે. પોતે તૈયારી કરી લેવી જોઈએ આટલી વાત છે.

આ તો સાક્ષાત્ પરિણમનથી વાત છે એટલે બીજો તો આમાં કાંઈ પ્રશ્ન રહેતો નથી. ઉપદેશ '**તદનુસાર પરિણમતા મોહ ઊભો રહેતો નથી.**' અથવા મોહ ઉત્પન્ન થતો નથી. એને ઉત્પન્ન થવાની જગ્યા રહેતી નથી. જેમ કોઈ દોરડીમાં સાપ માનીને ભયવાન થતો હતો. દોરડું હતું એને સાપ માનીને ભય થયો. એને દોરડું જાણતા કેવી રીતે ભય થાય? આ તો દોરડું છે, સાપ છે જ નહિ ને. પછી ભય કરવો હોય તો થાય? સાપ નથી ને દોરડું છે એમ જોઈ લીધું, એવો ખ્યાલ આવી ગયો કે આ તો દોરડું છે પછી સાપનો ભય એમાં થાય ખરો? બસ! આટલો વિષય છે આ. ભ્રમણાની નિવૃત્તિ એ આટલો જ વિષય છે. ભ્રમણાની નિવૃત્તિ એ મોહની નિવૃત્તિ છે અને ભ્રમણાની પ્રવૃત્તિ એ મોહની પ્રવૃત્તિ છે. દર્શનમોહનું મુખ્ય કામ જ્ઞાનમાં ભ્રમણા થવી એ છે. એ દર્શનમોહનો પ્રભાવ છે.

પાછો ઉપદેશ બધા તબક્કે એવો છે. કોઈપણ સ્તરથી અથવા કોઈપણ સ્તરની યોગ્યતાવાળા જીવને તત્ત્વનો ઉપદેશ લાગુ ન પડે અને વાત અધૂરી રહે એવું ઉપદેશની અંદર પણ નથી. આવી રીતે ઉપદેશની પદ્ધતિ છે આખી. બધા જીવોની યોગ્યતા એકસરખી હોતી નથી અથવા યોગ્યતાનો સ્તર બધા જીવોનો એકસરખો હોતો નથી. પણ કોઈપણ જીવને ગમે ત્યાંથી એની યોગ્યતામાંથી પ્રશ્ન ઊઠે તો એને અસમાધાન ન થાય એવી ઉપદેશની અંદર વ્યવસ્થા છે. એટલે જેની એ વિષય ઉપર Mastery છે, Control છે એ તો એમ કહે છે કે ગમે ત્યાંથી પ્રશ્ન આવે. એ પ્રશ્નની સામે એને સર્વાંગ સમાધાન સ્વરૂપ જો પોતાનો આત્મા એને સમીપ છે તો એને અડીને સમાધાન સીધું આવે છે. ગમે ત્યાંથી પ્રશ્ન ન આવે.

કેમકે પ્રશ્ન પૂછવાનું મૂળ કારણ પણ સ્વતત્ત્વને છોડી દીધું છે માટે અસમાધાન થયું છે. સર્વાંગ સમાધાનસ્વરૂપ સ્વતત્ત્વની સમીપ જતા પણ અસમાધાન રહેતું નથી. તો એ સમીપ જઈને એનો ઉકેલ આમ ઊભો થઈ જાય છે. ઉત્તર દેનાર એની સમીપ જાય છે એટલે એનો ઉકેલ એને આવી જાય છે કે તમારા પ્રશ્નની અંદર ક્યાં ભૂલ થાય છે? એનું કારણ આ છે. આ રીતે ભૂલ થઈ છે, આ પ્રકારથી ભૂલ થઈ છે. એમ ઉપદેશની વિશાળતા અંદર કોઈ વાત બાકી રહેતી નથી. એટલે ખાલી નથી જતો. કોઈપણ સ્તરના કોઈપણ યોગ્યતાવાળા જીવને એનું સમાધાન મળે છે.

મોક્ષમાર્ગે, માર્ગે ચડવા ઇચ્છતા જીવને, માર્ગપ્રાપ્તિની અભિલાષાવાળા જીવને

અન્ય માર્ગે ન ચાલ્યું જવાય માર્ગે ચડતા ચડતા ચડવાને બદલે પડી ન જવાય કે માર્ગ ન સૂઝતો હોય એવી મૂંઝવણ અને અસમાધાન થતું હોય એ બધા પ્રકારનું Solution-સમાધાન આ તત્ત્વજ્ઞાનના ઉપદેશની અંદર રહેલું છે. આટલી સુંદર સુવિધા છે કે ગમે ત્યાંથી ગમે તે જીવ આવો, આ દ્રવ્યશ્રુતની અંદર વ્યવસ્થા છે. અખંડ મોક્ષમાર્ગ ઊભો છે વર્તમાનમાં. અખંડ એની પ્રરૂપણા પણ ઊભી છે અને હજી ધર્માત્માઓની શ્રૃંખલા તૂટી નથી. એને કહેનારા પણ ઊભા છે. વર્તમાનકાળ ઘણો દુષમ હોવા છતાં આ એક વર્તમાનકાળનું સૌભાગ્ય પણ છે. નથી એમ નથી. કાળ ઘણો દુષમ છે. એટલે કે વિપરીતતાના પરિણામવાળા જીવોનું બાહુલ્ય હોવા છતાં, એની બહુલતા હોવા છતાં આ પણ જગ્યા છે ખરી. પામવું હોય એને માટે સુકાળ છે અને નહિતર દુષમકાળ તો છે જ.

મુમુક્ષુ :- 'ધર્મદાસજી ક્ષુલ્લક'માં આ શબ્દ બહુ આવે છે, સ્વસ્વરૂપનો અનુભવગમ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સદાકાળ જાગતી જ્યોતિ છે. બરાબર છે. સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનસૂર્ય એ શબ્દ પણ બહુ લે છે. સમ્યગ્જ્ઞાનસૂર્ય એ શબ્દનો પણ ઘણો પ્રયોગ કરે છે. એ તો એમનો એક ઘૂંટણનો આ વિષય છે. મૂળ તો પોતે ઘણા ઘોલનમાં રહે છે. સ્વસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના ઘોલનમાં રહે છે. એટલે એ વિષયને બીજી રીતે વાણીમાં પ્રકાશવો એની શક્યતા બહુ અલ્પ છે. એટલે સ્વાનુભવગમ્ય... સ્વાનુભવગમ્ય... બધી જ વખતે સ્વસ્વરૂપની વાત આવે કે સ્વાનુભવગમ્ય... સ્વાનુભવગમ્ય... સ્વાનુભવગમ્ય... એમ જ વાત લે છે પોતે.

મુમુક્ષુ :- ઘૂંટણમાંથી આવે. અમારે ઘૂંટણમાં શું રાખવું?

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખીને એનું ઘૂંટણ થવું જોઈએ. પ્રથમ કાર્ય એને ઓળખવાનું છે. ઓળખ્યા વિના તો એની કિંમત નહિ આવે કે એનો રસ ચડશે નહિ. ગમે એટલી વાર એનું Repetition થાય છે તો એટલું જ લાબું કરે છે, ટૂંકુ નથી કરતા. નહિતર સામાન્ય રીતે એમ લખે કે ઉકત પરમાત્મા, ઉકત આત્મતત્ત્વ. એમ નહિ. જ્યાં જ્યાં ફરીને વાત આવે આત્માની તો સ્વસ્વરૂપ સ્વાનુભવગમ્ય સમ્યગ્જ્ઞાનમય પરબ્રહ્મ પરમાત્મા સદાય જાગતી જ્યોતિ જ્ઞાનસૂર્ય, એ બધે એટલા જ શબ્દો ફરીથી લખે છે. રસ ઘણો છે એનો.

જેટલી જેટલી વાર એ લખે છે એટલી એટલી વાર એ ભાવનો આવિર્ભાવ થાય છે. પોતાના આત્મભાવનો આવિર્ભાવ થાય છે. નિજ રસ વધે છે. પ્રગટ થયેલો

નિજ રસ વૃદ્ધિગત થાય છે. એટલે એ તો ગ્રંથરચના કહો કે ગ્રંથનું વાંચન-શ્રવણ કહો એ તો એક આત્મરસ વધવાનું નિમિત્ત અથવા બહાનું છે સાધકને. માટે એ તો પોતાનો રસવૃદ્ધિગત મુખ્યતાએ તો એ જ કરે છે.

મુમુક્ષુ :- તત્ત્વનું ઘૂંટણ ચૈતન્ય સાથે વણાઈ જાય. ૩૦૬ બોલ આવ્યો. વણાઈ જવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વણાઈ જવું જોઈએ. એવું જીવન થઈ જવું જોઈએ. જીવનમાં એ વણાઈ જવું જોઈએ. ચૈતન્યની સાથે વણાઈ જાય. તત્ત્વનું ઘૂંટણ, તત્ત્વનું પોષાણ, અંદરનું વાતાવરણ જ જુદું રહે. એના આત્મામાં પરિણતિ થાય તો અંદરનું વાતાવરણ જુદું થઈ જાય છે આખું. જગતના વાતાવરણથી એ જુદો પડી જાય છે અને અંદરનું વાતાવરણ જુદું થઈ જાય છે. બસ! એટલે જગતના બધા કાર્યોનું ચિત્ર કેવી રીતે આત્માને નુકસાન કરે છે એ બધું સ્પષ્ટ થાય છે એ ચિત્રમાં. અને પોતે પોતાની જાતને કોઈપણ પ્રસંગમાં બચાવી લઈ શકે છે. બચાવી લે છે.

મુમુક્ષુ :- આ બધા શબ્દોમાં શુદ્ધ આત્મા જ આવી જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધ આત્માની જ વાત છે, પરબ્રહ્મ પરમાત્માની જ વાત છે. પણ સ્વાનુભવગમ્ય આ વાત છે. અનુભવગમ્ય છે. જે સ્વાદનો વિષય છે એ શબ્દથી પૂરો પડે એવો નથી. સ્વાદનો વિષય તો સ્વાદથી જ સમજાય. સ્વાદનો વિષય સ્વાદ લીધા વિના કેવી રીતે સમજાય? કે કોઈ રીતે સમજાય નહિ. દરેક વિષયમાં એની ખાસિયત હોય છે.

'ગુરુદેવે' 'પરમાગમસાર'માં દૃષ્ટાંત આપ્યો છે કે ગણિત શીખવું હોય. એક Particular વિષય લીધો કે ગણિત શીખવું હોય તો એને એકડો, બગડો, તગડો એ બધું એને શીખવું, સમજવું પડે. ગણિત શીખવા માટે ઉપવાસ કરે તો કેટલા ઉપવાસ કરે તો એને ગણિત આવડે? આહારનો ત્યાગ કરું તો મને ગણિત આવડી જાય. એવું તો કાંઈ બને નહિ. ગણિત શીખવા માટે ગણિતનો જ અભ્યાસ કરવો પડે, બીજો એમાં વિષય ચાલે નહિ. એમ આત્માનું જ્ઞાન કરવું હોય તો એમાં એમ કહે કે મારે આજ ખાવું નથી માટે આત્માનું જ્ઞાન થાય. એમ થઈ જાય આત્માનું જ્ઞાન?

આત્માનું જ્ઞાન કરવા માટે એને જ્ઞાનતત્ત્વની નજીક જવું પડે. જ્ઞાનતત્ત્વનો અભ્યાસ કરવો પડે. અવલોકનથી એનો અભ્યાસ કરવો પડે. એ તો ચીજ અનુભવમાં આવી રહી છે. એનું જ્ઞાન તો પરિણમનરૂપ છે એના આત્મામાં અને એ અનુભવમાં આવી રહ્યું છે. અનુભવગોચર તત્ત્વ છે. એનો અનુભવ શું થાય છે એમ ઉપયોગમાં લે ને. આત્મામાં જ્ઞાનનો અનુભવ શું થાય છે? કેવો થાય છે? એમ

ઉપયોગ મૂકે નહિ. ચાલતા અનુભવ ઉપર ઉપયોગ મૂકે. તો ઉપયોગ મૂકનાર અને મૂકાનાર બે એક છે એમ સમજાય જશે એને. એમાં બે વાત છે નહિ. અને એમાં કલ્પના, બધા પ્રકારની કલ્પનાની નિવૃત્તિ થઈ જશે. અથવા કોઈપણ પ્રકારના મોહની નિવૃત્તિ એમાં થઈ જાય છે. કેમકે એ ભિન્ન છે. સ્વયં અસ્તિત્વ ધરાવતું, સ્વયં ઊપજતું (તત્ત્વ છે).

... આ સિદ્ધાંતિક વાત છે. તત્ત્વનો જેવો ઉપદેશ પ્રસિદ્ધ છે તદ્અનુસાર જીવ પોતે પરિણમન કરે તો નિયમથી એને મોહની ઉત્પત્તિ ન થાય. નિશ્ચયથી એને મોહની ઉત્પત્તિ ન થાય. એમાં અપવાદનો વિષય નથી કે કોઈકને મોહની ઉત્પત્તિ થાય અને કોઈકને ન થાય. એવો અપવાદ એની અંદર નથી. નિયમબદ્ધ વાત છે કે એને મોહની ઉત્પત્તિ થાય જ નહિ. એનો દર્શનમોહ ટળે, ક્રમશઃ એનો ચારિત્રમોહ પણ ટળે ને ટળે જ. ન ટળે એવું નથી. એ વિચાર કરવા જેવો વિષય છે.

જે વિશ્વમાં લગભગ છ અબજની વસ્તી છે એમાં આવી ખાત્રીબંધ, Solid વાત છે ક્યાં? પહેલા એ તો નક્કી કરો. કાને પડવી પણ મુશ્કેલ છે. તો જો કાને પડી છે તો તક જવા દેવા જેવી નથી. એ વાત એમાંથી આપોઆપ ફલિત થાય છે. ઘણાંને એ તકલીફ થાય છે કે સત્ય શું હશે? એની મૂંઝવણમાંથી બહાર નીકળી શકતા નથી. સત્ય શું? બધા એમ જ કહે છે કે અમારી પાસે સત્ય છે, અમારી વાત સત્ય છે. પણ ખરેખર એને શોધવા જતાં કેટલાય આયુષ્ય પૂરું કરી નાખે છે પણ એનો પત્તો લાગતો નથી. આ તો સીધી સામે આવેલી વાત છે. ખાત્રી, અનુભવથી અનુભવ કરીને ખાત્રીબંધ વાત કરે છે નિયમથી, નિશ્ચયથી. ફેરફાર ન થાય એવો ત્રિકાળી અફર સિદ્ધાંત એ વાત અહીંયાં લીધી છે મોહ સંબંધીત.

બહુભાગ તો જીવો એવો અનુભવ કરે છે કે જગતના મનુષ્યને મોહ મટે એ વાત જ કાંઈ સાચી દેખાતી નથી. જગતની રચના, જગતની પરિસ્થિતિ જોતા મોહ મટે એવું કાંઈ લાગતું નથી. અને સંખ્યાએ મોહ મટ્યો હોય એવો કોઈ એક જીવ ગોતવા જાય તો જલ્દી પત્તો લાગતો નથી. ચતુર્થ ગુણસ્થાને અવિરિત અવસ્થામાં રહેલા જીવો ઓળખાતા નથી અથવા ઓળખવા જાય તો એને જલ્દી વિશ્વાસ આવતો નથી. કેમકે એ પણ બીજા સામાન્ય જીવોની જેમ ખાય છે, પીવે છે, બોલે છે, ઊઠે છે, સૂવે છે, ઊંઘે છે, જાગે છે, વાતચીત કરે છે. અને જે કાંઈ પોતપોતાના સંપ્રદાયમાં જે ધર્મની ક્રિયાઓ હોય એ સૌ કરે છે. શાસ્ત્ર વાંચે, ભક્તિ, પૂજા. વધારે એવું શું કરે છે? બહારમાં દેખાય એવું તો કાંઈ વધારે કરતા નથી. અને જેની સાક્ષાત્ પ્રતીતિ આવે એવી વીતરાગ તીર્થંકર પરમાત્મા અને મુનિરાજો તો અત્યારે દેખાતા નથી.

એટલે એ સત્યને સત્ય જ છે, આ જ સત્ય છે એવું પામવું દુર્લભ થઈ પડ્યું છે. પણ જેને માટે દુર્લભ હોય એને માટે ભલે દુર્લભ હોય. આ વાત જેને મળી છે એને માટે સુલભ છે. સુલભ છે એનો લાભ લેવો કે ન લેવો એ પોતાના અધિકારનો વિષય છે. પોતાની યોગ્યતાનો વિષય છે. એમાં કોઈ આગ્રહ, દુરાગ્રહ ચાલી શકતો નથી. ૩૦૭ થયો.

દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે. 'દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે', 'પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે' આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે? ૩૦૮.

૩૦૮. એમાં પણ એ વાત લીધી છે નીચે. જો આવું વસ્તુનું સ્વરૂપ યથાર્થપણે ખ્યાલમાં લેવામાં આવે તો મોહ ક્યાં ઊભો રહે? પ્રશ્ન પૂછે કે બતાવ તું મોહ કેવી રીતે ઊભો રહે? અમને સમજાવ. અમને તો ક્યાંય જગ્યા દેખાતી નથી. જીવ એમ પ્રશ્ન પૂછે કે મોહ કેમ જાય? તો જ્ઞાની એમ પ્રશ્ન પૂછે છે કે વસ્તુનું સ્વરૂપ આવું છે તો મોહ કેમ થાય? કેમ જાય એ પ્રશ્ન નથી, કેમ થાય એ પ્રશ્ન છે. આવી રીતે વાત સામે લાવીને ઊભી રાખે છે.

'**દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે.**' આખુ વિશ્વ. આખું બ્રહ્માંડ એટલે આ આપણે આવીએ જઈએ છીએ એટલું નહિ. એમાં દેવલોકથી માંડીને છેક સાતમા પાતાળ સુધીનું બધું એમાં આવી જાય છે. ચૌદ બ્રહ્માંડ એમ કહે છે ને. ચૌદ રાજુ. દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ શબ્દમાં આખું વિશ્વ આવી ગયું. અલોકાકાશ સાથેનું આખું વિશ્વ આવી ગયું. એકલું ચૌદ બ્રહ્માંડ શું, આખું અલૌકાકાશ પણ એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં આવી જાય છે અથવા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આવી જાય છે.

આ વાણી સર્વજ્ઞ અનુસારીણી છે એનો આ પૂરાવો છે કે ત્રણ શબ્દમાં જગતનું કોઈ તત્ત્વ બાકી રહેતું નથી. દ્રવ્ય-ગુણ અને પર્યાય એમ કીધું એટલે આખું જગત એમાં આવી ગયું. લોકાકાશ, અલોકાકાશ છએ દ્રવ્યો. અનંતા રજકણો, અનંતા જીવો બધું એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં કાંઈ બાકી રહેતું નથી. જેમ સર્વજ્ઞનના જ્ઞાનમાં કાંઈ બાકી રહેતું નથી તો તદ્નુસારીણી વાણી છે એમાં કાંઈ બાકી રહેતું નથી. ત્રણ શબ્દમાં બધું આવી ગયું. આ કહેનાર સર્વજ્ઞ છે એની પ્રતીતિ આવે છે.

મુમુક્ષુ :- અલાકાકાશમાં તો જીવ જઈ શકે નહિ, તો જ્ઞાન ક્યાં આવ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન જઈ શકે છે ને. જ્ઞાન જઈ શકે છે તો જ્ઞાન જીવ છે કે જ્ઞાન અજીવ છે? ક્ષેત્રથી Physical એનું ગમન નથી પણ જ્ઞાન ક્યાંય પહોંચતું નથી એવું તો છે નહિ. અથવા જ્ઞાનનું સામર્થ્ય છે એ જ્ઞાનની પર્યાય સ્વક્ષેત્રને છોડ્યા વિના પોતામાં રમતી જ્ઞાનની પર્યાય, એમાં આખું જગત પોતાનું સમર્પણ કરે છે. ઠીક! જે જ્ઞાન પરિપૂર્ણ શુદ્ધ થયું, પરિશુદ્ધ જ્ઞાનમાં જગતના છએ દ્રવ્યોએ પોતાની સર્વ પર્યાયો સહિત પોતાનું સમર્પણ કર્યું કે અરે ભગવાન! તમે પૂર્ણ પવિત્ર થયા, આ અમારું પૂરેપૂરું સમર્પણ છે તમને જાવ. ઠીક!

આ તો એ ભાષા અલંકાર છે. લીધું છે ને ૪૯ ગાથામાં? કે આ તત્ત્વ એવું છે કે જેણે પોતાનું સર્વસ્વ ભેદજ્ઞાનીઓને સોંપી દીધું છે. ભેદજ્ઞાન કરે એને આ નિર્મોહી તત્ત્વ છે એ પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે. અનુભવમાં આવી ગયું તો કહે છે, એને સમર્પણ કર્યું. આ પરમાત્માએ પોતાનું સમર્પણ કર્યું એની પોતાની પર્યાયમાં. એમ કહે છે. ભેદજ્ઞાનની પર્યાયમાં પરમાત્માએ પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું. ચાલ, તારી દૃષ્ટિના કબજામાં અમે છીએ. તારે જેમ કરવું હોય એમ કર હવે. તારી દૃષ્ટિના કબજામાં અમે આવી ગયા, હવે અમારું કાંઈ ચાલે આવું નથી. 'શ્રીમદ્જી'એ તો બહુ સુંદર શૈલી કરી છે. પરબ્રહ્મ પરમાત્મા જેને વશ છે, એમ કરીને લખ્યું છે. બહુ સારી શૈલી લીધી છે. ૨૫મા વર્ષમાં પત્ર છે. બહુ સારો પત્ર છે.

મુમુક્ષુ :- પરમાત્મા જેને વશ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરબ્રહ્મ પરમાત્મા એને વશ છે એમ લીધું. દૃષ્ટિના કબજામાં છે ને? તો કહે છે, પરમાત્મા એને વશ છે. ઠીક! બહુ ઊંચી શૈલી કરી છે કેટલીક જગ્યાએ તો. એવી સરસ શૈલી કરી છે. અને તો એમને તો એવા જ્ઞાનીની ભક્તિનો એટલો બધો ભાવ આવે છે કે અરે..! પરમાત્મા તું મોક્ષ બધાને દે છે. મોક્ષ દેવામાં ભલે તું ઉદાર છો પણ ભક્તિ દેવામાં કેમ કૃપણતા કરે છે? લોભ શું કરવા? આમાં શું કરવા લોભ કરે છે? ઘણી વાતો નાખી છે. એવી શૈલીથી નાખી છે. છે મળે એવું છે, ૨૫મા વર્ષમાં છે. વિશેષ લાગે છે. પરબ્રહ્મ પરમાત્મા કરતા અમને તો સત્પુરુષ વિશેષ લાગે છે. કારણ કે તું પણ તેને આધીન રહ્યો છું. એની દૃષ્ટિના કબજામાં તો તું આવ્યો ને? તારા કબજામાં એ ક્યાં આવ્યા છે? શૈલી કરી છે. કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છો. અને અમે સત્પુરુષને ઓળખ્યા વિના તને ઓળખી શક્યા નહિ. પહેલા સત્પુરુષને ઓળખવા પડ્યા પછી અમને પત્તો લાગ્યો કે અંદરમાં પરમાત્મા છે કો'ક. પ્રગટ સત્પુરુષને ઓળખ્યા અને ઓળખ્યા એટલે

એનો મહિમા આવ્યો અને એણે દર્શાવ્યું એ વાત કાંઈક લક્ષ ઉપર આવી. નહિતર એ વાત તો અનંત વાર સાંભળી છે તીર્થંકરના શ્રીમુખેથી. દિવ્યધ્વનિમાં પરમાત્માની વાત, પરબ્રહ્મ પરમાત્માની વાત દિવ્યધ્વનિના નિમિત્તથી સાંભળી છે પણ અમને પત્તો લાગ્યો નથી. પોતે પરિભ્રમણ કર્યું છે. જાતિસ્મરણ અનેક ભવોનું જ્ઞાન વર્તે છે.

એ જ તારું દુર્ઘટપણું. તને ઓળખવો, તને પામવો, તમને સમજવો બહુ દુર્ઘટ છે. અને સત્પુરુષ દ્વારા એ તરત પકડાય છે. એ જ અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઊપજાવે છે, ભક્તિ ઊપજાવે છે એમ કહે છે. આત્માની ઓળખાણ દુર્ઘટ છે. તો કહે છે, એ દુર્ઘટતા અમને સત્પુરુષ પ્રત્યે પ્રેમ ઊપજાવે છે. કેમકે ત્યાંથી માર્ગ સુગમ થયો અને સરળ થયો. કારણ કે તું વશ છતાં.. પાછું જુઓ! એમ કે Capacity કેટલી છે સત્પુરુષની! કે તારા જેવો પરમાત્મા એને વશ થયો તો એ ઉન્મત થયા નથી. ઠીક! જેના કબજામાં પરમાત્મા આવ્યો છતાં છકી ગયા નથી. પચાવી લીધો પરમાત્માને એમ કહે છે. કેવી શૈલી લીધી છે! તું વશ છતાં તેઓ ઉન્મત થયા નથી અને અમને તો એ તારાથી સરળ છે. અને તારાથી પણ સરળ છે. કેમકે તું એટલો સરળ નથી, તારું સ્વરૂપ પ્રકાશવા માટે. તારાથી પણ સરળ છે માટે હવે તું કહે તેમ કરીએ. તારી ભક્તિ કરીએ કે સત્પુરુષની કરીએ? હવે તું બતાવ. એ બધી શૈલી કરી છે એમણે.

'**હે પરમાત્મા! અમે તે એમ જ માનીએ છીએ કે આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય.**' ન હોય એ વાત અમને નથી રુચતિ. '**તેમ છતાં જૈનગ્રંથોમાં પ્રતિપાદન થયું છે...**' ક્યાંક ક્યાંક '**એ પ્રમાણે આ કાળે મોક્ષ ન હોય; તો આ ક્ષેત્રે એવું તું પ્રતિપાદન રાખ.**' આ ક્ષેત્ર પૂરતી એની મર્યાદા રાખ અને ભલે આ ક્ષેત્રે તું રાખ તો અમને કાંઈ વાંધો નથી. અમારે કાંઈ મોક્ષની ઉતાવળ નથી, એમ કહે છે. '**અમને મોક્ષ આપવા કરતા સત્પુરુષના ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ તેવો યોગ આપ ને.**' પતી ગયું અમારે મોક્ષ નથી જોઈતો. ઠીક! કેટલી કેટલી શૈલી લીધી છે સત્પુરુષના મહિમા માટે એમણે!

વળી પાછા એમ કહે છે. '**હે નાથ ! તારે ખોટું ન લગાડવું.**' આવું બધું અમે કાંઈક કહી દઈએ તો તારું ખોટું લગાડવું નહિ. બહુ શૈલી કરી છે. આ પત્રની અંદર ઘણી શૈલી કરી છે. નંબર યાદ નહોતો પણ હવે નહિ ભુલાય, ૨૧૩ નંબર છે. '**તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરુષને વિશેષ સ્તવીએ છીએ;...**' તો ઠીક છે '**જગત આખું તને સ્તવે છે; તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તમને ક્યાં સ્તવનની આકાંક્ષા છે; અને ક્યાં તને ન્યૂનપણું પણ છે?**' એમાં ખોટ શું જવાની છે? જગત આખું તારું સ્તવન કરે છે. અમે એક સત્પુરુષનું સ્તવન કરીએ તને

છોડીને તો તારે કાંઈ ખોટ જવાની નથી. ઘણું છે તારી પાસે. આખી દુનિયા તારું સ્તવન કરે છે. ભગવાન... ભગવાન... ભગવાન... કરીને વાંહે લાગી પડ્યા છે. એમ કરીને સત્પુરુષની મહિમા કરી છે પરમાત્મા કરતાં.

'**ત્રિલોકના નાથ વશ થયા છે જેને એવા છતાં...**' સત્પુરુષ એવા થયા છે '**છતાં પણ એવી કોઈ અટપટી દશાથી વર્તે છે...**' અવિરત સમ્યક્દૃષ્ટિ છે ને '**કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે, એવા સત્પુરુષને અમે ફરી ફરી સ્તવન કરીએ છીએ.**' બહુ ભક્તિ કરી છે. '**એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રણ લોકને વશ કરવા કરતા પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવા સત્પુરુષના અંતઃકરણ તે જોઈ અમે પરમ આશ્ચર્ય પામી નમીએ છીએ.**'

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ને તો સત્પુરુષનો યોગ નહોતો.

પૂજ્ય ભાઈશ્રી :- તો ક્યાંથી આટલું બધું કાઢ્યું? વિચાર માગે એવો વિષય જરૂર છે. જો એમને કોઈ ગુરુ-જ્ઞાની ધર્માત્મા મળી ગયા હોત અને આટલી બધી મહિમા કરી હોત તો વ્યક્તિ રાગ થયો છે એવો આરોપ આપણે કરી નાખ્યો હોત. શું કર્યું હોત આપણે? કે આને વ્યક્તિરાગ થઈ ગયો છે. પોતે પામ્યા છે એટલે એનો વ્યક્તિ રાગ છે. પણ જેને સત્પુરુષ મળ્યા નથી એણે સત્પુરુષ માટે આ Overbound વાત કરી છે. પરમાત્માને સાથે બેસાડીને વાત કરી છે કે તારા કરતા અમને એ વધારે ઠીક લાગે છે. એક Limit-હદ બહારની વાત કરી મૂકી છે ને. તો ક્યાંથી કરી અને એમ કરી છે એનું રહસ્ય, એની પાછળ કો'ક રહસ્ય છે. એની પાછળ એનો કો'ક અનુભવ કામ કરે છે, કોઈ સમજણ કામ કરે છે, કોઈ ઊંડું જ્ઞાન કામ કરે છે. એમ વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'માં આવે છે, અનંત તીર્થંકરોથી અધિક.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ૨૧૩મો પત્ર છે. ૨૪મું વર્ષ. ૨૪નો ફાગણ મહિનો છે.

'**સંસાર કેવળ અશાતામય છે.**' ઉપરનો Paragraph છે. '**કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે;...**' કદાચ કોઈ પ્રાણીને થોડી શાતા હોય તો સમજવું કે ત્યાં કાંઈક સત્પુરુષનો અનુગ્રહ કૃપા થઈ છે એમ સમજવું. '**કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢીને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે,...**' લ્યો, આ શાસ્ત્ર .... પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે. શાસ્ત્ર નથી એમ કહે છે.

'માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે; આટલી બધી સમર્થતા છતાં જેને કંઈ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરુષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.' પત્ર જ એવો છે. ઘણી વાતો લીધી છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયા પછીનો પત્ર છે?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યગ્દર્શન થયા પછીનો આ પત્ર છે. જ્ઞાનદશામાં ઊભા રહીને વાત કરે છે. અજ્ઞાનદશામાં ઊભા રહીને વાત કરતા નથી. અહીં સુધી રાખીએ...

ધર્માત્માની કથન શૈલીમાં આંતર-ધ્વનિ એવો હોય છે કે જીવ સ્વરૂપ બોધને અંગીકાર કરે વા અવધારણ કરે. મુમુક્ષુજીવ પણ તથારૂપ અવધારવા પ્રયત્નશીલ રહે; પરંતુ એમ ન કરે કે સમજણ અને સ્મૃતિની મર્યાદામાં રહેતાં, તેનું અંગીકાર કરવાનું લક્ષ ન રહે; નહિ તો સમજણ, (કહેવા ધારેલો) વિષયની, અનુરૂપ થવા છતાં, 'અયથાર્થતા' રહી જાય છે, જેનો ખ્યાલ, સમજનારને પોતાને રહેતો નથી. કારણ કે જ્ઞેયને જાણવાની ક્ષયોપશમશકિત બન્નેની (યથાર્થતા અને અયથાર્થતાવાળાની) સરખી જ હોય છે. યથાર્થતા હોય તે હિત સાધવા લાગે છે, જ્યારે અયથાર્થતાવાળો માત્ર બુદ્ધિમાં ઘડ બેસાડે, સમજાયાથી સંતુષ્ટ થાય અને હિત સાધવામાં પ્રયત્ન શૂન્ય રહે. **('અનુભવસંજીવની' બોલ નં.૩૯૭)**

તા. ૯-૨-૧૯૮૮, વચનામૃત-૩૦૮
પ્રવચન નં. ૨૩૫

'બહેનશ્રીનાં વચનામૃત'. ૩૦૮ બોલ. પાનું-૧૦૩. વસ્તુ સ્વરૂપનું નિરૂપણ છે આ બોલમાં. વસ્તુના સ્વરૂપ અનુસાર જે જ્ઞાન પરિણમે એના દ્વારા મોહનો નાશ થાય અથવા મોહ ઉત્પન્ન ન થાય એવું સહજ બને છે. એ ... વિષય ...

'**દ્રવ્ય-ગુણ-પર્યાયમાં આખા બ્રહ્માંડનું તત્ત્વ આવી જાય છે.**' દ્રવ્ય-ગુણ અને પર્યાય આખા વિશ્વના સર્વ પદાર્થો, સર્વ તત્ત્વો એમાં આવી જાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી કોઈ બહાર નથી. જે કાંઈ શબ્દનું વાચ્ય છે એ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સમાય જાય છે. અસ્તિ છે તે. નાસ્તિ તો વસ્તુ જ નથી એટલે એને દ્રવ્ય-ગુણ-પર્યાય સાથે સંબંધ નથી. જેમ કે કોઈ તર્ક કરે. શૂન્ય શું છે? દ્રવ્ય છે? ગુણ છે? કે પર્યાય છે ? શૂન્ય તો વસ્તુ જ નથી કોઈ. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયનો પ્રશ્ન રહેતો નથી.

સર્વજ્ઞ અનુસાર જે તત્ત્વનું નિરૂપણ છે, એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય પદાર્થના વિજ્ઞાનથી વસ્તુના સ્વરૂપને દર્શાવ્યું છે. જગતના તમામ ધર્મ મતોમાં વેદાંતની અંદર જૈનધર્મથી બીજા નંબરે તત્ત્વજ્ઞાનનું વિસ્તારવાળું નિરૂપણ છે. ત્યાં પણ બ્રહ્મ ને પરમબ્રહ્મ ને આત્મા અને પરમાત્મા ને અંતર્મુખપણું, બહિર્મુખપણું, વીતરાગતા ને એ બધા શબ્દનો પ્રયોગ છે ત્યાં. એ બધા સંબંધી કલ્પના છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી વસ્તુનું નિરૂપણ નહિ હોવાને લીધે કોઈ નક્કર વાસ્તવિક વસ્તુનું નિરૂપણ ત્યાં જોવામાં આવતું નથી. ત્યાં તો એટલો બધો વિસ્તાર કર્યો છે એ લોકોએ. જ્યાં જ્યાં બુદ્ધિ પહોંચી છે ત્યાં ત્યાં એનું Logic ગોઠવ્યું છે. જૈન આચાર્યો સાથે અને જૈન વિદ્વાનો સાથે વાદવિવાદનો એ લોકો પ્રસંગ રાખી શકે છે. એનું જોર હોય કોઈ કાળક્રમે રાજની અંદર, સમાજની અંદર જોર હોય તો આ વસ્તુ સાચી છે અને બીજું કોઈ કહે છે એ સાચું નથી એનું ... આવે. શાસ્ત્રાર્થ ગોઠવે છે અહીંયાં. અમારા જેવું શાસ્ત્રનું જ્ઞાન શાસ્ત્રમાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ જગતમાં ક્યાંય નથી. પણ છતાં વસ્તુનું વૈજ્ઞાનિક નિરૂપણ ક્યાંય નથી. કલ્પના અને અંધશ્રદ્ધાનું જોર છે બધે. એ આરોપ તો એ લોકો પણ કરે છે. કેટલીક વાત તો તમારે પણ પરોક્ષ સ્વીકારવી પડે છે. પરોક્ષ વાતને તમારે માનવી પડે છે. શાસ્ત્ર કહે છે અથવા તીર્થંકર આમ કહે છે એમ તમે સ્વીકારો છો. એવું તો બધા જ ધર્મ મતોમાં છે. એટલે એ અપેક્ષાએ બધા સરખા છે એમ માનીને ચાલે છે. વાદવિવાદે તો કાંઈ કોઈ રસ્તો નીકળે એવું નથી.

આત્માનું હિત શું? અહિત શું? અને એ દૃષ્ટિકોણથી એવા ઉદ્દેશથી જો તત્ત્વ વિચાર કરવામાં આવે એ જૈનદર્શનમાં જે નિરૂપણ છે એ સર્વાધિક અનુકૂળ, એ દૃષ્ટિકોણને અનુકૂળ નિરૂપણ છે. સર્વજ્ઞદેવના આધારથી નિરૂપણની શરૂઆત કરવી જોઈએ. તત્ત્વજ્ઞાન સર્વજ્ઞતાથી પ્રણિત કરવું. 'શ્રીમદ્‌જી'એ લીધું છે. તત્ત્વ સર્વજ્ઞતાથી પ્રણિત કરવું. એ વગર તત્ત્વને પ્રણિત કરવાનો કોઈ મજબૂત આધાર મળતો નથી.

સર્વજ્ઞના જ્ઞાનમાં પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્પષ્ટ અથવા પૂરેપૂરું જ્ઞાન સમાય છે અને એ દ્વારા એમણે દ્રવ્ય-ગુણ-પર્યાયનું નિરૂપણ કરતાં આખા વિશ્વના તમામ પદાર્થોના નિરૂપણનો એમાં સમાવેશ થઈ ગયો. એ વાત સર્વજ્ઞ અનુસાર બહુ સંક્ષેપમાં પૂરી થઈ જાય છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય કહેતાં આખું વિશ્વ આવી ગયું, આખું બ્રહ્માંડ આવી ગયું. કાંઈ બાકી રહેતું નથી. હવે દ્રવ્ય-ગુણ-પર્યાય એટલે શું એની સંક્ષેપમાં વાત કરે છે.

'**દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે પોતાની પર્યાયે પરિણમે છે.**' આ દ્રવ્યથી ગુણ-પર્યાયની વાત કરી. બે વાત કરી છે. બંને વાતને અવતરણ ચિહ્નમાં મૂકી છે. પહેલી વાત લીધી છે કે '**દરેક દ્રવ્ય પોતાના ગુણોમાં રહીને સ્વતંત્રપણે...**' એટલે કે કોઈ દ્રવ્યની પરતંત્રતા નથી. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યથી દબાયને, કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યની મદદ લઈને કે આધીનપણે ન તો પોતાના ગુણોમાં રહે છે કે ન તો પોતાની પર્યાયે પરિણમે છે. એવી રીતે દ્રવ્ય હોતું નથી, કાર્ય કરતું નથી કે રહેતું નથી. સ્વતંત્રપણે રહે છે. પોતાના ગુણોમાં રહેવું, પોતાના સ્વભાવમાં રહેવું એ સ્વતંત્ર છે. પોતાના સ્વભાવથી જ દ્રવ્ય સ્વતંત્ર છે. એનો અર્થ એ થયો કે પોતાના સ્વભાવથી જ દ્રવ્ય સ્વતંત્ર છે. અનંત ગુણ સ્વભાવમાં કોઈપણ ગુણ બીજાને આધીન નથી.

પોતાના ગુણોમાં રહીને પરિણમે છે અને પોતાના ગુણોને છોડ્યા વિના પરિણમે છે. રહીને પરિણમે છે એનો અર્થ એ છે કે પોતાના ગુણનો ત્યાગ કર્યા વિના પરિણમે છે. પરિણમે છે ત્યારે એનો કોઈપણ ગુણ ઘટે છે કે ઓછો થાય છે કે ક્ષતિ પામે છે એવું બનતું નથી. અને દ્રવ્ય પોતે જ પરિણમે છે. ભેદ વિવિક્ષાથી કોઈ એવું પણ કથન કરે છે કે પર્યાય પરિણમે છે. પરિણમે છે એ તો પર્યાય છે. એ ભેદ વિવિક્ષાથી વાત છે. છતાં પણ પર્યાય કોઈ દ્રવ્ય નથી. એ એક વસ્તુની અવસ્થા છે. ભંગભેદવાળી અવસ્થા છે. વસ્તુનું એક ભંગ અંગ છે કે જે પ્રતિસમયે ભાંગે છે. નવું ઉત્પન્ન થાય છે, વળી ઉત્પન્ન થાય છે. વળી એ ભાંગે છે. વળી નવું ઉત્પન્ન થાય છે, એ ભાંગે છે. એટલે એને ભંગ અંગ કહ્યું છે. એ વસ્તુનો એક અવયવ છે. એટલે દ્રવ્ય

પરિણમે છે એમ કહેવામાં આવે છે.

વસ્તુ ત્રિકાળ પોતાના સ્વભાવથી, ગુણોથી એમ ને એમ એવા ને એવા ગુણો અને એવા ને એવા સ્વભાવે રહે છે. અને એમાં કોઈ ભંગ પડતો નથી. એટલે વસ્તુનું તે અભંગ અંગ છે એમ કહેવામાં આવે છે. એમાં કોઈ વ્યય થતો નથી. એમ ને એમ એકરૂપ રહે છે. અહીંયાં સમગ્રપણે વસ્તુનું જ્ઞાન કરવું છે. તો કહે છે કે દરેક દ્રવ્ય અથવા વસ્તુ પોતાના ગુણોમાં રહે છે. સદાય પોતાના ગુણોમાં રહે છે. કોઈપણ ગુણમાં ઓછાપણું થતું નથી કે કોઈપણ એક ગુણ ઓછો થઈ જતો નથી. એવા ને એવા ગુણોમાં રહીને, એવા ને એવા સ્વભાવમાં રહીને પોતાની પર્યાયે પરિણમે છે. ગુણોમાં રહેવું પણ સ્વતંત્ર છે અને પર્યાયે પરિણમવું એ પણ સ્વતંત્ર છે. આવું ગુણ પર્યાયવત્ દ્રવ્ય છે. ગુણપર્યાયવત્ દ્રવ્યં. સૂત્ર છે 'ઉમાસ્વામી'નું. આવું ગુણ-પર્યાયવાળું દ્રવ્ય છે અને એવું ગુણપર્યાયવાળું દ્રવ્યનું અસ્તિત્વ છે-હયાતી છે એ હયાતીમાં કોઈની આધિનતા નથી. સ્વતંત્ર હયાતી છે. એ હયાતીને કોઈ મિટાવી શકે નહિ, કોઈ દબાવી શકે નહિ. કોઈ એની પાસેથી પરાણે કામ લઈ શકે નહિ. એની જે મર્યાદા છે એ મર્યાદા છોડીને કાંઈ થઈ શકે નહિ. દરેક દ્રવ્યને પોતાની મર્યાદા છે. દ્રવ્યની, ગુણની અને પર્યાયની.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો તમે પ્રશ્નમાં જ એમ કહ્યું કે જડ કર્મમાં ઉદય આવ્યા હોય. જડ કર્મમાં ઉદય આવ્યા હોય તો એ કર્મની પર્યાય થઈ. આત્માની તો પર્યાય જ ન થઈ. ન ગુણ થયો, ન દ્રવ્ય થયો. પછી આત્માને શું થાય? અનંત વાર નિગોદમાં ગયો, અનંત કાળ નિગોદમાં રહ્યો. શું થયું આત્માને? ત્યાંથી નીકળીને પાછો સર્વજ્ઞપદ પણ પામ્યો. આત્મા જો હાનિ પામ્યો હોત તો તો સર્વજ્ઞપદ ઉત્પન્ન થયું ન હોત. એના સ્વરૂપમાં કાંઈ હાનિ થતી નથી. એવું મજબૂત દ્રવ્ય છે, એવું શક્તિશાળી દ્રવ્ય છે કે દ્રવ્યને પોતાને કાંઈ થતું નથી. એવું જ્યાં પોતે ભાન કરે, પોતાનું પોતે ભાન કરે તો એને 'આ ઉદય મારો છે અને એને લઈને મને દુઃખ છે' એવો મિથ્યા અનુભવ એને થતો નથી. ઊલટાનો એને એમ અનુભવ થાય છે કે પૂર્વકર્મ કૃત અનુસાર કર્મની પર્યાયમાં અને નોકર્મની પર્યાયમાં જે કાંઈ થઈ રહ્યું છે એની સાથે મને લાગતું-વળગતું નથી. મારો ઉદય છે અને મને નુકસાન કરે છે, મને દુઃખ દે છે કે મને સુખ દે છે, એ ઉદયને લઈને મને સુખ-દુઃખ છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- પૂર્વે કરેલા ભાવો જ આવે છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- મારા સ્વરૂપને ભૂલીને એવા ભાવ થયા હતા. મારું સ્વરૂપ

ભૂલ્યો હતો તેથી એવા ભાવ થયા હતા. પણ એ તો થયા તે થયા. અત્યારે જોતાં મને એમ લાગે છે કે મારામાં ભૂતકાળ પણ નથી અને વર્તમાનકાળ પણ આ પ્રકારનો નથી. મારું સ્વરૂપ તો જેવું છે એવું છે. અત્યારે શું છે એના ઉપર આધાર છે. માણસને કોઈ દુઃખ દે અને દુઃખની અંદર ઘેરાઈ જાય. ત્યારે કહે, કાલ તો તમે રાજી થઈને હસતા હતા. તો શું કહે? પણ અત્યારે આ દુઃખી થાવ છું એનું શું? એમ જોવે કે કાલની વાત એને કામ લાગે છે? એમ અત્યારે જો હું મારા સ્વરૂપના ભાનમાં છું અને કોઈ વ્યામોહ મને નથી કે આ ઠીક છે કે આ અઠીક છે એવો વ્યામોહ નથી. તો એ ગયું તે ગયું બધું. એની સાથે મારે કાંઈ સંબંધ રહેતો નથી. અત્યારથી જ કોઈ સંબંધ રહેતો નથી.

મુમુક્ષુ :- ચૈતન્ય દ્રવ્યથી ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ હિસાબ બધો સંયોગમાં થઈ જશે. મારામાં થશે એમ નથી. ભિન્ન રહીને વાત છે. જૂનું દેણું દેવામાં એકત્વ કરવાની તો વાત નથી. એ તો કોઈ પ્રશ્ન કરે એ રીતે કે આ બધું કેમ થયું તમને? તો કહે, ભાઈ! જૂના કર્મનો હિસાબ-કિતાબ થઈ રહ્યો છે. અત્યારે એમ થયું છે એ બહુ મોટી વાત છે. જુદો પડ્યો એ વાત સૌથી મોટી છે. એની પાસે બધું ગૌણ છે. એક જાણવાનો વિષય થઈ જાય છે, જ્ઞાન કરવાનો વિષય થઈ જાય છે. કે સંયોગમાં જ્ઞાનીને પણ ચિત્ર-વિચિત્રતા કેમ? અને વિભિન્ન જ્ઞાનીઓને વિભિન્ન પ્રકારની ચિત્ર-વિચિત્રતા કેમ? કે એનું જ્ઞાન કરાવે છે. એ બધા પૂર્વ કર્મના હિસાબ-કિતાબ થાય છે. વર્તમાનમાં એનાથી ભિન્ન પડેલા છે એને કાંઈ એની સાથે જાણે સંબંધ જ રહેતો નથી.

મુમુક્ષુ :- વસ્તુગતે વસ્તુ...

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્વતંત્રપણે છે. દરેક દ્રવ્ય પૂરેપૂરી પોતાની સ્વતંત્રતા રાખીને નિરાલંબ નિરપેક્ષપણે કોઈનું અવલંબન આધાર અપેક્ષા રાખ્યા વિના પરિણમી રહ્યું છે. પોતે પણ જગતનું એક દ્રવ્ય છે. કોઈના આધાર વિના, કોઈના અવલંબન વિના, કોઈની અપેક્ષા વિના પોતે જગતમાં સદાય હયાતી ધરાવે, પોતાની અનંત ગુણ સંપત્તિ એમ ને એમ રાખીને હયાતી ધરાવે એવું પોતે સ્વતંત્ર દ્રવ્ય છે.

આ વિષયમાં પૂજ્ય બહેનશ્રીની શૈલી બહુ સારી છે. થોડી સૂક્ષ્મતા પણ છે. વિષયમાં સૂક્ષ્મતા પણ સારી એવી આવી છે. '**પર્યાય દ્રવ્યને પહોંચે છે.**' જુઓ! આ સૂક્ષ્મતા છે. પર્યાયનું પરિજ્ઞાન કરાવે છે કે પર્યાય દ્રવ્યને પહોંચી વળે છે. પહોંચે છે એટલે દ્રવ્યમાં વ્યાપ્ય-વ્યાપકભાવે પર્યાય પરિણમે છે. આત્માને જ્ઞાન થાય છે.

આત્માને સ્વરૂપાનંદ પ્રગટ થાય છે. તો એવી નિર્મળ જ્ઞાન અને આનંદની પર્યાય દ્રવ્યમાં વ્યાપ્ય-વ્યાપકભાવે દ્રવ્યને પહોંચે છે, દ્રવ્યને પ્રાપ્ત કરે છે, સ્વદ્રવ્યને એ મેળવે છે, સ્વદ્રવ્યનો એ લાભ લે છે એમ કહે છે. પરિણામ સ્વદ્રવ્યનો લાભ છે.

'દીપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે. પરિણામ સ્વરૂપે ભાવીને સ્વરૂપે પરિણમીને, સ્વભાવભાવે પરિણમીને, નિર્મળપણે પરિણમીને સ્વરૂપલાભ લે છે. સ્વરૂપલાભ તો પરિણામ લે છે. એમ કહે છે. અથવા મારો લાભ તો પરિણામ લે છે. એ લાભ લે છે એમ કહેવામાં આવે છે. મૂળમાં મારામાં લાભ-નુકસાનનો પ્રશ્ન નથી. પણ પરિણામમાં સ્વરૂપનું બેભાનપણું હોવાને લીધે જે પરિણામમાં અશાંતિ અને દુઃખનું નુકસાન થતું હતું એ મટી ગયું અને પરિણામ હવે શાંતિથી સ્વરૂપનો લાભ લેવા લાગ્યું. એમ પરિણામ સ્વરૂપ લાભ લે છે. બહુ સારી શૈલી કરી છે.

અહીંયાં કહે છે કે '**પર્યાય દ્રવ્યને પહોંચે છે.**' પર્યાય છે એ દ્રવ્યને પહોંચી વળે છે. જેમકે એક વૃક્ષ છે. તો વૃક્ષની જે પર્યાય છે સાંગોપાંગ મૂળથી તે ફળ-ફુલ સુધીની તે વૃક્ષને પ્રાપ્ત થયેલી છે. સર્વત્ર સર્વ પર્યાયમાં પછી મૂળ હોય, મૂળનું અંગ હોય, થડનું અંગ હોય, ડાળીનું અંગ હોય, પાંદડું હોય, શાખા, પ્રશાખા, કોઈ ફળ હોય, ફૂલ હોય. બધે જ વૃક્ષત્વ છે. વૃક્ષપણું ક્યાં નથી? કે વૃક્ષત્વ બધે જ છે. તે પર્યાય દ્રવ્યને પ્રાપ્ત થયેલી છે. વૃક્ષપણાને પ્રાપ્ત થયેલી છે. વૃક્ષની પર્યાય વૃક્ષપણાને પ્રાપ્ત થયેલી છે. એમ આત્મદ્રવ્યની પર્યાય આત્મત્વ ભાવે આત્મસ્વરૂપે પ્રગટ થઈ તો કહે છે આત્માને પ્રાપ્ત થઈ. એણે આત્માને પ્રાપ્ત કર્યો છે, આત્માને એ પહોંચી વળી છે એમ કહેવાય છે.

'**પર્યાય દ્રવ્યને પહોંચે છે, દ્રવ્ય પર્યાયને પહોંચે છે.**' જેમ ઝાડ છે, વૃક્ષ છે એ પાંગરે છે. નવી-નવી ડાળીઓ, કૂંપળ, ફળ-ફૂલપણે પાંગરે છે. એમ ગુણ-પર્યાયે દ્રવ્ય પાંગરે છે. દ્રવ્ય ક્યાં પાંગરે છે? પોતાના ગુણ-પર્યાયમાં એ પાંગરે છે પ્રતિ સમયે. એમ દ્રવ્ય પર્યાયને પહોંચે છે. દ્રવ્ય પર્યાયને પહોંચે છે અને પર્યાય દ્રવ્યને પહોંચે છે. આ પ્રમાણનું દ્રવ્ય લેવું. નયવિભાગથી નિશ્ચયનયનું દ્રવ્ય અને વ્યવહારનયથી પર્યાયનય સામાન્ય-વિશેષ ભેદ પાડે છે એ વાત અહીંયાં નથી. અહીંયાં અભેદ વિવિક્ષાથી દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન કરાવે છે અથવા દ્રવ્યનું-ગુણ-પર્યાયનો નિશ્ચય આ રીતે કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પોતે પરિણમે છે કે નહિ?

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. એ તો એક ભંગથી વાત લીધી, ભેદથી વાત લીધી. પણ એ દ્રવ્ય જ પરિણમ્યું છે ત્યાં. જે પર્યાય ઉત્પન્ન થઈ એમાં દ્રવ્ય જ પરિણમ્યું છે. પર્યાયમાં દ્રવ્ય જ પરિણમ્યું છે. કોઈ બીજું પરિણમ્યું છે? એ દ્રવ્ય પોતે જ પરિણમ્યું છે પર્યાયમાં. એટલે કે દ્રવ્ય પર્યાયને પહોંચી વળે છે. એની મર્યાદા શું પહોંચવાની? કે પોતાની પર્યાય સુધીની. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્ય-ગુણ-પર્યાયને પહોંચે નહિ કે પ્રાપ્ત કરે નહિ. દ્રવ્ય પોતાની ગુણ-પર્યાયને પહોંચે છે. ગુણ-પર્યાય દ્રવ્યને પહોંચે છે. એમ વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું આ સ્વરૂપ છે. આ એનું ભેદાભેદપણું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો શક્તિ જ પરિણમે છે. પરિણમન થવું એ દ્રવ્યનો સ્વભાવ હોવાથી એની પ્રત્યેક શક્તિઓ, અનંત શક્તિઓ પ્રતિસમય વ્યક્ત થઈ રહી છે. ભેદથી અનંત ગુણો અથવા અનંત શક્તિઓ વ્યક્ત થઈ છે. અભેદથી દ્રવ્ય જ પર્યાયને પ્રાપ્ત થઈ રહ્યું છે, પહોંચી રહ્યું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. એ દ્રવ્યસ્વભાવ સ્વભાવરૂપે એમ ને એમ રહે છે એમ કહેવું છે ત્યાં.

ફરીથી. વિષય સૂક્ષ્મ છે એટલે તો કહ્યું છે કે '**આવી આવી સૂક્ષ્મતા...**' આ વાતને સૂક્ષ્મતામાં એમણે લીધી છે. જે નિરૂપણ કર્યું અવતરણ ચિહ્નમાં બે વાતનું એને સૂક્ષ્મતાનું નામ આપ્યું છે કે આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે જ્ઞાનમાં લેતાં, '**ખ્યાલમાં લેતા મોહ ક્યાં ઊભો** રહે?' એમ પ્રશ્ન છે. અત્યાર સુધી જે ઊભો હતો એ હવે ઊભો રહેતો નથી, એમ કહેવું છે. કેમકે મોહની અંદર તો એમ છે-મોહભાવમાં તો એવો ભાવ છે કે આ મને અસર કરે છે. બીજો પદાર્થ મારા ઉપર અસર કરે છે. બીજો મને માન આપે છે, બીજો મારું સન્માન કરે છે, મારી કીર્તિ ગાય છે અથવા મારી અપકીર્તિ ગાય છે, આ મને ઠીક લાગે છે, આ મને અઠીક લાગે છે. તારા દ્રવ્ય-ગુણ-પર્યાયને પરસ્પરમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એકબીજાને પહોંચવાનું છે. બીજું કાંઈ આમાં નથી. કોઈ બીજાને તું વચ્ચે લાવ, તારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તારા દ્રવ્ય-ગુણ-પર્યાય સિવાય કોઈ બીજાને તું વચ્ચે લાવ તો એમાં એક મોહથી વચ્ચે લાવવાની વાત છે. બાકી વચ્ચે કોઈ આવી શકે એવી જગ્યા નથી. અને વચ્ચે કોઈ આવવાની જગ્યા નથી એટલે મોહને ઉત્પન્ન થવાની પણ જગ્યા નથી. એમ સાથે સાથે લેવું. બહુ Practical side થી વાત છે.

પ્રશ્ન :- જ્ઞાની કે અજ્ઞાની, ...પરિણમન આ રીતે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ અજ્ઞાની સ્વીકારતો નથી. એ સ્વીકારતો નથી. એ એની ભૂલ છે. મોહને વશ પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાં પોતાનો પ્રવેશ અને પોતામાં પરદ્રવ્ય-ગુણ-પર્યાયનો પ્રવેશ એને મિથ્યાભાવે અનુભવવામાં આવે છે. એથી એને દુઃખ સિવાય બીજું કાંઈ થતું નથી. પરપ્રવેશભાવથી સ્વસંવેદન ઢંકાઈ જાય છે અથવા રોકાઈ જાય છે. પોતે પોતાનું વેદન કેમ કરી શકતો નથી? કે પરપ્રવેશમાં સલવાઈ ગયો. એટલે પોતાનું વેદન રોકાઈ ગયું, સ્વસંવેદન રોકાઈ ગયું એમાં. આમ પોતાની આપત્તિ પણ પોતે સ્વરૂપના અજ્ઞાનને લીધે ઊભી કરી છે. રાગ-દ્વેષનો જનક કોણ? કે મોહ. મોહને લઈને રાગ-દ્વેષ જન્મે છે. તો કહે, મોહનો બાપ કોણ? કે અજ્ઞાન. આ વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન છે એ મોહનો બાપ છે. નહિતર મોહને ટાળવો, રાગ-દ્વેષને ટાળવા એ તો બધા જ ધર્મ મતો, મોટાભાગના ધર્મ મતો એ વાત કરે છે કે મોહ ન હોવો જોઈએ.

કાલે એક ભાઈ મળી ગયા. એ કહે મેં દુનિયાની ૨૨ Philosophy નું જ્ઞાન કર્યું છે. મેં સાંભળ્યું છે કે તમે કાંઈક તત્ત્વજ્ઞાનમાં રસ લ્યો છો. આવી જાવ મેદાનમાં.તમે બોલો એટલે હું તમને સમજાવું કે પછી આગળ શું સમજવાનું બાકી છે. બહુ વિચિત્ર પરિસ્થિતિમાં હતા. સૂટેડ-બુટેડ ટાઈ-બાઈ પહેરી હતી. હાથે રૂદ્રાક્ષની માળા હતી. એક હાથે. બીજા હાથમાં ૫૫૫ની સીગારેટ. અહંભાવમાં ઘણા હતા એ બિચારા. ગમે તેમ બોલતા હતા. પછી વેદાંતના શ્લોકો બોલતા હતા. સંસ્કૃત શ્લોકો બોલતા હતા. એના બધા જે તત્ત્વજ્ઞાનના તીર્યાવસ્થા, અતીત અવસ્થા ને તીત અવસ્થા ને ફલાણું ને ઢીંકણું ને. લોકોને એમ લાગે કે કાંઈક છે. ભાષા તો ધાર્મિક પરિભાષા તો લૌકિક પરિભાષાથી તો થોડી જુદી જ છે. પછી વેદાંતની હોય કે જૈનની હોય. કયાં સુધી ભણ્યા? હું તો કાંઈ ભણ્યો નથી કીધું. અંગ્રેજી ભણ્યા છો? મેટ્રીક સુધી. તો કહે, તમને કાંઈ ખબર નહિ પડે. ઈંગ્લીશમાં પુસ્તક લખ્યું છે તત્ત્વજ્ઞાનનું. અંગ્રેજી ભાષામાં મેં તત્ત્વજ્ઞાનનું એક બહુ ઊંચું પુસ્તક લખ્યું છે. તમે બહુ કાંઈ ભણ્યા નથી એટલે નહિતર તમને આપત વાંચવા. તમને સમજાય નહિ. મેં કહ્યું, ઠીક વાત છે. જૈનદર્શનનું મેં બધું વાંચ્યું છે કે છ દ્રવ્ય છે, નવ તત્ત્વ છે. છ દ્રવ્યના નામ નહોતાં આવડતા હતા પણ નવ તત્ત્વના નામ આવડતા હતા. નવ તત્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષ એ બધું આવે છે ને. કીધું, હા, આવે તો છે એ બધું. એ ચર્ચા કરવાનો પ્રશ્ન નહોતો. ..

... દેખાય છે, મિથ્યા છે. અંતર્મુખ થઈ જવું જોઈએ. અંતર્મુખ થઈ જાવ એટલે

કાંઈ ન રહે પછી. વેદાંતમાં એવું બધું બહુ આવે છે. આ બધું બહિર્મુખથી દેખાય છે, તમે ને ફલાણું ને ઢીંકણું. અંતર્મુખ થાવ એટલે ખલાસ, બધું અલોપ થઈ જાય. મમત્વ છોડી દેવું જોઈએ, મોહ છોડી દેવો જોઈએ. છે પૈસાવાળો માણસ. છતાં એમ કહે, મમત્વ છોડી દેવું જોઈએ, મોહ છોડી દેવો જોઈએ. પણ મોહ કેમ છૂટે? કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું અને એની સ્વતંત્રતાનું જ્ઞાન થયા વિના કાંઈ છૂટે નહિ. પણ હતા વાદવિવાદના મૂડમાં. નવું શિખ્યા હોય એટલે થોડું એ તો થઈ જ જાય.

કહે છે કે '**આવી આવી સૂક્ષ્મતા...**' હવે અહીંયાં સૂક્ષ્મતા ક્યાં છે એ થોડું વિચારીએ. પર્યાય દ્રવ્યને પહોંચે છે એમાં સૂક્ષ્મતા છે. દ્રવ્ય પર્યાયને પહોંચે છે એમાં પણ સૂક્ષ્મતા છે. તે કેવી રીતે? કે પર્યાય દ્રવ્યમાં વ્યાપ્ય-વ્યાપકભાવે અનવકાશપણે પ્રાપ્ત છે, પહોંચે છે. એમાં એક પ્રદેશ પણ એવો નથી રહેતો કે વિકારી કે અવિકારી પર્યાય દ્રવ્યમાં પહોંચી વળી ન હોય, દ્રવ્યમાં વ્યાપતી ન હોય એવો એક પ્રદેશ પણ નથી. ક્યાંય ખાલી જગ્યા નથી. આખો જે ચૈતન્ય પિંડ આત્માનો પર્યાયથી વિચાર કરવામાં આવે તો ઉપર કે અંદર કે ક્યાંય ઉપરના પ્રદેશો કે અંદરના પ્રદેશોમાં બધે જ પર્યાયનું સર્વત્ર પરિણમન છે. સર્વ ક્ષેત્રમાં પરિણમન છે. એ રીતે દ્રવ્ય પર્યાયને પહોંચે છે એ સર્વ પ્રદેશેથી સ્વનો પોતાનો અનુભવ થાય છે ત્યારે એને એની સૂક્ષ્મતા સમજાય છે. ખરેખર આવી સૂક્ષ્મતા ત્યારે એના અનુભવ જ્ઞાનમાં સ્પષ્ટ થાય છે. નહિતર દ્રવ્યના સર્વ પ્રદેશોમાં જે અનુભવ થાય છે પર્યાયમાં, અનુભવ તો પર્યાય કરે છે ને, એ વાત કેવી રીતે સમજે વિચારમાં? વિચારમાં કેવી રીતે સમજે? વિચાર તો એક મન આશ્રિત થાય છે. અનુમાન કરે કે બધા જ પ્રદેશે પરિણમે છે. પરિણમતી હોવી જોઈએ પર્યાય. એ પરિણમનનો અનુભવ ક્યાં? સર્વ પ્રદેશેથી. અતીન્દ્રિય શુદ્ધ પરિણમનમાં એનો અનુભવ થાય છે. સર્વ પ્રદેશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો શું છે કે અમુક ક્ષેત્રમાં એનો અનુભવ છે કે મને અહીંયાં દેખાય છે, મને અહીંયાં સંભળાય છે, મને સ્વાદ અહીંયાં આવે છે, ગંધ અહીંયાં આવે છે. વિચાર અહીંયાં આવે છે અથવા અહીંયાં આવે છે. ગમે ત્યાં એ કલ્પના કરે છે. એટલે અમુક ભાગે જાણે પરિણમન આખા દ્રવ્યમાં નહિ પણ આખા દ્રવ્યના અમુક ક્ષેત્રની અંદર, અમુક ભાગની અંદર અનુભવ થતો હોય એવું લાગે છે. એમ નથી ખરેખર. પણ એ સૂક્ષ્મ વિષય છે. પર્યાય આખા દ્રવ્યને પહોંચે છે. ક્ષેત્ર અપેક્ષાએ અને ભાવ અપેક્ષાએ બંનેમાં આખા દ્રવ્યને પહોંચે છે. એ સૂક્ષ્મ વિષય છે. જો પર્યાય વ્યાપીને-પ્રસરીને પોતાનો અનુભવ કરે તો ક્યાં એને મોહની ઉત્પત્તિ

થાય? કેવી રીતે એની મોહની ઉત્પત્તિ થાય? આ વિષયની સૂક્ષ્મતા છે.

'સોગાનીજી' ચર્ચામાં અને અનેક પત્રમાં આ વાત લે છે. શ્રદ્ધાનો વ્યાપ્ય-વ્યાપકપણે અનુભવ થતાં. એમ. ભાવે શ્રદ્ધાનો વ્યાપ્ય-વ્યાપકપણે અનુભવ થતાં શ્રદ્ધા પ્રસરીને દ્રવ્યનો કબજો લે છે. એ બધો જે વિષય (છે એની) કેટલીક શૈલી કરી છે એમાં એ વાત લેવી છે કે પર્યાય દ્રવ્યને પહોંચે છે. દોનોં કા એકસાથ અનુભવ હોતા હૈ. દ્રવ્ય અને પર્યાયનો એકસાથે અનુભવ થાય છે. એ વાત તો ઘણા પત્રમાં આવી છે.

મુમુક્ષુ :- ... જ્ઞાન છે એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમન તો બધે જ છે. પણ એનો અનુભવ થતો નથી એટલે એ વાત સમજાતી નથી. ઊલટાનું ભાવેન્દ્રિયથી એવી રીતે બહિર્મુખ થાય છે કે આ અવાજ છે ત્યાં સંભળાય છે. ત્યાં અવાજ થયો, ત્યાં ઉપયોગ જાણે જતો હોય એમ એને લાગે છે. એટલે એણે જે સાંભળવું હોય એને ઈષ્ટ ગણ્યું હોય, એનાથી બીજો અવાજ આવે તો અંદર એને બાધા પહોંચે છે, દખલ પહોંચે છે, વિઘ્ન પડે છે એવું લાગે છે. પણ અંદરમાં કોઈ પહોંચી શકતું નથી એટલે અંદરમાં કાંઈ વિઘ્ન થઈ શકે એવું નથી. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ક્યાંય વિઘ્ન થાય (એમ બનતું નથી). જેમ કે શ્રવણનું જ્ઞાન છે. તો બીજો અવાજ એની અંદર વિઘ્ન પહોંચાડી શકે. જ્ઞાનમાં વિઘ્ન પહોંચાડી શકે એવું બનતું નથી. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પના એમ થાય છે. એવી કલ્પના થાય છે. અથવા વેદન, લ્યોને. એક ગુમડું થયું. અહીંયાં એક હાથ ઉપર. હાથના પંજા ઉપર ગુમડું થયું છે. તો અહીંયાં મને વેદન છે એમ લાગે. વેદવાની પર્યાય એટલામાં જ છે? નહિ. આખા દ્રવ્યમાં પર્યાય તો પરિણમે છે. પર્યાય અમુક ક્ષેત્રમાં પરિણમતી નથી પણ આખા દ્રવ્યમાં પરિણમે છે. લાગે છે એવું કે અહીંયાં જ મને વેદન થાય, અહીંયાં દુઃખાવો છે. ડૉકટર પૂછે કે ક્યાં દુઃખાવો છે? અહીંયાં દુઃખાવો છે. એમ કહે. એવું પર્યાયનું પરિણમન હોતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વેદન છે એ તો જીવની પર્યાય છે ને? વેદન જીવની પર્યાય છે ને. તો કહે વેદન ક્યાં થાય છે? કે આટલામાં થાય છે. એટલામાં થાય છે વેદન? વેદન તો આખા દ્રવ્યમાં થાય છે. પર્યાય દ્રવ્યને પહોંચે છે અને દ્રવ્ય પર્યાયને પહોંચે છે. દ્રવ્ય પહોંચી વળે છે. દ્રવ્ય પોતે સ્વયં પરિણમતું છે. દ્રવ્ય પરિણમનશીલ

સ્વભાવવાળું હોવાથી સ્વયં પર્યાયરૂપે પરિણમે છે.

મુમુક્ષુ :- પરિણમન સ્વભાવ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમન એનો સ્વભાવ છે. પરિણામ શક્તિ છે આત્મામાં. ૧૮મી પરિણામ શક્તિ. એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનો વિષય લીધો છે પરિણામ શક્તિમાં. 'સમયસાર'માં જે પરિણામ શક્તિ છે ને? ૧૯મી શક્તિ છે. ૧૮મી નહિ, ૧૯મી શક્તિ છે. '**દ્રવ્યના સ્વભાવભૂત...**' કેવી પરિણામ શક્તિ છે? '**દ્રવ્યના સ્વભાવભૂત ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત...**' પરિણામથી આલિંગિત નહિ. '**ધ્રૌવ્ય-વ્યય-ઉત્પાદથી આલિંગિત (સ્પર્શિત) સદશ અને વિસદશ જેનું સ્વરૂપ છે...**' કેવું સ્વરૂપ છે એનું? એકરૂપ રહેવું અને સમયે સમયે ઉત્પાદ-વ્યયરૂપ થવું. ધ્રુવમાં એકરૂપ રહેવું અને ઉત્પાદ-વ્યયમાં અનેકરૂપ થવું. એવું સદશ અને વિસદશ જેનું સ્વરૂપ છે. '**એવા એક અસ્તિત્વમાત્રમયી...**' એવું જેનું અસ્તિત્વ છે. એવા એક અસ્તિત્વમાત્રમયી '**પરિણામશક્તિ.**' આવી પરિણામની શક્તિ છે. જે પરિણામ છે એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સદશ-અસદશતા આવી જાય છે. એકલું પરિણામનું અંગ લેતા નથી. તત્ત્વનું સ્વરૂપ જ આવું લીધું છે.

મુમુક્ષુ :- અસ્તિત્વમય લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું અસ્તિત્વ છે. ન તો એકલું ધ્રુવવાળું અસ્તિત્વ છે, ન તો એકલું ઉત્પાદવાળું છે, ન તો એકલું વ્યયવાળું છે. ત્રણ શબ્દ લીધા છે એમાંથી ત્રણેનું એકત્વ જેમાં છે, ત્રણે સાથે છે એવું અસ્તિત્વ છે. એમ લેવું.

મુમુક્ષુ :- પ્રમાણ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રમાણનો વિષય છે અસ્તિત્વનો. પણ અહીં તો પરિણામ શક્તિ, એવા પદાર્થની પરિણામ શક્તિનું વર્ણન છે. પરિણામ શક્તિ અસ્તિત્વમાત્રમયી છે. કેવું છે અસ્તિત્વ? કે સદશ અને વિસદશ જેનું સ્વરૂપ છે એવું છે.

'ગુરુદેવશ્રી'એ આ બધા વિષયો ઉપર બહુ વિસ્તારથી પ્રવચનો કર્યા છે. એ 'ગુરુદેવ'નું જ સામર્થ્ય છે એ પ્રવચનો કરવાનું એમ કહીએ તો ચાલે. કોઈ વિદ્વાનો-ફીદ્વાનોને બેસાડો (તો એનું કામ નહિ). દિગંબર સંપ્રદાયમાં...

મુમુક્ષુ :- અનુભવ માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનુભવ માગે છે અને પોતાને એવી જ કોઈ અંદરથી શ્રુતજ્ઞાનની વિશિષ્ટતા છે. એમ કહેતા કે એ તો અંદરમાં શ્રુતનો દરિયો ઉછળે છે, ડોલે

છે. દરિયો ડોલે છે અંદરમાં. એના આ બધા મોજા આવે છે બહાર. કાંઠે દેખાય છે. દરિયો તો જેમ એના ઊંડાણથી ગંભીર છે પણ એના મોજાના ઉછાળા દેખાય છે, એમ પ્રવચનોમાં એની ઝલક આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એમાં કાંઈ પ્રશ્ન નથી. સાબિત કરવું પડે એવું નથી. કોઈને પણ સ્વીકારવું પડે એવું છે. એટલા વિષયો બહાર મૂક્યા છે, એટલી વાતો બહાર મૂકી છે. કોઈપણ શાસ્ત્ર ઉપર કોઈપણ વિદ્વાનો પાસેથી એના અર્થો કે બીજું-ત્રીજું શીખ્યા વિના અંદરથી કાઢ્યું છે બધું. 'નિયમસાર'ની કારણશુદ્ધ પર્યાય સુધીનો વિષય લ્યો. છે ક્યાંય દિંગબરના સંપ્રદાયમાં? શાસ્ત્ર છે પણ એ વાત છે ક્યાંય કે શું કારણશુદ્ધ પર્યાય છે? લગભગ તો ૯૯ બાય ૯૯ ને તો ખબર જ નથી કે આવા વિષયો આગમની અંદર-પરમાગમની અંદર પડ્યા છે. આવા સૂક્ષ્મ વિષયો છે એની ખબર નથી.

અહીંયાં પણ સંક્ષેપથી બહુ સૂક્ષ્મ વિષય લઈ લીધો છે. જેમ વૃક્ષ પોતાના સર્વ અંગોમાં પાંગરે છે, એમ દ્રવ્ય ગુણ-પર્યાયમાં પાંગરે છે, હંમેશા રહે છે. હંમેશા દ્રવ્ય ગુણ-પર્યાયમાં પાંગરે છે. કેમ પાંગરે છે એ વિષયની સૂક્ષ્મતા છે. એ જ્યારે સમજાય છે કે અરે..! હું પોતે જ ગુણ-પર્યાયે પાંગરું છું. પછી એને ક્યાંય વ્યામોહ થતો નથી. કેમકે બીજા પદાર્થો પણ એના ગુણ-પર્યાયમાં પાંગરે છે. સર્વ જીવો એના ગુણ-પર્યાયમાં પાંગરે છે. સર્વ પુદ્ગલો એના ગુણ-પર્યાયમાં પાંગરે છે. હું મારા ગુણ-પર્યાયમાં. જ્યારે એ પોતાના સ્વાનુભવથી એમ જોવે છે એટલે ક્યાંય વ્યામોહ થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે મોહ તો એક કલ્પના છે. એવી વસ્તુ નથી. વસ્તુ એવી નથી.

'**આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતા મોહ ક્યાં ઊભો રહે?**' કે મોહ ક્યાંય ઊભો રહેતો નથી. ગુણ ગુણપણે છે તો ગુણની અવસ્થા અને ગુણ, ગુણ અને ગુણની અવસ્થા કેવી રીતે અરસપરસમાં રહીને કામ કરે છે? વિષય એટલો સૂક્ષ્મ પડે છે. અહીંયાં 'ભાવનગર'માં પ્રશ્ન કર્યો હતો 'ગુરુદેવશ્રી'ને. જ્ઞાનનો ઉપયોગ છે એમાં જ્ઞાનગુણનું શું સ્થાન છે? બહુ જુદી શૈલીથી જવાબ આપ્યો હતો. ઉપયોગમાં જે જ્ઞાનશક્તિ છે એ નિમિત્ત છે. જ્ઞેય તરીકે-સ્વજ્ઞેય તરીકે નિમિત્ત છે. આવું જ્ઞાનનું સામર્થ્ય છે. જ્ઞાનનો જે પર્યાય, જ્ઞાનશક્તિ જ્ઞાનોપયોગરૂપે થઈ, જ્ઞાન ઉપયોગરૂપે કોણ થયું? કે જ્ઞાનશક્તિનું એ પરિણમન છે. કે બીજી શક્તિનું છે? કે નહિ, બીજી કોઈ શક્તિનું એ પરિણમન નથી. દર્શન શક્તિનું? કે નહિ.

આનંદશક્તિનું? નહિ. ચારિત્રશક્તિનું? નહિ. જ્ઞાનશક્તિનું (પરિણમન છે). તે જ્ઞાનોપયોગ રૂપે છે. તો એમાં જ્ઞાનશક્તિને શું સંબંધ જ્ઞાનના ઉપયોગ સાથે? તો કહે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

મુમુક્ષુ :- એવું કેમ લીધું?

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એ ઉપયોગની અંદર કેટલું જ્ઞાનનું સામર્થ્ય છે એ સ્વજ્ઞેયમાં આવે છે. એટલા માટે એમ લીધું કે શક્તિ, શક્તિપણે એમ ને એમ જ રહે છે. નિમિત્તનું કાર્ય શું? કે એમ ને એમ રહેવું અને કાંઈ ન કરવું. .. લાગુ પડે છે. નિમિત્તનું કાર્ય શું? કે એમ ને એમ રહેવું અને કાંઈ ન કરવું. જ્ઞાનની શક્તિ એમ ને એમ રહે છે. પર્યાય પરિણમ્યા કરે છે, પર્યાય પરિણમ્યા કરે.

મુમુક્ષુ :- પર્યાય આવી તો જ્ઞાનગુણમાંથી ને?

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાનગુણમાંથી જ્ઞાનનો ઉપયોગ થયો. જ્ઞાનશક્તિ અથવા જ્ઞાનગુણ પરિણમ્યો એમ કહેવાય છે. તો જ્ઞાનગુણ પરિણમ્યો? કે જ્ઞાનગુણ એમ ને એમ રહ્યો. કેમકે જ્ઞાનગુણપણે જ્ઞાનગુણમાં તો સદશપણું છે. વિસદશપણું એમાં થતું નથી. તો પછી ગુણમાંથી પર્યાય થઈ કેવી રીતે? તો કહે, એ સૂક્ષ્મતાનો વિષય છે. અહીંયાં સૂક્ષ્મતા છે. ગુણમાંથી પર્યાય થઈ કઈ રીતે? આમ છે. ગુણનું જો સ્વરૂપ સમજાય તો ગુણનું પરિણમનશીલપણું પણ સમજાય અને ગુણનું ગુણત્વપણું પણ સમજાય છે. એટલે એ શક્તિ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગીત છે એમ કહેવું છે. પરિણામમાં એકલું પરિણામ નથી પણ પરિણામમાં પરિણામ શક્તિનું ધ્રુવ વ્યય અને ઉત્પાદથી આલિંગીતપણું છે. સદશ-વિસદશ એનું સ્વરૂપ છે. એ રીતે પરિણામ શક્તિને સમજવી જોઈએ. તો બધા ગુણોનું અને બધા દ્રવ્યનું પરિણમન એને સમજાય છે. પરિણામ શક્તિ જો સમજાય અથવા પરિણામના સ્વભાવથી વસ્તુ સમજાય તો બધા પદાર્થનું પરિણમન સમજાય છે. નહિતર કાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું ભેળસેળપણું કરે એટલે દ્રવ્યનું દ્રવ્યત્વ, ગુણનું ગુણત્વ, પર્યાયનું પર્યાયત્વ જ્ઞાનમાં, શ્રદ્ધાનમાં ન રહે. અને કાં દ્રવ્ય-ગુણ-પર્યાયના કટકા કરે, ટૂકડા કરે. બેમાંથી એક ભૂલ થાય. અને ગમે તે એક ભૂલ થાય એમાં પદાર્થનું વાસ્તવિક જ્ઞાન રહેતું નથી અને પદાર્થનું સાચું શ્રદ્ધાન પણ ઉત્પન્ન થતું નથી. એટલે વિષય સૂક્ષ્મ છે એમ કહે છે.

મુમુક્ષુ :- આલિંગિત છે...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. આલિંગિતમાં તો ઊલટાની અભેદતા લેવી છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવથી આલિંગિત છે એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. એમાં શું છે. ત્રણે એકમાં છે એમ લેવું છે. એનું નામ આલિંગિત લેવું છે. ત્રણે એકમાં છે. ત્રણેને સ્પર્શે છે. પરિણામ શકિત એક છે કે જે ત્રણેને સ્પર્શે છે. વ્યયને, ધ્રુવને અને ઉત્પાદને.

મુમુક્ષુ :- આલિંગિત શબ્દ છે એ વસ્તુને...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. આલિંગન કરે છે એટલે ભેટે છે કે નહિ? એમાં જુદાપણું કયાં બતાવવું છે? ભેગું થાય છે એમ બતાવવું છે. જુદાપણું થાય છે એમ નથી બતાવવું.

મુમુક્ષુ :- હોય ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ઠીક છે. ત્રણ ભેદ તો ભેદ અપેક્ષાએ લીધા. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ત્રણ ભેદ લીધા. ત્રણ ભેદનું અભેદપણું લીધું પછી. ત્રણ ભેદ કહીને એનું અભેદપણું કહ્યું. એમ લેવું. છે, વિષય સૂક્ષ્મ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય સામાન્ય વિચાર અને એની જે પરિભાષા અને વ્યાખ્યાઓ છે એનાથી જે ઉપલકપણે સમજાય છે એવો એ સ્થૂળ વિષય નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય અત્યંત સૂક્ષ્મ છે અને એની સૂક્ષ્મતા અનુભવગોચર થાય ત્યારે એના ફળ સ્વરૂપે, એનું Result એ આવે છે કે મોહ ઊભો રહેતો નથી. આ એક વસ્તુના સ્વરૂપથી લાભ શું છે? વસ્તુના સ્વરૂપજ્ઞાનથી અને શ્રદ્ધાનથી શું લાભ છે? એમ વસ્તુ સ્વરૂપના જ્ઞાનને અને અધ્યાત્મને સીધો સંબંધ છે. વસ્તુ સ્વરૂપનું જે આ દ્રવ્યાનુયોગનું પડખું છે એના જ્ઞાનને અને અધ્યાત્મને સીધો સંબંધ છે. એ વાત અહીંયાં લેવી છે.

પ્રથમ નિર્ણયમાં એ વાત છે. નિર્ભ્રાંત દર્શનમાં એ છે. નિર્ણય થાય છે, પદાર્થના સ્વરૂપનો નિર્ણય થાય છે ત્યારે પોતાના સ્વદ્રવ્યમાં રહેલા અનંત શકિતઓના અખંડપણાનો ખજાનો છે, અનંત શકિતઓ ખંડખંડ નહિ, અખંડિતપણે અભેદપણે રહેલો એક ખજાનો છે. એ ખજાનો સદાય એમ ને એમ ટકીને પરિણમન થયા કરે છે. દ્રવ્ય ટકીને બદલે છે. પર્યાયથી દ્રવ્ય ટકીને બદલે છે. દ્રવ્ય ટકીને બદલે છે એવો નિર્ણય થાય છે. એટલે પ્રમાણનો વિષય આવી જાય છે એની અંદર. નહિતર એકલો જો નિશ્ચયનો વિષય થતો હોય નિર્ણયમાં તો આભાસ થવાનો એમાં પ્રસંગ છે, અવકાશ છે. પણ એમાં આખું દ્રવ્ય આવી જાય છે. અને આખા દ્રવ્યમાં રહેલો જે ખજાનો કયાં છે એ એને સમજાય છે. ત્યાં એને અહંપણું થાય છે, ત્યાં એનું નિત્યત્વ સ્થપાય છે નિત્ય હોવાને લીધે અને એના ઉપર એનું

વજન રહે છે. બાકીના અંગનું જ્ઞાન થવા છતાં એના ઉપર એનું વજન રહેતું નથી. એમ થાય છે. એનું નામ યથાર્થ નિર્ણય છે.

'આવી આવી સૂક્ષ્મતાને યથાર્થપણે ખ્યાલમાં લેતાં મોહ ક્યાં ઊભો રહે?' પછી એ મોહને ઉત્પન્ન થવાની જગ્યા નથી કે મોહને રહેવાની જગ્યા નથી. મોહ તો એક કલ્પના હતી કે જે કલ્પના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનથી ઊડી ગઈ. દોરડીમાં સાપ દેખાણો અને ભય થયો. પણ એ દોરડું છે એમ વાસ્તવિક જ્ઞાન થતાં ભયની કલ્પના નાશ પામી. ભય કેવી રીતે ઊભો રહે? રાખવો હોય તો રહે ખરો? નહિ. દોરડીમાં દોરડીનું જ્ઞાન થતાં સર્પની કલ્પના વિલિન થાય છે. પછી એ ભય લાવવો હોય તોપણ લાવી શકાય નહિ. કેમકે પ્રતીતિ થાય છે ત્યાં. પ્રતીતિ સહિતનું જ્ઞાન સાધક છે અને નિર્વિકલ્પ દશા સાધ્ય છે. અહીંથી પ્રતીતિ ઊપજે છે.

મુમુક્ષુ :- દ્રવ્ય પર્યાયને પહોંચે છે...

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પર્યાયને પહોંચે છે એટલે કે દ્રવ્ય ગુણ-પર્યાયે પાંગરે છે. દ્રવ્ય જ પાંગરે છે. કોઈ બીજું નથી. બીજું કોઈ પરિણમતું નથી. અરીસામાં કોઈ આકૃતિ ઉત્પન્ન થઈ. કોણ પરિણમ્યો? અરીસો પરિણમ્યો? કે અરીસાની પાછળ રાખેલું પૂઠું પરિણમ્યું કે પતરું પરિણમ્યું? અરીસો પરિણમ્યો. અરીસાનું જ એ પરિણમન છે. અરીસો જ એમ પરિણમ્યા કરે છે. જેટલા જેટલા જ્ઞેયોની-દશ્યો આકૃતિ ઊઠે છે એમાં અરીસો પરિણમે છે. એમ દ્રવ્ય જ પરિણમે છે. સર્વ ગુણ-પર્યાયે દ્રવ્ય જ પરિણમે છે. આવું દ્રવ્યનું સ્વરૂપ છે.

એને કોઈપણ ગુણ-પર્યાયની પોતામાં એની સ્પર્શના દેખાતી નથી. પોતે કોઈ અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્પર્શે છે એમ એને દેખાતું નથી. આ કહે છે ને કે જ્ઞાનદશા દેહાતીતદશા છે એમ કહેવાય છે. સ્તુતિમાં બોલીએ છીએ ને? દેહાતીત દશાને વંદન કરીએ છીએ. એ દેહાતીતપણું શું છે? કે દેહને સ્પર્શ નથી. કર્મયોગે સંયોગ હોવા છતાં ખરેખર આત્માને અને દેહને સ્પર્શ નથી. સ્પર્શ નથી એવો જે અનુભવ. કેમકે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને પહોચે છે. શરીરના એક પરમાણુના દ્રવ્ય-ગુણ-પર્યાયને આત્મા પહોંચતો નથી. એનાથી જે જુદું પડી ગયું એ અતીત થઈ ગયો-દેહાતીત થઈ ગયો.

મુમુક્ષુ :- .. પોતાના જ દ્રવ્ય-ગુણ-પર્યાય પહોંચે છે. ...

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને પહોંચતો નથી. દેહને તો સ્પર્શે નહિ પણ અવસ્થાની વિકૃતિને સ્પર્શે નહિ. વિકલ્પાતીત દશા. વિકલ્પ છે એ વિકૃતિ છે. મારા સ્વરૂપના અનુભવને જોતાં મારા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તો એકલી શુદ્ધતા ભરેલી છે.

દ્રવ્ય અને પર્યાયે શુદ્ધતા જ છે. એમાં જ હું વ્યાપ્ય-વ્યાપકભાવે મારો અનુભવ કરું છું. બાજુમાં રહેલા વિકલ્પમાં હું મારો અનુભવ કરતો નથી. કેમકે એવા સ્વરૂપે હું છું નહિ. થાય છે એ જણાય છે. પણ હું થાવ છું એમ જણાતું નથી. વિકલ્પરૂપે હું પરિણમું છું એમ જણાતું નથી. હું તો મારા શ્રદ્ધા-જ્ઞાનરૂપે પરિણમું છું. મારા જ્ઞાતા-દષ્ટા પરિણામ રૂપે હું વ્યાપ્ય-વ્યાપકભાવે પરિણમું છે. એને વિકલ્પાતીત દશા કહે છે, દેહાતીત દશા (કહે છે). એને સ્પર્શતો નથી. એને ને એને જુદાપણું રહી જાય છે. એ ક્યાંથી ઊપજે છે એવી નિર્મોહી દશા? કે આવું દ્રવ્ય-ગુણ-પર્યાયનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે. એ જ્ઞાન અને બેય એકસાથે સમકાળે છે. આની અસ્તિ અને આની નાસ્તિ. તો મોહ નાશ પામે છે એમ નથી કહ્યું. મોહ થાય જ ક્યાંથી? એમ લે છે. થવાનો પ્રશ્ન રહેતો નથી. જગ્યા જ નથી એને મોહ થવાની. અહીં સુધી રાખીએ...

જેઓ મોક્ષમાર્ગી છે, તેઓ સદા સ્વાનુભવરસને દઢ કરે છે, ગાઢ કરે છે. ગ્રંથનું અધ્યયન કરતાં સ્વાનુભવનો જ પાઠ ભણે છે. જેમના વિચારમાં શાસ્ત્ર જ્ઞાન / સિદ્ધાંત જ્ઞાનના તરંગો / લહેરો ઊઠે છે, તેથી સિદ્ધાંતમાં પ્રવિણ-કુશળ છે, અને અધ્યાત્મવિદ્યાના પારગામી છે. તેઓ પવિત્ર હોવાથી પૂજનીય અને વંદનીય છે. ઉદયરૂપી કુતરા તો તેમની દષ્ટિ પડતાં જ ભાગવા લાગે છે, એવા જ્ઞાની જ્ઞાનરૂપી મદમસ્ત હાથી ઉપર બેઠેલા છે. (શ્રી બનારસીદાસ મોક્ષદ્વાર- ૩૧ના સ. સાર.)

તેમના જ્ઞાનતેજથી / પ્રકાશથી સંશય, વિમોહ અને વિભ્રમ નાશ પામ્યા છે. અજ્ઞાન અંધકાર દૂર થવાથી જ્ઞાન પ્રકાશમાં તેઓ બિરાજમાન છે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૦૯)

તા. ૧૦-૨-૧૯૮૮, વચનામૃત-૩૦૯
પ્રવચન નં. ૨૩૬

બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં અને તેની ગર્જના સાંભળતા 'હું તો આના જેવો સિંહ છું' એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે, તેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતા તે જાગી ઊઠે છે– 'હું તો જ્ઞાયક છું' એમ સમજી જાય છે અને જ્ઞાયકપણે પરિણમી જાય છે.

૩૦૯.

પોતાના વિષે ભ્રાંતિ છે. કર્મજનિત પર્યાયથી પોતાને (સ્વીકાર્યો છે), શ્રદ્ધ્યું છે એ સંબંધી પહેલાં દૃષ્ટાંત આપ્યું છે. '**બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું...**' ખાલી સિંહનું બચ્ચું એવું નથી લખ્યું, વિશેષણ લગાડ્યું છે. કેમકે આત્મામાં પણ અનંત પુરુષાર્થનું પરાક્રમ કરવાની શક્તિ છે. અનંત વીર્યનો પિંડ છે. અને પોતાની શુદ્ધ દશા ક્ષણમાત્રમાં પ્રગટ થાય એવું સામર્થ્ય છે. દૃષ્ટાંતમાં પણ '**બકરાંના ટોળામાં રહેતું પરાક્રમી સિંહનું બચ્ચું પોતાને બકરીનું બચ્ચું માની લે પણ સિંહને જોતાં અને તેની ગર્જના સાંભળતા હું તો આના જેવો સિંહ છું એમ સમજી જાય અને સિંહપણે પરાક્રમ ફોરવે.**' આટલું દૃષ્ટાંત છે. દૃષ્ટાંત ટૂંકી ભાષામાં ...

દૃષ્ટાંતને બહુ લંબાવ્યું નથી, બહુ મલાવ્યું નથી. કેમકે દૃષ્ટાંત એક પડખાને બતાવવા માટે છે. આખુ દૃષ્ટાંત અથવા દૃષ્ટાંતના બધા પડખા સિદ્ધાંતને લાગુ પડતા નથી. જે પડખાથી સિદ્ધાંત બતાવવો છે એટલા પૂરતી વાત સંક્ષેપમાં કરવામાં આવે છે. સ્પષ્ટીકરણના હેતુથી. એટલે લાંબી-લાંબી વાર્તા દૃષ્ટાંતની જગ્યાએ નથી કરતા. ચાર લીટીની અંદર દૃષ્ટાંતની આખી વાર્તા પૂરી કરી નાખી છે. એમાં પણ થોડો મર્મ છે. એ વિષયમાં પણ થોડો મર્મ છે. જેને સિદ્ધાંત ઉપરનું વજન ઓછું થાય છે, દૃષ્ટાંત અને સિદ્ધાંત બે વાત સાથે રહે છે ને? અને સિદ્ધાંતના અનુભવમાં જવા માટેની શક્તિ ઓછી હોય છે એવા અશક્તિવાળા વક્તાઓનું એ ચિહ્ન છે, લક્ષણ છે. એ

દૃષ્ટાંતમાં મહત્તાનો રસ લે. રસ લેવાનો વિષય તો સિદ્ધાંતનો છે. દૃષ્ટાંત તો એક એની યુક્તિ છે કે જે સિદ્ધાંતને સહેલો કરે છે, સ્પષ્ટ કરે છે. એટલે જ ... પણ એ વાર્તામાં કોઈ રસ લેવા જેવો નથી. એટલે સંક્ષેપમાં દૃષ્ટાંતને ... લેવામાં આવે છે.

સિંહ સ્વભાવથી જ પરાક્રમી હોય છે અને જન્મથી સંગત બકરીના બચ્ચાઓની રહેવાથી પોતાને પણ સિંહ છું કે બકરી છું એવો વિચારવાનો પ્રસંગ કે કોઈ કારણ બન્યું નથી. સહેજે સહેજે સંગતની અંદર પોતે ચાલે છે, વિચરે છે, પ્રવર્તે છે. બીજા કોઈ સંયોગીઓનો પ્રસંગ મળે છે કે જેની ગર્જના સાંભળે છે. તો એને ભાન થઈ આવે છે કે હું આના જેવો છું. '**હું તો આના જેવો સિંહ છું.**' બસ! આટલો મુદ્દો લેવાનો છે. એને એ ખ્યાલ જ નહોતો કે હું કેવો છું? એવો કોઈ પ્રકાર ઉત્પન્ન થઈ આવે છે અને જેવું એને ભાન થાય છે કે હું તો સિંહ છું. તો એને સિંહપણાનો ભાવ, સિંહપણારૂપ ભાવ આવિર્ભાવ થાય છે. હું સિંહ છું, હું બકરું નહિ પણ હું સિંહ છું એવા ભાવનો આવિર્ભાવ એને થાય છે. એમ સમજી જાય છે. સમજે છે, પ્રતીત આવે છે અને પરાક્રમ ફોરવે છે. આચરણ. દર્શન-જ્ઞાન અને ચારિત્ર. દૃષ્ટાંતમાં ત્રણે બોલ સંક્ષેપમાં આવી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કુદરતી જ ખોટી સંગતમાં આજન્મથી હતો. આ જીવ અનાદિથી અજ્ઞાની છે. અને અજ્ઞાનીઓની સંગતમાં, સંસારીઓની સંગતમાં એનો ઉછેર થાય છે. અને લોકો સંયોગોને ઘણી કિંમત આપે છે એ પોતે પણ આપે છે. જેમ પૈસા વધારે એમ આબરૂ વધારે. આ.. પોતે કલ્પી લે છે. પૈસા ઘટે તો આબરૂ ઘટે. જેમ જગતના લોકો બધા માને છે એમ પોતે માનવા લાગી જાય છે. પછી એવું નથી કે એમાં વિપર્યાસ જુદા જુદા દેશના જુદા જુદા છે. એ તો અમેરિકાવાળા પણ એમ જ માને છે, રશિયાવાળા પણ એમ જ માને છે. ભલે બંનેના રાજકારણના સિદ્ધાંતો તદ્દન જુદા જુદા છે, પ્રવૃત્તિના સિદ્ધાંતો જુદા જુદા છે તોપણ આમાં તો બધા એક છે. એ હિન્દુસ્તાનમાં રહેતો હોય કે અમેરિકામાં રહેતો હોય કે રશિયામાં રહેતો હોય. જેમ આર્થિક એક જ પ્રયોજન બધા જ જીવોને-મનુષ્યોને હોય એ મનુષ્ય થતાં જ એને એ વિષય ઉપર થોડી પક્કડ આવી જાય છે.

મુમુક્ષુ :- આ ક્ષેત્રમાં તો...

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી આ ક્ષેત્રમાં અને ઈ ક્ષેત્રમાં શું ફેર પડ્યો? બેય એક જ ક્ષેત્ર, એક જ જાતિના ક્ષેત્ર થઈ ગયા. અશુભ અને શુભમાં. શુભ પણ સરખું થતું નથી. પછી જ્યાં ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞાથી પ્રવૃત્તિ ચાલે છે ત્યાં તો શુભનું પણ

ઠેકાણું રહેતું નથી.

એ અનુસાર સિદ્ધાંત લે છે. દૃષ્ટાંત તો સમજાય એવું છે. બહુ સહેલું છે અને પ્રચલિત દૃષ્ટાંત છે આ તો. '**તેમ...**' તે સિદ્ધાંત અનુસાર-'**તેમ પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે...**' અનાદિથી શું છે? જેમ પેલું સિંહનું બચ્ચું બકરીઓના બચ્ચા વચ્ચે જન્મથી રહ્યું છે. એમ '**પર અને વિભાવની વચ્ચે રહેલા આ જીવે...**' આમ લીધું છે. અનાદિથી પર સંયોગમાં, દેહાદિ સંયોગમાં રહ્યો છે. અને વિભાવ જ એને થયા કર્યા છે, થયા છે. વિભાવોમાં હુંપણું માનીને એનું પરિણમન અનાદિથી થઈ રહ્યું છે. '**પર અને વિભાવની વચ્ચે...**' એટલે એના સંયોગમાં રહેલા આ જીવે. '**પોતાને પર અને વિભાવરૂપ માની લીધો છે...**' દેહાદિ સ્વરૂપે હું છું અને રાગાદિ સ્વરૂપે હું છું. બસ! આદિમાં બીજા સંયોગો લઈ લેવા. રાગાદિમાં અનેક પ્રકારના વિભાવ લઈ લેવા. એવા સ્વરૂપે હું છું એમ પોતાને માની લીધો છે.

આ એનું અનાદિથી ચાલ્યું આવતું Conception છે-એક જાતનો સ્વીકાર જ છે કે હું આવો જ છું. જે જે કર્મજનિત પર્યાયે ઊપજે છે એ કર્મજનિત, જે તે કર્મજનિત પર્યાયે ઊપજના પણ પરિણામ કર્યા છે અને ઊપજે છે. એટલે એ પ્રકૃતિ અને એ ભાવ એને વણાઈ ગયા છે. પછી તો દ્રવ્યસ્વરૂપે એને એ સ્થિતિ થાય છે. જેમકે અહીંથી કોઈ તિર્યંચગતિમાં જવાના હોય તો એના આર્તધ્યાનના પરિણામ-પરિણતિ એના જીવન સાથે-પરિણમન સાથે એવી વણાઈ જાય છે કે આર્તધ્યાન... આર્તધ્યાન... આર્તધ્યાન... કોઈ રીતે આર્તધ્યાનમાંથી છૂટી શકે નહિ. સંયોગની ચિંતા અનેક પ્રકારમાં મુખ્યપણે. ભવિષ્યની ચિંતા કાંઈને કાંઈ કારણ વગર. શું કારણ? એની પાછળ શું હેતુ? કે એનું શું ફળ? એથી શું લાભ? પારમાર્થિક લાભ-નુકસાનનો કોઈ વિચાર કરવાનો અવકાશ ન રહે એ રીતે સતત આર્તધ્યાનમાં જીવતો મનુષ્ય તિર્યંચગતિમાં આવી જાય છે. એ પરિણામ આર્તધ્યાનના છે. એમાં એ ગતિનું આયુષ્ય બંધાઈ જાય છે, તિર્યંચગતિનું, ત્યારે એની ભાવરૂપ સ્થિતિ તો પ્રાયઃ એવી થઈ જાય છે તિર્યંચ જેવી. પછી દ્રવ્યરૂપે સ્થિતિ થાય છે ત્યારે તો એકાકાર થઈને પરિણમે છે. અને એવો હું નહિ એ વાત એને બહુ કઠણ થઈ પડે છે. મુશ્કેલ થઈ પડે છે. દુષ્કર થઈ પડે છે. બિલકુલ આવો હું. એક સિદ્ધ સમાન પરમાત્મ તત્ત્વ છું, હું પરમાત્મા છું એ વાત એને દુષ્કર થઈ પડે છે. હું માણસ નહિ? હું માણસ છું અને હું માણસ નહિ? પણ માણસ તું ક્યાં છો? એ તો સંયોગ છે બધા, મનુષ્યને લાયક સંયોગ છે અને મનુષ્યને લાયક ભાવની યોગ્યતા છે. એનાથી પણ મૂળ સ્વરૂપ તો જુદું છે આખું. મૂળ સ્વરૂપ લીધું છે. .... એમ શબ્દનો પ્રયોગ...

'પર અને વિભાવરૂપ માની લીધો છે પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતા તે જાગી ઊઠે છે-' ...નો વિષય આ જગ્યાએ તો સુગમ અને સરળ છે અને ઘણો સંક્ષેપમાં. કોઈ વિસ્તારવાળો નથી. તું રાગાદિ અને દેહાદિ સ્વરૂપે નથી. તું જ્ઞાનસ્વભાવી એક પરમતત્ત્વ છો. એકલું જ્ઞાનસ્વભાવનું પરમ તત્ત્વ છે. આટલો જ વિષય છે. પછી એની તપાસમાં જાય ત્યારે એને એ વાતની પ્રતીતિ થાય છે. માત્ર વિચારીને એટલેથી અટકવાનો આ વિષય નથી. વિચારમાં આવ્યું, વિચારતા વાત ઠીક લાગી, યોગ્ય લાગી અને તેથી એ વાત સ્વીકારી લીધી છે, એમ અટકી જવાનું નથી. ... વાત વિચારમાં સંમત થઈ હોય તોપણ તપાસીને સંમત કરવી, અવલોકન કરીને સંમત કરવી. રાગાદિ અને દેહાદિ સ્વરૂપે હું છું એવો અનુભવ એ અનુભવ મિથ્યા અનુભવ છે, જૂઠો અનુભવ છે. હું જ્ઞાનસ્વરૂપ છું એ અનુભવ સાચો છે અને એવો અનુભવ જ્યાં સુધી અનુભવરૂપ ન આવે ત્યાં સુધી પેલો અનુભવ મટે નહિ અને એ અનુભવ ચાલુ રહે તો કોઈ રીતે પોતાની સમજણ સાથે એનો મેળ ખાતો નથી. એટલે સમજણ અને અનુભવ વચ્ચેનું અંતર ઊભું થયું. અનુભવમાં રાગ થતાં જ હુંપણું આવ્યું. એકત્વ થઈ ગયું, ભેળસેળ થઈ ગઈ. સમજણ એમ કહે છે કે હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું. એ રીતે બે વચ્ચેનું અંતર તોડવાનો પ્રયત્ન શરૂ થવો જોઈએ.

એ પ્રયત્ન શરૂ થવામાં રાગ પણ થાય છે અને જ્ઞાન પણ થાય છે અને બંને આત્માને આત્માની પર્યાયમાં થાય છે. જેવો રાગપણે પોતાને અનુભવે છે તો જ્ઞાન થતું હોવા છતાં જ્ઞાનપણે કેમ અનુભવ થતો નથી? નહિતર તો પ્રશ્ન કરે છે, તર્ક આવે છે કે રાગ થાય છે એટલે રાગપણે અનુભવે છે. જીવને રાગ થયો તો રાગપણે એને અનુભવ થયો. તો જીવને જ્ઞાન પણ થયું તો જ્ઞાનપણે કાં અનુભવ ન થયો? અહીંથી કાર્યપદ્ધતિ શરૂ કરવી જોઈએ. જે વિષય થોડો સૂક્ષ્મ છે એ કાર્યપદ્ધતિનો છે. બાકી આટલો વિષય એટલો અઘરો નથી કે આ આત્મા રાગાદિ અને દેહાદિ સ્વરૂપે નથી પણ જ્ઞાનસ્વભાવે છે, જ્ઞાનસ્વરૂપે છે આત્મા. એ સમજવું એટલું અઘરું નથી. પણ એને અનુભવમાં મૂકવું એ વિષય સૂક્ષ્મ છે અને એ વિષય થોડો પુરુષાર્થ માગે એવો વિષય છે. અહીંયાં પુરુષાર્થની આવશ્યકતા છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એનો રસ છે એમાં એનો પુરુષાર્થ જાય છે. જ્યાં જે પરિણામમાં જીવનો રસ છે તે પરિણામમાં તે જીવનો પુરુષાર્થ સંલગ્ન છે. કે પુરુષાર્થ નથી ત્યાં? એટલા માટે અહીંયાં પુરુષાર્થની વાત લીધી કે હું જ્ઞાનસ્વરૂપે છું અને હું

રાગાદિ સ્વરૂપે નથી એમ પ્રયત્ન કરવો છે. એમ અનુભવ કરવો છે તો પ્રયત્ન સહિત અનુભવ થશે, પ્રયત્ન વિના અનુભવ થશે નહિ.

'પૂજ્ય બહેનશ્રી'ની કથન પદ્ધતિમાં, શૈલીમાં એ વાત આવે છે કે માત્ર હું જ્ઞાયક છું એવો વિકલ્પ નહિ પણ એવું તારું તું ગ્રહણ કર. એવા જ્ઞાયકને તું ગ્રહણ કર. વિકલ્પ કરવો એક વાત છે એને ગ્રહણ કરવો બીજી વાત છે. એમાં જ્ઞાયકપણાનો અનુભવ કરવાનો પ્રયત્ન છે ગ્રહણ કરવામાં. વિકલ્પમાં, કોરા વિકલ્પમાં, અદ્ધર વિકલ્પમાં કોઈ એ પ્રયત્ન નથી.

બીજું, જેને રાગનો જ રસ છે એને તો જ્ઞાયકનો વિકલ્પ થાય છે. એવો એક જે રાગ થાય છે એમાં રસ પડે છે. આ તકલીફ છે. જેમ કોઈ સમજીને અટકી ગયાની કાર્ય પદ્ધતિના એક ઢાંચામાં આવી જાય છે ત્યારે ગમે તે વાતને ક્ષયોપશમગોચર કરી લે, બુદ્ધિગોચર કરી લે અને અટકી જાય કે બરાબર, અહીંયાં આમ કહેવા માગે છે. સમજાય ગયું. અને પ્રયત્ન રહિત થઈ જાય છે. એવો એક રાગનો ઢાંચો છે. વીતરાગી સ્વરૂપના શબ્દ છે, વાચક શબ્દ, આત્મસ્વરૂપના દ્યોતક, આત્મસ્વરૂપના ભાવને પ્રકાશનારા, ભાવભાસન થાય એવા શબ્દો, સ્વરૂપ તો વીતરાગી છે એ વાચ્યને વીતરાગભાવે અંગીકાર કરવાના પ્રયત્નને બદલે એને પણ એક રાગનો વિષય બનાવ્યો કે હું જ્ઞાયક છું... હું જ્ઞાયક છું... હું .. છું... હું શુદ્ધ છું... હું ધ્રુવ છું, હું અપરિણામી છું. એમ કોઈને કોઈ શબ્દ પકડીને એ શબ્દનો જે વિકલ્પ છે એ વિકલ્પના રસમાં રહી જાય. આ પણ એક એવો ઢાંચો છે કે જેમાં જીવને રાગરસ છે એ રાગરસને જ પાછો પોષણ કરવામાં લાગી જાય છે. વીતરાગી સ્વરૂપના વિષયનો રાગરસ? એ તો એની સાથે બિલકુલ સુસંગત થતો નથી. એટલે એ પ્રકાર ઉત્પન્ન ન થઈ જાય-રાગનો, વિકલ્પનો અને તદ્અનુસાર ઉત્પન્ન થતી ભાષા, એનું આકર્ષણ, ભાષાનો વ્યામોહ, ભાષાનો રાગ, શબ્દનો રાગ આવો જોરદાર શબ્દનો પ્રયોગ હું કરું છું, એમ થાય. આવો જોરદાર શબ્દ છે, શબ્દનો પ્રયોગ ... સાકર શબ્દમાં સાકર નથી અને સાકરમાં સાકરનો શબ્દ નથી. 'ધર્મદાસજી ક્ષુલ્લક'ને હિસાબે તો સૂર્ય અને અમાવસ્યાના અંધારા જેટલું અંતર છે બે વચ્ચે. અમાવાસના અંધારમાં સૂરજ ન હોય, સૂરજમાં અમાવાસનું અંધારું ન હોય. એટલે એ વિષય જરા અહીંયાં થોડો ઊંડા ઉતરવાનો વિષય હોય તો આટલો જ છે અહીંયાં કે જીવે પર અને વિભાવરૂપે પોતાને માની લીધો છે.

'પણ જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતા તે જાગી ઊઠે છે–' ચોંકી ઊઠે છે. આટલું બધું અંધારુ! આટલો બધો ફેર! અથવા દેહાદિ અને રાગાદિ રૂપે

પોતાને સ્વીકાર્યો એમાં એકદમ અધોગતિનું આ કારણ! નરક, નિગોદ, તિર્યંચ આદિ ગતિનું કારણ? કે આટલો જે સ્વીકાર હું રાગરૂપે છું અને હું દેહરૂપે છું. .. વાળો? જાગી ઊઠે છે એમ કહ્યું. ઓલામાં તો સિંહના બચ્ચામાં તો એમ લીધું દૃષ્ટાંતમાં કે સમજી ગયો છે. દૃષ્ટાંત હતો એટલે.

હવે અહીંયાં વાસ્તવિકપણે શું બને છે? કે '**જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતા તે જાગી ઊઠે છે-**' જાગૃત થઈ જાય છે. હું રાગપણે, દેહરૂપે માનીને પરિણમ્યો રહ્યો છું મને અથવા એવો અનુભવ કરીને હું પરિણમી રહ્યો છું, ઘોર નુકસાનનું આ કારણ છે. મોટા નુકસાનનું આ કારણ છે. એ '**જાગી ઉઠે છે-**' અથવા ચોંકી ઊઠે છે. અથવા મૂળ સ્વરૂપનો વિષય સાંભળતા તે સંબંધી પોતાની અવ્યક્ત રુચિ હતી એ રુચિ વ્યક્ત થાય છે, રુચિ પ્રગટ થાય છે, રુચિને પોષણ મળે છે અને એ સંબંધીની એક ચોંટ લાગે છે. પરિણામ ઉપર ઊંડી અસર થવી એને ચોંટ કહેવામાં આવે છે. ઊંડી અસર થવી.

એ ઘણીવાર ચર્ચામાં 'પૂજ્ય બહેનશ્રી' કહે છે કે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક... એટલે ખાલી જ્ઞાયક, કિંમત વગરનો કોઈ જ્ઞાયક એવી વાત નથી. જ્ઞાયક એટલે પરમ તત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે. અનંત ગુણોનું પરમ ઐશ્વર્ય જેની અંદર વિદ્યમાન છે, હયાત છે એવું જે તત્ત્વ છે એનું જેટલું વજન હોય એટલું વજન એનું ભાવમાં એને ભાસવું જોઈએ, આવવું જોઈએ. તો એની જ્ઞાયક એ વાત બરાબર છે. નહિતર જ્ઞાયકની વાત તો શબ્દ અને વિકલ્પ, કોરા શબ્દ અને કોરા વિકલ્પમાં રહી જશે.

એટલી વાત લીધી છે કે જીવનું મૂળ સ્વરૂપ બતાવે છે. એક તો ગુરુવાણીમાં આ વિષય આવે, આવે ને આવે જ. ન આવે એવું બને નહિ. 'ગુરુદેવ'ની તો આ પ્રધાન શૈલી હતી. કોઈપણ શાસ્ત્ર હોય, કોઈપણ શાસ્ત્રની કોઈપણ અધિકારની કોઈપણ ગાથા હોય, ગમે તે વિષય ચાલતો હોય, પહેલા મૂળ સ્વરૂપને સ્થાપે. નિજ આત્મ ભગવાનની પહેલા સ્થાપના કરે. શ્રદ્ધા-જ્ઞાનમાં સ્થાપેલા છે પણ ઉપયોગમાં અને વાણીમાં એ વિષય ચાલુ થઈ જાય કે આ આત્મા છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એટલે કે વર્તમાન સમયમાં, આ જ સમયમાં, અત્યારે જ. કેવો વિદ્યમાન છે? પ્રગટ છે? કે જ્ઞાનાનંદ છે, પૂર્ણાનંદ છે, નિત્યાનંદ છે, નિર્મળાનંદ છે. બધામાં આનંદની મુખ્યતા છે. આનંદમાં વજન આવે છે. જે પ્રયોજન છે, જીવનું જે પ્રયોજન છે એનું વજન આવે.

આવો આત્મા છે એને સ્થાપીને પછી એને રાગ અને બંધ એને આસ્રવ જે કાંઈ વાત કરવી હોય અવસ્થા સંબંધીની, ગુણભેદ સંબંધીની તે આવો આત્મા સ્થાપીને

વાત છે. પહેલો આ આત્મા સ્થાપે. આ એક હકીકત છે. પછી એને એ રીતે રાખીને હવે એ અપેક્ષાએ બીજું બધું જોવાનું છે. એની અપેક્ષા છોડીને કોઈ વાતનું જ્ઞાન કરવાનું રહેતું નથી. આ એક વિશિષ્ટતા હતી 'ગુરુદેવશ્રી'ના પ્રવચનમાં.

મુમુક્ષુ :- ... આત્મા અનાદિકાળથી એ જ કર્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એનો સ્વભાવ છે એટલે એને જોઈએ છે સુખ, શાંતિ અને આનંદ. પણ એની પણ એણે કલ્પના કરી છે. સ્વભાવનો-આત્માનો આનંદ કેવો છે? એની શાંતિ કેવી છે? એના ... ફકત ભિન્ન-ભિન્ન કારણે એણે એની કલ્પના કરી છે. જુદાં જુદાં વિષયમાં એની કલ્પના કરી છે. જુદા જુદા પરિણામોમાં એની કલ્પના કરી છે. કોઈવાર તીવ્ર કષાયમાં પણ આનંદ માન્યો છે. કોઈવાર મંદ કષાયમાં પણ એણે આનંદ માન્યો છે. એટલે એક તો આનંદના સ્વરૂપ (સંબંધિત) સમજણ ખોટી છે. બીજું, ક્યાં આનંદ છે એની પણ એને ખબર નથી. અથવા એને એવી ઊલટી ખબર છે, ઊંધી ખબર છે કે મારો આનંદ બહારના અનુકૂળ સંયોગમાં, ... સંયોગોમાં છે. તે પણ વિપરીતતા છે. અને ત્યાંથી લેવાનો એનો પ્રયત્ન છે એ પણ એની વિપરીતતા છે. એમ બધું ઊલટું ચાલ્યું છે.

ત્યારે શ્રીગુરુ પાસેથી પરમ સત્ય સાંભળતા એ જાગી ઊઠે છે અથવા ચોંકી ઊઠે છે કે અરે..! જે રસ્તે હું ચાલ્યો જાવ છું એ રસ્તે તો આગળ એવી ઊંડી ખાય છે નરક-નિગોદની કે જ્યાંથી અનંત કાળે પણ બહાર નીકળવું મુશ્કેલ છે. આ એને નુકસાનનું ભાન થાય છે. જે સ્વરૂપ છે, શ્રીગુરુ જે મૂળ સ્વરૂપ બતાવે છે એ મૂળ સ્વરૂપના અનુભવમાં અને પ્રાપ્તિમાં આવવું તો સાદિ અનંત અનંત સમાધિ સુખ અંદર છે એ વ્યકત થઈને અનુભવગોચર થશે, એ જ સ્થિતિમાં રહેવાનું છે. એની સ્વરૂપ પ્રાપ્તિની ભાવના ત્યાંથી ઉત્પન્ન થાય છે. અંદરની ભાવના ઉત્પન્ન થાય છે અને એ ભાવનાના બળે એ આગળ વધતો જાય છે.

'જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે-' ગુરુ પણ એના માટે પરમાત્મા છે અને એની વાણી એના માટે દિવ્યધ્વનિ છે. એવો ભાસ આવે છે કે આ કોઈ પરમાત્મા મારા માટે દેહધારી રૂપે થઈને અહીંયાં પધાર્યા છે. અને એમની વાણી એ કોઈ મનુષ્યની વાણી દેખાતી નથી પણ કોઈ દિવ્ય વાણી જેવું ભાસે છે. એમાં એને પોતાનું સ્વરૂપ ભાસે છે.

મુમુક્ષુ :- આ કાળમાં 'ગુરુદેવશ્રી'એ એમાં મૂળ સ્વરૂપ બતાવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ વાત છે. બતાવ્યું એમ નહિ, અસાધારણ રીતે બતાવ્યું છે. સાધારણ રીતે બતાવ્યું છે એમ નથી પણ અસાધારણ રીતે બતાવ્યું છે.

અને એનો પ્રગટ પુરાવો છે. 'સોગાનીજી'નું તો પ્રગટ દૃષ્ટાંત છે કે સાંભળતાવેંત અનુભવ લીધો તો વાણીનો પ્રભાવ કેટલો? નિમિત્ત અપેક્ષાએ એ વિચારીએ તો. ઉપાદાન અપેક્ષાએ પોતાનો પુરુષાર્થ છે. પણ એવું તે શું સાંભળ્યું હશે? આત્મા કેવો સાંભળ્યો હશે અને કઈ રીતે સાંભળ્યો હશે! આ એક મુમુક્ષુ માટે રહસ્યનો વિષય બની જાય છે. .. જ્ઞાનની પહોંચ જરૂર છે, સમજની પહોંચ જરૂર છે. અને એ વિષય જેમ છે એમ સમજણમાં લેવામાં આવે તો જેમ બીજા અનેકને અનુભવ થયો છે એમ પોતાને પણ અનુભવ થઈ શકે એવું છે.

મુમુક્ષુ :- ... અનુભવ

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ. આ જીવ પ્રયત્ન જ કરતો નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- સરસ વાત છે. બહુ સરસ વાત છે. રાગની ખુરશીમાં બેસી ગયો છે, જ્ઞાયકની ખુરશી ખાલી પડી છે ત્યાં ઊભો થઈને બાજુમાં બેસતો નથી. આ તો ભેદજ્ઞાન તો રાગ અને જ્ઞાન વચ્ચેનું છે ને. રાગ તે હું એમ થઈ રહ્યું છે અને જ્ઞાન તે હું આટલું કરવાનું છે. બસ, આટલી વાત છે. બેય ખુરશી બાજુ બાજુમાં છે. બેય ખુરશી બાજુ બાજુમાં છે. એક ખુરશીમાંથી ઊઠીને બાજુની ખુરશીમાં જા. પાછી આ ખુરશી વિષ્ટારૂપ ગંદકીવાળી છે, ગંધાતી છે, સડેલી છે. અંદર કીડા અને જીવડા પડેલા છે ગંદકીના. અને બીજી સોડમ અને સુગંધથી (ભરેલી છે). સોનામાં સુગંધ ન હોય પણ ઓ સોનામાં તો સુંગધ પણ છે. જ્ઞાન પણ છે અને આનંદ પણ છે. સુગંધયુકત સોનાની ખુરશી છે. ઊઠીને અહીંથી ...

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- જે કરવું છે તો સાચું કરવું છે અને સાચા વેષ માં આવવું જોઈશે. માણસ નથી કહેતા? કે પ્રસંગ આવશે ત્યારે ખરા વેષમાં આવી જશે. એમ સાચી ભાવનામાં આવવું પડે છે. સાચી ભાવનામાં આવે અને ન થાય એ પ્રશ્ન નથી. અને સાચી ભાવનામાં ન આવે અને થઈ જાય એ પણ પ્રશ્ન નથી. આ એક નક્કર હકીકત છે. એમ જ છે. બાજુની ખુરશીમાં નથી આવતો.

એક વાર 'ગુરુદેવશ્રી'એ બહુ સરસ વાત કરી. ૧૭-૧૮ ગાથા.... રૂમમાં ચર્ચામાં એ વાત લીધી હતી. ૧૭-૧૮ ગાથાનો જે વિષય ચાલ્યો ગયો અને એ વિષયમાં બહુ સારો મર્મ છે. ફરમાવો શું કહેવું છે એમાં? ચાલુ પ્રવચનમાં. એટલે કહે, જે અનાદિથી રાગ અને જ્ઞાન જીવના પર્યાયમાં પરિણમી રહ્યા છે. પરિણમન બેય ગુણનું થઈ રહ્યું છે. ચારિત્રગુણ રાગરૂપે પરિણમી રહ્યો છે, જ્ઞાનગુણ જાણવારૂપે પરિણમી રહ્યો છે.

બંને મુખ્ય ગુણ છે અને બંને ગુણનું પરિણમન અનાદિથી આ રીતે ચાલુ જ છે. પછી ચેષ્ટા કરી કે જે રાગનું પરિણમન થાય છે એમાં રાગ તે હું એમ જીવ એના ઉપર જેમ ઘોડેસવાર થાય એમ એના ઉપર સવાર થઈ ગયો છે. રાગ તે હું એમ રાગ ઉપર જીવ સવાર થઈ ગયો છે. રાગની સવારી કરી રહ્યો છે. રાગ તે હું. એના બદલે આ જ્ઞાન તે હું. બસ, આ બેઠક બદલાઈ ગઈ. આ એક ભેદજ્ઞાનનો જે વિષય છે ૧૭-૧૮ ગાથાનો જ્ઞાન તે હું. તપાસીને શોધે તો હું... હું... હું.... હું... હુંપણું નિજ પદનું આસ્તિક્ય જ્ઞાનમાં દેખાય એવું છે, જ્ઞાનમાં જણાય એવું છે, જ્ઞાનમાં સમજાય એવું છે. આગળ જાય તો જ્ઞાનમાં અનુભવગોચર થાય એવું છે. તપાસ કરે તો. અને તપાસ કરે તો એને એ પણ તપાસમાં માલુમ પડે એવું છે કે જે રાગમાં હું... હું... હું... હુંપણું થઈ રહ્યું છે એ ભૂલ થઈ છે. બેય ભાવ થયા એમાં ખરેખર હું જ્ઞાનમાં છું, હું રાગમાં નથી. પણ ભૂલ કરી છે કે રાગ તે હું. આ વિષય લીધો છે 'સમયસાર'માં ૬૯-૭૦ ગાથામાં. ૬૯. કર્તાકર્મ અધિકાર શરૂ કરે છે આ વિષય છે. ૭૦-૭૧ માં છે.

મુમુક્ષુ :- આમ તો રાગ તે હું ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે જ્ઞાયક જે સ્વરૂપ છે, એનો નિશ્ચય કરવામાં પણ ભેદજ્ઞાન જ કાર્યકારી છે. જોકે ત્યાંથી ઉપડવું છે. જેને નિશ્ચય નથી થયો એને પણ ભેદજ્ઞાનનો પ્રયોગ કરતા નિશ્ચય થશે. ભાવભાસન (થશે).. એ વખતે હું જ્ઞાયક છું એવું જે અખંડ તત્ત્વ છે એ પોતા સ્વરૂપે છે એવું જે ભાસનમાં આવશે. એના અનુભવનો પ્રયત્ન ત્યાંથી શરૂ થશે. અને એ પ્રયત્ન પણ ભેદજ્ઞાન સ્વરૂપે જ છે.

ખરેખર તો એવું ઘણીવાર વિચારમાં આવ્યા કરે છે કે મુમુક્ષુઓની વચ્ચે ચર્ચાનો વિષય એકલું ભેદજ્ઞાન થઈ જવો જોઈએ. ભેદજ્ઞાનની જ ચર્ચા સર્વત્ર ચાલવી જોઈએ અને એમાં દરેક પોતે પ્રયત્ન કરે અને એમાં ક્યાં અટકે છે? ક્યાં તકલીફ પડે છે? કેમ આગળ વધાય છે એ જ ચર્ચાનો વિષય, એના જ પડખા, એની સૂક્ષ્મતા, એ જ વિષય ચારે બાજુથી ચર્ચવો જોઈએ. જેથી પોતાને એ જ માર્ગમાં, એ જ પ્રયોગમાં ઊંડા ઉતરવાનો, આગળ ચાલવાનો સ્પષ્ટ થાય અથવા વધારે પ્રેરણા મળે, પ્રોત્સાહન મળે. કેમકે એ એક જ ચાવી છે. અનુભવની કહો કે પરમાત્મ પદની કહો એ એક જ ચાવી છે. ભેદજ્ઞાન એકમાત્ર ચાવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- તપાસે તો એને બરાબર જ્યાં સુધી એ તપાસમાં એને આ સરવાળો ન આવે ત્યાં સુધી એને તપાસ્યા જ કરે કે રાગ તે હુંપણું થાય છે, રાગમાં હુંપણું થાય છે એ સાચું છે કે ખોટું? હું ક્યાં છું? હું જ્ઞાનમાં કે હું રાગમાં? બસ. તટસ્થ

થઈને ઉપયોગને એ વિષયમાં જેટલો શક્ય બને એટલો સૂક્ષ્મ કરીને, તીક્ષ્ણ કરીને (તપાસે કે) હું ક્યાં છું? મારી નિજપદની હસ્તી-હયાતી ક્યાં છે એ શોધે. અને એક વાર જો એને હયાતી મળે, એ અસ્તિત્વ ગ્રહણ એ જ નિશ્ચય છે, એ જ નિર્ણય-સ્વરૂપ નિર્ણય છે. એને અસ્તિત્વ ગ્રહણ કહે છે. તો એને પછી તો હું-હું પદની નિજ પદમાં આસ્તિક્યતા વધારીને આનંદ સુધી પહોંચી જાય છે. ભલે અત્યારે આનંદ નથી પ્રગટતો પણ આનંદ સુધી-અનુભવના આનંદ સુધી પહોંચી જાય.

એ વિષય વિચારવાનો કે પ્રયોગનો નથી હોતો એટલે એની ચર્ચા ચાલતી નથી. એની ચર્ચા ચાલવી જોઈએ પણ એની ચર્ચા કેમ ચાલતી નથી? કે એ Line ચડતા નથી. ભલે તત્ત્વજ્ઞાનમાં અનેક પડખાની ચર્ચા-વિચારણા ચાલે છે પણ મૂળ પ્રયોજનભૂત જે ભેદજ્ઞાન અને એ પણ સ્વભાવ-વિભાવ વચ્ચેનું ભેદજ્ઞાન, અહીંથી શરૂઆત થાય છે. એટલે તો કહ્યું કે, રાગ અને જ્ઞાન જુદા છે એમ સાંભળ્યું. .. શું સાંભળ્યું? કે રાગ અને જ્ઞાન જુદા છે. શું સાંભળ્યું? કઈ રીતે સાંભળ્યું? બસ! એમાં આટલો મુદ્દો સંકેતમાત્ર છે. રાગ અને જ્ઞાન જુદા છે. રાગ તે હું નહિ, જ્ઞાન તે હું. આ વિષય ઉપર પકકડ આવી અને આ વિષય ઉપર પ્રયત્ન ચાલ્યો. પ્રયત્ન ચાલે અને સફળ ન થાય એ ન ભૂતો ન ભવિષ્યતિ. કોઈ જીવને માટે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાની તૈયારી એટલી કે એક મારે મારું સ્વરૂપ જ જોઈએ અને બીજું કાંઈ જોઈએ નહિ. વિકલ્માત્રમાં દુઃખ લાગવું જોઈએ. વિકલ્પની અંદર દુઃખ લાગે. એ પહેલી તૈયારી થઈ. તૈયારી બહુ સારી. કેટલી? કે વિકલ્પમાત્રમાં દુઃખ લાગશે તને. અને એ વિકલ્પ છૂટે. ન છૂટે તો નહિ ચાલે એ પરિસ્થિતિ થશે. વિકલ્પ નહિ છૂટે તો નહિ ચાલે. ચાલે નહિ. જેમ પાણી નહિ મળે તો નહિ ચાલે. એક .. નહિ ચાલે. એટલી વાત ચોક્કસ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ દિવસે ઘણાય હતા. રીત જુદી. એ સ્થિતિમાં એ આવેલા. એમાં તો કાંઈ પ્રશ્ન નહિ. એમાંથી જે કાંઈ વિચારવા જેવું છે મુમુક્ષુને એ એટલું વિચારવા જેવું છે કે આ જીવને વિકલ્પ તો થાય છે. તો એ વિકલ્પમાં એને કેટલું દુઃખ લાગે છે? આ એક વિચારનો વિષય થઈ જવો જોઈએ. જેમાં દુઃખ છે એમાં જો દુઃખ નથી લાગતું તો જરૂર તે રાગનો રસ પડેલો છે. તે રાગ રસે કરીને વેદાય છે, રસે કરીને ભોગવાય છે અને એમાં દર્શનમોહનો બહુ મોટો ભાગ છે. દર્શનમોહનો બહુ મોટો પ્રભાવ છે એ વિષયમાં. એ અનુભવની અપેક્ષા રાખે એ

સ્થિતિમાં તો કાંઈ અનુભવ આવે એવી ચીજ નથી. એટલે એટલી વાત તો જરૂર છે કે એને વિકલ્પમાત્રમાં દુઃખ લાગવું જોઈએ.

હવે એ પ્રશ્ન થઈ શકે છે કે ન લાગતું હોય તો પછી કાંઈ પરાણે થોડું લગાડાય છે? દુઃખ ચીજ એવી કે સુખ ચીજ એવી નથી કે પરાણે સુખ લગાડી દેવાય કે પરાણે દુઃખ લગાડી દેવાય. એવું તો કાંઈ બનતું નથી. તો કહે છે, તું ભેદજ્ઞાનમાં આવ. તારા પરિણમનમાં ઉત્પન્ન થતો રાગ અને તારા પરિણમનમાં ઉત્પન્ન થતું જે જ્ઞાન આની મીંઢવણીમાં આવી જા. રાગ તે જ્ઞાન નથી અને જ્ઞાન તે રાગ નથી. એની મીંઢવણીમાં તને જરૂર એમ દેખાશે કે જરૂર રાગમાં દુઃખ છે. મોક્ષ અધિકારમાં આ વિષય આચાર્ય મહારાજે લીધો છે કે રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરવા જતાં આકુળતા સ્વરૂપે રાગ, આકુળતા લક્ષણ રાગ અને નિરાકુળતા લક્ષણ જ્ઞાન એમ તને જોવામાં આવશે. બસ. અહીંથી તને સુખ-દુઃખનો વિષય ઊભો થશે. સુખની રુચિ થશે, નિરાકુળ સુખની રુચિ થશે. આકુળતારૂપ દુઃખની અરુચિ થશે. અને આ જ ભેદજ્ઞાનનું સાચું લક્ષણ છે.

ભેદજ્ઞાનનું લક્ષણ એ કોઈ બુદ્ધિની રમત નથી. બીજી રીતે વિચારીએ તો, કોઈ એમ સમજે કે બુદ્ધિથી જ્ઞાન અને રાગને આપણે જુદાં પાડી દઈએ. એવી આપણામાં બુદ્ધિ તો છે. તો બુદ્ધિથી આપણે એને જુદાં પકડી લઈએ. બુદ્ધિની એકલી રમત નથી. ભેદજ્ઞાનનું લક્ષણ શું? કે આકુળતા લક્ષણ રાગ અને નિરાકુળતા લક્ષણ જ્ઞાન, એમ જણાતા એકની રુચિ અને એકની અરુચિ-જ્ઞાનની રુચિ અને રાગની અરુચિ (થાય) એમ બે વાત એ લક્ષણો ઊભા થાય. તો એને ભેદજ્ઞાન ચાલે છે. નહિતર ભેદજ્ઞાન નથી ચાલતું પણ કાંઈક વિકલ્પની અને બુદ્ધિની કોઈ રમત ચાલી રહી છે, એમાં ભેદજ્ઞાન ક્યાંય છે નહિ. અને પ્રાયઃ જે પ્રયોગ વગરનો, યથાર્થતા વગરનો જે વિષય છે એમાં તો એ વિકલ્પની જાળ સિવાય બીજું કાંઈ નથી હોતું અને એ વિકલ્પની જાળો એને ને એને એમાં ઘૂંચવે છે. ઘૂંચવે છે એટલે એને થાય છે મૂંઝવણ. કે ભેદજ્ઞાનનો તો હું ઘણો વિચાર કરું છું. પણ કેમ કાંઈ મને ફળ મળતું નથી? મને કેમ કાંઈ લાભ થતો નથી? આ પ્રશ્ન એને ઊભો થવાનો. શું કામ એમ .. એટલે પછી એમ થાય કે આમાં કાંઈ સૂઝતું નથી, માર્ગ મળતો નથી. કરવું શું? એનું કારણ એ છે કે એ તપાસમાં જતો નથી, મીંઢવણીમાં જતો નથી, અવલોકનની પદ્ધતિમાં એ આવતો નથી. અને એટલા આવવા માટે એ કાર્ય સંબંધીની તો તીવ્ર ભાવનાની પહેલી જરૂર છે. માર્ગ પ્રાપ્તિની, સ્વરૂપ પ્રાપ્તિની અત્યંત ભાવના વિના અવલોકન કે એ જાતની તપાસ શરૂ પણ નહિ થાય.

ઉદય સતત ચાલુ છે. આઠેય કર્મનો ઉદય એવો સતત ચાલુ છે જીવને કે એ વિચાર કરે એ પહેલા તો જોડાય જાય છે, વિચાર કરે એ પહેલા તો દરેક વિકલ્પ સાથે એ એકત્વબુદ્ધિએ જોડાય જાય છે. એટલે ત્યાંથી છૂટવાનો પ્રસંગ બનતો નથી અને આત્માનો વિચાર કરે એકત્વબુદ્ધિએ ત્યાં જોડાય જાય છે. એ પરિસ્થિતિ તો એની ઊભી ને ઊભી છે. એવી પરિસ્થિતિમાંથી બહાર નીકળવું એને પાયામાં ભાવનાની આવશ્યકતા છે. એ ચિહ્ન, એ લક્ષણ ઉત્પન્ન થયા વિના એક ડગલું આગળ વધવાનો અવકાશ રહેતો નથી.

અહીં તો બોલમાં તો જ્યારે જે વિષય ચાલતો હોય એને અનુરૂપ વાત આવી હોય પણ આગળ-પાછળની વાતની બધી સંધિ મેળવી લેવી જોઈએ. '**મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં તે જાગી ઊઠે છે-**' આ જરા શબ્દ બહુ વિશિષ્ટ આવ્યો છે. જાગી ઊઠે છે. અત્યાર સુધી ઘોર નિંદ્રામાં હતો. બધી સમજણનું મૂલ્ય મૂકી દીધું, નિંદ્રા અવસ્થા જેટલું. જેમ નિંદ્રામાં કાંઈ ભાન ન હોય. નિંદ્રામાં તો જાણે કોઈ ઉપયોગ જ નથી એવી રીતે જેમ નિંદ્રા લે. એમ પોતાના હિત-અહિતનો કોઈ ઉપયોગ ... એ રીતે જાગી ઊઠે છે.

'**હું તો જ્ઞાયક છું એમ સમજી જાય છે.**' ટૂંકામાં લીધું. જેમ પેલો સમજી જાય છે. સિંહનું બચ્ચું દૃષ્ટાંતમાં લીધું છે. એમ '**હું તો જ્ઞાયક છું...**' જ્ઞાનમાત્ર હું છું. '**એમ સમજી જાય છે.**' સમજી જાય છે એટલું નહિ. સમજીને એ પરિણમી જાય છે. જ્ઞાયકપણે પરિણમી જાય છે. પર અને વિભાવથી ભિન્ન એવો હું જ્ઞાયક છું એમ સમજી જાય છે. સર્વ શાસ્ત્રોનું તાત્પર્ય આ છે. અથવા તો શાસ્ત્ર અધ્યયનની ફળશ્રુતિ જ આટલી છે. એ બંધ અધિકારમાં ૩૭૩-૭૪માં લીધું છે. શાસ્ત્ર અધ્યયનનું ફળ શું? કે ભિન્ન આત્માનો અનુભવ કરવો. રાગાદિ અને પરથી ભિન્ન આત્માનો અનુભવ કરવો અથવા આત્માને જ્ઞાનમયપણે ભિન્ન જાણવો. રાગાદિ અને પરથી આત્માને જ્ઞાનમયપણે ભિન્ન જાણવો એ શાસ્ત્ર અધ્યયનનું ફળ છે. બાકી બીજું કાંઈ હોય તો એ શાસ્ત્ર અધ્યયનનું ફળ નથી એ રાગ અને રાગનું ફળ છે. વિભાવ અને વિભાવનું ફળ છે. પાછળ વાત લીધી છે. સમજી જાય છે એમ નહિ. એટલે એમ કે સમજીને અટકી જાય છે એમ નહિ. સમજીને જ્ઞાયકપણે પરિણમી જાય છે. એ ખાસ માર્મિક શબ્દ છે 'પૂજ્ય બહેનશ્રી'નો. જ્ઞાયકપણે, જ્ઞાયકનો જ્ઞાયકપણે અનુભવ કરવો અથવા જ્ઞાયકનો જ્ઞાયકપણે અનુભવ કરવાનો પ્રયત્ન કરવો. અનુભવ કરવો. અનુભવ ન થાય તો અનુભવ કરવાનો પ્રયત્ન કરવો. જેમકે મનુષ્યપણે હું છું. એમ લાગે છે ને? હું એક એક રાગની પર્યાયમાં, વિભાવની પર્યાયમાં એરૂપે, એપણે હું છું

એવો અનુભવ થાય છે.

અહીંયાં જ્ઞાયકનો જ્ઞાયકપણે અનુભવ કરવો. જ્ઞાયકપણે અનુભવ કરવાનો પ્રયત્ન કરવો. તો જ્ઞાયકરૂપે પરિણમી જાય છે. પછી જોડે થતાં અનેક પ્રકારના વિભાવનું જ્ઞાન થાય છે. જ્ઞાનધારાની બાજુમાં જે બીજી કર્મધારા ચાલે છે એનું જ્ઞાન થાય છે. આ પ્રકારનો વિભાવ થયો. પણ રાગપણે એનો અનુભવ નથી. વિભાવપણે પોતાનો અનુભવ થતો નથી. ઊલટાનો તેપણે હું થતો નથી. રાગાદિ ભાવ થતો હોવા છતાં એ પણે હું થતો નથી, એ રૂપે હું થતો નથી. મારું સ્વરૂપ એમ ને એમ જ્ઞાયકપણે રહે છે અને રાગાદિ થઈ રહ્યા છે એવું જણાય છે. એમ જુદો અનુભવ થાય છે. એ પોતે કરતો નથી. થતાં રાગને પોતે કરતો નથી એમ અનુભવ થાય છે. મિથ્યાદશામાં કરું છું એવો અનુભવ થાય. આ કરતો નથી, થાય છે એમ જણાય છે, થાય છે એમ ભાસે છે. પણ કરું છું એમ ભાસતું નથી. એમ.

બહુ સારી શૈલી છે કર્તા-કર્મ અધિકારની આચાર્યદેવની. કરતો પ્રતિભાસે છે. મિથ્યાદષ્ટિ જીવ પોતે રાગ કરતો પ્રતિભાસે છે પોતાને. જ્યારે જ્ઞાની રાગ એને થાય છે તોપણ કરતો પોતાને પ્રતિભાસતો નથી. કરતો ભાસતો નથી. હું કોઈના દ્વારા રાગને કરાવું છું એમ પણ પ્રતિભાસતો નથી. અને રાગ થયો એટલે ભલે સારો થયો, ભૂમિકાનો રાગ થયો છે વાંધો નથી એમ રાગની અનુમોદના થતી, પોતાથી થતી પ્રતિભાસતી નથી. પોતે એનું અનુમોદન કરતો હોય એવું પણ એને પ્રતિભાસતું નથી. થાય છે એટલું પ્રતિભાસે છે. મારા સ્વરૂપથી બહાર થાય છે. મારા સ્વરૂપ મર્યાદાની બહારની એ ચીજ છે. સ્વભાવ મર્યાદામાં એનો પ્રવેશ નથી. એટલું જાણવામાં આવે છે ત્યારે એને ભેદજ્ઞાનની ધારા 'બનારસીદાસે' વંદન કર્યા છે. 'બનારસીદાસે' એ વાત લીધી. 'ભેદ વિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન.' શાંતિ લીધી છે સાથે. આત્માની શાંતિ અને શીતળતા એને પ્રગટી છે. એની વીતરાગતા જોઈને, એની ગુણ પરિણતિ જોઈને એને વંદન કરવામાં આવે છે.

મુમુક્ષુ :- ત્રિકાળ અસ્તિત્વને ગ્રહણ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ. .. અસ્તિત્વ જુદું જ છે ખરેખર. જ્ઞાન અને રાગ મિથ્યાદષ્ટિ જીવને પણ એક રૂપે થયા નથી. ન તો રાગ જ્ઞાનરૂપે થયું છે.

મુમુક્ષુ :- મુખ્યતા..

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્યતા આવ્યા વગર તો જુદું પડે નહિ. અને અમસ્તું મુખ્ય તો રાગ મુખ્ય થયો છે. જ્યાં સુધી જ્ઞાનની મુખ્યતા નથી ત્યાં સુધી રાગ મુખ્ય થયો છે. અને જ્યાં હું હું થાય એની મુખ્યતા થયા વિના રહે નહિ. સીધી વાત છે. જ્યાં

પોતે આવ્યો, હુંપણું થયું ત્યાં એને મુખ્યતા આવ્યા વિના રહે જ નહિ. એ જીવનો સ્વભાવ જ છે. આ અભિમાન કરે છે એને એમ નથી કહેતા કે હુંપદ કરે છે. એટલે કે પોતાની બહુ મુખ્યતા કરે છે. કેમકે એનો હુંપણું કરવાનો તો સ્વભાવ છે. અસ્તિત્વના આધારે, નિજ સ્વરૂપના સ્વરૂપ અસ્તિત્વના આધારે તો શ્રદ્ધાન પણ ઉત્પન્ન થાય છે. શ્રદ્ધાનો વિષય જ નિજસત્તા છે. એટલે એ તો મુખ્ય વિષય છે. પછી અન્ય સ્થાનમાં કરે તો એને અભિમાનરૂપ અવગુણ કહેવામાં આવે છે. સ્વસ્થાનમાં કરે તો એને ગુણ કહેવામાં આવે છે. પણ છે એનો સ્વભાવ. જેમ જ્ઞાનસ્વભાવ છે, જેમ સુખ સ્વભાવ છે એમ હુંપણું કરવું એ પણ એનો સ્વભાવ છે. પણ સ્વરૂપમાં હુંપણું કરવાનો સ્વભાવ છે. પરમાં જે હુંપણે કરે છે એ વિભાવ છે.

એ ભેદજ્ઞાનનો વિષય લીધો છે. આ ગ્રંથમાં ભેદજ્ઞાનનો વિષય અનેક પડખેથી ચર્ચ્યો છે. માર્ગદર્શન પહેલા તો એ વિચાર કર્યો હતો. ભેદજ્ઞાનનો એક જુદો વિષય તારવીને પ્રકાશ કરવો. ... ભેદજ્ઞાનનુ બહુ નાનું કદ થાય છે. પણ એ વિષય ઘણો પ્રયોજનભૂત છે. અને કુદરતી જુદી જુદી વખતે વાંચનમાં અનેક પડખાથી એ વિષયને ... નહિતર સૂક્ષ્મ વિષય એકસાથે સ્પષ્ટ ન થાય તો જુદા જુદા કાળે એ વિષય નીકળ્યો હોય, જુદાં જુદાં પડખેથી. કોઈ પ્રશ્ન નીકળ્યો હોય તો એ વખતે વિચાર એ પડખાનો થાય છે. ચારે બાજુથી ઘણો સ્પષ્ટ (થયો) છે.

સમયસાર - સ્વસ્વરૂપ શુદ્ધાત્મા કઈ રીતે પ્રકાશે ? અર્થાત્ પ્રગટ થાય ? કે 'સ્વાનુભૂત્યા' પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે. આવો આ સ્વયં અનુભૂતિ સ્વરૂપ પોતે છે. ''માત્ર અનુભવરૂપ'' છું-આમ સ્વરૂપ પ્રકાશનનો સંક્ષેપ છે. વિસ્તારમાં, અન્ય દ્રવ્ય-ભાવના અભાવ સ્વરૂપ અનુભવ અર્થાત્ જ્ઞાનવેદન છે; અને સ્વ - વેદનથી સ્વાનુભવ છે. તેનું - પર વેદનના અધ્યાસીત ભાવથી નિવૃત્ત થઈ, સન્મુખ થઈ, જ્ઞાન અન્ય જ્ઞાનથી જણાય તેમ નહિ, પરંતુ જ્ઞાન સ્વયંને, જ્ઞાન વેદનાને વેદે અવલોકન થવું, તેવો સૂક્ષ્મ અને ગંભીર ભાવ આમાં છે. ('અનુભવસંજીવની' બોલ નં.૪૧૬)

તા. ૧૧-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૦
પ્રવચન નં. ૨૩૭

ચૈતન્યલોક અદ્‌ભુત છે. તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી. રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી. જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાંને જાણે. તે પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર ડોકિયું મારવા જવું પડતું નથી. ૩૧૦.

('બહેનશ્રીના વચનામૃત'). ૩૧૦. પાનું ૧૦૪. આત્મ સ્વરૂપનો મહિમા કર્યો છે આ બોલમાં. અનંત તીર્થંકરોની દિવ્યધ્વનિમાં અને સર્વ જ્ઞાનીની વાણીમાં, તમામ દ્રવ્યશ્રુતમાં સ્વરૂપ મહિમાનું પ્રકરણ એ સર્વોત્કૃષ્ટ પ્રકરણ છે. અથવા સર્વ કથનમાં સ્વરૂપ મહિમા વિશેષે કરીને કહેવામાં પ્રસિદ્ધ થાય છે. સ્વરૂપ મહિમા વિના સ્વરૂપનું શ્રદ્ધાન નથી. સ્વરૂપ મહિમા વિના સ્વરૂપનું જ્ઞાન નથી. સ્વરૂપના મહિમા વિના સ્વરૂપનું આચરણ થતું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમવું એ સ્વરૂપના મહિમાના ફળ સ્વરૂપે છે. અને સાદિ અનંત કાળ પરમેશ્વરપદમાં બિરાજમાન અરિહંત, સિદ્ધ આદિ સ્વરૂપ મહિમામાં ડૂબેલા રહે છે. એમના પરિણામ નિજ સ્વરૂપના મહિમામાં ડૂબેલા રહે છે એમ કહો, નિમગ્ન રહે છે એમ કહો. એવું જ કોઈ મહિમાવંત સ્વરૂપ છે. એમ થવાનું કારણ એવું જ કોઈ મહિમાવંત સ્વરૂપ છે કે જેનો મહિમા વાણી કરી શકતી નથી. વાણીનું સામર્થ્ય અધૂરું પડે છે, અલ્પતાને પામે છે. અને છદ્મસ્થની કે દિવ્યધ્વનિ કોઈ વાણી કેવળજ્ઞાનીની વાણી પણ આત્મસ્વરૂપનો મહિમા સંપૂર્ણપણે કહી શકે એ પરિસ્થિતિ નથી.

એવું કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત અને માત્ર જ્ઞાનગોચર થાય એવું આત્મસ્વરૂપ છે. એને અહીંયાં ચૈતન્યલોક શબ્દ લીધો છે. આત્મા એટલે ચૈતન્યલોક. લોક એટલે પ્રકાશ. આલોક શબ્દ વાપરે છે ને પ્રકાશને. આલોક એટલે પ્રકાશ. આલોક શબ્દ તો પ્રસિદ્ધ છે. લોકની આગળ એક વ્યુત્સર્ગ લાગે છે-આલોક. લોક એટલે પ્રકાશ. જગતને લોક કહેવામાં આવે છે એ તો જ્ઞાનલોકનો વિષય હોવાથી એને લોક કહે છે.

જગતને એમ કહેવામાં આવે છે કે આખો લોક આમ છે. આખા લોકમાં આમ છે. પણ એ જ્ઞાનનો વિષય હોવાથી એનું નામ લોક પાડ્યું છે. વાસ્તવિકતાએ તો ચૈતન્યલોક, ચૈતન્યપ્રકાશ, ચૈતન્યલોક એ આત્મસ્વરૂપ છે. પછી એના વિષય ઉપર ઉપચાર કર્યો છે.

મુમુક્ષુ :- 'ધર્મદાસજી' સૂર્ય કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૈતન્યસૂર્ય. એમણે સૂર્ય શબ્દનો બહુ પ્રયોગ કર્યો છે. ભાવ તો જે છે તે છે. કોઈપણ શબ્દથી જેવું આત્મસ્વરૂપ છે તેવું લક્ષમાં હોય છે. કહેનારના લક્ષમાં, કહેનારના જ્ઞાનમાં, કહેનારના ધ્યાનમાં જેવું આત્મસ્વરૂપ છે તેવું છે. કોઈ એક શબ્દ દ્વારા કહેવાનો પ્રસંગ હોય છે પણ એ તો જેવું છે તેવું બધાને પૂરેપૂરું અનંત ગુણ સંપન્ન જેવું છે તેવું છે. 'રાજમલજી'એ એ શબ્દ વાપરે છે, 'આત્મા જેવો છે તેવો છે.' એ કોઈ શબ્દનો પ્રયોગ કરવાને બદલે આ રીતે વાત કરે છે. વાચ્ય બધાનું એક છે.

મુમુક્ષુ :- આત્માનું સ્વરૂપ પૂરા શબ્દોમાં આવી શકતું નથી એટલે હાથ ખંખેરી નાખ્યા કે જેવો છે તેવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. હાથ ખંખેરી નાખ્યા એટલે 'સમયસાર'માં તો કળશ છે કે આત્મા અદ્‌ભુતથી અદ્‌ભુત છે મહા આશ્ચર્યકારી પદાર્થ છે. અનંત ચૈતન્યસત્તાધારી પદાર્થ છે. ક્યાં સુધી એને કહેવો? અલમ અલમ અતિ જલ્પં. અતિ જલ્પ વધારે કહેવા માટે, વધારે વિકલ્પ થવા માટે હવે બસ થાવ. અલમ.. અલમ. બસ થાવ... બસ થાવ. કેમકે એ કહેવામાં પૂરું પડે એવું નથી અને કહેવા કરતાં ઠરવામાં એનું અનુસરણ છે. કહેવામાં તો એટલું વ્યવહારપથમાં બહાર આવવું પડે છે. જ્યારે અંદર એ ઠરવાનો વિષય છે. કહેવા કરતા એ ઠરવાનો વિષય છે. અહીં લેશે. ઠરવાનો વિષય છે. બહુ ભાવવાહી સ્વરૂપ મહિમાનો બોલ છે.

'ચૈતન્યલોક અદ્‌ભુત છે.' ચૈતન્યલોક આત્મા એ અદ્‌ભુત છે. **'તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી.'** ન્યૂનતા એટલે ખામી. અનંત ઋદ્ધિ ભરી છે. ચૈતન્યની અનંત ઋદ્ધિ ભરેલી છે. કેટલીક શક્તિઓને તો સંજ્ઞા નથી આપી શકાતી, નામ આપી શકાતા નથી. અનામી છે અને એ શક્તિની વિશિષ્ટતાથી આત્માને પણ અનામી કહેવામાં આવે છે. 'શ્રીમદ્‌જી' ઘણીવાર પત્ર લખે તો અનામી (લખે છે), લિખિતન અનામીના પ્રણામ. નામ-બામ કાંઈ નહિ. નામ શબ્દ છે એને અને શબ્દના વાચ્યને, શબ્દ પુદ્‌ગલ છે, શબ્દનું વાચ્ય ચૈતન્ય છે, બેયને કેટલું અંતર છે? કે સૂર્યના પ્રકાશ અને અમાવાસ્યાના અંધારા જેટલું અંતર છે. 'ધર્મદાસજી ક્ષુલ્લક'.

'તેમાં ઋદ્ધિની ન્યૂનતા નથી.' પોતામાં અનંત ઋદ્ધિ ભરી છે એની હૂંફ છે. શ્રદ્ધાનથી એની હૂંફ આવે છે કે આ અનંત ઋદ્ધિનો ધણી પોતે કોઈના અવલંબનની અને કોઈની અપેક્ષાની આત્મતત્ત્વને જરૂર રહેતી નથી. એવું નિરાલંબી નિરપેક્ષ તત્ત્વ અનંત ઋદ્ધિથી સમૃદ્ધ છે. અનંત અનંત ઋદ્ધિથી એ સમૃદ્ધ પદાર્થ છે. એમાં કોઈ ન્યૂનતા નથી. એની ઋદ્ધિમાં કોઈ ખામી નથી.

'રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી.' આ પરિસ્થિતિ છે. જ્ઞાનદશામાં આ પરિસ્થિતિ છે કે અનંત ઋદ્ધિથી જે રમણીય છે, રમણ કરવા લાયક છે-રમવા લાયક છે-જામવા લાયક છે-ઠરી જવા લાયક છે એવો આ ચૈતન્યલોક આત્મા પરમેશ્વરપદ સર્વોત્કૃષ્ટ શાંતરસથી ભરેલો, જ્ઞાનરસથી ભરેલો, આનંદરસથી ભરેલો પદાર્થ એની બહાર આવવું ગમતું નથી. એને છોડીને ઉપયોગ બહાર આવે એ વાત જરા પણ પોસાતી નથી. પોસાણનો એ વિષય નથી. આવી જવાય બીજી વાત છે પણ આવવામાં પોષણનો એ વિષય રહેતો નથી.

જો કે પ્રત્યક્ષ પરિણમનમાં પણ એ વાત છે કે બહાર આવતાં જેટલા પ્રમાણમાં બહાર આવે, જેટલા અનુપાતમાં બહાર આવે એટલું દુઃખ છે. એ પ્રત્યક્ષ છે. અંદરમાં સુખનો સાગર અને સુખનો અનુભવ પણ પ્રત્યક્ષ છે. જ્યારે બંને વાત સાથે છે તો કોણ ચાહે? સુખને છોડીને દુઃખનો અનુભવ કરવાનું કોણ ચાહે? એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- બેયના વેદનમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- મોટો ફેર છે. ઉલટો અને સુલટો. એકમાં સુખ અને એકમાં દુઃખ. અને કેવું? નિરાકુળતારૂપ આત્મિક સુખ. આ જગતના ઇન્દ્રિયના વિષયો એ દુઃખ જ છે. એ તો સુખ પણ નથી. ... એ દુઃખ જ છે એકાંતે. એકાંતે દુઃખ છે. એવું જે નિરાકુળ સુખ છે ત્યાંથી બહાર આવવું ગમતું નથી. જાણે કે અંદર ઠરીને ઠામ થઈ જઈએ એમાં ને એમાં. એટલે જ્ઞાનીને વાંચ્છા નથી એનું કારણ એ છે કે દુઃખને કોણ વાંચ્છે? અજ્ઞાન દશામાં બાહ્ય પદાર્થની વાંચ્છા એટલા માટે છે કે ત્યાં સુખની કલ્પના છે અને સુખબુદ્ધિ છે. પણ ત્યાં જેને પ્રત્યક્ષ દુઃખ અનુભવાય છે એ કેમ વાંચ્છે? જ્યાં દુઃખ થાય ત્યાં જવાનું કોણ ઇચ્છે? એમ છે.

'દીપચંદજી' 'અનુભવપ્રકાશ'માં લખે છે. કે ઇન્દ્રને, સૌધર્મ ઇન્દ્રને સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રને ઇન્દ્રાસન દુઃખરૂપ છે. ઇન્દ્રાસન તો એવું વૈભવશાળી આસન છે કે અહીંયાં તો એની કલ્પના થવી મુશ્કેલ છે. એનો અંદાજ આવવો મુશ્કેલ છે. કેમ કે અહીંયાં જે રત્નો નથી એવા તો એવા રત્નો તો એની મોજડીમાં હોય છે. જોડામાં આપણે

કહીએ. એથી ઊંચી જાતના રત્નો તો એમના જોડામાં મઢેલા હોય છે. એના સિંહાસનમાં કેવા વાપરતા હશે? એના માથાના મુગટમાં કેવા વાપરતા હશે? જો જોડામાં આથી ઊંચા રત્નો વાપરતા હોય તો એના માથાના મુગટમાં કેવા વાપરતા હશે?!

એના ઉપર એ સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગ જાય છે. દુઃખ જન્મે છે. ઉપયોગ બહાર નીકળતા જ એમાં આકુળતા અને દુઃખ જન્મે છે. તો આરોપ એમ કરવામાં આવે છે કે એ ઈન્દ્રાસન દુઃખરૂપ છે. ભાષા એવી, વ્યવહારથી એવી ભાષા બોલાય છે. ઈન્દ્રાસન દુઃખરૂપ છે. ઈન્દ્રાસન તો સુખરૂપ પણ નથી અને દુઃખરૂપ પણ નથી. જેમ નરક સુખરૂપે નથી અને દુઃખરૂપે નથી, એમ ઈન્દ્રાસન પણ સુખરૂપે નથી અને દુઃખરૂપે પણ નથી. આમ છે. પોતાનો ભાવ છે એમાં અંતરમાં રહે છે એટલો ભાવ સુખ છે. બંને ભાવ પ્રત્યક્ષ અનુભવરૂપ છે. તેથી જ્ઞાની સુખ છોડીને દુઃખમાં જવા ચાહતા નથી.

કેટલી સૂક્ષ્મ નજર છે એ વિષયની! લોકો આખી દુનિયા જેને સુખ કહે. અરે..! આખી દુનિયા જેની પાછળ લાગેલી રહે છે, જગતના બધા જીવો અને જે પ્રાપ્ત કરવા માટે અધોગતિના પરિણામ, નહિ કરવાના પરિણામ કરી બેસે, એ એકાંતે દુઃખ છે. એકાંતે સામું જોવા લાયક કોઈ પદાર્થ નથી. એક પોતાનો આત્મા જ સામું જોવા લાયક છે. ઉપયોગ બહાર મૂકવાનો પ્રશ્ન નથી. મેળવવાનો તો પ્રશ્ન નથી, એના ઉપર ઉપયોગ મૂકવાનો પ્રશ્ન નથી. એ ચીજને લેવાનો તો પ્રશ્ન નથી, ઉપયોગ મૂકવાનો પ્રશ્ન નથી.

કહે છે કે '**રમણીયતાથી ભરેલા આ ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી.**' અંદરમાં ઠરી જવું જ ગમે છે. એકલું ઠરવાનું ઠામ મળી ગયું છે. એમાં ઠરી જાય. પરિણામ સહેજે સહેજે એમાં ઠરતું જ જાય.. ઠરતું જ જાય.. જામતું જ જાય. એવી સ્થિતિ બદલવાની જરા પણ ઈચ્છા થતી નથી. એક અંશે પણ એ ઈચ્છા થતી નથી. '**બહાર આવવું ગમતું નથી.**' અને જેટલા કોઈ કાર્યના ઉદયથી જોડાવું પડે છે, આહાર વગેરે છે ને? એ પરાણે-પરાણે જાણે જોડાવું પડે છે. જેમ કોઈ બળદને આળ મારીને કહે ચાલવું જ પડશે. ગાડે જોડીને ચલાવે છે કે નહિ? એમ કર્મનું ભૂતડું છે એ આળ મારે છે. એ વાત સારી લાગતી નથી. જગતને મીઠી લાગે છે. આ પરાણે થવાની વાત છે. પરાણે-પરાણે એ વાત છે.

મુમુક્ષુ :- વેઠ્યો વેઠ...

પૂજ્ય ભાઈશ્રી :- વેઠ કરે છે. એલ તો બીજે લીધું છે ને? બોજો લાગે છે.

જ્ઞાનીને એ બોજો લાગે છે. બોલ આવે છે.

'**ચૈતન્યલોકમાંથી બહાર આવવું ગમતું નથી.**' અને એવું પણ નથી, હવે એ સ્પષ્ટતા આવે છે કે ઉપયોગ બહાર મૂકે તો બાહ્યના પદાર્થોનું જ્ઞાન થાય અને નહિતર ન જ્ઞાન થાય, એ જ્ઞાનનો સ્વભાવ નથી, એ જ્ઞાનનું સ્વરૂપ નથી. એટલે તો '**જ્ઞાનની તો એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાને જાણે.**' આ સ્વભાવ આવો છે. ભલે પ્રગટ થાય છે તેરમા ગુણસ્થાનથી એ જ્ઞાન, પણ સ્વભાવ આવો છે અને હું આવો છું એની પ્રતીતિ છે.

ક્ષયોપશમ જ્ઞાનવાળો હું છું. ...જ્ઞાનમાં હું છું, ખંડખંડ જ્ઞાનવાળો હું છું, ક્રમિક જ્ઞાનવાળો હું છું, ઈન્દ્રિયજ્ઞાનવાળો હું છું. મતિ-શ્રુતના ક્ષયોપશમવાળો હું છું એ પ્રશ્ન નથી. '**જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં...**' આ અનંતી આત્મામાં રહેલી ઋદ્ધિને જાણે, પોતાના સ્વરૂપને જાણે અને બધાને જાણે. બાકી જગતના લોકાલોકને જાણે. બહાર નીકળીને જાણે એમ નહિ. કેવળજ્ઞાનના સ્વરૂપને વિષે ઘણાને ભ્રાંતિ ચાલે છે કે કેવળજ્ઞાની બહાર જોતા હશે ત્યારે એને જણાતું હશે ને? એ પ્રશ્ન નથી. અંદર રહીને જાણે છે.

એક બોલ તો આ વિષયમાં બહુ સ્પષ્ટ છે પાછળમાં. કેવળજ્ઞાની છે એ નિરવશેષ અંતર્મુખ રહીને, ઉપયોગથી પણ નિરવશેષ અંતર્મુખ રહે છે અને લોકાલોકને જાણે છે. વળી કોઈ એમ કહે કે લોકાલોકને જાણતા જ નથી, એ તો આત્માને જાણે છે. તો કહે છે એ તો નિશ્ચયનું કથન છે. કોઈ કહે કે આત્માને નહિ, લોકાલોકને જ જાણે છે તો એ વ્યવહારનું કથન છે. લોકાલોકને અને આત્માને જાણે છે તો એ પ્રમાણનું કથન છે. એ તો કથન છે. ત્રણે કથન છે. પણ જાણે છે એમાં કાંઈ બાકી રહે તો એ સર્વજ્ઞપણું રહેતું નથી. એટલે અહીંયાં બંને વાત લઈ લેવી.

મુમુક્ષુ :- પ્રમાણ આધારભૂત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો પ્રમાણપૂર્વક જ નય છે. નયનું કથન પ્રમાણપૂર્વક છે. જ્યારે એક વાત કહે છે એક નય તો બીજી વાત ગૌણ રાખે છે. બીજી વાતનો અભાવ કરીને કહેતા નથી. એમ છે.

'**જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં...**' પાછા ક્રમથી જાણે એમ નહિ. પહેલા સ્વને જાણે, પછી પરને જાણે, પરમાં પણ અનેકને ક્રમથી જાણે એવો સ્વભાવ નથી. '**એક જ સમયમાં નિજ ઋદ્ધિને...**' જાણે. અનંતી નિજ ઋદ્ધિને જાણે. એક સમયમાં બધા જ્ઞેયોનું પ્રતિબિંબ અંદરમાં પડી જાય. જાણવા જવાની જરૂર નથી અથવા આતુરતા કે જિજ્ઞાસાનો ત્યાં પ્રશ્ન રહેતો નથી. અથવા કોઈ

પદાર્થનું ઓચિંતુ કાર્ય થયું એવા આશ્ચર્યનો કેવળજ્ઞાનમાં અવકાશ નથી.

'ગુરુદેવશ્રી' પ્રવચનમાં એ કહેતા કે એક સમયમાં સ્વને પર બધું જ્ઞાનમાં આવી જાય છે તેથી કોઈપણ આશ્ચર્યનો વિષય કેવળજ્ઞાનને જગતને વિષે રહેતો નથી કે આ ઓચિંતુ થયું એ વાત રહેતી નથી. કેમકે એક જ સમયમાં જણાઈ જાય છે. જો કેવળજ્ઞાનને આશ્ચર્ય નથી; પછી એના ઉપરથી ન્યાય ઉતારતા હતા પોતે, કે જો કેવળજ્ઞાનને આશ્ચર્ય નથી તો જે મતિ-શ્રુતજ્ઞાને આવા કેવળજ્ઞાનસ્વરૂપ આત્માને સ્વીકાર્યો છે, સ્વરૂપથી કેવળજ્ઞાનને સ્વીકાર્યું એવા મતિ-શ્રુતને પણ કોઈ આશ્ચર્ય નથી, કોઈ કુતૂહલ નથી. કુતૂહલ નથી મૂળ તો. કુતૂહલનો Point એટલા માટે લે છે કે કુતૂહલ છે એને દર્શનમોહ સાથે સંબંધ છે. કુતૂહલવૃત્તિ, અન્ય પદાર્થને વિષે કુતૂહલતા થવી એ આત્મરુચિનું ઘાતક પરિણામ છે અને એ દર્શનમોહના રસને ત્યાં વૃદ્ધિગત કરે છે. એટલે એના ઉપરથી (કહે છે), કુતૂહલ તો તને થયા જ કરે છે. છદ્મસ્થ છો. જાણે છો અધૂરું. પૂરું જાણવાનો સ્વભાવ છે એટલે કુતૂહલ થયા વિના તને રહેશે નહિ. હવે શું કરવું? એક વાત આવી કે પરપદાર્થનું કુતૂહલ છોડવું. પણ એવું કાંઈ સાંભળવાથી છોડ્યું છૂટી જતું નથી. તો હવે કરવું શું? કુતૂહલ તો ઊભું રહેવાનું. કેમકે પોતે અધૂરો છે જાણવામાં અને એનો સ્વભાવ પૂરું જાણવાનો છે. બધું જાણવું એ કુતૂહલ એનું છૂટશે નહિ. ઘણું જાણવું એ કુતૂહલ એનું છૂટશે નહિ. છેવટે શાસ્ત્ર હાથમાં લેશે તો એમાંથી ઘણું જાણવું એમ એનું કુતૂહલ વધી જશે અને એવા કારણથી જ તે પ્રયોજનભૂત વિષય છોડીને અપ્રયોજભૂત વિષયની વિશાળતામાં પણ ઘણાં શાસ્ત્ર વાંચતા-વાંચતા ચાલ્યા જાય છે. અને એ અપ્રયોજભૂત વિષયના કુતૂહલમાં જે રસ વધે છે એમાં એને દર્શનમોહની વૃદ્ધિ થાય છે. છે શાસ્ત્ર પાછું. થાય છે આ પરિસ્થિતિ. કેમકે જ્યારે અપ્રયોજનભૂત વિષયોમાં રસ પડે ત્યારે એને પ્રયોજનભૂત વિષયનો રસ ઘટે. બે એક સાથે ચાલતા નથી. વિરુદ્ધ રસ હોવાને કારણે બંને એકસાથે ચાલતા નથી. હવે કરવું શું?

કુતૂહલ કરવા જેવું નથી અને કુતૂહલ કાયમ ટળતું નથી તો આત્માનું કુતૂહલ કર. તો તારા સ્વરૂપમાં રહેલું છે. તારું સ્વરૂપ કેવું છે? અનંત ચૈતન્ય ઋદ્ધિ છે, કોઈ ઋદ્ધિની ખામી નથી એવું રમણીય તત્ત્વ છે આ તને ક્યાં ખબર છે? કેવું રમણીય છે? કેવી ઋદ્ધિઓ છે એ તને કયાં ખબર છે? એનું કુતૂહલ કર. '**कथमपि मृत्वा तत्त्वकौतूहली सन्**' કુતૂહલમાં આવો થયો થકો તું ગમે તેમ કરીને પણ આ ચૈતન્યતત્ત્વને જાણ. તારી કુતૂહલવૃત્તિને આ દિશામાં વાળી લે. અન્ય પદાર્થ અને જગતના જ્ઞેય વિષેના કુતૂહલમાં વળેલી વૃત્તિને આ બાજુ વાળી લે અને તારા

સ્વરૂપના કુતૂહલમાં જા. તું કેવળજ્ઞાન પ્રગટીને કુતૂહલ કરવાનું બંધ થઈ જાય એ સ્થિતિને પામી જઈશ. જો કે છદ્મસ્થ દશામાં પણ તને તૃપ્તિની એવી શરૂઆત થશે, આનંદ અને શાંતિની એવી શરૂઆત થશે કે તારું બહારનું કુતૂહલ છે એ આકુળતાનું ઉત્પાદક, આકુળતાનું જનક તને લાગશે. તેથી એ કુતૂહલ ઉપરથી તું હટી જઈશ કે આ દુઃખના અંધારામાં અગ્નિમાં જાવા જેવું નથી. એને અગ્નિ લાગશે. સામાન્ય રીતે કુતૂહલમાં માણસ જિજ્ઞાસાથી લંબાઈ જાય છે અને એમાં દુઃખ લાગતું નથી. તત્ત્વદૃષ્ટિએ તો એમાં દુઃખ જ લાગે છે. એ તાત્ત્વિક દૃષ્ટિ છે.

'જ્ઞાનની એવી તાકાત છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાને જાણે.' એક જ સમયમાં જાણે એવી શકિત છે અને એ શકિત ઉપર દૃષ્ટિ છે અહીંયાં. શકિત પ્રગટ થશે એની પ્રતીતિ છે અને તેથી કુતૂહલ શાંત થઈ જાય છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં તો 'સોગાનીજી'એ લીધું છે કે એવું જ્યારે સમજવામાં આવ્યું કે કેવળજ્ઞાન થશે ત્યારે એક સમયમાં બધું જણાઈ જશે તો મારી શાસ્ત્ર વાંચવાની વૃત્તિ ઘટી ગઈ. શાસ્ત્રમાં તો ઘણી વાતો આવે. કરણાનુયોગમાં વિશાળ વિષય છે. ચારે અનુયોગનો વિષય વિશાળ છે. એ વૃત્તિ ઘટી ગઈ.

એમાં શું લેવું છે? કે સામાન્ય રીતે મુમુક્ષુની ભૂમિકામાં શાસ્ત્રમાંથી પણ ઘણું જાણું.. ઘણું જાણું.. ઘણું જાણું અથવા ઘણા શાસ્ત્રો વાંચ્યા હોય એવા વકતા પાસેથી ઘણું સાંભળું, ઘણું સાંભળીને જાણું, વાચીને ઘણું જાણું અથવા સાંભળીને ઘણું જાવું અથવા ચર્ચા-પ્રશ્ન કરીને ઘણું જાણું એવું જે ઘણું જાણવાનું કુતૂહલ છે એ એકને જાણવાના કુતૂહલને મારે છે. જે તત્ત્વનો કુતૂહલી થવો છે એ નથી થતો. સ્વ તત્ત્વના કુતૂહલને ઘટાડી દે છે. એટલે એ કુતૂહલ બંધ થઈ ગયું અને સ્વરૂપનું ધ્યાન, સ્વરૂપમાં એકાગ્રતા એ વિષય ઉપર વળી ગયા, એ Line ઉપર વળી ગયા પોતે. શાસ્ત્ર વાંચનની પદ્ધતિ ઘટી પ્રવૃત્તિમાં અને ધ્યાનની પ્રવૃત્તિ ઉપર વિશેષ આવી ગયા.

મુમુક્ષુ :- એનો અર્થ એ થયો કે જે કુતૂહલ પ્રયોજનને સાધે ઈ બરાબર, કારણ કે અપ્રયોજનને સાધે એ કુતૂહલ નથી, એ તો નુકસાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ નુકસાન જ છે. એ ચોખ્ખે ચોખ્ખું નુકસાન છે. ચોખ્ખું નુકસાન છે. એમ જ છે. જાણીને તું કરવાનો શું? સ્વરૂપમાં સ્થિર થવાનું. કહે છે ને? એમાંથી બહાર આવવું ગમતું નથી. એ સ્થિતિમાં તો આવવું છે. એ સ્થિતિમાં રહેવું. ઉપયોગ શાસ્ત્રમાં લગાવવો એના બદલે એ સ્થિતિમાં રહેવું. એ પસંદ કર્યું એમણે. ઉપયોગ ભમાવવો પડે શાસ્ત્રની અંદર પણ, ન્યાય તર્કની અંદર લઈ જવો પડે,

આકુળતા છે એમ કહે છે. એ પણ આકુળતા છે. ન્યાય બીજી રીતે ઉતાર્યો છે કે જ્યારે આચાર્યો મુનિઓ એમ કહે છે કે અમારી બુદ્ધિ જે શાસ્ત્રમાં જાય છે આ બુદ્ધિ વ્યભિચારીણી છે. 'ટોડરમલજી'એ આ વાત લીધી છે 'મોક્ષમાર્ગપ્રકાશક'માં. તો પછી આપણા માટે તો વિચાર કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? જ્યારે એમને એ વાતનો નિષેધ કર્યો તો આપણા માટે આપોઆપ નિષેધ થઈ જાય છે. એ બધા પડખાનું અનુસંધાન કરીને પોતે ધ્યાનની અંદર વિશેષપણે પ્રવૃત્તિ કરતા. કોઈએ તર્ક કર્યો કે, બહુ ધ્યાનમાં બેસો છો તો પછી કાંઈ નિર્વિકલ્પતા એટલી બધી રહે છે? એટલી બધી નિર્વિકલ્પતા તો નીચેના ગુણસ્થાને ગૃહસ્થ દશામાં રહે એવું તો બનતું નથી. એ તો ગુણસ્થાનની પરિપાટીનો વિષય જ નથી. એટલે કોઈ ગપ્પા મારી દે કે આહા..! બહુ ધ્યાનમાં નિર્વિકલ્પતામાં રહે છે. એ તો કાંઈ ચાલે એવું નથી. એવું તો કાંઈ નથી કે શુદ્ધોપયોગમાં જ રહેવાય છે. પણ જે જ્ઞાતા-દ્રષ્ટાની પરિણતિ છે અને જે સ્વરૂપરસ છે એને વધારવાનું કામ તો થાય છે. એને સ્વરૂપરસને, સ્વરૂપ મહિમાને અને પરિણતિમાં જે બળવાનપણું ઉત્પન્ન થાય, રસ વૃદ્ધિગત થાય એની વધુમાં વધુ પ્રક્રિયા કેવી રીતે થઈ શકે એ સાધન એમણે પકડ્યું અને એ સાધન ધ્યાનથી ઉત્કૃષ્ટ સાધન કોઈ નથી. શાસ્ત્ર કરતાં પણ ધ્યાનનું સાધન એથી ઉત્કૃષ્ટ છે.

શાસ્ત્રમાં તો ઉપયોગ ભમાવવો પડે છે અનેક પ્રકારે અને અનેક વિષય ચાલે છે. ત્યાં તો અગિયારમી ગાથા પછી બારમી વ્યવહારની ગાથા ચાલે. અગિયારમી એકદમ જોરદાર ગાથા ચાલે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ**' તમામ વ્યવહાર અભૂતાર્થ છે. વળી બારમી ગાથામાં પાછા આચાર્યદેવ (એમ સ્થાપે), વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. ત્યાં બે પડખા સાંધવાની જરૂર નથી, ત્યાં તો દેશના ચાલે છે. સામે શાસનને લક્ષમાં રાખેલું છે. બંને વાત આવશે. પ્રયોજન સ્વરૂપ જ છે અને બીજું કોઈ નથી. અને એ અમને રુચિનો વિષય છે, રુચતો વિષય છે, ભાવતું ભોજન છે. ભાણું ભરેલું છે અને ભાવતું ભોજન છે, કોણ બીજી માથાકૂટમાં ઉતરે? માણસ રસથી જમતો હોય તો કહે ભાઈ! વાતો કરાવોમાં. એને એમ કહે છે ને? એનો રસભંગ થાય. પોતાના આત્મરસનો ભંગ કરવા કોઈ સાધક ચાહતા નથી.

કહે છે, '**જ્ઞાનની એવી શક્તિ છે કે જીવ એક જ સમયમાં આ નિજ ઋદ્ધિને તથા બધાને જાણે.**' ... જાણે છે એ વાત અહીંયાં નથી. કોઈ એવું તર્કમાં લઈ જાય છે કે કેવળજ્ઞાનની અંદર લીમડો લીમડો દેખાય છે, ટોપી ટોપી દેખાય છે, કેસરી રંગ કેસરી રંગ દેખાય છે. અને મતિજ્ઞાનમાં પણ આ જે રંગ છે એ જ રંગ દેખાય છે. આ કાંઈ

કેસરીના બદલે કાળો દેખાય છે કે ધોળો દેખાય છે એવું તો નથી. તો બે જ્ઞાન ... સરખો થયો કે ન થયો? એમ છે નહિ. પેલા સ્વરૂપમાં નિવાસ કરીને જાણે છે. આ ઉપયોગ એના ઉપર મૂકીને જાણે છે. બે વચ્ચે જાણવાની પદ્ધતિમાં મોટો ફેર છે. ઊલટો-સુલટો ફેર છે. એક અંતર્મુખ રહીને જાણે છે, એક બહિર્મુખ થઈને જાણે છે. બેયની દિશા જ ઊલટી-સુલટી છે. બેન્ને જ્ઞાનમાં પર્યાયનું મુખ ઊલટુ-સૂલટું છે. અંતર્મુખ અને બહિર્મુખ બંનેનું મુખ ઊલટુ-સૂલટું છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને જ્ઞાની ...

પૂજ્ય ભાઈશ્રી :- ફેર જ છે. જેટલો ઉપયોગ ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને કે છઠ્ઠા ગુણસ્થાને, ત્રણ ગુણસ્થાન છે નીચેના, જેટલો ઉપયોગ બહાર જાય એટલા ઉપયોગના એટલા જ્ઞાનાંશનો, જ્ઞાનનો એ અંશ છે, એનો જ્ઞાનીને નિષેધ વર્તે છે. રાગનો તો નિષેધ વર્તે જ. કેમકે એ તો ચોખ્ખો પરપદાર્થને આશ્રિત મલિન પરિણામ છે, કષાયયુકત પરિણામ છે. પણ જે જ્ઞાનમાં કષાય નથી અને જે ઉપયોગને સમ્યક્જ્ઞાન કહેવાય, મિથ્યાજ્ઞાન કહી શકાય નહિ. જ્ઞાનીના ઉપયોગને મિથ્યાજ્ઞાન કહેવાય નહિ, પણ જે ઉપયોગ જ્ઞાનીનો બહાર જાય એ અંશનો જ્ઞાની નિષેધ કરે છે. એ અંશનો જ્ઞાની નિષેધ કરે છે અને એમ કહે છે કે આનાથી આત્મા સધાતો નથી. જે ઉપયોગ બહાર જાય છે એનાથી આત્મા સધાતો નથી. તો જેનાથી આત્મા ન સધાય એ ચીજ મારે કામની નહિ. જેનાથી મારું પ્રયોજન ન સધાય એ ચીજ મારે કામની નહિ. અથવા જેનાથી મારા પ્રયોજનને હાનિ પહોંચે એ ચીજને હું મારી કરીને કેમ ગણું? કેમ રાખું? એ પ્રશ્ન રહેતો નથી. એટલે એનો નિષેધ છે.

'ટોડરમલજી'એ એ વિષય સ્પષ્ટ કર્યો છે રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં કે કોઈ જ્ઞાની અથવા સાધક એમ ન કહે કે પરસત્તા અવલંબનશીલ જ્ઞાન છે એનાથી આત્માનું હિત થાય. એવું કોઈ જ્ઞાની કહે નહિ. પરસત્તા અવલંબનશીલ જ્ઞાન તો શાસ્ત્ર વાંચે ત્યારે હોય છે. તો જ્ઞાની શાસ્ત્ર વાંચે ત્યારે જ્ઞાનીને હિત થાય કે અહિત થાય? આ તો પ્રશ્ન ઊભો થાય એવો વિષય છે. સત્શાસ્ત્ર સામે છે આચાર્ય ભગવાનનું. તો કહે છે, જેટલો ઉપયોગ બહાર જાય એટલું નુકસાન જ થાય. ચાહે સામે સર્વજ્ઞ સાક્ષાત્ પરમેશ્વર બિરાજમાન હોય અરિહંતદેવ તીર્થંકર પરમાત્મા અને એમના દર્શન કરે, એ ઉપયોગથી શું થાય? અહીંયાં કાંઈક તોલ માપના કાટલા બદલવા કે ન બદલવા? જૈનદર્શનમાં એ વિષય નથી. એનાથી તો નુકસાન જ છે. '**परदव्वादो दुग्गइ**'. 'ગુરુદેવ' તો સૂત્ર લેતા હતા 'કુંદકુંદાચાર્ય'નું. '**परदव्वादो दुग्गइ**'. સામે દેવ-ગુરુ-શાસ્ત્ર હોય (એના ઉપર ઉપયોગ જાય એ) દુર્ગતિ (છે). એ દુર્ગતિ છે, એ દુર્ગતિ છે.

ભાવે દુર્ગતિ છે. દ્રવ્યે તો ફળ આવે ત્યારે. ભાવે દુર્ગતિ છે. કોઈ સાધક ન કહે. 'ટોડરમલજી'એ સ્પષ્ટ કર્યું. કોઈ જ્ઞાની કહે કે પરસત્તા અવલંબનશીલથી મોક્ષમાર્ગ સધાય છે એવું કોઈ કહેતા નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીને પોતાની સત્તાનું ... છે છતાં જ્ઞાનનો અંશ બહાર જાય તે પરસત્તા છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પરસત્તાનું અવલંબન છે એટલે. એટલું પરાન્મુખપણું છે, એટલો જ્ઞાનનો દોષ છે, એટલો જ્ઞાનનો વિભાવ છે અને એનો એમને નિષેધ વર્તે છે. ખરેખર તો 'પ્રવચનસાર'માં તો એટલી બધી વાત લીધી છે, ૧૭૨ ગાથાના જે ૨૦ બોલ છે એમાં કે જે ઉપયોગ બહાર જાય એ અમારો ઉપયોગ નહિ. અમે તો જેમ રાગનું સ્વામીત્વ રાખતા નથી કે ઈચ્છતા નથી, એમ જેટલો જ્ઞાનનો અંશ ઉપયોગ બહાર જાય એ અમારો નહિ. એ ચીજ અમારી નહિ.

જેમ કોઈ ઘરનો છોકરો અકાર્યને કરે તો કહે તો તું આ કુટુંબનો સભ્ય નહિ. તું અમારો છોકરો નહિ. અમારો નહિ. અમારું કુટુંબ છોડીને ગમે ત્યાં ચાલ્યો જા. સાથે રહેવા લાયક નથી. એમ ઉપયોગ બહાર જાય તો કહે, તું અમારી ચીજ નહિ. ઉપયોગનું કોઈ હરણ કરી શકતું નથી. નવમો બોલ છે. 'ગુરુદેવશ્રી' બહુ આના રસમાં આવી જતા કે આહા..! જુઓ તો ખરા, જ્ઞાની એમ કહે છે કે મારા ઉપયોગનું કોઈ હરણ કરી શકતું નથી, હરિ જઈ શકતું નથી, એ ખેંચી શકતું નથી. જગતના કોઈ પદાર્થમાં એવી તાકાત નથી કે મારા ઉપયોગને ખેંચીને આકર્ષણ કરે, આકર્ષિત કરે. પાછા પોતે ને પોતે દલીલ આપે કે પણ પ્રભુ! આ ઉપયોગ બહાર જાય છે એનું શું? પોતેને પોતે કહે છે પોતાના પ્રભુને કે પણ પ્રભુ! ઉપયોગ બહાર જાય છે એનું શું? તો કહે છે, એ ઉપયોગ બહાર જાય છે એ મારો ઉપયોગ નહિ, એ મારો નહિ, એ હું નહિ. જેમ રાગ તે હું નહિ, ઉપયોગ બહાર જાય છે તે હું નહિ. એમ લીધું છે. નવમા બોલમાં બહુ સરસ વિષય લેતા હતા.

એટલી ઝીણી નજર છે આમાં કે એક જ સમયનું પરિણામ છે એમાં ઉપયોગ બહાર અને લબ્ધ અંદર જ્ઞાનને. જ્ઞાનના બે ભાવ લીધા, બે ભાગ લીધા. ઉપયોગ બહાર અને લબ્ધ અંદર. એ લબ્ધ પરિણતિ છે એમાં સ્વપણું છે અને ઉપયોગ બહાર છે એમાં સ્વપણું જ્ઞાનીને આવતું નથી. આટલી ઝીણી નજર છે. એક સમયના પરિણામના બે ભાગ કરી નાખે એટલી ઝીણી નજર છે. ઝીણું તો કાંઈ ઓછું ઝીણું કાંત્યું નથી. કેમકે બંને અંશના મુખ જુદા જુદા છે. પરિણતિ અંતર્મુખ છે અને ઉપયોગ બહિર્મુખ છે. બે જુદાં પડી જાય છે. બેયની ચાલ જુદી પડી જાય છે, બેયની

દિશા જુદી પડી જાય છે. બેયના ફળ જુદાં છે. એક પંચમગતિનું કારણ છે અને એક ચોથી ગતિનું કારણ છે. પંચમગતિનું કારણ બળવાન હોવાને લીધે ચાર ગતિની હાનિ થતી જાય છે અને અંતે ચાર ગતિનો નાશ થાય છે. છે, આ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો સ્પષ્ટ છે. ... શબ્દ વાપર્યો છે. પરસત્તાવલંબનશીલ જ્ઞાન એ શબ્દ નથી. મળી ગયું, 'પરમાર્થ વચનિકા'માં છે. રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં નથી પણ પરમાર્થ વચનિકામાં છે.

'**હેય-જ્ઞેય-ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલનો વિચાર**' એમાં એ વિષય છે. '**ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો (તેમને) અનેકરૂપનું જ્ઞાન તથા અનેકરૂપની ક્રિયા કહેવામાં આવે છે.**' '**ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન અને ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો (તેમને) અનેકરૂપનું જ્ઞાન તથા અનેકરૂપની ક્રિયા કહેવામાં આવે છે.**' એટલે બધાને એક લાકડીએ કોઈ માપે તો એને ગુણસ્થાનનું માપ આવે નહિ. '**કારણ કે ભિન્ન ભિન્ન સત્તાના પ્રમાણે કરી (જ્ઞાન-ક્રિયામાં) એકતા મળે નહિ. એકેક જીવદ્રવ્યમાં અન્યાન્યરૂપ ઔદયિકભાવ હોય, તે ઔદયિકભાવાનુસાર જ્ઞાનની પણ અન્યાન્યતા જાણવી.**'

'**પરંતુ વિશેષ એટલું કે...**' છતાં આ સિદ્ધાંત તો ક્યાંય તૂટે નહિ. '**પરંતુ વિશેષ એટલું કે (એ સર્વ આત્મામાં) કોઈ પ્રકારનું જ્ઞાન એવું ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે!**' એવું એક પણ જ્ઞાન હોય નહિ. મારું આ જ્ઞાન છે, મારા શાસ્ત્રનું જ્ઞાન છે એ તો મોક્ષમાર્ગ સાધે છે, એમ નથી. ત્યાં એ મોક્ષમાર્ગ સાધતું નથી. '**કેમકે અવસ્થા (દશા)ના પ્રમાણમાં પરસત્તાવલંબક છે...**' ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને અવસ્થાના પ્રમાણમાં પરસત્તાવલંબક છે. પરસત્તાનું અવલંબન કરનારું છે. '**(પણ તેને તે મોક્ષમાર્ગ કહેતા નથી). તે આત્મા પરસત્તાવલંબી જ્ઞાનને મોક્ષમાર્ગ કહેતો નથી.**' કોણ? જ્ઞાની છે તે. ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને, છઠ્ઠા ગુણસ્થાને કોઈ એને મોક્ષમાર્ગ કહે નહિ.

જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન. જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન. તો પરસત્તાવલંબન કરે એનું નામ જ્ઞાન કહેવું? કે ના, એનું નામ જ્ઞાન કહેવું નહિ. પણ જાણે તો છે. તોપણ એને જ્ઞાન ન કહેવું. ઠીક! ગણધર ભગવાનનો ઉપયોગ અંતર્મુહુર્તમાં બાર અંગની રચના કરે એને જ્ઞાન કહેવું કે ન કહેવું? કે ના પાડે છે. આગમમાં ભલે એને જ્ઞાન કહેવાય. અધ્યાત્મમાં એને જ્ઞાન કહેવાતું નથી. આ આગમભાષા અને અધ્યાત્મભાષાનો આ ફર્ક છે.

મુમુક્ષુ :- ગણધર પોતે કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગણધર એમ જ કહે છે, ગણધર પોતે એમ કહે છે.

મુમુક્ષુ :- આગમ છે એ જાણકારી મેળવવા માટે, અધ્યાત્મ છે એ આચરણમાં...

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મ તો આત્મામાં આવવાની વાત છે. એનું નામ અધ્યાત્મ છે.

એકવાર 'ગુરુદેવશ્રી'એ પ્રવચનમાં એ વિષય લીધો હતો કે એ જ્ઞાન નથી તો શું છે? તો કહે, એ જ્ઞાન નથી પણ જડનો પર્યાય છે, જડ છે. એવો નિષેધ જોરથી હતો. આ તો ગણધર ભગવાનનો ઉપયોગ છે. તો કહે છે, અહીંયાં બીજી વાત નથી. એક જ વાત છે. જે છે એ વાત છે, એમાં ફેર પડે એવું નથી. તર્ક અને દલીલ તો બધી પોતે ને પોતે આપે પાછા. છતાં એનું સમાધાન આપતા જાય છે. એ જ્ઞાન નથી. એ શબ્દ વાપર્યો છે 'ટોડરમલજી'એ કે આનું નામ જ્ઞાન અને જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન. એટલાને અમે જ્ઞાન કહીએ છીએ. બાકીના વિભાગને અમે જ્ઞાન કહેતા નથી. બધો ક્ષયોપશમ, બહારનો ક્ષયોપશમ બધો (એના ઉપર) મીંડુ મૂકી દીધું. શૂન્ય કરી નાખ્યું. કોઈ કીંમત નથી એની એમ કરીને.

મુમુક્ષુ :- પ્રયોજનને સાધે એ જ જ્ઞાન.

પૂજ્ય ભાઈશ્રી :- પરમાત્માની સાથે રહે તે જ્ઞાન. એ જ જ્ઞાન, એક જ જ્ઞાન. પરમાત્માનો સંગ છોડે. જે જ્ઞાને પરમાત્માનો સંગ છોડ્યો એને જ્ઞાન તો ન કહ્યું એને ધિક્કાર્યું કે ધિક્કાર છે તને કે તું આવા પરમાત્માનો સંગ છોડીને બીજા પરપદાર્થના સંગમાં ગયો. આ વાત તેં ઠીક કરી નથી. અનુચિત વાત છે, આ ઉચિત વાત તારા માટે નથી. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં 'સોગાનીજી'એ એ લીધું છે કે ઉપયોગ બહાર નીકળ્યા કે જમ કા દૂત સમજો. આત્માના પ્રાણનું ખુન છે એની અંદર. જેમ યમનો દૂત મૃત્યના પ્રસંગે આવે છે, આ મૃત્યુનો પ્રસંગ છે.

અજ્ઞાની જીવને ક્ષયોપશમમાં અભિમાન થાય છે. અધ્યાત્મના પ્રકરણમાં આવે તો એનું પાણી ઉતરી જાય. આ તારો જેટલો ક્ષયોપશમ છે ને એના ઉપર આવડી મોટી ચોકડી છે. એ ઉપયોગ બહાર જાય છે એ ક્ષયોપશમમાં અને એ ઉપયોગ બહાર જાય છે એ જ્ઞાન જ નથી, એ અજ્ઞાન છે, એ જડ છે. એ આત્મા નથી, અનાત્મા છે. એ આત્માની ચીજ નહિ. એને કોઈ મોક્ષમાર્ગ સાધે છે એમ કહેતા નથી. એને મોક્ષમાર્ગમાં ગણતા નથી. એને મોક્ષમાર્ગમાં નથી ગણતા, બંધમાર્ગમાં ગણે છે.

કેમકે પરની સાથે પ્રતિબદ્ધરૂપ થાય છે એ ઉપયોગ. પરની સાથે પ્રતિબદ્ધ તે ભાવબંધ છે. એના નિમિત્તે દ્રવ્યબંધ થાય છે. જેનાથી બંધ થાય એનાથી મોક્ષ કેમ થાય? એ પ્રશ્ન રહેતો નથી. તો બંધતત્ત્વ રહેતું નથી. તેમાં તે પણું રહેતું નથી એટલે તત્ત્વની ભૂલ થઈ જાય છે. શ્રદ્ધાન-જ્ઞાન મિથ્યા થાય છે.

'**જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનને સહકારભૂત નિમિત્તરૂપ...**' એટલે નિમિત્ત, બહાર જતા જ્ઞાનને નિમિત્તરૂપ અનેક પ્રકારના '**ઔદયિકભાવ હોય છે.**' સમ્યગ્દૃષ્ટિ તે '**ઔદયિકભાવનો જ્ઞાતા, તમાશગીર છે પણ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી;...**' સ્પષ્ટ કર્યું છે. જ્ઞાતાના હેય, જ્ઞેય, ઉપાદેય લ્યે છે ને. '**તેથી કોઈ એમ કહે કે 'આ પ્રકારના ઔદયિકભાવ સર્વથા હોય તો તેને અમુક (ફલાણું) ગુણસ્થાન કહીએ'–એમ કહેવું એ જૂઠ છે. એમ કહેનારે દ્રવ્યનું સ્વરૂપ સર્વથા પ્રકારે જાણ્યું નથી.**'

'**કારણ–અન્ય ગુણસ્થાનની તો વાત શું કહેવી ? કેવળીઓને ઔદયિકભાવોનું અનેકપ્રકારપણું જાણવું.**' કેવળીને પણ ઔદયિકભાવ એકસરખા હોઈ શકે નહિ. એ રીતે એ વિષય આગળ ચર્ચ્યો છે પછી. કેવળજ્ઞાનીને પણ ઉદયિકભાવ એક સરખા હોઈ શકે નહિ. એમ કરીને દૃષ્ટાંત આપ્યો છે કે, '**કોઈ કેવળીને દંડ–કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય ત્યારે કોઈ કેવળીને તે ન હોય.**' દંડ-કપાટરૂપ એટલે દેહથી બહાર જે પ્રદેશોનો પ્રસાર થાય છે દંડ-કપાટરૂપ ક્રિયા કહેવામાં આવે છે. શરીરની બહાર પ્રદેશો જાય. આખા લોકમાં પ્રસરી જાય. સમુદ્‌ઘાત જેને કહે છે. દંડ-કપાટરૂપ ક્રિયાને સમુદ્‌ઘાતની ક્રિયા કહેવામાં આવે છે. કોઈને ન હોય. '**એ પ્રમાણે કેવળીઓમાં પણ ઉદયની અનેકરૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી?**'

'**માટે ઔદયિકભાવોના ભરોસે જ્ઞાન નથી. જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. સ્વપરપ્રકાશક જ્ઞાનની શક્તિ છે.**' જ્ઞાન સ્વશક્તિપ્રમાણ છે. કેટલી શક્તિ? કે સ્વપરપ્રકાશકજ્ઞાનની શક્તિ છે. '**જ્ઞાયકપ્રમાણ જ્ઞાન, સ્વરૂપાચરણરૂપ ચારિત્ર યથાનુભવપ્રમાણ...**' છે જે-તે ગુણસ્થાને '**એ જ્ઞાતાનું સામર્થ્ય છે.**'

'**એ વાતનું વિવેચન ક્યાં સુધી લખીએ, ક્યાં સુધી કહીએ?**' મહિમામાં આવી ગયા છે.

અહીંયાં કહે છે, '**પોતાના ક્ષેત્રમાં નિવાસ કરતો જાણે છે; શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર...**' આકુળતા ઉત્પન્ન થયા વગર અને કોઈપણ જાતનો એમાં શ્રમ નથી. શ્રમ થાય ત્યાં એને આકુળતા થાય, થાક લાગે. અહીંયાં એક સમયમાં અનંત

ઋદ્ધિ ધારક પોતાના સ્વતત્ત્વને જાણી લે, એક સમયમાં અનંતા લોકાલોકને જાણે એમાં ક્યાંય શ્રમ પડતો નથી કે થાક લાગવાનો પ્રશ્ન રહેતો નથી. હવે પરિણમતા પરિણમતા થાક લાગશે કે નહિ? આટલું બધું જાણે છે (તો). '**શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે, બહાર...**' નીકળવાની જરૂર પડતી નથી. આ ચમત્કાર છે જ્ઞાનનો! જેમ જ્ઞાન પોતાનું સ્વક્ષેત્ર છોડ્યા વિના માઈલો સુધીનું પ્રતિબિંબ પડે છે કે નહિ? આ છદ્મસ્થના અલ્પ જ્ઞાનમાં. એક પર્વત ઉપર ચડે તો પચ્ચીસ-પચાસ માઈલના ગામડા જોવે અથવા ... ડુંગરા જોવે. ચણાની દાળ જેટલી આંખની કીકી છે એની અંદર માઈલોના માઈલોનું પ્રતિબિંબ, ત્યાં જ્ઞાન પહોંચ્યા વગર, બહાર નીકળ્યા વગર, ગયા વિના જાણી લે છે. એવી જ રીતે આ જાતિસ્મરણજ્ઞાન અબજો વર્ષ પાછળ ગયા વિના એમ ને એમ અંદર રહીને જાણી લે છે. અબજો વર્ષનું જ્ઞાન થાય.

એવું તો જ્ઞાન છે 'પૂજ્ય બહેનશ્રી'ને. ત્યાં અબજો વર્ષના, સાગરોપમના આયુષ્ય છે. અબજો વર્ષના આયુષ્ય છે. અબજો વર્ષની સ્મૃતિ આવે છે. કેટલી વાર લાગે અબજો વર્ષ સુધી લંબાતા એને? એ વાહનને વાર લાગે, જ્ઞાનને વાર લાગે નહિ. એક Second માં ફડાક પકડે. સામે ચીજ હોય એવી રીતે દેખાય.

કહે છે કે '**શ્રમ પડ્યા વગર, ખેદ થયા વગર જાણે છે. અંદર રહીને બધું જાણી લે છે.**' જ્ઞાનને '**બહાર ડોકિયું મારવા જવું પડતું નથી.**' એટલો પણ પરિશ્રમ નથી. બહાર મોઢું ફેરવવું પડે એટલો પરિશ્રમ એને નથી. એવો જ કોઈ આત્મા અદ્‌ભૂત ચૈતન્ય ચમત્કારીક પદાર્થ છે. ચૈતન્યનો એ ચમત્કાર ગણવામાં આવે છે. જેની આગળ બધા પદાર્થોનું આશ્ચર્ય તૂટી જાય, બધા પદાર્થોનું મૂલ્ય છૂટી જાય એવો એ પોતે જ અનંત મહિમાધારી પદાર્થ છે અને એનો જેટલો મહિમા છે એટલો એના શ્રદ્ધા-જ્ઞાનમાં આવે તો એ જ્ઞાન સાચું, એ શ્રદ્ધા સાચી. નહિતર ગમે તેવું જ્ઞાન હોય તો એ જ્ઞાનનું કોઈ મૂલ્ય રહેતું નથી. (અહીં સુધી રાખીએ...)

તા. ૧૩-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૧
પ્રવચન નં. ૨૩૮

વસ્તુ તો અનાદિ-અનંત છે. જે ફરતું નથી બદલાતું નથી તેની ઉપર દૃષ્ટિ કરે, તેનું ધ્યાન કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે. બહારના અર્થાત્ વિભાવના આનંદ-સુખાભાસ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. જે જાણે છે તેને અનુભવમાં આવે છે. તેને કોઈની ઉપમા લાગુ પડતી નથી. ૩૧૧.

'બહેનશ્રીનાં વચનામૃત'. ૩૧૧. પાનું-૧૦૪. '**વસ્તુ તો અનાદિ-અનંત છે.**' આત્મવસ્તુનો વિષય છે અહીંયાં. સામાન્યપણે છએ દ્રવ્યો અનાદિઅનંત છે. વિશેષપણે પોતે અનાદિઅનંત છે. પોતે શાશ્વત છે-નિત્ય છે. પોતાની હયાતી ક્યારે પણ અભાવરૂપ થાય, ખંડિત થાય એમ થઈ શકે એવું નથી, અશક્ય છે. એવું સ્વ વસ્તુનું અસ્તિત્વ શાશ્વત છે અને વસ્તુના જે સદાય હયાત રહેવાના સામર્થ્યને પ્રદર્શિત કરે છે. સદાય કોઈપણ પ્રકારના ઉથલપાથલના સંયોગોમાં પણ પોતાની હયાતી સંપૂર્ણપણે કોઈપણ જાતની હાનિ થયા વિના અથવા કાળક્રમનો ઘસારો લાગ્યા વિના, Depriciation જેને કહે છે, એવું કાંઈ થયા વિના પોતાની હયાતી એવી ને એવી રહેવી એની જે પ્રતીતિ, એવી શાશ્વત સત્તાની નિર્વિકલ્પ પ્રતીતિ એનું બીજું નામ સમ્યગ્દર્શન છે. શ્રદ્ધાનનો વિષય-સમ્યગ્દર્શનનો વિષય નિજ અખંડ સત્તા છે-નિજ શાશ્વત સત્તા છે.

'**વસ્તુ તો અનાદિ-અનંત છે.**' એમ કહેતા એમાં શ્રદ્ધાનો વિષય દર્શાવ્યો. વાસ્તવિકપણે જેને એ શ્રદ્ધા થાય છે, વિચારથી સંમત કરે એટલું નહિ પણ વાસ્તવિકપણે જેને એ પ્રતીતિ આવે છે એને જગતમાં કોઈપણ પ્રકારનો ભય રહેતો નથી. સમ્યગ્દૃષ્ટિના ૬૮ ગુણ છે. મૂળ ઉત્તર થઈને ૬૮ લીધા ને? ૪૩ ને ૨૫ = ૬૮. એમાં એક નિઃશંકતા અને નિર્ભયતા નામનો ગુણ છે. એ ૬૮માં ૮ આવી જાય છે. એમાં નિર્ભયતાનો ગુણ છે. સમ્યગ્દૃષ્ટિ સદાય નિર્ભય છે. કેમ નિર્ભય છે? કે પોતે અનાદિઅનંત છે એવી પ્રતીતિ છે માટે નિર્ભય છે. જો પોતાના સ્વરૂપને કોઈ બાધા કરી શકે એવું નથી અને તેથી કરીને પોતાની હયાતી શાશ્વત છે તો આ જગતને વિષે

ભય પામવાનું કોઈ કારણ રહેતું નથી. શેનો ભય? જે ભય થાય છે જીવને એ નુકસાન અંગેનો ભય થાય છે, મૃત્યુ અંગેનો ભય થાય છે, વેદના અંગેનો ભય થાય છે. સમ ભયમાં અનેક પ્રકાર લીધા છે. આલોકથી પરલોક સુધીના બધા ભય લીધા છે. એ ભયસ્થાયો જેટલા છે એ બધા આત્મવસ્તુથી બાહ્ય છે, વસ્તુમાં નથી. વસ્તુ જે અનાદિઅનંત છે એમાં એનો એકેયનો સમાવેશ નથી.

એક લોકમાંથી બીજા લોકમાં ગતિ થાય છે. મૂળ વસ્તુમાં ગતિ આગતિ નથી. ચૌદ માર્ગણામાં ગતિમાર્ગણા છે. ૫૦ થી ૫૫ બોલમાં પુદ્ગલના પરિણામમાં આનું વર્ણન છે. ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન અને ચૌદ જીવસ્થાન. એ ૪૨ સે ૪૨ સ્થાન પુદ્ગલના પરિણામ છે એમ આચાર્ય મહારાજ ત્યાં કહે છે. પુદ્ગલના પરિણામ છે એમ કહે છે. એમાં એક ગતિમાર્ગણા આવે છે. ચૌદ માર્ગણામાં એક ગતિ માર્ગણા આવે છે.

'ગુરુદેવશ્રી' પ્રવચન કરતા એમ કહેતા કે ચાર ગતિ તો મૂળ સ્વરૂપને વિષે નથી, જ્ઞાયકતત્ત્વને વિષે નથી-આત્માને વિષે નથી પણ પંચમગતિ એને નથી. કેમકે એ તો એકબીજાની સાપેક્ષ ગતિ થઈ. ચાર ગતિ અને પંચમ ગતિ. પરસ્પર વિરુદ્ધ. ગતિ આગતિ વિનાની મૂળ ચીજ છે, જેને ગતિ આગતિનો પ્રશ્ન લાગુ પડતો નથી. એનાથી નિરપેક્ષ છે. એવી વસ્તુ અનાદિઅનંત છે. એની પ્રતીતિમાં ગતિનો ભય નથી. આલોકભય, પરલોકભય, અકસ્માતભય, વેદનાભય, મૃત્યુભય, મૃત્યુ સુદ્ધા. મૃત્યુ તો સૌથી મોટામાં મોટો ગંભીર પ્રસંગ જગતના જીવને મૃત્યુનો છે.

દુશ્મનનું મૃત્યુ થાય તોપણ એમ કહે છે કે મૃત્યુની અદબ જાળવવી પડે. લૌકિકદૃષ્ટિએ પણ મૃત્યુની અદ્બ જાળવવી. ગમે તેવો (હોય). મૃત્યુ થયું પછી વાત પૂરી થઈ. એના અવગુણ કહેવાના કે ગાવાના હોઈ શકે નહિ. આ એક લૌકિક વ્યવહારની સક્ષ્મતાની પદ્ધતિ છે. સક્ષ્મતાના ખાતાનો વિષય છે. અહીંયાં કહે છે કે એ ભય પણ અનાદિઅનંત વસ્તુને વિષે નથી. કેમ કે વસ્તુનું શાશ્વતપણું છે અને મૃત્યુ તો નાશનો પ્રસંગ છે. નાશનો પ્રસંગ શાશ્વતતામાં કેવી રીતે આવી શકે? એનો અવકાશ એમાં નથી. વસ્તુની જે શાશ્વતતા અનાદિઅનંત એની પ્રતીતિમાં બહુ મોટી હૂંફ રહેલી છે.

એક દૃષ્ટાંત લઈએ કે નિર્ધનતા અને લાચારીની પરિસ્થિતિમાંથી કોઈને જિંદગી સુધી ન ખૂટે તેટલી કમાણી-સંપત્તિ થઈ જાય આવક થઈ જાય તો એને લાચારી ચાલી ગઈ છે એના ભાનમાં. એ સંપત્તિની હૂંફ કેટલી રહે છે? મારે ક્યાં કોઈની સાડી બાર છે. હું કોઈથી દબાવા માગતો નથી. કોઈની શેહ-શરમમાં હું રહીશ નહિ. એમ

વિચારે છે કે નહિ? એ હૂંફ છે. એમ કરવા જતા મારે ક્યાંય લાચારીનો પ્રસંગ તો છે નહિ. લાચારીનો પ્રસંગ આવે તો જેની લાચારી કરવી પડે એનાથી દબાવાનો ભાવ રહે, અપેક્ષા રહે. એ તો પચ્ચીસ-પચાસ વર્ષ તે પણ અનિશ્ચિત. એની કોઈ નિશ્ચિતતા નથી. તોપણ અનિશ્ચિત હોવા છતાં એ ભલે અનિશ્ચિત હોય તોપણ એની નિશ્ચિતતા જ છે એમ સમજીને હૂંફ રહે છે. તો જે ખરેખર શાશ્વત, નિશ્ચિત શાશ્વત છે એની હૂંફ કેટલી હોય? એની અનંતી હૂંફ હોય છે. હૂંફનો તો ખ્યાલ આવે છે ને? જેનો આધાર લેવો હોય. જેનો આધાર પરિણામમાં આવે છે કે મને હવે કાંઈ વાંધો નથી. કોઈ જાતનો વાંધો, ક્યાંય વાંધો, ક્યારેય વાંધો મને નથી. મને કોઈ બાધા પહોંચાડી શકે એવું નથી. અનંત અવ્યાબાધ મારું સ્વરૂપ છે. આ અસ્તિત્વના અનંત સામર્થ્યની સાથે સંકળાયેલી વાત છે અને એ શ્રદ્ધાનનો વિષય છે. એટલે શ્રદ્ધાન બહુ મજબૂત હોય છે. શ્રદ્ધાનની તાકાત ઘણી છે. કેમકે એનો આશ્રયભૂત વિષય પણ એવો જ છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિના ૨૫ દોષ તો ખ્યાલ છે, પણ ૬૮ શેમાં આવે છે?

પૂજ્ય ભાઈશ્રી :- છે, Article તૈયાર થયો છે. ભાઈએ તૈયાર કર્યો છે. એમાં એના કેટલાક તો પ્રસિદ્ધ છે.

મુમુક્ષુ :- ૮ નિઃશંક, નિઃકાંક્ષ. ૮ મદ.. ૨૫ તો આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- પછી અનાયતન, છ અનાયતન. એ બધા એમાં આવે છે. ઘણા ખરા પ્રસિદ્ધ છે. કોઈક જ અજાણ્યા હશે, લગભગ બધા પ્રસિદ્ધ છે.

મુમુક્ષુ :- અનાદિઅનંત વસ્તુની હૂંફ બહુ મોટી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ જબરદસ્ત વાત છે. એટલે તો સમ્યગ્દષ્ટિ સપ્તભય રહિત છે. એના ઉપર 'અમૃતચંદ્રાચાર્યદેવે' નિર્જરા અધિકારમાં એક એક ભય ઉપર એક એક શ્લોક લખ્યો છે, કળશ રચ્યો છે. આલોક ભય નથી, પરલોક ભય નથી, અકસ્માત ભય નથી, વેદના ભય નથી, મૃત્યુનો ભય નથી, ચોરીનો ભય નથી, લૂંટનો ભય નથી. કોઈ પ્રકારનો ભય રહેતો નથી. કેમકે કાંઈપણ હાનિ થાય તો મારામાં નહિ હોય એ. એની પ્રતીતિ છે. જ્યારે કાંઈ પણ હાનિ થશે તો એ હાનિ મારે વિશે નહિ હોય એની પ્રતીતિ છે. અને એવી જબરદસ્ત પ્રતીતિનું એ બળ છે કે એને ભય જ નથી. નિર્ભય થઈ જાય છે. સદાયને માટે સમ્યગ્દષ્ટિ નિર્ભય છે. ભય નામની વસ્તુ ચાલી ગઈ. સમ્યગ્દષ્ટિને ભય નામની વસ્તુ ચાલી ગઈ. એનું કારણ આ વસ્તુ અનાદિઅનંત છે તે છે.

'**જે ફરતું નથી..**' જે ફરતું નથી. '**બદલાતું નથી તેની ઉપર દૃષ્ટિ કરે, તેનું ધ્યાન**

કરે, તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે.' શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ ત્રણે લઈ લીધા. ધ્યાનમાં આચરણ છે. દૃષ્ટિ કરે એ શ્રદ્ધાન છે. અનુભૂતિ-અનુભવ કરે તે સમ્યગ્જ્ઞાન છે. '**જે ફરતું નથી-બદલાતું નથી...**' એવું જે પોતાનું પરમસ્વરૂપ, પરમોત્કૃષ્ટ પોતાનું જ સ્વરૂપ જે કદી બદલાતું નથી, જે કદી ફેરફાર પામતું નથી. કોઈપણ પ્રકારનો એમાં ફેરફાર થવાનો સંભવ નથી, શક્યતા નથી એવું જે પોતાનું ટંકોત્કીર્ણ શાશ્વત તત્ત્વ છે એના ઉપર દૃષ્ટિ કરવી એટલે શ્રદ્ધાએ કરીને એમાં અહંપણું સ્થાપે. શ્રદ્ધાએ કરીને એમાં અહંપણું સ્થાપે.

'**તેનું ધ્યાન કરે,...**' એટલે તેમાં એકાગ્રતા કરે, તેમાં તન્મયતા કરે, તેમાં લીનતા કરે. અને પોતાના અનંત ગુણ-વૈભવનો અનુભવ કરે. અને એનો અનુભવ કરે. એનો અનુભવ કરે છે. એવી પોતાની વસ્તુ છે. આમ તો એમ કહીને સ્વાનુભવમાં શું શું થાય છે એનો મહિમા કરવો છે. જે એકરૂપ તત્ત્વ છે, ફરતું-બદલતું નથી એનો અર્થ કે એકરૂપ ધ્રુવ તત્ત્વ છે એની દૃષ્ટિ કરે. એમાં શ્રદ્ધાએ કરીને પોતાપણું શ્રદ્ધે. એમાં લીનતા કરે-તન્મયતા કરે અથવા એમાં પરમ મહિમાથી સ્થિર થઈ જાય. એમાં સર્વ પરિણામો, અનંત ગુણોના પરિણામો એમાં એકાગ્રતા પામે. સર્વ પરિણામોની એકાગ્રતા થાય, સ્થિરતા થાય એનું નામ ધ્યાન છે. ધ્યાનનું લક્ષણ લીધું છે ભગવાન 'ઉમાસ્વામી મહારાજે'. એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનં. જેમાં બીજી કોઈ ચિંતા, વિકલ્પ ઊઠે નહિ એવી એકાગ્રતા સ્વરૂપની થાય એને ધ્યાન કહીએ. '**તેનું ધ્યાન કરે,...**' જે દૃષ્ટિ કરે અને ધ્યાન કરે '**તે પોતાની વિભૂતિનો...**' અનંત ગુણના વૈભવનો '**અનુભવ કરે છે.**' આ અનુભૂતિનો મહિમા છે. જેને શ્રદ્ધા અને જ્ઞાન ન થાય એને અનુભવ થાય એમ ન બને. કથનમાં ભલે ત્રણ ભેદ કહેવાય છે પણ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રનું હંમેશને માટે મોક્ષમાર્ગમાં ઐક્યતા, ઐક્યપણું રહ્યું છે.

'શ્રીમદ્જી'એ મૂળમાર્ગનું પદ ગાયું છે એમાં એ વાત લીધી છે. 'મૂળ માર્ગ સાંભળો જિનનો, દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા રે' એની એકતા સ્થાપી છે. ભલે ત્રણ પદથી કહે છે તોપણ દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા રે. પાછું ફરીને કહ્યું કે 'એકપણે અને અવિરુદ્ધ'. 'એકપણે અને અવિરુદ્ધ મૂળ માર્ગ તે પરમાર્થથી રત, કહ્યું સિદ્ધાંતે બુદ્ધ. અવિરુદ્ધની સામે પ્રાસ મેળવ્યો બુદ્ધ. બુદ્ધ એટલે જ્ઞાની. સિદ્ધાંતની અંદર જ્ઞાનીપુરુષોએ એમ કહ્યું કે જે મૂળ માર્ગ છે-મોક્ષમાર્ગ છે એમાં શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રની એકતા હોય છે. ત્રણેય સાથે જ હંમેશા રહે છે અને તે ત્રણેમાં ક્યાંય વિરુદ્ધતા હોતી નથી. ત્રણેની એકતા હોય છે, અવિરુદ્ધપણું હોય છે. એટલે શ્રદ્ધા પણ મૂળ સ્વરૂપની શ્રદ્ધા કરે છે. એકાગ્રતારૂપ ચારિત્ર ધ્યાનની પર્યાય

પણ મૂળ સ્વરૂપનું ધ્યાન કરે છે અને લીનતા-સ્થિરતા કરે છે અને સ્વસંવેદનમાં પણ મૂળ સ્વરૂપના લક્ષે સ્વસંવેદન વર્તે છે. એમ ત્રણેનો વિષય, ત્રણેય ગુણોનો વિષય, ત્રણે ગુણોના પરિણામોનો વિષય એક જ છે. માટે એમાં અવિરુદ્ધતા છે. ગુણ ભિન્ન ભિન્ન હોવાથી કાર્ય કરવાની દરેક ગુણની પ્રક્રિયા ભિન્ન ભિન્ન છે તોપણ ત્રણે ગુણોના પરિણામોનો વિષય એક છે. એટલે એની અવિરુદ્ધતા છે.

આમ લોકો ચર્ચામાં એવી વાત લે છે કે દર્શનનો વિષય આમ અને જ્ઞાનનો વિષય આમ. જેમ કે દર્શનનો વિષય ત્રિકાળી શુદ્ધાત્મા સામાન્ય તત્ત્વ. જ્ઞાનનો વિષય તો કહે દ્રવ્ય-પર્યાય યુક્ત પ્રમાણ પદાર્થ તે જ્ઞાનનો વિષય છે. એકપણું ક્યાં રહ્યું? આ પ્રશ્ન આપણે એમાંથી ઊભો થાય છે. એમાં શ્રદ્ધા-જ્ઞાનનું એકપણું ક્યાં રહ્યું? દર્શન અપેક્ષાએ વસ્તુ આવી, જ્ઞાન અપેક્ષાએ વસ્તુ આવી. આ તો આપણે ત્યાં ચર્ચાય છે. અહીંયાં મૂળમાર્ગમાં તો એમ સ્થાપે છે કે જ્ઞાન દર્શનની એકતા અને અવિરુદ્ધતા છે. કેવી રીતે આમાંથી નીકળે? વિચારવું જોઈએ કે ન વિચારવું જોઈએ?

જ્ઞાન-દર્શન અને ચારિત્ર અને સર્વ ગુણો, આ તો ત્રણ તો મુખ્ય ગુણ છે એટલે વાત થાય છે. સુખ ગુણ, પુરુષાર્થ-વીર્યગુણ બધા ગુણ લઈએ તો. તમામ ગુણોનો અવલંબનનો વિષય એક છે. જ્ઞાનનો જાણવાનો વિષય દ્રવ્ય-પર્યાય યુક્ત પ્રમાણનો વિષય છે નહિ, જ્ઞાન તો પરને જાણે છે. સ્વ શું પરને જાણે છે. દર્શન કાંઈ પરને-શ્રદ્ધા કાંઈ પરને શ્રદ્ધતિ નથી. અને જ્ઞાન તો સ્વને પણ જાણે અને જ્ઞાન તો પરને પણ જાણે. કેમકે એનું તો સ્વપરપ્રકાશકનું સામર્થ્ય છે. તો એક વાક્યતા ક્યાં રહી? એ તો મૂળની પોત પોતાની પરિણમવાની પદ્ધતિની વાત થઈ. એ જાણવાના વિષયમાં જાય છે, અવલંબનના વિષયમાં જે શ્રદ્ધાનો વિષય છે એ જ જ્ઞાનનો વિષય છે. બીજો કોઈ એમાં સમાવેશ પામે નહિ એ સીધી વાત છે. એમ ઐક્યતા છે.

એટલે પ્રયોજનની સિદ્ધિમાં એકતા છે. બીજાનું પ્રયોજન નથી. પરને જાણે છે એ કોઈ પ્રયોજનનો વિષય નથી. અથવા પર્યાયને જાણે છે કે પ્રમાણના વિષયને જાણે છે એ પ્રયોજનનો વિષય નથી. અવલંબનભૂત વિષય જે પ્રયોજનભૂત વિષય છે એને જ જ્ઞાન અવલંબે છે, એને જ ચારિત્ર અવલંબે છે, એને જ શ્રદ્ધા અવલંબે છે, એને જ પુરુષાર્થ અવલંબે છે. બીજાને અવલંબતો નથી. એટલે અવલંબન અને આશ્રયની અપેક્ષાએ એકતા છે એમ સિદ્ધ થયું. અને નહિતર તો ગુણને જુદાં જુદાં ગુણપણું કે ધર્મપણું કે કાર્યપણું જ રહેતું નથી. જો એ સિવાયનો ફેરફાર હોય જ નહિ તો બે ગુણ જુદાં છે એ વાત નથી રહેતી. જે (કાર્ય) શ્રદ્ધા કરે છે એટલું જ કાર્ય જો જ્ઞાન કરે તો શ્રદ્ધા અને જ્ઞાનમાં ફેર રહેતો નથી. ફેર પણ છે અને ફેર નથી પણ. બેય

વાત છે. એકલો ફેર ન જ હોય તો બે ગુણ જુદાં રહેતા નથી. કેમકે બંનેના પ્રયોજનભૂત કાર્યમાં ફેર પડે છે. વસ્તુભૂત કાર્યમાં ફેર પડે છે. અહીંયાં પ્રયોજનભૂત એટલે વસ્તુત્વરૂપ કાર્યમાં.

મુમુક્ષુ :- જ્ઞાન અને ચારિત્રના બે અંશ પડી જાય. જેટલો અંશ શ્રદ્ધા બાજુ છે ... બાકીનો અંશ...

પૂજ્ય ભાઈશ્રી :- બાકીનો જે ચારિત્ર અને જ્ઞાનનો અંશ બીજી બાજુ જાય છે એનો નિષેધ થાય છે. કારણ કે એ પરસત્તાવલંબનશીલ જ્ઞાન અને આચરણ છે. એટલે એનો નિષેધ કરવામાં આવે છે. એ નિષેધ છે. એટલે મોક્ષમાર્ગમાં એનો સમાવેશ નથી. નિશ્ચય મોક્ષમાર્ગમાં જેટલો અંશ જે-તે ગુણોનો સ્વરૂપને આશ્રિત વર્તે છે એટલો જ મોક્ષમાર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એટલો. બાકીના પરિણમનને વ્યવહાર મોક્ષમાર્ગમાં નાખે છે શાસ્ત્રકાર. પણ નિશ્ચય મોક્ષમાર્ગમાં એને સ્થાન મળતું નથી. શાસ્ત્રનું જ્ઞાન તો કહે વ્યવહારજ્ઞાન. પંચ મહાવ્રતનું આચરણ તો કહે વ્યવહાર આચરણ. મુનિદશાનું પંચ મહાવ્રતનું આચરણ તો વ્યવહાર આચરણ. શ્રાવકદશાનું આચરણ તો કહે વ્યવહાર આચરણ. જેટલી સ્વરૂપમાં સ્થિરતા એટલું નિશ્ચય આચરણ.

મુમુક્ષુ :- ગઈ કાલે આવ્યું ને પરસત્તાવલંબનશીલ જ્ઞાનને મોક્ષમાર્ગ કહેતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની મોક્ષમાર્ગ કહેતા નથી. કોઈ જ્ઞાની એને મોક્ષમાર્ગ કહે નહિ. કેમકે એનાથી આત્મા સધાતો નથી. જે પરદ્રવ્યનું અવલંબન કરે છે જે જ્ઞાનનો અંશ એ જ્ઞાનનો પર્યાય પરદ્રવ્યને સાધે છે તે કાળે, સ્વદ્રવ્યને સાધતો નથી. સ્વદ્રવ્યનું એમાં સાધન નથી. જેમાં સ્વદ્રવ્ય ન સધાતું હોય એને એ પોતાને અનુકૂળ નથી. એટલો અંશ પોતાને અનુકૂળ નથી.

મુમુક્ષુ :- એટલે નિષેધ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિષેધ આવે છે અને ક્રમશઃ એ અંશ ઘટતો ઘટતો, ભલે વ્યવહાર જિનાજ્ઞાનુસાર છે, જિનોક્ત વ્યવહાર છે તોપણ તે પણ 'ઘટતી જાતી સ્થિતિમાં અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.' સો વર્ષ પહેલા લખે કે અત્યારે કહે, સિદ્ધાંતમાં ફેર પડતો નથી.

મુમુક્ષુ :- ઘટતો ન જાય તો ગુણસ્થાન બદલાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- તો ગુણસ્થાનમાં આગળ વધીને શું ફેરફાર કર્યો? કાંઈ ફેરફાર થયો નહિ. ઘટતો જાય, સ્વરૂપ સ્થિરતા વધતી જાય અંતે પરિપૂર્ણ લીન થાય અને

સર્વ વ્યવહારથી વ્યવહારાતીત દશાને પામે. એ વ્યવહારથી અતીત દશા છે. વ્યવહારથી પાર થઈ ગયા. પછી એને કેમ વ્યવહાર કરતા નથી એ વાત લાગુ પડતી નથી. જેમ જેમ મોક્ષમાર્ગમાં જીવ આગળ વધે છે તેમ તેમ તેનો વ્યવહાર છૂટતો જાય છે. વ્યવહારનું બંધન એને રહેતું નથી. એને વ્યવહારનું બંધન નથી રહેતું. એ તો 'રાજમલજી'એ સ્થાપ્યું તેરમાં કળશમાં કે જેને સ્વાનુભૂતિ થઈ એને શાસ્ત્ર ભણવાની અટક નથી. એ જ્ઞાન અપેક્ષાએ બોલ લીધો. પણ કોઈપણ ક્રિયા એ ન કરે તો એના માટે પ્રશ્ન ઉઠાવવો અનુચિત છે. કેમ પૂજા કરતા નથી? કેમ ભક્તિમાં આવ્યા નહિ? કેમ ફલાણું કર્યું નહિ? એ બંધન એમને લાગુ પડતું નથી. એ બંધન એમને લાગુ પડતું નથી. એક જ્ઞાની રોજ પૂજા કરે, એક જ્ઞાની પૂજા ન કરે. અષ્ટ દ્રવ્યને લઈને જ્ઞાની રોજ પૂજા કરે. બીજા જ્ઞાની અષ્ટ દ્રવ્યથી રોજ પૂજા ન કરે. ક્યારેક કરે. ન કરે એવું કાંઈ નથી કે કરવી જ નહિ એવો કાંઈ એનો નિયમ નથી પણ એને બંધન નથી. પૂજા નથી કરતા રોજ અને આ રોજ પૂજા કરે છે માટે આ સારા અને આ નહિ સારા, એ પ્રશ્ન ત્યાં રહેતો નથી.

મુમુક્ષુ :- એ કોઈ માપ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ માપ ખોટું છે અને એ જાતનું બંધન ત્યાં લાગુ પડતું નથી. જેમ જેમ ઉપરના ગુણસ્થાને જાય છે એમ બંધન છૂટતું જાય છે. પહેલા તો લૌકિક વ્યવહારમાંથી છૂટે છે. લોકોના જે બંધનો છે વ્યવહાર અંગેના એ બંધનથી લોકોથી કંટાળેલા એવા જ્ઞાનીઓ લોકોથી દૂર જતા જાય છે. એટલે ઘણા પ્રસંગોમાં એની ગેરહાજરી ઊભી થઈ જાય છે. ત્યારપછી જેમ જેમ ઉપર જાય છે તેમતેમ એનો લોકસંપર્ક તૂટતો જાય છે અને મુનિદશામાં તો સર્વસંગપરિત્યાગ કરીને જંગલમાં નિવાસ કરે છે. અમારે કોઈ લોકોની સાથે વ્યવહારિક સંબંધનો પ્રશ્ન રહેતો નથી. કોઈ બંધન નહિ એને.

મુમુક્ષુ :- સ્વાનુભૂતિમાં ન આવ્યા હોય ત્યાં સુધી...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વાનુભૂતિમાં ન આવ્યો હોય ત્યાં સુધી મુખ્ય પ્રયત્ન સ્વાનુભૂતિમાં આવવાનો કરવો. મુખ્ય પ્રયત્ન એ કરવો. અને પછી વ્યવહારમાં ઉચિત વ્યવહાર કરવો અને અનુચિત વ્યવહાર ન કરવો. એટલું ખ્યાલ રાખવું.

મુમુક્ષુ :- વિવેક આવી જાય ખરો?

પૂજ્ય ભાઈશ્રી :- આવે. જેને અનુભૂતિનો પ્રયાસ હોય એને વ્યવહારનો, ઉચિત વ્યવહારનો વિકલ્પ હોય છે એને બીજો વિકલ્પ આવે નહિ. વિકલ્પ જ ન આવે. એક પ્રશ્ન ચાલ્યો હતો 'પૂજ્ય બહેનશ્રી' સાથે પંદર દિવસ પહેલા. જવાબની

શૈલી એવી આવી કે આત્માર્થીને એવા ભાવ આવે જ નહિ. સીધું એમ જ કીધું. દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખવાની વાત હતી. દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી ભૂલો થાય, આમ થાય તો આમ થાય જુદાં જુદાં તર્ક-વિતર્ક તો ઉઠે જ. તો કહે, પણ આત્માર્થીને એવા ભાવ થાય જ નહિ. સીધું ત્યાંથી જ ... જવાબની પદ્ધતિ બહુ સરસ હતી.

મુમુક્ષુ :- જ્ઞાની છે એને બંધન તો ઝેર જેવું લાગે છે....

પૂજ્ય ભાઈશ્રી :- છૂટવા માગે છે, સંસારથી એ છૂટવા માગે છે. એના બધા ચિહ્નો ઊભા થાય છે. એ તો જે દુકાન સંકેલે એને દુકાન સંકેલવાના જ ચિહ્નો ઊભા થાય ને. સંસારની દુકાન આખી બંધ કરવી છે. પછી એ પ્રકાર બધેથી છૂટવાનો એનો પ્રકાર હોય. એમાં બધે ભળવાનો પ્રકાર એનો હોય નહિ. સીધી વાત છે.

મુમુક્ષુ :- માતાજીએ બહુ સરસ કીધું, એવા ભાવ જ ન આવે, એ ભાવ જ આવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે જેને પોતાનું હિત કરવું છે અથવા જેને આત્મા જોઈએ છે, પાત્રતામાં એ વાત લીધી ને? જેને આત્મા જોઈએ છે, જેને પોતાનું હિત કરવું છે એની નજર હિત-અહિત ઉપર જ રહે છે. આમ કરતા મારું અહિત થાય છે કે હિત થાય છે? ભાવનાનો વિષય લીધો છે એ એટલા માટે લીધો છે કે ભાવનાવાળા જીવને, ભાવના એક બહુ નાજુક પરિણામ છે, કોમળ પરિણામ છે તો ભાવનાથી વિરુદ્ધ કાંઈ પણ પોતાના પરિણામની અંદર પ્રક્રિયનો પ્રસંગ ઊભો થાય એટલે સીધો એને ખ્યાલ આવે કે આમાં તો મારી ભાવનાને ઠેસ પહોંચી જશે. એટલે એ ભૂલમાં નથી આવતો.

ભૂલવાના ઠેકાણાં અનેક છે, રોકાવાના ઠેકાણાં અનેક છે, મૂંઝવણના અને અસમાધાનના પ્રકાર અનેક છે. હવે કાં તો માથે સદ્‌ગુરુ હોય એનો સંગ હોય તો તો જીવ બચી જાય. પ્રત્યક્ષ યોગમાં આ બહુ મોટું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અને નહિતર એક બીજો બચે ભાવનાવાળો. બસ, આ સિવાય બચવાનો કોઈ ઉપાય નથી. કેમકે પોતાની ભૂલની પોતાને ખબર ન પડે. ભાવનાવાળા એ ખબર પડે છે કે આમાં મારી ભાવનાને ઠેસ પહોંચે છે. ભાવનાવાળાને વિચારશક્તિ વધારે છે, ઓછી છે એની સાથે સંબંધ નથી રહેતો. કોઈ એમ કહે કે બુદ્ધિવાળાને ખબર પડે, બુદ્ધિ ઓછી હતી એટલે ખબર ન પડી. એ પ્રશ્ન અહીંયાં લાગુ પડતો નથી. ક્ષયોપશમવાળો ભૂલે, ઓછા ક્ષયોપશમવાળો ન ભૂલે. એનું કારણ ભાવના છે. અને જેટલા અંશે એ ભાવના-હિતની ભાવના એટલા જ અંશે આ કામ સવળું થાય. જેટલી એમાં ખામી તેટલું ત્યાં ભયસ્થાન ઊભું છે. એટલે એ ભાવનાના વિષયને બહુ મહત્ત્વ આપ્યું છે

એની પાછળ બહુ અનુભવથી નીકળેલી એ વાત છે એમ લેવું. જીવ બચે તો આ જીવ બચશે, બીજો જીવ બચશે નહિ.

મુમુક્ષુ :- ભાવનામાં...

પૂજ્ય ભાઈશ્રી :- ... ... એટલે ત્યાંથી હટે છે.

એ એકતામાંથી ચાલ્યું. દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા અને અનેકતાનો વિષય શું છે? ગુણભેદે અનેકપણું હોવા છતાં અને દરેક ગુણના પોતપોતાના ધર્મ અનેક હોવા છતાં પરિણમવાની કાર્યપદ્ધતિ પોતપોતાની આગવી હોવા છતાં સ્વરૂપ અવલંબનમાં બધાનું એકપણું છે એમ કહેવું છે. અવલંબનના-આશ્રયના વિષયમાં બેપણું નથી. એમાં દ્વૈત નથી. એમાં દ્વૈત જ ભાસતું નથી એમ કહે છે. એમાં આ જ્ઞાન, આ દર્શન, આ ચારિત્ર એ અવલંબનમાં ક્યાંય નથી. કેમકે ત્રણે એકસરખું કામ કરે છે.

નવમો કળશ જોયો ને? '**उदयति न नयश्रीरस्तमेति प्रमाणं**' જ્ઞાનનો .. તો કહે છે, જ્ઞાનમાં નય પ્રમાણના વિકલ્પોની ઉત્પત્તિ થાય છે. પણ જે જ્ઞાન સ્વરૂપાશ્રય કરે છે એમાં '**उदयति न नयश्री**' નયની લક્ષ્મી અહીંયાં ઉદય પામતી નથી. એ વ્યવહારમાં લઈ લીધું કે જ્યાં અનેક નયોના વિકલ્પ ચાલે છે, જ્ઞાનમાં ભેદ પડે છે એ વ્યવહારજ્ઞાનમાં જાય છે. અવલંબનમાં તો એવા ભેદ પડતા નથી. એ તો જ્ઞાન અપેક્ષાએ લીધું. એમ આચરણની અંદર, બધાની અંદર આશ્રયનો વિષયનો એક છે. એટલે છેલ્લે એમ લીધું છે, '**भाति न द्वैतमेव**'-બેપણું જ ભાસતું નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનું દ્વૈત ભાસતું નથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવનું દ્વૈત ભાસતું નથી, ગુણ-ગુણી ભેદનું દ્વૈત ભાસતું નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણોનું દ્વૈત ભાસતું નથી. દ્રવ્ય-પર્યાયનું દ્વૈત ભાસતું નથી, આ પર્યાયને આ દ્રવ્ય એવું દ્વૈત ભાસતું નથી.

'**તે પોતાની વિભૂતિનો અનુભવ કરે છે. બહારના અર્થાત્ વિભાવના આનંદ સુખાભાસ સાથે, બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી.**' હવે આવું જે શ્રદ્ધા-જ્ઞાન અને આચરણ છે એને બહારની કોઈ વસ્તુ સાથે એને મેળ ખાતો નથી. એ બહરની વસ્તુથી જુદું પડી જતું પરિણમન છે, ભિન્ન પડતું પરિણમન છે. એમાં પહેલું લીધું, '**બહારના અર્થાત્ વિભાવના આનંદ સાથે એને મેળ નથી.**' વિભાવનો આનંદ એટલે સુખાભાસ. જ્યાં સુખ નથી પણ સુખનો આભાસ એટલે કલ્પનારૂપ છે કે આ મને અનુકૂળ છે, આ મને ઠીક લાગે છે એની સાથે આનો મેળ નથી. ભલે અનુભૂતિના પરિણામમાં આનંદ છે, અવર્ણનીય આનંદ છે તોપણ એને બહારના

આનંદ સાથે મેળ ખાતો નથી. ઘણા એવી રીતે ગપ મારી દે છે કે ઈન્દ્રના ઈન્દ્રાસન કરતાં અથવા ઈન્દ્રના સુખ કરતાં સમ્યગ્દષ્ટિનું સુખ અનંતગણું છે. આમાં ચાલે એવું નથી. ઈન્દ્રના સુખની સાથે સમ્યગ્દષ્ટિના સુખની સરખામણીનો મેળ જ ખાય એવું નથી. અહીં એક શબ્દ વાપર્યો છે કે એને મેળ નથી. એને અને એને મેળ નથી. જાતિભેદ હોવાને લીધે. ઈ જાત જુદી, વિભાવની જાત જુદી, સ્વભાવની વાત જુદી. ગમે તેટલો હરખ હોય.

ઈન્દ્ર ઈન્દ્રના ભોગ-ઉપભોગમાં હર્ષિત ન થાય, સમ્યગ્દષ્ટિ સૌધર્મ ઈન્દ્ર, એટલો હર્ષિત એ ભગવાનની પૂજા-ભક્તિમાં થતો દેખાય. ઘણો હર્ષ થાય એને. હજાર-હજાર નેત્ર કરીને ભગવાનનું રૂપ નિહાળે અને પગે ઘુઘરા બાંધીને નાચે. ત્રણ લોકના નાથ જન્મ્યા. મારો નાથ જન્મ્યો એમ કહે, લ્યો ઠીક! એક ઈન્દ્રને કરોડો-અબજો તીર્થંકરોના જન્મોત્સવ મનાવવાના હોય છે અને બધી વખતે એટલો જ આનંદ થાય એને પાછો. ગુણસ્થાન એનું એ છે ને. બધી વખતે એને એટલો જ આનંદ થાય. ફરીને એ જ પ્રસંગ છે માટે એમાં કાંઈક ઓછું પડે એમ નથી.

એ તો લૌકિકમાં એવું જ છે. એક દીકરાના લગન કરે અને પછી બીજા દીકરાના લગન કરે ત્યારે આનંદ ઘટી જાય છે માણસને? એને તો એટલો જ પ્રસંગની અંદર આનંદ આવે છે કલ્પનાથી, વાહ..! મારા ઘરે આવો પ્રસંગ છે. જેટલી વાર પ્રસંગ પડે છે એટલો જ એને આનંદ આવે છે. એ પગે ઘુઘરા બાંધીને નાચે. એટલી પોતાની અલ્પતા. બેય સમ્યક્દૃષ્ટિ છે, બેય ચોથા ગુણસ્થાને છે. ભગવાન પણ ત્યાં બાળ અવસ્થામાં ચોથા ગુણસ્થાને છે. આટલી બધી ભક્તિ કરે ચોથા ગુણસ્થાનવાળાની? એ ભક્તિનો વિષય એવો જ છે.

ઈન્દ્ર જેવા ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સ્વામી. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. અહીં તો સીત્તેર કરોડની વસ્તીનો વડાપ્રધાન હોય ને તો ... એને સ્વતંત્રતા છે ને એટલે ગાળો દે. ગાળો દેવાની છૂટ ને? એવું મોળું પુણ્ય નથી હોતું ઈન્દ્રનું. એના અસંખ્ય દેવોમાંથી કોઈ દેવ એની વિરુદ્ધ કાંઈ કરી ન શકે. એટલું પુણ્ય (હોય છે). એની વિરુદ્ધ કોઈ ન જઈ શકે. એટલો એનો તાપ હોય.

મુમુક્ષુ :- ગુરુ ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. ત્યાં Autocracy જ છે, Democracy નથી. ખરી વાત છે. લોકશાહી તો બધી નામની વાત છે. લોકોને ભરમાવવાની વાત છે. બાકી તો જેના હાથમાં સત્તા છે એ Autocracy કર્યા વગર વહીવટ ચાલે જ નહિ કોઈ દિવસ. કોઈ દિવસ કોઈ રાજનો વહિવટ ન ચાલે. પછી રશિયા હોય તો એનો પણ ન

ચાલે. કેમ કે તુંડે તુંડે મતિર્ભિન્ના. એક આમ ખેંચે અને બીજો આમ ખેંચે, કામ કયુ થાય? એકેય કામ ન થાય. જેના હાથમાં Power હોય એને ગમે તે એક Decision લેવું જ પડે અને એમાં સોએ સો સમંત હોય એવું કોઈ દિવસ ક્યાંય બનતું નથી. અશક્ય અને અસંભવિત વસ્તુ છે. એટલે સરવાળે તો Autocracy જ હોય છે બધે. અને એ એક જગતનું એક અફર તત્ત્વ છે એટલે એનું નામ પુણ્યતત્ત્વ પાડ્યું છે. એની પણ હયાતી છે. જે તત્ત્વ છે એનો નાશ નથી કરી શકાતો જગતની અંદર. જેનું જે પુણ્ય હોય છે એ પુણ્ય છે એ પુણ્ય જ છે, પુણ્યતત્ત્વનો પ્રભાવ છે અને એનું કામ કરે છે. એમાં ચાલે નહિ કાંઈ.

મુમુક્ષુ :- કેટલાક એવા જીવની ઉત્પત્તિ...

પૂજ્ય ભાઈશ્રી :- એ જાતનું પુણ્ય હોય છે, સબ. એનું એ જાતનું પુણ્ય હોય છે કે એવો ભાવ તો મનમાં રહે, બહાર કાંઈ કરી ન શકે. તીર્થંકરદેવનું પુણ્ય છે. સમવસરણમાં વિરુદ્ધ અભિપ્રાયવાળા જીવો હોય છે. અભવિ ન હોય પણ અભવિ જેવા ભવિ અને સમ્યગ્દર્શન નહિ પામનારા ઘણા જીવો હોય છે કે જે સમ્યગ્દર્શન નથી પામતા. એને વિરોધ આવે છે પણ એ મનમાં જ રહે. ભગવાન 'ઋષભદેવસ્વામી'ની દિવ્યધ્વનિ ખરી એને ૩૬૩ વિરૂદ્ધ મત ઊભા થઈ ગયા. વિરોધતા તો આવી એને કે આમ ન હોય, આમ ન હોય, આ બરાબર નથી. એમ થઈ જાય. બહાર ન કરી શકે. પુણ્ય એટલું છે. ભગવાનનું પુણ્ય એટલું છે (કે) સમવસરણની અંદર કોઈ વિરુદ્ધ પ્રવૃત્તિ કરી ન શકે. એમ મહાવિદેહમાં. મહાવિદેહમાં એક જ સંપ્રદાય છે. સનાતન દિગંબર જૈન સંપ્રદાય. તો ત્યાં વિરુદ્ધ અભિપ્રાયવાળા ન હોય? હોય. ત્યાંથી અહીંયાં આવીને અન્યમતમાં જન્મે. એનો અભિપ્રાય ત્યાં વિરૂદ્ધ થઈ ગયો. પણ એ બહારમાં કાંઈ પ્રવૃત્તિ ન કરી શકે. કોઈ તાકાત નથી કે ત્યાં હનુમાનજીનું મંદિર કોઈ બાંધે. .. બની શકે. કોઈ પણ સંપ્રદાયની ત્યાં પ્રવૃત્તિ ન ચાલી શકે. એટલા વીસ તીર્થંકરો કે વિશેષ તીર્થંકરોની સંખ્યામાં એ પુણ્ય જ ત્યાં એ પ્રકારનું ભગવાનનું છે. જિનેશ્વરનું એટલું પુણ્ય છે. બીજો માર્ગ બહારમાં પ્રસિદ્ધપણે ન થાય. એક પુણ્ય તત્ત્વ જ છે. એને માનવું પડે અને સ્વીકારવું પડે એવી વાત છે. એમાં બીજી ગડબડ કોઈની ચાલતી નથી.

મુમુક્ષુ :- આ મહાવિદેહની વિશિષ્ટતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મહાવિદેહની વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :- અહીંયાં તો તીર્થંકર હોય...

પૂજ્ય ભાઈશ્રી :- અને છતાં અન્યમત પણ હોય. અન્યમતની પ્રવૃત્તિ પણ

હોય. એટલું જ નહિ, સમવસરણની બહાર જઈને વિરોધ પણ કરે. ત્યાં એ પ્રકાર, જાહેરપણે કોઈ પ્રકાર ત્યાં ન થઈ શકે. અહીંયાં તો 'ઋષભદેવ ભગવાન'ના પૌત્ર 'મરીચિ'એ જ વિરોધ કર્યો કે આ અમારા દાદા છે એ બધો આડંબર કરે છે અને આ બધી માયાજાળ છે. ઇન્દ્રજાળિયા છે, લોકોને ફસાવવાનો ધંધો છે. એ રીતસર વાંકુ બોલતા હતા. ચોખેચોખ્ખું. આ બધું તમને જાકજમાળ ને તેજ દેખાય છે એ બધી માયાવી વાત છે. બધી માયાથી ઊભી કરી છે. ચમત્કાર દેખાડે છે અને લોકોને ફસાવે છે. એ સમવસરણની બહાર, સમવસરણમાં ન થઈ શકે. ત્યાં તો સમવસરણની બહાર પણ ન થઈ શકે. ત્યાં ન થઈ શકે. એટલું પુણ્ય છે ત્યાં. અહીંયાં તો આપણે બીજી વાત છે કે આવો સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્ર જે અસંખ્ય દેવોનો સ્વામી છે, આટલો પુણ્યનો ધણી છે એ કેટલો નમ્ર થઈ જાય છે!

મુમુક્ષુ :- ગલુડિયાની જેમ બેસે. 'ગુરુદેવશ્રી' કહેતાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સમવસરણમાં. ત્યાં તો હજી ભગવાનને તેરમું ગુણસ્થાનનું પ્રગટ્યું છે. અહીંયાં હજી તો ચોથું ગુણસ્થાન છે એની ભક્તિ કરે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- એક દિવસનો જન્મ થયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ... હજી તો એક દિવસનું બાળક છે.

મુમુક્ષુ :- પુણ્યશાળી જીવ, ઇન્દ્ર જેવો પુણ્યશાળી જીવ. આના પુણ્ય વધારે એટલે એની...

પૂજ્ય ભાઈશ્રી :- સર્વોત્કૃષ્ટ પુણ્ય છે. તીર્થંકરના પુણ્ય એટલે સર્વોત્કૃષ્ટ પુણ્ય. ચક્રવર્તી અને ઇન્દ્ર કરતાં પણ સર્વોત્કૃષ્ટ પુણ્ય તીર્થંકર પ્રકૃતિના હોય છે.

મુમુક્ષુ :- એ જે ભક્તિ કરે છે એ તો આના ગુણોની કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ગુણોની કરે છે પણ પુણ્ય પણ છે એટલું. કેમકે સો ઇન્દ્રો આવીને નમે છે ને? સોએ સો ઇન્દ્રો એટલે આખા જગતના પુણ્યવંત પ્રાણીઓ આવીને નમે છે. તીર્થંકર પ્રકૃતિનો સામે ઉદય છે. એટલે સર્વોત્કૃષ્ટ, પુણ્યની અપેક્ષાએ એ સર્વોત્કૃષ્ટ પુણ્ય છે. ગુણ તો છે જ. ગુણ તો ગુણ જ છે. એને એ તો બીજા પણ અરિહંતો થાય છે પણ એને ક્યાં સમવસરણ થાય છે અને ક્યાં સો ઇન્દ્રો જાય છે. છતાં જેને જ્ઞાન છે એ તો બધાની એકસરખી રીતે ભક્તિ કરે છે, નમે છે. એમાં તો પુણ્યની ભક્તિ નથી પણ ગુણની ભક્તિ છે. આ તો બહારનો પ્રકાર શું છે. કે કેટલા નમ્ર થાય છે ભક્તિની અંદર! આટલી બહારમાં પદવી હોવા છતાં, પુણ્ય હોવા છતાં કેટલી ભક્તિનો પ્રકાર છે!

મુમુક્ષુ :- છતાં તે વખતે દુઃખ અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એ બાહ્ય અંશ છે. એનાથી મોક્ષમાર્ગ છે એમ માનતા નથી. ગજબનો વિષય છે! ભગવાનની ભક્તિ આટલી અને એનાથી આત્માને કાંઈ લાભ નહિ? નહિ. એ પોતે જ નથી માનતા. લાભ નહિ અને પોતે જ માનતા નથી. મારો રાગ છે. અને એ ગુણસ્થાન અનુસાર હોવાથી એને ઉચિત રાગ ગણવામાં આવે છે કે એ ઉચિત રાગ છે. પણ એનાથી આત્માનું કલ્યાણ છે એ વાત નથી પાછી ત્યાં. અને એમાં કાંઈ બાંધ-છોડનો વિષય રહેતો નથી.

'**બહારના અર્થાત્ વિભાવના આનંદ-સુખાભાસ સાથે,...**' વિભાવનો આનંદ છે, લ્યો. વાત તો ઈ ચાલે છે. ઈન્દ્રનો આનંદ છે એ વિભાવનો આનંદ છે. સ્વભાવની સાથે એની સરખામણી કરો તો એ દુઃખ છે. આનંદ અને આનંદની ઓછી-વત્તી Degree નો સવાલ નથી પણ એ દુઃખ છે અને આ આનંદ છે. એમ છે. એની સાથે '**બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી.**' 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં એ લીધું છે, ઈન્દ્રનું દૃષ્ટાંત લીધું છે કે ઈન્દ્ર ભક્તિ કરે છે અને હર્ષ મનાવે છે. માને છે અને મનાવે છે. બીજા પણ એની સાથે હર્ષ મનાવે છે. પણ અંદરમાં એને દુઃખભાવ જાણે છે. ચોખ્ખું કર્યું છે ત્યાં. અહીંયાં એ ચોખ્ખું કર્યું છે કે એને ને એને મેળ નથી. સિદ્ધાંત તો એક જ છે.

'**બહારની કોઈ વસ્તુ સાથે તેનો મેળ નથી. જે જાણે છે તેને અનુભવમાં આવે છે.**' જે જાણે છે, આ જરા ગર્ભિત વાત લીધી. '**જે જાણે છે તેને અનુભવમાં આવે છે.**' જાણનાર તત્ત્વ છે, જાણનાર ભાવ છે, જ્ઞાનભાવ છે. જે આત્માને જાણે છે, અનંત ગુણના વૈભવને જે જાણે છે એને એનો અનુભવ થાય છે અને જે અનુભવમાં જે સ્વ તત્ત્વ આવે છે એને કોઈની ઊપમા લાગુ પડી શકતી નથી. કોઈની સાથે એને સરખાવીએ (એવું નથી). એમ કહેવું છે કે જાણવામાં તો આવે છે અંદરમાં કે આ અનુભૂતિ છે. એ એવી કોઈ અલૌકિક દશા છે! એ જાણવામાં તો આવે છે. અનુભવાય છે એની અંદર. અનંત ગુણની ઋદ્ધિ. ઉપર લીધું ને? ચૈતન્યલોક અદ્‌ભુત છે અને તેમાં અનંતી એવી ઋદ્ધિ છે કે કોઈ ઋદ્ધિની ખામી એમાં નથી. એ તો હજી આગળ એક જગ્યાએ લેશે કે અનુભૂતિ થઈ તો સિદ્ધપદ સુધીની લબ્ધિ એમાં સમાઈ ગઈ છે. સિદ્ધપદ સુધીની લબ્ધિ લઈ લીધી. એટલે મુનિદશામાં જે લબ્ધિઓ પ્રગટે છે એ બધી એને આવી. એની અંદર લબ્ધિ આવી ગઈ છે. એટલો બધો અનુભૂતિનો મહિમા કરે છે. ભાષા કામ કરે એવું નથી એમ કહે છે. કોની ઊપમા આપવી? ભાષા પણ કામ કરે એવું નથી અને ભાષા વર્ણવે એવી કોઈ ચીજ

પણ સામે ઊપમા આપી શકાય એવી નથી. જેની જેની ઊપમા આપે એ બધી ટૂકી પડે છે. સમુદ્રની ઊપમા આપે તો સમુદ્ર ટૂંકો પડે છે, સૂર્યની ઊપમા આપે તો એ નાનો પડે છે. હજારો અનંતા સૂર્યની ઊપમા આપે તો એ નાનો પડે. બધું નાનું પડે. ઉપમા તો જે સારા સારા પદાર્થો છે એના કોઈ ને કોઈ ગુણ જોઈને એની ઉપમા આપવામાં આવે છે પણ ખરેખર એનાથી-એ ઉપમાથી જેવું છે એવું તત્ત્વ કહી શકાય છે એમ રહેતું નથી, એવું બનતું નથી.

'જે જાણે છે તેને અનુભવમાં આવે છે.' 'ગુરુદેવશ્રી' તો કહેતા કે, અહીં તો ન કહી શકાય એવી તો ઘણી વાતો છે જગતમાં. નાનોમાં નાનો સામાન્ય દૃષ્ટાંત આપીને કહેતા કે મરચું તીખું છે અને મરી પણ તીખા છે. કાળી મીર્ચ જેને કહે છે. બંનેમાં તીખાશ છે. હવે શબ્દથી બતાવી દો કે બંનેની તીખાશમાં શું ફેર છે ? એકસરખી તીખાશ છે? કે નહિ. મરીની તીખાશ જુદી અને મરચાની તીખાશ જુદી. શબ્દથી શું કહેવું? એ શબ્દનો વિષય નથી. એ સ્વાદથી નક્કી કરવાનો વિષય છે કે બંનેની તીખાશમાં શું ફેર છે? કેમકે જે સ્વાદની વસ્તુ છે એ સ્વાદથી જ સમજાય. એ સાંભળવાથી સમજાય (એમ ન થાય). રસના ઈન્દ્રિયનો વિષય કર્ણેન્દ્રિયથી નક્કી કરી નાખો, કેમ બને? એક ઈન્દ્રિયનો વિષય બીજી ઈન્દ્રિયથી તમે નક્કી ન કરી શકો તો અતીન્દ્રિય વિષય ઈન્દ્રિય જ્ઞાનથી નક્કી કરો એ કેવી રીતે બનવાનું હતું? એ બની શકતું નથી.

મુમુક્ષુ :- એમાં વેદન આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અનુભવમાં એનો દૃષ્ટાંત વધારે લેવામાં આવે છે. અથવા 'રાજમલજી' તો જ્યાં જ્યાં અનુભવની વાત ચાલી છે ત્યાં સ્વાદ શબ્દ લીધો છે. આત્માનો આસ્વાદ આવે તેને અનુભવ કહીએ. જ્યાં જ્યાં આત્માનો આસ્વાદ આવે તેને અનુભવ કહીએ. સંસ્કૃત શબ્દ અનુભવ આવે તો આસ્વાદ શબ્દ એનો અર્થઘટન કરવામાં પ્રયોગ આસ્વાદ શબ્દ લીધો. કેમકે એ વેદનનો વિષય છે એટલે. આમ તો ઓછા-વત્તા પ્રમાણમાં તો પાંચે ઈન્દ્રિયનો વિષય વેદનનો વિષય છે. સ્પર્શનું પણ શાતા-અશાતાનું વેદન છે. સુગંધમાં પણ શાતા-અશાતાનું વેદન છે. છતાં સ્વાદની અંદર એવું જરા વિશિષ્ટ છે કે જાણે પરપ્રવેશભાવ થઈ જાય છે. જેને ગળ્યું ભાવતું હોય, આપણે કહેવત છે લોકોએ પાડી દીધી છે કે ગળ્યું એટલું ગળ્યું બાકી બધું બળ્યું. એટલે બાળી નાખો. બાકીનું બધું બાળી નાખો. એક જ ચીજ જગતમાં રાખવા જેવી છે. ગળ્યું એટલું ગળ્યું, બાકી બધું મારા માટે તો બળ્યું. બળ્યું એને જળી ગયું. એટલું બધું એને ઊંચું સ્થાન ગણપણને-મીઠાશને આપી દે છે.

એને એમ થાય કે જાણે આ ગળ્યો રસ મારામાં ઊતરી જાય છે. આ એવી મીઠી ચીજ છે ને કે મોઢામાં મૂકતા રવો રવો થઈ જાય છે. શું બોલે? મલાવે ને? વાતને મલાવે ત્યારે. રવો રવો થઈ જાય છે. એને તો એમ થઈ જાય કે જાણે બધું અંદર ઉતરી જાય છે. જીભથી આત્માના પ્રદેશમાં જાણે બધું ઉતરી જતું હોય એવો પરપ્રવેશભાવ થઈ જાય છે. એ પ્રકારનો જે અનુભવ છે એ અનુભવથી એનું નામ પાડ્યું આસ્વાદ. સ્વાદ લે છે. સ્વાદ લેવાની અંદર સૌથી વધારે વક્કર છે રસના ઈન્દ્રિયનો. એટલે તો લૌકિકમાં પણ કહે છે કે જેણે જીભ જીતી એણે બધું જીત્યું. એમ કહેવાય છે. એટલે સામાન્ય રીતે ત્યાં પરપ્રવેશભાવનું જોર છે. અધ્યાસિત ભાવ જે છે એમાં પરપ્રવેશપણું છે. અને એ પરપ્રવેશભાવની તીવ્રતા, રસની તીવ્રતા વધે છે. અને એ પરપ્રવેશભાવ એ જ સ્વસંવેદનને મારે છે. જીવના સ્વસંવેદનરૂપ નિજ જ્ઞાનને રોકનારો કોઈ ભાવ હોય તો આ પરપ્રવેશભાવ છે. 'દીપચંદજી'એ એ વાત લીધી છે. પરપ્રવેશભાવથી...

મુમુક્ષુ :- જે આપે કીધું ને કે મરચા અને તીખા મરી ઈ વેદનથી પકડાય, એને વ્યકત ન કરી શકાય.

પૂજ્ય ભાઈશ્રી :- વેદનથી પકડાય, એને વ્યકત કરી શકાય નહિ. એની ઉપમા આપી શકાય નહિ. હવે ઈન્દ્રિયના વિષયમાં આવો સ્થૂળ વિષય છે એની ઉપમા નથી મળતી તો આત્માની ક્યાંથી ઉપમા લાવવી? એમ કહે છે. એટલે અહીંયાં ના પાડે છે.

'**તેને કોઈ ઉપમા લાગુ પડી શકતી નથી.**' એવું જે જાણે છે તેને અનુભવમાં આવે છે. જે જાણે છે તે માણે છે. અન્યમતમાં એવું એક પદ છે. 'માહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને, હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.' ત્યાં એટલી તો વાત લે છે કે આમાં કાયર માણસોનું, કાયર જીવોનું કામ નથી. માહી પડ્યા એટલે અંદર ઊતર્યા. ત્યાં પણ અંતર્મુખ અને બહિર્મુખ શબ્દ તો એ લોકો તત્ત્વજ્ઞાનની ચર્ચા ચાલે છે. જૈનદર્શન જેટલો ઊંડો વિષય નથી પણ છતાં અંતર્મુખ અને બહિર્મુખની ચર્ચા એ લોકો ઘણી કરે છે. તો કહે, એવો અંતર્મુખ થાય અને પરમબ્રહ્મનો અનુભવ થાય અને એ અનિર્વચનીય છે. એ કહેવા માટે એમ કીધું છે કે 'માહિ પડ્યા તે મહાસુખ માણે.' અનુભવમાં આવ્યા એ મહાસુખને માણે છે. જે બહાર રહી ગયા એ બધા દુઃખી છે. જેમ કોઈ અગ્નિથી દાઝીને દુઃખી છે એમ એને દેખનારા દાઝે છે. બહાર ઊભા ઊભા જે જોવે છે એ બધા દાઝે છે. અંદર પડ્યા, અંદર ઉતર્યા એ બધા મહાસુખ માણે છે. એ બધી અન્યમતમાં આટલી તો ચર્ચાઓ

ચાલી છે. છતાં વસ્તુ નથી ત્યાં. એવું છે.

એવી વસ્તુને અને વસ્તુની અનુભૂતિને ઉપમા ન આપી શકાય એટલી મહિમાવંત બંને ચીજ છે. વસ્તુ પણ એવી મહિમાવંત છે, વસ્તુની અનુભૂતિ પણ એટલી જ મહિમાવંત છે. અનુભૂતિનો પણ મહિમા કરી શકાતો નથી. મૂળ વસ્તુ તો રાજા છે. અનુભૂતિ રૂપી પર્યાય એની સેવા કરનારી પર્યાય છે. સેવા કરનારની ઉપમા નથી આપી શકાતી, વસ્તુની ઉપમા ક્યાંથી કરવી? એમ કહે છે. એના સેવકને ઉપમા આપી શકાતી નથી. વસ્તુની ઉપમા તો ક્યાંથી દઈ શકે? એવી અનુપમ વસ્તુ છે. એ રીતે મહિમા કર્યો છે વસ્તુનો.

હવે ૩૧૨ જે બોલ છે એ જ્ઞાનમાત્રનો બોલ છે. જ્ઞાનદોરાના દૃષ્ટાંતથી અહીંયાં એક લક્ષણ બાંધ્યું છે. લક્ષ કરવાનો પણ વિષય લીધો છે. એકત્વ પરિણમન થાય છે એમાં ભિન્ન પડવાની પણ વાત લીધી છે. એક બોલમાં તો ઘણી ઘણી વાતો આવે છે. વિશેષ લઈશું...

આવો સ્વાનુભવ, ભાવશ્રુતજ્ઞાનરૂપ છે; તેથી સર્વને સુગમ છે. વીતરાગી સંતોએ અતિ સુગમ શૈલીમાં 'જ્ઞાન છે તે આત્મા છે, અને આત્મા છે તે જ્ઞાન છે'-એમ કહીને, ગુણ-ગુણીની અભેદદૃષ્ટિમાં આવતું અભેદ સ્વરૂપ, પોતાના સર્વ પર્યાયોમાં એકરૂપ નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, અને પર નિમિત્તથી ઉત્પન્ન થયેલ વિકૃત ભાવોથી ભિન્ન, પોતાનું સ્વરૂપ તેનું અનુભવન, તે ભાવ-શ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે, તેમ કહ્યું; કારણ કે સમસ્ત દ્રવ્યશ્રુતના ઉપદેશબોધમાં આથી આગળ હવે કાંઈ ઉપદેશવાનું રહેતું નથી આવો અનુભવ સંપ્રાપ્ત થયે, આત્માના સર્વ ગુણો ખીલી જાય છે. તેથી અનુભવમાં સર્વ ઉપદેશનો સાર પ્રાપ્ત છે. તેથી આખું જિનશાસન તેમાં સમાવેશ પામી ગયું તે યથાર્થ છે. તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. **('અનુભવસંજીવની' બોલ નં.૪૨૫)**

તા. ૧૪-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૨
પ્રવચન નં. ૨૩૯

અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ જુદું પડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. ૩૧૨.

૩૧૨. પાનું-૧૦૪. '**અનાદિ કાળથી એકત્વપરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે...**' આગળ કહેશે કે વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. પ્રતિ સમય ભ્રાંતિ સહિત ઉત્પન્ન થતો વિભાવ અથવા વિભાવમાં હુંપણાનું વેદન છે, એવો વિકલ્પ કરવો પડતો નથી કે વિભાવ તે હું, વિભાવના એકત્વમાં એવો વિકલ્પ કરવો પડતો નથી કે વિભાવ તે હું. વિભાવ તે હું, એવો વિકલ્પ કરે તો તો વિભાવને હજી કાંઈક જુદો રાખે છે. પણ વિભાવમાં એકત્વ પરિણમન એ પણ જીવનું નિર્વિકલ્પ પરિણમન છે.

સામાન્ય રીતે એક પ્રશ્ન થાય છે કે નિર્વિકલ્પ પરિણામ કેવી રીતે થાય? નિર્વિકલ્પ પરિણામ પણ તને થઈ રહ્યા છે. વિભાવ તે હું, એમ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતાં વિભાવનો વિકલ્પ કરે છે હું પણનો? વિભાવમાં હુંપણાનો વિકલ્પ કરવો પડે છે? પણ તપાસે, અવલોકન કરે તો સમજાય કે આ કાંઈક થાય છે. કહે છે, એવું જ થાય છે અને એવું કઈ રીતે થઈ રહ્યું છે એ જેટલી ઊંડી તપાસ કરે, જેટલી સૂક્ષ્મ તપાસ કરે એટલા એ વિષયના ભેદ જણાય છે અથવા એ વિષય સ્પષ્ટ થાય છે.

એ તો એક સર્વસામાન્ય પરિસ્થિતિ છે કે '**અનાદિકાળથી એકત્વ પરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે...**' બધું એટલો પોતે ક્યાંય જુદો રહેતો જ નથી. એવું એકત્વ પરિણમન થઈ રહ્યું છે કે શરીર તે હું એવો વિકલ્પ કર્યા વિના શરીર સાથેનું એકત્વ પરિણમન થઈ રહ્યું છે. રાગ તે હું એવો વિકલ્પ કર્યા વિના રાગ સાથે એકત્વનું પરિણમન થઈ રહ્યું છે. એક સમયની ક્ષયોપશમની ક્ષણવર્તી પર્યાય એવો એટલો હું એમ વિચાર્યા વિના એમાં એકત્વનું પરિણમન, હુંપણાનું પરિણમન થઈ રહ્યું છે.

ત્રણે જગ્યાએ એકત્વ થઈ રહ્યું છે. પરની સાથે એકત્વ થઈ રહ્યું છે, રાગાદિ વિભાવ સાથે એકત્વ થઈ રહ્યું છે અને એક સમયના પર્યાયમાત્રના અવધારણપણે પર્યાયનું એકત્વ થઈ ગયું છે. એ બધુંમાં ત્રણે લઈ લેવું. બધું એકમેક થઈ રહ્યું છે એકત્વપરિણમનમાં અને એટલું બધું એકત્વ થઈ રહ્યું છે કે બેની સાંધ દેખાતી નથી. સ્વભાવ અને વિભાવ તદ્ન વિરુદ્ધ જાતિના ભાવો હોવા છતાં, જડ અને ચૈતન્ય તદ્ન વિરુદ્ધ જાતિના પદાર્થો હોવા છતાં બે વચ્ચે ક્યાં એકત્વ કરે છે એ બેની સાંધ પણ એને પોતાને જણાતી નથી.

મોક્ષ અધિકારમાં આચાર્ય મહારાજે એ વાત લીધી છે કે સૂક્ષ્મ ઉપયોગ કરીને બેની સાંધ જોવી. પૂજ્ય બહેનશ્રીએ ૧૯૭ નંબરનો બોલ લીધો છે. સૂક્ષ્મ ઉપયોગ કરીને બંનેની સાંધ વચ્ચે પ્રજ્ઞાછીણીને પટકતા બંને જુદાં પડી જાય છે. બેની સાંધ એટલે આ સ્વભાવ અને આ વિભાવ એમ બે જુદાં, જુદાં એક પર્યાયમાં પણ બે જુદાં જુદાં છે એમ બંનેની મર્યાદા જુદી જુદી જ્ઞાનમાં આવતી નથી કે આટલો વિભાવ, બાકીનો સ્વભાવ. આટલો સ્વભાવ બાકીનો વિભાવ. એમ જોવામાં આવતું નથી.

કેમ જોઈ શકતો નથી? કે સ્થૂળ ઉપયોગ છે. સ્થૂળ ઉપયોગ કેમ થયો? ત્યાં તો બધું લીધું છે કે પરમાં અને રાગમાં રસ અને રુચિ (છે). પરમાં અને રાગનો મહિમાપૂર્વક રસ અને રુચિ એણે ઉપયોગને સ્થૂળ કર્યો છે. જો સ્વભાવનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થઈ બંનેની સાંધ પકડી શકે છે.

મુમુક્ષુ :- સૂક્ષ્મ થવા માટે મહિમા...

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મ થવા માટે પરરસ અને પર મહિમા ઘટવો જોઈએ અને સ્વભાવનો મહિમા આવવો જોઈએ. આ સ્થૂળ ઉપયોગની સમસ્યા છે એનું સમાધાન પણ ત્યાં ને ત્યાં લીધું છે. એક જ બોલમાં બધી વાત ચાલી છે.

મુમુક્ષુ :- એમાં ભૂલ કરનાર તો જ્ઞાન ને?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન અને શ્રદ્ધાન. જ્ઞાન અને શ્રદ્ધાન બંનેની ભૂલ છે. અને જ્ઞાન અને શ્રદ્ધાનની ભૂલ હોય ત્યાં પછી બધું ભૂલવાળું જ છે. એનું આચરણ ભૂલવાળં છે, એનો પુરુષાર્થ પણ ભૂલવાળો છે. એનો પ્રયત્ન પણ ભૂલવાળો જ હોય છે ત્યાં. એનું આચરણ કોઈ સમ્યક્ હોય એવું તો બની શકે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનમાં જ...

પૂજ્ય ભાઈશ્રી :- સાધન જ્ઞાન છે. સાધન છે એ જ્ઞાન સાધન છે. એ અહીંયાં લેશે. 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું.' એમ ઉપાય સાથે સાથે લીધું છે. વાત એમ કહીને છોડી નથી દીધી કે આ બધું એકમેક થઈ રહ્યું છે. શું કરવું છે? કાંઈ નહિ. એમ ને એમ કંઈ

છોડી નથી દીધી વાત. અનાદિ કાળથી બધું એકમેક થઈ રહ્યું છે. એકમેક થઈ રહ્યું છે એ એક બહુ મોટી સમસ્યા છે જીવને. તોપણ એનું સમાધાન છે, એનો ઉપાય છે એ સાથે સાથે જ કહેવામાં આવે છે.

'**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ જુદું પડવાનું છે.**' એવો વિકલ્પ થાય એમ નહિ. જેમ અહીંયાં વિકલ્પ થાય એમ ભેગો નથી થયો. એકમેક થયું છે એમાં ક્યાં વિકલ્પ છે? તો અહીંયાં પણ 'હું જ્ઞાનસ્વરૂપ છું' એમ જ્ઞાનમાં પોતાપણાનું ગ્રહણ થવું, સ્વનું ગ્રહણ થવું, સ્વપણે જ્ઞાનગ્રહણ થવું. જ્ઞાન સ્વપણે ગ્રહણ થવું એમાં વિકલ્પની જરૂર નથી. અહંપણું આવે છે જ્ઞાનમાં ત્યારે જ્ઞાન સ્વપણે વેદાય છે. અને જ્ઞાન સ્વપણે વેદાય છે ત્યારે એ રાગથી, વિભાવથી અને એક સમયની પર્યાયથી એકસાથે ત્રણેથી જુદો પડે છે. કેમકે સ્વભાવ ત્રણેથી જુદો છે. સ્વભાવ એક સમયની જ્ઞાનપર્યાયરૂપે નથી કે રાગની પર્યાયરૂપે નથી કે કોઈ ક્ષયોપશમની પર્યાયરૂપે નથી. પર પર્યાયરૂપે નથી, વિભાવ પર્યાયરૂપે નથી. કોઈ રૂપે નથી. સ્વભાવ માત્ર સ્વભાવ છે.

'**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું**' એ જ્ઞાનસ્વરૂપ છું એમાં જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છું એમ લેવું છે. ક્યાંથી લેવું એ પણ કહેશે. '**હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું એમ જુદું પડવાનું છે.**' સંક્ષેપમાં વિષય આવી ગયો. '**એમ જુદું પડવાનું છે.**' એમ એટલે કેમ? કે જુદું પડાય તેમ. કેમકે એ વિષય તો રહ્યો પ્રયોગનો. જુદું પડવું એ તો પરિણમનનો વિષય રહ્યો. પરિણમન, પરિણમન છે. પરિણમનમાં શબ્દ નથી અને શબ્દમાં પરિણમન નથી. ગળપણ છે એ ગળપણ શબ્દમાં ગળપણ નથી. જે ગળ્યો સ્વભાવ છે એ શબ્દમાં ગળપણ નથી. ગળપણમાં શબ્દ નથી. એ ગળપણનો સ્વાદ લેવો. કેવી રીતે લેવો? જીભ ઉપર સાકરનો ટૂકડો મૂક્યો. હવે તમે સાકરનો ગળપણે સ્વાદ લ્યો એમ કહે. જીભ ઉપર સાકર મૂક્યા પછી એમ કહે કે તમે સાકરનો ગળ્યો સ્વાદ લ્યો. કોઈ પૂછે કે આ ગળ્યો સ્વાદ અમારે કેવી રીતે લેવો? એની શું વ્યાખ્યા છે? કે એનો અનુભવ કર. જે જીભ ઉપર સાકરનો ટૂકડો છે એનો અનુભવ કર. તો કહે, અનુભવ કેવી રીતે કરવો? અનુભવ તો કરે જ છે. અનુભવ વગરનો તું છો ક્યારે? જીવ અનુભૂતિસ્વરૂપ હોવાથી ક્યારે અનુભવ વગરનો રહ્યો છે? કે અનુભવ વગરનો તો ક્યારેય નથી પછી કેમ અનુભવ કરવો આ પ્રશ્ન કેમ આવે છે? એમ જ્ઞાનનો પર્યાય છે એ સદાય અનુભવગોચર થઈ રહ્યો છે એમાં જ્ઞાનસ્વભાવ. તારું લક્ષ નથી એના ઉપર. જ્ઞાનના પર્યાયમાં અબાળગોપાળને જ્ઞાનસ્વભાવ અનુભૂતિરૂપે અનુભવમાં આવી જ રહ્યો છે. લક્ષ બીજે હોવાથી એને ખબર નથી પડતી.

કેમ અનુભવ કરવો? કે રાગનો કેમ અનુભવ કરે છે? બીજા પદાર્થનો કેમ

અનુભવ કરે છે? અનુભવ કરતાં તને આવડે છે. જેમ બીજા પદાર્થનો અનુભવ કરે છે એમ આ પદાર્થનો અનુભવ કર. સ્વપદાર્થનો અનુભવ કર. સ્વપદાર્થ જણાતો નથી. ફરિયાદ અહીંયાં આવીને ઊભી રહે છે કે સ્વપદાર્થ જણાતો નથી એટલે અનુભવ કરી શકતા નથી. સ્વપદાર્થને જાણવાનો પ્રયત્ન કર્યો નથી માટે જણાતો નથી. દૂર નથી, ન જણાય એવો નથી પણ એને જાણવાનો પ્રયત્ન કર્યો નથી માટે જણાયો નથી. જાણવાનો પ્રયત્ન કરે તો જણાય એમાં કાંઈ મુશ્કેલી પડતી નથી. અનંતાને જણાયો છે તને ન જણાય એ પ્રશ્ન રહેતો નથી.

ડૉક્ટર દવાની ગોળી આપે છે. તો મારો રોગ મટશે એવી આ દવા છે એમ તને જણાયું છે? દવાના પરમાણુમાં રોગ મટશે એવું જણાઈ ગયું છે? વિશ્વાસ લાવે છે કે નહિ? એક આંધળા વિશ્વાસથી પણ કાર્ય કરે છે. એમાં તો કાંઈ રોગ મટે જ એવું તો કાંઈ નિશ્ચિત નથી.

દિવાસળીમાં અને અગ્નિમાં, દિવાસળીમાં કે ચકમકમાં અગ્નિ છે એ ક્યાં દેખાય છે? પણ પહેલાં વિશ્વાસ આવે છે કે નહિ? કે આમાં અગ્નિ છે. ઘર્ષણથી અગ્નિની પ્રગટ ઉત્પત્તિ જોવામાં આવે છે. શક્તિરૂપ છે એ શક્તિનો વિશ્વાસ કરવાનો હોય છે પહેલાં.

અહીંયાં તો સાવ એટલું બધું અપ્રગટ નથી. દિવાસળીમાં ક્યાંય અગ્નિનું ચિહ્ન દેખાતું નથી. ચકમકના પત્થરમાં ક્યાંય અગ્નિનું ચિહ્ન દેખાતું નથી. હાથમાં પકડે તો ઠંડો પત્થર હોય. શિયાળો છે તો સાવ ઠંડો હોય. એકદમ ઠંડો પત્થર હોય. અહીંયાં તો જ્ઞાન પર્યાય પ્રગટ છે. એનું લક્ષણ પ્રગટ છે એટલી આ વિષયની અંદર સુગમતા અને સરળતા છે. એક સાધન બહાર છે. ક્યાંય પગ ન મૂકી શકે એવી વાત નથી. લોકો તો ભૌતિક વિજ્ઞાનમાં એવી રીતે Research કરે છે કે એનું ચિહ્ન ક્યાંય બહાર ન દેખાતું હોય ત્યાં એ વસ્તુને શોધી કાઢે છે. એવી એવી ભૌતિક વિજ્ઞાનની અંદર શોધખોળ થાય છે કે બહાર એનું કોઈ ચિહ્ન ન દેખાતું હોય. છતાં એમાંથી એ વાત એણે શોધી કાઢી હોય. એટલે સુધી જ્ઞાનને લંબાવે છે અપ્રગટ સત્ત્વને પકડવા માટે.

અહીંયાં તો જ્ઞાનનો પર્યાય પ્રગટ છે એમ કહે છે. જે જ્ઞાનનો પર્યાય પ્રગટ છે એમાં જ્ઞાનસ્વભાવ છે. પ્રગટ જ્ઞાનપર્યાયમાંથી જ્ઞાનસ્વભાવને પકડવો એ કાંઈ એટલું બધું અઘરું નથી. કેમકે જ્ઞાન ક્યાંથી થયું? કે એવી શક્તિ હોય એમાંથી થાય. જેની શક્તિ જ ન હોય એની ક્રિયા કેવી રીતે થાય? હાથ ઊંચો કરવાની શક્તિ હોય તો હાથ ઊંચો થાય એમ કહે છે ને? માંદો માણસ હોય તો કહે શક્તિ નથી, અશક્તિ એટલી છે કે પોતાનો હાથ ઊંચો નથી થતો. તો જ્ઞાનને જાણવાની ક્રિયા થઈ, જાણ્યું એ એની

શકિત વગર જાણ્યું એણે? પણ વ્યકત પર્યાયમાં વ્યકિત ઉપરથી શકિતને જોવાની જે પદ્ધતિ છે એ પદ્ધતિની દિશામાં એણે પ્રયત્ન નથી કર્યો. નહિતર એવો અઘરો કોયડો નથી કે ચકમકમાં અગ્નિ શોધવી પડે એટલો પણ અઘરો કોયડો નથી. ચકમકમાં અગ્નિ શોધવી પડે એટલો અઘરો કોયડો નથી. ત્યાં તો બિલકુલ Symptom નથી કોઈ બહારમાં અગ્નિનો. અને અહીંયાં તો જાણવાનું લક્ષણ એટલું બધું પ્રગટ છે કે જેની અગ્રતા અને ઊર્ધ્વતા વિના બીજા ભાવો કે બીજી કોઈ વસ્તુની હયાતી પકડાતી નથી. બીજી વસ્તુ છે એમ હયાતી જ્ઞાન વગર કોણ પકડે? ક્રોધ થયો એમ જ્ઞાન વગર કોણ જાણે? સામે જગતના ઘટપટ આદિ પદાર્થો છે એમ જ્ઞાન વગર કોણ જાણે? જ્યાં જુઓ ત્યાં જ્ઞાન તો આગળ ને આગળ છે. એમાંથી એનો સ્વભાવ ગ્રહણ કરવો છે અને તે સ્વપણે ગ્રહણ કરવો છે. આટલી વાત છે.

જુદું પડવા માટે-ભેદજ્ઞાન થવા માટે આટલું કાર્ય છે. અને આ એક જ કાર્યપદ્ધતિ આખા સંસારને તરવાને કરવાની કાર્યપદ્ધતિ છે. આખો સંસાર કહો કે અનંત જન્મ-મરણના પરિભ્રમણને ટાળવાની આ એક જ કાર્યપદ્ધતિ છે. જુદું પડવું તે. કેમકે ભેળસેળ થતાં, એકમેક થઈ જતાં પરિભ્રમણ ઊભું થયું છે અને એકમેકપણું મટતાં પરિભ્રમણ મટે છે. ઊલટું-સૂલટું સામે સામે છે. પરિભ્રમણ કેમ થયું? કે એકત્વ થતાં. તો એ પરિભ્રમણ કેમ મટે? તે એકત્વ મટતા. બસ, આટલી જ વાત છે.

મુમુક્ષુ :- આટલી વાત માટે અનાદિ કાળ કાઢ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- વાત તો ખરેખર વાત સહેલી છે એ છે. સરળ છે, સુગમ છે એમ ખરેખર છે. કહેવામાત્ર છે એમ નથી. ખરેખર એમ છે.

'શ્રીમદ્‌જી'એ બે-ત્રણ લીટીમાં એ વાત નાખી છે. ૫૩૯. '**સર્વ જીવ આત્માપણે સમસ્વભાવી છે.**' અજીવ છે એ આત્માપણે સમસ્વભાવી નથી. માત્ર બધા જીવો જ આત્માપણે સમસ્વભાવી છે. તોપણ બીજા જીવો તે બીજા જીવો છે, કોઈ પોતે નથી. અજીવ તો પોતે હોવાનો પ્રશ્ન નથી. પોતાને છોડીને '**બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશાને પામે છે;...**' આ પરિભ્રમણનું એક લીટીમાં, અનંત પરિભ્રમણનું જે રોગનું નિદાન છે એ એક લીટીમાં કરી નાખ્યું છે. '**બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.**' બીજી એક લીટીમાં એનો ઉપાય છે. એક લીટીમાં રોગનું નિદાન છે અને બીજી લીટીમાં એની દવા છે. બે લીટીમાં સંસાર અને મોક્ષની વાત પૂરી કરી છે. આખા સંસારની વાત એક લીટીમાં, એક

લીટીમાં આખો સંસાર, બીજી એક લીટીમાં આખો સંસાર તરવાની વાત કરી છે.

'**નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.**' હવે વાત કરે છે એ મર્મની કરે છે કે '**જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...**' હવે એમ કહે છે કે તને જરૂર લાગી છે? તને દુઃખ લાગ્યું છે? કે આ દુઃખથી છૂટવું છે એવો કોઈ માર્ગ છે કે નહિ જગતમાં? '**જેના ચિત્તમાં...**' કેવી ભાષા માર્મિક છે. '**એવો માર્ગ વિચારવો અવશ્યનો છે,...**' જેને એવી આવશ્યકતા ઊભી થઈ છે, જરૂરિયાત લાગી છે તેણે '**તે જ્ઞાન જેના આત્મામાં પ્રાકશ પામ્યું છે, તેની દાસાનુદાસપણે અનન્ય ભક્તિ કરવી, એ પરમ શ્રેય છે;...**' બસ. આમ કરીને વાત છોડી દીધી છે. ક્યાંથી ક્યાં વાત ઉતારે છે? કેમ? કે વાત બહુ સહેલી હોવા છતાં નિજમાં નિજબુદ્ધિ કરવી, જ્ઞાનમાંથી જ્ઞાનના સ્વભાવને ગ્રહણ કરવો સ્વપણે, એ વાત એકદમ સહેલી હોવા છતાં અનંત કાળથી એટલી વાત પણ એને પકડવામાં આવી નથી. એક કોયડો રહ્યો છે. ભલે કર્યો કોયડો કોડીનો નથી. અમારે ગુજરાતીમાં કહેવાત છે. 'કર્યો કોયડો કોડીનો નહિ.' કોયડો ચીજ એવી છે. બસ! આટલું જ છે આમાં તો? કાંઈ નથી આમાં તો.

અહીં એક દાખલો બન્યો ને. એક Steamer 'જાપાન'ની કે 'જર્મન'ની કોઈ 'ભાવનગર'ના બંદરમાં બંધ પડી ગઈ હતી. ચાલુ થતી નહોતી. Engine ચાલુ નહોતું થતું. અહીંયાં એક અભણ માણસે ચાલુ કરી દીધું. એના Engineer બધા થાક્યા. ક્યાં Mistake છે કાંઈ સમજાય નહિ અને Engine ચાલુ થાય નહિ. Steamer અહીં મૂકીને જવું પડે એવી પરિસ્થિતિ. ન ચાલુ થાય તો શું કરે? અહીંયાં કોઈ Engineer નથી? Engineer કોઈ નથી પણ એક માણસ છે કોઈ સૂઝ-બુઝવાળો માણસ છે. સિદ્ધપુરા આયર્ન. આ જે એમનું અહીંયાં છે ને આ મકાન. ... ગુજરી ગયો. સિદ્ધપુરા કરીને છે કોઈ. સૂઝવાળો માણસ છે બોલાવી જોઈએ એને. એણે તપાસીને એમ કહ્યું કે કરી દઉં ચાલુ. ઓલા બધા ખુશ થઈ ગયા. ખરેખર કે ચાલુ થઈ જશે? ખર્ચ લાગશે. કેટલો ખર્ચ લાગશે? દસ હજાર રૂપિયા લાગશે. કાંઈ વાંધો નહિ. દસ હજારમાં શું? અમે તો બધા હેરાન થઈ ગયા છીએ. દસ હજાર કબુલ છે. તો કહે, એમ નહિ મને પહેલા દસ હજાર આપી દો. તો કહે, આવડી મોટી Steamer co. છે અને તને અવિશ્વાસ કરવાનું શું કારણ? નહિ ભાઈસા'બ! મને દસહજાર પહેલા આપી દો. પછી હું કામ કરી દઉં. તો કહે, ના ના. તું વિશ્વાસ રાખ. બીજા બધા લઈ આવ્યા હતા એ બધા તો સ્થાનિક માણસો હોય. અમે બધા છીએ ને... અમે બધા છીએ ને. તો કહે, હું સાચું કહું છું. તમે પાછા બધા ઢીલા પડી જશો.

મને આપી દો પહેલા. તો કહે ના, ના ખાતરીબંધ વાત છે. તને દસ હજાર મળી જશે. અમારી પાસે આવી ગયા તું સમજી લે. લાવો એક હથોડો. એક હથોડો માગ્યો. Steamer માં તો સાધન ઘણા હોય. એક જ જગ્યાએ એક ફટકો માર્યો. Engine ચાલુ, Steamer ચાલુ. લાવો દસ હજાર. બધાને એમ થયું કે આ તો વધારે પડતી વાત છે. એક હથોડાનો ખાલી ફટકો મારવાના દસ હજાર? કાંઈક ઓછું રાખ. એને શું કહ્યું? તને ઠીક પડે એટલા ઓછા (રાખ), કાંઈક ઓછા પૈસા લે. તને કાંઈ એટલી બધી મહેનત પડી નથી, પરિશ્રમ કર્યો નથી. મેં નહોતું કહ્યું કે મને પહેલા આપી દો? આ એટલું કારણ હતુ. ઓછા લેવાનો પ્રશ્ન નથી આમાં. તને નથી લાગતું કે આ વ્યાજબી-ગેરવ્યાજબીનો કાંઈ પ્રશ્ન તને વિચારવામાં નથી આવતો કાંઈ? એ બધું સમજીને જ કહ્યું હતું. પહેલા માગ્યા હતા એનું કારણ એ કે આ પ્રશ્ન ઊભો થશે કે વ્યાજબી-ગેરવ્યાજબી શું છે? પણ હું તમને પુછું છું કે ફટકો મારવાના દસ હજાર મેં નથી લીધા. ક્યાં ફટકો મારવો એના જ્ઞાનના મારા દસ હજાર છે. ફટકો મારવાના દસ હજાર નથી પણ કઈ જગ્યાએ ફટકો મારવો? કેટલો ફટકો મારવો? એના દસ હજાર છે.

એનો અર્થ શું થાય છે? કે કહ્યો કોયડો કોડીનો નહિ. એક ફટકો મારવાના એક રૂપિયો પણ ન આપે. જો દાડીયો રાખ્યો હોય તો એક ફટકો મારવાના એક રૂપિયા લેખે પણ હિસાબ ન ચૂકવે. પણ એ કોયડાનો વિષય છે. આ એક કોયડો છે. અને એ કોયડા માટે એ કોયડો જેને આવડે છે એની પાસે ગયા વિના બીજો કોઈ ઉપાય નથી. કેમકે એ રીતે તો જીવે બહુ માથું પછાડ્યું છે. ઊંધા માથે લટક્યો છે છ-છ મહિનાના ઉપવાસ કરીને અને નીચે અગ્નિ સળગાવીને તપસ્યા કરી છે ઊંધે માથે. કોઈ રીતે સંસારના દુઃખનો નાશ થાય અને મોક્ષ મળે એના ઉપાયની અનેકવિધ કલ્પના કરી છે અને એ કલ્પના કરી કરીને મરી ગયો છે. ક્યાંય એનો પત્તો લાગ્યો નથી. એના માટે બહુ સુગમ ઉપાય એ બતાવ્યો કે જેણે એ કોયડાનો ઉકેલ કર્યો છે એવા જે જ્ઞાનીપુરુષ છે, સત્પુરુષ છે એની દાસાનુદાસપણે ભક્તિ કરવી. એનું સમર્પણ કેટલું હોય એ વાત સાથે સાથે મૂકી છે.

'એ પરમ શ્રેય છે;...' પરમશ્રેયમાં વાત લીધી છે. શ્રેય એટલે કલ્યાણ. પરમ કલ્યાણનું એ કારણ છે. એમાં ભક્તિમાં એવું શું થાતું હશે કે આમ વાતે વાતે 'શ્રીમદ્જી' નાખ્યા કરે છે? દર્શનમોહ તને નડે છે. તને કોયડાનો ઉકેલ નથી આવતો એનું કારણ તારા જ્ઞાનની મલિનતામાં દર્શનમોહનું પડળ છે. જ્ઞાનને પડળ આડું બંધાય જાય તો અંદરમાં દેખવાની શક્તિ એમ ને એમ રહી જાય. બહાર દેખાય નહિ. દેખવાની શક્તિ હોય અને દેખાય નહિ. પડળ થાય છે કે નહિ આંખમાં? એમ આ

દર્શનમોહનું પડળ છે આડું. એને તોડવાનો સહેલામાં સહેલો આ ઉપાય છે. ૨૮મા વર્ષનો પત્ર છે.

મુમુક્ષુ :- સહેલામાં સહેલો ઉપાય આ-સત્પુરુષના ચરણમાં....

પૂજ્ય ભાઈશ્રી :- આ ઉપાય તો ગામડીયાને આવડે. સત્પુરુષના ચરણમાં જવું એમાં શું બુદ્ધિ બીજી લગાવવાની છે? એમાં કોઈ લેખા ગણવાના છે? કોઈ શાસ્ત્ર વાંચવાના છે ?

મુમુક્ષુ :- ન જવામાં શું નડે છે?

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર કરવો શું નડે છે.

મુમુક્ષુ :- દર્શનમોહ તો કીધો આપે.

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર દર્શનમોહ નડે છે. તીવ્ર દર્શનમોહ હોય તો એને એ વાત સુહાતી નથી, અનુકૂળ પડતી નથી. એ તીવ્ર દર્શનમોહ-મિથ્યાત્વનું જોર હોય છે ત્યારે એવું થાય છે.

મુમુક્ષુ :- સૂઝ તો સહેલી જ છે, પેલા હથોડા જેવી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. જ્ઞાનનો ઉપયોગ પોતાનો. જ્ઞાનનો ઉપયોગ પોતાનો અને સ્વભાવ એની અંદર બરાબર સ્પષ્ટ. એકદમ સ્પષ્ટ અને છતાં કોઈ પૂછે, ઠેકઠેકાણે જઈને પૂછે કે આત્માને તરવા માટે શું કરવું? આત્માને તરવા માટે શું કરવું? આત્માને તરવા માટે શું કરવું? ઠેકઠેકાણે જઈને પૂછે. આનો ઉપાય શું છે? આનો ઉપાય શું છે? મારે ઉપવાસ કરવો? મારે દાન દેવું? અમારે શાસ્ત્રો વાંચવા? અમારે પૂજા-ભકિત કરવી? અમારે જપ-તપ કરવા? કરવું શું આ બધું? એને જ્ઞાનમાંથી શોધીને જુદું પડવાનું છે. પોતાને જુદું પડવાનું છે. પોતે એકમેક થઈ ગયો છે એનું નિદાન મળતું નથી, જુદું પડવું એનો ઉપાય મળતો નથી.

'**ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે.**' ગોસળિયાનું દૃષ્ટાંત શાસ્ત્રમાં આવતું હશે. 'ગુરુદેવ' દેતા હતા એ દૃષ્ટાંત. '**જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતો જુદો ઓળખી લીધો,...**' દૃષ્ટાંત એવું છે ... ખોવાઈ જઈશ તો? એને એટલો બધો આત્મવિશ્વાસનો અભાવ. Self confidance ન આવે. હું ખોવાઈ જઈશ તો ક્યાંક? ક્યાંક હું ખોવાઈ જઈશ તો પછી શું કરીશ? એનો ભય થઈ જાય છે જદ્દત. એક વાર એની માતાએ કહ્યું કે તું જા બજારમાં જઈને જરાક આટલું લઈ આવ. બજારમાં ગડદી બહુ હોય છે અને આટલી ગડદીમાં ખોવાઈ જાઉં તો? એને ભય થયો એટલો. એટલો બધો ઓછી બુદ્ધિનો હતો છતાં આટલી બુદ્ધિ હતી કે હું ખોવાઈ જાઉં તો? એ ભય થવાની બુદ્ધિ હતી એનામાં. બજારમાં તો બહુ

માણસો હોય છે, ઘણી ગડદી હોય છે એ બધાની વચમાં હું ક્યાંક ખોવાઈ જાઉં તો? મારે શું કરવું? તો કહે, લે આ તને એક લાલ રંગનો દોરો છે એ અહીં બાંધી દીધો. જો ગોસળિયો ખોવાઈ જાય તો જેના કાંડે લાલ રંગનો દોરો બાંધ્યો છે એ ગોસળિયો. અને લાલ દોરો બાંધતા અને લાલ દોરાવાળો તને જડી જાય ત્યારે તારે (સમજવું કે) હવે ગોસળિયો જડી ગયો. હું ખોવાઈ ગયો નથી. એ ખોવાઈ ગયાની ભ્રાંતિ હતી. બીજું કાંઈ ખોવાઈ જવામાં હતું નહિ, ખોવાઈ જવાની એ ભ્રાંતિ હતી. તારે દોરા સામું (જોઈ લેવું), તારે દોરો જોઈ લેવો. તો હું ખોવાયો નથી. તને તરત ખબર પડશે કે હું ખોવાયો નથી. આ તો એક યુક્તિ હતી. વાતમાં તો કાંઈ ખોવાવાનું હતું નહિ એને. બુદ્ધિની ક્ષતિ હતી એટલે એને હું ખોવાઈ જઈશ તો? હું ખોવાઈ જઈશ તો? એમ લાગ્યા કરતું હતું. એટલે એ વાત એવી રીતે લીધી છે.

'જેમ ગોસળિયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો,...' કે ના, હવે હું છું. હું છું, હું ક્યાંય ખોવાઈ ગયો નથી. હું છું. હું છું. આ દૃષ્ટાંત એકદમ બંધબેસતું દૃષ્ટાંત છે એટલે લીધું છે. ખરેખર જીવ પોતાના સ્વભાવને-સ્વરૂપને શોધે છે એ એટલા માટે શોધે છે કે પોતે ખોવાઈ ગયો છે એવો એને અનુભવ છે. ગોસળિયો એ છોકરો ઓછી બુદ્ધિનો હું ખોવાઈ ગયો છું. હું ખોવાઈ જાઉં તો હું કેમ જડું? એની માતાને એટલો પ્રશ્ન કરે છે કે હું બજારમાં જાઉં એને ખોવાઈ જાઉં તો હું કેમ જડું? આ મને એક સમસ્યા છે. તો થોડી વાત હાસ્યાસ્પદ લાગ છે કે આવી વાત છે? કે હું ખોવાઈ ગયો અને હું કેમ જડું એમ પૂછું? આ તે કઈ જાતની વાત છે? પણ એવી જ હાસ્યાસ્પદ પરિસ્થિતિ સંસારમાં જીવની છે. ખોવાઈ જ ગયો છે પોતે. દેહમાં, વિભાવમાં અને બહારના પંચેન્દ્રિય વિષયોમાં પોતાના સ્વરૂપને ખરેખર ખોઈ બેઠો છે. ખોઈ બેઠો છે એટલે ક્યાંય ચાલ્યો ગયો છે પોતે એ તો પ્રશ્ન નથી પણ ભ્રાંતિમાં તો એ જ સ્થિતિ છે. જેવી સ્થિતિ ગોસળિયાની છે એવી જ છે. બરાબર એકદમ બંધબેસતું દૃષ્ટાંત છે. પોતે ખોવાયેલો. એની ચિંતા પોતાને. પોતે ખોવાયેલો એની ચિંતા પોતાને. જેમ ઓછી બુદ્ધિમાં પણ એ એની ચિંતા કરે છે કે હું ખોવાઈ જઈશ તો શું? એમ અજ્ઞાન દશામાં પણ જીવ એ ચિંતા કરે છે કે હું ખોવાઈ ગયો છું. શ્રીગુરુ પાસે જઈને પૂછે, મારું સ્વરૂપ બતાવોને, મારું સ્વરૂપ બતાવોને, મારું સ્વરૂપ ક્યાં છે? મારું સ્વરૂપ મને સમજાવો ને. એના જેવી વાત છે. એકદમ બંધબેસતું દૃષ્ટાંત છે.

'કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી પોતાને જુદો ઓળખી લીધો, તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું'...' જે અવતરણ ચિહ્નમાં છે

એ વાત અહીંયાં ફરીને અવતરણ ચિહ્નમાં લીધી છે. **'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.'** બસ, હવે શબ્દો તો આટલા છે. ક્રિયા છે એ ક્રિયા છે અને શબ્દ છે એ શબ્દ છે. જ્ઞાનદોરો અહીંયાં જે છે, લાલા દોરાના દૃષ્ટાંતના સ્થાને સિદ્ધાંતમાં જ્ઞાનદોરો લીધો છે. જ્ઞાનદોરો એટલે જ્ઞાનનો ઉપયોગ. જેમ આખા ... એક દોરો પાતળી લીટી જેટલો છે, એમ આખા આત્મામાં જ્ઞાનના પર્યાયનું સ્થાન એટલું છે. આખો ચૈતન્યપિંડ આત્મા એનો જ્ઞાનાદિ અનંત સ્વભાવ, અનંત સામર્થ્ય, અનંત સ્વભાવ લોકાલોકને એક સમયમાં જાણે એટલી વ્યકિત, એક સમયની વ્યકિતમાં આટલી શકિત. ત્રિકાળી શકિતનું તો કોઈ માપ નહિ. એવું ભાન કરાવવા માટે છદ્મસ્થની એક સમયની જ્ઞાનના ઉપયોગની પર્યાય એને અહીંયાં દોરાના સ્થાનમાં મૂકી દીધી છે.

'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી...' આ એક વાત બહુ મર્મની છે. યથાર્થ લક્ષ કરવું. લક્ષ કરવું એટલું નથી લીધું. જ્ઞાનના ઉપયોગ તરફ લક્ષ કરીને એમ નહિ, યથાર્થ લક્ષ કરીને. યથાર્થ લક્ષ કરવામાં દિશા બદલવાનો પ્રશ્ન છે. જ્ઞાનનો સ્વભાવ જે અંતઃતત્ત્વ સ્વરૂપ છે અને અંતઃતત્ત્વને જોવા માટે દિશા બહિર્મુખ દિશા કામમાં નહિ આવે. જોનારને જરાક અંદર વળવું પડે છે. શરૂઆતમાં તો જેટલો નિશ્ચય થાય એટલું જરાક અંદર વળવાનું છે. પછી એને લાગશે કે આખેઆખું અંદર ડૂબી જવા જેવું છે. એ પછી સમજાય જાય છે એને, પણ પહેલા તો એને નિર્ણય કરવા માટે, લક્ષ કરવા માટે, લક્ષ કરવાની વાત કરી ને? યથાર્થ લક્ષ કરવું, એ લક્ષ કરવા માટે એને થોડું અંદર ઝુકવું પડે છે.

બહિર્મુખ જ્ઞાનની વિચારધારામાં સ્વભાવનું ગ્રહણ થતું નથી. લક્ષ કરવાના કાળમાં પણ અંતર્મુખ ચિત્તની વિચારધારાનો ઉપયોગ છે. આટલો ફેર છે. એટલે જ્ઞાનના ઉપયોગમાં જ્ઞાનસ્વભાવ ગ્રહણ થવા અર્થે અથવા લક્ષમાં આવવા અર્થે ઉપયોગ, ઉપયોગમાં જોવે ત્યારે થાય એવું છે. ઉપયોગ, ઉપયોગમાં જોવે ત્યારે થાય એવું છે. ઉપયોગની બહાર ઉપયોગ જુએ છે ત્યાં સુધી પત્તો લાગતો નથી. એના ઉપર તો સંવર અધિકારની ગાથા લીધી છે. 'છે ઉપયોગ ઉપયોગમાં નહિ ઉપયોગ ક્રોધાદિમાં.'

ઉપયોગને ઉપોયોગમાં જોવું અને ઉપયોગમાં ઉપયોગને જોડે રહેલા રાગમાં પણ ન જોવું એ શરત છે. દેહમાં હું છું એમ ન જોવું, રાગમાં હું છું એમ ન જોવું પણ હું જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છું એમ જોવું. એવું એને યથાર્થ લક્ષ કરવું પડે છે. નાસ્તિની શરત છે એવી. એમ તો જોઈ જ રહ્યો છે કે દેહસ્વરૂપે હું છું અને રાગાદિ

સ્વરૂપે હું છું. એમ વિભાવમાં અને દેહમાં તો એકમેક થઈ જ રહ્યો છે. હવે જુદાં પડવાની વાત છે. જુદું પડવામાં જ્ઞાનની સાથે એક શબ્દ લીધો છે કે હું જ્ઞાન તો ખરો પણ માત્ર જ્ઞાન એમ લીધું છે. જુદું પડવા માટે માત્ર જ્ઞાન એટલે જોડે રહેલા દ્રવ્ય-ભાવથી છૂટો પાડવાની વાત છે. માત્ર જ્ઞાન-એકલું જ્ઞાન. એકલું જ્ઞાન, સ્વપણે એકલું જ્ઞાન સ્વયં વેદનસ્વરૂપ હોવાથી જો સ્વપણે વેદાય તો એમાં આત્માનો પત્તો આવી જાય છે. એમાં આત્માનો પત્તો ન આવે એવું બનતું નથી. એટલે માત્ર શબ્દ લે છે.

મુમુક્ષુ :- જ્ઞાન દોરો એ જ્ઞાનોપયોગની એક સમયની પર્યાય? એમાં તું ધ્રુવ આત્માને જો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં તું સ્વભાવને જો. સ્વભાવ એ ધ્રુવ આત્મા છે. સ્વભાવ એ ધ્રુવ આત્મા છે. જે સ્વભાવ છે એ નિશ્ચયાત્મક સ્વરૂપ છે, એ જ ખરેખર આત્મા છે એ જ આત્માનું મૂળ સત્ત્વ છે. દરેક જગ્યાએ વસ્તુનો સ્વભાવ નક્કી કર્યા પછી એ સંબંધીનો સમુચિત વ્યવહાર થાય છે. આપણે તો એ દૃષ્ટાંત ઘણી વાર લઈએ છીએ કે કોઈ પ્રવાહી છે કે જેને કોઈ રંગ નથી, પારદર્શક પ્રવાહી છે. પાણીનો જેને રંગ છે. તેવું પાણી છે કે સ્પિરિટ છે કે ગ્યાસતેલ છે કે એસિડ છે કે હજારો જાતના એવા પ્રવાહી છે કે જે પાણી જેવા લાગે. પણ એનો સ્વભાવ નક્કી કર્યા વિના એનો ઉપયોગ કેમ થાય?

મુમુક્ષુ :- એસિડ પીવા માંડે તો મરી જાય

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જાનનું જોખમ થાય. પાણી સમજી અને ઘૂંટડો ભરી લે. એક જ ઘૂંટડો ભરી લે. હોજરી ખલાસ. હોજરી સાજી રહે નહિ.

એમ જ્યાં જ્યાં વિષયની ગંભીરતા હોય છે. જેમકે કોઈ બહુ મહત્વનું કામ કરવાનું હોય કે જેની અંદર લાખોના લાભ નુકસાનનો પ્રશ્ન હોય. કોઈ Officer હોય એને Authority (હોય) કે કોઈ પ્રધાન કે જેની Authority હોય એની પાસે એ વાત સંમત કરવાની હોય. આ જુઓને License લેવા જાય છે લોકો 'દિલ્હી' સુધી દોડે છે. એ લોકોએ બધું ત્યાં રાખ્યું છે. આખા દેશના માણસો ત્યાં જ ચક્કર ખાધા કરે. એમાં જે કામ કરવા જાય છે એ બધો પહેલા અભ્યાસ કરે છે. આ અંદર Chamber માં બેઠા છે એ ક્યાંના છે? તો કહે, દક્ષિણના મદ્રાસી છે. તો મદ્રાસી લોકોનો સ્વભાવ આવો હોય. ગુજરાતી છે. તો ગુજરાતીનો સ્વભાવ આવો હોય. ક્યાંના છે એમ પૂછે? કઈ જાતના છે? એમાંથી જો વધારે ઊંડું ઉતરવું હોય તો એના P.A. ને મળી લે. સાહેબને શું ગમે છે? સાહેબની Liking અને Disliking શું છે? અથવા

સાહેબની સાથે વાત કરવામાં શું ધ્યાન રાખવું? એમની પ્રકૃતિ કેવી છે?

એવા ચિત્ર-વિચિત્ર પ્રકૃતિવાળા માણસ હોય કે કોઈને તમે સારા શબ્દથી માખણ લગાડવા જાવ અને મોંઘુ પડે. એવા વિચિત્ર-વિચિત્ર પ્રકૃતિના માણસો હોય છે. બહુ જોખમવાળું કામ હોય ત્યાં બધો વિચાર (કરે છે), એટલો બધો ઊંડો વિચાર કરે છે માણસો, કામ કરવાવાળા માણસો કે એને શું શું ગમે છે? શું શું નથી ગમતું? એને એમ કહે કે એને સફેદ રંગ બહુ ગમે છે તો કપડા સફેદ પહેરીને જાય. એન ફલાણો રંગ ગમે છે તો એવા કપડા પહેરીને જાય. એટલી બધી હદ સુધી એ વસ્તુ સાથે રાખે. એટલી બધી એની કાળજી લે છે. બોલવામાં, ચાલવામાં, વર્તણુકમાં ક્યાંય સામાન્ય ભૂલ થાય અને કાગળ ઉપર સહી ન થાય તો આપણે લાખો-કરોડોના કરેલા Investmentને મોટો Problem ઊભો થાય. એને કેટલી કાળજી લેવી પડે છે એટલે એ જાય છે અને સાવધાની રાખે છે એને ખ્યાલ હોય છે કામ કરનારને. શું એમાં મુદ્દો છે? એનો સ્વભાવ શોધવાની વાત છે. સ્વભાવ શોધવાની વાત છે.

અનંત જન્મ-મરણની સમસ્યા ઊભી છે એક બાજુ. બીજી બાજુ સાદિ અનંત અનંત સમાધિ સુખ-આનંદ. સ્વરૂપના આનંદનો જે લાભ છે-પ્રાપ્તિ છે એ પણ એક બહુ મોટો આકર્ષણનો વિષય છે. આત્માનો આનંદ એ એવી ચીજ છે કે જેની પાસે મનુષ્યના તો નહિ પણ દેવના વૈભવ સડેલા તરણા જેવા લાગે છે. આત્માનો આનંદ એક એવી જબરદસ્ત ચીજ છે કે જગનતી અંદર આખું જગત ખાલી દેખાય છે. પોતાથી ભરેલું આનંદનું તત્ત્વ એ જ સર્વસ્વ અને એટલું બધું એનું અંતર આકર્ષણ હોય છે કે ચક્રવર્તીઓ પણ છ ખંડનું રાજ છોડીને એને સાધવા માટે જંગલમાં જાય છે, એની પ્રાપ્તિ માટે જંગલમાં જાય છે. અને સર્વાર્થસિદ્ધિમાં બધા અહમ્‌ઈન્દ્રો છે. એ બધા ઈન્દ્રો જ છે પાછા. દેવગતિના પુણ્ય છે. એ પણ એ વાંચ્છા કરે છે કે ક્યારે અમે મનુષ્યપણું પામીને આ આનંદની પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં જોડાઈએ. એટલો બધો એ આકર્ષણનો વિષય છે કે જેની પાસે એને જગતના કોઈ પદાર્થો છે એ આનંદનો તો પ્રશ્ન નથી પણ બધા દુઃખના નિમિત્તો ભાસવા લાગે છે. ઉલટું છે આખું. દુઃખના નિમિત્તો ભાસવા લાગે છે.

આટલો એને લાભનો વિષય છે. જન્મ-મરણ અને ચારે ગતિના દુઃખનો નુકસાનથી છૂટવાનો વિષય છે. એની માટે સ્વભાવને ઓળખવાનો છે. સ્વભાવને ઓળખવો છે ને અહીંયાં? કોઈકના સ્વભાવને ઓળખવો કઠણ પડે કે શું ખબર પડે એના પેટમાં એ વખતે શું હોય? અથવા એ વખતે રીતે એને શું ઉગે એ શું ખબર પડે?

એની તો અનિશ્ચિતતા ઘણી છે. અહીંયાં તો પોતાના પેટનો વિષય છે. એ .. અંતઃતત્ત્વ. પોતાનું અંતરંગ શું છે ? સ્વભાવ એટલે જીવનું અંતરંગ છે.

જ્ઞાનનો પર્યાય ઉપયોગ છે એ સ્વભાવનું બહિરંગ છે અને સ્વભાવ છે એ વસ્તુનું અંતરંગ છે. એક જ વસ્તુના બે અંગ છે. એક અંગ ઉપરથી બીજા અંગને પકડવું છે. જેમ એક ગોળ થાંભલો હોય છે અથવા Design વાળો થાંભલો હોય. એકસરખા પહેલ પાડી નાખ્યા હોય તો એક હાંસ ઉપરથી બાકીની ઊલટી Side જે નથી દેખાતી એ પણ એને જ્ઞાનમાં આવે છે. હાથમાં રાખેલું આમળુ બહુ સ્પષ્ટ દેખાય. આટલું એક Inch ના Diameter નું આમળુ આવે છે. હાથમાં રાખે આમળું. એક Inchનું આમળુ હથેળીમાં રાખે. ચોખ્ખું દેખાય એ તો. હસ્ત આમલકવત્ એમ શાસ્ત્રમાં એ દાખલો આવે છે. હાથમાં રાખેલા આમળાની જેટલો સ્પષ્ટ. ખરેખર તો એનાથી વધારે સ્પષ્ટ છે. પણ આ તો સમજાવવા દૃષ્ટાંત છે. આમળામાં પણ જેટલી Side દેખાય છે એ ઉપરની દેખાય છે. અને આમળો બધે એવો જ છે એમ ખબર પડે છે.

અહીંયાં તો સ્વભાવ છે એ બરાબર યથાર્થપણે ગ્રહણ થાય છે અને એમાં કાંઈ કોઈ પાછું બાકી રહેતું નથી. હસ્તઆમલકવત્ કરતાં વધારે સ્પષ્ટ. કેમકે પ્રત્યક્ષતા, સહજ સ્વરૂપ પ્રત્યક્ષતા એ સ્વભાવનું સ્વરૂપ છે. પ્રત્યક્ષપણું અનંત પ્રત્યક્ષપણું, સહજ પ્રત્યક્ષપણું, એકદમ પ્રત્યક્ષપણું એ તો સ્વભાવનું સ્વરૂપ છે. તો એ પ્રત્યક્ષપણું છે એનાથી સ્વભાવ પરોક્ષ રહી શકતો નથી. ફકત એ સ્વભાવને ઓળખાવા પૂરતો પ્રયત્ન કરવાનો રહ્યો. ઓળખવાનો પ્રયત્ન યથાર્થ કરે તો ન ઓળખાય એવો પણ વિષય નથી. એને ઓળખવો જરૂરી છે એમ જરૂરિયાત દેખાવી જોઈએ. જેના ચિત્તમાં અવશ્ય પરિભ્રણ મટાડવું આવશ્યક છે એમ લાગવું જોઈએ, બસ. એ માર્ગને શોધી લે છે.

યથાર્થ લક્ષ કરીને એટલે સ્વસન્મુખ થઈને લક્ષ કરીને એમ લેવું. યથાર્થમાં સ્વસન્મુખતાનો ભાવ પડેલો છે. જ્યારે સ્વસન્મુખ થાય છે ત્યારે લક્ષ યથાર્થ થાય છે. ત્યાં સુધી લક્ષ યથાર્થ થતું નથી. બુદ્ધિવાળા, ક્ષયોપશવાળા જીવો અનેક શાસ્ત્રો વાંચીને બહિર્લક્ષે આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ નિશ્ચય કરે છે. ત્યાં એને યથાર્થ લક્ષ થતું નથી. આમાં ફેર છે એટલો.

મુમુક્ષુ :- નિશ્ચય કર્યો એ નિશ્ચય જ ખોટો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ નિશ્ચય ખોટો છે. એમાં યથાર્થ લક્ષમાં પરલક્ષ છૂટે છે અને સ્વલક્ષ થાય છે એવું એક નવું પરિણામ ઉત્પન્ન થઈ જાય છે. લક્ષનો વિષય

સદાય લક્ષમાં જ રહે એવી પણ એની સ્થિતિ થાય છે. કેમકે બહારમાં પણ જે પ્રયોજન ભાસ્યું છે એનું લક્ષ છૂટતું નથી. એવી જ રીતે અંતરમાં જેનું લક્ષ થઈ જાય એનું લક્ષ છૂટવાનો પ્રશ્ન રહેતો નથી. બહારમાં જે પ્રયોજન ભાસ્યું છે એ પદાર્થનું લક્ષ રહે છે એમાં તો સુખની કલ્પના માત્ર છે. પણ અહીંયાં તો અનંત સુખનો ભંડાર વાસ્વિકપણે છે. લક્ષનો જે વિષય છે એ અનંત સુખનો ભંડાર વાસ્તવિકપણે પોતે જ છે. એની વાસ્તવિકતાનું બળવાનપણું કોઈ વિશેષ હોય છે.

જેટલા મોટા બળથી સંસાર અનંત કાળ ચાલ્યો છે એમાં પણ પરિણામનું ઊલટું- વિપરીત બળ છે-ઊંધો પુરુષાર્થ છે. એના કરતા સંસાર તોડવાનું બળ ચોક્કસ વધારે છે. અને તેથી એકવાર સંસાર જેનો તૂટે છે એને ફરીને સંસારમાં આવવાનો પ્રશ્ન રહેતો નથી. એનું બળ વધારે છે હંમેશા. સંસારબળ કરતા સંસાર તૂટવાની સ્થિતિ જે શ્રેણી છે એમાં બળ વધારે છે હંમેશા. એની પાસે એના બળનો કોઈ એટલો હિસાબ નથી કે આ વધી જાય. એવું કોઈ દિવસ નથી. એટલે પણ મુંઝાવાનું કારણ નથી. અને અહીંયાં તો બળ ઘણું ઉત્પન્ન થાય છે.

પોતામાં પોતાનો અનંત સુખનો ભંડાર છે એવી પોતાની સંપત્તિ, અનંત સુખની સંપત્તિ એનું બળ (ઉત્પન્ન થાય છે). અત્યાર સુધીમાં લાચારીમાં શુ બળ હોય? એ તો દીનતા જ કરી છે. સંસારમાં તો શું કર્યું છે? જગ્યાએ જગ્યાએથી પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ભિન્ન ભિન્ન જગ્યાએથી એણે સુખ માગવાની ભીખ ધારણ કરી છે. ભીખ જ માંગી છે. સુખ માટેની ભીખ માંગી છે. દીનવૃત્તિએ પ્રવર્ત્યો છે. એમાં બળવાનપણું શું હોય? અહીંયાં તો ત્રણલોકનો નાથ છું, અનંત સુખનો ભંડાર છું. મારા સુખ માટે મારે ક્યાંય જવાની જરૂર નથી. એ બળનો આધારસ્તંભ પરમાત્મતત્ત્વ મળે છે. બળનો આધારસ્તંભ મળે છે એ આત્માનું પરમતત્ત્વ પરમોત્કૃષ્ટ તત્ત્વ મળે છે.

એટલે એવું લક્ષ કરે, યથાર્થ લક્ષ કરે ત્યારે સ્વરૂપ લક્ષે આત્મબળ ઉત્પન્ન થાય, પુરુષાર્થ ઉત્પન્ન થાય એવું યથાર્થ લક્ષ થાય તો બરાબર જુદો પડે અને એવી રીતે એને જુદો ઓળખી લેવાનો છે. આખો બોલ સ્વરૂપ નિર્ણયનો છે. બીજી રીતે કહીએ તો આખો બોલ જ સ્વરૂપ નિર્ણયનો છે. એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે. એમ કહો કે પોતાને સ્વરૂપલક્ષ કરવાનું છે એમ કહો. બેય એક જ વાત છે. યથાર્થ સ્વરૂપ લક્ષ કરવાનું છે. કેમકે કોઈ અયથાર્થપણે પણ ઓળખાણ કે નિશ્ચયના પ્રકારમાં આવી જાય છે તો એને આત્મલાભ થતો નથી, આત્મદર્શન એને થતું નથી અને મોક્ષમાર્ગે એ ચડતો નથી. એટલે એટલી મર્યાદા બાંધી છે કે લક્ષ બાંધવું તે

યથાર્થ બંધાવું જોઈએ.

જ્ઞાનદોરાથી-જ્ઞાનના પર્યાયથી, જ્ઞાનના લક્ષણથી એની ઓળખાણ થવી જોઈએ અને એ લક્ષણથી યથાર્થ લક્ષ ગ્રહણ થાય તો પોતે ભેદજ્ઞાનના માર્ગમાં બરાબર પ્રવેશ કરીને આગળ વધતો વધતો દ્રવ્યે અને ભાવે સંપૂર્ણપણે છૂટી જાય. છૂટો પડવામાં પછી એને કોઈ તકલીફ પડતી નથી. અહીં સુધી રાખીએ...

અનાદિથી જીવને રાગાદિ વિભાવનું વેદન અધ્યાસીત ભાવે મુખ્યપણે વેદાય છે; તે જ્ઞાનવેદનની મુખ્યતા થયા સિવાઈ, ગૌણ થાય નહિ, તેથી તેમ થવું ઘટે છે, તો પણ જ્ઞાનવેદન મુખ્ય થવામાં પર્યાયને મુખ્ય કરવાનું અહીં કહેવામાં આવતું નથી; પરંતુ આવું જ્ઞાનવેદન, અખંડ ત્રિકાળી અસ્તિત્વમયી ધ્રુવ સ્વભાવમાં સ્વપણું થતાં જ સહજ ઉદય પામે છે. અખંડ મહાન આશ્ચર્યકારી અદ્‌ભુત સ્વભાવમાં, શ્રદ્ધાભાવ અભેદ થતાં, ફેલાઈ જતાં, પ્રસરી જતાં જ પ્રસિદ્ધ વેદન ગૌણ સહજપણે થઈ જાય છે. જ્ઞાન સ્વભાવમાં એકાગ્ર થયેલાં પરિણામ, વ્યાપ્ય-વ્યાપકભાવે સ્વરૂપાનુભવ કરે છે, સ્વરૂપલાભ લઈ, સ્વરૂપનિવાસ કરે છે. તેથી સહજ વિભાવ અંશથી ભિન્ન થઈ વર્તતા એવા તે વિભાવને પરજ્ઞેયની જેમ જાણે દેખે છે. આમ સાધકને એક જ સમયમાં એક જ પરિણામમાં બન્ને પ્રકારનો (જુદો જુદો) અનુભવ થાય છે. અને અનાકુળ સ્વાદના પ્રત્યક્ષ વેદનથી આકુળતાના સ્વાદની વિરુદ્ધતા અનુભવ ગોચર થાય છે. ('અનુભવસંજીવની' બોલ નં.૪૩૪)

તા. ૧૫-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૩, ૩૧૪
પ્રવચન નં. ૨૪૦

માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે. પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે. સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે. ૩૧૩.

૩૧૩. પાનું ૧૦૫. 'ગુરુદેવશ્રી'નો મહિમા કર્યો છે. '**માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે.**' મુસાફરીનો દૃષ્ટાંત છે. એકલા એકલા મુસાફરી કરે તો માર્ગ લાંબો લાગે છે, જલ્દી કપાતો નથી એવું લાગે છે. અને એટલું સુહાતું નથી. જો કોઈ સાથે સાથે મુસાફરી કરનાર હોય અને તે પણ પોતાને જેના ઉપર પ્રીતિ હોય, પ્રેમ હોય એવી વ્યકિત સાથે હોય તો મુસાફરીમાં ક્યાં મુસાફરીનો રસ્તો પૂરો થાય છે એ ખબર પડતી નથી. બધા અજાણ્યા મુસાફરો સાથે હોય. બોલ્યા-ચાલ્યા વિના માણસે બેસી રહેવું પડે છે. લાંબો સમય એવી રીતે બેસી રહેવામાં કંટાળો આવી જાય છે. કહે છે ને Bore થઈ જવાય છે. કંટાળો આવી જાય છે. એ, દૃષ્ટાંત લીધું છે. એ મુસાફરીમાં જેની સાથે ઘણી વાતો કરી શકાય એવા અરસપરસ પ્રેમવાળા, રાગવાળા સાથે મુસાફરી કરનાર સાથીદારો હોય તો ગમે એટલો બહુ લાંબો રસ્તો પણ ક્યાં પૂરો થઈ ગયો એની ખબર રહેતી નથી. આ તો એક General psychology નો વિષય છે. સમજી શકાય એવી વાત છે. સર્વ સામાન્ય હોય છે આવી વાત. દૃષ્ટાંતમાં એ વાત બધાને અનુભવગોચર છે. આવો અનુભવ સામાન્ય રીતે બધાને થાય છે એ રીતે વાત લીધી છે.

'**માર્ગ કાપવામાં સજ્જન સાથીદાર હોય તો માર્ગ સરળતાથી કપાય છે.**' અહીંયાં મોક્ષમાર્ગનો વિષય લેવો છે. મોક્ષ પર્યંત જે કાંઈ એક-બે-ત્રણ-ચાર ભવ રહ્યા હોય, એટલો સમય વ્યતીત કરવાનો હોય તો એમાં બીજા મોક્ષમાર્ગી મહાપુરુષોનો જો સંગ મળે તો એ વિશેષ પસંદ કરવા યોગ્ય છે, વિશેષ પસંદ કરવા યોગ્ય છે. એટલે એ રીતે લીધું '**પંચ પરમેષ્ઠી સર્વોત્કૃષ્ટ સાથીદાર છે.**' તીર્થંકર પરમાત્માના

સમવસરણમાં દિવ્યધ્વનિ સાંભળવાનો યોગ હોય, આચાર્યોનો કે મહામુનિઓનો સત્સંગ પ્રાપ્ત હોય કે જેના દર્શનમાત્રથી જ આત્મ સ્વભાવ વિશેષ વિશેષ આવિર્ભાવ પામે. વાણીથી તો વિશેષ આવિર્ભાવ પામે એમાં કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. પણ જેને દેખવામાત્રથી જ આત્મસ્વભાવ વિશેષ આવિર્ભાવ પામે. જેના દર્શનમાત્રથી પરિણામ સ્વભાવ પ્રત્યે વિશેષ ઉલ્લાસિત થાય એવા જે પંચપરમેષ્ઠી છે એ તો આ જગતમાં સર્વોત્કૃષ્ટ સાથીદાર છે. સર્વોત્કૃષ્ટ સંગ કરવા યોગ્ય છે. એમના સંગમાં જવા માટે એ સર્વોત્કૃષ્ટ નિમિત્તો છે.

'**આ કાળે...**' હવે પંચ પરમેષ્ઠીમાં પંચ પરમેષ્ઠી તો અહીંયાં કોઈ વિદ્યમાન દેખાતું નથી. એટલે વર્તમાનકાળની વાત લે છે કે '**આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.**' ઉત્તમ સાથીદાર મળ્યા છે. આ કાળે 'ગુરુદેવ'નો સંગ છે એથી ઉત્તમ સંગ ક્યાંય શોધવા જઈએ તો મળે એવું નથી. હયાતીમાં પ્રવચનો, વાંચન ચાલતું હતું 'પૂજ્ય બહેનશ્રી'નું એટલે મળ્યા છે, અત્યારે આપણને ઉત્તમ સાથીદાર મળ્યા છે (એમ) વર્તમાન લ્યે છે ને.

એમાં પણ જેમ માતૃપ્રેમ છે એ માતાનું હૃદય જ જાણે. અને માતાનું હૃદય જાણે એ પિતાનું હૃદય ન જાણે એટલો ફરક નજીકમાં અને નજીકમાં જોવામાં આવે છે. પુત્રની સગાઈ તો બંનેની છે. માતૃપ્રેમ અને પિતૃપ્રેમમાં જેમ ફેર પડે છે, એમ જે શ્રીગુરુના સત્પુરુષના નિમિત્તથી આત્મહિત થયું હોય એના પ્રત્યેનો અનુરાગ એ જ જાણે. એ કોઈની સરખામણીનો વિષય નથી બનતો. આ એક અકથ્ય, રાગના અકથ્ય પ્રસંગમાનો પ્રસંગ છે. એને કેવી રીતે બતાવવો? એ બતાવવાનો કોઈ શબ્દનો વિષય રહેતો નથી. એવો ચોક્કસ, અનુરાગમાં પણ એક ચોક્કસ જુદો પ્રકાર છે કે એ પ્રકાર એ કથનનો વિષય નથી બનતો.

અવિરત ગુણસ્થાને હોવા છતાં જે પોતાને માટે તીર્થંકરથી અધિક અથવા પરમાત્માની નજરે જોવામાં આવે, પરમાત્મા છે એ નજરે જોવામાં આવે એ નજર કોઈ જુદી છે આખી. એ સમજાવી શકવાનો પ્રશ્ન નથી. એ કોઈ ન્યાય Logic નો પ્રશ્ન નથી કે આમાં ન્યાય શું છે. ન્યાયથી કહી શકાય કે અનંત તીર્થંકરોથી ન પ્રાપ્ત થયું તે આમનાથી પ્રાપ્ત થયું. પણ એ અનુરાગ છે એ કથનનો વિષય નથી. એ તો એક Logic છે. અનુરાગ છે એ અનુરાગ છે.

એટલે આત્મહિતમાં જે સત્પુરુષ નિમિત્ત થાય છે એનો મહિમા સર્વોત્કૃષ્ટ રહે છે. એનો ઉપકાર પણ સર્વોત્કૃષ્ટ રહે છે અને એનો મહિમા પણ સર્વોત્કૃષ્ટ, જેને હિત થાય છે એને રહે છે. બહુ Individual case છે આ–એક પોતાનો વ્યક્તિગત Case

છે. એટલે એમ કહે છે કે મારા માટે આને પરમાત્મા કહો, પરમાત્માથી અધિક કહો, મને બધું સંમત છે. મને આ બધું સંમત છે. એમાં મને કોઈ બીજી વાત બેસતી નથી, બીજી વાત ઉગતી નથી.

મુમુક્ષુ :- ... તીર્થંકર પરમાત્મા હોય, મુનિરાજ હોય, ...સંગ હોય પણ જેની સાથે વધારે સંગ હોય અને જેનું પોતા ઉપર હિત થયું હોય...

પૂજ્ય ભાઈશ્રી :- સીધો ઉપકાર હોય. ખાસ કરીને જેનો પોતા ઉપર સીધો ઉપકાર હોય એના પ્રત્યેનો રાગ વિશેષ હોય છે, અનુરાગ વિશેષ હોય છે. ભાવના વિશેષ એને (થાય છે). એટલે તો દૃષ્ટાંત લીધું કે પિતાને પણ પુત્ર તો પુત્ર છે અને માતાને પણ પુત્ર તો પુત્ર જ છે. છતાં માતૃપ્રેમ પાસે પિતૃપ્રેમ ઊંચા દરજ્જાનો નથી ગણાતો બલ્કે નીચા દરજ્જાનો ગણાય છે. માનું હૃદય એ માનું હૃદય એમ કહેવાય. લોકોમાં ોત એમ કહે ને કે ભાઈ! એ તો એના પા ભાગમાં નથી. પહેલા તો પિતાને બાપા કહેવાતા ને? તો કહે, બાની પાસે એ પા. પા એટલે એક ચતુર્થાંશ. અમારે ગુજરાતીમાં પા એટલે એક ચતુર્થાંશ કહેવાય. ૨૫%માં પિતાના પ્રેમને ગણવામાં આવે છે.

મુમુક્ષુ :- માનો પ્રેમ ૧૦૦%.

પૂજ્ય ભાઈશ્રી :- તો ૨૫% ગણવામાં આવે. એક ખાસ વિષય છે. એવો આ એક ખાસ વિષય છે. જેને જેનાથી હિત થાય એ ધર્માત્માનું એ ગુણસ્થાન જોવા ઊભા રહે એ પ્રશ્ન નથી. એના પ્રત્યેનો એનો કોઈ પ્રેમનો પ્રકાર બીજો હોય છે. અને એ કોઈ વર્ણનનો, કથનનો, કહેવાનો વિષય નથી. આ આખો Individual case થઈ જાય છે.

મુમુક્ષુ :- ભૂતકાળમાં તો ઘણાં થઈ ગયા ને ઘણાંના સમગામ આવ્યા એ તો બીજી વાત છે. પરંતુ વર્તમાનમાં ...ઘણાંના સમાગમમાં આવે...

પૂજ્ય ભાઈશ્રી :- છતાં જેનાથી હિત થાય એના પ્રત્યેનો અનુરાગ છે. કુદરતી પ્રકાર છે આ અનુરાગનો.

મુમુક્ષુ :- શ્રીમદ્જીએ સત્સંગનું બહુ ગાયું. એમ માતાજીએ સત્સંગ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આજે કહે છે, દેવ-ગુરુ-શાસ્ત્રનો સંગ, સત્પુરુષનો સંગ મુમુક્ષુને હોય જ છે. એ સાથે ને સાથે જ રાખે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષને એ સાથે જ રાખે છે. એ વાત તો ચર્ચામાં અનેકવાર આવે છે. એમ કહીએ તો ચાલે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધા એકસરખું જ કહે ને, કોઈ ઉલટુ-સૂલટું થોડું કહે? બધાનો અનુભવ એકસરખો છે. તો બધાનો નિશ્ચય-વ્યવહાર પણ એકસરખો છે. ઉદય પૂર્વકર્મનો જુદો જુદો છે. કેમ કે પૂર્વમાં પરિણામ જુદાં જુદાં પ્રકારના થઈ ગયેલા છે. જ્ઞાનદશા પહેલાના બધાના પરિણામ કાંઈ એકસરખા હોય નહિ અજ્ઞાનદશામાં. અને ઉદય તો એવી દશામાં બાંધેલા કર્મનો આવે છે. ઉદય જુદો જુદો હોય. ઉદયભાવ જુદાં જુદાં હોય પણ નિશ્ચય વ્યવહાર તો એકસરખો જ હોય. એમાં કાંઈ જુદું જુદું હોય નહિ. એનો નિશ્ચય પણ સરખો, એનો વ્યવહાર પણ સરખો. એટલે કે એના અધ્યાત્મ સિદ્ધાતં પણ સરખા અને એના આગમના સિદ્ધાંત પણ સરખા. કેમકે વસ્તુનું સ્વરૂપ તો જે છે તે અનુભવમાં આવે છે. વસ્તુનું બંધારણ બદલતું નથી એટલે આગમ બદલાતું નથી. જે વસ્તુનો-સ્વ વસ્તુનો અનુભવ છે એ પણ એક જાતિનો અને એક વિધિએ થતો અનુભવ છે એટલે અધ્યાત્મના સિદ્ધાંતો બદલાતા નથી. એટલે નિશ્ચય વ્યવહાર કહો કે આગમ અધ્યાત્મ કહો, એ સિદ્ધાંતમાં કોઈનો ફેર પડતો નથી. ત્રણે કાળના જ્ઞાનીઓનો એકસરખો મત રહે છે. કહેવાની પદ્ધતિ જુદી જુદી અથવા એમાં જુદું જુદું લાગે છે.

સિદ્ધાંતને કહેનાર સૂત્ર છે અને સૂત્ર જુદાં જુદાં આચાર્યોના, જુદાં જુદાં જ્ઞાનીઓની વાણી જુદી જુદી દેખાય છે. એમાં કોઈવાર કારણો પણ નિમિત્ત તરીકે જુદાં જુદાં હોય છે. કોઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા હોય છે, કોઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કેવા હોય છે સામે. કોઈને કોઈને અનુલક્ષીને કહેવાનું બનતું હોય છે, કોઈવાર કોઈને અનુલક્ષીને કહેવાનું બનતું હોય છે, એવા અનેક ઉદયના પ્રકાર બને છે અને વાણીનો ઉદય પણ દરેકને પોતાને પૂર્વ કર્મ અનુસાર છે. એકસરખો વાણીનો ઉદય બધાને હોતો નથી. એટલે એ તફાવત બાહ્ય દષ્ટિએ બહારનો હોય છે તોપણ સિદ્ધાંતમાં આગમ અને અધ્યાત્મમાં કોઈનામાં ફરક હોતો નથી. એટલું હંમેશા માન્ય કરવું જોઈએ.

મુમુક્ષુ :- અનંત તીર્થંકરથી અધિક બીજા જ્ઞાની ન મળતા હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એને એમ જ છે, બીજું કાંઈ નથી. જેને પોતાને ઉપકાર થયો છે એને માટે એમ જ છે. બીજું બને નહિ.

'**આ કાળે આપણને ગુરુદેવ ઉત્તમ સાથીદાર મળ્યા છે.**' એમ લીધું છે. 'ગુરુદેવ' પ્રત્યેની પોતાની જે ભકિત છે એ અનન્ય ભકિત છે. કાલે જ (એક મુમુક્ષુ) વાત કરતા હતા. એક પુસ્તક છપાય છે. અત્યારે 'ગુરુદેવ'ના વચનો જે કોતરાય છે નંદીશ્વર જિનાલયમાં એનું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. પ્રેસમાં છપાઈ રહ્યું છે. એની પાછળ

'ગુરુદેવ'ની મહિમાના, ભક્તિના પદની રચના થઈ રહી છે. પંડિતજી અને 'પૂજ્ય બહેનશ્રી' થઈને એની રચના કરે છે. (એક મુમુક્ષુ) વાત કરતા હતા કે દસથી પંદર ઓછામાં ઓછા ... છે. આ 'પૂજ્ય બહેનશ્રી'ની ભાવના છે. એટલે સરખામણી કરતા હતા કે વચનામૃત પાછળ 'પૂજ્ય બહેનશ્રી'ની મહિમાના પાંચ પદ મૂક્યા છે. તો આ દસથી પંદર મૂકવાના છે. પછી એની અંદર કોઈ મહિમાવાચક શબ્દ હશે. તો કહે આ શબ્દ વપરાવો જોઈએ, આ શબ્દ આવવો જોઈએ.

બાહ્ય દૃષ્ટિવાળાને એમ થાય કે શબ્દનો આગ્રહ રાખતા હશે જ્ઞાનીઓ? પણ એ અનુરાગનો પ્રકાર જુદો છે. એટલે જેમ માનું હૃદય માના સ્થાને આવ્યા ન હોય એને સમજાય નહિ. એમ એ ઉપકાર તળે આવ્યા વિના ઉપકારી પ્રત્યે શું અનુરાગ હોય છે ઉપકાર ગાનારનો એનું હૃદય નથી સમજાતું. એનું હૃદયનું ઊંડાણ મપાતું નથી. એ બહુ કુદરતી વસ્તુ છે. Specific વાત છે. એ થોડી ચર્ચા કાઢી. મુદ્દો તો એટલો હતો કે કેટલી ભક્તિ છે. મૂળ કહેવાનું તાત્પર્ય એટલું છે.

'ઉત્તમ સાથીદાર મળ્યા છે. સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે.' આ ખ્યાલમાં છે. સાથીદાર, ઉત્તમ સાથીદાર છે એટલે એ મારું કાર્ય કરી દેશે એવી ભ્રમણામાં ન તો આત્માર્થી રહે અને જ્ઞાનીને તો પ્રશ્ન જ રહેતો નથી. આત્માર્થી પણ એ ભાનમાં છે કે મારું કાર્ય મારા પુરુષાર્થથી મારે કરવાનું છે. ઉત્તમ સાથીદાર હોય તોપણ એ વાત તો એમ જ કહે છે કે કાર્ય તો તારે જ કરવાનું છે. માર્ગ ચીંધવાનો, અનુરાગને વશ માર્ગ ચીંધવાનો પ્રકાર એનો થાય છે.

અંતર્મુખ થવું અને કેમ અંતર્મુખ થવું? માર્ગ તો અંતર્મુખ થવાનો છે. માર્ગ કહો, ઉપાય કહો, સાધન કહો એકાર્થ છે. તો અંતર્મુખ થવું એટલી વાત બુદ્ધિગમ્ય થાય છે. કેમ અંતર્મુખ થવું એ વાત જો સમજમાં આવે તો જીવ અંતર્મુખ થઈ જાય અને અંતર્મુખ થાય તો એનો હંમેશનો માટેનો સંસાર પૂરો થઈ જાય. અથવા હંમેશના માટેના એના સંસારી દુઃખ ખલાસ થઈ જાય. અથવા હંમેશને માટે આત્મિક સુખની અંદર એનો વિહાર ચાલુ થઈ જાય.

જેણે અંતર્મુખ થવાનો માર્ગ દેખાડ્યો અને એ માર્ગ જેણે જોયો એને દેખાડનારની વિશિષ્ટતા અનુભવગોચર થાય છે કે જે વિશિષ્ટતા કથનનો વિષય નથી, કહેવાનો વિષય નથી કે એને એ કહી દેખાડે. એ વિશિષ્ટતાથી કહેનારની વિશિષ્ટતા એને સમજાય છે અને પોતાને કેટલો લાભ થયો એ પણ બધું એને સમજાય છે. એનું મૂલ્ય છે એ કેટલું છે એ બધું પણ સમજાયું છે અને એથી જે પ્રકાર ઊપજે છે અનુરાગનો એ પ્રકાર કોઈ ખાસ જાતનો પ્રકાર છે.

એટલે 'શ્રીમદ્‌જી'એ તો ગાયું. એમને તો આ ભવમાં પ્રત્યક્ષ સત્પુરુષ નથી, કોઈ શ્રીગુરુ નથી પણ 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ પરોક્ષ જિન ઉપકાર'. શેના ઉપરથી ગયું? આ મુદ્દા ઉપર જ ગાયું છે. જિનેન્દ્ર તો તેરમે ગુણસ્થાને છે. શ્રીગુરુ નીચેના ગુણસ્થાને છે. ઉપરવાળા કરતા નીચેવાળાનો ઉપકાર વધારે ગાવો એ કાંઈ ન્યાય સંપન્ન છે? તો બાહ્ય દૃષ્ટિએ તો એમ લાગે કે આમાં ભૂલ થતી લાગે છે. અને અજ્ઞાની એવી રીતે ચડાવી પણ દે કે અરિહંતને આમ નમસ્કાર કરાય ને ચોથા ગુણસ્થાનવાળાને આટલું કરાય, છઠ્ઠાને આટલું કરાય અને આટલી ભક્તિ થાય, આની આટલી ભક્તિ થાય. દેવના ભક્તિમાં, વિનયમાં, નમસ્કારમાં જો આ વિવેક નહિ રાખો તો મિથ્યાત્વ લાગશે એમ સમજાવી દે. શું લાગે? જો આવો વિવેક તમારામાં નહિ હોય તો અવિવેક થાશે. અને અવિવેક થાશે, અરિહંત આદિનો તીર્થંકરાદિનો અવિવેક થાશે તો તમને મિથ્યાત્વ થશે. એ પલાખું અહીંયાં લાગુ પડે એવું નથી. આ તો સારું છે કે સો વર્ષ પહેલા કહી ગયા છે. અને જેને એવો પ્રત્યક્ષ પ્રકાર નહોતો એ કહી ગયા છે. એ પણ એક વિશિષ્ટ વાત છે. નહિતર તો કહે કે, ઠીક છે, પોતાને રાગ થઈ ગયો તો રાગમાં અતિશયોક્તિ થઈ જતી હશે. પણ એ આરોપ તો 'શ્રીમદ્‌જી'ને લાગુ કરી શકાય એવું નથી. એ સત્ય વિચાર્યું છે એમણે.

આ વિષયમાં બાહ્ય દૃષ્ટિની ગણતરીવાળાઓ બહુ મોટી ભૂલ કરે છે. સાધારણ ભૂલ નથી કરતા પણ બહુ મોટી ભૂલ કરે છે. એના ઉપર ધ્યાન દોર્યું છે. એટલું તો નહિ પણ એવું જ્યારે કોઈને એવા પ્રકારના પરિણામ થાય તો ૬૬૧ નંબરના પત્રમાં એમ કહ્યું છે કે એ અપ્રશસ્ત અભિનિવેશ છે. ત્યાં શાસ્ત્રની વાત લીધી છે કે છઠ્ઠા ગુણસ્થાનના આચાર્યના લખેલા, છઠ્ઠા ગુણસ્થાનમાં લખે ને, સાતમામાં તો ધ્યાનસ્થ હોય છે, છઠ્ઠા ગુણસ્થાને લખેલા વચનો વિશિષ્ટ છે તેથી વધારે શાસ્ત્ર વાંચવા અને ચોથા ગુણસ્થાનવર્તી સત્પુરુષ હોય તો એ એથી નીચે છે માટે એનો સંગ એથી ઓછો ગણવો અથવા એની કીંમત ઓછી ગણવી, શાસ્ત્રનો ઉપકાર વધારે ગણવો. આ વાણીનો ઉપકાર પ્રવચનાદિનો ઓછો ગણવો. તો એ અપ્રશસ્ત શાસ્ત્રિય અભિનિવેશમાં નાખ્યું છે. અથવા એ રીતે કોઈ અરહંતાદિની વાત કરે તોપણ એ અપ્રશસ્ત દેવનો અભિનિવેશ છે. પરોક્ષ ગુરુ વિષેની વાત કરે તો એ અપ્રશસ્ત ગુરુનો અભિનિવેશ છે. શાસ્ત્ર પરોક્ષ હોવાથી શાસ્ત્રનું કોઈ બહાનું પકડે તો તે અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ છે. એમ દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણેયમાં અભિનિવેશ થાય છે એનો અપ્રશસ્ત પ્રકાર છે અને એ પ્રશસ્ત પ્રકાર પણ નથી એવી રીતે એમણે નાખ્યું છે. એ વાત જરા વધારે ઊંડી કરી છે એમણે. અપ્રશસ્ત કહેવા

પાછળ થોડું એમનું જ્ઞાન વધારે છે. એમાં શુભ ક્રિયા દેખાવા છતાં અશુભની મુખ્યતા જોઈને એને અપ્રશસ્ત કહ્યો છે. પ્રત્યક્ષ છે એને મહત્તા નથી આપવી અને પરોક્ષને મહત્તા આપવી છે એનું કારણ એને પ્રત્યક્ષ કરતા કાંઈ પોતાનું અહંપણું વધારે ઊભું થઈ ગયું છે, ઉત્પન્ન થઈ ગયું છે. માટે તેને અપ્રશસ્ત અભિનિવેશમાં નાખ્યું છે. બહુ ઊંડાણથી પકડેલું પરિણામ છે. અમુક કેટલાક જે પ્રયોજનભૂત વિષયો છે એમાંનો આ એક પ્રયોજનભૂત વિષય છે- પ્રત્યક્ષ સમાગમનો.

'સાથીદાર સાથે હોય, પણ માર્ગ પર ચાલી ધ્યેય સુધી પહોંચવાનું તો પોતાને જ છે.' એ ભાનમાં છે. સાથીદાર ભલે સાથે છે પણ હું મારા પુરુષાર્થથી માર્ગ કાપીશ અને પૂર્ણતાના ધ્યેય સુધી મારું સાધ્ય છે એને સાધીશ. એ મારા પુરુષાર્થથી જ થવાનું છે. મારું કાર્ય કોઈ કરે એવી અપેક્ષાથી અનુરાગ હોતો નથી. પોતાના પુરુષાર્થની વાત સ્વતંત્ર રાખીને આ અનુરાગ હોય છે. એટલે એમ કહેવું છે એમાં, આ તો ખુલાસા કરવા પડે છે બુદ્ધિવાદનો જમાનો છે એટલે, બહુ તમે આવી રીતે શ્રીગુરુનો મહિમા કરશો, ઘણી ભક્તિની વાત કરશો તો નિમિત્તાધીન દૃષ્ટિ થઈ જશે. આ તર્ક કાઢે છે કે નહિ? બુદ્ધિવાદનો જમાનો છે, તર્ક કાઢે છે. નિમિત્તાધીન દૃષ્ટિમાંથી આ ઉત્પન્ન થયેલી વાતો લાગે છે. એમ નથી. અત્યંત ભક્તિ કરનારને એ વાતનું ભાન છે અને બરાબર ભાન છે. ઉપાદાનનું બહાનું પકડનારા કરતાં પણ વધારે ભાન છે કે મારું કાર્ય મારાથી જ કરવાનું છે. ધ્યેય સુધી પહોંચવાનું તો મારે જ છે. મારું કાર્ય કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર કરે કે સત્પુરુષ કરે એ વાત ઊલટી સમજીને કોઈ વાત અહીંયાં થતી નથી.

ગમે તેટલો મહિમા કરે. ભાષા તો એવી આવે કે આપ ન મળ્યા હોત તો અમે રખડી મર્યા હોત એમ કહે. 'કુંદકુંદાચાર્ય' પ્રત્યે એવી ભક્તિ આવી છે. એવા શિલાલેખ મળ્યા છે. 'સમયસાર'માં દક્ષિણના શિલાલેખ (મૂક્યા છે). મુનિ, બીજા મુનિ (માટે) એમ લખે છે કે 'કુંદકુંદાચાર્ય' ન થયા હોત આ કાળમાં તો કોને ખબર છે આપણે ક્યાં હોત? પોતાને કોઈ માર્ગદર્શનનું કારણ થઈ ગયું હોય પ્રયોજનભૂત વિષયમાં તો એટલો બધો મહિમા કરે છે કે જાણે એમણે જ તાર્યા. ભક્તિમાં તો એવા જ શબ્દો આવે કે આપે અમને તાર્યા. આપે અમને બોલતા કર્યા, આપે અમને જોતા કર્યા, આપે અમને ચાલતા કર્યા, આપે અમને જીવતા કર્યા એમ કહે. અમે તો મરેલા મડદા હતા એમાંથી બેઠા કર્યા એમ કહે. એમ ગમે તેટલો મહિમા કરે પણ એ બધું કહે છતાં અંદરમાં ભાન હોય છે કે મારું કાર્ય મારે જ કરવાનું હોય છે. એ ભાન તો હોય જ છે. ભક્તિના કાળે એવો જ અનુરાગ આવે, એવી જ ભાષા આવે અને તે

નિર્દોષ છે. એમાં કોઈ નિમિત્તાધીન દૃષ્ટિપણાનો દોષ ઉત્પન્ન થાય છે એવું જરા પણ માનવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- .... લોકો શું વિચારશે? લોકો શું કહશે? એ ધ્યાનમાં રાખે તો જેનો ઉપકાર થયો છે એની વાત ગોપવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- તો ચોર છે. શું પ્રશ્ન છે? કે લોકલજ્જાએ કરીને, લોકભયે કરીને, અપકીર્તિ ભયે કરીને, લોકસંજ્ઞાએ કરીને ઉપકારીનો ઉપકાર ગોપવે, ઓળવે એ તો બહુ મોટી વિરાધના છે પણ ગોપવે-સંતાડે તો શાસ્ત્રકાર એને એમ કહે છે કે એ ચોર છે. શું કહે એને? ચોર છે. છાનોમાનો ચોરી કરીને લેવાની વાત કરે છે. આ મારા ગુરુ છે એમ બીજા જાણે તો એને હિણપ લાગે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- લોકોની દૃષ્ટિએ એને હિણપ લાગે છે ત્યારે ગોપવે છે ને? ગોપવવાનું કારણ શું છે તો? એ સ્પષ્ટ કરો પ્રશ્નની અંદર. ગોપવવાનું એને શું કારણ છે?

મુમુક્ષુ :- બીજા પ્રસિદ્ધ જ્ઞાની મોજૂદ હોય એ રીતે એને લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ યથાર્થતામાં તો એવું કાંઈ બનતું નથી. યથાર્થતામાં એવું કાંઈ બનતું નથી. એ તો સ્પષ્ટ વિષય છે કે એમાં બીજા શું કહે છે? એ તો એક પ્રકારનો માન-અપમાનનો જ ભય થયો ને? બીજું શું થયું એમાં? બીજા શું કહેશે એમાં વાત તો એની એ જ રહી કે માન-અપમાનનો જ ભય રહ્યો. મારું માન નહિ આવે બીજાને, મારા પ્રત્યે બીજાને બહુમાન નહિ રહે, મારી કિંમત નહી રહે. સરવાળો તો એ જ આવ્યો ને.

મુમુક્ષુ :- મોટો ઉહાપોહ થાયય

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ ઉહાપોહ થાય એટલે સરવાળે તો ભય છે ને ઈ? ઉહાપોહ થાય એ સંબંધીનો ભય છે કે બીજું કાંઈ છે? લોકભય, અપકીર્તિભય, અપમાનભય ગમે તે પ્રકારનો ભય હોય છે. .. પ્રશ્ન રહેતો નથી. પોતાનું હિત-અહિત શેમાં છે એ સારી રીતે આત્માર્થીને સમજાયું છે અને એ નિષ્ફિકરપણે કોઈની સામું જોયા વિના પોતાના રસ્તે આગળ વધી જાય છે. એમાં લોકોની સામે જોવાનો પ્રશ્ન રહેતો નથી. લોકસંજ્ઞા એ હળાહળ કાળકૂટ ઝેર છે એ જાણ્યું છે. એને લોકોની સામે જોવાનું રહેતું નથી.

મુમુક્ષુ :- એક દેશનાલબ્ધિનું પ્રકરણ આવે ...?

પૂજ્ય ભાઈશ્રી :- છે, બરાબર છે. દેશનાલબ્ધિમાં એમ છે કે દેશનાલબ્ધિના ત્રણ સ્થાન છે. એક અરિહંત તીર્થંકર પરમાત્મા અથવા અરિહંતદેવ જેને વાણી હોય.

મૂક કેવળીને વાણી નથી હોતી. જેને વાણી હોય, ઉપદેશનો સીધો યોગ બને. એક નિર્ગ્રંથ ગુરુ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ભાવલીંગી સંતનો સમાગમ હોય એનો ઉપદેશ મળે. અને એક આત્મજ્ઞાની સત્પુરુષ હોય તો એ સત્પુરુષનો સમાગમ પ્રત્યક્ષ યોગ છે. આ ત્રણ સ્થાન છે એ દેશનાલબ્ધિના છે. આ સિવાય ચોથી જગ્યાએ દેશનાલબ્ધિ થતી નથી. એ સિદ્ધાંત છે. આ ત્રણમાં આ સિદ્ધાંતની મર્યાદા પૂરી થાય છે. એટલે કે કોઈ શાસ્ત્ર વાંચીને દેશનાલબ્ધિને પામી જાય એમ કોઈ દિવસ બનતું નથી.

મુમુક્ષુ :- ત્રણમાંથી એક હોય, હોય ને જ.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે દેશનાલબ્ધિ કોઈ જીવને મળે ત્યારે આ ત્રણમાંથી એક જગ્યાએ મળે. ચોથું એનું સ્થાન નથી. એમ લેવું છે.

મુમુક્ષુ :- મહત્ત્વ બહુ આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે, સીધી વાત છે. આ સિદ્ધાંત છે. ત્રિકાળ અફર સિદ્ધાંત છે આ. 'પાવે નહિ ગુરુગમ બિના એહિ અનાદિ સ્થિત', 'બિના નયન પાવે નહિ જ્ઞાન નયન કી બાત' એમ કરીને આ લીધું. 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત'. સો વર્ષ પહેલા એ વાત કરી છે. આવી ચર્ચા 'પૂજ્ય બહેનશ્રી'ના સમાગમમાં એકવાર ચર્ચાઈ ગઈ. (એક મુમુક્ષુ) અહીંયાં આવ્યા હતા ને એણે ચર્ચા કાઢી હતી. માતાજી! અમે પંડિતો હવે 'ગુરુદેવ'ની વાતો સાંભળી સાંભળીને ઘણાં તૈયાર થઈ ગયા છીએ અને 'ગુરુદેવ' જે વાત કહેતા હતા એવી જ પદ્ધતિથી, એ જ શબ્દોથી, એ જ પ્રકારથી અમે અમારા વાંચનમાં અને પ્રવચનોમાં એવી વાત કરીએ છીએ તો અમારાથી દેશનાલબ્ધિ કોઈને મળે કે ન મળે? ના પાડી માતાજીએ કે ન મળે. પણ 'ગુરુદેવ'ની વાત છે અમારી ક્યાં છે? દલીલ આમ આવી કે આ વાત તો 'ગુરુદેવ'ની છે પણ અમારી ક્યાં છે આ તો?

તમારી છે કે 'ગુરુદેવ'ની છે એ તો નક્કી કરવાની વાત જુદી છે એના પિષ્ટપીંજણમાં કાંઈ જાય નહિ. પણ કહેનાર કોણ છે એટલી વાત તો સ્પષ્ટ છે કે અત્યારે કહેનાર તમે છો. અત્યારે કહેનાર 'ગુરુદેવ' નથી. એટલે ન થાય એટલે ન જ થાય. પ્રશ્ન આમાંથી ચાલ્યો હતો. એમાંથી બીજા મુમુક્ષુભાઈઓએ પ્રશ્નને જરા ખેંચ્યો, લંબાવી દીધો કે અમે કાંઈ નહિ પણ હવે ટેપ સાંભળીને એમાંથી દેશનાલબ્ધિ થાય કે ન થાય? 'ગુરુદેવશ્રી'ની જ વાણી છે. આપ જો 'ગુરુદેવશ્રી'ની વાણીનો આગ્રહ રાખતા હોય તો આ 'ગુરુદેવશ્રી'ની વાણી છે. ટેપ કરી લીધેલી છે. પટ્ટીમાં વાણીને કેદ કરી લીધેલી છે, પકડી લીધી છે. એ સાંભળીએ. ચોખ્ખો

'ગુરુદેવ'નો અવાજ. બીજું કાઈ લાગે નહિ. વળી કુદરતી પ્રત્યક્ષ સાંભળેલા છે પાછા એટલે અવાજની અંદર કોઈ કાંઈ બીજું બોલે તો સમજી શકાય, ભ્રમણા ન થાય કે આ બીજાના અવાજમાં 'ગુરુદેવ'નો અવાજ માની લે એવું ન બને. એનાથી દેશનાલબ્ધિ થાય કે ન થાય? તો કહે, ન થાય.

વળી પ્રશ્ન લંબાવવાવાળાએ વધારે લંબાવ્યો કે માત્ર 'ગુરુદેવ' 'ગુરુદેવ'ની વાણી પણ Video માં Screen ઉપર 'ગુરુદેવ' પ્રવચન આપતા હોય અને વાણી છૂટતી હોય. ઠીક! પ્રત્યક્ષવત્ લાગે. 'ગુરુદેવ'નું જ પ્રતિબિંબ છે. Screen તો 'ગુરુદેવ'ની જ ઉતરેલી છે પટ્ટીમાં. Screen ઉપર-પડદા ઉપર બરાબર એ જ ચેષ્ટા, એ જ વાણી બધો પ્રકાર પ્રત્યક્ષ જેવો જ. તો દેશનાલબ્ધિ થાય કે ન થાય? ન થાય.

એમાં ભક્તિનો વિષય નથી. સિદ્ધાંતનો આ વિષય ચાલતો હતો. ભક્તિ ચાલે તો એમ કહે કે આપનાથી જ થાય. અમે શું કર્યું? અમારી શું શક્તિ હતી? અમને ક્યાં ખબર હતી? અમે તો આંધળા હતા એમ કહે. સિદ્ધાંતની વાત છે અહીં સુધી. પ્રત્યક્ષયોગથી જ થાય બીજી રીતે દેશનાલબ્ધિ થાય નહિ. કોઈ એવી ભ્રમણામાં રહે કે બહુ ભક્તિથી આવી વાતની હા પાડી દેશે. એમ પ્રશ્ન નથી. સિદ્ધાંત તો સિદ્ધાંતની રીતે જ ચાલે. એ દેશનાલબ્ધિનો સિદ્ધાંત છે. પ્રત્યક્ષ ચૈતન્ય, પ્રગટ ચૈતન્ય એની સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો એ પરિણામ છે, ફળ છે. એ સિવાય બીજી રીતે એ પરિણામનું ફળ આવતું નથી. ત્રણે કાળે એમ છે. ભલે પુરુષાર્થ અને જ્ઞાન પોતાનું હોય છે તોપણ અનાદિઅનંત આ જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર નથી.

મુમુક્ષુ :- અનુભવીની પ્રત્યક્ષ વાણી સાંભળવાથી...

પૂજ્ય ભાઈશ્રી :- સાંભળવાથી? દેશનાલબ્ધિ થાય જ એવું નહિ પણ થાય તો એનેથી થાય અને બીજેથી ન થાય. થાય જ એમ નથી લેવું. એમ તો અનંત વાર જ્ઞાની મળ્યા છે. પરિભ્રમણ કરતા જીવને નિત્યનિગોદમાંથી નથી નીકળ્યા એટલી અપેક્ષા લઈએ, જે જીવો અનંતા જીવો સંસારના પરિભ્રમણના ચક્કરમાં છે એવા જીવો અનંત વાર સમવસરણમાં ગયા છે અને એથી અનંત વાર એને સત્પુરુષનો યોગ મળ્યો છે. કેમકે અરિહંતો કરતાં સત્પુરુષનો યોગ સહેલાઈથી મળે છે. તો કંઈ બધાને દેશનાલબ્ધિ મળી જાય છે એવું નથી. અને અત્યારે 'ગુરુદેવ'ને સાંભળ્યા માટે દેશનાલબ્ધિ મળી ગઈ છે એમ કોઈ માની લે તો એમ માનવા-મનાવવા માટે પણ એ વાત નથી. દેશનાલબ્ધિ મળવી એ બીજી વાત છે. મળે જ એવું કાંઈ નથી. એ તો એક યોગ્યતાનો વિષય છે. એવી લબ્ધિ સુધી જીવ આવે તો પ્રત્યક્ષ જ્ઞાની સિવાય ન આવે. એટલી વાત છે.

મુમુક્ષુ :- તો અનુભવી પાસે જ જવું એમાં યોગ્યતા હોય તો જ એ પામે, યોગ્યતા આવે કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એ ઉપાદાનનો વિષય થઈ ગયો ને? એ ઉપાદાનનો વિષય થઈ ગયો. નિમિત્ત અનંત વાર મળ્યું છે. સમવસરણમાં કેટલી વાર ગયો? કે અનંત વાર ગયો. સત્પુરુષનો યોગ જે પોતાની હયાતીનો અનંત કાળ છે એમાં અનંત વાર મળ્યો છે. પણ એકવાર એણે સત્પુરુષને ઓળખ્યા નથી. આ જીવનો સૌથી (મોટો દોષ છે). બાકી એકવાર ઓળખ્યા નથી. જો એક જ વાર ઓળખે (તો) એનો છૂટકો થઈ જાય. એનો સંસાર પૂરો. એકવાર જો ઓળખે તો એનો સંસાર પૂરો. આટલી વાત છે.

'શ્રીમદ્જી' લખે છે કે આ જીવનો સૌથી કોઈ મોટો દોષ રહ્યો હોય તો એ છે કે એણે સત્પુરુષને ઓળખ્યા નથી. સત્પુરુષને ઓળખ્યા નથી એટલે એણે દેવ-ગુરુ-શાસ્ત્રને પણ ઓળખ્યા નથી. કોઈને ઓળખ્યા નથી. તીર્થંકરના સમવસરણમાં તો તીર્થંકરને ઓળખવા સહેલા છે તોય ઓળખ્યા નથી. કેટલી આ જીવની મૂંઢતા હશે?

મુમુક્ષુ :- તીર્થંકરને ઓળખવા સહેલા છે એમ કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એની વીતરાગતા બહુ પ્રસિદ્ધ છે. જ્ઞાની તો અવિરત છે. ખાય છે, પીવે છે, બોલે છે, સાધારણ જેવી એની બધી પ્રક્રિયા દેખાય છે તો સંભવ છે કે ન ઓળખે. એને બીજા સાધારણ જેવા આ પણ સાધારણ લાગે. અથવા કોઈ વિદ્વાનો પણ તત્ત્વજ્ઞાની મિથ્યાદૃષ્ટિ હોય છે એમ એને આ મિથ્યાદૃષ્ટિ તત્ત્વજ્ઞાની લાગે. એમ કોઈ પણ પ્રકારે પૂર્વગ્રહ બંધાઈ જાય. પણ જે પરિપૂર્ણ વીતરાગ છે એનો તો દેદાર એવો જબરદસ્ત વીતરાગતાનો છે કે જેની પૂર્ણ વીતરાગતા, જેની શાંતિ, જેની સૌમ્યતા, જેની દિવ્યધ્વનિ બધા જ અતિશય એને ઓળખવા માટેના છે ખરેખર તો. ૩૪ અતિશય છે એ બધાય ઓળખવા માટેના છે. એ સહેલા છે ઓળખવા.

વીતરાગી મુનિને ઓળખવા પણ સહેલા છે. કેમકે એની પણ શાંતિ, એની પણ વીતરાગતા જિનેશ્વરની જેમ બહાર ઝળકે છે. એ તો પિતાનો અણસાર પુત્રમાં આવે છે. એ ઓળખવા સહેલા છે. કેમ કે સર્વસંગપરિત્યાગ છે. તિલતુષ માત્ર જેને પરિગ્રહ નથી. બાહ્યાભ્યંતર જેની નિર્દોષ દશા છે. એની નિર્દોષતા છાની રહેતી નથી. છુપાઈ જાય એવી કોઈ નિર્દોષતા નથી. સત્પુરુષની નિર્દોષતા તો છુપાયેલી નિર્દોષતાને પકડવી છે. એટલે ઓલું તો સહેલું છે. પણ એ સંગ પણ અનંત વાર મળ્યો છે. છતાં આ જીવ મૂઢ રહ્યો છે ત્યાં બીજો કોઈ ઉપાય કામ લાગતો નથી.

એટલે એ Comparativly અઘરું છે અને સહેલું ઓલું છે, સરખામણીમાં.

આંધળા જેવું છે. 'શ્રીમદ્‌જી'એ દૃષ્ટાંત આપ્યું છે ને? આંધળો માણસ છે. નગરમાં પ્રવેશ કરવો છે અને ગોળાકારે કિલ્લો છે એને હાથ અડી અડીને ચાલે છે. આંધળાને દરવાજો દેખાતો નથી. એટલે સ્પર્શથી એ નક્કી કરે કે અહીંયાં હવે દરવાજો આવી ગયો. અહીંયાં હવે ભીંત નથી, દિવાલ નથી, હવે અહીંયાં દરવાજો આવી ગયો. એમ કહ્યું કે આ નગરને એક જ દરવાજો છે. ગોળાકારે એનો કિલ્લો છે અને આ નગરને એક જ દરવાજો છે. એ સ્પર્શ કરતો... કરતો... કરતો... કરતો... જા હવે. આંધળો છે એટલે તને ન દેખાય સીધી વાત છે કે ન દેખાય. પણ જ્યાં તને એ દિવાલનો સ્પર્શ ન આવે ત્યાં સમજી લે કે આ દરવાજો છે. હવે એવો કમનસીબ છે કે જેટલી વાર એ દરવાજા પાસે પહોંચે ત્યારે ઊભા રહેવાને બદલે ચાલતો ચાલતો કાંઈક ખંજવાળ આવે અને કાંઈક બીજું થાય, એનો હાથ ત્યાંથી છૂટી જાય દિવાલથી. એટલે એ ત્રણ-ચાર ડગલનો જે દરવાજો છે કે એ ઓળંગી ગયા પછી વળી પાછી એને દિવાલ મળે. એમ ચક્કર ફર્યા છે. એવો કમનસીબ છે કે જ્યાં મોકો આવે ત્યાં એને ખંજવાળ આવે અને એનો હાથ છૂટી જાય. એમ ને એમ ગોળ ગોળ ફર્યા જ કરે.

એમ આ જીવને જ્યારે જ્યારે મોકો અનંત વાર મળ્યો છે પણ એણે ઊંધાઈ કરી છે. જ્યારે જ્યારે મોકો આવ્યો ત્યારે એણે અવળાઈ કરી છે. એ દિશા મૂંઢ રહ્યો છે પોતે. દિશા દેખાડે છે અંતર્મુખની પણ દિશા મૂંઢ પોતે રહ્યો છે ત્યાં કોઈ ઉપાય રહેતો નથી.

મુમુક્ષુ :- આ અપ્રશસ્તની વાત ચાલી એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર ને બધું, પ્રત્યક્ષ જ્ઞાની સિવાયની એની મુખ્યતા રહે તો ...

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષની મુખ્યતા છોડીને પરોક્ષની મુખ્યતા કરે તો એ તો અપ્રશસ્ત અભિનિવેશનો પ્રકાર છે. એને ખબર પડે કે ન પડે, બીજાને ખબર પડે કે ન પડે પણ જ્ઞાની એની નાડ જોઈને રોગ પારખી લે છે. એને નક્કી પોતાનો અહં અને પોતાની મુખ્યતા વિશેષ થઈ ગઈ છે એટલે પ્રત્યક્ષને ગૌણ કરીને પરોક્ષને બાઝવાની વાત કરે છે. એ વાત અપ્રશસ્ત ભાવમાંથી નીકળેલી વાત છે. પ્રશસ્ત ભાવમા આ વાત નીકળે નહિ. એટલે એ વાત જે કરી છે એ તો નાડ પકડીને વાત કરી દીધી છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ જ્ઞાનીને છોડીને અપ્રશસ્ત વાતનું અનુમોદન પણ ન કરવું કોઈપણ પ્રકારે.

પૂજ્ય ભાઈશ્રી :- એના કરતાં એની મુખ્યતા નથી. અરિહંતની ભકિત ન કરવી

અને મુનિરાજની ભકિત ન કરવી એમ નથી. એને ગૌણ કરીને એની મુખ્યતામાં ન જાવું. દાખલા તરીકે કે 'ગુરુદેવ' પ્રવચન આપતા હતા. એવા માણસો જોયેલા છે 'સોનગઢ'માં. એક ભાઈ હિન્દીભાષી 'દહેરાદૂન' બાજુથી આવેલા હતા. એક (મુમુક્ષુની) રૂમમાં બેઠા. જવાનું થયું, મળવાનું થયું. નિશ્ચયની બહુ જોરથી વાત કરે. 'સોગાનીજી' વાત કરતા હતા ને નિશ્ચયની. નિશ્ચનયની બહુ જોરથી વાત કરે. 'મૈં તો અવિરતિ કા વ્યાખ્યાન ભી કમ સુનતા હૂં'. 'ગુરુદેવ'ને ઉદ્દેશીને, નામ નહોતા લેતા. વ્યાખ્યાનમાં એ ભાઈ નહોતા આવતા. આચાર્યો કે પરમાગમ પડે હૈં હમારે પાસ, ઉનકા અધ્યયન હમ કરતે હૈં. ... જીવ. એ અપ્રશસ્ત અભિનિવેશમાંથી નીકળેલી બધી વાતો છે. જેને એ રીતની ખબર નથી પડતી આ વિષયમાં, એને એમ થાય કે આ બહુ મસ્તીવાળી વાત કરે છે, નિશ્ચની વાત કરે છે. છઠ્ઠા ગુણસ્થાનના આચાર્યની મુખ્યતા કરે છે. ચોથા ગુણસ્થાનવાળાને ગૌણ ગણે છે. વાત તો ન્યાયની છે. ઠીક છે, ભાઈ! પાછી વાત એની નિશ્ચયની બહુ જોરદાર છે. એટલે એમ ને એમ ભ્રમણામાં ઘણાં ભૂલા પડે છે. એ પોતે એવું ન કરતા હોય તો એ ઠીક કરે છે એમ થાય તો એનું અનુમોદન પહોંચી જાય છે એને. તો એનો ને એનો દોષ એકસરખો થઈ જાય છે. એવી રીતે ભ્રમણા પડી જાય છે. પોતે એવું ન કરતા હોય તો એવું કરનારનો પક્ષ થઈ જાય જાણે-અજાણે, એનું ઠીકપણું મનાઈ જાય તો બધાનો અનુમોદનનો દોષ લાગે છે.

ગુરુવારે એ ચર્ચા ચાલી હતી રાત્રે. અનુમોદનના દોષમાં ભૂલભૂલામણી ઘણી છે. કરે તો તો પોતાને દોષ સમજાય, સ્થૂળ દોષ છે એટલે. કરાવે તોપણ એ દોષ સમજાય સ્થૂળ પરિણામ છે, પણ અનુમોદનના પરિણામ સૂક્ષ્મ છે. એમાં લગભગ મુમુક્ષુઓ ક્યાં ભૂલા પડે છે એની ખબર નથી પડતી. બીજાનો તો પ્રશ્ન જ નથી. પણ કાંઈક આ વાત સમજવઈી જેને વિચાર આવ્યો છે એને મુમુક્ષુ કહીએ, એ પણ એની અંદર ભૂલા પડે છે. એ એક એવી ભૂલભૂલામણીનો વિષય છે, પોતાને નથી સમજાતો.

મુમુક્ષુ :- અનુમોદના થઈ જાય, ખબર ન રહે તોય ...

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલથી ઝેર ખાય તો શું થાય? ઝેર એમ કહે કે હવે આણે બિચારાએ ભૂલથી ખાધું છે ને આને ન મારવો. કોઈ ભૂલથી ઝેર ખાય પછી ઝેર એમ વિચાર કરે છે કે આણે બિચારાએ ભૂલથી ખાધું છે. આણે ક્યાં જાણી જોઈને આપઘાત કર્યો છે. માટે આને ન મરવા દેવો એમ હોય? એ તો ભૂલથી ખાય કે જાણી ને ખાય, ઝેર ખાય એ મરે જ મરે સીધી વાત છે. એ ઝેર છે. ૩૧૩ થયો.

ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે. શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે. ૩૧૪.

૩૧૪. '**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.**' આ એક પ્રકરણ ચાલ્યું છે 'નિયમસાર'ની અંદર. સ્વવશ અને પરવશ એ વિષયનું. એ શબ્દના પ્રયોગથી 'નિયમસાર'ની અંદર આચાર્ય મહારાજે, ભાવનાનો ગ્રંથ છે, સ્વરૂપની ભાવના ભાવી છે. '**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.**' મુનિરાજ એમ કહે છે, આચાર્ય મહારાજ એમ કહે છે કે ભલે જ્ઞાન સમ્યક્જ્ઞાન તરીકે પ્રવર્તે છે તોપણ એમાં ખંડખંડરૂપ જે જ્ઞાનનો ઉપયોગ છે એ પરવશપણું છે. અમારા અખંડ ધ્રુવ સ્વરૂપ ઉપરનો ઉપયોગ એ અખંડ ઉપયોગ છે, એ સ્વવશપણું છે. પરવશપણું છે એ દોષ છે એમ લીધું છે. રાગની પર્યાય નથી લેતા. જ્ઞાનનો પર્યાય અને સમ્યક્જ્ઞાનનો પર્યાય. સમ્યક્જ્ઞાનનો અંશ છે ઉપયોગ છે એ. એ પરવશપણું છે. 'ટોડરમલજી'એ કીધું, પરસત્તાવલંબનશીલ જ્ઞાનને કોઈ સાધક મોક્ષમાર્ગ કહેતા નથી. સિદ્ધાંત એ જ છે. અહીંયાં 'નિયમસાર'નો આ વિષય ચાલેલો છે.

'**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.**' સુખ-દુઃખથી વાત લીધી છે. પ્રયોજન સુખ-દુઃખનું છે. ખંડખંડ ઉપયોગ થાય, જે ઉપયોગ ઈન્દ્રિય દ્વારા પ્રવર્તે, કોઈ ઈન્દ્રિયનો ઉપયોગ ખંડ રહે એવું બને નહિ. ભલે ઈન્દ્રિય વિષય ગમે તેટલો રુચતો હોય તોપણ ઉપયોગ અખંડ રહી શકે નહિ. ઉપયોગ ખંડિત થાય, થાય ને થાય જ. જ્યાં ઉપયોગ ખંડિત થાય ત્યાં દુઃખ ઉત્પન્ન થયા વિના રહે નહિ. એમ કહેવું છે. દુઃખ ઉત્પન્ન થવાનું કારણ ઉપયોગની ખંડિતતા છે. અથવા ચૈતન્ય અનુવિધાયી પરિણામમાં ખંડ પડે છે, કટકો ઊભો થાય છે એ દુઃખ ઉત્પન્ન કરનારું, આકુળતા ઉત્પન્ન થવાનું કારણ છે.

'**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ...**' શાસ્ત્રના વાંચનમાં પણ ખંડખંડ જ્ઞાન થાય. અથવા શુદ્ધોપયોગ સિવાયનો ઉપયોગ છે એ ખંડખંડ જ્ઞાનરૂપ ઉપયોગ છે. પછી ભલે તીવ્ર કષાય હોય, મંદ કષાય હોય એની સાથે કાંઈ ગણતરી નથી. ઉપયોગ તો ખંડિત જ થાય છે. એમાં પરવશપણું છે. ખંડિત થયો એ સ્વવશ ન રહ્યો. પરવશ થયો ત્યારે ખંડિત થયો. સ્વવશ રહ્યો નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનીને બે ધારા ચાલે છે. જ્ઞાનધારા અને કર્મધારા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં આ કર્મધારામાં જાય છે. ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ છે એ કર્મધારામાં જાય છે. એ ઉપયોગ હોવા છતાં જ્ઞાનધારામાં એને ગણવામાં આવતો નથી. કેમકે એનો સંપર્ક છે એ ઉપયોગનો સંપર્ક નિજ પરમાત્મસ્વરૂપ ન રહ્યો. તો પૂછે છે કે પરમેશ્વર પદથી બીજું શું ઉત્કૃષ્ટ છે કે ભાઈ! એટલે તું એને છોડીને બીજે જા છો? આ સવાલ છે. એનાથી શું બીજું ઊંચું છે? કયુ પદ ઊંચું છે? બીજું શું તેં એથી વધારે સર્વોત્કૃષ્ટ જાણ્યું કે તું ક્યાં ગયો? એવું શું સારું લાગ્યું? કે પરમેશ્વરપદ કરતાં પણ તને શું સારું લાગ્યું કે તું ત્યાં ગયો? માટે એ હિન ઉપયોગ છે, એમાં દુઃખની ઉત્પત્તિ છે, એ દોષવાળો ભાવ છે. મોક્ષમાર્ગને એ સાધતો નથી એવો ભાવ છે. બંધમાર્ગને સાધે છે એવો એ ભાવ છે. તેથી એની અનુમોદના કરવામાં આવતી નથી. એ કરવાનો પ્રશ્ન નથી, કરાવવાનો પ્રશ્ન નથી, અનુમોદવાનો પણ પ્રશ્ન નથી.

મુમુક્ષુ :- હેયબુદ્ધિએ આવે ત્યારે ...

પૂજ્ય ભાઈશ્રી :- હેયબુદ્ધિએ આવે છે. ઉપાદેય બુદ્ધિએ આવે નહિ. ઉપાદેય બુદ્ધિ આવે તો મોક્ષમાર્ગ રહે નહિ. મિથ્યાત્વ થઈ જાય. આ માર્ગ જ એટલો નિર્દોષ છે, એકધારો સુંદર છે. ક્યાંય એને ડાઘ લાગે એવો માર્ગ નથી. એકધારો સુંદર માર્ગ છે. આદિ-મધ્ય-અંતમાં નિર્દોષતા એ જ માર્ગનું સ્વરૂપ છે. નિર્દોષતા, નિર્દોષતા સિવાય માર્ગનું સ્વરૂપ બીજું કાંઈ નથી, બસ! સીધે સીધી વાત, ચોખ્ખી વાત છે. મુનિદશામાં વાત પોતે કરે છે.

'નિયમસાર'માં તો 'કુંદકુંદાચાર્ય', ટીકાકાર 'પદ્મપ્રભમલધારીદેવ' એ આ વાત કરે છે. સ્વવશપણાની અને પરવશપણાની. પોતાને પણ ઉપયોગ ખંડિત થાય છે એ પોસાતું નથી. કેવળજ્ઞાન લેવા નીકળ્યા છે અને કેવળજ્ઞાન થાય ત્યારે ઉપયોગ અખંડિતપણું ધારણ કરે છે અને અરિહંત દશાથી અખંડ ઉપયોગ છે. કેવળજ્ઞાન ઉપયોગ તે જ અખંડિત ઉપયોગ છે. એ સિવાય છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્તમાં તો ખંડિત થાય છે. અને ખંડિત થાય છે એ અમને પોસાતું નથી. મુનિદશામાં એ વાત છે કે આ પરવશપણું છે. આ સ્વવશપણું નથી, આ પરવશપણું છે. અમારે એમાં જાવું નથી, અમારે એમાં રહેવું નથી. અમારી એ ચીજ નહિ. પરચીજમાં એને નાખે છે.

'**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે. પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.**' સુખ-દુઃખથી તો આમ છે. એમ કહીને શુદ્ધ ચૈતન્યના આશ્રયે સ્વપણે રહેવાની એક પ્રેરણા મળે એવા અહીંયાં વચનો છે. વિશેષ લઈશું...

તા. ૧૬-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૪,૩૧૫
પ્રવચન નં. ૨૪૧

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૩૧૪. પાનું-૧૦૫ ફરીથી. '**ખંડખંડરૂપ જ્ઞાનનો ઉપયોગ પણ પરવશપણું છે.**' પરિણામ તો જેટલા સ્વરૂપમાં સ્થિર રહે એ જ પોતાના સ્વભાવને અનુકૂળ છે. જ્ઞાનનો ઉપયોગ પોતાના સ્વરૂપને છોડીને પરને વિષય કરે, પરનું અવલંબન આવે એ પોતાના સ્વરૂપને અનુકૂળ નથી. પરવશપણું છે એટલે પરને આધીનપણું છે. પોતે સ્વતંત્રપણે પરને આધીન થાય છે. પરવશપણાનો એવો અર્થ નથી કે પરચીજ જીવના પરિણામને વશ કરે છે. એમ કહેવું નથી. પણ પોતે પોતાની સ્વતંત્રતાથી દૂર જઈને, અહીં તો મોક્ષમાર્ગની વાત ચાલે છે, મુનિરાજ એમ કહે છે કે ઉપયોગ ખંડખંડ થઈને, અખંડપણે સ્વરૂપમાં સ્થિર થવાને બદલે, અખંડ સ્વરૂપમાં અખંડ ભાવ ધારણ કર્યો હતો એ છોડીને ઉપયોગ ક્ષણ વાર પણ બહાર ગયો, છઠ્ઠા ગુણસ્થાને આવ્યા એ પરવશપણું છે. પંચ મહાવ્રતના પરિણામ પરવશપણું છે. અઠ્યાવીશ મૂળગુણ પાળવાના પરિણામ એ પરવશપણું છે અને એમાં દુઃખ છે.

'**પરવશ તે દુઃખી છે; સ્વવશ તે સુખી છે.**' એમ લેવું. કેમકે જે પરિણામ સ્વરૂપનો આશ્રય કરે એમાં સુખ થાય અને જે પરિણામ પરપદાર્થનો આશ્રય કરે નિયમથી એમાં દુઃખ થાય. નિયમથી દુઃખ જ દુઃખ થાય, બીજું કાંઈ થાય નહિ. એથી ઉપયોગ અખંડિતતા છોડે, અખંડ સ્વભાવનો આશ્રય છોડે એટલે અખંડિતતા છોડે તે પોતે સંમત કરતા નથી. એવું પરિણામનું પ્રવર્તવું બને છે મોક્ષમાર્ગમાં, સાધકદશામાં જેટલે અંશે જે-તે ગુણસ્થાનમાં બને છે, કોઈ સાધક એને સંમત કરતા નથી. અને એમાં પ્રત્યક્ષ દુઃખ જ છે, એમાં ક્યાંય સુખ નથી.

'**શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વના આશ્રયરૂપ સ્વવશપણાથી શાશ્વત સુખ પ્રગટ થાય છે.**' સિદ્ધાંત, સુખ પ્રગટ થવાનો આ સિદ્ધાંત છે ત્રણે કાળે કે પોતાનું જે શુદ્ધ શાશ્વત ચૈતન્યતત્ત્વ છે, પોતાનું જે સ્વરૂપ છે એનો આશ્રય કરતાં સ્વવશપણું છે. એ સ્વાધીનપણું છે. પોતામાં રહ્યો પોતે એ જ પોતાને ઈષ્ટ છે. પોતાથી બહાર નીકળ્યો એ પોતાને અનિષ્ટ છે. અને શાશ્વત સુખ સાદિઅનંત, ક્યારેય પણ દુઃખ ન પ્રગટે એવું જે શાશ્વત સુખ છે એ ચૈતન્યતત્ત્વના આશ્રયથી જ પ્રગટ થાય છે. બીજા કોઈ પ્રકારથી શાશ્વત સુખ પ્રગટ થતું નથી.

જગતમાં સાધનાને નામે આ સિવાય જેટલું કાંઈ ચાલે છે તે બધું ધતીંગ ચાલે છે, પાખંડ ચાલે છે. આ એક જ સાધનાનો માર્ગ છે. આ રીતે જ શાશ્વત સુખ સધાય છે, બીજી કોઈ રીતે શાશ્વત સુખ સધાતું નથી. આ એક જ આરાધના છે.

એ રીતે શાશ્વત સુખ પ્રગટ કરવા માટે જીવને અહીંયાં પ્રેરણા છે. તું સ્વરૂપમાં જ સમાયેલો રહે. એક સમય પણ સ્વરૂપથી પરિણામ બહાર નીકળે એ પોતાના સ્વરૂપથી પ્રતિકૂળ જવાની વાત છે, અનુકૂળ રહેવાની વાત નથી. આવું સમ્યક્ એકાંતપણું છે. સિદ્ધાતમાં તો કોઈને એમ થાય કે આ તો એકાંત થઈ જાય છે. સિદ્ધાંતમાં તો આવું સમ્યક્ એકાંતપણું છે. આ રીતે જ સુખ પ્રગટ થાય અને બીજી રીતે સુખ પ્રગટ ન થાય. એમ સમ્યક્ એકાંતમાં સમ્યક્ અનેકાંત ગર્ભિત છે અથવા સમાયેલું છે. કાલે એટલું થોડું બાકી રહેલું. શાશ્વત સુખ તો આ રીતે જ પ્રગટ થાય છે. પર અવલંબનથી સુખ થાય એવું ન્યાયથી કે તર્કથી કોઈ રીતે પણ બંધ બેસે એવી વાત નથી. બીજાનું અવલંબન લે, પરાધીનપણું પોતે જ સ્વીકારે, ભલે સ્વતંત્રપણે પરાધીન થાય છે પણ પરાધીનપણે પણ સુખ એ વાત તો કોઈ રીતે સીધે સીધી બંધ બેસે એવી નથી.

મુમુક્ષુ :- સ્વતંત્રપણે પરાધીન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્રપણે એનો અર્થ કે બીજા એને પરાધીન કરતા નથી. પોતે પોતામાં સ્વાધીનપણે સ્વવશપણે રહી શકતો નથી, એવી પોતાની શક્તિ કેળવી નથી. સ્વભાવ એવો હોવા છતાં એવો સ્વભાવ કેળવ્યો નથી. તેથી મોક્ષમાર્ગી ધર્માત્મા, મુનિરાજ જેટલે અંશે ઉપયોગ બહાર એનો જાય છે એટલું દુઃખ ઉત્પન્ન થાય છે. શાસ્ત્ર લખે તો સુખ થયું કે દુઃખ થયું? ઉપયોગ બહાર ગયો. શિષ્યને સમજાવે સુખ થયું કે દુઃખ થયું? ઉપયોગ બહાર ગયો એ બધું દુઃખનું જ પરિણમન છે. વિકલ્પ માત્રમાં દુઃખ છે એ સિદ્ધાંત સર્વને લાગુ પડે છે. વિકલ્પ માત્રમાં દુઃખ છે. સમ્યગ્દર્શનની ભૂમિકાથી માંડીને જ્યાં સુધી છઠ્ઠા ગુણસ્થાનની વિકલ્પની ભૂમિકા છે, કોઈપણ જગ્યાએ વિકલ્પ ઉત્પન્ન થાય એટલે દુઃખ જ છે. દુઃખનું જે સ્વરૂપ છે એ કયાંય બદલતું નથી. સુખનું સ્વરૂપ છે એ કોઈ પરમાર્થના પ્રકરણમાં ક્યાંય બદલતું નથી. પરમાર્થ કહો કે વાસ્તવિક કહો બંને એક છે.

મુમુક્ષુ :- મુનિનો ઉપયોગ અંદર ગયા પછી ...

પૂજ્ય ભાઈશ્રી :- સહેજે બહાર આવે. પોતાને બહાર આવવું નથી, અભિપ્રાય બહાર આવવાનો નથી. પણ એટલો પુરુષાર્થ ક્ષતિવાળો છે, હિન પુરુષાર્થ છે, પોતાના પુરુષાર્થની ખામી છે કે પુરુષાર્થ બહાર આવે છે તો પોતે નિંદે છે. અને

સ્વભાવિકપણે જે શુદ્ધોપયોગમાં સાતમા ગુણસ્થાનની સ્થિરતામાં જે સુખ થાય છે તે ઉપયોગ બહાર આવે છે અને દુઃખ થાય છે એમાં તો કોઈને પૂછવા જવું પડતું નથી. કેમકે પોતાના સુખરૂપ અનુભવ તો પોતે બહુ સારી રીતે સમજે છે. અહીંયાં એવું નથી કે જે ભાવલિંગી મુનિરાજ છે એને કોઈ જગતના પદાર્થને વિષે સુખની ભ્રાંતિ છે એ તો વિચાર પણ કરવા જેવો નથી. કેમકે એ તો સર્વસંગપરિત્યાગ કરીને તિલતુષ માત્ર પરિગ્રહ છોડીને જંગલમાં વસેલા છે. એટલે બાહ્ય પદાર્થના સુખ-દુઃખની ચર્ચાનો એમના માટે કોઈ પ્રશ્ન જ નથી.

હવે રહ્યું કે પોતે અંદર કેટલા રહે છે અને પોતે બહાર કેટલા આવી જાય છે? 'નિયમસાર'માં આ અધિકાર ચાલ્યો છે. કહે છે કે ખંડખંડ ઉપયોગ થાય છે. બહાર નિકળતા ઉપયોગ ખંડખંડ થાય છે. એ ઉપયોગ દુઃખરૂપ છે. 'પદ્મનંદિઆચાર્યે' લીધું. 'ટોડરમલજી'એ આધારિત લીધો છે કે મુનિ એમ કહે છે શાસ્ત્રમાં જે બુદ્ધિ જાય છે તે વ્યભિચારીણી છે. બહુ કઠોર શબ્દનો પ્રયોગ કર્યો છે. સામે તો સત્શાસ્ત્ર છે. પૂર્વાચાર્યોના સત્શાસ્ત્રો હોય, ગણધરની રચના હોય. ઉપયોગને બહાર નીકળવાની જિન આજ્ઞા નથી. સીધી વાત આ છે. જિનેશ્વરદેવની આજ્ઞા તો સ્વરૂપમાં સમાઈ રહેવું એ જ છે. અને એને માટે મેં દીક્ષા ધારણ કરી છે. એને માટે આખા જગતથી દૂર થયા છીએ. છતાં ઉપયોગ બહાર કેમ નીકળે? અંદરમાં ... પછી આ ઉપયોગ બહાર કાં નીકળે છે ? શું કરવા એ પોતાના સ્વરૂપને છોડે છે? જે આનંદની મૂર્તિ છે, આનંદનો પિંડ છે પોતે. અંદર જતાં આનંદ... આનંદ... આનંદ... આનંદ... થઈ જાય છે. બહાર નીકળતાં દુઃખ... દુઃખ... ને દુઃખ થાય છે. આવું તો સ્પષ્ટ જ છે. એટલે બહાર નીકળવામાં કોઈ અપેક્ષા લગાડીને પણ ઠીકપણું માનવું એમને એ વાત નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી' જમ કા દૂત સમજો એમ કહી...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ગમે ગુણસ્થાને સાધક બીજી વાત કરતા નથી, એક જ વાત કરે છે. ચાહે નીચેના ગુણસ્થાને હો, કે ઉપરના ગુણસ્થાને હો. સ્વરૂપમાં રહેવું તે જ પોતાની સાધનાને અનુકૂળ છે અને બહાર નીકળવું એ સાધનાને પ્રતિકૂળ છે. એ સિદ્ધાંત ક્યાંય બદલતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... પડે છે. ... એ તો હીરાની રજની એટલી બધી કિંમત છે એમ કહેવું છે. હીરાની રજ કાંઈ હીરામાં ચોંટાડાય નહિ અને એ કાંઈ હીરાને માટે કામમાં આવે નહિ. પણ એ હીરો કેરેટમાં તોળાય છે તો એની રજ પણ કેરેટમાં

તોળાય છે, એમાં પણ ગ્રામનો હિસાબ લાગતો નથી. એક ગ્રામમાં એક સોમો ભાગ એ કેરેટ છે. એનો કેરેટમાં ને સેંટમાં હિસાબ થાય છે. હીરાની રજ છે. અથવા લબ્ધિ હોય છે ને? મુનિનો પડછાયો પડે ત્યાં સામા જીવમાં એવો રોગ હોય કે કોઈ ઔષધથી ન જતો હોય એ ચાલ્યો જાય. પોતાના પડછાયાથી પોતાને શું લેવા દેવા છે? કાંઈ નહિ. પડછાયો તો પોતાની કામની ચીજ નથી. પણ પોતાની નકામી ચીજ હોય તો બીજાને લાભનું કારણ થાય. એવો ધર્માત્માનો અતિશય હોય છે. એ એક અતિશય છે. પોતાને ઉપયોગ બહાર નીકળે છે એ પોતાને અનુકૂળ નથી. બહાર નીકળતા ઉપયોગથી વાણીનો કોઈ યોગ થાય છે. વાણીમાં શબ્દના પ્રગટ થવા કાળે શબ્દો પ્રગટ થાય છે. એ પોતાને કાંઈ ઈષ્ટ છે એમ નથી, અનુકૂળ છે એમ નથી. છતાં એમાં એ જ વાત આવવાની કે અંદરમાં રહેવું તે અનુકૂળ છે અને આ ઉપદેશ દેવો તે અમને અમારા માટે અનુકૂળ નથી. હે જીવો! તમે પણ અંદરમાં સમાઈને રહો. એમ જ ઉપદેશ દેશું. એમ ઉપદેશ ન દે કે તમે મને સાંભળ્યા કરો. સારું છે તમે મને સાંભળવા આવ્યા. એમ ઉપદેશ ન દે. તમે પણ અંદર સમાઈ જાવ, અમે પણ અંદર સમાઈ જવા માટે પ્રયત્નવંત છીએ. પુરુષાર્થ અમારો એ પ્રકારનો છે અને બહાર નીકળવું એ તો દુઃખ જ છે, એમાં ક્યાંય સુખ છે નહિ.

એ તો લીધું છે .. સાંભળવાવાળાને અને સંભળાવવાળાને પોતપોતાની યોગ્યતાના પ્રમાણમાં નુકસાન છે. દુઃખ કહો, નુકસાન કહો. અહીં તો સુખ-દુઃખનો હિસાબ પૈસામાં ક્યાં કરાય છે? સુખ-દુઃખનો હિસાબ તો આકુળતામાં, શાંતિ કે અશાંતિમાં એનો નુકસાન કે લાભ ગણવામાં આવે છે. સાંભળવાવાળાને સાંભળવા માટે બહાર ઉપયોગ જાય, સંભળાવવાવાળાને સંભળવા માટે જેટલો બહાર ઉપયોગ જાય બંને નુકસાન છે. બંનેને પોતાપોતાની યોગ્યતા અનુસાર એટલે જેટલા પ્રમાણમાં ઉપયોગ બહાર જાય એટલું નુકસાન જ છે. સિદ્ધાંત ક્યાંય ફરતો નથી. પોતે કેટલો સિદ્ધાંતિક.... ૩૧૪ થયો.

દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી. ૩૧૫.

૩૧૫. દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. '**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે.**' દૃષ્ટિના અવલંબનનો વિષય પ્રારંભથી માંડીને સદાયને માટે, શરૂઆતથી માંડીને પછી સદાયને માટે પોતાનું જે પરમેશ્વર તત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે એ જ એના

અવલંબનનો વિષય છે. મોક્ષમાર્ગીને એના જ્ઞાનમાં ચારિત્રનો દોષ થાય એટલું બહિર્તત્ત્વનું અવલંબન આવે. આચરણના પરિણામને, ચારિત્રના પરિણામને, જ્ઞાનના ઉપયોગને, પુરુષાર્થને. પણ દૃષ્ટિને એવો ફેર પડતો નથી. પૂરેપૂરું પરિણમન શુદ્ધ તત્ત્વને અવલંબન કરવાનું છે. એટલે શ્રદ્ધાન છે એ ગુણથી, શ્રદ્ધાના ગુણથી દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ ત્યારથી તે પૂરો ગુણવાન છે. એ ગુણથી પૂરો ગુણ પ્રગટ (થયો), પૂરો ગુણવાન છે.

મુમુક્ષુ :- એક અપેક્ષાએ મુકત થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એક અપેક્ષાએ કૃતકૃત્ય થઈ ગયો, મુકત થઈ ગયો. દૃષ્ટિની અપેક્ષાએ તો એને કાંઈ હવે બીજી ફરતી નથી દૃષ્ટિ . અહીંયાં તો એ લખ્યું છે.

'**નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે, તેનું અવલંબન દ્રવ્યદૃષ્ટિમાં નથી.**' બાજુમાં જ ઉત્પન્ન થઈ છે. નિર્મળ આનંદ ઉત્પન્ન થયો. જ્યારે શ્રદ્ધાન પ્રગટ થયું ચોથા ગુણસ્થાને ત્યારે સ્વરૂપનો નિર્મળ આનંદ પ્રગટ થયો. દ્રવ્યદૃષ્ટિ એની સામે જોતી નથી. ચોથા ગુણસ્થાનવાળાની દ્રવ્યદૃષ્ટિ આનંદની જોતી નથી અને તેરમા ગુણસ્થાને પરમાનંદ પ્રગટ થયો ત્યાં પણ દ્રવ્યદૃષ્ટિ એ પરમાનંદની સામે જોતી નથી. એવું એને પરમેશ્વર તત્ત્વ હાથ લાગ્યું છે, એવો એનો પત્તો લાગ્યો છે કે હવે એને છોડીને ક્યાંય બીજે જાય, નહિતર બાજુમાં જ છે, નિર્મળ પર્યાય દૂર નથી, જીવની એક જ પર્યાયમાં દ્રવ્યદૃષ્ટિ છે અને તે જ પર્યાયમાં સ્વરૂપનો આનંદ છે. અને પહેલો જે આનંદ પ્રગટ્યો છે ચોથા ગુણસ્થાને એ તો અનંત કાળમાં નહિ પ્રગટેલો એવો આનંદનો અનુભવ છે. અભૂતપૂર્વ અપૂર્વ આનંદ પ્રગટ્યો છે અને પછી પછીના ઉપરના ગુણસ્થાને પણ એવો આનંદ તો કોઈ દિવસ સંસારમાં પ્રગટ્યો નથી. અપૂર્વ અપૂર્વ જ પરિણામો બધા થયા છે. ઉત્કૃષ્ટ પરિણામો પણ પહેલા કદી પૂર્વે થયા નથી. તે બધા પરિણામો અપૂર્વ-અપૂર્વ છે. તોપણ દૃષ્ટિ કોઈની સામે જોવે નહિ. એવી કોઈ દૃષ્ટિની મસ્તી છે. કોઈની સામે જોવા એ તૈયાર નથી. બીજા જોડે રહેલા ચમત્કારી ચૈતન્યના પર્યાયો છે એની સામે તો ન જોવે પણ પોતાની સામે પણ ન જોવે. દૃષ્ટિ પોતાની સામે જોતી નથી. દૃષ્ટિ ફકત દૃષ્ટિનો વિષય જે પરમાત્મતત્ત્વ છે. એને એકની સામે જોવે છે અને બીજા કોઈની સામે જોતી નથી.

મુમુક્ષુ :- પોતાની સામે એટલે પોતાની પર્યાયને?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પોતાના સ્વરૂપને અવલંબે છે. અંતર શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. એ પોતાને પણ અવલંબતી નથી. જો પોતાને અવલંબતી નથી તો બીજી બાજુની પર્યાયને અવલંબવું એ વાત ક્યાં રહી? આવું

પરમેશ્વર તત્ત્વ પાછળ દૃષ્ટિનું પરિણમન છે. એકધારું પરિણમન છે. એટલા માટે એમ લાગે છે કે ભલે ગુણસ્થાન ચોથું છે છતાં એનું મહત્ત્વ વધારે છે એનું કારણ દૃષ્ટિનું આટલું મહત્ત્વપૂર્ણ કાર્ય છે કે કોઈની સામે જોતી નથી. એવું એનું મહત્ત્વપૂર્ણ કાર્ય જોઈને એની પ્રશંસા કરવામાં સમ્યગ્દર્શનનો મહિમા સત્શાસ્ત્રોને વિષે ઠામ ઠામ જોવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પરમેશ્વર તત્ત્વને જ અવલંબે છે. અને સાદિઅનંત પછી એનું જ એને પરિણમન રહે છે પૂરેપૂરું એકધારું, એક જ બાજુ. એનું એવું કાર્ય જોઈને દ્રવ્ય ચોથે ગુણસ્થાને પ્રગટ થાય છે તોપણ એની પ્રશંસા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા આચાર્યો અને ગણધરો પણ એની પ્રશંસા કરે છે. ગણધરદેવ પણ એની પ્રશંસા કરે છે. ૨૮મી ગાથા છે 'રત્નકરંડ શ્રાવકાચાર'ની. આચરણનો અધિકાર (છે). ગ્રંથ જ આચરણનો ગ્રંથ છે. ચરણાનુયોગનો ગ્રંથ છે. કરણાનુયોગ, ચરણાનુયોગ ગમે તે અનુયોગ લો. હમણાં એક Aricle તૈયાર થયો છે. ભાઈએ તૈયાર કર્યો છે. આધાર, શાસ્ત્ર આધાર. એવા બધા ચારેય અનુયોગના શાસ્ત્રમાંથી આધાર મળે છે. એટલો સમ્યગ્દર્શનનો મહિમા કર્યો છે ચારે અનુયોગમાં, એટલો સમ્યગ્દૃષ્ટિનો મહિમા કર્યો છે.

મુમુક્ષુ :- દૃષ્ટ સ્વભાવને અવલંબે છે ત્યાં તો દૃષ્ટિનું કાર્ય પૂરું થયું ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- પૂરેપૂરું કાર્ય થઈ જાય છે. અધૂરું નથી રહેતું. જે ગુણ પૂરો વિકાસ પામે એનો મહિમા કેટલો હોય? ભલે ગુણસ્થાન ગમે તે હોય એની સાથે સંબંધ નથી પણ એનો મહિમા ઘણો કરવામાં આવ્યો છે. ધવલ કરણાનુયોગના શાસ્ત્રો છે તો ધવલમાં એમ છે, ગોમટસાર કરણાનુયોગના શાસ્ત્ર છે તો ગોમટસારમાં એનો મહિમા છે. રત્નકરંડશ્રાવકાચાર શ્રાવકના ચરણાનુયોગનો ગ્રંથ છે તો એમાં ગણધરદેવની સાક્ષી લીધી છે. ગણધરદેવ આમ કહે છે. ગણધરદેવ એને દેવ કહે છે એમ લીધું છે. ઠીક! દાખલો લીધો છે કે ચાંડાળ હોય તોપણ એને દેવ કહે છે. એવો દાખલો લીધો છે. ભાવનાના ગ્રંથો છે 'પરમાત્મપ્રકાશ', 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ઠામ ઠામ ગ્રંથોમાં એ વાત છે. એટલા બધા આધાર મળ્યા છે કે ઢગલાબંધ આધાર એમણે આપ્યા છે તોય એમ થાય છે કે ઘણા રહી જાય છે. એટલા બધા આધાર આપ્યા છે. ... ઢગલાબંધ આધાર આપ્યા છે.

'નિયમસાર' 'કુંદકુંદાચાર્યદેવ' ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ની ભાવનાનો ગ્રંથ છે. મારી નિજ ભાવના અર્થે મેં રચના કરી છે. ગ્રંથ પૂરો કરતાં એમ કહ્યું. આ કોઈને

ઉપદેશ દેવા મેં નથી રચના કરી. સ્વરૂપ ભાવનાની તીવ્રતા આવીને એ ભાવનાને વધારે પોષણ મળે એટલે આ ગ્રંથ રચના કરી છે. એની ટીકા કરતાં 'પદ્મપ્રભમલધારીદેવ' ૭૨મા કળશમાં કહે છે. **'वन्दामहे तं वयम्'**. જે દૃષ્ટિએ સ્વભાવનું અવલંબન લીધું, અમે તો નમસ્કાર કરીએ છીએ. ... સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર કરીએ એટલે સમ્યગ્દૃષ્ટિ શબ્દ વાપર્યો છે, સમ્યગ્દર્શન નહિ.

મુમુક્ષુ :- મુનિરાજ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવા શબ્દો પડ્યા છે. સેકડોં વર્ષ પહેલા લખાયેલી વાત છે. તો એનું કારણ શું છે? તર્ક વિતર્ક થાય એવું છે કે આમ કેમ છે? પણ એ સમ્યગ્દર્શન ખરેખર એવું વંદનીય અને પૂજનીય છે. જો એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજવામાં આવે તો એને વંદન થયા વિના રહે નહિ. એવો વિષય છે. કેમકે પૂરેપૂરું પરમાત્વ તત્ત્વને સમર્પણ છે એનું. ક્યાંય બાકી રાખતું નથી. ગુણસ્થાન બદલાય છે, બીજું બધું બદલાય છે. સમ્યગ્દર્શ કહે છે કે મારામાં તો પહેલેથી કાંઈ બદલવાનું છે જ નહિ. પૂરેપૂરું પહેલેથી પૂરું થાય છે. એટલે ઘણો મહિમા કરવામાં આવ્યો છે.

જો કે એવો તર્ક કોઈ કરે સમ્યગ્દર્શન તો પવિત્રદશા છે આત્માની અને એની તો પૂજા પણ આવે છે. પૂજાના ગ્રંથોમાં સમ્યગ્દર્શન પૂજા આવે છે. એટલે સમ્યગ્દર્શન તો પૂજનીય છે એ વાત તો લાગે છે કે સમ્યગ્દર્શન તો પૂજનીય છે. પણ સમ્યગ્દૃષ્ટિ તો અવિરતી અને અસંયમી છે તો એની પૂજા કેમ થાય?

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પૂજનીય છે તો એના ધારક પણ પૂજનીય થઈ ગયા ને.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દૃષ્ટિ વિનાનું એકલું સમ્યગ્દર્શન લાવી દ્યો તો. તો અમે એકલા સમ્યગ્દર્શનની પૂજા કરીએ. અમારો તર્ક છે તમારી સામે. ક્યાંય પણ એને ધારણ કરનાર એવા આત્મા સિવાય એ ધારણ થતું નથી કે ક્યાંય એકલું જોતું હોય તો એને પ્રાપ્ત કરી શકાતું નથી. મળતું નથી એ. જ્યારે સમ્યગ્દર્શન ગોતવા જઈએ છીએ ત્યાં સમ્યગ્દૃષ્ટિ હોય છે, એકલું સમ્યગ્દૃષ્ટિ વિનાનું સમ્યગ્દર્શન તો ક્યાંય અસંભવ અને અશક્ય છે. માટે એની જો પૂજા કરવી હોય તો સમ્યગ્દૃષ્ટિ વિના સમ્યગ્દર્શનની પૂજા કેવી રીતે થશે? કે કોઈ રીતે થઈ શકશે નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ ધર્મી વિના હોતો નથી. અને ગુણ પ્રગટ થયો એ ગુણી વિના તો નથી. ગુણવાન વિના ગુણ ક્યાં જોશો? એ તો હોઈ શકે નહિ.

એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. એનું કાર્ય તો શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબવાનું છે અને એ કાર્ય એનું સમાપ્ત થાય છે ત્યાં. એથી આગળ એનું કોઈ કાર્ય નથી. પછી

શાસ્ત્રભાષામાં તો જ્ઞાનની મુખ્યતાથી પણ સમ્યગ્દર્શનની વ્યાખ્યાઓ થાય છે, આચરણની મુખ્યતાથી પણ સમ્યગ્દર્શનની વ્યાખ્યા થાય છે, પુરુષાર્થની મુખ્યતાથી પણ સમ્યગ્દર્શનની વ્યાખ્યા થાય છે, આનંદ અને સુખ-શાંતિની મુખ્યતાથી પણ સમ્યગ્દર્શનની વ્યાખ્યા થાય છે. તો ભાષા બદલતા ક્યાંય ભ્રમમાં પડવા જેવું નથી કે સમ્યગ્દર્શનમાં કાંઈ બીજું બીજું અને ઘણી રીતે સમ્યગ્દર્શન લાગે છે. એવું કાંઈ નથી. કથન કરવાની છૂટ છે. કથન કરવાની એવી પદ્ધતિ શાસ્ત્રમાં પણ હોય છે અને દરેક કથનની પાછળ કાંઈને કાંઈ હેતુ રહેલો હોય છે. એ હેતુને સમજતા વિષય સ્પષ્ટ થાય છે અને ...પણે એ વાત ઊભી રહે છે કે સમ્યગ્દર્શન છે, દ્રવ્યદૃષ્ટિ છે એ ક્યારેય પરમતત્ત્વ સિવાય કોઈનું અવલંબન કરતી નથી.

મુમુક્ષુ :- બીજા ગુણોથી વર્ણન કર્યું હોય તો નિમિત્ત તરીકે લેવાનું?

પૂજ્ય ભાઈશ્રી :- જ્યાં જે કથન કર્યું છે ત્યાં શું ન્યાય કહેવો છે? શું કહેવાનો હેતુ છે? એટલી તપાસ કરવી. કેમકે અપેક્ષાઓનું તો એટલું બધું વિધ-વિધ ભેદ-પ્રભેદપણું છે કે બધે ક્યાંય એકેય વાત બાંધી લેવામાં આવે અને પછી એની પક્કડ કરવામાં આવે તો અન્યાય થઈ જાય. બીજી અપેક્ષા ત્યાં ચાલતી હોય તો એ ન્યાય નહિ, અન્યાય થઈ જાય છે. એટલે એમાં કોઈ એવી રીતે નિયમ ન કરી લેવાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે. નય કરતાં શબ્દો ઓછા છે. ગુણધર્મ કરતાં પણ શબ્દો ઓછા છે. એટલે એક ને એક શબ્દ અનેક જગ્યાએ પ્રયોગ કરવો પડે છે. અહીંયાં એ પ્રકરણ નથી. અહીં તો એમ કહે છે, એક જ સમ્યગ્દર્શનની વાત અનેક રીતે આવે. જ્ઞાનપ્રધાનતાથી આવે, આચરણ પ્રધાનતાથી આવે....

જીવ દ્રવ્યનું એવું શ્રદ્ધાન થાય છે કે આ જીવ દ્રવ્યનું અનુસરણ કરવાથી, આચરણ કરવાથી, સેવા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થશે. તો એ આચરણનું કાર્ય છે. આચરણની મુખ્યતાથી સમ્યગ્દર્શનની શ્રદ્ધાનની વાત લીધી. ખરેખર શ્રદ્ધાન એ શ્રદ્ધાન છે અને આચરણ એ આચરણ છે.

મુમુક્ષુ :- ૩૧૫ બોલ જે છે એ દ્રવ્યદૃષ્ટિ...

પૂજ્ય ભાઈશ્રી :- એકલી શુદ્ધ શ્રદ્ધાની વાત, દ્રવ્યદૃષ્ટિની જ અપેક્ષાથી એક જ વાત છે. બીજા કોઈ ગુણની અહીંયાં અપેક્ષા નથી. અહીં તો ચોખ્ખી જ વાત છે દ્રવ્યદૃષ્ટિની. દ્રવ્યદૃષ્ટિનું તો જેટલું વર્ગીકરણ કર્યું છે એમાં બધે દ્રવ્યદૃષ્ટિનીજ વાત લીધી છે. પણ દ્રવ્યદૃષ્ટિને સમજાવવા માટે પણ એના ને એના અનેક પડખાથી એને સમજાવ્યું છે એ વિશિષ્ટતા છે. અથવા જ્યારે દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય ત્યારે બીજા

ગુણોમાં પણ કેમ થાય અને કેમ ન થાય એની સાથે પણ દ્રવ્યદૃષ્ટિની સરખામણી કરીને દ્રવ્યદૃષ્ટિના પરિણમનને સ્પષ્ટ કહે છે, સ્પષ્ટ કરે છે. એવો પ્રકાર પણ છે.

મુમુક્ષુ :- 'પરદ્રવ્યતૈં ભિન્ન આપમે રુચિ સમ્યક્ત્વ ભલા હૈ'. સમ્યગ્દર્શનની વ્યાખ્યા કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એ પરદ્રવ્યનું ભિન્નપણું છે, સમ્યગ્દર્શનના વિષયમાં પરદ્રવ્યનું અભિન્નપણું નથી પણ પરદ્રવ્યથી ભિન્ન એવું જે સ્વદ્રવ્ય છે. સ્વદ્રવ્ય કેવું? તો સ્વદ્રવ્યની વ્યાખ્યા કરી લીધી કે પરદ્રવ્યથી ભિન્ન એવું જે સ્વદ્રવ્ય એની જે રુચિ એને સમ્યક્ત્વ કહીએ છીએ. એ ભલું છે, રૂડું છે, સુંદર છે.

મુમુક્ષુ :- એ દ્રવ્યદૃષ્ટિથી કહ્યું?

પૂજ્ય ભાઈશ્રી :- એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. પણ દ્રવ્યદૃષ્ટિમાં ભેદજ્ઞાન ... પરથી, રાગથી ભિન્નપણું એવો વિચાર વિકલ્પ એવો વિસ્તાર નથી. કેમકે જેને પરને વિષય જ કરવો નથી એને પરનું ભિન્નપણું અભિન્નપણાનો ક્યાં પ્રશ્ન છે? એને એ પ્રશ્ન નથી. કેમકે એ તો પરનો વિષય કરતું નથી. પછી પર કેવું છે અને કેવું નહિ, ભિન્ન છે કે અભિન્ન છે, એ ક્યાં એને ચર્ચાનો વિષય (છે), એના પરિણમનમાં આવતો નથી. એને તો એકલું પરમેશ્વરપદ હાથ આવ્યું અને પૂરેપૂરું વિકસિત થઈને, પૂરી શકિતથી એને વળગવાનું થયું. બસ! એનું કાર્ય સમાપ્ત. આ સિવાય બીજી કોઈ ગડબડ એમાં નથી. પોતાનું પરિપૂર્ણ પરમેશ્વરપદ, પરમપદ અને એને ચોટીં જવું, લપેટ થઈ જવું, અભેદ થઈ જવું આ એનું પરિણમન. આથી વધારે કાંઈ દૃષ્ટિના કાર્યમાં ગડબડ નથી. આટલું એ કામ કરે છે.

મુમુક્ષુ :- પોતાના દ્રવ્યમાં આસન જમા દો. 'સોગાનીજી'એ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- આસન જમા દો. પછી જે ગુણ લેવો હોય એ ગુણભેદે લ્યે. પણ અનંત ગુણના સમગ્ર પરિણામ સ્વરૂપને વિષે આવે એ જ બધા ગુણોનું સ્વભાવિક ગુણને અનુકૂળ કાર્ય છે. બાકીનું કાર્ય ગુણથી પ્રતિકૂળ છે. પછી જ્ઞાનમાં? તો કહે ખંડખંડ ઉપયોગ જાય (તે) દુઃખનું કારણ છે. દુઃખ ઉત્પન્ન કરશે. અને તે મોક્ષમાર્ગમાં બીજા ગુણોનું એવું અધૂરું પરિણમન હોય છે એટલે એટલી ત્યાં વિકૃતિ ઉત્પન્ન થાય છે. એટલે એનો-વિકૃતિનો નિષેધ કર્યો છે પણ આ ગુણમાં વિકૃતિ નથી. દ્રવ્યદૃષ્ટિમાં વિકૃતિ નથી. ... માંડીને આગળના કોઈ પણ સાધકપણાના ગુણસ્થાનમાં કે સિદ્ધપણામાં અને એના પરિણમનને જોઈને, એના પરિણમનને સમજીને, એના પરિણમનની અનુભવીને 'કુંદકુંદાચાર્ય' ભગવાને એક સૂત્ર સિદ્ધાંત જગતની સામે મૂક્યું કે '**दंसणमूलो धम्मो**' Article નું Title એ જ રાખ્યું છે.

'**दंसणमूलो धम्मो**' આ મૂળ ધર્મ છે.

એટલે અનેક ધર્માત્માઓએ બીજા ગુણના નિર્મળ પરિણમનમાં એનું કારણ લીધું છે કે જ્ઞાનના શુદ્ધત્વને, જ્ઞાનના સ્વસંવેદનને પ્રતીતિનું કારણ છે. 'દીપચંદજી'એ લીધું ને 'અનુભવપ્રકાશ'માં. જ્ઞાનના શુદ્ધત્વને, જ્ઞાનની નિર્મળતાને, જ્ઞાનના સ્વસંવેદનને પ્રતીતિનું કારણ છે. જ્યાં પ્રતીતિ સહિત સ્વસંવેદન ઊપજ્યું ત્યાં આનંદ ઊપજ્યો. આનંદ વૃદ્ધિગત થયો એવા આનંદના પરિણમનને પ્રતીતિનું કારણ છે. એમ બધામાં પ્રતીતિ નાખી છે. એવા અનંત ગુણના વિકાસને જાણે કે પ્રતીતિ કારણ પડે છે. સ્વરૂપદૃષ્ટિ કારણ પડે છે. મોક્ષમાર્ગની અંદર જે જે ગુણ વધતા ચાલ્યા, વિકસીત થતા ચાલ્યા એ તમામ ગુણોને દૃષ્ટિ કારણ છે. અને 'ટોડરમલજી'એ ત્યાં સુધી વાત લીધી ચિઠ્ઠીની અંદર કે સિદ્ધ આત્માઓ સિદ્ધદશામાં સાદિઅનંત કાળ ટકી રહ્યા છે અને સિદ્ધપદથી ચ્યુત થતા નથી એનું કારણ સમ્યગ્દર્શન છે. એમ કરીને સમ્યગ્દર્શનનો જે પ્રભાવ છે એ સમ્યગ્દર્શનની વિશેષતાઓ વર્ણવી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી તો રહ્યું શું? જેની શ્રદ્ધાની ઊંધાઈ છે એને એકેય ગુણ હોય એ વાત સમ્મત જ કરવામાં આવતી નથી. એટલે તો અષ્ટપાહુડમાં એ વાત લીધી છે કે ચાહે મુનિ દ્રવ્યલિંગી દિગંબર હોય કે ચાહે કોઈ વસ્ત્રધારી સાધક પોતાને સાધકપણું મનાવતા હોય, વસ્ત્રધારી હોય કે વસ્ત્રધારી ન હોય. જો એને '**दंसण**' નથી, આત્માનું દર્શન નથી તો '**दंसण**' વગરનાને વંદન કરવામાં આવતું નથી. એ દર્શન વગરના છે માટે એને ગુણ વગરના કીધા. ગુણ વગરના કહીને એને અસંયમી કહ્યા. સંયમ પાળે છે તોપણ, હોં! બાહ્ય સંયમ ભાવલિંગી જેટલો જ બરાબર પાળે દ્રવ્યલિંગી, તો કહે છે, એ અસંયમી છે અને અસંયમ ન વંદેહિ. ત્યાં એ વાત નાખી છે. અષ્ટપાહુડની વાત દર્શનપાહુડમાં એ વાત ત્યાં નાખી. અસંજણમ ન વંદેહી. સમ્યગ્દૃષ્ટિની વાત નથી લેવી. સમ્યગ્દૃષ્ટિને તો આગળ વંદન કર્યા છે. એ વાત તો સ્થાપી દીધી છે. હવે અહીંયાં વંદન કોને કરવા એ સ્થાપ્યા પછી કોને ન કરવા એની ચરમસીમા શું? કે દ્રવ્યલિંગી પર્યંતના કોઈપણ મિથ્યાદૃષ્ટિ હો, વંદનને લાયક નથી. એ વાત સ્થાપી.

'**દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ અંતઃતત્ત્વને જ અવલંબે છે. નિર્મળ પર્યાય પણ બહિઃતત્ત્વ છે,...**' દ્રવ્યદૃષ્ટિને જે અંતઃતત્ત્વ મળ્યું છે એ અંતઃતત્ત્વની પાસે નિર્મળ પર્યાય કેવળજ્ઞાની હો, ક્ષાયિક દશાની કોઈપણ આનંદની પર્યાય, યથાખ્યાત ચારિત્રની

પર્યાય હો બધી પર્યાય બહિઃતત્ત્વ છે. પર્યાયમાત્ર બહિઃતત્ત્વ છે. કેમકે એ ત્રિકાળીથી બહાર છે. ત્રિકાળીમાં એનો સમાવેશ ક્યાંય નથી. ત્રિકાળીથી બહાર છે તે બહાર જ છે. બહારને બહાર કહેવું, અંદરને અંદર કહેવું એ તો સીધી વાત છે. પરમેશ્વપદથી જે બહાર એ બહાર. પરમેશ્વરપદની અંદર તે પરમેશ્વરપદની અંદર એનો સ્વીકાર છે.

દ્રવ્યદૃષ્ટિમાં તો જરા પણ પ્રગટ પરમેશ્વરપદની પર્યાયનો પણ સ્વીકાર નથી તો બીજી તો શું ...? એટલું પણ એ સ્વીકારતી નથી. કોઈને ગણે નહિ એમ કહે છે ને? આ કોઈને ગાંઠે નહિ, કોઈને ગણે નહિ એવો એનો Power એવો છે. પહેલેથી એવો Power છે. એમ કેમ પણ? એ તો પરમેશ્વરપદ તો પ્રગટ થયું. કેવળજ્ઞાન પરમાનંદ યથાખ્યાત ચારિત્રમાં તો પરમેશ્વરપદ સિદ્ધપદ પ્રગટ થયું છે. એ સિદ્ધપદ અને પરમેશ્વરપદ છે એના કરતાં જે દૃષ્ટિને હાથ લાગેલું એવું જે પરમેશ્વરપદ છે એ અનંતગુણ સમૃદ્ધ છે. અનંતગુણ સમૃદ્ધ છે. તો ઉત્કૃષ્ટ પદને છોડીને અનુત્કૃષ્ટ પદને એ શું કરવા પકડે?

'ગુરુદેવશ્રી' તો પ્રવચન કરતા એમ કહેતા, 'પરમાત્મ પ્રકાશ'નું પ્રવચન લીધું છે બીજા ભાગમા દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં 'ગુરુદેવ'નું પ્રવચન (લીધું છે), કે જે દૃષ્ટિને હાથ લાગેલું આ પદ તે પરમપદ છે અને એની પાસે કેવળજ્ઞાનની પર્યાય તે અપરમપદ છે, અપરમભાવ છે. આ પરમભાવ છે, બાકીના બધા અપરમભાવ છે. કેવળજ્ઞાન પર્યંતના ભાવો અપરમભાવ છે. આવું દૃષ્ટિનું મૂલ્યાંકન છે પોતાના નિજ પદનું. બીજાને સ્વીકારવાની વાત નથી.

ધણી તો એક હોય, બે હોય નહિ. તો એણે એમ નક્કી કર્યું, સમ્યગ્દર્શનની પર્યાયે કે આ મારો ધણી. વાત પૂરી થઈ ગઈ. હવે બીજી કોઈ વાત આવે તો એ વાત અમને નથી. એવું એનું પરિણમન, એ ગુણ જ એવો છે કોઈ સ્વભાવિકપણે. બહુ લીધું છે. બહુ ભાવનાથી પ્રવચન ચાલ્યું છે. આમ તો એ ચર્ચા છે એ અધ્યાત્મના પ્રકરણમાં પણ બંધ-મોક્ષની ચર્ચાની પ્રધાનતા છે અને એ પ્રયોજનભૂત ચર્ચા ગણવામાં આવે છે. દૃષ્ટિના વિષયમાં એ આવતા નથી. બંધ-મોક્ષ દૃષ્ટિના વિષયમાં ક્યાંય આવતા નથી. પહેલેથી એમાં એ આવતા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ગાથા તો એ જ છે ને?

દ્રવ્ય પરિણમન વિનાનું છે. ઉત્પાદ-વ્યય વિનાનું છે. **'ण वि उप्पज्जइ ण वि मरइ'**. એના ઉપર દૃષ્ટિ દેવાની છે. એવું સાંભળીને શિષ્યએ પ્રશ્ન કર્યો કે શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી આત્મા મોક્ષનો કર્તા નથી તો પછી એમ સમજવું જોઈએ કે

શુદ્ધનયથી આત્માને મોક્ષ જ નથી અને જો આત્માને મોક્ષ ન હોય તો મોક્ષને માટે યત્ન કરવો વૃથા છે. પ્રત્યત્ન કરવો, પુરુષાર્થ કરવો એ વૃથા છે. તો આનો ઉત્તર કહે છે કે, વસ્તુ જે સત્ ચિદ્ ત્રિકાળ છે તે સ્વયં વસ્તુ તો બંધ-મોક્ષને કરતી નથી. એ વસ્તુ પોતે બંધ-મોક્ષને કરતી નથી.

પરિણત થયેલી જે પર્યાય તેમાં બંધ-મોક્ષ, બંધ છે, મોક્ષ છે, મોક્ષનો માર્ગ છે એ બધું છે પણ શુદ્ધ નિશ્ચયનયથી વસ્તુમાં મોક્ષ નથી તો પછી શુદ્ધ નિશ્ચયનયથી મોક્ષનો પુરુષાર્થ પણ નથી જ. એમ સ્થાપ્યું છે. મોક્ષ છે તે બંધપૂર્વક છે. મોક્ષની પર્યાય આત્મામાં થાય છે તે બંધપૂર્વક છે. બંધનો ઉત્પાદ થાય છે, બંધનો નાશ થાય છે અને બાદમાં મોક્ષ થાય છે અને જે બંધ છે તે શુદ્ધ નિશ્ચયથી તો આત્માને થતો જ નથી. શુદ્ધ નિશ્ચયનયથી બંધ થતો નથી તો વસ્તુના સ્વરૂપથી શુદ્ધ નિશ્ચયનયથી જો બંધ થતો હોય તો, ખરેખર તો થતો જ નથી, પણ માનો કે શુદ્ધનિશ્ચયનયથી પણ વસ્તુના સ્વરૂપને બંધ થાય છે તો બંધ કોઈ દિવસ છૂટે નહિ. એ ન્યાય સ્વીકારવો પડશે. શુદ્ધ નિશ્ચય અર્થાત્ શુદ્ધ સત્ત્વ વસ્તુ ત્રિકાળ એકરૂપ છે એને એકરૂપના નયથી દેખવાથી એને બંધ જ નથી. બંધ નથી તો બંધનો અભાવ પણ તેને નથી. જો બંધનો સદ્ભાવ નથી તો બંધનો ભાવ પણ નથી. એથી એને બંધ નથી તો મોક્ષ પણ નથી જ. આવું વસ્તુનું તત્ત્વ બંધ-મોક્ષ વિનાનું સ્થાપ્યું છે.

મુમુક્ષુ :- કયુ પ્રવચન છે?

પૂજ્ય ભાઈશ્રી :- ૬૮ નંબરની 'પરમાત્મપ્રકાશ'ની ગાથા ઉપરનું 'ગુરુદેવ'નું પ્રવચન છે. વસ્તુ જે શુદ્ધ પારિણામિક સ્વભાવ છે એ ક્યારે પણ પરિણમતી નથી. ઉત્પાદ-વ્યયમાં આવતી નથી. આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, પુરાણી અવસ્થાનો નાશ થાય છે એ પર્યાયનું કાર્ય છે. વસ્તુ ધ્રુવ છે એ તો જેવી ને તેવી છે. અવિનશ્વર શકિતમાન સ્વતત્ત્વ છે. તે શુદ્ધ પારિણામિક છે તથા પરમસત્ય સ્વરૂપ એકરૂપ પરમભાવ છે. અહીંયાં વાત લીધી છે, એકરૂપ પરમભાવ છે. વિકાર, પર્યાય એક સમયનો ભાવ અપરમભાવ છે. તેને વસ્તુ જે ત્રિકાળી છે જે શુદ્ધ પરમભાવને ગ્રહણ કરવાવાળો શુદ્ધનય છે તેને કરતો નથી. તેને વસ્તુ કરતી નથી.

શુદ્ધનય જે પરમભાવથી જેને ગ્રહણ કરે છે એવો જ પરમભાવ, તે એક સમયની પર્યાયને વસ્તુ કરતી નથી એમ જોવે છે. ભગવાન શુદ્ધ પારિણામિક વસ્તુ સ્વયં ન તો બંધને કરે છે, ન બંધનો અભાવ કરે છે. કેવળજ્ઞાન પણ એક સમયની દશા છે. કેવળજ્ઞાન પણ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળીને જાણતાં, કેવળજ્ઞાન ત્રિકાળીને જાણતા કેવળજ્ઞાન એક સમયની દશા છે. સિદ્ધ પણ એક સમયની દશા છે.

મુમુક્ષુ :- આ પર્યાયની ઉપાદાન શક્તિ...પર્યાય પર્યાયથી જ પ્રગટે છે, દ્રવ્યથી નહિ..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય છે એ પર્યાય અંગ છે. ત્રિકાળી અંગનું કર્તા-કર્મપણું એને નથી. એ વાત સ્થાપી આમાં. એમાં હેતુ લેવો છે કે જોર છે એ પર્યાય ઉપરનું જોર છે એ વિરુદ્ધ દિશાનું જોર છે. કેમકે તે બહિર્તત્ત્વ છે. બોલમાં અનુસંધાન લઈએ તો નિર્મળપર્યાય પણ બહિર્તત્ત્વ છે એમ કહેતેં કહેવા પાછળ હેતુ એ છે કે એના ઉપર તું જોર દઈશ નહિ. તારું જોર અંતઃતત્ત્વ ઉપર જવું જોઈએ, બહિર્તત્ત્વ ઉપર જોર જવું જોઈએ નહિ. અને હંમેશા જોર દૃષ્ટિને અનુસરે છે. પુરુષાર્થ દૃષ્ટિને અનુસરે છે. દૃષ્ટિ જે બાજુ પરિણમે જોર એ બાજુ લાગે. વિરુદ્ધ દશામાં જોર લાગે નહિ. વિરુદ્ધ દિશામાં જોર હોય તોય તૂટતું જાય અને સરવાળે પૂરેપૂરું તૂટી જાય.

એટલે પ્રથમથી જ જોર ક્યાં દેવું એ વાત દૃષ્ટિના માધ્યમથી સમજાવવામાં આવે છે. જુઓ દૃષ્ટિ તો જુઓ! સામું જોતી નથી. નિર્મળ પર્યાયની સામે જોતી નથી. બહિર્તત્ત્વ ગણીને એની સામું ન જોવું એવો એનો ધર્મ છે અને એવા ધર્મને વંદન કરવામાં આવે છે. આમ વાત છે. પહેલાં પ્રવચનમાં તો ૪૩ ગાથાના પ્રવચનમાં તો 'સોગાનીજી'ને યાદ કર્યા છે. કેમ કે ઉત્પાદ-વ્યય...

'भावाभावहि संजुवउ भावभावहिँ जो जि।
देहि जि दिट्ठउ जिणवरहिँ मुणि परमप्पउ सो जि।।'

દેહમાં વિદ્યમાન એવા તીર્થંકર પરમાત્માએ એવો આત્મા જોયો છે કે જેને-ધ્રુવ આત્માને ભાવ-અભાવ એટલે એને ઉત્પાદ-વ્યય વિનાનો જોઈ લીધો છે. ભગવાને પોતાનું સ્વરૂપ દેહમાં રહીને પણ ઉત્પાદ-વ્યય વિનાનું જોઈ લીધું છે. એ ગાથા છે, મૂળ ગાથા એ છે.

પર્યાયના એકત્વરૂપ જે મિથ્યાત્વ છે એ તોડવા માટે શુદ્ધનયના વિષયભૂત અથવા દૃષ્ટિના વિષયભૂત સ્વતત્ત્વનો બોધ અને એની દૃષ્ટિ અનિવાર્ય છે. નહિતર પર્યાયનું એકત્વ અનાદિથી જે પર્યાય મૂઢા પરસમયા એ જે ચાલ્યું આવે છે એ છૂટવાનો કોઈ ઉપાય નથી. એટલા સૂક્ષ્મ કાળમાં એક સમયમાં એકત્વ થઈ જાય છે કે પર્યાયનું એકત્વ છૂટે નહિ અને પર્યાયનું એકત્વ છૂટે નહિ ત્યાં સુધી મિથ્યાત્વ છૂટે નહિ. એક દ્રવ્યદૃષ્ટિ એ એક એવી ચીજ છે કે જે પર્યાયના એકત્વને તોડી નાખે છે.

પર્યાયના એકત્વમાં દર્શનમોહનો સદ્ભાવ છે અને પર્યાયનું એકત્વ છૂટવામાં દર્શનમોહનું છૂટવું છે, એનો નાશ છે. આમ સીધેસીધો વિષય તો દર્શનમોહને લાગુ પડે છે. એટલે એક લાલબત્તી એટલા માટે મૂકવામાં આવે છે. આવા જે બોલ આવે

છે એની પાછળ એ મુખ્ય હેતુ હોય છે કે સામાન્ય રીતે નિર્મળ પર્યાય અને અધ્યાત્મ પર્યાયોનો શાસ્ત્રની અંદર ઉપદેશ છે. એવી પર્યાયો પ્રાપ્ત કરવાનો ઉપદેશ છે. પણ એ વાત મર્યાદિત છે કે એ બહિર્તત્ત્વ છે. એ વાતની મર્યાદા રાખીને છે. દૃષ્ટિ એને સ્વીકારતી નથી એ વાત રાખીને છે. ત્રણે કાળે દૃષ્ટિ સ્વીકારતી નથી એ વાત રાખીને છે.

નિર્મળ પર્યાય પ્રાપ્ત કરવા યોગ્ય છે, ઉપાદાન છે એમાં ગુણ પ્રગટ્યા છે. પવિત્રદશા છે, મહિમાવંત દશાઓ છે પણ આ વાત રાખીને કે એનું એકત્વ કરવાની વાત ... નથી. એકત્વ છોડીને વાત છે. અહીં સુધી રાખીએ...

સત્સંગનો સામાન્ય અર્થ 'સત્' જેને પ્રગટ છે, તેવા મહાત્માના સંગ-ચરણ સામીપ્યને કહેવામાં આવે છે. પરંતુ વર્તમાન કાળે તેની દુર્લભતા ઘણી છે. તેથી આત્માર્થી જીવો, સમગુણી જીવો, એક ધ્યેયવાળા જીવોનો સંગ પ્રાયઃ સત્સંગ કહેવા યોગ્ય છે. પરંતુ ચાર વિકથા રહિત, સત્ સ્વરૂપ અને તેની પ્રાપ્તિ સંબંધિ વિચારણામાં જ તેની સમાપ્તિ પ્રાયઃ થાય છે. તેમાં ગુણ-દોષની પણ અનેક પ્રકારે વિચારણા થતી હોવા છતાં, પરસ્પરના દોષો, ગુણ દૃષ્ટિએ વિચારવાની પદ્ધતિનો પ્રાયઃ અભાવ વર્તે છે. ત્યાં સુધી સરળતાની ખામી રહે છે, અથવા નિષ્પક્ષ થઈ સત્સંગ કરવામાં આવતો નથી, અને થોડો અથવા ઘણો સ્વચ્છંદ પણ ચાલુ રહે છે, અને ત્યાં સુધી સત્પુરુષના યોગે પણ, તેમની ઓળખાણ થઈ શકતી નથી. ત્યાં અપ્રગટ સત્ - પોતાનું સ્વરૂપ તો ઓળખવું ન જ બને, તે સહેજે સમજાય તેમ છે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૩૯)

તા. ૧૭-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૬
પ્રવચન નં. ૨૪૨

પોતાનો મહિમા જ પોતાને તારે. બહારના ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યમહિમા સમજવામાં નિમિત્ત થાય છે. ૩૧૬.

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૧૬, પાનું-૧૦૬. સ્વરૂપ મહિમા. '**પોતાનો મહિમા જ પોતાને તારે.**' રાગથી તરાય, મન-વચન-કાયાની ક્રિયાથી તરાય કે બહિર્લક્ષી જ્ઞાનથી તરાય એવું બનતું નથી. પોતાના મહિમામાં પોતાનું સ્વરૂલક્ષી જ્ઞાન છે, પોતાના મહિમામાં પોતાના ગુણ સ્વભાવની રુચિ છે અને પોતાના મહિમામાં પોતાના સ્વરૂપનો પરમ આદર અને સર્વસ્વપણે ઉપાદેયતા છે. એવો જે પોતાનો મહિમા એ જ પોતાને તારે, બીજું કોઈ તારે નહિ. એવો જે પોતાનો મહિમા તે જ પોતાને તારે. એક સિદ્ધાંતના સૂત્ર જેવું વચન છે.

કોણ તારે? કયા પરિણામથી જીવ તરે? એવા પ્રશ્નનો આ સીધો ઉત્તર છે. સીધો પ્રશ્ન એનો સીધો આ ઉત્તર છે કે પોતાનો મહિમા જ પોતાને તારે અને બીજું કોઈ પોતાને તારે નહિ. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર કે એ મહિમામાં સમાય છે. સ્વરૂપ મહિમામાં રાગ લેતા નથી, સ્વરૂપ મહિમામાં પરલક્ષી જ્ઞાન લેતા નથી, સ્વરૂપ મહિમામાં બીજી ક્રિયા લેતા નથી, જડની કોઈ ક્રિયા લેતા નથી.

અનંત મહિમાવંત એવું જે પોતાનું સ્વરૂપ જેવું છે, જેવડું છે એવું ને એવું જ પોતાના જ્ઞાનમાં પ્રતિભાસિત થાય, અવભાસિત થાય ત્યારે એટલી જ્ઞાનમાં કિંમત આવી એ એનો મહિમા જ્ઞાને ધારણ કર્યો. સ્વરૂપનો મહિમા ત્યાં જ્ઞાને ધારણ કર્યો. એ સ્વરૂપ અનંત ગુણવાન હોવાથી ગુણ સ્વભાવની અનન્ય રુચિ પ્રગટી એ પણ મહિમામાં જ સમાય છે. અને એવા જ સ્વરૂપની સર્વસ્વપણે ઉપાદેયતા ભાવમાં આવી એ પણ એના ગુણમાં સમાય છે. તેથી પોતાનો મહિમા જ પોતાને તારે, બીજું કોઈ પોતાને તારે નહિ. તરવા માટે આ સીધી સાદી વાત છે.

દર્શન-જ્ઞાન-ચારિત્રથી જે વાત કરવામાં આવે છે એના કરતાં પણ બહુ સાદી ભાષામાં અહીંયાં વાત છે. સાદી ભાષામાં એટલે કોઈને પણ સમજાય. ઓછા ઉઘાડમાં પણ સમજાય. કેમકે જીવ મહિમા કરી રહ્યો છે. ઊંધા દર્શન-જ્ઞાન-ચારિત્રને સમજે, ન સમજે પણ જીવ મહિમા તો કરી જ રહ્યો છે. બહુભાગ જીવો જડનો મહિમા કરી રહ્યા છે. તો બહુભાગ જીવો રાગનો મહિમા કરી રહ્યા છે. પણ આત્મસ્વભાવનો મહિમા છે એ એક જ એને તારે છે સંસારથી, બીજું કોઈ તારતું નથી.

'**પોતાનો મહિમા જ પોતાને તારે.**' બહારનાં ભક્તિ-મહિમાથી નહિ પણ ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. વધારે ચોખ્ખું કરે છે. બહારનો જે ભક્તિ-મહિમા છે એમાં મુખ્યતયા રાગની પ્રવૃત્તિ છે અને મન-વચન-કાયાની પ્રવૃત્તિ છે, એ મહિમાની અહીંયાં વાત લેતા નથી. એમ બહાર ... મન-વચન-કાયાની ક્રિયા અથવા સમર્પણ હોય કોઈપણ જાતનું. તન-મન-ધનનું સમર્પણ છે અને રાગ છે, રાગનો ઉછાળો છે એનાથી નહિ. પણ ચૈતન્યની પરિણતિમાં, ચૈતન્યની પરિણતિ છે એ સ્વરૂપલક્ષી જ્ઞાનની પરિણતિ છે. અને એ જ્ઞાનમાં પોતાનો જેટલું મહિમાવંત સ્વરૂપ છે, જેવું મહિમાવંત સ્વરૂપ છે એવું જ બરાબર એટલું જ જ્ઞાનમાં આવે છે. ત્યારે ખરેખર મહિમા થયો, મહિમા આવ્યો, મહિમા સમજાયો એમ કહેવામાં આવે છે.

એક બીજો પ્રકાર સ્પષ્ટ કરીએ તો કે સ્વરૂપ તો સમજાય છે પણ મહિમા કેવી રીતે કરવો? સ્વરૂપ સમજાયું હોવા છતાં, આગમથી, યુકિતથી, ન્યાયથી, તર્કથી સમજાયું હોવા છતાં જો મહિમા કેમ કરવો એ વાત બાકી રહેતી હોય તો સમજાયું નથી અથવા સમજાયું તેને ઓઘસંજ્ઞાથી સમજાયું એવું નામ દેવું જોઈએ. એ ઓઘસંજ્ઞાએ સમજાયું છે. નહિ તો જે મહિમાવંત છે એનો મહિમા કેમ ન આવે? આ સવાલ છે. મહિમાવંત છે એનો મહિમા કેમ આવે? એ સવાલ અસ્થાને છે. ખરેખર તો મહિમાવંત છે એનો મહિમા કેમ ન આવે? આવે જ આવે. કેમ આવે એ પ્રશ્ન છે નહિ. એ ખરેખર સમજાયાનો પ્રશ્ન નથી. ભલે સમજણ દેખાતી હોય એમાં આત્માની તોપણ ખરેખર એ આત્માની સમજણ નથી.

એટલે ગૂઢ ભાષામાં એટલી (વાત કરી છે) કે '**ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમા...**' ચૈતન્યની પરિણતિ અને ચૈતન્યનો નિજ મહિમા. આ તરવાનું એકમાત્ર સાધન છે. આનાથી જ તરાય છે. ત્રણે કાળે આ એક જ માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. તરવાનો તો આ એક જ માર્ગ છે. એટલા માટે મહિમાથી વાત લીધી

છે કે મહિમાને જીવ સમજી શકે છે. જેની મુખ્યતા આપે છે, જેનો મહિમા પોતાના પરિણામમાં થાય છે એને જીવ સમજી શકે છે. મહિમાનો વિષય પોતાનું શુદ્ધાત્મ તત્ત્વ અથવા સ્વભાવ છે, પોતાનું સ્વરૂપ છે. જો મહિમાનો વિષય હોય તો તે યથાર્થ છે અને એ સિવાય બીજો કોઈ વિષય હોય તો તે યથાર્થ નથી. સ્વભાવને છોડીને બીજો મહિમા, બીજાની અધિકાઈને નહિ છોડવા દે અને જ્યાં સુધી સ્વભાવથી બીજામાં અધિકપણું રહ્યું છે ત્યાં સુધી ગમે તેટલી સમજણ પણ કાર્યગત થવાની નથી, સફળ થવાની નથી, બેકાર જશે.

મુમુક્ષુ :- મહિમાથી બધા ગુણો સુલટી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો મહિમામાં બધા ગુણોનો રસ છે. બીજી રીતે કહીએ તો મહિમામાં બધા ગુણોનો રસ છે. એમાં જ્ઞાન છે, શ્રદ્ધાન છે, આચરણ છે, પુરુષાર્થ છે. જે-તે મુખ્ય ગુણો પ્રયોજનભૂત કાર્યની સિદ્ધિમાં કામ કરે છે એ બધા ગુણોનો રસ મહિમામાં આવે છે. એટલે એક એક ગુણ ભેદથી નહિ સમજાવતા અભેદ પદ્ધતિથી જ્યારે સમજાવવું હોય ત્યારે જ્ઞાનીપુરુષની આવી વાત આવે છે. કેમકે એ અભેદ પરિણતિ પણ અભેદ કરવી છે, અભેદ પરિણતિમાં નીકળેલી વાત છે. એટલે એના વાચ્યને એ યથાર્થ રીતે પ્રસિદ્ધ કરે છે.

મુમુક્ષુ :- ... ઊલટો જાય છે એ પોતાનો મહિમા નથી એટલે જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. અન્ય પદાર્થનો મહિમા છે. ગુણોના પરિણામ ત્યાં જાય છે.

અહીં તો બીજી રીતે વાત લીધી છે કે મહિમામાં જો બધા ગુણોથી અભેદ પરિણામ જે મહિમાનું પરિણામ છે, એમ કહેવું છે. અને ગુણભેદથી વાત લેવાને બદલે આવી અભેદ, બધા ગુણોની અભેદ પરિણતિથી વિવિક્ષા કરી, કથનની પદ્ધતિ કરી, શૈલી કરી એમાં પણ એક પરમાર્થ છે કે ગુણભેદથી કહેતાં બહુભાગ જીવો ગુણભેદમાં એવા રોકાય છે કે કોઈપણ વાત આવે ત્યારે કયા ગુણની પર્યાય છે? એમ એને થાય છે. આ કયા ગુણની પર્યાય છે? આ કયા ગુણની પર્યાય છે? એમ એને થાય છે. એવી રીતે જુદું જુદું પાડીને ભેદની રુચિથી ભેદમાં રોકાઈ જાય છે તોપણ એને અભેદ પરિણતિ સધાતી નથી અને કાર્ય થતું નથી. એટલે એ પણ એક વિકલ્પનો વિષય રહી જાય છે. જ્યાં જ્યાં આવી પદ્ધતિ આવે છે ત્યારે એ કથનની અંદર કેટલી વાસ્તવિકતા પ્રદર્શિત થાય છે? વાસ્તવિકતાને એ કથનમાં ઊભી કરી દે છે એ સ્પષ્ટ થાય છે.

એટલે તરવાનો માર્ગ બહુ સંક્ષેપમાં કહી દીધો. એકદમ સંક્ષેપમાં માર્ગ કહી

દીધો. એક જ વચનમાં કે '**પોતાનો મહિમા જ પોતાને તારે.**' બીજું કોઈ પોતાને તારે નહિ. હવે અંતર તપાસનો વિષય થઈ પડે છે આ. આ જીવ કોનો મહિમા કરે છે? ક્યાં ક્યાં અધિકતા આપે છે? જ્યાં જ્યાં અધિકતા આપે છે ત્યાં એનો મહિમા આવી જાય છે. સ્વરૂપ સિવાય કોઈ અધિક નહિ.

મારો સ્વભાવ એ જ સર્વોત્કૃષ્ટ! એની અધિકતા, એ સિવાય મને કાંઈ અધિક નથી. આ વિષય લક્ષ બહાર ચાલ્યો જાય તો આખું પ્રયોજન ફરી જાય. પ્રવૃત્તિ રહી જાય દેવ-ગુરુ-શાસ્ત્ર, બીજી-ત્રીજી પણ એ બધી બહારની ભક્તિની મહિમા થઈ ગઈ એ વખતે. બહારની ભક્તિ-મહિમા અને અંતરની ભક્તિ-મહિમા એમાં ફેર શું છે? કે અંતરની ભક્તિ મહિમાવાળાને પણ બહારની ક્રિયા તો ભક્તિ મહિમાની દેખાય છે અને અંતરનો ભક્તિ-મહિમા ન હોય એને પણ બહારની ક્રિયા ભક્તિ-મહિમાની દેખાય છે. એકને સ્વભાવનું લક્ષ છે, અધિકતા છૂટતી નથી. બીજાને સ્વભાવનું લક્ષ નથી, એની અધિકતા એને આવી નથી. પણ મૂંઝવણ ન રહે એવી વાત છે. કેમ તરાય એ પ્રશ્ન ઊભો ન રહે એવી આ વાત છે કે પોતાનો મહિમા જ પોતાને તારે. એ સિવાય પોતાને કોઈ તારશે નહિ.

'**ચૈતન્યની પરિણતિમાં ચૈતન્યના નિજ મહિમાથી તરાય છે. ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.**' બહારમાં. દેવ-ગુરુ-શાસ્ત્ર ભગવાનનું નામ લીધું છે. ભગવાન કહો, ભગવાનના મુખ્ય પુત્ર છે એવા મુનિરાજ કહો. મોટા પુત્ર છે. અને સમ્યગ્દૃષ્ટિ એના લઘુનંદન છે. લઘુ એટલા નાના પુત્ર છે. નંદન એટલે પુત્ર. સમ્યગ્દૃષ્ટિને લઘુનંદન કહ્યા છે. મુનિરાજને મોટા-જયેષ્ઠનંદન કહ્યા છે, ગુરુનંદન કહ્યા છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને?

પૂજ્ય ભાઈશ્રી :- મુમુક્ષુને હજી વારો નથી આવ્યો. મુમુક્ષુનો હજી વારો નથી એમાં.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શનમાં આવે પછી જ વારો આવે.

પૂજ્ય ભાઈશ્રી :- પછી જ વારો આવે, એ પહેલા વારો નથી. એટલે જલ્દી-ઉતાવળા થવા જેવું નથી. મારું ક્યાં? મારું ક્યાં? તારે સ્થાન જોઈતું હોય તો આવી જા. સ્વરૂપના મહિમામાં આવી અને સ્વરૂપને પ્રગટ કર. એ તો વિનયથી પોતે લઘુનંદન કહે છે. પણ ભગવાન તો એને એની કરણ લબ્ધિમાં આવતા જ જિનની સંજ્ઞા આપે છે. 'નેમિચંદ્રાચાર્યદેવ' કહે છે કે, જિનત્વ પ્રાપ્ત થયું હોવાથી અમે એને જિન કહીએ છીએ. એવી જિનની સંજ્ઞા આપે છે ત્યાં. જિન સંજ્ઞા આપી તો પ્રશ્ન

કર્યો પોતે ને પોતે કે એવી સંજ્ઞા અહીંયાં શું કરવા આપો છે? હજી તો પહેલે પગથિયે પગ મૂક્યો છે. તો કહે છે, જિનત્વ પ્રાપ્ત થયું હોવાથી અમે એને જિન સંજ્ઞા આપીએ છીએ. સમ્યક્ પ્રકારે જેણે મિથ્યાત્વ જેવા મહાન વેરીને જીત્યો, સમ્યક્ પ્રકારે સ્વાભિમુખ થઈને, અંતર્મુખ થઈને અલૌકિક પ્રચંડ પુરુષાર્થ પ્રગટ કરીને, અપૂર્વ પરાક્રમ કરીને મિથ્યાત્વ જેવા મહા યોદ્ધાને પછાડ્યો. અનંતાનુબંધી જેવા મહાયોદ્ધાને પછાડ્યો. સંસારના મહાન કારણનો નાશ કર્યો અમે એને જિનત્વ ગણીને જિન સંજ્ઞા આપીએ છીએ. આચાર્યદેવે પરમાગમમાં આ બધા ખુલાસા કરેલા છે.

'**ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.**' જેને પોતાના નિજ પરમેશ્વરનો મહિમા આવ્યો એને એવું જ પરમેશ્વર સ્વરૂપ બતાવનારા એવા ભગવાનનો સાચો મહિમા આવે છે. ખરેખર તો દેવ-ગુરુ અને શાસ્ત્રના મહિમાની અપેક્ષા જ આ છે, બીજી કોઈ અપેક્ષા એમાં નથી. આ એક જ અપેક્ષા છે કે મારા અનંત મહિમાવંત સ્વરૂપને દર્શાવિનારા આ જગતમાં હોય તો આ ત્રણ છે-દેવ-ગુરુ અને શાસ્ત્ર. મારા અનંત મહિમાને બતાવનારા, મારા મહિમાવંત સ્વરૂપને દર્શાવિનારા આ છે. જેવું આત્મસ્વરૂપ એ કહે છે એવું પ્રગટ કરીને દર્શાવે છે. તેથી તે મહિમાને યોગ્ય છે, ભક્તિને યોગ્ય છે એમ અહીંથી સમજે છે. ત્યાંથી અહીં સમજાવાને બદલે અહીંથી એમને સમજે છે. ઉપાદાનથી નિમિત્તનો વિવેક કરે છે.

'**ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.**' એમાં ઉપાદાનના મહિમાથી નિમિત્તના મહિમાનો પ્રકાર લીધો છે અહીંયાં. જેને પોતાના નિજ ચૈતન્યનો મહિમા આવ્યો એને નિમિત્તરૂપ જે ભગવાન છે એનો સાચો મહિમા આવ્યો. ઉપાદાનના મહિમા વિના ભગવાનનો કોઈ મહિમા કરે છે તો એવો મહિમા તો અનંત વાર આ જીવે પણ ઓઘે ઓઘે અનંત વાર કર્યો છે. સમવસરણમાં મણિરત્ન દિવા ને કલ્પવૃક્ષના ફૂલથી ભગવાનની આરતી ઉતારી છે. એટલે જગતના ઊંચામાં ઊંચાં બાહ્ય પદાર્થોનું સમર્પણ કર્યું છે ભગવાનના ચરણમાં. પણ ભગવાનને ક્યાં બાહ્ય પદાર્થોની જરૂર હતી. સમર્પણ તો કર્યું પણ એ તો વીતરાગ છે. એને કોઈ મણિરત્નના દિવાની જરૂર નથી અને કલ્પવૃક્ષના ફૂલની એમને જરૂર નથી. એનો રાગ એમને નથી, એ તો વીતરાગ થયા છે. પોતે બહારમાં ભક્તિ-મહિમા ઘણો કર્યો છે. અંદરનો સમજ્યા વિના કર્યો છે અને અંદરનો મહિમા સમજ્યા વિના કર્યો છે તો એકવાર ભક્તિ કરે છે તો બીજી વાર અભક્તિ થઈ જાય છે. પાછી ભક્તિ કરે છે, પાછી અભક્તિ થઈ જાય છે. એમ ભક્તિ સ્થિર રહી શકતી

નથી. ભકિતનો પાયો એની પાસે નહિ હોવાને લીધે એની ભકિત સ્થિર રહી શકતી નથી. ભકિતમાંથી અભકિતમાં આવી જાય છે, પાછો ભકિતમાં આવે છે, પાછો અભકિતમાં આવે છે. એમ ને એમ પરિભ્રમણમાં ગોથા ખાધા કરે છે. એ તરતો નથી. સંસારથી એ તરતો નથી.

તેથી કહ્યું કે '**ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે. અથવા...**' એ વાત કરવી છે કે '**ભગવાનનો મહિમા સમજવો તે નિજ ચૈતન્યનો મહિમા સમજવામાં નિમિત્ત થાય.**' આમ ઉપાદાનને છોડવાની વાત નથી. જો ભગવાનનો મહિમા સમજવો હોય તો એને પોતાનો મહિમા સમજવામાં એને નિમિત્ત બનાવવા જોઈએ. ૮૦મી ગાથા લીધી છે 'પ્રવચનસાર'માં કે અરિહંતનું દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી સ્વરૂપ સમજે અને એવું જ પોતાનું સ્વરૂપ સમજે અને દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદોને અંતરલીન કરીને પછી અભેદપણે પોતાનું સ્વરૂપ જેવું અભેદપણે છે એવું સમજે તો એને પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય. એ ગાથા છે ત્યાં. કળી લે છે, મન વડે કળી લે છે. એ ઓળખવાની વાત છે. અનુભવમાં મનની ક્રિયા નથી. ઓળખવા સુધી મન સાથે હોય છે. અનુભવમાં તો મન પહેલાથી જ મરી ફીટે છે. મનનું મૃત્યુ થાય છે પછી અનુભવ પ્રગટે છે.

મૂળ વાત ઉપાદાનથી છે. શાસ્ત્રવચનમાં નિમિત્ત પ્રધાનતાથી કથન આવે પણ વસ્તુ જેમ છે એમ સમજવી. ભગવાનનો મહિમા સમજવો, એમનું સ્વરૂપ સમજવું તે નિજ ચૈતન્ય મહિમા સમજવામાં પોતાના ચૈતન્યના મહિમા સમજવામાં નિમિત્ત થાય તે પ્રકારે સમજવું અથવા એનાથી પોતાનો સ્વરૂપ મહિમા પ્રગટ થાય એવો પ્રકાર બહારમાં ભગવાનના મહિમા કાળે એને હોય તો એને ભગવાનનો મહિમા યથાર્થ છે. એકાંતે ભગવાનનો મહિમા કરીને વચ્ચે પોતાના સ્વરૂપનું લક્ષ ન આવે કે વચ્ચે પોતાના સ્વરૂપની વાત ન આવે, એની અધિકાઈમાં ન આવે તો એકાંતે ભગવાનનો મહિમા એ ખરો મહિમા નથી.

ભગવાન તો કહે છે કે મારે ક્યાં કોઈની ભકિતની જરૂર છે અને કોઈના ભકિતભાવની અપેક્ષા રાખીને હું ક્યાં બેઠો છું? એ તો કોઈની અપેક્ષાથી બેઠા નથી. જગતમાં જે ઈશ્વરની કલ્પના કરી છે એમાં તો એવા ઈશ્વર કલ્પ્યા છે કે ભગવાનની ભકિતની અપેક્ષા રાખનારાઓ છે. માનેલા ભગવાનો ભગવાનની ભકિતની અપેક્ષા રાખનારાઓ છે. અને જે એની ભકિત કરે એને તારે અને ભકિત ન કરે એને મદદ પણ કરે નહિ. મદદ પણ એને કરે અને તારે પણ એને, કલ્પના પ્રમાણે એમની. એવા આ ભગવાન નથી. કોઈની ભકિતની અપેક્ષા રાખે એવા આ કોઈ ભગવાન

નથી. એવા વીતરાગ છે આ. એટલે ખરેખર તો એનો મહિમા કરનાર જો પોતાના મહિમાને સમજીને કરે છે તો ભગવાન એને યથાર્થતામાં ગણે છે, નહિતર એમ કહે છે કે આ મારો મહિમા ખરેખર કરતો જ નથી. કરતો હોવો છતાં કરતો નથી એમ લે છે. પણ કરે છે ને, આપનો જ મહિમા કરે છે. તો કહે નહિ, એને હું સંમત કરતો નથી.

વ્યવહારમાં જાય છે ને? બહારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા વ્યવહારમાં જાય છે. તો વ્યવહારની પરિભાષા કરી 'આત્મસિદ્ધિ'માં 'શ્રીમદ્‌જી'એ કે 'પામે જે પરમાર્થને તે વ્યવહાર સમંત.' કેવા વ્યવહારને અમે સંમત કરીએ છીએ? કે જેમાં પરમાર્થ પામવાનું કારણ હોય એવો વ્યવહાર જ અમે સંમત કરીએ છીએ. એ સિવાયના વ્યવહારના પરિણામને વ્યવહાર કોટિમાં અમે સંમત કરતા નથી. એ બધા વ્યવહારાભાસમાં જાય છે.

મુમુક્ષુ :- નિજ ચૈતન્યમાં એવું શું મહિમાવંત છે કે બધું સીધુ પડી જાય?

પૂજ્ય ભાઈશ્રી :- એવું શું નથી મહિમાવંત? એમ પૂછીએ છીએ. તમે એમ પૂછો છો કે નિજ ચૈતન્યમાં શું મહિમાવંત છે? તો એમ પૂછીએ છીએ, અમારો જવાબ આ છે, પ્રશ્નનો જ આ જવાબ છે સીધો કે એવું શું નથી મહિમાવંત કે જેનો તેથી મહિમા ન આવે? શું નથી મહિમાવંત?

એમાં અનંત આનંદ ભર્યો છે. અનંત આનંદ ભર્યો છે. જેટલો અને જેવો આનંદ ભર્યો છે એટલો અને એવો આનંદ જો એ જ્ઞાનની અંદર જણાય તો એ જબરદસ્ત Magnetic property of the soul આત્માની એ Magnetic property છે. આખી દુનિયામાંથી ખેંચાય જાય. જગતના કોઈપણ પદાર્થને વિષે જે મોહનીય છે એ ખતમ થઈ જાય, ખેંચાઈ જાય. નહિતર જગતના પદાર્થોની મોહની ટાળવી સહેલી નથી. એટલું વૈવિધ્ય છે પાંચે ઈન્દ્રિયના વિષયોનું કે એ એક એક વિષયમાં એની દુનિયા ખડી કરેલી છે. એક સ્વર લ્યો. તો સ્વરની એક દુનિયા છે જગતની અંદર. એના મોહમાં પડ્યા છે એ ખાવાનું ભૂલે છે અને પીવાનું ભૂલે છે. એવું એક એક વિષયની અંદર છે કે જીવ પ્રાણ ત્યાગ કરવા થાય એટલી મુખ્યતામાં આવે. એ જગતની મોહની છોડવી સહેલી નથી. અને એ સહેલી નથી એનો પુરાવો એ છે કે આ જીવ અનંત કાળથી એને વશ પરિભ્રમણ કરે છે. એ એનો સબુત છે.

અનંત કાળ શેનો કાઢ્યો છે? એને છોડાવવા એ એક જ જબરદસ્ત આકર્ષણ છે આત્માને વિષે કે એમાં એક આનંદ નામનું સત્ત્વ પડેલું છે કે જે આનંદ પાસે ઈન્દ્રના ઈન્દ્રાસન 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો મરેલા મીંદડાના સડેલા મડદા જેવા લાગે છે. મરેલા મીંદડાના સડેલા મડદા હોય, ધૃણા ઉપજે જગતમાં, એવા ઈન્દ્રના

ઈન્દ્રાસન ભાસે એવી તુલના કરી છે. આત્માનો આનંદ અને ઈન્દ્રાસન વચ્ચેની આ તુલના છે. 'ગુરુદેવ' એટલો બધો એ આનંદને આ વિષયની અંદર બહારમાં જે ઉત્કૃષ્ટ પુણ્યની સંપત્તિનું સ્થાન ગણાય છે. ઈન્દ્રાસન ઉપર કોઈને બેસવા મળે એટલે અસંખ્ય દેવોનો સ્વામી ખમા... ખમા... ખમા... કરતા (દેવો ઊભા હોય). અહીંયાં તો બે શબ્દ સારા કહે તો ગોળ-ગોળ, પાણી-પાણી થઈ જાય, આખો વંચાય જાય. થોડીક કોઈ પ્રશંસા કરે તો ભાઈ! ભાઈ! કરે તો આખો વેંચાય જાય. ત્યાં તો અસંખ્ય દેવો ખમા...ખમા... ખમા... કરે છે. ઈન્દ્રાસન ઉપર આવીને ઈન્દ્ર બેસે ત્યારે એટલી તહેનાતમાં એટલા દેવો હોય. એ બધા પુણ્યશાળી, મોટા મોટા પુણ્યશાળી હોય. જેમ કોઈ અરબોપતિ પાસે લખપતિ ગલુડિયાની જેમ પૂંછડી ચલાવતા દેખાય છે કે નથી દેખાતત? ઘરે મોટર-બંગલો હોય પણ જો અબજપતિને ભાળે તો પૂંછડી ચલાવવા માંડે. ગલુડિયા જેવા થાય છે. પાછળ-પાછળ ફરે. સાહેબ.. સાહેબ.. સાહેબ કરવા માંડે.

એ તો કાંઈ નથી એટલા પુણ્યવંત દેવો હોય છે એ એની તહેનાતમાં હોય છે. તમે તો અમારા ઈન્દ્ર એટલે અમારા પરમેશ્વર! એટલા વખાણ કરે, એટલી સ્તુતિ કરે, ઈન્દ્રની સ્તુતિ કરે એ બધા. પુણ્યવંતો એની સ્તુતિ કરે. એ પદ કાંઈ નથી. દુઃખનું, વિકારનું સ્થાન છે. ઈન્દ્રાદિ સંપદા વિકારનું નિમિત્ત ભાસે છે, મોહનું નિમિત્ત ભાસે છે એટલે એ એની સામું જોતા નથી. આનંદનું સ્થાન એવું છે. આનંદ કોને કહેવો? એ પત્તો લાગવો મુશ્કેલ છે.

મુમુક્ષુ :- આવી સરસ અને સત્ય વાત 'ગુરુદેવ' બતાવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ જ બતાવે છે. વિષય સ્વરૂપ મહિમાનો ચાલે છે. એ જ વાત કરે છે. **'ચૈતન્યના મહિમાવંતને ભગવાનનો સાચો મહિમા હોય છે.'** આ ચૈતન્યમાં આનંદ ભરેલો છે એટલે.

મુમુક્ષુ :- અનંત સુખ જે છે એ જ્ઞાનમાં જણાય તો Magnet ની જેમ ખેંચાઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એવો ખેંચાય કે જેના ખેંચાણ પાસે જગતમાં કોઈ ખેંચાણનું કારણ રહેતું નથી. જગત આખાને ભૂલી જાય. 'જગત ઈષ્ટ નહિ આત્મથી' જગતનો આ કોઈ ઈષ્ટ પદાર્થ નથી એવો મારો આત્મા મને ઈષ્ટ છે.

'તળાજા'માં છે શ્વેતાંબરની પ્રતિમા. ચમત્કાર લોકો સમજે છે સમાજના માણસો એટલે એનું નામ આપ્યું છે સાચા દેવ. વલ્લભદાસભાઈ એના ટ્રસ્ટી હતા. એ ત્યાનાં, મૂળ વતની 'તળાજા'ના હતા. 'સોનગઢ' આવતા હતા ને? વાત કરી હશે

'તળાજા'માં આવું છે. સાચા દેવના નામે. 'ગુરુદેવ' કહે, પણ આ સાચો દેવ આ છે અંદર બેઠો એ. દેહમાં બેઠો ને એ સાચો દેવ છે. સાચો દેવ એ છે. ખરો દેવ કહો, સાચો દેવ કહો એ તો આ બેઠો અંદરમાં. એ સિવાયની સાચા દેવની વાત કોઈ નથી. એ ચમત્કાર છે.

ચૈતન્યનો ચમત્કાર એ છે કે જગતનો પામર પ્રાણી થઈને ભટકતો હતો અને પામરતાથી, દીનતાથી પોતાના સુખની ભીખ જડ પરમાણુમાંથી માંગણી કરતો હતો એને સિદ્ધપદમાં બિરાજમાન કરે છે. સિદ્ધપદ પ્રગટ થઈ ગયું. આથી કયો બીજો ચમત્કાર જોઈએ? શક્તિમાં આથી મોટો ચમત્કાર બીજો કયો જોઈએ? કે પામર જંતુમાંથી સિદ્ધપદે બિરાજમાન થાય, ત્રણલોકનો નાથ થાય! એ તો જગતનો જંતુ છે. શું કહે છે એને? જીવ-જંતુનું ધ્યાન રાખજો. કેટલી પામરતા છે કે જીવ-જંતુનું ધ્યાન રાખજો. એક જંતુ હતો-સામાન્ય પામર પ્રાણી હતો એમાંથી સિદ્ધપદે બિરાજમાન થાય. એવો એનો મહિમા છે. જો એવું સત્ત્વ અને એવી શક્તિ ભરી છે તો એનો મહિમા કેમ ન હોય? આ સવાલ છે. કેમ હોય કેમ, એનો મહિમા કેમ ન હોય? જેના આનંદ પાસે ક્ષુધાનો રોગ નાશ પામી જાય, જેના આનંદ પાસે જેમ કે અરિહંત અઢાર દોષ રહિત અરિહંત થયા. અરિહંતના અઢાર દોષ રહિત માન્યા છે ને? એ કેમ થયા? કે બધી લાચારી ખલાસ થઈ ગઈ. ભગવાન ખાવાનું મગાવે, પીવાનુ મગાવે, આહાર મગાવે, દવા મગાવે એ વાત જૈનદર્શનની બહારની વાત છે. જૈન સિદ્ધાંત બહારની વાત છે. સિદ્ધાંત તૂટે છે એમાં.

અઢાર દોષ રહિત છે. અંદર પરમેશ્વર એવો છે. પરમેશ્વરપદ પ્રગટ થયું અને પાછી પેલી વાત પણ ઊભી રહે લાચારીની? બે વાતનો મેળ ખાય નહિ. એટલે એનો મહિમા છે. અને આ એક જ પદ એવું છે કે જેનો આધાર લેતા એને લાચારી અને રાગમાત્ર તૂટે છે. બાકી રાગ તૂટવાનો એટલે કે દીનતા મટવાનો બીજો કોઈ ઉપાય નથી. એટલે તો સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારથી એને દીનપણું ન આવે. ક્યાંય એને દીનપણું ન આવે. જગતનો મોટો શહેનશાહ અને બાદશાહ હોય તો એનું દીનપણું એ ન કરે. વ્યવહાર(માં) મળે અને વ્યવહાર કરે એ બીજી વાત છે. એની દીનતામાં એ આવે નહિ. કેમકે પોતે અંદરમાં ત્રણ લોકનો નાથ જોયો છે. એ બહારમાં ક્યાંય દીનતા કરતા નથી.

એવો સ્વરૂપ મહિમાનો માર્ગને વિષે સૌથી મોટો અધિકાર છે. જિનમાર્ગને વિષે સૌથી મોટો અધિકાર હોય તો તે સ્વરૂપ મહિમાનો છે. અને દિવ્યધ્વનિમાં અને સર્વ સંતો અને સર્વ જ્ઞાનીઓની વાણીમાં એ જ વિષય મુખ્ય થયો છે અને મુખ્ય રહ્યો છે.

બાકી બધી વાતો ગૌણ છે. મુખ્ય વાત આ છે. એ ૩૧૬ મો બોલ સ્વરૂપ મહિમાનો છે અને એનું ફળ સંસારથી તરી જવું એ લીધું સીધે સીધું. બહુ મંથનથી આ વિષય ગ્રહણ કરવા જેવો છે. સ્વરૂપ મહિમાનો વિષય બહુ મંથનથી ગ્રહણ કરવા જેવો છે.

મુમુક્ષુ :- પોતાનો મહિમા આવ્યા પછી જ્ઞાનીની ભકિત આવે છે કે એ પહેલાં?

પૂજ્ય ભાઈશ્રી :- સાચી ભકિત ત્યારે આવે છે. પહેલી ભકિત આવે તો ઓઘસંજ્ઞાએ આવે છે અને ઓઘસંજ્ઞાએ ભકિત આવે (ત્યારે) થોડો દર્શનમોહ દબાય તો એને ઓઘસંજ્ઞા છૂટવાનો અવકાશ થાય. એટલે એને એમ કહે કે તું સમજ કે ન સમજ, ભકિતમાં તો આવી જ જજે. એવું કહેવામાં આવે છે અને તે ઠીક છે, બરાબર છે. પણ ઓઘસંજ્ઞા રાખવા માટે નથી.

મુમુક્ષુ :- પહેલા જ્ઞાની મળે પછી ... કેમકે શાસ્ત્ર તો કેટલા વખતથી પડ્યા છે, કોઈ બતાવવાવાળા મળે ..

પૂજ્ય ભાઈશ્રી :- બતાવવાવાળા મળે તો એ મુખ્ય વાત છે. પણ એ તો Common sense થી જગતમાં તો સમજે કે લાખો-કરોડો રૂપિયા હોય એને ખબર પડે કે ફલાણી ચીજની જગતમાં અછત છે. એની Demand ઘણી છે. એનું આપણે ઉત્પાદન કરીએ તો આપણને બીજા લાખો-કરોડો પાછા પેદા થાય. પણ આપણે તો ખાલી આપણી પાસે સાધન તો Investmentનું-પૈસાનું છે. તો Technician ને ગોતે કે ન ગોતે? કે આનો જાણકાર કોણ છે? આ ચીજ બનાવનારનો જાણ કોણ છે? તો કહે, 'અમેરિકા'માં એક જ કારખાનું છે. તો એના Technician ને ઉપાડી આવો જઈને. શું કરે? એને એમ કહે કે તને અહીંયાં શું મળે છે? એથી વધારે. તારી Terms છે એથી વધારે બીજી તારી Terms બોલ. આવી જા તું અહીંયાં. શું વાત છે? જેની પાસે જે જ્ઞાન છે એની પાસેથી એ જ્ઞાન મળે. બીજા ક્યાંથી મળે? આ તો દુનિયામાં સાવ Common sense નો વિષય છે. કરોડપતિ અંગુઠાછાપ હોય તોય આટલી અક્કલ તો હોય જ છે એનામાં. બધા ભણેલા હોય છે ઉદ્યોગપતિઓ એવું કાંઈ હોતું નથી. એક ઉદ્યોગપતિને અનેક જાતના ઉદ્યોગો હોય અને એકેય Technique એને ન આવડતી હોય. એને એક Technique આવડે છે કે ઓલાને ખરીદવો કેવી રીતે. જેની પાસે એ જ્ઞાન છે એને કેવી રીતે લઈ આવું, આ સિવાય બીજું કાંઈ નથી આવડતું.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થયો કે સમાજમાં અત્યારે જેટલા જૈનો છે એને એટલી જિજ્ઞાસા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોખ્ખે-ચોખ્ખી વાત છે. કોઈને દુઃખ પહોંચાડવાની

વાત નથી. પણ Common sense નથી. દુઃખ પહોંચાડવાની વાત નથી. વાત તો સીધી અને સાદી છે કે એનું પ્રયોજન છે ત્યાં તો એમ જ કરે છે એ. પૈસા છે પણ જ્ઞાન નથી. તો કહે એનો તજજ્ઞ કોણ છે? એના તજજ્ઞને મળે. રોગ થાય ત્યારે સારામાં સારા ડૉકટરને શું કરવા ગોતે છે? કેમ ઊંટવૈદ્ય પાસે નથી જાતો? ના, મારે તો સારામાં સારો ડૉકટર જોઈએ. શું કરવા? એટલી બુદ્ધિ એ તો Common sense નો વિષય છે કે આ રોગ ભયંકર છે અને Operation બહુ મોટું Major operation છે. પાંચ-સાત કલાક ચાલે એવું છે. તો કહે, Surgeon સારામાં સારો જોઈએ. મફત તો કાંઈ આવતો નથી. સારામાં સારો હોય તો સારામાં સારા પૈસા લે છે. તો કહે બધુ મંજૂર છે. પણ જોઈએ સારામાં સારો. કેમકે મરવું નથી. આટલી Common sense આ વિષયમાં નથી વાપરતા. આ સીધી વાત છે.

અમે 'વડવા' ગયા હતા. આ તો એક સમજવા માટે વાત છે. કોઈની ટીકા કરવાનો પ્રશ્ન નથી. એક ભાઈ વાંચન કરતા હતા. લાગ્યું કે બીજા જે 'શ્રીમદ્જી'ના આશ્રમમાં વાંચન કરનારા હોય છે એના કરતા કાંઈક આને બીજા શાસ્ત્રોનો અભ્યાસ છે. 'શ્રીમદ્જી'ના પત્રેપત્રમાં પ્રત્યક્ષ સત્પુરુષની વાત તો આવ્યા વિના ન રહે. એટલે જે વાંચતા હતા એમાં પણ એ વાત ચાલુ થઈ. એ વિષય આવ્યો વચ્ચે. વચ્ચે આવ્યો એટલે શું લે છે એ લોકો? 'કૃપાળુદેવ' આપણને મળી ગયા પ્રત્યક્ષ સત્પુરુષ તરીકે અને આપણી આંખ ઉઘાડી દીધી.

Actually ખરેખર અત્યારે પ્રત્યક્ષ સત્પુરુષ 'કૃપાળુદેવ' છે નહિ. એ તો પરોક્ષ જિન ઉપકારના ખાતામાં વયા ગયા. અત્યારે વિદ્યમાન નથી. અત્યારે આ જીવને દોષ થાય તો એ કાંઈ સ્વર્ગમાંથી કહેવા આવે નહિ કે તને માન ચડ્યું છે સંભાળજે. એ કહેવા આવશે? નહિ કહેવા આવે. ભૂલ થાય તો એ કાંઈ સુધારવા ત્યાંથી આવે નહિ. પણ માની લેવી એક વાતને સંતોષ લેવા ખાતર એક ઓથ પકડી લે છે. પણ હતા જરા બુદ્ધિવાળા માણસ અને ઘણાં શાસ્ત્રોનો, દિગંબર શાસ્ત્રોનું અધ્યયન હશે એટલે એનો આધાર આપતા હતા. બીજા પણ આચાર્યો આવું કહે છે. જેવું 'કૃપાળુદેવ' કહે છે એવું પણ બીજા આચાર્યો કહે છે. 'સમયસાર'માં પણ આવું કહે છે, ફલાણાં શાસ્ત્રમાં આવું કહે છે.

વાંચન પૂરું કર્યું પછી વાત કરી કે, પ્રત્યક્ષ સત્પુરુષ ઉપર તો બહુ વજન આપે છે. ખરેખર એમ જ છે. મેં કીધું, એક પ્રશ્ન પૂછું ખરાબ ન લાગે તો. પ્રત્યક્ષ સત્પુરુષની જો આટલી બધી વાત એમણે વજનદાર કરી છે તો એની શોધ કરી છે? કે અત્યારે આ ધરાતળ ઉપર કોઈ પ્રત્યક્ષ સત્પુરુષ છે કે નહિ એવી કોઈ તપાસ કરી છે તમે? એ

વાત તો સમજી ગયા. એ તો બહુ શરૂઆતમાં જ્યારે મારો પ્રવેશ થયો ૩૦-૩૫ વર્ષ પહેલાં ત્યારે 'સોનગઢ' આવ્યો હતો. 'કાનજીસ્વામી' પાસે ત્યારે હું આવ્યો હતો. પણ ત્યારે મને આ વાત સમજવાની કોઈ મારી Capacity નહોતી. એ છૂટી ગયું પછી હું ફરીને કોઈવાર આવ્યો નથી. ભલે તમે ફરીને ન આવ્યા. પણ જ્યારે તમે આવ્યા ત્યારે આ વાતની, આ વિષયની આટલી સમજ નહોતી. પણ હવે સમજ આવ્યા પછી કેમ પ્રયત્ન ન થાય? એ સમજ શું કામ કરે છે? બહુ મુદ્દાની વાત છે. આ ભૂલ છે એ સ્વીકારવી પડે એવી છે.

એટલે ખરેખર ગમે તે કારણસર, કોઈપણ જ્ઞાત કે અજ્ઞાત કારણસર આ વિષયની ભૂલ એ પરિભ્રમણના ચક્કરમાં દરવાજે આવીને ખંજવાળવા જેવી વાત છે. સમજ્યા? પ્રવેશ ન થાય, મોક્ષમાર્ગમાં પ્રવેશ ન થાય. એટલે એનું મહત્ત્વ છે એ કોઈ અસાધારણ વાત છે. હમણાં એક Article તૈયાર થાય છે, Pressમાં છે. બહુ સમજવા મળે એવો વિષય. આગમોના આધાર સહિત એક જ વિષય ઉપર આખો Article છે.

એટલે કોઈવાર તો એવું પણ જ્ઞાની કહે કે, શાસ્ત્ર એમ પણ કહે કે ન સમજતો હોય તોપણ એકવાર તું પ્રત્યક્ષ હોય તો એની ભક્તિમાં જોડાઈ જજે. પછી તને સમજણ નહિ હોય તો સમજણ આવી જશે. નહિ હોય તો આવી જશે અને આવી જવાનો ત્યાં અવકાશ છે. બાકી તો પછી બીજો કોઈ તરવાનો આરોવારો છે નહિ. કેમકે જીવ અનેક ક્રિયા કરે છે. ધર્મક્ષેત્રમાં જેટલી કોઈ બાહ્ય ક્રિયા પ્રસિદ્ધ છે અને જે જે ક્રિયાને જીવ અનુસરે છે તે તે ક્રિયામાં પ્રાયઃ ચારિત્રમોહ દબાય છે. દર્શનમોહ તો દબાય છે કે કેમ એની વિચારણા પણ નથી. આ પ્રયોજન સિદ્ધિમાં એ વિષય લીધો છે. એની વિચારણા પણ નથી. બહુ ઓછી વિચારણા છે. ખુલ્લી વિચારણા એની નથી. સંકેત એના ઘણા છે.

દરેક જ્ઞાનીના, ખાસ કરીને અત્યારે જે વિદ્યમાન આપણે લઈએ તો એ 'શ્રીમદ્જી'થી માંડીને 'ગુરુદેવ', 'પૂજ્ય બહેનશ્રી', 'સોગાનીજી' તો એમના વચનમાં એ સીધો દર્શનમોહના ઉપરનો પ્રહાર કરતા સંકેતો છે. અને 'શ્રીમદ્જી'એ જે પ્રત્યક્ષ સત્પુરુષની વધારે પડતી વાત કરી છે એ દર્શનમોહ માટે વાત કરી છે, બીજું કોઈ કારણ નથી. એ દર્શનમોહને દબાવવાની વાત છે ત્યાં. પણ એ પ્રકરણ તો હજુ ચર્ચાના એરણ ઉપર આપણા તત્ત્વચર્ચા કરતા સમાજમાં પણ ઓછો છે ખુલીને. કે કયા કારણો દર્શનમોહના અને કયા કારણો ચારિત્રમોહના? બીજે તો ચર્ચા જ નથી, પણ જ્યાં ચર્ચા છે ત્યાં પણ એ ખુલીને એટલો વિષય નથી. દરેક ક્રિયાની અંદર

ચારિત્રમોહ દબાશે. કોઈ દાન આપે, કોઈ પૂજા કરે, કોઈ આ કરે, કોઈ શાસ્ત્ર વાંચન કરે, કોઈ ગમે તે કરે. બધી બાહ્ય ક્રિયામાં ચારિત્રમોહ સીધો દબાય છે. પણ દર્શનમોહ દબાય છે કે વધે છે આ તો એક બહુ મહત્ત્વનો વિષય થઈ પડે છે. તો અજાણપણે તો કોઈવાર ચારિત્રમોહ દઢ થાય છે. આ બાજુ ઉપવાસ કરે, આ બાજુ મિથ્યાત્વને દઢ કરે. આ બાજુ દાન કરે, અને આ બાજુ મિથ્યાત્વને દઢ કરે. આ બાજુ શાસ્ત્ર વાંચે, આ બાજુ મિથ્યાત્વને દઢ કરે. તેવી પરિસ્થિતિ ઊભી થાય.

એટલે ચારિત્રમોહ દબાય તો દેખત રીતે સારું લાગે. ભારે મંદ કષાય. કેટલી શાંતિ છે! કેટલો મંદ કષાય છે! કેવું સરસ! કેવી સરસ ક્રિયા છે બધાને દેખાય એવી. દર્શનમોહને શું? અજગર તો ઈ પડ્યો છે અંદર. જે ઝેરી અજગર પડ્યો છે એ તો એ પડ્યો છે એનું શું? આ એક બહુ મહત્ત્વનો વિષય છે. એ દબાવાનું મોટામાં મોટું સ્થાન સત્પુરુષની ભક્તિ છે. એટલે એ બહુ રહસ્યનો વિષય છે. એમ ને એમ નથી નાખ્યું એમણે. એમણે જે એ વાત લીધી છે એ તો બહુ રહસ્યને સ્પષ્ટ કરવા માટે વિષય લ્યે છે. અને 'દીપચંદજી' તો 'અનુભવપ્રકાશ'માં સ્પષ્ટ કહે છે કે ગમે તે કરવા છતાં, શાસ્ત્રના શાસ્ત્ર વાંચીને પારંગત થઈ જવા છતાં પોતાનું નિજપદ સૂઝતું નથી અને મહિમા આવતો નથી એનું કારણ શું? હવે આ ચાલુ બોલને અનુસરીને લઈએ કે સ્વરૂપનો મહિમા આવતો નથી એનું કારણ શું? આવે તો પામી જાય. તરી જાય એવી વાત છે. તો કહે છે, મોહના વિકારથી નિજપદ સૂઝતું નથી. પોતાનું પદ સૂઝતું નથી એનું કારણ દર્શનમોહ છે. બીજું કોઈ કારણ નથી. બુદ્ધિ તો ઘણી છે. બુદ્ધિ તો એટલી બધી છે કે બુદ્ધિની કોઈ ક્ષતિ છે કે ખામી છે એ વાત પોતે ન માને અને બીજા કહે તોપણ ન માને એટલી તો બધી બુદ્ધિ છે. પણ નથી સૂઝતું. સૂઝ નથી આવતી એનું શું કારણ છે? માર્ગની સૂઝ કહો કે સ્વરૂપની સૂઝ કહો, એક જ વાત છે. એવો એ દર્શનમોહનો પ્રભાવ છે એટલે સૂઝતું નથી. એ પડળ ખસે તો સૂઝે. એ પડળ પાતળું પડે તો સૂઝે, નહિતર સૂઝે નહિ. અને એનું સહેલામાં સહેલું સાધન છે. બીજા કારણ તો જેટલા દર્શનમોહને આવરણના કારણો છે એટલા જ દર્શનમોહને નિરાવરણ કરવાના સામે સમાધાન છે. પણ સહેલામાં સહેલું કોઈ સાધન હોય તો આ છે–સત્પુરુષની ભક્તિ.

એટલે મુમુક્ષુને એ વાત ઉપર લઈ જવાની એમની ઘણી પ્રેરણા છે. નહિતર પોતે સત્પુરુષ હતા એ અને પોતાને મોઢે એ વાત કરે નહિ. 'હીરા મુખસે ના કહે લાખ હમારા મૂલ.' એ પ્રતિબંધ છોડીને, એ મર્યાદા છોડીને એમણે એ વાત કરી છે, કેવળ નિષ્કારણ કરુણાથી–કેવળ નિષ્કામ બુદ્ધિથી. એ વિશિષ્ટતા છે એમની.

નહિતર લગભગ કોઈ કહે નહિ. એનું દૃષ્ટાંત છે. એનું પણ દૃષ્ટાંત છે. આપણે એક મુમુક્ષુના પિતાશ્રી દહેગામવાળા એને બહુ ભકિત હતી. અને 'ગુરુદેવ'નો વિષય તો પ્રવચનનો મુખ્ય રહ્યો નિમિત્ત-ઉપાદાનનો. નિમિત્ત કાંઈ કરતું નથી. આ વિષય બહુ રહ્યો પ્રવચનની અંદર. પણ સાહેબ! બધી વાત સાચી. ભલે નિમિત્ત ન કરતું હોય પણ આ જે ગુરુ મળ્યા છે એણે તો ઘણું કર્યું છે. એટલે એમ કે આ સિદ્ધાંત ગમતો નથી, આ સિદ્ધાંત માનવો ફાવતો નથી આપની સામે જોતા. તો 'ગુરુદેવ' એની સામે જવાબ શું દેતા? એ બધો રાગ છે... રાગ છે... રાગ છે... રાગ છે. આમ કરીને ચેષ્ટા આમ કરે, હોં! એ બધો રાગ છે... રાગ છે... રાગ છે... રાગ છે... તમારો રાગ છે. પોતાના પ્રત્યે-એમના ઉપર આવી પડે છે તો કેટલો નિષેધ કરે છે. અને જો કહેવાનું સ્થાન મળે તો લોકો સહન ન કરી શકે એવું પણ કહે છે. અને ... એટલે એ વિષય તો ખ્યાલમાં નહોતો અને રાગ છે... રાગ છે... રાગ છે... કરતા હતા એમ પણ નહોતું. અને પોતા ઉપર આવતી હતી વાત તો એ વાત યથાર્થ છે. એમ કહેતા હતા એ પણ યથાર્થ છે. અને 'ધન્ય અવતાર'માં કહ્યું એ પણ યથાર્થ છે. જે દેખત રીતે પરસ્પર વિરોધ હોવા છતાં અવિરોધ છે. એટલે 'શ્રીમદ્‌જી'એ કહ્યું છે એવું નથી. વાત તો બધેથી એ જ નીકળે છે.

એ પ્રશ્ન છે એ જરા વિચારીને પ્રશ્ન છે કે અનંત કાળમાં દરવાજો મળ્યો છે, પ્રવેશ કરવો ન કરવો એવો એક મહત્ત્વનો મુદ્દો આવીને ઊભો રહે એવો પ્રયોજનભૂત વિષય છે. એ ચર્ચા કરી છે Article માં. Time થયો છે.

જેમ દાહ્યાકારે પરિણમેલો અગ્નિ, અગ્નિ જ છે. તેમ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકભાવ તો જ્ઞાયકપણે જ જણાય, કેમકે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકને જ્ઞેયકૃત અશુદ્ધિ થતી નથી. આવી દૃષ્ટિ તે જ્ઞાયકની દૃષ્ટિ છે અથવા સત્ય સ્વરૂપની દૃષ્ટિ છે. તેમાં કર્તા-કર્મ આદિ કારકોના ભેદો વિલય થઈ જાય છે, અને શાશ્વત પ્રગટ સ્વયં પ્રત્યક્ષ પ્રકાશમાન જયોતિ, એવા એક અખંડ ભાવ સ્વરૂપ પ્રતિભાસે છે. આવો પોતે શુદ્ધાત્મા છે. (સ.સાર. ગા:૬)

('અનુભવસંજીવની' બોલ નં.૪૧૯)

તા. ૧૯-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૭
પ્રવચન નં. ૨૪૩

મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડમાંડ જોડાય છે. કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે. ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે. ૩૧૭.

'બહેનશ્રીનાં વચનામૃત'-૩૧૭. મુનિદશાનો મહિમા અથવા મુનિભક્તિ છે. મુનિરાજનું વીતરાગી મહિમાવંત સ્વરૂપ કેવું હોય છે? એમના અનેક પ્રગટ ગુણોથી તેમની ભક્તિ કરવામાં આવે છે. કેવા છે મુનિરાજ?

'**મુનિરાજ વંદના-પ્રતિક્રમણ આદિમાં માંડમાંડ જોડાય છે.**' બાહ્ય પરિણામ છે. જેમને અંદરથી નીકળવું, છૂટવું ગમતું નથી. પોતાના નિજ પરમેશ્વર સાથે પૂર્ણતા પામવા માટેના સતત પરિણમનમાં જોડાયેલા છે. એમાં ખંડ પડે અને બહારમાં વંદના, પ્રતિક્રમણ આદિના વિકલ્પ ઊઠે આદિમાં અનેક પ્રકાર છે ૨૮ મૂળગુણ, ૮૪ લાખ ઉત્તર ગુણ અને ૨૮ મૂળગુણ, એમાંથી કોઈપણ પ્રકાર વિકલ્પનો, એમાં તે માંડમાંડ જોડાય છે. એમાં જોડાવું એમને અનુકૂળ નથી. એમની વૃત્તિને, પરિણતિને અનુકૂળ નથી. એવી વીતરાગની દશામાં પ્રચુર વીતરાગી દશામાં મુનિરાજ બિરાજમાન છે. વિકલ્પમાં તેઓ માંડમાંડ જોડાય છે, પરાણે પરાણે જોડાય છે.

જેમ કોઈને સજા કરવામાં આવે અને કેદમાં નાખવામાં આવે તો એને એ જરા પણ પોસાતુ નથી, જરા પણ ગમતી વાત નથી. એમ આ બહિર્મુખ ભાવ છે. વંદના પ્રતિક્રમણ આદિ વિકલ્પનો ભાવ બંધભાવ છે અને બંધભાવમાં અનાદિઅનંત મુકત સ્વરૂપથી છૂટવું પડે, પરિણામ અંશ, પૂરું પરિણામ તો નહિ પણ પરિણામ અંશ જુદો પડે એ પણ એમને પરાણે જોડાવાનું છે. માંડમાંડને શું કહે છે તમારે? માંડમાંડ જોડાય છે.

મુમુક્ષુ :- મુશ્કેલીથી.

પૂજ્ય ભાઈશ્રી :- મુશ્કેલીથી. હિન્દીનું તો કર્યું છે.

મુમુક્ષુ :- લાચારીથી

પૂજ્ય ભાઈશ્રી :- લાચારીથી.

મુમુક્ષુ :- જૈસે-તૈસે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જૈસે-તેસે, પરાણે-પરાણે. જેમ કોઈ બળજબરી કરતું હોય. જબરન, જબરન શબ્દ આવે છે. જબરદસ્તી. કર્મના ઉદયમાં ખેંચાવું પડે છે. પરવશપણું છે. એ આગળ લીધું સ્વવશપણું એ નથી. એટલા પરવશ છે.

મુમુક્ષુ :- મુનિરાજને બહારમાં જોડાવું પડે એને આકુળતા ભાવ કહેવાય?

પૂજ્ય ભાઈશ્રી :- હા, આકુળતા છે. જેટલું જોડાવું પડે છે એટલી આકુળતા છે.

મુમુક્ષુ :- નિરાકુળતા છોડીને...

પૂજ્ય ભાઈશ્રી :- અંતર્મુખ પરિણમન છે એટલી નિરાકુળતા છે. જેટલો પરિણામ અંશ બહાર આવે એટલી આકુળતા છે. મોક્ષમાર્ગમાં આંશિક પરિણામ બહાર આવે છે. પૂરેપૂરું બહાર આવવાનું બનતું નથી.

મુમુક્ષુ :- એમાં જે બંધપણું કહ્યું એ તો કર્મની અપેક્ષાએ બંધપણું, ખરેખર તો આકુળતાનો ભાવ ...

પૂજ્ય ભાઈશ્રી :- એટલો ઉપયોગ પ્રતિબદ્ધ થયો ને? વિકલ્પ સાથે ઉપયોગ જોડાયો. શુભોપયોગ થયો તો ઉપયોગ પ્રતિબદ્ધ દશાને પામ્યો. એ પ્રતિબંધને બંધ કહો. ભાવબંધ. પરિણામ જેટલું પર સાથે પ્રતિબદ્ધપણું પામે એટલો બંધ. એના પ્રમાણમાં Degree to degree કર્મબંધ નવો આસ્રવ-કર્મબંધ થાય. થાય જ થાય. એમાં કર્મ છેતરાતા નથી. કર્મના પરમાણુ ગમે એવું સૂક્ષ્મ પરિણામ હોય, દોષિત પરિણામ ગમે તેટલું સૂક્ષ્મ હોય તો કર્મ છેતરાતા નથી. બીજા માણસને-છદ્મસ્થને ખબર ન પડે પણ કર્મ તો કોઈને માટે પણ પક્ષપાત રાખ્યા વિના જેવું પરિણામ થાય એવો જ એને આસ્રવવ અને બંધ થાય. એમાં કાંઈ ફેરફાર કર્મની સ્થિતિમાં નથી થતો.

મુમુક્ષુ :- આશ્ચર્યની વાત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું આશ્ચર્યની વાત છે? ન્યાયની વાત છે. જેવો ભાવ કરે એવી જ એને સામે પરિસ્થિતિ ઊભી થાય. એ કુદરતી ન્યાય છે. કુદરતના ઘરનો એ ન્યાય છે. એવું ન થાય તો અન્યાય ગણાય. જેવો દોષ કરે એવા દોષની સજા મળે. એમાં કાંઈ કોઈનું ચાલે નહિ. અને એ રજકણ સ્વતંત્ર પોતાની શક્તિથી પરિણમે છે. કર્મના પરમાણુ છે, કાર્મણવર્ગણામાં રહેલા લોકમાં એ એકદમ સ્વતંત્ર

છે. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનું ચાલતું નથી. એ સ્વતંત્ર પરિણમે છે જગતનું. જડ પરમેશ્વર છે 'ગુરુદેવ' કહેતા. જડ પરમેશ્વર છે. એના ઉપર બીજાનું કાંઈ ઐશ્વર્ય ન ચાલે. બીજા એમાં કાંઈ ફેરફાર ન કરી શકે. કુદરતના ઘરનો વિષય છે.

મુમુક્ષુ :- આ ચૈતન્ય થઈને છેતરાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૈતન્ય છે એ ભૂલ કરે છે. છેતરાય છે તો ભૂલ કરે છે. કર્મ ભૂલ કરતા નથી. એ તો અહીંયાં એમ કહેવાય છે, માણસ ભૂલ કરે, Machine ભૂલ ન કરે. આ આવે છે ને Calculator, Computer એમાં બરાબર જે પ્રમાણે તમે ૪૯૬૪ ગુણ્યા ૪૯૬૪ એટલે એક Second ની અંદર એનો જવાબ Button દાબો એ ભેગો. એમાં માણસ કદાચ ભૂલ કરી જાય ગુણાકાર કરવામાં, Machine ભૂલ કરતું નથી. કેમકે એ તો ગોઠવાયેલી ચીજ છે સામે. એમ આ અનાદિની ગોઠવાયેલી ચીજ છે કે જેવા જીવ વિભાવભાવ કરે બસ, એવું જ કર્મબંધન થાય. એમાં કોઈનું કાંઈ ચાલે નહિ. કેમકે એ સ્વતંત્ર થાય છે.

એક વૈષ્ણવ અન્યમતી ચર્ચા કરતા હતા. શરૂઆત તેમણે 'રામચંદ્રજી'થી કરી કે તમારામાં જૈનમાં પણ 'રામચંદ્રજી' (છે). એને ખબર કે હું વૈષ્ણવમાંથી જૈનમાં બદલેલી વાત છે. તમારે જૈનમાં 'રામચંદ્રજી' મોક્ષે ગયા છે કેમ? હા, એ જ ભવે જ ગયા છે. પણ 'શ્રીકૃષ્ણ'ને માટે એમ નથી માનવામાં આવતું એ ખરું છે કે? હા એ વાત પણ ખરી છે. એ વાત ખરી છે કે એ નરકમાં ગયા છે? મેં કીધું હા, એ વાત પણ ખરી છે. તો કહે, એ તીર્થંકર થવાના છે એવું પણ કહે છે એ બરાબર છે? હા, એ પણ બરાબર છે. એટલે કાંઈક સાંભળ્યું હશે. આ નરકની વાત માત્ર 'શ્રીકૃષ્ણ' માટે નથી. આવતી ચોવીસીના જે પહેલાં તીર્થંકર છે એ પણ અત્યારે નરકમાં છે.

જૈનદર્શનમ એમ કહે છે કે તીર્થંકરનું દ્રવ્ય હોય તોપણ જે અપરાધ થાય એ અપરાધનું ફળ એને પણ હોય છે. એ એક વસ્તુની વ્યવસ્થા છે. એનો કોઈ કર્તા-હર્તા નથી. જગતમાં જેમ ઈશ્વરકર્તા છે અને પોતાના ભક્તને મદદ કરે છે. વેરીને એ મારે છે, કોઈ હટાવે છે એ પરિસ્થિતિ અહીંયાં નથી. એ તો વીતરાગ પરમેશ્વર છે એને કાંઈ કર્તા-હર્તા હોવાનું છે નહિ. આ બધું કાર્ય છે એ તો કુદરતના ઘરનું છે. જગતની એ અનાદિ વસ્તુ વ્યવસ્થા જગતના પદાર્થોના ગુણધર્મ અને શક્તિ પ્રમાણે છે અને એની અંદર બીજું કાંઈ કોઈનું ચાલતું નથી. જૈનના પરમેશ્વર થવાના છે તીર્થંકર માટે એના માટે કાંઈક જૈનદર્શનના શાસ્ત્રમાં બીજી વાત આવે એવું ત્યાં નથી. અને એ કાંઈ અન્યમતી 'શ્રીકૃષ્ણ'ને માને છે માટે એવી વાત દ્વેષથી નાખી છે એવું પણ ત્યાં નથી. માત્ર 'શ્રીકૃષ્ણ' માટે જ એ કથા છે ત્યાં જૈનમાં અને એની પાછળ કોઈ

મતમતાંતરનો દ્વેષભાવ છે એવી કલ્પના કરવા યોગ્ય નથી. કેમ? કે પહેલા તીર્થંકર છે મહાપદ્મ નામના એ ભગવાન મહાવીર સ્વામીના વખતના એમના શિષ્ય છે શ્રેણિક રાજા. પણ એ શિષ્ય થયા પહેલા અપરાધ કરી બેઠેલા છે. અને નારકીનો બંધ એમને પડી ગયો છે. ત્યાં જવા સિવાય કોઈ બીજી વચ્ચેની પરિસ્થિતિ મટાડી શકાય અને એમ ને એમ સીધા તીર્થંકરનો ઉદય થાય એ પરિસ્થિતિ નહિ થાય એટલે નહિ થાય. એમાં કોઈનું ચાલે નહિ.

મુમુક્ષુ :- મહાવીરસ્વામીનો જીવ પચાસ લાખ વાર નરકમાં ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પચાસ લાખ શું એ તો કેટલી વાર ગયા છે એનો હિસાબ નથી.

મુમુક્ષુ :- આ તો પહેલા વૃષભદેવ ભગવાનથી માંડીને ચોવીસ સુધીમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કેટલી વાર, પુષ્કળ. લાખો-કરોડો વાર ગયા હશે. કરોડો વાર ગયા હશે. કેમકે બહુ મોટો આરો છે. ચોથો આરો બહુ ક્રોડાક્રોડી વર્ષ છે. એક કરોડ x એક કરોડ છે.

મુમુક્ષુ :- એટલા સાગર...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલો બધો મોટો કાળ છે અને પોતે વિરાધના જ કરી છે. એકલી વિરાધના કરી છે. સિંહના ભવ પહેલા એ નરકમાંથી જ આવે છે. જે સિંહના ભવમાં એ સમ્યગ્દર્શન પામ્યા છે એની પૂર્વપર્યાય નારકીની છે. નારકીમાંથી જ આવે છે.

મુમુક્ષુ :- કૃષ્ણ માટે જ એમ છે એમ નથી, મહાવીર સ્વામી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મહાવીરસ્વામી હો કે ગમે તે હોય. કોઈપણ જીવ. જે જીવ અપરાધ કરે તે અપરાધનું ફળ ભોગવે. જે જીવ આરાધન કરે તે આરાધનનું ફળ ભોગવે.

મુમુક્ષુ :- કુદરત બંધાયેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- કુદરત બંધાયેલી છે એની સાથે. બધે એમ જ છે. કુદરત બંધાયેલી છે એની સાથે. પરિણામ અશુદ્ધ હોય કે પરિણામ શુદ્ધ હોય, કુદરત એની સાથે બંધાયેલી છે. એટલે કોઈ એમ કહે કે હું અપરાધ કર્યા પછી છટકી જાઉં. પાછું આમ કરી લઈશ, પાછું આમ વાળી લઈશ. એ તારો અભિપ્રાય પહેલેથી જ જૂઠો જ છે. એમ થઈ શકે કે કરી શકાય એ વસ્તુની વ્યવસ્થામાં નથી.

મુમુક્ષુ :- પોતાના અપરાધથી ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના અપરાધથી.

મુમુક્ષુ :- સાધતા સાધતા ઊંચુ-નીચું થઈ ગયું હોય

પૂજ્ય ભાઈશ્રી :- જાણી લીધું અને વિશ્વાસ કેટલો કર્યો આ બીજો પ્રશ્ન છે. જાણ્યું એ તો જ્ઞાનશકિત પ્રગટ હતી એટલે જાણ્યું. પણ એ જાણતી વખતે કેટલો વિશ્વાસ કર્યો? એ વિશ્વાસનું કેટલું બળ છે? બળ કેટલું ધારણ કરેલું છે? બસ, એના ઉપર આગળનું પરિણમન છે. જાણવા માત્રથી, માહિતી મેળવવા માત્રથી તો કાંઈ એનો ગુણ થતો નથી. જ્ઞાનનો ગુણ ક્યારે? કે સાથે પ્રતીતિમાં આચરણ ભળે ત્યારે. નહિતર જ્ઞાન કોરું પડે છે, લુખ્ખું પડે છે, શુષ્ક થાય છે અથવા જ્ઞાન પ્રયોજનભૂત કાર્ય કરતું નથી.

એટલે તો 'ટોડરમલજી'એ એ જ્ઞાનની વ્યાખ્યા બાંધી ત્યારે એવી બાંધી છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કે જે જ્ઞાન પ્રયોજનભૂત કાર્ય કરે તેને જ્ઞાન કહીએ. પ્રયોજનભૂત કાર્ય સાથે સાથે ન કરે તો એને જ્ઞાન ન કહીએ. જ્ઞાન, જ્ઞાનનું પ્રયોજનભૂત કાર્ય શું કરે? કે હિત-અહિતનું પ્રયોજન એમાં સાધે. હેય ઉપાદેયપણાનો વિવેક કરે. એટલે 'દીપચંદજી' (લખે છે), હેય ઉપાદેયનો વિવેક કરવો તે સાધક છે અને નિર્વિકલ્પ નિજરસ પીવો તે સાધ્ય છે. ત્યાં લીધો સરવાળો. હેય ઉપાદેયનો વિવેક કરવો તે સાધક છે અને નિર્વિકલ્પ નિજરસ પીવો તે સાધ્ય છે. સરવાળો તો આનો આ છે સાધ્ય-સાધકનો. સરવાળે એનો અર્થ એ છે કે ગમે તેટલા હેય ઉપાદેયના ભાંગા હોય, ભેદ-પ્રભેદ આવે શાસ્ત્રમાં આગમની અંદર પણ એ બધાનો સરવાળો નિજ નિર્વિકલ્પ ઉપર તત્ત્વ ઉપર જોર ઊભું થાય એવો આવે છે? તો તારા જ્ઞાનનો દષ્ટિકોણ સાચો. નહિતર દષ્ટિકોણ સાચો નહિ. જ્ઞાનમાં જ્ઞાન પાછળ, જ્ઞાનના પરિણમન પાછળ કયા દષ્ટિકોણથી એ જ્ઞાનનું પરિણમન ચાલી રહ્યું છે એના ઉપર એનું મૂલ્યાંકન છે એના ઉપર એ યથાર્થ છે કે અયથાર્થ છે એનું ધોરણ નક્કી થાય છે-Standard નક્કી થાય છે. માટે જ્ઞાન છે એવું ચાલતું નથી આમાં.

આ દર્શનમોહમાં એ ભેદ નથી લેવાણો. અહીંયાં એ વિચારમાં થોડો સ્પષ્ટ થયું કે મુમુક્ષુજીવના જ બધા બોલ લીધા છે પ્રયોજન સિદ્ધિમાં. એમાં એક આવો પ્રકાર ઉત્પન્ન થાય છે. મુમુક્ષુજીવ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે, શાસ્ત્ર અધ્યયન કરે છે, શાસ્ત્ર શ્રવણ કરે છે, તત્ત્વચર્ચા આદિ કરે છે એમાંથી એને સમાધાન કેમ કરવું એ વાત પણ સમજવાની મળે છે. અનેક પ્રકારના પ્રસંગોમાં અનેક પ્રકારનું પરિણમન થાય એમાં એને કેમ સમાધાન કરવું એ સમજવાનું મળે છે. અને એ રીતે એવી સમજણ આવ્યા પછી પહેલાં એવું સમાધાન નહિ કરનારો મુમુક્ષુજીવ સમાધાન કરતો થાય છે. અને એને એમ લાગે છે કે પહેલા આવું નહોતું સમજાયું ત્યાં સુધી

આવું સમાધાન નહોતું થતું અને અસમાધાન રહેતું હતું એટલે બહુ આકુળતા થઈ જતી હતી. હવે સમાધાન થાય છે એટલે શાંતિ રહે છે અને આકુળતા વધતી નથી. માટે જ્ઞાન તો મળ્યું અને જ્ઞાનનું ફળ પણ મળ્યું. આ એક ભૂલાવાનું સ્થળ છે.

દર્શનમોહને લાગે-વળગે છે ત્યાં સુધી, દર્શનમોહના દૃષ્ટિકોણથી વિચારીએ તો અહીંયાં ભૂલ થાય છે. એ પ્રકારે કે ત્યાં એને સંતોષ થાય છે કે ચાલો, સમાધાનથી શાંતિ તો મળી. અને દર્શનમોહનો એક મુખ્ય કોઈ મુદ્દો છે એ છે કે તું કોઈપણ બહાને કે કોઈપણ પ્રકારે જો પરિણામમાં સંતુષ્ટ થા એટલે તને દર્શનમોહનું ઝેર છે એ સીધું પાંગરવા માંડે છે. છે તો ખરું અનાદિનું, જીવ મિથ્યાદૃષ્ટિ તો છે જ તે, પણ એ પાંગરવા માંડે છે. એ એની અંદર જેમ કોઈ આપણે કહીએને કે પનપે છે એટલે એનો રસ તીવ્ર થાય છે એ વખતે, શકિત વધે છે મિથ્યાત્વની.

એટલે અધ્યાત્મના પ્રકરણમાં એ વિષય એમ ચાલે છે કે આવા કોઈપણ પ્રકારના સમાધાનના ભાવો થાય, પરિણામો થાય ત્યારે જીવનું જોર એના મૂળ ત્રિકાળી સ્વરૂપ ઉપર જવું જોઈએ. તો દર્શનમોહથી છૂટી શકે. કેમકે નિર્મોહિ સ્વરૂપ તત્ત્વ છે પોતે. એના બાજુનું વલણ ન વધે તો એણે સમાધાન કર્યું શું? જેમ વેપાર કરીને નફો ન થાય તો એણે વેપાર કર્યો શું? કે મજૂરી કરી, વેઠ કરી મફતની. એને કાંઈ મળ્યું નથી. એમ સમાધાન કર્યું અને જે એનું વલણ જે ત્રિકાળી પરમાત્મા તરફ વધવું જોઈએ એ ન વધે તો એણે તે સમાધાન જૂઠું કર્યું છે.

'સોગાનીજી'એ તો એવા વિષયમાં પ્રહાર કર્યો છે. કેમકે એમનો વિષય મુખ્યપણે આ દૃષ્ટિકોણથી કથન કરવાનો હતો, દર્શનમોહના અને દ્રવ્યદૃષ્ટિના. કોઈ આવી રીતે ક્રમબદ્ધથી કે બીજા ન્યાયથી સમાધાન કરે છે તો એ અઘોરી જેમ વિષ્ટા ખાવામાં અને ડુક્કર જેમ માંસ ખાવામાં સંતોષ માને છે એવો ભૂલે છે આ સંતોષ કરવામાં. બહુ કડક ભાષા વાપરી છે. કોઈને એમ થાય કે એક તો જીવ બિચારો આકુળતા મટાડે, તીવ્ર કષાયના પરિણામ ન કરે અને મંદ કષાયના પરિણામ કરે એને કેમ ઠપકાર્યો છે?

મુમુક્ષુ :- ૧૧૦.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૧૦? ૧૧૧ છે.

'**निर्विकल्प अनुभव होते ही ज्ञाता-दृष्टा हो सकता है.**' જ્ઞાતા-દૃષ્ટા જીવ ક્યારે થાય? કે જ્યાં સુધી જ્ઞાનદશા પ્રગટે નહિ, સમ્યક્‌દૃશા પ્રગટે નહિ ત્યાં સુધી જ્ઞાતા-દૃષ્ટાપણું સ્વભાવનું સ્વરૂપ પ્રગટ થયું નથી. '**ऐसे विकल्प से ज्ञाता मानकर, होनेवाला था सो हुआ,...**' આપણે તો જ્ઞાતા-દૃષ્ટા. આપણે જ્ઞાતા-દૃષ્ટા છીએ.

આપણે કાંઈ આમાં... એમ કરીને જ્ઞાતા-દષ્ટા સંબંધી વિકલ્પ જ્ઞાતા-દષ્ટાનો કરે જે થવાનું હોય તે થાય, આપણે જ્ઞાતા-દષ્ટા રહેવું. જે થવાનું હોય તે થાય આપણે જ્ઞાતા-દષ્ટા રહેવું. આમ સમાધાન પકડે છે.

મુમુક્ષુ :- જ્યાં લેવા-દેવા ન હોય ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બરાબર છે. એને લાભ-નુકસાન હોય તો જાલ્યો રહી શકે નહિ. એ તો બરાબર છે.

'**ઐસા માનકર (ઐસે) સમાધાનમેં (જો) સુખ માનતે હૈં. વહ (સુખ) તો જૈસા : અઘોરી માંસ ખાનેમેં, સૂઅર વિષ્ટા ખાનેમેં, પતંગા દીપકમેં સુખ માનતા હૈ,...**' પતંગિયું દિપકમાં સુખ માનીને મરે છે. તું દર્શનમોહમાં તારા પ્રાણનો ઘાત કરે છે. એ વધારાનું દષ્ટાંત છે. '**પતંગા દીપકમેં સુખ માનતા હૈ,-વૈસા વહ સુખ હૈ.**' તને શાંતિ થઈ. ચારિત્રમોહ મંદ થયો, તીવ્ર કષાય ન થયો, મંદ કષાય થયો અને શાંતિ થઈ, સંતોષ માન્યો, પતંગિયા દીપકમાં સુખ માને છે, આત્માના પ્રાણઘાત થાય એનું સુખ છે આ તો. '**વૈસા વહ સુખ હૈ.**'

'**નિર્વિકલ્પ અનુભવ બિના ધારણામેં ઠીક માનના, સુખ માનના વહ તો કલ્પના માત્ર હૈ, વાસ્તવિક સુખ નહીં.**' એમણે પ્રહાર તો કર્યો છે. કઠોર ભાષાથી વાત કરી છે પણ એની પાછળ હેતુ શું છે? આ ઊંડા ઉતરવાનો વિષય છે કે એક તો જીવ સમાધાન કરે કષાયની તીવ્રતા ન કરે અને દેખત રીતે એને પણ એમ લાગે અને બીજાને પણ એમ લાગે કે આ નુકસાન થયું. ક્રમબદ્ધમાં થવાનું હતું તે થઈ ગયું. ક્રમબદ્ધ તો આપણે સમજ્યા છીએ ને. નુકસાન થયું. જે ક્રમબદ્ધમાં થવાનું હતું તે થઈ ગયું. કાંઈ આપણે એની આકુળતા કરવી નથી. પણ હું જ્ઞાયક છું એ બાજુ ગયો? ક્રમબદ્ધનો વિચાર આવ્યો એ વખતે જ્ઞાયક ઉપર જોર ગયું તારું? 'ગુરુદેવે' તો એ વાત સાથે લીધી છે. એમ ને એમ એકલા ક્રમબદ્ધને તું (લગાડે), અહીંયાં ક્રમબદ્ધનો ન્યાય નથી લીધો, બીજી જગ્યાએ આવા જ બોલમાં ક્રમબદ્ધનો પણ ન્યાય લીધો છે એમણે સાથે, ક્રમબદ્ધ માને છે, એ જ્ઞાતાષ્ટાપણું માને છે, બે-ત્રણ સમાધાનના પ્રકાર લીધા છે. કોઈપણ સમાધાનના પ્રકાર હો, માત્ર પર્યાય, પર્યાયાર્થિક નયના ઉપલક સમાધાનથી સંતોષ માને એટલે એ દર્શનમોહને વધારનારો છે.

ચારિત્રમોહ ભલે મંદ થયો હોય એ દર્શનમોહને ત્યાં વધારે છે. ત્યાં એને ચેતાવ્યો છે. આ કઠોર શબ્દ વાપરવાનું કારણ આ છે. બીજું કોઈ કારણ એમને નથી. જીવ અહીંયાં છેતરાય છે અને મૂળ જે પોતાને પ્રયોજનભૂત વિષય છે એમાં ભૂલે છે. પોતાને નુકસાન કરે છે, માને છે કે હું મને લાભ કરી રહ્યો છું. તત્ત્વજ્ઞાનપૂર્વક

સમાધાન કરે એને કેમ લાગે કે હું નુકસાન કરી રહ્યો છું? આ વિષય એટલો છીછરો નથી. એમ સમાધાન થઈ જાય અને કષાય તીવ્ર ન થાય અને મંદ રહે એટલે લાભ થઈ જાય. એટલો છીછરો વિષય આ નથી.

મુમુક્ષુ :- તો તો અત્યાર સુધીમાં બે-ચાર હજાર સમ્યગ્દષ્ટિ હોત.

પૂજ્ય ભાઈશ્રી :- અને પોતે પામી ગયો હોત. બીજાની વાત કરે તો પોતે એવા જૂઠા સમાધાન ઘણાં કર્યા છે અને પોતે પામી ગયો હોત. પોતે મોક્ષમાર્ગમાં આવી ગયો હોત. અનંત કાળ પહેલા એનો મોક્ષ થઈ ગયો હોત. પણ એ વસ્તુસ્થિતિ નથી. ૧૧૧ નંબરનો બોલ છે.

આ જીવને **'કેવળજ્ઞાન થતું નથી માટે જોડાવું પડે છે.'** પુરુષાર્થ કેવળજ્ઞાનનો માંડ્યો છે. સર્વસંગપરિત્યાગ કરીને એકાંતમાં જ્યાં કોઈ પ્રાણીનો પગરવ ન હોય એવી જગ્યાએ સાધના કરવા જાય છે. છેવટે સ્મશાનમાં ચાલ્યા જાય છે. રાત્રિના વખતે સ્મશાનની અંદર જગતના સંસારી જીવો જતા ડરે છે. કેમકે ત્યાં મડદા બાળે છે એટલે ત્યાં ... કાંઈ ન હોય તો એને કલ્પના થાય કે અહીંયાં મડદું ગોઠવે છે. અમસ્તુ પણ મડદું જોવે તો બીવે. ઘણાં તો જાય આ અંતિમ ક્રિયામાં તો એને રાત્રે સપના આવવા મંડે. ભય પ્રકૃતિવાળા જીવો હોય એને માનસિક પરિસ્થિતિ એવી થઈ જાય.

મુનિરાજ તો રાત્રે બાર વાગે, એક વાગે એટલે સ્મશાનમાં જાય. ત્યાં જઈને ધ્યાન કરે. કેમ? કે અહીંયાં હવે અડધી રાત્રે કોઈ આવશે નહિ. આ એવું સ્થળ છે કે અડધી રાત્રે ત્યાં કોઈ ફરકે નહિ. એકાંત સ્થળમાં અંદરની સાધનામાં લાગેલા છે. એમને બહાર વિકલ્પ ઊઠે છે એ જોડાવું પડે છે. પરાણે-પરાણે જોડાવું પડે છે. ભલે **'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે.'** વંદના, પ્રતિક્રમણ આદિ જે કોઈ વિકલ્પો છે એ બધા વિકલ્પો ભલે એમની ભૂમિકાથી મર્યાદા બહારના નથી અને મર્યાદા બહારના નહિ હોવાને લીધે એમની નિશ્ચય પરિણતિને નુકસાન કરી શકતા નથી. ભૂમિકાના વિકલ્પો એટલે તે ભૂમિકામાં વધુમાં વધુ હોઈ શકે એટલા. એ એની મર્યાદા. અથવા એટલા નબળા કે જે, તે ભૂમિકાને તોડી ન શકે-એ ભૂમિકાનો નાશ ન કરી શકે. અંદરની નિશ્ચય ભૂમિકાનો. મુનિરાજના ભૂમિકાના વિકલ્પો અંતરંગ મુનિદશાને ઘાત ન કરી શકે. મુનિરાજની અંતરંગ દશા વિકલ્પનો ઘાત કરી નાખશે. ગમે ત્યારે એને છેદી નાખશે અને એનો નાશ કરીને આગળના ગુણસ્થાનમાં જશે.

એમ **'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે.'** ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે. એમાં ઘણી ઉપાધિ લાગે છે. દુઃખ લાગે છે. આ ઉપાધિ

લાગે છે એ જ દુઃખ છે. એ વિકલ્પમાં એમને દુઃખ લાગે છે. પણ મુનિરાજે તો સ્તોત્રની રચના કરી છે. કલ્યાણમંદિર સ્ત્રોત ને એમ આવે છે ને? ભકતામર સ્તોત્ર, વિષપહાર સ્તોત્ર, ઘણા સ્તોત્ર છે. એ બધા સ્તોત્રના વિકલ્પ કાળે પણ ઉપાધિ છે અને દુઃખ છે.

જગતના કાર્યોની ઉપાધિ મુનિરાજને નથી. એને આ કામ કરવું પડશે અને આ કામ કરવું પડશે અને દુકાને જવું પડશે અને લેવડ-દેવડ કરવી પડશે. એ ઉપાધિ એમને નથી. પણ વંદના પ્રતિક્રમણાદિ કોઈપણ વિકલ્પ ઊઠે છે એ એમને ઉપાધિરૂપ ભાવ છે. રાગ માત્ર ઉપાધિ છે. રાગભાવ ઔપાધિકભાવ છે. અથવા કોઈપણ પ્રકારનો ઉદયભાવ તે ઔપાધિકભાવ છે. કર્મના ઉદયમાં જેટલા અસ્થિરતાના અવલંબનથી છે એટલી ઉપાધિ સામે ઊભી થઈ જાય છે. એ ઉપાધિને મુનિ જરા પણ ઈચ્છતા નથી. એટલે તો મુનિદશાને બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ દશા કહી છે. અને એમના એવા ગ્રંથીને- બાહ્યાભ્યંતર ગ્રંથીને છેદનારા પુરુષાર્થમાંથી પ્રગટેલી વાણીને નિર્ગ્રંથ પ્રવચન કહેવામાં આવે છે. નિર્ગ્રંથ પ્રવચન કહે છે એને. કેમકે એ ગ્રંથીમાંથી છૂટવાના પ્રયત્નમાંથી એ વાણી નીકળેલી છે. અથવા સ્વરૂપ વીતરાગ સ્વરૂપ પૂર્ણ સ્વરૂપમાં પૂર્ણ થવાની જે ભીંસ આવે છે પરિણામમાં એમાંથી એ વાણી નીકળી છે, જોરમાંથી. મિથ્યાદષ્ટિને વાણીનો યોગ (હોય તો) પુણ્યના પ્રકારથી (વાણી નીકળે છે, પણ તે આત્મહિતમાં નિમિત્ત પડતી નથી). (મુનિરાજની વાણી) એ વાણી છે તોપણ, પુદ્ગલ છે તોપણ કોઈને ને કોઈને જ્ઞાન થવામાં નિમિત્ત પડી જાય છે. એ વિશેષતા છે.

'ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે...' નિરુપાધિક સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે **'ઉપાધિરૂપ લાગે છે.'** ઉપાધિરૂપ જ અનુભવાય છે. ઉપાધિરૂપ છે તે ઉપાધિરૂપે જ અનુભવવામાં આવે છે. લાગે છે એમને. **'સ્વભાવ નિષ્ક્રિય છે.'** જુઓ! અહીંયાં સ્વભાવને નિષ્ક્રિય કહ્યો છે. સ્વભાવ છે તે નિષ્ક્રિય છે. ૩૨૦ ગાથાની 'જૈનસેનાચાર્યદેવ'ની ટીકામાં નિષ્ક્રિય શબ્દ વાપર્યો છે. પરમપારિણામિક ભાવ છે તે નિષ્ક્રિય છે. સ્વભાવ કહો, પરમપારિણામિકભાવ કહો (તે) નિષ્ક્રિય છે.

'સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી.' નિષ્ક્રિય શબ્દ ત્રણ અપેક્ષાથી વપરાય છે. જ્યાં જે પ્રકરણ ચાલતું હોય ત્યાં તેનો અર્થ એ રીતે સમજવો જોઈએ. એક તો પરપદાર્થના કાર્ય કરવા માટે કોઈપણ જીવ સક્રિય થાય તો પણ એ નિષ્ક્રિય છે. કરી શકતો નહિ હોવાને લીધે એવો જે અનુભવ, પરપાદર્થનું

કાર્ય કરવા માટે હું નિષ્ક્રિય છું, કરી શકતો નથી એવો જે અનુભવ એવા અનુભવને બતાવવા માટે પણ નિષ્ક્રિય શબ્દ કહેવાય છે. અને રાગનું કર્તાપણું નથી, જ્ઞાનદશામાં રાગનું કર્તાપણું નથી તો રાગ કરવા માટે જ્ઞાની નિષ્ક્રિય છે એમ પણ નિષ્ક્રિયપણું કહેવામાં આવે છે. અને એક સમયના પરિણામને ત્રિકાળી સ્વભાવ કરતો નથી. પરમપારિણામિકભાવ બંધ અને બંધના કારણરૂપ પરિણામ, મોક્ષ અને મોક્ષના કારણરૂપ પરિણામથી શૂન્ય હોવાને લીધે નિષ્ક્રિય છે. આ વ્યાખ્યા કરી 'જયસેનાચાર્યદેવે' ૩૨૦ ગાથામાં. '**निष्क्रिय इति कोऽर्थः**' પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો કે આત્મા નિષ્ક્રિય છે, પરમપારિણામિકભાવ પરમ નિષ્ક્રિય છે. નિષ્ક્રિય છે એનો શું અર્થ આપ કરો છો? '**निष्क्रिय इति कोऽर्थः**' એનો અર્થ શું છે?

બંધ અને બંધના કારણરૂપ પરિણામ, મોક્ષ અને મોક્ષના કારણરૂપ પરિણામ. બસ, પરિણામમાં તો આ બે શબ્દ, બે જાતિમાં બધા પરિણામ આવે છે. ત્રીજી જાતના કોઈ પરિણામ નથી. કાં તો બંધ અને બંધના કારણરૂપ પરિણામ છે એટલે આસ્રવ અને બંધ. મોક્ષ અને મોક્ષના કારણરૂપ એટલે સંવર-નિર્જરા ને મોક્ષ છે. બસ, પરિણામમાં સાતે તત્ત્વોમાં પાંચે લઈ લીધા. બે તો દ્રવ્ય છે. એનાથી શૂન્ય હોવાને લીધે આત્મા નિષ્ક્રિય છે. આત્મા કાંઈ કરતો નથી.

મુમુક્ષુ :- પર્યાય...

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયને ન કરે એ વાત લીધી. આમાં એ વાત લીધી 'જયસેનાચાર્ય'એ બંધ અને બંધના કારણરૂપ અને મોક્ષ અને મોક્ષના કારણરૂપ એટલે કોઈપણ પર્યાય આવી ગઈ. આ સિવાયની તો કોઈ પર્યાય જ નથી. એનાથી શૂન્ય હોવાને લીધે, એના અભાવ સ્વરૂપે હોવાને લીધે એને એ કરતો નથી. અને એને કરતો નથી માટે એને નિષ્ક્રિય કહેવામાં આવે છે. ત્રણ શબ્દો વાપર્યા છે. અભાવસ્વરૂપ છે, એનાથી શૂન્ય છે. ૩૨૦ ને?

માટે આમ થયું કે શુદ્ધપરિણામિક ભાવ વિષયક જે ભાવના તે રૂપ જે ઉપશમક આદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષના કારણ છે. પરંતુ શુદ્ધ પારિણામિક ભાવ નહિ. એટલે એ એનાથી રહિત છે. રહિત છે, શૂન્ય છે અને અભાવરૂપ છે. એમ ત્રણ જગ્યાએ ત્રણ શબ્દ એમણે વાપર્યા છે. ગ્રહિત છે એ પહેલા વાપર્યો છે. શુદ્ધ પારિણામિકભાવ એવી સંજ્ઞાવાળું જાણવું તે તો એટલે એ તત્ત્વ તો બંધ-મોક્ષ પર્યાય પરિણતિથી રહિત છે. બંધ અને મોક્ષ બંને પર્યાય પરિણતિથી તે રહિત છે. ત્યાં રહિત વાત લીધી. અહીંયાં કહે છે કે શુદ્ધ પરમપારિણામિકભાવ (પરિણામથી) શૂન્ય છે એમ લે છે ફરીને. કરતો

નથી. એ પાછો 'યોગીન્દ્રદેવ'નો આધાર આપે છે. **'णवि उपज्जइ णवि मरइ बंध ण मोक्खु करेइ'** બંધ-મોક્ષ કરતો નથી. 'પરમાત્મપ્રકાશ'ની ગાથાનો આધાર આપ્યો છે 'યોગીન્દ્રદેવ'નો. 'જયસેનાચાર્યદેવે' 'યોગીન્દ્રદેવ'નો 'પરમાત્મપ્રકાશ'નો આધાર લીધો છે. તે બંધ-મોક્ષ કરતો નથી. નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક. સિદ્ધાંતમાં કહ્યું છે કે નિષ્ક્રિય શુદ્ધપારિણામિક. શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શું અર્થ છે? **'निष्क्रिय इति कोऽर्थः'** ત્યાં એ વાત લેવી છે. **'बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः, तद्रूपो न भवति। मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति। ततो ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति ध्यानरूपो न भवति।'** ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. એ **'न भवति'** એટલે નથી એમ કહે છે. એ રૂપ તો નથી અને એ રૂપ થતો પણ નથી. **'भवति'**માંથી બેય નીકળે છે. નથી અથવા થતો નથી. બંને ભાવ એમાંથી નીકળે છે.

પહેલા જ શૂન્ય શબ્દ વાપર્યો છે. **'सर्वविशुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन'** જીવનું જે મૂળ સ્વરૂપ છે શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી. કર્તૃત્વ, ભોકતૃત્વથી તથા બંધ-મોક્ષના કારણ અને પરિણામથી શૂન્ય છે. આ પહેલી વાત શૂન્યની લીધી છે. બહુ ચર્ચાઓ ચાલતી અમારે. આ ગાથા 'ગુરુદેવે' પ્રવચનમાં લીધી એ પહેલાથી થોડુંક સ્વાધ્યાયમાં ચાલતું હતું.

મુમુક્ષુ :- કઈ ગાથા છે?

પૂજ્ય ભાઈશ્રી :- ૩૨૦ 'જયસેનાચાર્ય'ની ૩૨૦, 'સમયસાર'. બહુ ચર્ચાઓ ચાલી. ત્યારપછી બે ગાથા કહેવામાં આવી. એમાં શુદ્ધનિશ્ચયથી કર્તૃત્વ-ભોકતૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષના કારણ અને પરિણામના અભાવરૂપ વ્યાખ્યાન કરવામાં આવ્યું. એ અભાવ શબ્દ વાપર્યો છે. શૂન્ય શબ્દ વાપર્યો, અભાવ શબ્દ વાપર્યો અને રહિત શબ્દ વાપર્યો. મૂળ સ્વરૂપ માટે. આ ગાથા છે એ મૂળ સ્વરૂપને બતાવનારી ગાથા છે.

મુમુક્ષુ :- વસ્તુ સ્વરૂપમાં ભ્રમ ઊભો થતાં જ આ બધી ઉપાધિ...

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ જેવું છે એવું શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર નથી એમાંથી આ સંસાર પાંગર્યો. બસ! જેવું સ્વરૂપ છે એવું જો જ્ઞાનમાં અને શ્રદ્ધાનમાં આવે તો જીવના બધા પરિણામ, સમગ્ર પરિણામ એમાં એકાગ્ર થઈને લીન થઈને રહે. એવું જ જીવનું સ્વરૂપ છે. એટલે સંસરણ ન થાય. એમાંથી નીકળ્યો તે સંસરણ. એમાંથી બહાર નીકળ્યો તે સંસરણ-સર્યો તે સંસરણ. એમાં રહ્યો તો કોઈ ઉપાધિથી નથી.

બહાર નીકળે ઉપાધિ બહાર નીકળે એમાં છે. માણસ એમ કહે છે ને કે ...માં હુલ્લડ હોય, ગામમાં તોફાન થતું હોય તો ઘરબાર ન નીકળવું. ઘર જાલીને બેસી રહેવું. કેમકે તોફાનમાં ક્યાંક ક્યારે કોનો વારો નિર્દોષ માણસનો આવી જાય છે એનો કાંઈ પત્તો નથી લાગતો. એમ જગતમાં બધું છે તોફાન. ભગવાન કહે છે કે તારું ઘર જાલીને બેસ.

મુમુક્ષુ :- છાપાવાળાઓ રીતસર...

પૂજ્ય ભાઈશ્રી :- છાપાવાળા એમ કહે કે આજ બહાર નહિ નીકળતા, તોફાન થશે. થાય કે ન થાય પણ આપણે શું જરૂર? ખાતરી કરવા પણ ન જાય.

મુમુક્ષુ :- બહાર તો ન નીકળે પણ બારણા પણ બંધ કરી દે.

પૂજ્ય ભાઈશ્રી :- એને જરાય પોસાતું નથી. જરાય નુકસાન પોસાતું નથી ખરી વાત છે. સ્વભાવગત છે. એવું છે. પશ્ચાતાપ કરવા જેવો વિષય છે. વાસ્તવિકતામાં આવે ને તો બધો પ્રકાર ઊભો થઈ જાય. બધો યોગ્ય પ્રકાર ઊભો થઈ જાય. જ્યાં સુધી કલ્પનામાં ઊભો છે ત્યાં સુધી,.. આમાં પણ કલ્પના જ કરે છે, આમાં પણ વાસ્તવિકતામાં આવી શકતો નથી. નહિતર લાભ-નુકસાનનો વિષય તો બહુ વાસ્તવિકતાનો છે. શાંતિ-અશાંતિ તો એકદમ નક્કર હકીકત છે. જે દુઃખ વેદે છે- આકુળતા વેદે છે એની વેદના તો ચીજ છે કે ને નહિ કોઈ જગતમાં? જેનાથી એને છૂટવું છે, જેનાથી એ છૂટવા ચાહે છે.

મુનિરાજને '**ભૂમિકા પ્રમાણે તે બધું આવે છે પણ સ્વભાવથી વિરુદ્ધ હોવાને લીધે ઉપાધિરૂપ લાગે છે.**' નિરૂપાધિક સ્વભાવ, નિષ્ક્રિય સ્વભાવ એનાથી વિરુદ્ધ હોવાને લીધે તે નિરૂપાધિરૂપ લાગે છે. '**સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી.**' નિષ્ક્રિય તત્ત્વમાં નિષ્ક્રિય થઈને રહી જવું છે. ક્યાંય સક્રિય થવું નથી. '**સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી.**' જરાપણ. આળસુ થઈ ગયા છે. 'નિયમસાર'માં એ શબ્દ વાપર્યો છે. શાસ્ત્રીય શબ્દ છે. મુનિરાજ સ્વરૂપ મંથર છે. મંથર શબ્દ વાપર્યો છે. સ્વરૂપમાંથી બહાર નીકળવા માટે આળસુ થઈ ગયા છે. ગમતું નથી. પરાણે બહાર આવવું પડે છે. જેમ કોઈ આળસુ માણસને કામ સોંપો (તો) પરાણે-પરાણે વેઠની જેમ કરે. એ કામમાં ભલીવાર ન હોય. જ્યાં બધું પરાણે વેઠની જેમ કરે એમાં શું? કામમાં નિષ્ફળ જ જાય ને. કોઈ કાર્ય સફળ ક્યાંથી થાય? એમ મુનિરાજને બહાર નીકળવું એ પરાણે નીકળવાની વાત છે. નહિતર બીજા કોઈ કાર્યની, એમના માથે એવું નથી કે બીજા કામમાં રોકાયેલા છે. બહારના તમામ કામથી નિવૃત્ત છે, સંપૂર્ણ નિવૃત્તિ લીધેલી છે.

એટલી નિવૃત્તિમાં સામાન્ય જીવ આવે તો એને સમય ક્યાં કાઢવો એ મુશ્કેલ પડે. વખત કાઢવાની મુશ્કેલી પડે. વખત જતો નથી. કેમકે નિંદ્રા ઓછી છે એમની. એમ નથી કે ઊંઘ્યા કરે છે અને વખત ચાલ્યો જાય છે. નિંદ્રા ઘટી ગયેલી છે. દિવસે નિંદ્રા તો હોય નહિ. એટલો આહાર પણ નથી કે દિવસે નિંદ્રા આવે. ૨૮ મૂળગુણમાં એક ઉણોદરી છે. ઉદરપૂર્ણ આહાર ન લેવો એ અઠ્ઠાવીસ મૂળગુણનો એક ગુણ છે. રોજ એક વખતથી વધારે આહાર નહિ. પણ એક જ વખત ખાવું છે માટે દાબી લ્યો. એ પ્રકાર ત્યાં નથી. એક વખત પણ ઉણો આહાર-ઓછો આહાર. પેટનો ખાડો ખાલી રહે એવો આહાર. એટલે પેટ ભરાય અને તૃપ્તિ એ વિષય જ જાણે નથી એમના માટે તો. જે સામાન્ય પ્રાણીને હોય છે જગતમાં કે પેટ ભરાય એટલે એને એમ થાય કે હાશ, તૃપ્ત થઈ ગયો. પેટ ભરાણું. એ વિષય મુનિરાજને માટે નથી.

'સ્વભાવ નિષ્ક્રિય છે તેમાંથી મુનિરાજને બહાર આવવું ગમતું નથી. જેને જે કામ ન ગમે તે કાર્ય તેને બોજારૂપ લાગે છે.' આ તો સ્વભાવિક વાત છે. જેને જે અણગમતું કામ હોય એ કામ એને સોંપો તો એને બોજો લાગે કે આ ગમતું નથી, ફાવતું નથી, આપણા માથે ક્યાં નાખ્યું? એમ મુનિરાજને તો વિકલ્પ માત્ર બોજો છે. એમની ભૂમિકાનો વિકલ્પ માત્ર બોજો છે. આહારનો વિકલ્પ પણ બોજો છે. આહારનો વિકલ્પ એ કાંઈ સુખનો વિકલ્પ છે કે શાતાનો વિકલ્પ છે એમ નથી. ખરેખર એ બોજો છે. જેમ તેમ ઊભા ઊભા પતાવીને થોડુંક પડ્યું કે વૃત્તિ છૂટી જાય છે. અનુમોદનનું કારણ એ છે. સહજ છે. વૃત્તિ એમની થોડીક જ્યાં જઠરાગ્નિ શાંત થાય એવું સહજ થોડું અંદર પડે કે આહારની વૃત્તિ ઊડી જાય છે. કેમકે એ ઉપાધિભાવે છે. એક વખત આહાર લેવો એ પણ જેને ઉપાધિ છે. એમની વૃત્તિ છે એ વીતરાગતામાં ચાલી જાય છે. પારમાર્થિક વૈરાગ્યની સ્ફૂરણા થાય છે. મુનિરાજ પૂરું કરી લ્યે છે. બસ, વાત થઈ ગઈ પૂરી. પછી જ્યારે વિકલ્પ ઊઠે ત્યારની વાત ત્યારે. મુનિરાજને એ ઉપાધિ પૂરી થઈ. હાશ! ઠીક મળી ગયું, સારું મળી ગયું. એ તો પ્રશ્ન જ નથી. બહુ સરસ કહ્યું છે 'શ્રીમદ્‌જી'એ 'સહજ અન્ને નહિ મનને પ્રસન્ન ભાવ જો.' જે Human psychology નો વિષય છે એ એમણે પકડ્યો છે. માનવી સાધારણ પ્રાણી જગતમાં જરાક ભાવતું ભોજન જોવે કે ચિત્તની પ્રસન્નતા થઈ આવે છે એમને. Human psychology પકડી છે, હોં! બહુ સારું ચિહ્ન પકડ્યું છે 'શ્રીમદ્‌જી'એ. મુનિરાજની દશા આખી જુદી હોય છે. અહીંયાંથી મુનિરાજની લોકોત્તર દશા છે. સામે સરસ અન્ન ઉપર ખ્યાલ, ઉપયોગ જાય છે છઠ્ઠા ગુણસ્થાને ચિત્તની પ્રસન્નતા અહીંયાં નથી થતી. એ તો મુનિદશા છે પણ જે નીચે વૈરાગ્ય હોય

છે સાધકને ચોથા-પાંચમા ગુણસ્થાને તો એને પણ વૈરાગ્ય ઊપજે છે. સારું અન્ન ભાળીને એને પ્રીતિનો ભાવ નથી થતો. ઊલટાનો એને વૈરાગ્ય થાય છે. એટલે એને વધારે ખવાઈ જવાનો પ્રશ્ન નથી ક્યારેય. કેમકે એ વૈરાગ્યમાં આવે છે. પોતાની સાવધાનીમાં છે અને જરા પણ સ્વાદની લાલચની અંદર વૃત્તિ ઊગ્ર નથી થતી. જે સામાન્ય પ્રાણીને સ્વાદના ખ્યાલ માત્રથી વૃત્તિ ઊગ્ર થાય છે એ ત્યાં નથી થતી. મુનિદશા તો બહુ અલૌકિક છે!

મુમુક્ષુ :- ભાવતી ચીજ બનાવે છે એમાં વૈરાગ્ય કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- એ બહુ વિચિત્ર વિષય છે. કુદરતી યોગ્યતાનો વિષય છે.

મુમુક્ષુ :- એની પ્રકૃતિ ...?

પૂજ્ય ભાઈશ્રી :- વલણ. પ્રકૃતિ એટલે વલણ. એવું સહેજ વલણ થઈ જાય. એને પ્રકૃતિ કહીએ આપણે. એટલે આમ પોતાની જાગૃતિમાં હોય છે કે સહેજ જ તે જેમ પ્રતિકૂળતા વધતા યોગ્યતાની અંદર સહજ પુરુષાર્થ થાય છે, એમ આ બાજુ પુણ્યનો ઉદય કે અનુકૂળતા વધતા પણ પુરુષાર્થ જ વધે છે. બે લપસવાના Point છે. બેય જગ્યાએથી પાછા વળે છે. આ એક લોકોત્તર વિશિષ્ટતા છે સાધકદશાની કે પુણ્યનો ઉદય વધે યા પાપનો ઉદય વધે, એ ત્યાંથી આત્મા ભણી આવે છે. એકેય બાજુ લંબાતા નથી. એના પરિણામ એકેય બાજુ લંબાતા નથી.

બીજું શું છે કે? પ્રત્યક્ષ પરિણતિમાં તો જેટલો વિભાવરસ વધે, ચાહે અનુકૂળતા સંબંધીનો, ચાહે પ્રતિકૂળતા સંબંધીનો એ તો દુઃખ જ છે. દુઃખ વધે છે. દુઃખ તો વધે છે કે નહિ? બસ, આ પાછા વળવાનું મુખ્ય કારણ તો ઈ છે. એ બાજુ લંબાઈને પોતાની આકુળતા અને અશાંતિ, એમાં અશાંતિ વધે છે. સામાન્ય માણસને શાંતિ-અશાંતિને અવલોકન કરવાનો દૃષ્ટિકોણ નથી એટલે એને એમ લાગે છે કે આ ભાવતું હું ખાઉં છું તો મને સુખ ઊપજે છે અને મને સારું લાગે છે. મારો પ્રિય વિષય છે એટલે મને સુખ અને સારું લાગવાપણું છે. તો એ તો કલ્પનામાં ભ્રમણાની અંદર ફસાયેલો છે. આને એ પ્રકાર નથી. એ તો સમજે છે કે જેટલો રસ વધશે એટલું અહીં દુઃખ વધશે. અને એ અનુભવનો વિષય (છે), પ્રત્યક્ષ અનુભવનો વિષય છે. એટલે એ જાગૃતિ જ્યાં જ્યાં વર્તે છે સાધકદશામાં, ત્યાં ત્યાં એ વિભાવરસની અંદર તીવ્રતામાં ખેંચાતા નથી. એટલા માટે કહે છે કે સમ્યગ્દૃષ્ટિ લડાઈ કરે તોપણ એટલા ખેંચાયેલા નથી. ભોગ-ઉપભોગમાં હોય તોપણ એટલા ખેંચાયેલા નથી.

'ગુરુદેવશ્રી'એ તો બહુ સરસ બોલ વાપર્યો છે. જેમ કોઈ માણસ વેપાર-ધંધો

કરે તો Margin રાખીને ચાલે છે કે નહિ? આપણે શું કહે છે? Margin કહે છે એને. એમ 'ગુરુદેવે' કાઠ્યાવાડી શબ્દ વાપર્યો છે 'મોકળાશ'. પોતાના સ્વરૂપધ્યાનમાં આરૂઢ થઈ શકે. ભાષા તો કાંઈક બીજી જ છે પણ આવો એક મને તે દિ' ભાવ ખ્યાલમાં રહી ગયો છે. એવી મોકળાશ રાખીને બહાર આવે છે. બહાર આવે છે ખરા. કેમકે સર્વથા અંતર્મુખ પરિણમન હોય તો સિદ્ધદશા હોય, અરિહંતદશા હોય. તો સાધકદશામાં સાધક સમ્યગ્દષ્ટિ બહાર આવે છે ખરા. સમ્યગ્દષ્ટિનો વિષય ચાલ્યો છે. 'ગુરુદેવ'નો મુખ્ય વિષય સમ્યક્ મિથ્યાત્વનો રહ્યો છે.

મુમુક્ષુ :- બહાર આવી જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહાર આવી જવાય છે. પણ અંદરમાં ધ્યાનમાં લીનતા પ્રગટ કરી શકે એવી મોકળાશ રાખીને. પૂરેપૂરા ઉલજીને આવે અને પછી અંદરમાં એકાગ્ર ન થઈ શકે પછી ધ્યાનમાં બેસે ત્યારે, એવી રીતે મૂર્છાતા નથી. એ પણ એક જગ્યાએ લીધું છે પ્રવચન રત્નાકરમાં કે ધ્યાનમાં બેસે અને આનંદ ઉત્પન્ન ન થાય તો ક્યાંક પુણ્યમાં કે પાપમાં મુર્છાયો છે. નહિતર પોતાનો આનંદનો પિંડ, આનંદનો પર્વત છે. એનો આનંદ કેમ ન આવ? પોતે આનંદનો અંદર પર્વત છે એનો આનંદ કેમ ન આવે ધ્યાનમાં બેસે ને? કોઈ પુણ્ય-પાપમાં મુર્છાઈ ગયો હોય તો જ ન આવે. મૂર્છા શબ્દ વાપર્યો છે.

'પરમાગમસાર'માં એ બોલ છે. મોકળાશ રાખીને આવે છે. બહાર આવે છે તો એમ ને એમ આવતા નથી. એટલી એને અંદરમાં જગ્યા હોય જ છે. એટલા એ સાવધાન છે. પોતાના સ્વકાર્યને વિષે સાવધાન છે. અને એ હિસાબે મુનિરાજને તો એક જ કામ છે. પરિપૂર્ણ થવાનો, કેવળજ્ઞાનનો પુરુષાર્થ માંડ્યો છે. બધું, આખા જગતને એક કોર મૂકીને, છૂટા પડીને એક પુરુષાર્થ માંડ્યો છે. એમાં કોઈ વચ્ચે વિકલ્પ ઊઠે વંદના, પ્રતિક્રમણાદિનો કોઈ અઠ્યાવીશ મૂળગુણનો, બધો બોજો છે. અહીં સુધી રાખીએ...

તા. ૨૦-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૮
પ્રવચન નં. ૨૪૪

જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે. હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું-એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે. પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે. પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.

૩૧૮.

આ બોલમાં સ્વરૂપ પ્રાપ્તિનો અથવા સ્વરૂપ પ્રતીતિનો-સમ્યગ્દર્શનમાં મૂળભૂત પ્રકાર શું છે એ વિષય ઉપર પ્રકાશ પાડેલો છે. '**જીવ પોતાની લગનીથી જ્ઞાયકપરિણતિને પહોંચે છે.**' જ્ઞાતા-દ્રષ્ટાપણું, જ્ઞાનધારા અથવા સ્વરૂપ પરિણતિ, સ્વભાવ પરિણતિ, સાધક દશા અને જ્ઞાયક પરિણતિ એ બધા એકાર્થ વાચક શબ્દો છે. પ્રથમમાં પ્રથમ જ્ઞાયક પરિણતિ પ્રગટે છે ત્યારે એને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય, સમ્યક્ પ્રતીતિ ઉત્પન્ન થાય એ સંબંધીની લગન શરૂ થાય છે. અને લગનપૂર્વક કામ હોય છે એટલે એ કામ અવશ્ય પ્રાપ્ત-સંપન્ન થાય જ છે. અથવા તો સમ્યક્ પ્રતીતિ માટેની લગની ન હોય એને સમ્યક્ પ્રતીતિ ઉત્પન્ન થાય એવું બનતું નથી. અસ્તિ-નાસ્તિથી એ રીતે લઈએ. જીવને જો પોતાની લગની ન હોય સ્વકાર્ય કરવાની તો એ જ્ઞાયક પરિણતિને પ્રાપ્ત ન કરે એટલે કે સાધકદશામાં પ્રવેશ નહિ કરે, મોક્ષમાર્ગમાં પ્રવેશ નહિ કરે.

એ લગનીમાં કેવા કેવા ભાવો હોય છે? સ્વરૂપની લગની છે એના ભાવો પ્રદર્શિત કર્યા છે. '**હું જ્ઞાયક છું, હું વિભાવભાવથી જુદો છું, કોઈ પણ પર્યાયમાં અટકનાર હું નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું, હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું-એમ, સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને...**' લગનીવાળા આત્માર્થીને એમ પરિણામમાં '**અનેક પ્રકારે વિચારો**

આવે છે.' વિચારોના ભેદ છે અથવા પ્રતીતિનો પ્રકાર, સમ્યક્ પ્રતીતિનો પ્રકાર એક જ ત્રણે કાળે હોવા છતાં સમ્યક્ પ્રતીતિ થવા પૂર્વે જે લગની છે એમાં વિચારમાં પ્રકાર અનેક છે.

ફરીથી, અનેક પ્રકારે '**સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે.**' આટલા શબ્દો પડ્યા છે. આટલા ભેદ લીધા વિચારોના કે '**હું જ્ઞાયક છું**' તો એ સ્વરૂપ પ્રત્યે વિચાર થયો કે પોતાનો જ્ઞાયકસ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ છે એ સંબંધીનો વિચાર છે. એની સાથે સાથે જ્ઞાયક છું તો રાગવાળો પણ છું, વિભાવવાળો પણ છું એમ બે વાત નથી. વિપરીતનો પરિહાર છે. જ્યાં સાચું છે ત્યાં ખોટાનો પરિહાર આપોઆપ છે. '**હું જ્ઞાયક છું**' તો સામે લખ્યું કે '**હું વિભાવભાવથી જુદો છું,...**' એમ. જ્ઞાયક પણ છું અને વિભાવવાળો પણ છું, જ્ઞાયકપણું પણ મને છે, વિભાવપણું પણ મને છે (એમ) બે વાત નથી. એનાથી જુદો છું. એમ વિભાવથી જુદાપણાનો, પરથી જુદાપણાનો સાથે સાથે ભાવ વર્તે છે. અથવા વિચાર એવો ઉત્પન્ન થાય છે. કોઈપણ પર્યાયમાં અટકનાર હું નથી.

જીવ પર્યાયમાં સંતુષ્ટ થાય તો જ અટકે. પર્યાયનું સંતુષ્ટપણું એ જ પર્યાયનું અટકવાપણું છે અને સંતુષ્ટપણું કોઈપણ વેષે, કોઈપણ ભેદે ન થાય એ વિષય પણ જરા બરાબર લક્ષગત કરી લેવો જોઈએ. સંતુષ્ટપણું થવામાં ઠીકપણું જે પર્યાયમાં લાગે છે એ સંતુષ્ટપણું છે અથવા જે પર્યાયથી એ પર્યાયની ગણતરી થાય તોપણ એ સંતુષ્ટપણું છે. ગણતરી થાય એટલે? જેમ કે એક કલાક, બે કલાક કે પાંચ કલાક. પાંચ-સાત કલાક સ્વાધ્યાય તો કર્યો કે ન કર્યો? પાંચ કલાક આજ તો સ્વાધ્યાય કર્યો, આ જ તો છ કલાક સ્વાધ્યાય કર્યો. આ તો કરતા હોય એને હોં! ન કરતા હોય એનો પ્રશ્ન નથી. તો એવી જે કાર્યની જે ગણતરી છે એ પણ સંતુષ્ટપણાનો પ્રકાર છે. કોઈપણ પર્યાય થાય તોપણ સ્વરૂપ પ્રત્યયી જોર અને પરિણામ ઉપરનું વજન ન રહે તો એ સંતુષ્ટપણું નથી. નહિતર એમ ન થાય તો ગમે તે ભાવમાં પણ અજાણપણે સંતુષ્ટપણું છે. આ નાસ્તિ વાચક લક્ષણ બહુ જ છેતરામણું છે. અમને કાંઈ એવી કાર્યની ગણતરી થતી નથી કે એ પર્યાયના વખાણ કરીએ અમારી દશાના એવું પણ નથી. જોકે જાણે-અજાણ્યે તો આવી જતું હોય છે. પણ જો પોતાના સ્વરૂપ ઉપરનું જોર ન જતું હોય તો અનાદિનું પર્યાયમાં એકત્વ હોવાને લીધે આપોઆપ પર્યાયમાં સંતુષ્ટપણું વર્તે છે. એને એમ લાગે છે કે હું જે કરું છું તો તે કાંઈ નહિ તો મારી ભૂમિકા પ્રમાણે તો હું બરાબર પહોંચી ગયો છું અને બરાબર કરું છું. હું મુમુક્ષુ છું અને મુમુક્ષુની ભૂમિકામાં મારે જે કરવું જોઈએ એ હું બધું બરાબર કરું છું. પણ એને એ

વાત ભૂલાઈ જવાય છે કે હું મુમુક્ષુ નથી, હું એક જ્ઞાયક સ્વભાવી આત્મા છું. અને જ્ઞાયક સ્વભાવી આત્માએ જે મુમુક્ષુદશાના પરિણામ થાય છે એવા બહુ સાધારણ અને સામાન્ય પરિણામમાં કાંઈ સંતોષ માનવા જેવો નથી. હજી તો પ્રારંભથી માંડીને પૂર્ણતા સુધીનું બધું જ બાકી છે.

એ પ્રશ્ન થવા યોગ્ય છે અહીંયાં કે સંતુષ્ટપણું ન હોય એને શું હોય? તો કહે છે, એને અસંતુષ્ટપણું હોય. આ બહુ ચોખ્ખી વાત છે અહીંયાં. જો પર્યાયમાં સંતુષ્ટપણું ન હોય તો પર્યાયમાં અસંતુષ્ટપણું હોય. અથવા બીજું એનું લક્ષણ એ છે કે જે પોતાનું પરિપૂર્ણ સ્વરૂપ છે પર્યાય તો એવી છે નહિ, જેવું પરિપૂર્ણ સ્વરૂપ છે એવી પર્યાય હોય તો સિદ્ધ દશા હોય. તો એવી તો અહીંયાં પર્યાય છે નહિ. માટે એવા પરિપૂર્ણ સ્વરૂપથી જેટલું બાકી છે એટલું બાકી છે એવું જેના જ્ઞાનમાં અને ભાનમાં બરાબર છે. એને સંતુષ્ટ થવાનો પ્રશ્ન નથી પણ એને બાકી છે એ પ્રશ્ન છે.

મુમુક્ષુદશામાં ઘણું બાકી છે એમ આવ્યા વિના રહે નહિ. મુમુક્ષુદશામાં સંતુષ્ટ થાય તો એ અટકી ગયો. અટકી ગયો અને દર્શનમોહનો અભાવ કરવાને બદલે, દર્શનમોહને વધારવાની એણે પ્રક્રિયા ચાલુ કરી. પણ ઘણું બાકી છે એમ આવે અને એ કોની સાથે સરખાવીને? કે મારું સ્વરૂપ પૂર્ણ છે એવી મારી દશા ન થાય ત્યાં સુધી એ બધું બાકી જ છે. એવું ઘણું બાકી છે એનો એક બોલ આવે છે આમાં તો. ઘણું બાકી છે... ઘણું બાકી છે... એમ લાગ્યા કરે.

મુમુક્ષુ :- ધીમી ધાર...

પૂજ્ય ભાઈશ્રી :- ધીમીધાર મુનિરાજને પોસાતી નથી, તને ક્યાંથી પોસાય ગયું? એમ કહે છે. મુનિરાજ એમ કહે છે કે જેને અંદરમાં Current ચાલે છે, 'સોગાનીજી'ના એ શબ્દો છે કે અંદરમાં Current એવો ચાલ છે, આનંદનો Current ચાલે છે. ચૈતન્યના ચમત્કારનો, જાગૃતિનો એવો Current ચાલે છે કે દેહનું સાન-ભાન જાણે નથી. દેહને ભૂલી જાય છે. ટાઢ, તડકો, ભૂખ, તરસ બધું ભૂલી જાય છે. દેહના ધર્મોને વિસ્મૃત થઈ જાય એવો Current ચાલે છે તો કહે છે, એ તો ધીમી ધાર છે. કોની સાથે સરખાવે છે? કે અંદરમાં જે આનંદનો દરિયો પડ્યો છે એની પાસે આ ધીમી ધાર છે. એટલે તો સાધકજીવો કોઈવાર એવી ભાષા અલંકાર કરે છે, પોતાના ને પોતાના ભગવાનને કહે છે, જેમ કોઈ જગતમાં બીજાના ભગવાનને ઓળંભો આપે એમ પોતાના ભગવાનને ઓળંભો આપે છે કે અરે પરમાત્મા! તારી પાસે તો ઘણો ભંડાર ભર્યો છે. હવે આપવામાં કૃપણતા શું કરવા કરે છો? ક્યાં આપે ખૂટવાનું છે તારું? અક્ષયપાત્ર છે. આપવાથી તો કાંઈ ખૂટવાનું નથી.

તો કૃપણતા શેની? એમ. એટલે મુનિદશામાં નીચેની દશાની અપેક્ષાએ પ્રચુર આનંદ અને પ્રચુર સ્વસંવેદન ગણાય છે તોપણ મુનિરાજ એને બહુ થઈ ગયું, સારું થઈ ગયું, મુનિદશા સુધી તો પહોંચી ગયો. આ કાળમાં ક્યાં મોક્ષ છે? આ કાળમાં છઠ્ઠા-સાતમા ગુણસ્થાનથી ઉપરની દશાનો પુરુષાર્થ કોઈ જીવને અહીંયાં પ્રગટ નથી થતો. આ ક્ષેત્રમાં હોં! આ કાળમાં, આ ક્ષેત્રમાં. તો આ ક્ષેત્રમાં તો મેં પૂરું કામ કરી લીધું કે નહિ? અધૂરું પોસાતું નથી. જેની દૃષ્ટિ પૂર્ણતા ઉપર હોય એને અધરું પોસાય નહિ અને અધૂરું કે અલ્પ પોસાય એ સૂચવે છે કે એની દૃષ્ટિ પૂર્ણ ઉપર નથી. પૂર્ણ ઉપર હોય તો પોસાય નહિ એને. આ તો સીધી-સાદી વાત છે.

મુમુક્ષુ :- કામ પૂરું થવાને બદલે મીંડું મૂકાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- મીંડું મૂકાઈ ગયું અને નુકસાનીનો ધંધો-વેપાર શરૂ થઈ ગયો. જ્યાં પર્યાયમાં સંતુષ્ટ થયો ત્યાં એને નુકસાનીનું કાર્ય શરૂ થઈ ગયું. અને એ દર્શનમોહનું-મિથ્યાત્વના નુકસાનનું કામ શરૂ થઈ ગયું. આ એક જગ્યા સૌથી વધારે છેતરામણી હોય, ભૂલભૂલામણીવાળી હોય અને પ્રાયઃ ભૂલ થતી હોય મુમુક્ષુદશામાં તો આ જગ્યામાં વિશેષ થાય છે. કેમકે એ જ જીવનું પૂર્વ જીવન છે એ વિષયકષાયવાળું વિશેષ હોય છે. મુમુક્ષુદશામાં આવતા વિષય કષાય ઘટે છે. ધાર્મિકક્ષેત્રની અંદર, ધાર્મિક વિચારોમાં, ધાર્મિક પ્રવૃત્તિમાં રહેલા મુમુક્ષુને એના પૂર્વ જીવનમાં જે કાંઈ ગૃહસ્થીની અંદર, વેપાર-ધંધાની જે કાંઈ પરિણામ હોય છે એ પરિણામોમાં અશુભ વધુ વધુ હોય છે. અહીંયાં એનું અશુભ ઘટીને શુભ વધે છે થોડું. તો એને એમ થાય છે કે ના, ના હું આગળ વધ્યો. ક્યાં જોવે છે? નીચે જોવે છે. પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાયકતત્ત્વ ઉપર જોવાને બદલે નીચેની પોતાની પૂર્વ દશાને જોવે છે. પહેલા કરતા હું સુધર્યો. પહેલા કરતા મારે સારું છે. અરે..! પહેલા નહોતું સમજાયું અને હવે સમજાય ગયું એમાં જે સંતોષનો રણકો હોય તો એ વાત પસંદ કરવા જેવી નથી. પણ નહોતું સમજાયું એ પણ એક હકીકત હતી અને સમજાયું એક નવી હકીકત ઊભી થઈ હોય તોપણ એમ ભાવ આવે કે ન આવે? આ પ્રશ્ન છે. બંને પાછી હકીકત હોય. ખોટું ન હોય. ન સમજાયું હોય ને સમજાયું છે માને છે એમ નહિ પણ ખરેખર પહેલાં ન સમજાતું હોય અને ખરેખર પછી સમજાયું હોય તો તો એમ આવી જાય કે ન આવી જાય? એમ આવે ત્યારે એમ જોવું કે સમજાયું એથી શું? હજી એ ક્યાં સમજણનું પરિણમન થયું છે? ભલે સમજાયું, ભલે પહેલા નહોતું સમજાયું, ભલે અત્યારે સમજાયું પણ અત્યારે સમજાયું તો એ રૂપ પરિણમન ક્યાં આવ્યું છે?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- વધુ ઊંડાણ દેખાય અને કેટલું બાકી છે એ સાથો સાથ દેખાય. ત્યારે એને એ સમજાણું કે એ યથાર્થતાને પામે, યથાર્થપણું ગણાય. નહિતર સમજાણામાં યથાર્થપણું ન રહે.

આ વિષય જરા વધારે વિચારવા જેવો છે. એ એક વિચાર આવ્યો છે કે કોઈપણ પર્યાયમાં અટકનાર હું નથી. આ બહુ મુદ્દાની વાત આવી છે અહીંયાં. એકદમ માર્ગદર્શન મળે એવો વિષય છે. જેમ 'ગુરુદેવે' અનેકવાર ઘૂંટાવી ઘૂંટાવીને ઘૂંટાવ્યું કે શુભમાં ધર્મ માનીશ નહિ, શુભમાં ધર્મ માનીશ નહિ. અશુભમાં તો ધર્મ માનવાનું જગતમાં કાંઈ કોઈ હા પાડતું નથી. પણ આ જગ્યાએ જીવો છેતરાયા છે. સંપ્રદાયવાળા પણ છેતરાયા છે- શુભમાં ધર્મ માને છે. ભૂલ થતી હોય તો ઠીકપણું આવી જાય. ઠીકપણું આવી જાય એ ધર્મ માનવા બરાબર જ છે. અને મુમુક્ષુજીવને સંતુષ્ટપણું થાય તો ભલે એણે વિકલ્પ એવો ન કર્યો હોય કે મેં શુભમાં ધર્મ માન્યો છે પણ શુભભાવમાં મને સારો ભાવ આવ્યો. આમ કરતાં કરતાં કાંઈક થોડું લાભનું કારણ થયું, આવું કરવું જોઈએ, આવો જ ભાવ કરવો જોઈએ. એ બધું શુભમાં ધર્મ માનવા બરાબર જ છે. શુદ્ધ દશા તો છે નહિ મુમુક્ષની. તો શુભભાવમાં જ એણે ઠીકપણું માન્યું. એણે ધર્મ માની લીધો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ગુરુદેવ' એક જગ્યાએ કહે છે કે એક પણ વિપર્યાસ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય. જે વિપર્યાસના અસંખ્ય પ્રકાર છે એમાંથી જે કોઈ પોતાને વર્તતા હોય તેમાંથી એક પણ વિપર્યાસ ચાલુ રહે અને સમ્યગ્દર્શન થાય, આત્માની પ્રતીતિ થાય એવું ન બને. કેમકે જે આત્મા છે એ તો સર્વથા વિપરીત ભાવો રહિત છે, સર્વથા શુદ્ધ છે, પરિપૂર્ણ છે. કોઈપણ આત્મામાં વિપર્યાસ છે નહિ. આત્માના સ્વરૂપમાં કોઈપણ વિપર્યાસ છે? કે નહિ. તો એની પ્રતીતિ થવા અર્થે વિપર્યાસ ચાલુ રહે અને એની પ્રતીતિ કેમ થાય કે હું આવો છું? પ્રતીતિમાં તો શું છે કે હું આવો છું એ પ્રતીતિભાવ છે. તો હું આવો પણ છું અને વિપર્યાસ પણ ચાલુ રહે એ કેવી રીતે બને? વિપર્યાસ નહિ.

રાગ થાય એક બાજુ છે અને રાગ ઠીક થાય એ બીજી વાત છે આખી. એ ન ગણાય. રાગ થાય તો એને નિષેધ આવે એટલે વિપર્યાસ નથી. રાગ તો થાય છે, રાગ ક્યાં સ્વરૂપને અનુકૂળ પરિણામ છે? મોક્ષમાર્ગીને રાગ તો થાય છે. તો કહે છે, તને રાગ થાય છે એ જ જણાય છે. પણ એ રાગનો એને નિષેધ થાય છે એ તેં જોયો? તું તો એમ જોવે છો કે જેમ મને માત્ર રાગ થાય છે અને નિષેધ થતો નથી.

એમ તારા માપે તું એનો રાગ જોવે છે. મને રાગ થાય છે અને એને પણ રાગ થાય છે. મને ભક્તિનો રાગ થયો, એને પણ ભક્તિનો રાગ થયો. મને શાસ્ત્ર-સ્વાધ્યાયનો રાગ થયો હતો ત્યારે એમને પણ શાસ્ત્ર સ્વાધ્યાયનો રાગ થયો હતો. અમારા બંનેના હાથમાં શાસ્ત્રો છે, બંને સાથે શાસ્ત્ર સ્વાધ્યાય કરતા હતા. પણ તને તો એ રાગનું અનુમોદન આવે છે કે મેં બહુ સારા ભાવ કર્યા આજે. એમને રાગ માત્રનો નિષેધ આવે છે. અહીંયાં ઊલટો-સુલટો ફેર છે. રાગ તો આવે છે બંનેને. એક એને ટેકો આપે છે, એક એનો વિરોધ કરે છે. આ ઊલટો-સુલટો ફેર છે. માટે રાગ થવા છતાં મોક્ષમાર્ગીને વિપર્યાસ રહ્યો નથી એમ ગણવામાં આવે છે. પોતાના માપે માપે તો ભૂલ થઈ જાય એવું છે. તેં તો પ્રીતિથી રાગનો સંગ કર્યો છે. રાગનો સંગ કહો, દોષનો સંગ કહો, તેં પ્રીતિથી કર્યો છે અને એણે એનો નિષેધ નકાર કર્યો છે, નકાર કર્યો છે કે નહિ, આ ન જોઈએ, આ મને ન જોઈએ... આ મને ન જોઈએ... આ મને ન જોઈએ. એમ ચાલે છે અંદરમાં. એટલે રાગનો તો નિષેધ આવે છે પણ કોઈપણ અપૂર્ણ પર્યાયમાં સંતુષ્ટ થવાનો અપૂર્ણ શુદ્ધ પર્યાયમાં સંતુષ્ટ થવાનો પ્રકાર પૂર્ણતાની દૃષ્ટિવાળાને થઈ શકતો નથી કે હોઈ શકતો નથી. એટલે એવો વિચાર આવે છે કે કોઈપણ પર્યાયમાં હું અટકનાર નથી. સાવધાન છું હું, કોઈ પરિણામમાં મારે અટકવું નથી. મારા પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ, એની લગનીમાં પડેલો આવા વિચારની અંદર સહેજે આવે છે.

મુમુક્ષુ :- ૧૯૯.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૯૯. છે, લાંબો બોલ છે. એના બીજા Paragraph માં એમ કહે છે કે '**અટકવાના તો અનેક અનેક પ્રકાર...**' અટકવાના તો અનેક અનેક પ્રકાર શા માટે અનેક પડખાથી સત્પુરુષોનું માર્ગદર્શન ઉપકારી થઈ પડે છે? કે અનેક જીવો ભિન્ન ભિન્ન પ્રકારે વિભિન્ન પ્રકારે અટકે છે. અને ચૈતન્ય દરબારમાં જવું, સફળ થવું એ તો એક જ પ્રકારે છે. જો પોતાને જાગૃતિ હોય, અંતર અવલોકન હોય તો પોતે ક્યાં અટકે છે? એ બરાબર જાણી શકે છે. ન પોતાને ખબર પડે એવું નથી. પ્રત્યક્ષ સત્સમાગમ હોય તો બીજા પણ સત્સમાગમમાં રહેલા અથવા સત્પુરુષનો સમાગમ હોય તો બીજા પણ એને દર્શાવી શકે છે કે ભાઈ! અહીંયાં કાંઈક આ અટકવાનો પ્રકાર છે, આ ભૂલ થવાનો પ્રકાર છે. આવી ભૂલ થાય તો આત્માને નુકસાન થાય. આત્માને પ્રાપ્ત થવામાં આગળ ન વધી શકાય.

એ એક સહેલો ઉપાય છે. કેમકે પોતાની ભૂલ તપાસ કરનારની કાળજી ઉપર આધાર રાખે છે. જો કાળજી ઓછી હોય તો જેટલી કાળજી હોય એના અનુપાતમાં,

એના પ્રમાણમાં જ એને પોતાની ભૂલ સમજાય અને બાકીની ભૂલ ન પણ સમજાય. તો ક્યાં અટકે છે? કેવી રીતે અટકે છે? અથવા કેવી રીતે બીજે રસ્તે ચડી જાય છે? આ માર્ગદર્શન પથપ્રકાશમાં એ વાત ઉપોદ્‌ઘાતમાં લીધી છે કે મુમુક્ષુજીવ કેવી રીતે ભૂલે છે? કેવી રીતે ઉન્માર્ગે ચડી જાય છે-અન્ય માર્ગે ચડી જાય છે? કેમકે એને આમાં જરાક ફેર છે એમાં શું? એમ લાગે છે. પણ આગળ જતા બહુ મોટો ફેર પડશે. એક Degree નો Angle આગળ બહુ મોટો ફેર પાડી દે છે. અથવા એને મૂંઝવણ થાય છે અથવા એ અટકી જાય છે અથવા સૂક્ષ્મ ભૂલ કરે છે તો ત્યાં એને પોતાને ખબર પડતી નથી. ત્યાં સત્પુરુષ છે એનું માર્ગદર્શન છે એ ઉપકારી થઈ પડે છે. માર્ગદર્શનનો વિષય ચાલ્યો છે ને એમાં? અટકવાના અનેક પ્રકાર, '**સફળ થવાનો એક જ પ્રકાર- ચૈતન્યદરબારમાં જવું તે.**' એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. ત્રણે કાળે એક જ માર્ગ છે. અહીંયાં દ્રવ્યલિંગી સુધીનું દૃષ્ટાંત એટલે ઉત્કૃષ્ટ દૃષ્ટાંત લે છે કે એ ક્યાંક સૂક્ષ્મપણે અટકે છે.

સ્થૂળ ભૂલ પહેલા નીકળે છે અને સ્થૂળ ભૂલ નીકળવી સહેલી પણ છે. સૂક્ષ્મ ભૂલ જલ્દી નીકળતી નથી અને નીકળવી એટલી સહેલી પણ નથી. તે સૂક્ષ્મપણે ક્યાંક અટકે છે. શુભભાવની મીઠાશમાં રોકાઈ જાય છે. એને શુભ ઘણું વધી ગયું છે. એ મીઠું લાગે છે. કડવું લાગવું જોઈએ તે મીઠું લાગે છે. એમાં આકુળતાનો સ્વાદ આવવો જોઈએ એના બદલે સારું લાગે છે. રાગની મંદતા, અઠ્ઠયાવીશ મૂળગુણ બસ! આ તો મોક્ષમાર્ગ, આ બધું બરાબર કરું છું, સાવધાનીથી કરું છું, સારી રીતે પ્રતિપાલન કરું છું અઠ્ઠયાવીશ મૂળગુણનું. ઈત્યાદિ કોઈપણ પ્રકારે સંતોષાઈને અટકી જાય છે. '**પણ આ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ તો પડી જ છે તેને કાં જોતો નથી**?' આ Search light મૂકી છે. કોઈપણ કક્ષાના મુમુક્ષુજીવને સમ્યગ્દર્શન પહેલા દ્રવ્યલિંગી સુધી પહોંચ્યો હોય એવા જીવને પણ, કે કોઈપણ કોટિમાં હોય, જ્યાં સુધી વિકલ્પની સંતતિ તોડીને નિર્વિકલ્પ અનુભવમાં સ્થિર આત્મામાં ન થાય એકવાર ત્યાં સુધી પર્યાયની એકતા કોઈને તૂટતી નથી. ભલે ગમે તેવું બાહ્યાચરણ હોય કે ગમે તેવું શાસ્ત્ર સંગત, શાસ્ત્ર સુસંગત જ્ઞાન હોય. વિપરીત ન હોય દેખાતું, દેખાતું ન હોય, હોં! પરિણમનમાં હજી વિપરીતતા ગઈ નથી. તો એને આ એક તપાસવા જેવો વિષય છે કે ભલે ગમે તે થયું પણ અંદરમાં વિકલ્પો સાથે એકતાબુદ્ધિ પડી છે એને કાં જોતો નથી? બહુ સુંદર વાત કરી છે. આ તું જોઈ લે. આ નથી મટ્યું ત્યાં સુધી તારે જ્યાં પહોંચવું છે તેનો પ્રારંભ પણ થયો નથી. પહોંચવું છે તો ઠેઠ પૂર્ણતા સુધી પહોંચવું છે પણ એનો હજી પ્રારંભ પણ થયો નથી. સમ્યગ્દર્શન પ્રતીતિ તો શરૂઆત

છે, એની શરૂઆત પણ થઈ નથી. તેને કાં જોતો નથી? '**આ અંતરમાં એને શાંતિ કેમ દેખાતી નથી**?' આત્માની શાંતિ, હોં! મંદ કષાયની શાંતિ હોય એ તો સંતોષમાં ભૂલાવાના સ્થાનમાં ભૂલવું જોઈએ નહિ, ભૂલાવામાં નહિ પડવું જોઈએ.

'**પાપભાવ ત્યાગીને 'સર્વસ્વ કર્યું' માની સંતોષાઇ જાય છે.**' અથવા પાપભાવ ત્યાગતા ઠીક કર્યું એમ માનીને સંતોષાઈ જાય છે. પાપભાવ છોડતાં, મેં ઠીક કર્યું, અને એ પણ પાછુ કર્તાબુદ્ધિએ હોય છે. મેં આ છોડ્યું. હવે આ પાપ હું નથી કરતો. હવે હું ધંધો નથી કરતો, હવે હું વેપાર નથી કરતો. હવે તો હું શાસ્ત્ર જ વાંચું છું. ઠીક કરું છું. એ ઠીક કરું છું એમાં એણે સર્વસ્વમાની લીધું છે.

મુમુક્ષુ :- એક દુકાન બંધ કરી બીજી દુકાન ચાલુ કરી.

પૂજ્ય ભાઈશ્રી :- બીજી દુકાન ચાલુ કરી. હા, છે, બરાબર છે. કહે છે કે પહેલા તું દુકાને ખાતાવહી ખોલીને ખાતા જોતો હતો. અમારે ખાતાવહી કહે છે. તમારે વહીખાતા કહે છે. વહી એટલો ચોપડો. ખાતાનો ચોપડો તે ખાતાવહી. આપણે ખાતાવહી ગુજરાતીમાં એવો શબ્દ છે. હવે અહીંયાં આ ચોપડો હાથમાં લીધો તેં. બીજું કાંઈ એમાં (ફેર નથી). જો અશુભ ટળીને માત્ર શુભમાં જ અટક્યો છો તો એક દુકાન અશુભની બંધ કરીને બીજી દુકાન શરૂ કરી. તારો વેપાર ચાલુ છે સંસાર પરિભ્રમણનો. સંસાર પરિભ્રમણનો વેપાર બંધ થયો નથી. ભલે દુકાન બીજી થઈ એ વાત ખરી. માલ બીજો છે એ વાત સાચી પણ પરિભ્રમણની દૃષ્ટિએ તો એકની એક વાત છે. વેપાર વગરનો થયો નથી. સંતોષાઈ જાય છે.

હવે આત્માર્થીનું લક્ષણ લીધું કે '**સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને...**' જુઓ! બેયને અનુરૂપ પરિણામ હોય છે. આત્માર્થી સમ્યગ્દૃષ્ટિ ભલે થયો નથી તોપણ બંનેની એક વાત એકસરખી લીધી. '**સાચા આત્માર્થીને અને સમ્યગ્દૃષ્ટિને...**' કેમકે એ સમ્યગ્દૃષ્ટિ થવાનો છે. આત્માર્થી, જે સમ્યગ્દૃષ્ટિ થવાનો છે એના પરિણામ સમ્યગ્દર્શન થવાને અનુકૂળ થાય છે-અનુરૂપ થાય છે. વિરુદ્ધ જાતિના હોય તો એ વિપર્યાસ એના મટતા જાય છે. એને તો '**ઘણું બાકી છે, ઘણું બાકી છે' એમ પૂર્ણતા સુધી ઘણું બાકી છે એમ જ ભાવના રહે છે.**' મુનિદશા? તો કહે, અનંતમાં ભાગે છે. મુનિદશા પણ અનંતમા ભાગે છે. કેમકે ક્યાં કેવળજ્ઞાન! ચાર જ્ઞાન હોય તો અનંતમા ભાગે છે. ગણધરદેવને ચાર જ્ઞાન છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, સુધીનું. એક બોલ લીધો છે. ભગવાનની સામે જુએ છે ગણધરદેવ તો, એમના નજીકના સાથીદાર છે, અરે..! આપનું કેવળજ્ઞાન અને ક્યાં મારું આ ક્ષયોપશજ્ઞાન? ચારેય ક્ષયોપશમ જ્ઞાનમાં જાય છે. ... ક્યારે પણ ન થાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બારમા ગુણસ્થાને પણ અનંતમાં ભાગે છું એમ જ છે. ચારિત્ર પણ અનંતુ પ્રગટે છે તો એ પહેલાનું ચારિત્ર છે એ અનંતમા ભાગે છે. દસમા ગુણસ્થાન સુધી. બારમે તો યથાખ્યાત પ્રગટી ગયું પણ જ્ઞાન ત્યાં હજી અનંતમાં ભાગે છે. કેવળજ્ઞાન પ્રગટ્યું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલવણીના સ્થાન દેખાડે છે. અટકવાના અનેક પ્રકાર છે. ભૂલ અનેક પ્રકારે થઈ જાય છે. અને જ્યાં સુધી ભૂલ ન મટે ત્યાં સુધી પામે એવું તો કેમ બને? વિપર્યાસ, ભૂલ એટલે અહીંયાં વિપર્યાસ. વિપર્યાસ ઊભો રહે અને પામે એમ કેમ બને? કે, ન બની શકે.

મુમુક્ષુ :- યથાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- આ યથાર્થ લક્ષ નથી. પૂર્ણતાનું જે લક્ષ હોવું જોઈએ એ લક્ષ એને નથી. નહિતર ભૂલ ન થાય. સાચા આત્માર્થીને પૂર્ણતાનું લક્ષ છે. સમ્યગ્દષ્ટિને પણ પૂર્ણતાનું લક્ષ છે. લક્ષ બંનેનું બરાબર છે. દશામાં ભલે બેય એકસરખા નથી પણ લક્ષ બંનેનું બરાબર છે.

'ઘણું બાકી છે એમ જ ભાવના રહે તો જ પુરુષાર્થ અખંડ ટકી શકે.' તો જ પુરુષાર્થ વૃદ્ધિગત થઈ શકે, નહિતર પુરુષાર્થ ટકી શકે કે રહી શકે નહિ. એ ૧૯૯ ના બોલમાં જે જ્ઞાની અને અજ્ઞાનીની સામે સામે જે સરખામણી કરી છે એમમાં વિષય બહુ સારો સ્પષ્ટ કર્યો છે. પર્યાયમાં સંતુષ્ટપણાનો વિષય બહુ ચોખ્ખો કર્યો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલામણીનો વિષય. પર્યાયની એકતા તો અનાદિથી પડી છે. એ એકતા તોડવા માટેનો પ્રયત્ન એનાથી વિરુદ્ધ પર્યાયનું સંતુષ્ટપણું છે. પર્યાયની એકતા (તોડવા) માટેના પ્રયત્નની દિશામાં એ કાર્યમાં લાગવું જોઈએ એના બદલે વિરુદ્ધ કાર્યમાં લાગ્યો. એકતાને સઙ્ઘ કરવાનો પ્રકાર છે. પર્યાયમાં સંતુષ્ટપણું એ પર્યાયની એકતા બુદ્ધિને વધારો પાકી કરવી અને વધારે દઢ કરવી એ સ્થિતિ છે. એટલે એના ઉપર મોટી Light મૂકે છે, જોજે અહીંયાં ભૂલતો નહિ. દ્રવ્યલિંગી પર્યંતના જીવો અહીં સુધી ભૂલ્યા છે. તારે તો હજી બહારમાં એટલો ફેરફાર નથી પણ જેને આટલું બધું વીર્ય ફોરવ્યું અને દીક્ષા ધારણ કરી, જંગલમાં વસ્યો એને પણ આ ભૂલ થઈ છે. આ ભૂલ થાય ત્યાં સુધી એને સ્વરૂપની પ્રતીતિ થતી નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જૈનાભાસી. એમણે તો બધા પડખાં ચોખ્ખા કર્યા. નિશ્ચયાભાસીને પણ લીધો. ઉભયાભાસીને પણ લીધો. અને ખાસ કરીને જે પર્યાયમાં અટક્યો છે એ વ્યવહારાભાસી છે. જે પર્યાયમાં સંતુષ્ટ થયો છે એ વ્યવહારાભાસી છે. શું કહ્યું?

'**કોઈપણ પર્યાયમાં હું અટકનાર નથી, હું અગાધ ગુણોથી ભરેલો છું,...**' આવા બધા વિકલ્પો આવે. શું કહેવું છે? શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ કરવાવાળાને આવા વિકલ્પો આવે, એવા વિચારો આવે. '**હું ધ્રુવ છું, હું શુદ્ધ છું, હું પરમપારિણામિકભાવ છું એમ- સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળા આત્માર્થીને...**' આત્માર્થીને આટલું વિશેષણ લગાડ્યું છે. આ આત્માર્થીનું વિશેષણ છે ચાર શબ્દોમાં. '**સમ્યક્ પ્રતીતિ માટેની લગનીવાળો આત્માર્થી**' જેને સ્વરૂપની પ્રતીતિ થવાની છે એવા આત્માર્થીને. ત્યાં સાચો આત્માર્થી લીધો. અહીંયાં ચોખ્ખી વાત કરી.

સાચો એટલે કેવો? કે જેને સમ્યક્ પ્રતીતિ માટેની લગની લાગી છે. સ્વરૂપની પ્રતીતિની લગની લાગી છે કે અહીં સુધી તો પહોંચવું, પહોંચવું ને પહોંચવું જ. એવો પાછળ પડી ગયો છે. જેને એમ કહે છે ને કે પોતાની પૂરી શકિતથી, પૂરી તાકાતથી પાછળ પડી ગયો છે. આ કામ માટે. એવા લગનીવાળા જીવને આવા વિકલ્પો આવવા સહજ છે. અને અહીંયાં તો માર્ગદર્શન એવું દેવું છે. બહુ વિધિ ચોખ્ખી કરે છે. આ બોલ બહુ સારો છે એ દૃષ્ટિએ.

આત્માર્થીને, સાચા આત્માર્થીને આવા અનેક પ્રકારોના વિકલ્પો આવે છે. વિકલ્પના પ્રકાર અનેક છે. પ્રતીતિના અનેક પ્રકાર નથી, માર્ગના અનેક પ્રકાર નથી. વિકલ્પના અનેક પ્રકાર થાય છે પણ ભૂલવા જેવું નથી કે માર્ગના પણ અનેક પ્રકાર છે. આમાં શું થોડું રહસ્ય છે? કે મૂળભૂત પ્રકાર છોડીને મુમુક્ષુજીવ પણ અનેક પ્રકારના વિકલ્પોમાં ક્યાંકને ક્યાંક એમ માને છે કે આનાથી પમાશે. આ પ્રકારથી પમાશે. તો એ વિધિની ભૂલ થઈ ગઈ. એના ઉપર અહીંયાં એકદમ પ્રકાશ મૂકી દીધો. આ એક આ બોલની વિશિષ્ટતા છે. જે મુદ્દો છે, ખાસ મુદ્દો છે, આખા બોલનો જે ખાસ મુદ્દો છે એ આ જગ્યાએ છે.

'**આત્માર્થીને અનેક પ્રકારે વિચારો આવે છે.**' એવા અનેક પ્રકારના વિચારો આવવા એ સ્વભાવિક છે. મુમુક્ષુની ભૂમિકામાં જે કહ્યા એવા એવા પ્રકારના અનેક પ્રકારના વિકલ્પો આવવા એ સ્વભાવિક છે. એવું બનશે. '**પણ તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે.**' એટલે એ ભૂલવા જેવું નથી કે સમ્યક્ પ્રતીતિમાં અનેક પ્રકાર પડે છે. પ્રતીતિનો પ્રકાર ત્રણે કાળે એકસરખો છે.

'તેના નિમિત્તે ઊપજતી સમ્યક્ પ્રતીતિનો તો એક જ પ્રકાર હોય છે.' બીજો પ્રકાર પ્રતીતિમાં કદી હોતો નથી. અને પ્રતીતિ માટેના જે વિચારો અનેક છે, અનેક પ્રકારના જે વિચારો છે તે સર્વ પ્રકારોમાં. હવે અહીંયાં વાતને ખીલે બાંધી કે **'સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.'** આ અહીંયાં વાત સિદ્ધાંતિક રીતે સ્થાપી છે. શું વિચારવા જેવું છે? લઈએ. સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ સત્તા-અસ્તિત્વ છે અને પ્રથમ નિર્ણયના કાળમાં પણ જે સ્વરૂપ ભાસે છે જ્ઞાયક સ્વભાવી આત્માનું, એમાં પણ આવો છું એમ જોર તો અસ્તિત્વથી, અસ્તિત્વના આધારે જોર આવે છે. એટલે જે આધારભૂત વિષય છે એમાં છું પણા ઉપર જરા જોર વધારે છે. એટલે એને લગતા પણ કેટલાક વચનો શાસ્ત્રમાં, જ્ઞાનીઓના શ્રીમુખે એ બધો પ્રકાર ઊભો થાય છે. કોઈને એમાંથી મૂળભૂત પ્રકાર છૂટવાનો પણ વિપર્યાસ ઊભો થઈ જાય છે. આ જે બોલની સૂક્ષ્મતા છે એ આ છે. મૂળભૂત પ્રકાર છોડી અને કોઈપણ પ્રકારે જીવ જો પ્રયત્ન કરવા લાગે છે તે સમ્યક્ પ્રતીતિ સુધી પહોંચતો નથી, એમ કહેવું છે. આ એક બહુ Pinpoint વાત છે તો અહીંયાં આ બોલની અંદર એટલી છે કે આમાં ફેર નહિ પડવો જોઈએ.

દાખલા તરીકે કે અસ્તિત્વ સ્વભાવ છે. દર્શનનો સીધો વિષય સત્તા છે. પણ અનેક પ્રકારોના વિચારોમાં, સર્વ પ્રકારોમાં હું જ્ઞાયક છું તે પ્રકાર મૂળભૂત છે એમ કહેવું છે. મૂળભૂત છે એટલું જ નહિ, સ્વરૂપાનુભવ માટે સ્વરૂપ પ્રાપ્તિ માટે એકમાત્ર હેતુ રૂપ છે એમ કીધું. એટલે એ વિષય ઉપર અવતરણ ચિહ્ન કરીને અહીંયાં એ વાત લીધી છે.

મુમુક્ષુ :- વસ્તુની વ્યવસ્થા...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે બે જગ્યાએ સંભવિત ભૂલો છે. એક અસ્તિત્વનો વિષય અને એક જ્ઞાયકપણાનો વિષય. તો જેને મૂળભૂત પ્રકાર હાથમાં નથી આવતો એને અહીંયાં જોર જાય છે. જેમકે આપણે ... પ્રવચનો ચાલતા ને? તમે તો મુંબઈમાં હતા એ વખતે. (એક મુમુક્ષુ) બહુ જોરદાર પ્રવચનો આપતા 'મુંબઈ'માં. એમાં હૈ સ્વભાવ-અસ્તિ સ્વભાવ ઉપર (જોર આપતા હતા). કેમકે શાસ્ત્રમાંથી... બહુ બુદ્ધિવાળા હતા, સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધ સત્તા છે અને જો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તો અસ્તિત્વ ઉપર જોર આવવું જોઈએ. તો દ્રવ્ય-ગુણ-પર્યાય સમેત અસ્તિત્વ છે. તો એના ભેદો અને એના અભેદો. ભેદ ઉપર અને અભેદ ઉપર વિકલ્પો ચાલે અને જોર જાય અસ્તિત્વ ઉપર. આવો પ્રકાર પણ એક ઉત્પન્ન થાય છે.

એકવાર 'પૂજ્ય બહેનશ્રી'ની ચર્ચામાં એક સીધો પ્રશ્ન એ થયો કે આત્માના જે અનેક સ્વભાવો છે એમાં અસ્તિત્વપણે પણ આત્મા છે અને જ્ઞાયકપણે પણ આત્મા છે. અનંત અસ્તિત્વ એ આત્માનો સ્વભાવ છે, અનંત જ્ઞાન એ પણ આત્માનો સ્વભાવ છે. તો આત્મા અસ્તિત્વપણે પણ છે અને આત્મા જ્ઞાયકપણે છે. મુમુક્ષુએ કયા પ્રકારથી ઊપડવું? આ પ્રશ્ન કર્યો હતો. કેમકે અહીંયાં વિચારભેદ પણ ચાલે છે. સમ્યગ્દર્શનનો વિષય સત્તા છે તો અસ્તિત્વ ઉપર જોર દેવું જોઈએ. મુમુક્ષુએ ક્યાંથી ઊપડવું? એમના બોલમાં તો એ વિષય સ્પષ્ટ જ છે પણ છતાં બીજો પ્રશ્ન, બીજો પ્રતિપક્ષ સામે રાખીને વિષય ચોખ્ખો કરાવવાનો પ્રશ્નની અંદર હેતુ હતો. અસ્તિત્વપણે પણ છે અને જ્ઞાયકપણે પણ છે. આત્મા તો બેય એના ગુણો હોવાથી આ પણે પણ છે અને આ પણે પણ છે. બેય એના સ્વભાવ છે. ઊપડવું ક્યાંથી? તો કહે, હું જ્ઞાયક છું ત્યાંથી ઊપડવું. જે આ બોલમાં ઉત્તરમાં લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાયક છું ત્યાંથી લેવું. જ્ઞાયક લેવો. હવે પ્રશ્ન તો અહીંયાં અસ્તિ અને જ્ઞાયક બેયનો સામે સામો રાખ્યો હતો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એના બદલે જ્ઞાયકથી ઊપડવું એમ, ઉત્તર એમ હતો. અહીંયાં પણ એ વાત છે કે હું જ્ઞાયક છું એ પ્રકાર મુખ્ય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં એ સ્પષ્ટીકરણ કરાવ્યું હતું પછી કે જ્ઞાયકથી ઊપડવું અને અસ્તિથી ઊપડવું એમાં ફેર શું? આ Cross question છે ભલે પણ વિષય તો સ્પષ્ટ થાય ને. એટલે અસ્તિથી ઊપડવું એમ કહો કે જ્ઞાયકથી ઊપડવું એમ કહો, તો એમાં ફરક શું છે? તો કહે, માત્ર અસ્તિ લેવાથી એમાં જ્ઞાયકપણું નથી આવતું. અને જ્ઞાયક છું એમ લેવા જતાં અસ્તિપણું એમાં આવી જાય છે. હવે ઈ કેવી રીતે? ઈ કેવી રીતે? કે અસ્તિત્વ તો છએ દ્રવ્યનો સ્વભાવ છે. એ કોઈ ખાસ જુદો સ્વભાવ નથી આત્માનો. એ તો છએ દ્રવ્યનો સ્વભાવ છે. માટે અસ્તિત્વથી ઊપડવું એ મૂળભૂત પ્રકાર નથી પણ જ્ઞાયકથી ઊપડવું એ મૂળભૂત પ્રકાર છે. એ ચર્ચાની અંદર એ વિષય સ્પષ્ટ કર્યો.

મુમુક્ષુ :- હું જ્ઞાયક છું. એમાં હુંમાં અસ્તિત્વ જાય અને જ્ઞાયક છું એમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હું છુંમાં અસ્તિત્વ આવી જાય છે. હું છું એમાં અસ્તિત્વ આવી જાય છે અને જ્ઞાયકમાં વિશિષ્ટ સ્વભાવ આવે છે કે જે વિશિષ્ટતાથી સર્વ અન્ય

દ્રવ્યોથી અને સર્વ અન્ય ભાવોથી જુદો પડી જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહ્યું પોતે કે જ્ઞાયક છું એમાં અસ્તિત્વ આવી જાય છે. એટલે જે સમ્યગ્દર્શનનો વિષય સત્તાને ગ્રહણ કરવું એ પ્રકાર બાકી નહિ રહી જાય. જ્યારે જ્ઞાયક છું એમાં જ્ઞાયકપણું જ જો બાકી રહી જાય. અસ્તિત્વ છું. અસ્તિ છું... અસ્તિ છું... એમ હૈ... હૈ... હૈ... ઉપર જ્યાં જોર દેવા જાય, છું... છું... છું... ઉપર માત્ર છુંપણા ઉપર જોર દેવા જાય અને જો જ્ઞાયકપણું ન રહે તો એ પ્રકાર, પ્રકારાંતરમાં જાય છે. વિધિની ભૂલમાં ચાલ્યો જાય છે.

અથવા બીજી રીતે વાત લઈએ. આ જરા મુમુક્ષુની ભૂમિકામાં વિચારણીય વિષય છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' પ્રસિદ્ધ થયા પછી... વાંચન કરવા જઈએ ત્યાં તો અનેક મુમુક્ષુઓની સાથે ચર્ચાનો પ્રસંગ થાય તો એવા પણ મુમુક્ષુઓ મળે છે. એક દૃષ્ટિથી ઊપડવું. એક દૃષ્ટિના વિષયથી ઊપડવું છે, એક દૃષ્ટિના વિષયથી ઉપડવું છે. તો દૃષ્ટિના વિષયથી કેવી રીતે ઉપડશો? કેમકે જ્ઞાનનો વિષય સાથે લઈએ છીએ ને તો જ્ઞાનના વિષયમાં તો ગુણભેદ પણ છે, પર્યાયભેદ છે, દોષ-નિર્દોષતાના વિષયો પણ છે અને ઘણી વાતો છે. વ્યવહાર પણ છે. કેવો વ્યવહાર હોય, કેવો વ્યવહાર ન હોય કઈ ભૂમિકામાં આ બધું જ્ઞાનની અંદર તો બહુ લાંબી લાંબી વાતો છે. આપણે ટુકૂં પકડવું હોય તો એક દૃષ્ટિનો વિષય પકડી લો અને દૃષ્ટિનું જોર મારવું. જ્ઞાન બાજુ જવું નહિ. દૃષ્ટિનું જોર મારવું. એટલે ત્યાં એ વાત કરવી પડે છે કે હું જ્ઞાયક છું એ મૂળભૂત પ્રકાર છે. હું જ્ઞાયક, હું એ વિચારોના સર્વ પ્રકારોમાં. ક્યા વિચારે? ધ્યાનથી વાંચવા જેવું છે. '**પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારમાં**' શું લીધું છે?

એક એક શબ્દ તોળી તોળીને છે, હોં! ભલે પંડિતજીએ ગોઠવ્યું છે પણ 'પૂજ્ય બહેનશ્રી' પાસે બધું સ્પષ્ટ કરેલું છે. એમાં એક પોતે વાત કરતા હતા પંડિતજી. કોઈ ફેરફાર કર્યો હતો કે એમ નહિ, અહીંયાં આમ લ્યો... અહીંયાં આમ લ્યો. એમના ભાવની સાથે વાત બેસતી હોય એ પ્રમાણે ફેરફાર કરાવે. કેમકે ગ્રહણ કરનાર કેટલાક બહેનો છે. એમને પોતાને જેટલું Grasping હોય Capacityના પ્રમાણમાં પકડાણું હોય, પંડિતજી એથી વિશેષ બધું બરાબર પરિચયના હિસાબે, અભિપ્રાય જાણતા હોય તે હિસાબે બરાબર ગોઠવવામાં સરખું કરી શકે. ભાષાથી, અભિપ્રાયથી બધેથી. તોપણ એક એમાં ફેરફાર કરાવ્યો છે. એમને વંચાવ્યું છે અને એમણે ફેરફાર કરાવ્યો છે. એવા એક-બે દાખલા આપ્યા કે જુઓ, અહીંયાં આમ ફેરફાર કરાવ્યો હતો, અહીંયાં આમ ફેરફાર કરાવ્યો હતો. આ બધી અમારે ચર્ચાઓ થયેલી છે.

એક એક શબ્દ તોળી તોળીને છે અહીંયાં. પ્રતીતિ એટલે સમ્યગ્દર્શન માટે જે જીવ ઊભો થયો, સ્વરૂપ લગનીવાળો જીવ છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે એવો સાચો આત્માર્થી છે અહીંયાં એની વાત ચાલે છે. એને આવા અનેક પ્રકારના વિચારો ચાલે છે. એને પ્રતીતિ કરવી છે એ માટે આ વિચારો ચાલે છે. તો પ્રતીતિના હેતુથી જે વિચાર વિકલ્પોમાં આવ્યો અને સ્વરૂપના વિચારો કરે છે એ બધા વિચારોના પ્રકારોમાં '**હું જ્ઞાયક છું તે પ્રકાર મૂળભૂત છે.**'

માર્ગદર્શન એવું છે કે જો આઘો-પાછો ન જાય તો વાંધો ન આવે અને આઘો-પાછો જાય તો વાંધો આવી જાય. આવું એક ચોક્કસ માર્ગદર્શન છે આ જગ્યાએ. આ બોલમાં આ જગ્યાએ બહુ ચોક્કસ માર્ગદર્શન છે. તો એ જે દૃષ્ટિથી ઊપડવાવાળા છે એને જરાક ઊભા રાખી દે એવું છે. હું જ્ઞાનનું નામ લેવા માગતો નથી. (તો કહે છે), હું જ્ઞાયક છું ત્યાંથી ઉપડવું. હું જ્ઞાયક છું ત્યાંથી ઉપડવાનું છે. તો પછી તો એ ચર્ચા ચાલે કે પણ આ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચીએ ત્યાં તો જ્ઞાયક શબ્દનો પ્રયોગ જ ઓછો છે.

એ સંબંધમાં અમારે એક પ્રસંગ બની ગયો થે 'સોગાનીજી' સાથે, એટલે પછી વાત કરવી પડે છે. બધી વાત તો કાંઈ ગ્રંથમાં આવે નહિ. પ્રસંગો બન્યા હોય એવી કાંઈ બધી વાતો ગ્રંથમાં આવે નહિ. એક પ્રશ્ન એવો નિકળ્યો કે આ જ્ઞાયકનો વિષય આપની ચર્ચામાં ઓછો આવે છે. બરાબર છે? તો કહે, હા. બરાબર છે. એ વખતે તો વચનામૃત પ્રસિદ્ધ નહોતા થયા એમની ઉપસ્થિતિમાં, એટલે 'ગુરુદેવ'ના નામે દલીલ મૂકી કે 'ગુરુદેવ'ની વાતમાં એ જ્ઞાયકનો વિશેષ પ્રયોગ આવે છે. એમ ફેર છે? હા, ફેર છે. આ તો કથનશૈલીનો ફેર થયો. પણ વસ્તુ ફેર છે કે નહિ એ તારવવાનું હતું આમાંથી. એટલે કહ્યું કે જેને પ્રાપ્ત કરવું હોય એને એક પદ્ધતિ જે છે એ પદ્ધતિ તો કોઈ ચોક્કસ પદ્ધતિ છે. એ વિષય ઉપર એક પંચાધ્યાયની એક ગાથા કાઢી. ૪૦૧ ગાથા છે. ત્યાં જ્ઞાનનો વિષય લીધો છે.

'**ज्ञानं एकं साधनम**' સાધનની ભૂલ ન થાય એના ઉપરની આપણે આ ચર્ચા ચાલે છે. 'પંચાધ્યાયી'માં એ વાત લીધી છે કે '**ज्ञानं एकं साधनम**' છે 'પંચાધ્યાયી'? 'પંચાધ્યાયી' ઉત્તરાર્ધ. એ ગાથા બતાવી. અહીંયાં આ એક જે સાધનના વિષયની ગાથા છે એ ગાથા ઉપર આપનો અભિપ્રાય કહો. બહુ સ્પષ્ટ સીધો જ પ્રશ્ન મેં જ કરેલો. '**प्रसिद्धं ज्ञानमेवैकं साधनम**' આ ગાથામાં શબ્દો પડ્યા છે. પ્રસિદ્ધપણે. ત્રણે કાળે આ વાત પ્રસિદ્ધ છે, જિનેશ્વરના માર્ગમાં ત્રણે કાળે આ વાત પ્રસિદ્ધ છે. '**प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः**'. વિધિનો વિષય ચાલે છે એના પ્રકરણની

વાત છે. '**विधौ चितः**' ત્યાં વિધિની વાત છે. '**स्वानुभूत्येकहेतुश्च**' એક સ્વાનુભૂતિનો હેતુ હોવાને લીધે '**तस्मात्तपरमं पदम्**'. માટે અમે જ્ઞાનને પરમપદ કહીએ છીએ. જે 'સમયસાર'માં જ્ઞાનમાત્ર કહ્યું એ.

અહીંયાં એ ચર્ચા ખોલીને સ્પષ્ટ કર્યું છે ૩૧૮માં કે સર્વ પ્રકારોમાં '**પ્રતીતિ માટેના સર્વ પ્રકારોમાં...**' બીજા નહિ. '**હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.**' દૃષ્ટિના વિષયમાં, જ્ઞાનના વિષયમાં કે અસ્તિત્વના વિષયમાં કે જ્ઞાયકપણાના વિષયમાં જો જાણે-અજાણે.... કેમકે માર્ગનો પોતે અજાણ છે ખ્યાલ ન હોય તો એને સત્પુરુષો એમ કહે છે, વાત આ નિયત થયેલી છે. અનાદિઅનંત પદ્ધતિમાં વિધિમાં નિયત પદ્ધતિ અને નિયત વિધિ છે. એમાં કોઈ બીજો ફેરફાર (નથી). 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પંથ કહો, ઉપાય કહો, વિધિ કહો, સાધન કહો એક જ છે. ક્યાંય ફરક પડતો નથી. કોઈ જ્ઞાનીને વિષે ફરક પડતો નથી.

આ ગાથા વાંચી અને એમણે જે જવાબ દીધો છે કે 'ઈસ વિષય મેં તો અનાદિ અનંત જ્ઞાનીઓંકા યહીં પ્રકાર રહા. યહી પ્રકાર હૈ.' આટલો જવાબ આપ્યો. એક જ Second માં. જેવી ગાથા જોઈ અને એક Second વિચાર આવ્યો કે ઠીક, આ શું પૂછવા માગે છે. અહીંયાં દૃષ્ટિના જોરથી વાત ચાલે છે અને જ્ઞાયક શબ્દનો પ્રયોગ ઓછો છે. પણ જેને પ્રકાર પકડવો છે એને સાધનનો કયો પ્રકાર પકડવો? એ પ્રશ્ન ચાલે છે. ગાથા જોઈને એ પ્રશ્ન પકડી લીધો એમણે કે આ એમ પૂછવા માંગે છે. અનાદિઅનંત જ્ઞાનીઓનો આ એક જ પ્રકાર છે. બીજો પ્રકાર ક્યાંય નથી. એમ ન આવ્યું કે હું કહું છું એ મને તો ઠીક લાગે છે, બીજા ગમે ઈ ગમે તેમ કહેતા હોય. એમ નથી.

ભલે એ ગમે તેટલું શૈલીનું જોર હતું એક બાજુનું પણ સાધનનો જ્યાં પ્રકારનો વિષય સામે આવીને ઊભો રહ્યો, મૂક્યો સામે તો ફડાક કરતાનો આ જવાબ આપ્યો. બહુ વાર નથી લાગી. પ્રશ્ન આ છે. મૂળ પ્રશ્ન શું છે? એટલું એમણે જોયું કે ઠીક, સાધનની વાતનો પ્રશ્ન છે. અનાદિઅનંત જ્ઞાનીઓનો આ જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર નથી. એ વાત કરવી પડે છે. કોઈ દ્રવ્યદૃષ્ટિની સામે દલીલ મૂકે છે ત્યારે એ વાત કરવી પડે છે કે સાંગોપાંગ આ વાત, જેની તમે દલીલ મૂકો છે એ વ્યકિત સાથે ચર્ચાઈ ગયેલો આ વિષય છે. એમનાથી દ્રવ્યદૃષ્ટિનો .. છે એ વ્યકિત સાથે ચર્ચાયેલો વિષય આ છે કે આમાં બીજો પ્રકાર હોતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધાન થાય છે-આ સિદ્ધાંત છે. જ્ઞાનપૂર્વક

શ્રદ્ધાન થાય છે. ૧૭-૧૮ ગાથાનો આ વિષય છે.

એ વિષયમાં આ બોલની અંદર બે મુદ્દા બહુ મહત્ત્વના છે. એક તો કોઈપણ પર્યાયમાં હું અટકનાર નથી. એવો જે પ્રતીતિના અનેક પ્રકારનો વિચાર છે એમાં જે પર્યાયનું એકત્વ છે એને તોડવા બાજુ, એ બાજુથી ખસવાની ઘણી તૈયારી ચાલે છે. પ્રતીતિમાં વિચારોમાં આવેલા આત્માર્થીની. એટલે એ એક બહુ મહત્ત્વનો વિષય છે કે જ્યાં ભૂલ થાય છે.

બીજી વાત આ છે કે સાધનની ભૂલ થાય છે. અનેક પ્રકારના વિચારો આવે છે ત્યારે બધા પ્રકાર એને સાર્થક લાગે છે. એમાં મૂળભૂત પ્રકાર ઉપર જે એનું વજન જવું જોઈએ, જે એને ખ્યાલ હોવો જોઈએ, સ્પષ્ટ સમજણ હોવી જોઈએ કે સાધનનો આ એકમાત્ર પ્રકાર છે. એ જો ન હોય તો બીજા વિચારોમાં પણ એને સાધનપણાનો ફેર થઈ જાય છે. કેમકે આ પણ સ્વભાવ છે, અસ્તિત્વ પણ સ્વભાવ છે અને જ્ઞાયકપણું પણ સ્વભાવ છે. બેય સ્વભાવ છે. તો કહે, ભલે અનંત સ્વભાવ છે, એટલે તો આચાર્ય મહારાજે ૪૭ શક્તિનું, ૪૭ સ્વભાવોનું વર્ણન કર્યા પછી એ વાત કરી કે આવી તો અનંત શક્તિઓ છે. કહી ભલે ૪૭. એ અમારા અભિપ્રાયમાં જ્ઞાનમાં છે. **'ज्ञानमात्रमयतां न जहाति भावः'** (કળશ-૨૬૪). આત્મા જ્ઞાનમાત્રપણું છોડતો નથી. આ કહેવા પાછળ હેતું શું છે? કે સાધનની ભૂલ ન થાય અને વિધિનિ ભૂલ ન થાય. એટલા માટે આ .. એ રીતે એ વિષયને વધારે સ્પષ્ટ કર્યો છે. છતાં આ વિષય ઉપર વધારે સ્પષ્ટીકરણ માટે લેવું હોય તો વિચારીને ગમે એટલા પ્રશ્ન હોય તો એ છંછેડીને વિચારીને નક્કી કરવા જેવા છે. મૂળભૂત પ્રકાર છે એટલે.

મુમુક્ષુ :- દૃષ્ટિનો ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવી ગયું. પણ દૃષ્ટિના વિષયમાં અસ્તિત્વનો સીધો અવલંબનનો આધાર છે. એમાં કોઈ ગુણભેદ દૃષ્ટિ જોઈ શકતી નથી. સત્તા સિવાય દૃષ્ટિ કોઈ ગુણભેદ જોઈ શકતી નથી. પછી તો શું છે કે અસ્તિત્વમાં અનંત ગુણોનો સમાવેશ છે. હયાતીમાં જ બધા ગુણો છે ને? બધા ગુણોનો સમાવેશ છે એટલે આવી જાય છે. પણ કોઈ એટલું જ માત્ર-સત્તાથી જ ઊપડવા માગે, કેમકે દૃષ્ટિને એ સત્તા હાથ લાગે છે માટે, જ્ઞાયકપણું એમાં તો ગર્ભિત રીતે સમાવેશ છે. એનો વિષય તો સત્તા જ છે. દૃષ્ટિનો વિષય સત્તા છે. જ્ઞાયકપણું તો એના ગર્ભમાં છે. અસ્તિત્વના ગર્ભમાં છે. એટલે અસ્તિત્વનો ઊપાડ કોઈ લ્યે કે અસ્તિત્વથી મારે ઉપડવું છે. છુંપણાથી ઊપડવું છે. તો કહે છે, મૂળભૂત પ્રકાર તો જ્ઞાયકપણાનો છે.

એ જરા સૂક્ષ્મ વિષય છે, સાધનનો વિષય છે ને, વિધિનો વિષય છે. લાગે એમ

સરખો કે બેય વાતમાં (ફેર નથી લાગતો), અને બંને પ્રકારના પાછા વિચારો આવે છે. અને જ્ઞાયક છું એમાં છુંપણું પાછું આવી જાય છે અને છુંપણા ઉપરનું જોર પણ આવે છે એટલે દૃષ્ટિનો વિષય એમાં આવે છે. દૃષ્ટિના વિષયમાં જ્ઞાનનો નથી આવતો. જ્ઞાયકમાં દૃષ્ટિનો આવી જાય છે. એ તો પોતે ચર્ચામાં સ્પષ્ટીકરણ આપ્યું કે આમાં આ આવે છે અને આમાં આ નથી આવતું. માટે એમ કહીએ છીએ કે જ્ઞાયકપણે ઊપડવું. એમ તો સ્પષ્ટ કર્યું પોતે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં અસ્તિ આવી ગઈ. પણ અસ્તિમાં જ્ઞાયકપણું ન આવ્યું. એ પોતે સ્પષ્ટીકરણ આપ્યું. એટલે એ બે વચ્ચે શું ફેર છે? અને શું ફેરમાં ભૂલ થાય તો સંભવિત ભૂલ કેવી રીતે થાય, આ વિષય ચોખ્ખો કરવા માટે. હેતુ એટલો જ છે. નહિતર ભૂલ ઊભી રહે અને એક પણ વિપર્યાસ ઊભો રહે અને સમ્યગ્દર્શન થાય એ કોઈ દિવસ બનતું નથી. વિશેષ લઈશું...

પોતે કોણ છે ? કેવો છે ? તેના બેભાનપણાને લીધે જીવ શુભ કર્મ પ્રકૃત્તિને (તેના ઉદયને) સારી સમજી (અભિપ્રાયપૂર્વક) રાગ તથા સંસર્ગ કરે છે અને બંધનમાં પડે છે. જો પોતાની અનંત મહાનતા, સામર્થ્ય આદિનું ભાન થાય તો, જડ દ્રવ્ય-ભાવમાં વ્યામોહ ન પામે - ન થાય, એટલું જ નહિ, પર્યાય બુદ્ધિ પણ ન રહે, તેથી જડ દ્રવ્ય-ભાવ ગમે તે સ્વાંગ ધારણ કરે, તો પણ તેની ભિન્નતા અને તુચ્છતા જ રહે; તેમજ પર્યાય બુદ્ધિના અભાવને લીધે, કોઈપણ પર્યાય, સંતોષ મિથ્યા સંતોષનો વિષય ન બને.

('અનુભવસંજીવની' બોલ નં.૪૪૫)

તા. ૨૨-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૯
પ્રવચન નં. ૨૪૫

'બહેનશ્રીનાં વચનામૃત'. ૩૧૮ બોલ ચાલે છે. ફરીને થોડું લઈએ. આ બોલના મુખ્ય બે મુદ્દા ઉપર લક્ષ આપવા જેવું છે. એક તો કોઈ પર્યાયમાં મારે ન અટકવું જોઈએ એ વિચાર અને એ ખ્યાલ એ વિષયની જાગૃતિ, જેને સ્વરૂપ પ્રતીતિ વિષયક, પ્રતીતિના કારણભૂત લગની લાગે છે એનો એક પ્રકાર આ છે કે પર્યાયમાં એકત્વ છે એ તોડવું છે પણ જાણે કે અજાણપણે એ એકત્વને દૃઢ કરવું નથી. કાર્ય પર્યાયમાં થાય છે, અનુભવ પર્યાયનો હોય છે, પર્યાયમાં અનુભવ થાય છે અને અનાદિનું અહંપણુ ત્યાં થઈ રહ્યું છે એ જ પર્યાયનું એકત્વ છે. એ પર્યાયનું એકત્વ એ જ સંસારનું બીજ છે, એ જ મિથ્યાત્વનું મૂળ સ્વરૂપ છે. એથી એ વિષયમાં વિશેષ સાવધાની લગનીવાળા જીવની હોય છે. પ્રતીતિ માટેની, જેની સમ્યક્ પ્રતીતિ માટેની લગની છે એને જો અહીંયાં જાગૃતિ હોય તો એથી સ્થૂળ વિષયના બધા પ્રકારોમાં વિવેક વર્તે છે, જાગૃતિ વર્તે છે અને એ ભૂલમાં પડતો નથી અથવા ઉન્માર્ગે ચડી જતો નથી કે બીજી પ્રયોજનભૂત વિષયમાં ભૂલ પડતી નથી. એક મુદ્દો તો એ ધ્યાન ખેંચવા યોગ્ય છે.

બીજો મુદ્દો એ કહ્યો કે જેની લગની છે સ્વરૂપ પ્રાપ્તિની એને સ્વ તત્ત્વના અનેક પ્રકારે વિચારની ભૂમિકામાં ઊભો હોવાને લીધે સહજપણે એ વિચારો ચાલ્યા જ કરે છે અને એવી જ એની વિચારની સ્થિતિ હોય છે કે સ્વતત્ત્વના વિચારો આવે. પરપદાર્થ સાથેનો પ્રસંગ હોવાથી, ઉદય પ્રસંગ પરપદાર્થ સાથેનો મન-વચન-કાયા અને બીજા સંજોગો સાથેનો હોવાથી એ સંબંધી જે કાંઈ પરિણામ થાય એમાં એથી ભિન્નતાના વિચારો એટલે કે પર તત્ત્વ સંબંધિત વિચારોમાં એથી ભિન્નતાના વિચારો, સ્વતત્ત્વ સંબંધિતમાં પોતાના ધ્રુવ ત્રિકાળી પરમપારિણામિકભાવના વિચારો એ બધા પ્રકારના વિચારો સહજપણે હોય છે.

સ્વરૂપની જ્યાં ઓળખાણ કરવી છે, પ્રતીતિ કરવી છે ત્યાં એ સર્વ પ્રકારના વિચારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકારનો વિચાર મૂળભૂત હોય છે. આ એક ધ્યાન ખેંચવા જેવો વિષય છે. સામાન્ય રીતે વિધિથી જે અજાણ છે એ બધા વિચારોને સમ કોટીના ગણે છે. મને તો ધ્રુવનો વિચાર છે,મને તો ત્રિકાળીનો વિચાર છે, મને તો શુદ્ધાત્માનો વિચાર છે, મને તો અસ્તિત્વ સ્વભાવનો વિચાર છે. પણ અહીંયાં

એકલો વિચાર માત્ર કાર્યગત નથી. વિચારનો વિષય જે વાચ્ય છે-સાક્ષાત્ જે તત્ત્વ છે, જે પદાર્થ છે એ પદાર્થનું ગ્રહણ કરવાનો પ્રયત્ન હોવો જોઈએ અને એ પ્રયત્નના કાળમાં 'જ્ઞાયક છું' એ પ્રકાર વિકલ્પની અંદર મૂળભૂત પ્રકારમાં જાય છે. મૂળભૂત શબ્દ વાપર્યો છે.

પ્રાપ્તિ માટે એકમાત્ર હેતુરૂપ એમ કહીએ તો. એવો એ પ્રકાર છે કે જેને લઈને એક જ પ્રકારમાં અસ્તિ-નાસ્તિનો સમાવેશ થઈ જાય છે. જ્ઞાયક કહેતાં જ્ઞાનમાત્ર સિવાયનું જેટલું કોઈ દ્રવ્ય-ભાવરૂપ અન્ય તત્ત્વ છે એનાથી ભિન્ન પડે છે અને જ્ઞાયકમાત્ર છું એમ કહેતાં પોતાના અસ્તિત્વ ઉપરનું વજન પણ જોર પણ આવે છે. ત્રિકાળી અસ્તિત્વ ઉપરનું જોર અને પરથી ભિન્નપણાનો સાથે સાથે ભાવ બંને વાત આ એક પ્રકારની અંદર સમાવેશ પામે છે અને જ્યાં અભિન્નતાનો દોષ ઊભો થયો છે-રાગથી, પરથી અને પર્યાયથી અભિન્નતાનો દોષ ઊભો થયો છે ત્યાં ભિન્નતા પડ્યા વિના એ દોષનું નિવારણ થવું એ કોઈ રીતે સંભવિત નથી.

એટલે વિધિની જે સૂક્ષ્મતા છે અહીંયાં કે હું જ્ઞાયક છું, એમાં એકત્વ વિભકત આત્માની સાધના છે. કોઈ એવી પણ હિમાયત કરી શકે છે, કરે છે કે એકલા અસ્તિત્વનું અમારે કામ છે. પરથી ભિન્ન છું અને એ વાત પરને વિચારમાં લઈ લેવું, લક્ષમાં લેવું શા માટે એટલું પણ એને સ્થાન આપીએ? સ્થાન આપવાનો પ્રશ્ન નથી, સ્થાન છોડવાનો પ્રશ્ન અહીંયાં છે. સ્થાન તો અનાદિનું તું આપી ચૂક્યો છો. હવે છોડવાનો અહીંયાં પ્રશ્ન છે. એટલે તે પ્રકારની નાસ્તિ, નાસ્તિમાં નાસ્તિ કરવા કાળે પણ એ પર વચ્ચે આવ્યા વિના રહેતો નથી, એ પ્રકાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. અને એ પ્રકાર મુખ્યપણે વચ્ચે ન આવે એને માટે 'હું જ્ઞાયક છું' એમ જ્ઞાયકથી ભિન્નતા જે થાય છે એમાં આપોઆપ પરને લક્ષમાં લીધા વિના પરની નાસ્તિ થાય છે. પરને લક્ષમાં લીધા વિના પરની નાસ્તિ છે. પરનું લક્ષ નથી. હું જ્ઞાયક છું, એમાં જ્ઞાયકનું લક્ષ છે પણ પરની નાસ્તિ છે. એક જ એવો પ્રકાર છે. બીજો કોઈ એવો પ્રકાર નથી કે જેમાં આ બંને વાત વિધિથી આગળ ચાલે. બંને પ્રકારે અસ્તિ સંબંધીનો અને નાસ્તિ સંબંધીનો એકત્વ-વિભકતનો પ્રકાર એકસાથે વિધિગોચર થાય, સાધનગોચર થાય, ઉપાયભૂત થાય એવો પ્રકાર બીજી રીતે સંભવિત નથી. એટલે વિષય જે આવ્યો છે એ બહુ તાત્વિક રીતે વિષય આવેલો છે. એકદમ અનુભવથી વિધિને અહીંયાં ચોખ્ખી કરી છે કે આ વિષયનું આ Final statement જેને કહેવામાં આવે એવો વિષય છે.

જેટલી કાંઈ ભૂલની અનેક પ્રકારતા ઊભી થઈ છે, અનેકવિધતા જે ભૂલની

ઊભી થઈ છે એમાં મુખ્યપણે સાધન અને વિધિનો વિષય ભૂલની અંદર રહ્યો છે. પછી એનું જ સ્થૂળ રૂપ એ અન્ય મતમતાંતર છે. વિધિની ભૂલ તે જ અન્યમત છે. કેમકે જે માર્ગ કહ્યો તે માર્ગથી બીજો મત પડ્યો તે અન્યમત. જિનેશ્વરદેવે જે ઉપાય, જે માર્ગ, જે સાધન, જે વિધિ કહી તેનાથી બીજો મત પડ્યો કે આમ પણ થાય, આ અન્ય મત. સૂક્ષ્મ પણે ગૃહીત મિથ્યાત્વ અહીંથી ઊભું થાય છે. પછી ઘણાં એને અનુસરનારા મળે એ મતને ત્યારે સંપ્રદાય અથવા અન્યમતનું સ્થૂળ રૂપ ધારણ કરે છે. મૂળ અહીંથી ઉત્પન્ન થયેલી વાત છે.

ઉપાયમાં મૂળ જે ત્રણે કાળે પરમાર્થનો એક માર્ગ છે–'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એમાં સહજ પણ ફેર એ ગૃહીત મિથ્યાત્વનો સૂક્ષ્મ પ્રકાર ઊભો થઈ જાય છે. એટલે 'ટોડરમલજી'એ એમને જૈનાભાસમાં નાખ્યા. અને જૈનાભાસ છે એ પણ સૂક્ષ્મપણે અન્યમત છે. એ સૂક્ષ્મપણે અન્યમત છે. કેમકે બુદ્ધિગોચરપણે એણે અન્ય ગ્રહણ કર્યું છે. અજાણતાં ભૂલ રહી જાય એટલે એનું ફળ ન આવે એવું કાંઈ વસ્તુ સ્વરૂપ નથી.

વસ્તુનું સ્વરૂપ તો કુદરત સાથે બંધાયેલું છે અને એમાં જાણવા–અજાણવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. એમાં એટલું જરૂર છે કે જાણીકરીને જે દોષ કરે છે એ દોષનું બંધન નિદ્ધત નિકાચિત થાય છે. અજાણપણે દોષ થાય તો સંભવ છે કે એટલી તીવ્રતાનો રસ એમાં ન હોય. જાણીને કરે ત્યારે તો ઘણો તીવ્ર રસથી કરે છે. પણ એ નિર્દોષ છે, અજાણ્યો છે માટે નિર્દોષ છે એવું ક્યાંય ચાલતું નથી. લૌકિકમાં પણ ચાલતું નથી, બીજી રીતે પણ ચાલતું નથી.

કોઈ એમ કહે કે ગાડી જોઈ એટલે હું બેસી ગયો, મને ખબર નહોતી કે ટિકિટ લેવી પડે. મેં ટિકિટબારી ભાળી નહોતી. મને કોઈએ બતાડી નહોતી. નહિતર હું ટિકિટ લઈને બેસત. મને કાંઈ ટિકિટ લેવામાં વાંધો નહોતો. મેં તો ગાડી જોઈ અને મને એમ થયું કે મારે બહારગામ જવું છે. લાવ બેસી જાઉં. ભાઈ! તને એટલી ખબર હોવી જોઈએ જો કોઈ સાધન વાપરીએ છીએ તો એ સાધન વાપરવા અંગેનું કોઈ દાયીત્વ પણ–એની કોઈ જવાબદારી પણ સાથે હોય જ છે. જો દાયીત્વ ન હોય તો પ્રયોજનના વિષયમાં એવી રીતે ક્યાંય ચાલતું નથી. આ બે વાત ૩૧૮ના બોલમાં બહુ મુદ્દાની છે. મુમુક્ષુ માટે બહુ કામનો વિષય છે.

મુમુક્ષુ :– જૈનાભાસ સૂક્ષ્મ ગૃહીત મિથ્યાત્વ છે?

પૂજ્ય ભાઈશ્રી :– હા. ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. એમાં શું છે કે વ્યવહારનો પક્ષ તો જીવને અનાદિ છે એટલે વ્યવહારાભાસી તો તરત થઈ જાય છે જીવ પણ

બુદ્ધિપૂર્વક જ્યારે એ સાધનને-અન્ય સાધનને સાધન તરીકે કલ્પી લે છે અથવા નિર્ણય કરી લે છે ત્યારે એ ગૃહીત મિથ્યાત્વમાં આવે છે. ગૃહીતનો અર્થ શું? અધ્યાહાર શબ્દ રાખ્યો છે. બુદ્ધિપૂર્વક અન્યથા ગ્રહવું તે. એમ છે. બુદ્ધિપૂર્વક અન્યથા એટલું અધ્યાહાર છે ત્યાં. એટલે એનું નામ ગૃહીત કીધું છે. ટૂંકામાં એને રૂઢિવાચક ગૃહીતમિથ્યાત્વ કીધું છે. પણ ગૃહીત મિથ્યાત્વનો સ્પષ્ટ વિષય એટલો જ છે કે બુદ્ધિપૂર્વક અન્યથા ગ્રહવું, બુદ્ધિપૂર્વક વિપરી ગ્રહવું, બુદ્ધિપૂર્વક જૂઠું ગ્રહણ કરવું એ બધું એમાં આવી જાય છે. તે ગૃહીત મિથ્યાત્વમાં જાય છે.

એટલે જ એમ કહ્યું કે બીજી ક્રિયા કરતા તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિમાં આવનાર જીવની જવાબદારી વિશેષ થાય છે કે ગૃહીત મિથ્યાત્વમાં આવતા એને વાર લાગતી નથી. ભૂલ કરે તો, સાવધાની ન હોય તો. નજર ઝીણી ન રાખે તો. એમ ને એમ જાડે જાડું કાંતે જાય એ આ માર્ગમાં ચાલતું નથી. આ માર્ગ જ એ નથી.

વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે. કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે. ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે. ૩૧૯.

૩૧૯. માર્ગદર્શનનો બોલ છે. '**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે.**' પ્રથમમાં પ્રથમ સ્વભાવ અને વિભાવનું ભેદજ્ઞાન કરવાનું છે. વિભાવથી જુદાં પડીને, શરૂઆત અહીંથી થાય છે. ત્રિકાળી સામન્યમાં હુંપણું થતાં એકસાથે પરથી, વિભાવથી અને એક સમયની પર્યાયથી ભિન્ન એવા પોતાના ત્રિકાળી સ્વરૂપનો આશ્રય થાય છે. ભિન્ન પડીને આશ્રય થાય છે. અનાદિનો પર્યાયનો આશ્રય છૂટી જાય છે, વિભાવની સાથે પણ એકત્વ છૂટી જાય છે, પરપદાર્થ સાથેનું પણ એકપણું ભાવમાં હોય તે છૂટી જાય છે.

ત્રણે પ્રકાર એકસાથે બનતો હોવા છતા ઉપાયમાં વિભાવ અને સ્વભાવ વચ્ચેના ભેદજ્ઞાનથી પ્રારંભ થાય છે ભેદજ્ઞાનનો. આ ભેદજ્ઞાન વિષયક એક સ્પષ્ટતા છે. કોઈ એમ કહે કે પહેલા દેહથી અથવા સંયોગથી પરપદાર્થથી જુદાપણાનો અભ્યાસ કરીએ. પછી અમે રાગથી જુદાંપણાનો અભ્યાસ કરીએ. પછી અમે એક

સમયની પર્યાયથી જુદાંપણાનો અભ્યાસ કરીએ. એ પદ્ધતિ ભૂલવાળી પદ્ધતિ છે. એ પદ્ધતિએ કાર્યની સિદ્ધિ નથી.

વિભાવથી ભિન્નપણાનો અભ્યાસ એ પ્રારંભ-શરૂઆત ત્યાંથી થાય છે. ત્યાંથી શરૂઆત થાય છે ત્યારે જેના માધ્યમથી પર સાથે એકત્વ થઈ રહ્યું છે એનું મૂળ, એ તો મૂળમાંથી કપાય છે વાત. કેમકે પર તો પર છે. પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરમાં રહેલું છે પણ આ જીવનો વિભાવરૂપ પરિણામ એ જ એની સાથે એકત્વ સાધી રહ્યો છે. જ્યારે એ જ વિભાવથી ભિન્ન તો સાધવામાં પ્રયત્ન કરવામાં આવે છે, પુરુષાર્થ કરવામાં આવે છે ત્યારે આપોઆપ પરથી એકત્વની જે ભૂલ હતી એનો મૂળમાંથી છેદ થાય છે.

હવે વાત રહી એક સમયની પર્યાયની. જ્યાં સુધી ભેદજ્ઞાનપૂર્વક સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનપૂર્વક સ્વભાવનો નિશ્ચય નથી થયો ત્યાં સુધી તે સ્વભાવ એક સમયની પર્યાયથી શૂન્ય છે અને રહિત છે એ વિષય તો લક્ષગત નથી થયો. જે વિષય લક્ષમાં આવ્યો નથી અથવા આવ્યો હોય તો ઓઘોઓઘે લક્ષમાં આવ્યો છે. પણ નિર્ણયપૂર્વક આવ્યો નથી એ વિષયનો ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલી શકતો નથી. કેમકે પ્રયોગમાં તો સાધન છે એ મુખ્ય વાત છે. કયા સાધનથી પ્રયોગ થવો એ એક વસ્તુના સ્વરૂપનું મુખ્ય અંગ છે કાર્યસિદ્ધિ માટે.

સાધન ફેર થાય તો માર્ગ ફેર થઈ જાય. ભલે ત્યાં એમ લાગે કે આમાં શું ફેર છે? પણ એક Degree નો Angle એ Angle છે. જુદો પડે છે એ જુદો પડે છે. એ ક્યાંય ભેગો થાતો નથી. આગળ જતાં વધારે જુદો પડે છે. એનો છેડો તમે લંબાવો ... ઊભો થઈ ગયો. આગળ જતા એ અંતર વધે જ છે. ક્યાંય અંતર ઘટવાનો પ્રસંગ આવતો નથી.

મુમુક્ષુ :- એક સમયની પર્યાયથી ભેદ, તમે કીધું, ઈ જ્ઞાનની પર્યાયથી તો અભિન્ન છે, વિભાવની પર્યાયથી ભિન્ન છે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ જ્ઞાનની પર્યાયમાં પણ વિભાવ તો છે. સ્વભાવ પણ છે અને વિભાવ પણ છે. જેટલું જ્ઞાન પરસત્તાને અવલંબે છે એટલો વિભાવ છે. જ્ઞાનમાં જે ભ્રમ છે એ જ્ઞાનનો વિભાવ છે અને જ્ઞાન જેટલું પરસન્મુખ થાય છે એ પણ જ્ઞાનનો વિભાવ છે. એ વિભાવ છૂટે તો કામ આવે એવું છે. વિભાવ રાખીને તો કાંઈ શુદ્ધિ વિશેષ થાય એ પ્રશ્ન તો રહેતો નથી. અર્થાત્ વિભાવ તો એકાંતે નિષેદ્ધ જ છે. ચાહે જ્ઞાનનો હોય, ચાહે ચારિત્રનો હોય, ચાહે શ્રદ્ધાનો હોય કે ચાહે પુરુષાર્થ કે સુખનો હોય, આનંદનો હોય, વિભાવ માત્ર નિષિદ્ધ છે. તો વિભાવ એ બધા બધા

ગુણોના પર્યાયોથી ભેદ તો એટલા માટે પાડે છે કે સમ્મુચયપણે વિભાવની જાતિ શું છે એ જીવ ઓળખી શકે.

પોતાના ચાલતા પરિણમનમાં વિભાવની જાતિ ઓળખવી અને સ્વભાવની જાતિ ઓળખવી, આ એક ભેદજ્ઞાન કરવામાં પ્રથમમાં પ્રથમ ઓળખાણનો તબક્કો ઊભો થાય છે. ઓળખાણ વગર ક્યાંય અનુભવ નથી. તો પ્રથમ જે ભેદજ્ઞાન કરવાનું વિધાન છે, આદેશ છે, ફરમાન છે એમાં પ્રથમ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલતાં એને સ્વભાવની ઓળખાણ થાય તો વિભાવની ઓળખાણ થાય. વિભાવની ઓળખાણ યથાર્થ થાય તો સ્વભાવની ઓળખાણ થાય. કેમકે બે પરસ્પર વિરુદ્ધ છે અને એ વિરુદ્ધતા એની અપેક્ષિત છે કે જો આ સ્વભાવ તો આ વિભાવ.

ચારિત્રમાં કષાયની મંદતા અને જ્ઞાનગુણના પરિણમનમાં બહિર્લક્ષી ક્ષયોપશમ એ બંને હજી વિભાવમાં સમાય છે. એટલે વિભાવનું યથાર્થ સ્વરૂપ જ્યાં સુધી નથી સમજાતું ત્યાં સુધી કોઈને કોઈ વિભાવના રૂપને નહિ ઓળખવાને લીધે સ્વભાવપણું માનીને જીવ એની પાછળ આરાધન કરવા લાગી જાય છે. એ ઉન્માર્ગ થયો. ગૃહીતપણે ઊલટો માર્ગ થયો-એ ઉન્માર્ગ થયો અને એ ઉન્માર્ગ છે એ જિનમાર્ગથી બહાર છે. જે કોઈ જિનમાર્ગ હોય તે સમસ્ત ઉન્માર્ગ જિનમાર્ગથી બહાર છે. આખો માર્ગ જ ફેર છે. રસ્તો જુદો. પછી ફાંટો પડ્યો પણ રસ્તો જુદો થઈ ગયો તે જુદો જ થઈ ગયો.

મુમુક્ષુ :- બહેનશ્રીની ચર્ચામાં એક વાર આવ્યું હતું કે વિભાવથી ભેદ કરવાનો છે. પર્યાયથી ભિન્ન નથી થયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. એનું કારણ એ છે કે પર્યાયથી ભિન્ન નિર્ણય તો તેં કર્યો નથી. તું કેવી રીત કરીશ પર્યાયથી ભિન્ન? એ તો કલ્પના થઈ છે તને. વાત સાંભળી કે ત્રિકાળી જે સ્વભાવ છે એ નિત્ય અંગ હોવાથી, વસ્તુનું એ નિત્ય અંગ હોવાથી અનિત્ય અંગથી ભિન્ન છે. બંનેના ધર્મો જ પરસ્પર વિરુદ્ધ છે. જે ત્રિકાળી સ્વભાવ છે એ નિત્યપણે છે. એક સમયની પર્યાય તે અનિત્યપણે છે. ચાહે જ્ઞાનની હોય તોપણ. જ્ઞાનની પર્યાય જો અભિન્ન લેવા જાવ તો નિત્ય-અનિત્ય બેય એક થઈ જશે.

વાત આવી ને કે જ્ઞાનની પર્યાય તો અભિન્ન છે. બીજી પર્યાય તો વિભાવમાં જાય છે. એવું નથી. જ્ઞાનની પર્યાય પણ અનિત્ય ધર્મવાળી છે. અને ત્રિકાળી સ્વભાવમાં અનિત્ય ધર્મનો સદંતર અભાવ છે. અનિત્યતાનો અંશ નથી એની અંદર. જો એક સમયની પર્યાય તો એક સમય માટે પણ નિત્ય છે. નિત્ય છે એટલે હસ્તીરૂપ

છે. સર્વથા નાસ્તિરૂપ નથી. એટલે એક સમય પણ એનું અસ્તિત્વ છે–Existence છે. સ્વતંત્ર. પણ ત્રિકાળી સ્વભાવમાં તો કોઈ અનિત્યતાની ગંધ નથી, અનિત્યતાનો અંશ નથી, કોઈ અનિત્યતાનો પ્રકાર જ નથી. એનું નામ એ ત્રિકાળી છે. અને ત્રિકાળી છે તે ત્રિકાળી એકાંતે નિત્ય છે એમ કહીએ તો ચાલે. ત્રિકાળી નિત્યતાની અપેક્ષાએ એકાંતે નિત્ય છે. એમ છે. તો બેના તો ધર્મ જ પરસ્પર વિરુદ્ધ થયા અને પરસ્પર વિરુદ્ધ ધર્મસ્વભાવી હોવાથી એકમાં બીજાનો અભાવ રહે છે. બેય મળતા નથી ક્યારેય.

એક સમયની પર્યાયથી પણ હું ભિન્ન છું એ તો આવા નિત્ય સ્વભાવનો નિશ્ચય થાય છે એને ભિન્નતા કરવી પડતી નથી. જાણી લીધી. કેમકે છે જ ભિન્ન. ભ્રાંતિથી અભિન્નપણે અનુભવતો હતો. ભ્રાંતિથી અભિન્નપણે એટલે ત્રિકાળીનું ભાન નહોતું. એક સમયની પર્યાયમાં હુંપણુ કરતો હતો એનું નામ એકત્વ. પોતે એકત્વ કર્યું એમ કહે છે. ત્રિકાળીનું તો કાંઈ લક્ષ નથી. ત્રિકાળીની ખબર પણ નથી, ત્રિકાળીને જાણ્યો પણ નથી, ઓળખ્યો પણ નથી અને અનુભવ્યો પણ નથી. તો એક સમયની પર્યાયમાં જે હું હું હુંપણું કરતો હતો એણે પોતાનું અસ્તિત્વ ઉઠાવીને ત્રિકાળી જ્ઞાયકમાં સ્થાપ્યું. યથાસ્થાનરૂપ કર્યું. સ્થાપ્યું એટલે? યથાસ્થાનરૂપ કર્યું ત્યારે આપોઆપ પર્યાયનું ભિન્નત્વ અનુભવગોચર થાય છે.

અનુભવ તો પર્યાયનો પર્યાયમાં જ થાય છે. પણ જે ત્રિકાળી નિત્ય અને અનિત્ય ભિન્ન છે એવો એકસાથે અનુભવ પ્રમાણજ્ઞાનની અંદર થાય છે. નિત્યતાનો પણ અનુભવ થાય છે, અનિત્યતાનો પણ અનુભવ થાય છે. નિત્યતામાં હુંપણું સ્થાપે છે, એક સમયની પર્યાયમાં હુંપણું સ્થપાતું નથી. ચાહે શુદ્ધપર્યાય હો તોપણ. અને શુદ્ધ પર્યાય ત્યારે જ શુદ્ધ છે કે જ્યારે એમાં હુંપણું રહેતું નથી ત્યારે. હુંપણું આવતા પર્યાયબુદ્ધિ થઈને મિથ્યાત્વની મલિનતા પહેલી ઊભી થાય છે. અને જ્યાં મિથ્યાત્વની મલિનતા હોય ત્યાં જ્ઞાનની મલિનતા અવશ્ય હોય, ત્યાં ચારિત્રની મલિનતા અવશ્ય હોય એટલે વિભાવ અવશ્ય હોય. ત્યાં સુખ ને આનંદની પણ દુઃખરૂપ મલિનતા અવશ્ય હોય, હોય ને હોય જ.

મુમુક્ષુ :- ત્રિકાળી સ્વભાવમાંથી જ્ઞાન કે અજ્ઞાન બંને પર્યાય ઉત્પન્ન થાય છે, એને જ ભૂલી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એને જ ભૂલી ગયો. આ તે કાંઈ વ્યાજબી વાત છે? કાંઈ વ્યાજબી વાત છે? કે એની સામે જુએ નહિ. ભૂલી ગયો એમ નહિ, અનાદર કરે છે.

મુમુક્ષુ :- એટલે દીકરો બાપને ભૂલી ગયો એમ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો દીકરો અનાદર કરે પિતાનો. જો પુત્ર, પિતાનો અનાદર કરે તો દેખત રીતે જ અનુચિત છે. ચોખ્ખે ચોખ્ખું અનુચિત છે. સીધી વાત છે.

અહીંયાં તો જે સ્વભાવ છે એ તો પરમતત્ત્વ છે, પરમોત્કૃષ્ટ તત્ત્વ છે, સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે, પરમ પદાર્થ છે, પરમેશ્વરપદ છે-જિનેશ્વરપદ છે અથવા સિદ્ધપદ છે. એની ઉપેક્ષા કરવી, એનાથી વિમુખ વર્તવું, એના અનાદરમાં રહેવું. એથી મોટો કયો આ જગતની અંદર અપરાધ હોઈ શકે?

મુમુક્ષુ :- કેટલી હદ સુધી ઊંધા પડ્યા છીએ એનું કાંઈ માપ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે તો અનંતો દોષ કહ્યો છે. મિથ્યાત્વને અનંતો દોષ કહ્યો છે. ખરેખર એ Limit, મર્યાદા બહારનો-અમર્યાદિત દોષ છે. ખરેખર અમર્યાદિત દોષ છે.

મુમુક્ષુ :- યથાર્થ નિર્ણય પહેલાં કોઈ ને કોઈ આભાસમાં જીવ રહે છે એટલે યથાર્થ નિર્ણય પહેલાં ગૃહીત મિથ્યાત્વ છે?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, જિજ્ઞાસામાં રહે એટલે ફેર પડી ગયો. જો પોતે યથાર્થ નિર્ણયમાં નથી તો દરવાજો તો ખુલ્લો રાખે જિજ્ઞાસાનો કે મારે સત્ય શું છે એ સમજવું છે. હું અજાણ છું. મારા સત્ય સ્વરૂપથી અજાણ છું. પરમાં પણ પરપણે સત્ય સ્વરૂપે, વિભાવનું સાચું સ્વરૂપ શું છે, બધાથી હું અજાણ્યો છું. એક નિજ પરમસ્વરૂપનું, સત્યસ્વરૂપનું સત્ય જણાતા, સ્વરૂપ જણાતા બધાનું બરાબર જણાય જાય છે. તો અજાણ છું એ એને ખબર પડી કે ન પડી? આટલી જ્ઞાનની વિશુદ્ધતામાં જો ખબર પડી. ચારિત્રની પણ વિશુદ્ધતા છે. સમ્યગ્દર્શન પહેલા લઈએ તો. કે હું અજાણું છું અને મારા આવશ્યકતા છે સાચું જાણવાની. તો એનો દોષ ક્ષમ્ય છે. જે દોષમાં ઊભો એ દોષ એને ક્ષમ્ય છે. પણ ઉન્માર્ગને સન્માર્ગ સ્થાપે તો તે અનંતાનુબંધીનો કષાય છે. અપરમાર્થને પરમાર્થ કરીને ભજે છે. 'શ્રીમદ્જી'ના શબ્દો છે ને? તે અનંતાનુબંધીનો કષાય છે. એ જવાબદારીનો વિષય છે. જ્યાં જીવ ધર્મના ક્ષેત્રમાં આવ્યો ત્યારે જવાબદારી વિશેષ ઊભી થઈ. સંસારના વિષય-કષાયના દોષ એટલા જવાબદારીવાળા નથી જેટલા પરમાર્થની અંદર ભૂલ થાય એ દોષ જવાબદારીવાળા છે. એ ધ્યાન ખેંચ્યું છે 'શ્રીમદ્જી'એ તો. આ વિષય ઉપર Highlight જેને કહીએ એવી રીતે વાત કરી છે. અમુક વાત તો જોરથી પ્રકાશ આપવા જેવી વાત છે. એવી વાત કરી છે. પત્ર નંબર યાદ નથી પણ આપણે ..

મુમુક્ષુ :- પ્રયોજન સિદ્ધિમાં છે, અપરમાર્થને પરમાર્થ જાણે.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલામો બોલ છે ખ્યાલ છે? ૫ નંબર? એ તો જિજ્ઞાસા બંધ થઈ જાય એના ઉપર વાત છે. જાણપણાને લીધે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતા જાણપણું વધીને જિજ્ઞાસા બંધ થઈ જાય તો દર્શનમોહ તીવ્ર થાય એટલી વાત છે. આ Point થોડોક જુદો છે. અહીંયાં સાધનની ભૂલ થાય છે. એવા અનેક પ્રકાર ઉત્પન્ન થાય છે. સાધનની ભૂલના અનેક પ્રકાર (ઉત્પન્ન થાય છે).

...પત્ર નંબર ૪૫૯ છે. એનો આધાર જ લીધો છે. મૂળ શબ્દમાં છે. 'શ્રીમદ્જી'ના મૂળ શબ્દોમાં આધાર છે. '**જે પરિણામ સંસાર અર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે ભ્રાંતિગત પરિણામે અસદ્ગુરુ, દેવ, ધર્મને ભજે છે, તે જીવને ઘણું કરીને અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ થાય છે, કારણ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણું કરી અનંત અનુબંધ કરવાવાળી નથી;...**' આ એક વિશેષ વાત કરી છે કે સંસારના જીવો તો વિષય કષાયમાં પડ્યા છે. તો એને અહીંયાં અનંતાનુબંધીના કષાય નથી કહેતા. ભલે મિથ્યાદૃષ્ટિ છે એટલે અનંતાનુબંધીનો કષાય પણ એક વાત ઉપર Highlight આપવી છે. એટલે કે એ ઘણું કરીને નથી.

'**માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે,...**' ભૂલ હોય અને એનો આગ્રહ રહે કે નહિ, આમ જ હોય... આમ જ હોય... આમ જ હોય.. એવું એને રહ્યા કરે. એટલે પોતે જે વિધિથી કે પદ્ધતિથી કાર્ય કરતો હોય એ પદ્ધતિને એ વળગી રહે એને મિથ્યાઆગ્રહ કહ્યો છે. '**માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે, તે પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે, દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર છે,...**' ભલે ચોખ્ખો વિરોધ ન કરતો હોય પણ સાધનની ભૂલ કરે, અપરમાર્થને પરમાર્થ જાણી ભજે તો એ પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યેનો અનાદર છે, એવા સત્દેવ પ્રત્યેનો અનાદર છે, એવા સત્ધર્મ પ્રત્યેનો એમાં નિરાદર છે. '**એમ કહેવામાં ઘણું કરી યથાર્થ છે.**' ઘણું કરીને તો એમની શબ્દ નાખવાની પદ્ધતિ છે. તે યથાર્થ છે.

મુમુક્ષુ :- દેવ પ્રત્યે, ધર્મ પ્રત્યે નિરાદર .... પરમાર્થજ્ઞાની એવા પુરુષ પ્રત્યે...

પૂજ્ય ભાઈશ્રી :- સામાન્ય રીતે એ પ્રસંગ વહેલો બની જાય છે. કેમકે પરમાર્થજ્ઞાની જે સત્પુરુષ છે એ એવી સ્થિતિમાં રહ્યા છે કે એને ઓળખાણ દુર્લભ થાય છે. એટલે ત્યાંથી એ વહેલી શરૂઆત થઈ જાય છે. દેવ પ્રત્યે જલ્દી (થતી નથી). કેમકે વીતરાગ દશામાં સ્થિત છે ખુલ્લમખુલ્લા એટલે એનો સીધો અનાદર જીવ નથી કરતો.

મુમુક્ષુ :- આ ભૂમિકા પહેલા ભજી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલા ભજી લે છે. સહજપણે ભજી જાય છે. એવો પ્રકાર ઉત્પન્ન થાય છે. એમને તો પોતાનો પ્રત્યક્ષ અનુભવ હતો ને? પોતે એક સત્પુરુષ હતા. એમ જોયું કે મારા પ્રત્યે એવું તો ન બોલે. પણ શું પરિસ્થિતિ અજ્ઞાનદશામાં સહેજે સહેજે ઉત્પન્ન થઈ આવે છે એ તો એમને ખ્યાલમાં આવી જતી હતી. બીજા જે ધર્મના ક્ષેત્રમાં જે લોકો હતા એ કેવી રીતે વિમુખ વર્તે છે એનો ખ્યાલ આવી જતો હતો. ભલે એ વિષયક ઊહાપોહ એમનો નહોતો પણ જ્યારે કોઈને પત્ર લખે છે ત્યારે તો ધ્યાન ખેંચે છે વ્યક્તિગત રીતે કે એવો દોષ એને ન થાય.

'**તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે...**' એ શબ્દ પહેલો જ વાપરે છે. '**તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસદ્‌ગુરુવાદિક આગ્રહથી,...**' આમ કારણ આ છે એને. દેવ તો અહીંયાં મળતા નથી. સાક્ષાત્ દેવ મળતા નથી. ધર્મ તો પરિણામસ્વરૂપ છે. એટલે આ બાજુ સત્પુરુષ નથી મળતા તો કોઈ અસદ્‌ગુરુને એ ભજે છે, અસદ્‌ગુરુને અનુસરે છે. એવો પ્રકાર સહેજે ઉત્પન્ન થાય છે. એ જ એની વિમુખતા છે સત્પુરુષની. એટલે તો વંચિત રહે છે ને સત્પુરુષથી. '**તે સદ્‌ગુરુ, દેવ, ધર્મ પ્રત્યે અસદ્‌ગુરૂવાદિકના આગ્રહથી, માઠા બોધથી,...**' એનો પાછો માઠો બોધ પણ (મળે). કારણ કે એની વિધિ ઉલટી છે એટલે એને અનુસરતા એ ઉંધી વિધિએ ચડવાનો. '**માઠા બોધથી, અશાતનાએ...**' કોઈવાર અશાતના કરી બેસે. કોઈવાર ન કરે તો '**ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે.**' આ પ્રકાર સહજ ઉત્પન્ન થવાનો ત્યાં સંભવ છે.

'**તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની...**' ત્યાં એણે ખરેખર મૂળમાંથી એની જે સંસારવાસના છે, સંસારનું મૂળ એનું પરિચ્છેદ થતું નથી. એ પરિચ્છેદ થતું હોવાનું '**માની પરમાર્થ પ્રત્યે ઉપેક્ષિત રહે છે;...**' હવે એનું શું કારણ છે? કે એણે જે માન્યું છે એને પોતાને સાચું લાગ્યું છે. તો એ સિવાયનું બીજું એને ઉપેક્ષાનો વિષય સહેજે થવાનો હતો. કોઈને પણ માટે. જેણે જે માન્યું છે એ તો સાચું ગણીને જ માને છે. ખોટું ગણીને કોઈ થોડું માને? આ તો સાચું જ છે. તો એને સાચા પ્રત્યેની ઉપેક્ષા આવવી સહજ થઈ જાય છે.

'**એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.**' ક્રોધ, માન, માયા, લોભ. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો ચોક્કસ આકાર આવો છે. સંસારના વિષય કષાય ન લીધા. એ વાતને ગૌણ કરી નાખી. નહિતર એ પણ અનંતાનુબંધીમાં જ છે. સંસારીઓ બધા કોઈ થોડા સમ્યગ્દૃષ્ટિઓ છે? અને જેટલા મિથ્યાદૃષ્ટિ હોય છે એ અવિનાભાવીપણે અનંતાનુબંધી સહિત જ હોય છે. છતાં

એનો દોષ નથી પકડતા અને આનો દોષ પકડે છે. એનું કારણ કે પેલાને સલટવું સહેલું છે, આને સલટવું અઘરું છે. અને આપણે ત્યાં તો એ પ્રસંગો બન્યા છે કે વિદ્વાનો આવતા સંપ્રદાયના તો 'ગુરુદેવ' પહેલા પણ એ લોકો દિગંબર શાસ્ત્રોનું અધ્યયન કરેલું, એવા વિદ્વાનો આવતા 'ગુરુદેવ'ના સમયમાં. તો આપણા મુમુક્ષુઓ 'ગુરુદેવ'ની વાત જેટલી સહેલાઈથી, સ્થાનકવાસીમાંથી આવ્યા હોય, દેરાવાસીમાંથી આવ્યા હોય કે દિગંબર હોય, પણ 'ગુરુદેવ'નો દૃષ્ટિકોણ સમજ્યા છે ઈ જે 'ગુરુદેવ' ન્યાય આપી શકે એ ન્યાય એટલો સહેલાઈથી પકડે કે ઓલો શાસ્ત્રનો પારંગત થયેલો ડિગ્રીધારી હોય તોપણ એને સમજવું કઠણ પડે. એટલે ઘણીવાર કોઈ હસી જતા એના પ્રશ્નો ઉપર. એ તો પ્રસંગની કોઈ અગંભીરતા છે. કેમકે એ તો અજાણ્યા છે તો એને તો એવો પ્રશ્ન સહેજે થશે કે તો પછી આમ કેમ? ફલાણું કેમ? જો આત્મા દેહનું ન કરી શકતો હોય તો પછી સંયમ-અસંયમનો વિષય ક્યાં રહેશે? ફલાણું ક્યાં રહશે? ઢીકણું ક્યાં રહશે? આમ કરીને પ્રશ્ન તો ઉઠાવે વિદ્વાન હોય તો.

આપણે ત્યાં લોકોને નવાઈ લાગતી કે આપણે ત્યાં તો શરૂઆતમાં બાળક અવસ્થામાં મૂળ વાત છે કે દેહ ભિન્ન અને આત્મા ભિન્ન. દેહની ક્રિયા આત્મા કરી શકે નહિ. આત્માની ક્રિયા દેહ કરી શકે નહિ. આ તો એકડો જ પહેલોવહેલો. બાળપોથીમાંથી વાત ચાલતી. એટલે એટલી બધી સહજ અને સુગમ 'ગુરુદેવ'ની કૃપાથી એ વાત લાગતી મુમુક્ષુઓને કે કોઈ વિદ્વાન ઊઠીને એવો પ્રશ્ન કરે તો હસી જતા હતા કે આવો પ્રશ્ન કરે? એ પરિસ્થિતિ ઠીક નથી, કોઈના ઉપર હસવું એ. પણ આમાં કહેવાનું તાત્પર્ય એટલું છે કે કોને અઘરું પડે છે? કોને સહેલું પડે છે? એને વિદ્વાન હોવા છતાં અઘરું પડે છે. એ જલદી ન નિકળી શકે. દીક્ષાધારી હોય તો જલ્દી ન છૂટી શકે. તમે જો તમારા સંપ્રદાયમાં દીક્ષા લઈ લીધી હોત તો જલ્દી આ બાજુ વળી ન શકત તમે. અને દીક્ષા નથી લીધી અને ગૃહસ્થ છો તો તમને વળવામાં એટલી તકલીફ નથી પડતી, જેટલી કોઈપણ દીક્ષાધારીને તકલીફ થાય. એટલે ધર્મના ક્ષેત્રમાં આવે છે એ જો માર્ગ ભૂલે છે તો વધારે દૂર થઈ જાય છે. આ એક મહત્ત્વનો મુદ્દો છે. વાર લાગે એનો વાંધો નહિ, થોડુંક મોડું થાય એનો વાંધો નહિ પણ જેવું પકડવું છે, જેને અનુસરવું છે, જે ગ્રહણ કરવું છે તે યથાર્થ છે કે કેમ? એને માટે એટલી બધી ચીકાશ કરવી જોઈએ, એટલા બધા ગળણે એ પાણી ગળવું જોઈએ કે જો એમાં ભૂલ થાય તો અનંતાનુબંધીનો પ્રકાર જે ૪૫૯ પત્રમાં કહે છે એ સીધો જ લાગુ થાય. આ કલમ, આ ગુનાની કલમ સીધી જ લાગુ થઈ જાય અનંતાનુબંધીની. એમાં બાંધછોડ ચાલે નહિ પછી. અહીંયાં તો ગુરુવારે રાત્રે આના

ઉપર જ ચર્ચાઓ રાખી છે. વાંચન નહિ, ચર્ચા જ રાખી છે. ક્રમથી, અક્રમથી ગમે તે ચર્ચા કરી શકાય.

મુમુક્ષુ :- તમે મને પૂછો કે પરથી ભિન્ન છો કે એકત્વ? એટલે બાળપોથી વાંચીને હું એમ જ કહું કે હું તો પરથી ભિન્ન છું. અને મારા અંતરંગમાં અભિપ્રાયમાં તો પર સાથે એકતા વર્તે છે તો પછી તમને છેતરીએ છીએ એમ જ થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાનને છેતરીએ છીએ એમ લેવું એટલે જરાક વજન આવે. સામાન્ય વ્યકિતને છેતરવામાં માણસને બહુ દુઃખ નથી થતું. હું 'ધીરુભાઈ'ને છેતરું કાંઈ નથી. 'ધીરુભાઈ' કયાં મોટા થઈ ગયા. છેતરી લેવાય. ભગવાનને છેતરું છું એમ જે આવે તો એને અંદરમાં ફાળ પડે, ફડકો પડે કે આ ભગવાનને છેતરવા જેવો, એવો મોટો ગુનો કરવા જેવો નથી. એમ લેવું.

મુમુક્ષુ :- બીજી દૃષ્ટિથી વિચાર...

પૂજ્ય ભાઈશ્રી :- આ ઉપદેશ જ અસિધારા સમાન છે. જો ખરેખર ઉપદેશની ગંભીરતા લે, જેને સમજાણું કે આ ત્રિકાળી શુદ્ધાત્મા અનુસરવા યોગ્ય છે. એ અનુસરતા આટલા આટલા પ્રકારની ભૂલો થાય તે ભૂલો પ્રત્યે સાવધાન થવા જેવું છે. ભગવાનની તો આ આજ્ઞા છે. ભગવાનની આવી આજ્ઞા છે. તો જાણી જોઈને ભગવાનની આજ્ઞા ઉપર કે જ્ઞાનીની આજ્ઞા ઉપર પગ દેવો એ જીવને કરતાં જરૂર થડકો લાગવો જોઈએ, અચકાટ થવો જોઈએ અને એને હિચકિચાટ આવવો જોઈએ. આંચકો લાગવો જોઈએ. બીજી ભાષામાં કહીએ તો એને આંચકો લાગવો જોઈએ. નહિ, મારે ખરેખર મારા આત્માનું અહિત કરવું (નથી). મારે મારું ખૂન કરવું (નથી). ખરેખર તો નિશ્ચય પરિસ્થિતિ તો એ ઊભી થવાની છે કે પોતાના જ્ઞાન અને આનંદ અને સુખના પ્રાણને ગળુ મરડવાની વાત છે. એ મારે કરવા જેવી નથી. આ તો નિજ હિતનો વિષય છે. આખરમાં તો નિજ હિતનો-અહિતનો વિષય છે.

'**વિભાવથી જુદો પડીને...**' આ વિષય ક્યારેક ચાલે છે વાંચનમાં કે પહેલાં સ્વભાવ વિભાવનું ભેદજ્ઞાન છે. એક સમયની પર્યાયનું નહિ. ત્યારે સામે કોઈવાર 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ની દલીલ આવે છે. સામે દલીલ આવે છે, સ્વભાવ-વિભાવની સામે એ છે 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માંથી. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ની શૈલી અનુભવ થયા પછી, અનુભવ થયા પહેલાની વાત છે? અનુભવ થયા પછી પોતાની મસ્તીની સ્થિતિમાં નીકળેલી બધી વાતો છે. એટલે Particular type નું માર્ગદર્શન એમાં લેવા જાવ, ગોતવા જાવ અથવા તો એવું માર્ગદર્શન છે કે કેમ જોયા વગર પકકડ કરવા જાવ તો સંભવ છે કે ગડબડ થાય, માર્ગ હાથમાં ન આવે, માર્ગ ન સૂઝે. એટલે સીધું એમ જ કહે,

'ન્યાલભાઈ'તો એક સમયની પર્યાયની ભિન્નતાની વાત કરે છે. અને ત્રણે ભેદજ્ઞાનમાં ઊંચામાં ઊંચું ભેદજ્ઞાન આ છે તો અમે ઊંચાના ઘરાક છીએ, અમે કાંઈ નીચાના ઘરાક નથી. માર્ગ તો માર્ગની રીતે છે. પછી એને સીધું કહ્યું, એ 'ન્યાલભાઈ', એણે પહેલું શું સાંભળ્યું છે? એણે પહેલું એ નથી સાંભળ્યું કે એક સમયની પર્યાયથી ભિન્ન છે. એમણે પોતે ક્યાંથી પ્રારંભ કર્યો? કે જ્ઞાન અને રાગ જુદા છે. આ વિષય છે. એમની ઉત્પત્તિને, એમની દશાની ઉત્પત્તિને શોધવી જોઈએ. જો આ જીવે પ્રારંભ કરવો છે- શરૂઆત કરવી છે તો સર્વ સત્પુરુષો, સર્વ જ્ઞાનીઓની શરૂઆત એક જ પ્રકારે થાય છે. ચાહે 'ન્યાલભાઈ' હોય, ચાહે કોઈ પણ હોય xyz, બધાની શરૂઆત એક પ્રકારે થાય છે. ત્રણ કાળમાં માર્ગનો ફેરફાર ક્યાંય નથી.

આ ગ્રંથમાં તો એ વાત બહુ સ્પષ્ટ મળે છે. સ્વભાવ અને વિભાવના ભેદજ્ઞાનનો વિષય તો કેટલાય બોલોની અંદર આવ્યો છે. અને 'સમયસાર'ની છઠ્ઠી ગાથા જે પ્રમત-અપ્રમત્તથી ભિન્ન છું. એટલે પર્યાયમાત્રથી હું ભિન્ન જ્ઞાયક છું. એવી જે 'કુંદકુંદાચાર્ય'ની છઠ્ઠી ગાથા એની ટીકામાં આચાર્ય ભગવાને શુભાશુભથી ભિન્ન હોવાને લીધે હું શુદ્ધ છું આ વાત નાખી. શુભાશુભથી ભિન્નપણે ઉપાસ્યમાન હોવાને લીધે હું શુદ્ધ છું. એ વાત વચ્ચે નાખી. કેમ? કે ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો આ ગ્રંથ કોઈપણ અજ્ઞાની જીવને જ્ઞાનદશા લાવવા માટેનો ગ્રંથ છે. તો એનો પ્રારંભ ચૂકીને કોઈ અધ્ધરથી વાત પકડી ન લે. એ પોતે ટીકાની અંદર વિષય સ્પષ્ટ કરી જાય છે. બધી જગ્યાએ. પક્ષાતિક્રાંતની ૧૪૪ ગાથા નાખી નિર્વિકલ્પ થવાની, તો ત્યાં ઓળખાણની વાત નાખી કે પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. તાવત શબ્દ વાપર્યો છે. પહેલા તો આમ કરવું. એ કોઈ અધ્ધરથી, કલ્પનાથી ઉપડી ન જાય અધ્ધરથી એટલે ત્યાંથી શરૂઆત થાય છે એ વાત 'અમૃતચંદ્રાચાર્ય' સ્પષ્ટ કરતા જાય છે.

'**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.**' એટલે સ્વભાવને ગ્રહણ કર એમ લેવું છે. વિભાવ અને સ્વભાવને જુદા પાડીને સ્વભાવને ગ્રહણ કર. માત્ર જુદા પાડવા એમ નહિ. સ્વભાવનું ગ્રહણ કરવું એનું નામ જુદું પડવું એમ છે. નહિતર તો વિકલ્પ વિચાર કરશે કે જાણે તે જ્ઞાન. પરઅભિલાષ કરે, આકાંક્ષા રાખે તે રાગ. વિકલ્પ તે રાગ, જાણે તે જ્ઞાન. વિકલ્પ તે રાગ, જાણે તે જ્ઞાન. એમ નહિ. ચૈતન્યતત્ત્વને સ્વભાવને એમાંથી ગ્રહણ કરવાનો છે. ભલે જ્ઞાન અને રાગ એક પર્યાયમાં છે, વ્યકત અવસ્થારૂપ છે, પ્રગટ અવસ્થારૂપ છે તોપણ બંને અવસ્થામાંથી

વિભાવતત્ત્વ અને સ્વભાવતત્ત્વને જુદા પાડવામાં સ્વભાવને હુંપણે ગ્રહણ કરતાં જુદું પડે છે. એ પદ્ધતિ છે કાર્યની અથવા ભેદજ્ઞાનની એ પદ્ધતિ છે. સ્વભાવ અને વિભાવ જુદા. એ વિષયમાં ૬૯-૭૦ ગાથા લીધી છે. ત્યાં વિભાવને ક્રોધાદિ નામ આપ્યું છે. રાગના બદલે ક્રોધાદિ નામ આપ્યું છે. ક્રોધાદિક ક્રિયા. કેમકે એ એક એવો ભાવ છે વિભાવમાં કે જે સર્વ કોઈને સમજાય છે. સ્થૂળ ભાવ છે ક્રોધનો ભાવ.

મુમુક્ષુ :- પર તરફનો રાગ એટલે આત્મ પ્રત્યે ક્રોધ થયો.

પૂજ્ય ભાઈશ્રી :- ક્રોધ થયો. એ ક્રોધાદિક ક્રિયા ત્યાં નામ આપ્યું છે. જો, ક્રોધાદિક ક્રિયા જેમ થતી માલુમ પડે છે એમ જ્ઞાનક્રિયા થતી માલુમ પડતી નથી. જેમ જ્ઞાન ક્રિયા થતી માલુમ પડે છે તેમ ક્રોધાદિ ક્રિયા થતી માલુમ પડતી નથી. તો અહીંયાં બંને જગ્યાએ ટીકાકાર આચાર્ય ભગવાને માલુમ પડે છે, માલુમ પડે છે એવી વાત લીધી છે. વિચારથી સમજી શકાય છે એવી વાત નથી લીધી. આ પ્રયોગ અને વિચારમાં શું ફરક છે.

માલુમ પડે છે એ એમ કહે છે કે તું તપાસ. તને અનાદિથી વર્તમાન સુધી રાગાદિ ક્રિયામાં, ક્રોધાદિ ક્રિયા જે થઈ રહી છે એમાં હુંપણે થતી અનુભવાય છે. માલુમ પડે છે એટલે? અનુભવાય છે. અનુભવપદ્ધતિથી જ વિષય ચાલે છે ત્યાં. ત્યારે જ્ઞાનની ક્રિયા ચાલુ હોવા છતાં તેમાં હુંપણું એવું માલુમ પડતું નથી. તપાસી લે તું. તપાસ તો તને આ અનુભવ-અમે કહીએ છીએ એ અનુભવની તને પ્રતીતિ થશે અથવા તને ખાતરી થશે કે વાત સાચી છે. હવે એને ઊલટાવીને એમ કહે છે કે જો એમ હોય તો. જ્ઞાનક્રિયામાં હુંપણું આવે તો ક્રોધાદિ ક્રિયામાં હુંપણું રહી શકે નહિ. જો ક્રોધાદિ ક્રિયામાં હુંપણું રહેતા જ્ઞાનક્રિયામાં હુંપણું રહી શકતું કે થઈ શકતું નથી તો જ્ઞાનક્રિયામાં હુંપણું આવે તો ક્રોધાદિ ક્રિયામાં હુંપણું રહે નહિ. આપોઆપ જ હુંપણું એમાંથી છૂટી જાય. હુંપણું એક સાથે જ્ઞાનક્રિયામાં પણ રહે અને ક્રોધાદિ ક્રિયામાં રહે એમ કોઈ દિવસ બનતું નથી. એને ત્યાં એના અનુભવથી એ વાતને પકડાવે છે.

એ બંનેમાં જ્ઞાન અને રાગ અથવા જ્ઞાન અને ક્રોધ એમાં સ્વભાવ શું? અને વિભાવ શું ? એ અનુભવના અભ્યાસથી, વારંવારના અનુભવના અભ્યાસથી તપાસીને, અવલોકન કરીને સ્વભાવને ઓળખીને સ્વપણે ગ્રહણ (કરવો). સ્વભાવને ઓળખે એટલે એ તો પોતે સ્વ જ છે, એ સ્વભાવ કોઈ પર નથી. સ્વપણે જ્યાં ગ્રહણ થાય છે ત્યાં રાગાદિનું પરપણું અને એક સમયની પર્યાયથી વિહિનપણું- રહિતપણું ઊભું થઈ જાય છે. કેમકે નિત્યમાં અનિત્ય નથી. સ્વભાવ નિત્ય છે એમાં અનિત્યપણું નથી. એ એની અંદર આપોઆપ એને નિર્ણયની

ભૂમિકામાં નિશ્ચય શુદ્ધાત્માનો વિષય એને સ્વસ્વરૂપે, મૂળ સ્વરૂપે નિશ્ચયરૂપ થાય છે અને પ્રમાણનો વિષય એ જ વખતે સમજાય છે એને કે આ સમયનું પર્યાયઅંગ છે તે વિનશ્વર છે અને ગડબડ બધી અહીંયાં છે, ત્રિકાળીમાં ક્યાંય ગડબડ નથી. એ તો શુદ્ધ જ છે. એ નિર્ણયના કાળમાં એકસાથે બધું સમજાય જાય છે.

મુમુક્ષુ :- વિભાવથી જુદા ...

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વભાવ નથી, એ સ્વભાવ નથી. વિભાવ તે સ્વભાવ નથી. અને તેથી સામાન્ય છે તે સ્વભાવ છે. પરસત્તાવલંબનશીલપણું તે જ્ઞાનનો સ્વભાવ નથી. પરને અવલંબે છે જે જ્ઞાન તે જ્ઞાનનો સ્વભાવ નથી. એટલે સામાન્યથી લેવામાં આવે છે. એટલે તો લક્ષ્ય-લક્ષણની ચર્ચામાં એ વાત લીધી કે જ્ઞાન સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. જ્ઞાન શેનાથી પ્રસિદ્ધ છે? કે જ્ઞેયને જાણવાથી જ્ઞાન પ્રસિદ્ધ છે એમ કેમ ત્યાં ન કીધું ? ઓળખાણની ચર્ચા કરે છે આચાર્યદેવ પરિશિષ્ટમાં. તો ખેરખર જ્ઞાન નામ જ જ્ઞેયપરખ છે. જે પર્યાયનું નામ જ્ઞાન છે એ જ્ઞેયપરખ નામ છે. **'ज्ञेयं ज्ञातुं योग्यं इति ज्ञानं'** જે જ્ઞેયને જાણવાયોગ્ય હોય એવી પર્યાયને જ્ઞાન કહીએ. ચૈતન્યની પર્યાયો અનંત ગુણની અનંત પ્રકારે. અનંતે અનંત ગુણની અનંત પ્રકારની પણ જે ચૈતન્યની પર્યાય-જે આત્માની પર્યાય, જે જીવની પર્યાય કહીએ અનંત ગુણમાંથી, જ્ઞેયને જાણવાયોગ્ય કાર્યક્ષમતા ધરાવે છે તેનું નામ જ્ઞાન. આવી તો પરિભાષા છે શાસ્ત્રની. જ્ઞેયપરખ તો નામ મળે છે એને. તોપણ આચાર્યમહારાજ એનું-જ્ઞેયનું ત્યાં નામ લેતા નથી. આત્માની ઓળખાણનો જ્યાં તબક્કો છે તો જ્ઞેયનું નામ લેતા નથી.

જ્ઞાનની પ્રસિદ્ધિ વેદનથી છે. પરને જાણવાથી જ્ઞાનની પ્રસિદ્ધિ છે એ વાત અમે અહીંયાં લેતા નથી. બહુ મહત્ત્વનો વિષય છે. જ્ઞાનને ઓળખવું છે, જ્ઞાનતત્ત્વને સમજવું છે અહીંયાં. તો તું એના સ્વભાવથી સમજ. એના વિભાવથી સમજવા જઈશ (તો) તને જ્ઞાનતત્ત્વ નહિ પકડાય. જ્ઞાનતત્ત્વ તારા હાથમાં નહિ આવે. કેમકે તારું જ્ઞાન અનાદિથી પરને જાણે છે એમાં પરસત્તાનું અવલંબન લઈને જાણે છે, પરસન્મુખ થઈને જાણે છે અને એ જ્ઞાનનો જે વિભાવ છે એમાં સ્વભાવ નથી. વિભાવમાં ક્યાંય સ્વભાવ નથી જ્ઞાનમાં ને જ્ઞાનમાં. સ્વભાવ એના સામાન્યમાં છે, સામાન્યમાં વેદન છે ત્યાંથી પકડ, ત્યાંથી ઓળખ એટલે સ્વભાવનો પત્તો લાગશે. પછી તને સમજાશે કે ખરેખર નિર્દોષપણે સ્વપરપ્રકાશપણું મોક્ષમાર્ગમાં શું છે? અને કેવળજ્ઞાનમાં સ્વપરપ્રકાશપણું શું છે એ તને (પછી સમજાશે). પણ અત્યારે તારા ને તારા પરના પ્રકાશપણાથી તું જો સમજવા જઈશ તો તારા પરપ્રકાશન કાળમાં તો

તારો વિભાવ ચાલી રહ્યો છે. જ્ઞાનનો વિભાવ ચાલી રહ્યો છે. તું તો પરસન્મુખ થઈને જાણે છો પરને. પરસન્મુખ થયા વિના તું પરને જાણતો નથી. ત્યારે જ્ઞાનનું સામર્થ્ય સ્વભાવિક સામર્થ્ય એવું છે જે સ્વપરપ્રકાશક, શુદ્ધ સ્વપરપ્રકાશક છે એમાં તો પરસન્મુખ થયા વિના પરને જાણે એ એનું પરપ્રકાશપણું છે. જ્યારે પ્રથમ શુદ્ધોપયોગની અંદર એકાકાર થઈને પોતાના શુદ્ધાત્માને વેદે છે અને અનુભવ કરે છે ત્યારે એને સાચું પરનું પરપણે જ્ઞાન થાય છે કે મારા જ્ઞાયકના અસ્તિત્વમાં કોઈ નથી. પર નથી. કોઈ પર નથી એ પરનું જ્ઞાન સાચું પ્રયોજનભૂત જ્ઞાન. પર કેવું છે? આવું છે ને તેવું છે, એ પરનું પ્રયોજનભૂત જ્ઞાન નથી. પર પર છે એ એનું પ્રયોજનભૂત જ્ઞાન છે. એ પર તરીકેનું પ્રયોજનભૂત જ્ઞાન છે. અને એ ત્યારે સિદ્ધ થાય છે કે જ્યારે એ સ્વમાં પરને ભાળતો નથી, અનુભવગતપણે અનુભવતો નથી ત્યારે. ત્યાં સુધી પરનું પરપ્રકાશકપણું સમ્યક્ નથી. ભલે પરને જાણતો હોય, પણ સમ્યક્ નથી. અહીંથી સમ્યક્ ઊભું થાય છે. એટલે સ્વને જાણતાં પર જણાય જાય છે. પરને જાણતાં પર જાણવાની વાત જ નથી પરપ્રકાશનમાં. એટલે ઓળખવામાં પણ આ વાત લીધી છે. આ પડખું અંતરંગ લીધું છે. જગતમાં પણ કોઈને ઓળખવો હોય તો એનું અંતરંગ જ પકડવું પડશે, એ વગર કોઈને નહિ ઓળખી શકાય. 'ધીરૂભાઈ'ને ઓળખવા હોય તો 'ધીરૂભાઈ'નું અંતરંગ પકડવું પડે. કોઈને પણ ઓળખવું હોય તો એનું અંતરંગ જ પકડવું પડે. બહિરંગથી એને ઓળખવા જાય તો થાપ ખાઈ જાય.

મુમુક્ષુ :- આ માણસ સાથે મારે દસ વર્ષથી સંબંધ છે પણ હજી હું એને ઓળખી નથી શકયો.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એનું અંતરંગ એ નથી સમજ્યો માટે. કેમકે એનું અંતરંગ નથી સમજતો. એટલે જ્ઞાનનું પણ બહિરંગ શું છે અને જ્ઞાનનું અંતરંગ શું છે? એ વિષયનો ભેદ પડ્યા વિના એમ ને એમ જ્ઞાનને નામે હાંકે રાખે તો એ તત્ત્વજ્ઞાનના વિષયમાં ચાલે એવું નથી. એમાં કાંઈ આત્માનું હિત થાય એવું નથી કે તત્ત્વ સધાય એવું નથી. આ તો સાધવાનો વિષય છે. અંતરંગ સૂક્ષ્મદૃષ્ટિથી જ્ઞાનમાત્રપણે જો પોતાને જોવામાં આવે છે ત્યારે એ જેમ છે એમ, જેવા સ્વરૂપે છે એમ, જેવો છે એવો સધાય જાય છે અને એ સાધનાનું કાર્ય થાય તો જ એ સમ્યક્ છે, બાકી તો બધી વાતોમાં બધું ચાલ્યું જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવે' એમ કહ્યું કે પરને જાણનારું જ્ઞાન એ જ્ઞાન જ નથી, એ કઈ રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- પરને જાણનારું જ્ઞાન નથી (એટલે) તે પરને અવલંબને છે

માટે જ્ઞાન નથી. એ તો 'ટોડરમલજી'નું આપણે લઈએ છીએ. પરસત્તાવલંબનશીલ જ્ઞાન તે જ્ઞાન નથી પણ જડ છે. જડ છે. એ શું છે કે જડ સદૃશ થઈને-જડ જેવું થઈને જડનું વલણ રાખીને જડમાં ભળે છે. આખો આત્માનો પક્ષ છૂટી જાય છે ત્યાં. નિષ્પક્ષ થઈને વીતરાગ થવું તો આગળની વાત છે. પણ પક્ષ જ ઊલ્ટો થાય છે, વિરુદ્ધ પક્ષમાં જઈને ઊભું રહે છે જ્ઞાન. એ આત્માનું વિરોધી જ્ઞાન છે. એને સંમત કરતા નથી. સંમત ન કરે તો જરાક કડક ભાષા પણ કહી દે. વિરોધી થઈ જાય તો, પોતાનું ને પોતાનું પોતાથી વિરોધી થઈ જાય તો એને જરા કડક હાથે કામ લે તો એમ પણ કહી દે. કહેવામાં શબ્દનો દોષ નથી. પાછળ આશય છે એ પારમાર્થિક આશય છે એ સમજણમાં આવવું જોઈએ. અહીં સુધી રાખીએ...

મુમુક્ષુ જીવને ધર્માત્મા-જ્ઞાનીપુરુષનું જીવન અર્થાત્ પરિણમન સમજવું, સૂક્ષ્મ અંતરંગ પરિણમન સમજવું ઉપકારી છે; સત્પુરુષની ઉદયભાવમાં નીરસતા અને તે નીરસતાનો આધાર/ કારણ એવું આત્મ-સ્વરૂપનું અવલંબન, તે અવલંબન લેતો શ્રદ્ધાભાવ, તે અવલંબન લેતો એવો જ્ઞાનભાવ, અને તે બન્ને સાથે વર્તતો પુરુષાર્થ અર્થાત્, જ્ઞાન અને શ્રદ્ધાનું જોર કે જે ગુણનું અથવા સ્વભાવનું પરિણમન છે, કે જેના ઉપરથી ગુણ-સ્વભાવનું પ્રત્યક્ષ દર્શન થાય છે. આમ સન્માર્ગે વિચરતા, સ્વયંના માર્ગે સ્વયંના કારણથી ચાલ્યા જતાનું દર્શન, દર્શન કરનારને, દર્શનમાત્રથી આરાધનાનું કારણ થવાથી, અને તે અપૂર્વ હિતરૂપ હોવાથી, તે પરમ સત્સંગનું મહત્વ ગ્રંથ-ગ્રંથોમાં મહાપુરુષોએ ગાયું છે, તે યથાર્થ છે-અત્યંત યથાર્થ છે. **('અનુભવસંજીવની' બોલ નં.૪૫૧)**

તા. ૨૩-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૧૯,૩૨૦
પ્રવચન નં. ૨૪૬

'**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર. એ જ કરવાનું છે.**' ભેદજ્ઞાનનો વિષય લીધો છે. સ્વભાવ અને વિભાવ ત્રણે કાળે પરસ્પર એકરૂપ નહિ થતા હોવા છતાં મિથ્યા ભ્રાંતિ, અજ્ઞાન અને માત્ર વિભાવ ઉપરની દૃષ્ટિ હોવાને લીધે, જે કદી પણ ભળતા નથી, જુદાં ને જુદાં જ રહે છે તેને તે એકમેકપણે અનુભવ કરે છે. જોકે પોતે સ્વભાવને ઓળખતો નથી. કોઈ એમ કહે કે સ્વભાવને અને વિભાવને એક કરે છે પણ પોતે તો સ્વભાવને ઓળખતો નથી. હું વિભાવરૂપ છે એ પોતાની સાથે એકમેકપણું કર્યું. ભલે પોતે કેવો છે એની ખબર નથી પણ વિભાવમાં પોતાનો અનુભવ-પોતાનું સ્વરૂપ અનુભવવું-એવું મારું સ્વરૂપ છે-એવો જે અનુભવ એ મિથ્યા અનુભવ છે. એવું સ્વરૂપ છે પોતાનું. જે અધ્યાસિત અનુભવ છે એ અનંત સંસારનું મૂળ છે.

કહે છે કે વિભાવથી ભિન્ન પડીને '**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.**' એક એવું ત્રિકાળ શુદ્ધ પોતાનું જે સ્વરૂપ છે પરિપૂર્ણ પવિત્ર, એને ગ્રહણ કર એટલે એનો સ્વ રૂપે અનુભવ કર. એનો સ્વ રૂપે અનુભવ કરતા વિભાવ પોતાપણે નહિ અનુભવાય. વિભાવ એક જુદું તત્ત્વ છે એવું તને જ્ઞાન થશે. '**એ જ કરવાનું છે.**' પ્રથમમાં પ્રથમ જે એકમેક થઈ રહ્યું છે એ જુદું પડે એ જ પહેલા કરવાનું છે. હવે એ થાય છે પર્યાયમાં, એવું ભેદજ્ઞાનનું કાર્ય તો પર્યાયમાં થાય છે તોપણ પર્યાય સામું જોઈને તે કાર્ય થતું નથી. આ વિશેષ વાત છે કે કાર્ય બધું થાય પર્યાયમાં. પર્યાયમાં કાર્ય કરવાનું છે એમ કહેવાય. એવું લક્ષ જાય, એવું ધ્યાન જાય, એવો ખ્યાલ આવે તોપણ એમ કહેવામાં આવે કે ત્યાં જોવાનું નથી. પર્યાય સામું જોવાનું નથી. પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. અથવા પર્યાયમાં ફેરફાર કરવાની બુદ્ધિ એ મિથ્યાબુદ્ધિ છે, એ અજ્ઞાન છે, એ અવિધિ અથવા વિપર્યાસ છે. અને તે રીતે કાર્યસિદ્ધિ થતી નથી. ઊલટાની પર્યાયબુદ્ધિ તીવ્ર થાય છે અર્થાત્ દર્શનમોહ તીવ્ર થાય છે.

'**પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.**' એમ કહે છે. એના ઉપરથી તો 'ગુરુદેવે' એક પર્યાયાર્થિકનયનો પણ એક જબરદસ્ત ન્યાય પ્રસિદ્ધ કર્યો કે

પર્યાયમાં તું કાંઈ કરવાનું વિચારતો હો, પર્યાયમાં હેરફેર કરવાનું વિચારતો હોય તો તને સર્વજ્ઞની સાક્ષી આપીને એમ કહીએ છીએ, કેવળજ્ઞાન એમાં સાક્ષી છે કે અનાદિઅનંત પર્યાયો ક્રમબદ્ધ છે. કોઈની ફેરવી ફેરવાય એવું નથી. આમાંથી તર્ક-વિતર્ક ઊઠ્યા કે તો પછી અમારી પુરુષાર્થની ભાવનાનું શું? અને તો પછી જો કાંઈ પર્યાયમાં ક્રમ ફરતો જ ન હોય તો પુરુષાર્થ કરવાનું કે કાંઈ પણ કરવાની વાત પૂરી થઈ જાય છે.

વાત પૂરી થઈ જાય છે એમાં જ્ઞાતા-દ્રષ્ટાપણું રહેવાનું ઊભું રહી જાય છે કે નહિ? આ એક અમારો બીજો સવાલ છે. કાંઈ કરવાનું રહેતું નથી ત્યાં સુધી અમે સંમત છીએ. પણ કાંઈ કરવાનું નહિ રહેતું હોવા છતાં આત્મા જો જ્ઞાતા-દ્રષ્ટા છે, એ જ્ઞાતા-દ્રષ્ટાપણે પરિણમે એમ રહી જાય કે ન રહી જાય? એમ જો તને સમજાતું હોય કે એમ એમાંથી રહી જાય અને થઈ જાય, કરવાના વિકલ્પ વગર, તો તને ક્રમબદ્ધ પણ સાચું સમજાઈ ગયું. નહિતર મારો પુરુષાર્થ ઊડી જશે એ વાતમાં તને ક્રમબદ્ધ સમજાણું નથી. અથવા પુરુષાર્થના બહાને પણ આ જીવ પર્યાયના કર્તૃત્વને દ્રઢ કરવાનો મિથ્યા અભિપ્રાય સેવે તો એ પણ એક બહુ મોટો વિપર્યાસ જ છે.

મુમુક્ષુ :- કાંઈ નહિ કરવાનું એટલે છએ દ્રવ્યમાં કાંઈ નહિ કરવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા દ્રવ્યમાં તો અમસ્તો પણ પ્રશ્ન જ નથી. કેમકે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન છે. એટલે એ તો થઈ શકતું નથી. તો કહે છે, એ તો નથી થઈ શકતું પણ આ પણ નથી થઈ શકતું, બોલ! બીજા દ્રવ્ય તો તારા હાથની બાજી નથી. એ તો તદ્ન જુદું છે, અડી શકતો નથી એને તું. એટલે એમાં કાંઈ કરવું એ તો મિથ્યાબુદ્ધિ છે, પણ તારા પર્યાયના ક્રમને ફેરવવું એ પણ એટલી જ મિથ્યાબુદ્ધિ છે. એ જ પર્યાયબુદ્ધિને જ દ્રઢ કરવાનો જે અપસિદ્ધાંત છે એને વળગી રહેવાની વાત થશે.

ઉપદેશમાં એમ વિધિ-નિષેધનો એવો ભાષાનો પ્રયોગ થાય છે કે આમ કર અને આમ ન કર. પહેલા જ આમ કહી દીધું. '**વિભાવથી જુદો પડીને ચૈતન્યતત્ત્વને ગ્રહણ કર.**' તો વિભાવમાં ક્યાં જુદું પડવાનું છે? કે પર્યાયનું એકત્વ થતું હોય ત્યાં જુદું પડવાનું છે. ચૈતન્યતત્ત્વને ક્યાં ગ્રહણ કરવાનું છે? કે પર્યાયમાં ગ્રહણ નહોતું તે ગ્રહણ કરવાનું છે. બાકી તો જ્યાં હતું ત્યાંને ત્યાં જ છે. પણ પર્યાયમાં એનું સ્વપણે ગ્રહણ નહોતું, સ્વ સ્વરૂપે ગ્રહણ નહોતું.

બેય કાર્ય પર્યાયમાં અસ્તિ-નાસ્તિથી કરવાના કહ્યા તો સાથે સાથે એક લાલબત્તી મૂકી દીધી કે આવા વચનોથી તું ભ્રમમાં પડીશ નહિ. પર્યાય સામું જોઈને

પર્યાયમાં કાંઈ કરવાની વાત અમે કહેતા નથી. દ્રવ્ય સામું જોવાનું? તો કહે છે, એ પણ દ્રવ્ય સામું જોશે તો પર્યાય. આ કથનની અંદર આ પ્રકારે વિકૃતિ આવ્યા વિના રહેતી નથી. કથન કરવા જઈએ કે તું દ્રવ્ય સામું જો તો એક વિકૃતિ આવે છે કે જાણે પર્યાયમાં ફેરફાર કરવાનું કહે છે. પર્યાયમાં કાર્ય કરવાનું કહે છે. એ વાત નથી.

ઉપદેશમાં તો એ પ્રકારનો વ્યવહાર અને વ્યવહારની અંદર ઊભો થતો વિકૃત પ્રકાર એ આવ્યા વિના રહેતો નથી. તેથી જ કરીને સિદ્ધ પરમાત્મા પૂર્ણ દશાએ પ્રાપ્ત થતાં વાણીનો વ્યવહાર ખલાસ થયો. કહેવું શું? જ્યારે ઉપદેશ આપવા છતાં ઉપદેશથી કાર્ય થતું નથી, ઉપદેશ આપવા છતાં ઉપદેશ કાંઈ બીજાના પર્યાયમાં કાર્ય કરતો નથી અને પોતે પોતાની પર્યાયમાં ફેરફાર કરવા ધારે તો થતો નથી. હવે એને શું કહેવું? કહેવા જતાં તકલીફ થાય છે. સાથે સાથે ચોખવટ કરવી પડે છે કે આવું બધું કહેવાય છે તોપણ પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું હોય છે. આમ પર્યાય કરું, આમ પર્યાય કરું એમ પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાની વાત બિલકુલ નથી. એ વાત તો છે જ નહિ.

ફક્ત પોતાનો અકર્તા સ્વભાવસ્વરૂપ આત્મા, જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ આત્મા જેણે જોયો નથી અને અન્ય તત્ત્વને સ્વતત્ત્વ અથવા આત્મા માનીને જે પરિણમન કરીને દુઃખી થઈ રહ્યો છે એવા જીવનું ધ્યાન ખેંચાય છે કે સુખનો ભંડાર તારું સ્વરૂપ છે. તારા સ્વરૂપને સ્વપણે જોતો નથી એટલે કહેવાનું મન થાય છે કે એને સ્વપણે જો. તોપણ આ વાત રાખીને છે કે પર્યાયના કર્તૃત્વને તો અમે જરાપણ અનુમોદના આપતા નથી. પર્યાયનું કર્તૃત્વ કરતા નથી, કરાવતા નથી, અનુમોદતા પણ નથી. એ વાત તો એમ ને એમ જ રાખીને કરીએ છીએ.

'**પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી.**' તો સામું જોવાનું કાર્ય તો પર્યાય કરશે જ. પર્યાય તો કોઈના ને કોઈના સામું જોવે જ છે. જ્ઞાન કાંઈ બંધ થઈ જતું નથી. તો કોના સામું જોવું? કે તારું સ્વદ્રવ્ય છે. કર્તૃત્વબુદ્ધિએ નહિ પણ સ્વદ્રવ્યને સ્વપણે જોવાનો તારો સ્વભાવ છે અને તે સ્વભાવમાં કર્તાપણું લાવીને કાર્ય કરવાનો તારો સ્વભાવ નથી પણ સહજપણે એમ થવાનો, એમ પરિણમવાનો તારો સ્વભાવ છે. એ તને ખબર નથી એટલે તને દર્શાવવામાં આવે છે કે તારો સ્વભાવ આવો છે કે તારા સ્વદ્રવ્યને સ્વપણે જોવું એવો જ તારો સ્વભાવ છે. એટલે એટલું ધ્યાન ખેંચવામાં આવે છે. ધ્યાન ખેંચવા માટે એવું કથન આવે છે. પછી ધ્યાન કોનું ખેંચાય? કોનું ન ખેંચાય? એ વિષયમાં ધ્યાન ખેંચવાવાળા જરા પણ હસ્તક્ષેપ કરતા નથી કે મેં આવું કહ્યું છતાં કેમ તમારું ધ્યાન ખેંચાતું નથી? એવો હસ્તક્ષેપ નથી

કરતા.

અહીંયાં રાગનો કોઈ એવો ક્રમ હતો, વાણીના ઉદયનો કોઈ એવો ક્રમ હતો એટલે કહેવાઈ ગયું. વિકલ્પ આવી ગયો. વિકલ્પ અનુસાર વાણી થઈ ગઈ. ન તો અમે વિકલ્પના કર્તા, ન તો અમે વાણીના કર્તા. તું પણ અમને એમ જો કે ન તો અમે વિકલ્પના કર્તા કે ન તો અમે એ વાણીના કર્તા. એમ અકર્તાપણે વિકલ્પ અને વાણીની પ્રવૃત્તિ થવા છતાં જો તને કાંઈ સમજાતું હોય કે પર્યાય સામું જોવાનું નથી, નિજ સ્વરૂપ સામું જોવાનું છે અને એવો જ સ્વભાવ છે એમ જો તને સ્વભાવ લક્ષગત થતો હોય આ નિમિત્તે તો સારી વાત છે. તારું હોનહાર સારું છે, અમે તને ધન્યવાદ દઈએ છીએ. એમ ન તને થતું હોય તો અમારો કે કોઈનો ઉપાય પણ એમાં નથી.

એટલે સત્ય વાણીનો સત્ય ઉપદેશનો યોગ થવા છતાં જો જીવ સહજ જ પલટો મારવાના ક્રમમાં ન હોય, ઉન્નતિના ક્રમમાં ન હોય તો એનો પણ કોઈ બીજો ઉપાય નથી. એમ સીધી વાત છે. વાસ્તવિક તો એમ જ છે કે ઉપદેશ ઉન્નતિના ક્રમમાં આવેલા જીવો માટેનું નિમિત્ત છે. નિમિત્ત એટલે અકિંચિતકર. પણ એ ઉન્નતિના ક્રમમાં આવેલા જીવો માટે છે. એ સિવાયના ક્રમમાં જે પડેલા છે એને માટે ઉપદેશ ખરેખર નિમિત્ત કહેવામાં આવતો નથી.

મુમુક્ષુ :- ... પર્યાય સામે જોવું અને ધ્યેય સામે જોવું, એ બેના ભાવમાં શું ફેર?

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય સામે જોવામાં એમ છે કે પર્યાયમાં હુંપણું થયા કરે છે. પર્યાય અંશમાં વેદન છે-અનુભવ છે અને ત્યાં હુંપણું થયા કરે છે. એ હુંપણું પોતાના ત્રિકાળી અસ્તિત્વને ભૂલીને થયા કરે છે. અને પોતાનું મૂળ સ્વરૂપ જેવું છે એનું બેભાનપણું વર્ત્યા કરે છે. અને જ્યારે જ્યારે જેવી જેવી પર્યાય થાય ત્યારે તેવો તેવો હું એવો એનો અનુભવ રહ્યા કરે છે. એક સ્થૂળ પર્યાયથી લઈએ તો અત્યારે મનુષ્ય છે. તો પોતે મનુષ્ય છે એનો અનુભવ સતત કર્યા કરે છે. વિકલ્પ કરવાની જરૂર નથી. પોતે પુરુષ છે તો પુરુષ હું, પુરુષ મનુષ્ય છું એવું સતત એને ભાન વર્ત્યા જ કરે છે. જે-તે જે જે જીવ જે જે પર્યાયે પ્રાપ્ત છે તેવો જ છું એનું ભાન એને સતત વર્ત્યા કરે છે. એ તદ્ન ઊંધું છે. ખરેખર એવો પોતે નથી.

રોગિષ્ટ અવસ્થાને પોતાનું આવું જ સ્વરૂપ છે એમ માની લીધું છે તો કહે છે કે આ રોગ તો ભયંકર છે. જે રોગિષ્ટ અવસ્થાને જ તંદુરસ્તી માની લે તો એ એક ભયંકર રોગ છે કે જેથી રોગ મટવાની કોઈ સૂઝ જ ન આવે. એમ વિકૃત અવસ્થાને પોતાનું સ્વરૂપ માનીને જે વર્તે છે, કર્મજનિત અવસ્થાને-કર્મના નિમિત્તે થયેલી અવસ્થાને જ પોતાનું સ્વરૂપ માનીને વર્તે છે તો એ સંસારરોગ બહુ મોટો છે મિથ્યાત્વનો. એ

મિથ્યાત્વ સહિતનો સંસારરોગ છે અને નરક-નિગોદ આદિ ગતિનું એ મૂળ કારણ છે.

અનિત્ય પર્યાયસ્વરૂપ હું સદાય છું એવો એને મિથ્યા અનુભવ છે. મનુષ્ય છું, આ મને ઉઘાડજ્ઞાનમાં ખબર પડે છે કે કોઈ મનુષ્ય શાશ્વત નથી. આજે આ ગયો, કાલે તે ગયો એ વાત તો એની નજર સામે પ્રત્યક્ષ આવે છે. છતાં પણ હું જઈશ એ વાત એને સંમત થતી નથી. તો એ અનિત્ય પર્યાયને નિત્ય માનીને બેઠો. તમામ અનિષ્ટનું મૂળ આ છે. આ જે વિપર્યાસ છે-અનિત્ય પર્યાયને નિત્યપણે સ્થાપી એ તમામ અનિષ્ટોનું મૂળ છે. જેટલા કોઈ વિભાવ, જેટલા કોઈ વિકાર, જેટલા કોઈ દુઃખ, દુઃખના મૂળ આ બધું આંમાથી ઊભું થયું છે.

એટલે એક પરમસત્ય શોધીને સત્શાસ્ત્રોની અંદર પ્રસિદ્ધ થયું. ગુરુની વાણીમાં વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવની વાણીમાં એ પ્રસિદ્ધ થયું કે પર્યાયદૃષ્ટિ એ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમૂઢાઃ પરસમયા. એ પરસમય છે. જિનમતની બહાર છે. અન્યમતી છે. પરસમય કહો કે અન્યમતી કહો. પરસમય શબ્દ વાપર્યો છે. 'પ્રવચનસાર'માં આ શબ્દ વાપર્યો છે. પરસમય શબ્દ વાપર્યો છે. પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં હુંપણું એ મૂઢપણું છે. અને એ પરસમયપણું છે.

મુમુક્ષુ :- પરસમય એટલે પર સાથે એકત્વ કરવું એ?

પૂજ્ય ભાઈશ્રી :- પરસમય એટલે સ્વસમય નહિ. અન્યમતને બીજી ભાષામાં પરસમયવાળા કહેવામાં આવે છે. જૈનો છે તે સ્વસમય છે અને આ બધા પરસમય છે. સમયનો ત્યાં એવો અર્થ છે.

મુમુક્ષુ :- પર સાથે એટલે એકત્વ એવું નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- પર સાથે એકત્વ તો થઈ જ જાય છે પણ અહીં તો કહે છે કે પરને તો વચમાં અમે લાવતા નથી. પર્યાયબુદ્ધિ છે તારી ને તારી પર્યાયની વાત છે. જે પર્યાયમાં જ મૂઢ છે. આવડો ને આટલો જ હું છું. આ બધા પરસમય છે. એને અમે જિનમતમાં લેતા નથી. જિનેશ્વરના મતની બહાર છે એમ લઈ લીધું. પરસમય છે એટલે. સ્વસમય તે જૈનમત છે અને પરસમય તે અન્યમત છે. એમ છે. કેમકે આખો ઉન્માર્ગ છે એમાંથી. અથવા તમામ ઉન્માર્ગ એમાંથી ફાલ્યાફૂલ્યા અને પ્રગટ થયેલા છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન થયા પહેલાં તો એકતાબુદ્ધિ ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાદૃષ્ટિ તો છે જ. અન્યમતિ એટલે એક સમુચ્ચયપણે. આમ ઓલું ગૃહીત લેવું છે એવું નથી. અગ્રહીત છે આ તો. પર્યાયનું એકત્વ છે એ તો

અગૃહીત છે. એ કોઈ ગૃહીત નથી. પણ એને જરા થોડી અસર થવાની જરૂર છે કે તું ગૃહીતમાં નથી ભલે પણ એથી કાંઈ તારે સંતોષ માનવો છે? કે ગૃહીતમાં તો નથી. અગૃહીતમાં તો હજી છીએ, હજી કાંઈ ગૃહીતમાં તો નથી આવ્યા. તો કહે છે, નિગોદનો જીવ અગૃહીતમાં છે એ ક્યાં ગૃહીતમાં છે? નિગોદનો જીવ શેમાં છે? ગૃહીતમાં કે અગૃહીતમાં? અગૃહીતમાં છે. આમ તો તીવ્ર ગૃહીત થતાં ગયો છે. પણ એને તો ત્યાં બીજું કાંઈ ... એટલે અગૃહીતપણે (છે). સર્વસામાન્ય બધા જીવો અગૃહીતમાં જાય છે અને બધા પરસમયમાં જાય છે. કોઈ સ્વસમયમાં (નથી). ભગવાનના મતને અનુસરનારા એ નથી. ભગવાનની વાતને અને ઉપદેશને એ અનુસરનારા નથી એમ છે ખરેખર. ઊંધા ચાલી ચાલીને એવી સ્થિતિમાં આવેલા છે. એ ભગવાનને અનુસરીને ચાલેલા નથી.

મુમુક્ષુ :- આ સ્વસમય અને પરસમયનો અર્થ આ થાય કે ભગવાનની વાણીને અનુસરીને ચાલે તે સ્વસમય અને આ પરસમય?

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાનના મતને અનુસરે તે સ્વસમય. ભગવાનના મતને, જિનમતને ન અનુસરે તે પરસમય. સીધી વાત છે. પાયાની વાત છે એકદમ.

'**પર્યાય સામું જોઈને પર્યાયમાં કાંઈ કરવાનું નથી. દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.**' હવે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને અચારિત્ર એનું સ્વરૂપ ઓળખાવે. સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું સ્વરૂપ ઓળખાવે. તો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે તે કરવા યોગ્ય છે, પ્રાપ્ત થવા યોગ્ય છે. મિથ્યાત્વ, અજ્ઞાન આદિ છોડવા યોગ્ય છે. હેય ઉપાદેયનો વિષય તો એમ ચાલે. તો એ સહજપણે કેમ આવે? જેને કર્તૃત્વપણે કરવું ન પડે અને સહજપણે ઉત્પન્ન થાય એ કેમ થાય? એ દ્રવ્યદૃષ્ટિ થતાં થાય. અહીંયાં કરતાં લખ્યું છે. કરતાં એટલે થતાં. જો દ્રવ્યદૃષ્ટિ થાય તો આપોઆપ પર્યાયની અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થઈ જશે. એક દ્રવ્યદૃષ્ટિ થતાં ત્રણે ઉત્પન્ન થઈ જશે. દ્રવ્યદૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે અને ચારિત્ર નહિ થાય એ વાત નથી.

'**દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.**' અથવા સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ હોવાથી સર્વ ગુણો એમાં આવી જશે. એ તો નીચે કહેશે. બધી પર્યાયોનો પ્રવાહ. '**ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો...**' બધી શુદ્ધ પર્યાયોનો '**પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.**' અનંતા ગુણોની. એની મેળે ચાલુ થશે. તને ગુણના નામ નહિ આવડતા હોય. કયો ગુણ કેમ પરિણમે છે એના વિજ્ઞાનની તને ખબર નહિ હોય તોપણ તારું બધું સવળું ચાલવા માંડશે. એક દ્રવ્યદૃષ્ટિ થઈ કે તારા

અનંતા ગુણોનો પ્રવાહ સમ્યક્ થઈને, શુદ્ધ થઈને અંતર્મુખ થઈને ચાલવા લાગ્યો, વધવા લાગ્યો અને પૂર્ણ થઈ જશે. આ દ્રવ્યદૃષ્ટિ થતાં આટલું સહેલું થઈ પડશે.

મુમુક્ષુ :- આનું ભેદજ્ઞાન અનુભવ તો થઈ ગયો તો વિજ્ઞાનની ખબર ન પડે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એક એક ગુણનું જુદું જુદું જ્ઞાન-વિજ્ઞાન ન થાય. એમ વિશેષ જ્ઞાન ન થાય. બાકી તો જે જ્ઞાનસ્વભાવ છે એ સ્વભાવ વિજ્ઞાનઘન છે અને એ સ્વભાવ સ્વરૂપ છું એના સ્વરૂપની દૃષ્ટિ થાય છે ત્યારે એ પર્યાયમાં પણ વિજ્ઞાનઘન થતો જાય છે. જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવર્તતો જાય છે. આસ્રવમાં લીધું ને? જેમ જેમ આસ્રવથી નિવર્તતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન વિશેષ થતો જાય છે.

કહે છે કે '**દ્રવ્યદૃષ્ટિ કરતાં પર્યાયમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી જ જશે.**' થઈ જ જશે. દર્શન-જ્ઞાન-ચારિત્ર આપોઆપ ઉત્પન્ન થશે. દ્રવ્યદૃષ્ટિ થવી જોઈએ. દ્રવ્યમાં હુંપણું શ્રદ્ધાએ કરીને સ્થપાવું જોઈએ. એનું નામ દ્રવ્યદૃષ્ટિ છે. પોતાની સત્તા શ્રદ્ધામાં આવતા દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થઈ જાય છે. '**કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે.**' કૂવો ખોદીને ઉપરથી પાણી રેડવું પડે તો કૂવામાં પાણી આવે. એમ કૂવામાં પાણી આવે છે કોઈ દિવસ? ખોદવાવાળો તો ખોદવાનું કાર્ય કરે છે. પાણી તો આપોઆપ ઊભું થાય છે, અંદરથી આવે છે. ઉપરથી પાણી રેડવાની જરૂર પડતી નથી. પાણી તો અંદરથી આવે છે. કૂવો ઉપરથી ખોદાય છે. પાણી અંદરથી આવે છે. ખોદતી વખતે ઉપર પાણી નાખવાની જરૂર પડતી નથી.

એમ દ્રવ્યદૃષ્ટિથી જેણે ચૈતન્યનો કૂવો ખોદ્યો એને દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંત ગુણોના શુદ્ધ પર્યાયના નિર્મળ પાણીનો પ્રવાહ અંદરથી પ્રગટ થઈ જાય છે અને એને એ કાર્ય કરવા માટે બીજી કોઈ પ્રક્રિયા કે બીજું કોઈ સાધન કે બીજું કાંઈ કરવું પડે છે એમ બનતું નથી.

'**કૂવો ખોદ તો પાણી આવશે જ, લેવા જવું નહિ પડે.**' બહુ સારું દૃષ્ટાંત લીધું છે. કુદરતી કેવું દૃષ્ટાંત આવી ગયું છે! કૂવો ખોદવાવાળો તો એક જ જોવે છે કે મારું કાર્ય તો કૂવો ખોદવાનું છે. ક્યાં સુધી કૂવો ખોદવાનું છે કે અંદરથી પાણી ન આવે ત્યાં સુધી. એમ દ્રવ્યદૃષ્ટિ કરવાની છે એક તને નવો સંસ્કાર મળ્યો. તારી પર્યાયદૃષ્ટિ છે અને દ્રવ્યદૃષ્ટિ કરતા બધું સવળું છે. પર્યાયદૃષ્ટિથી બધું ઊંધું છે. જેટલું પણ છે એટલું ઊંધું છે. એક આગમ આધાર એવો મળ્યો છે ને?

ચોરાશી લાખ મૂળગુણ... કેટલા? બાવીસ હજાર તપશ્ચર્યાના ગુણ, ફલાણું બાવીસ હજાર શીલગુણ, આટલા આ ગુણ, આટલા આ ગુણ, ફલાણા...

ફલાણા... ફલાણા... કેટલો ... લીધો છે? મિથ્યાત્વ હોતા બધું ઊલટું છું. એકેય એનું સાચું નથી. એ આત્મહિતનું તો કારણ નથી સંસારવૃદ્ધિનું કારણ છે. દૃષ્ટિ ઊંધી છે એને એ સંસારવૃદ્ધિનું કારણ છે. અરે..! પણ ભગવાન! (અઠ્યાવીશ) મૂળગુણ પાળે મુનિના. ચોરાશી લાખ ઉત્તરગુણ છે. ઉત્તરગુણ પાળે, અઠ્યાવીશ મૂળગુણ પાળે. બાવીસ હજાર શીલગુણ પાળે. આટલું... આટલું... આટલું... પાળે અને એને થોડોક તો ફાયદો થયો એમ કહો. તો કહે છે, જેની દૃષ્ટિ ઊંધી છે એણએ એ જ પર્યાયોથી પર્યાયબુદ્ધિ દૃઢ કરી છે. એણે દર્શનમોહને વધાર્યો છે. એ સંસારવૃદ્ધિના કારણમાં નાખ્યો. એવા એવા આગમ બધા મળે છે આ વિષયના.

મુમુક્ષુ :- ઊંધું માટલું રાખીને ચોવીસ કલાક પાણી રેડે...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો 'ધર્મદાસજી ક્ષુલ્લકે' કહ્યું કે મૈં ઊંધે ઘડેમાં પાની નહિ ભરતા. મૈં તીરછે ઘડેમેં પાની નહિ ભરતા. મૈં ફૂટે ઘડેમેં પાની નહિ ભરતા. ત્રણ વાત લીધી એક ઘડામાં. ઊંધો પડ્યો છે તો મારે એને કાંઈ કહેવું નથી. આડો પડ્યો છે, આડો ચાલે છે એને મારે કાંઈ કહેવું નથી. ...

મુમુક્ષુ :- આ જે મૂળગુણ ને ઉત્તરગુણ પ્રયોજનની સિદ્ધિ માટે છે. આમાં પ્રયોજન સધાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ (સવળી) હોય તો એ બધા એને સવળા કામના ટેકેદારો થાય, દૃષ્ટિ ઊધી હોય તો એ જ બધા એને અવળા કામના ટેકેદારો થાય. આ પરિસ્થિતિ છે. દિશા બદલી જાય છે ને? ઊંધી દિશામાં ગાડી ચાલવા માંડી તો બધા એ Station આવવાના. આ બાજુ પૂર્વ દિશામાં ચાલે તો પૂર્વના Station આવે, પશ્ચિમ દિશામાં ચાલે તો પશ્ચિમ દિશાના Station આવે.

'ચૈતન્યપાતાળ ફૂટતાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ એની મેળે જ ચાલુ થશે.' એકવાર દૃષ્ટિએ કરીને ચૈતન્યના પાતાળને, મિથ્યાદર્શનના પડને તોડી નાખ એમ કહેવું છે. પાતાળ ફૂટશે. મિથ્યાદર્શનનું જે પડ આડું છે, આ ખોદે છે ને પાતાળકૂવામાં, એમાં છેલ્લું પડ આડું હોય ત્યાં સુધી પાણીનું એક બિંદુ દેખાય નહિ. કોરીધાકોર ધરતી દેખાય. અને જ્યાં છેલ્લું પડ તૂટ્યું તો પાણીનો પ્રવાહ એવી રીતે ફાટે કે એને રોકી શકાય નહિ. એટલા જોરથી અંદરથી પાતાળપાણી આવે કે વર્ષોના વર્ષો, સેંકડો વર્ષો સુધી નીકળ્યા જ કરે. પાણી આવ્યા જ કરે એમાંથી. બંધ ન થાય પાણી ક્યારેય. આ નથી નીકળતા? ગંધકના પાણી અને ગરમ પાણીના ઝરા નીકળે છે. અંદરના પેટાળમાંથી નીકળે છે. વર્ષો સુધી પાણી અંદર આવ્યા જ કરતું હોય છે. બંધ ન થાય.

મુમુક્ષુ :- રાજગૃહીમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. રાજગૃહીમાં છે. અહીં 'વીરમગામ'માં પણ સેકડોં વર્ષથી પાણી નીકળતું હતું. ગરમ પાણી આવ્યા જ કરે. ચોવીસ કલાક પાણી આવ્યા કરે ધોધની જેમ. એને Pumping કરવું ન પડે. એમ અંદરના જોરથી આવે છે. નીકળ્યા જ કરે પાણી.

એમ અંદરમાં અનંત સામર્થ્ય ભર્યું છે. એક મિથ્યાત્વનું પડ તૂટી ગયું કે અનંત ગુણનો પ્રવાહ છે, શુદ્ધ પર્યાયોનો પ્રવાહ છે એની મેળે જ ચાલુ થશે-આપોઆપ ચાલુ થશે અને પૂર્ણ થઈ જશે. અધૂરું નહિ રહે.

એટલે તો 'શ્રીમદ્જી'એ સમ્યગ્દર્શનને વાચા આપી. ભાષા અલંકાર કર્યો છે. સમ્યગ્દર્શન કોઈ વાણી બોલતું નથી પણ છતાં ભાષા અલંકાર કર્યો છે. સમ્યગ્દર્શન બોલવા લાગ્યું, જીવને કહેવા લાગ્યું કે હે જીવ! જો તું મને અંગીકાર કરીશ તો પછી તારે સંસારમાં રહેવું હશે તો નહિ રહી શક. કદાચ સંસારમાં કોઈક તને ચીજો સારી દેખાવા લાગે કે આ સંસાર તો બહુ સારો છે. રમણીય છે અનેકવિધપણે. હવે એમાં નહિ રહી શક તું. એકવાર જો મારી સાથેનો સંબંધ થઈ ગયો તારો, હવે તારો સંસાર તારે છોડ્યે છૂટકો. ખેંચીને, ઢસડીને હું તને મોક્ષમાં લઈ જઈશ, સંસારમાં રહેવા નહિ દઉં. અલંકાર કર્યો છે એમણે. એનો અર્થ જ એવો છે. એવું જ દ્રવ્યનું સહજ પરિણમન છે. આવેગ લેવાથી એમાં વીર્યગુણ સવળો પરિણમે છે એટલે એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એમાં પણ એનું બળ છે. એ શુદ્ધ પરિણમનનું પણ બળ છે. એ બળને પણ બીજા સંયોગો તોડી શકતા કે ફેરવી શકતા નથી. ૩૧૯ થયો.

ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે. આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે.

૩૨૦.

૩૨૦. **'ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે.'** આ ફળદ્રુપ ધરતીની વાત કરે છે. આ જમીન હોય છે ને ફળદ્રુપ. જમીનના જે જાણકારો હોય છે. Soil expert જમીનના જાણકારો હોય છે. માટીની પરીક્ષા થાય છે. અત્યારે તો બધું વિજ્ઞાન બહુ Develope થયું છે. એમાંથી એની ફળદ્રુપતા એટલે એની અંદર કયા કયા વનસ્પિતિ માટે ફળદ્રુપ તત્ત્વોની આવશ્યકતા છે એ બધા કુદરતી રહેલાં છે. એને કાંઈ લાવીને ત્યાં કુંડું ભરીને લાવીને નાખવામાં આવતા નથી. હજારો માઈલોની અંદર, સેંકડો માઈલોની અંદર એવું ફળદ્રુપપણું હોય ધરતીની

અંદર કે એની અંદર વાવો એટલે બહુ સહેલાથી ઊગે અથવા સારુ એવું ફૂલીફાલીને ઊગે. જે વાવ્યું હોય એ સારી રીતે પાંગરે. એવી જ કોઈ રસાળ ધરતી હોય છે, ફળદ્રુપ ધરતી હોય છે.

એવી આ ચૈતન્યની ધરતી અનંત ગુણ રૂપી બીજથી ભરેલી રસાળ છે. આ ઘાસ થાય છે. ઘાસ થાય છે કે નહિ? તો એ ઘાસ આટલા બધા મોટા પ્રમાણમાં ઘાસ થવા માટે કોણ બીજ વાવે છે? એટલા ઉનાળાના તડકા પડેલા હોય કે ધરતી અગ્નિની જેમ શેકાતી હોય. છતાં અડધો ઈંચ, ઈંચ વરસાદ પડે ત્યાં પાંગરી જાય એ. નહિતર એટલી બધી ગરમીમાં તો અમસ્તું બીજ બળી જાય હોય તોપણ. કોઈ વનસ્પતિનું બીજ નાખો અને આટલી બધી ગરમી પડે તો બીજ બળી જાય. એ બધું બહુ કુદરતી છે. કોઈ બીજ વાવતું નથી, કોઈ બીજ નાખવા જાતું નથી. આટલા આટલા તડકા પડે. અગ્નિની જેમ ધખતી હોય ધરતી, તો એ બીજને કાંઈ થાય નહિ. અને અડધો ઈંચ, ઈંચ પાણી પડે ત્યાં લીલું ... થઈ જાય આખું. ક્યાંથી થાય છે? એ એની રસાળતા છે-ધરતીની એ રસાળતા છે, એ ફળદ્રુપપણું છે. એ સહજ જ થાય છે. કુદરત છે એ કુદરત છે. કુદરતની સાથે બીજું કાંઈ આડુઅવળું ચાલતું નથી. એની એક ઉપમા આપી છે.

ભાઈ! તારી ચૈતન્યધરતી, સ્વક્ષેત્ર જે આ દેહમાં ચૈતન્યપિંડ રહેલો છે એ જ્ઞાનપિંડમાં અનંત ગુણરૂપ બીજ ભરેલાં છે અને એનાથી આ ચૈતન્યપિંડની ધરતી, એનું ક્ષેત્ર ઘણું રસાળ છે. આત્માના અનંત ગુણો ઊગી નીકળે એવા ગુણના બીજ શાશ્વતપણે પડેલા છે. ક્યારેય એ બીજનો નાશ થતો નથી. આ તારે હરખાવા જેવી તારી વાત છે, એમ કહે છે. તારા ઘરમાં જે દૌલત પડી છે એ તને હર્ષ પામવાનો વિષય છે. તને પ્રસન્ન થવાનો વિષય છે એ. તારે કોઈ રીતે એની અંદર નિરાશ થવાની જરૂર નથી. કેમ કરવું? અને શું કરવું? અને કેવી રીતે કરવું? શું થાય? મૂંઝવણ થાય ને.. એ કાંઈ જરૂર નથી.

'**ચૈતન્યની ધરતી તો અનંત ગુણરૂપી બીજથી ભરેલી, રસાળ છે.**' ફળદ્રુપ છે એકદમ ફળદ્રુપ છે. '**આ રસાળ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કરવાથી તે ફાલી નીકળશે.**' ધરતી તો છે રસાળ, પાણી પડે છે એટલી વાર નીકળે છે. જ્યાં વરસાદ વરસે છે તો એ વાદળા કાંઈ લાવ્યા લવાય? વાદળા ઉત્પન્ન કરવાનું છે અને વાદળા હોય તો હજી વરસાદ વરસાવાની વાત છે. .. કે વરસે કે ન વરસે બીજી વાત છે, એમાં પણ કાંઈ સો ટકા નથી. પણ વાદળા ક્યાંથી ઉત્પન્ન કરવા? એ બધી કુદરતની ચીજ છે, કુદરતના ઘરની છે. એમાં માણસ કર્તા-હર્તાપણું કરે તો એ એની

મિથ્યાભ્રાંતિ છે.

આત્માની જે અનંત ગુણથી ભરેલી રસાળ ધરતી છે એ ધરતીને જ્ઞાન-ધ્યાનરૂપ પાણીનું સિંચન કર, એમ કહે છે. તારા સ્વરૂપનું જ્ઞાન કર અને તારા સ્વરૂપનું ધ્યાન કર. જ્ઞાનમાં એ વાત છે. તારા સ્વરૂપનું જ્ઞાન કર અને રૂપનું ધ્યાન કર. એ પાણી છે. એનું સીંચન કર. ... કર એટલે વારંવાર .... અનંત ગુણોલ છે એ પાંગરી જશે. અનંતે અનંત ગુણ પાંગરી જશે અને એ એટલું રમણીય પરિણમન થશે, એટલું સુંદર પરિણમન થશે, એટલું શાંત અને ગુણવાન પરિણમન થશે કે જગતની અંદર એના જેવું સૌદર્ય ક્યાંય નથી. જે નિર્દોષતા પ્રગટે છે, પવિત્રતા પ્રગટે છે એના જેવું (સુંદર કોઈ નથી).

ગાથા છે 'નિયમસાર'માં. માર્ગને સુંદર માર્ગ કહ્યો છે. આવા સુંદર માર્ગની કોઈ નિંદા કરે તો તું ખેદ પામીશ નહિ કે તું વિચલિત થઈશ નહિ. એવું પણ બનશે કે કોઈ આવા સુંદર માર્ગની પણ નિંદા કરશે. આ લોકોએ નાસ્તિક કહ્યા છે. વેદાંતીએ જૈનોને નાસ્તિક કહ્યા છે. વેદાંતમાં પણ ઘણા પ્રકાર છે. એમાં જે ઈશ્વરકર્તા (માને છે), ઈશ્વરને આખી સૃદષ્ટિનો ઉત્પાદક અને આખી સૃષ્ટિનો પ્રતિપાલક માનવામાં આવ્યો છે, એ લોકો કહે છે કે એવો કોઈ ઈશ્વર જ નથી એમ માનનાર નાસ્તિક છે. એ જગતમાં ભગવાનને માનતો નથી, ઈશ્વરને માનતો નથી તે નાસ્તિક છે. એમ કહે છે કે જૈનો તો માનતા નથી. તો જૈનો બધા નાસ્તિક છે.

મુમુક્ષુ :- વેદાંતમાં બીજા ફાંટા છે એ...

પૂજ્ય ભાઈશ્રી :- એ નથી માનતા. છે. એક પરમબ્રહ્મને માને છે, સર્વવ્યાપક બ્રહ્મને માને છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ કોઈ મેળવતું નથી. તુલનાત્મક બુદ્ધિએ પરસ્પર વિરુદ્ધ કથનોને કોઈ મેળવતું નથી. નહિતર તમામ મિથ્યાદષ્ટિના ગ્રંથોમાં-ધર્મગ્રંથોમાં પરસ્પર વિરુદ્ધતા હોય, હોય ને હોય જ. પણ કોઈ તુલાન્તમક બુદ્ધિએ એને મેળવતું નથી અથવા તો એવું એક મૂઢપણું છે અથવા મમત્વ છે કે આપણું તે સાચું એટલે આપણું તે સાચું. પતી ગયું. મમત્વ થઈ ગયું હોય છે એ જાતનું કે અમારું સાચું છે. અમારું ખોટું કેમ કહવાય? અમારું ખોટું કેમ કહેવાય? તારું તું લાવ્યો ક્યાંથી? જન્મ્યા પહેલા તારું હતું? અહીંયાં હિન્દુને ત્યાં આવ્યો એ પહેલાં મુસલમાનને ત્યાં હતો. તો ત્યાં મારું મારું કરતો હતો. અહીંયાં હિન્દુને ત્યાં આવ્યો તો ત્યાં મારું મારું કરવા લાગ્યો, મુસલમાનમાં જશે તો ત્યાં મારું મારું કરશે. તારું ક્યાં છે?

કાંઈ ઠેકાણું ખરું? સત્ય છે, સાચું છે એ જ ગ્રહણ કરવું છે, એવા જીવો બહુ ઓછા નીકળે છે.

મુમુક્ષુ :- ...મોટા મહંતો હોય છે એ ... કોઈ દિવસ..

પૂજ્ય ભાઈશ્રી :- છોડું નહિ. એ તો બરાબર પકડ્યું. એમ કહેવું છે કે એક દુકાનદારી ચાલે છે. ધર્મના નામે જગતમાં દુકાનદારી ચાલે છે, એક જિનમાર્ગ સિવાય. તો એને ન છોડે એની યુકિત-પ્રયુકિત તો એની પાસે હોય જ ને. નહિતર એની ઘરાગી ચાલી જાય. એની યુકિત-પ્રયુકિત તો એની પાસે હોય કે જુઓ ભાઈ! તું તારા ધર્મને છોડીશ તો મરી જઈશ તું. ધર્મ તો બદલાઈ જ નહિ.

'ગીતા'માં એવું વચન છે કે એમ કે સ્વધર્મ છે એ ...નું કારણ છે. પરધર્મ ભયાવહ. પરધર્મ તો જીવને ભયનું કારણ છે. એની અંદર જીવ દુઃખી થઈ જશે. ધર્મ બદલશે તો દુઃખી થઈ જશે. એવું અનેક પ્રકારે (આવે છે). એ તો કુદરતી જ વસ્તુ છે કે દરેક પોતાને એવી જ એને બુદ્ધિ થાય એવું જ સમજાવે, એવું જ કહે, એને એવા જ માનનારા પાછા મળે.

બીજું, સત્ય ગ્રહણ કરવામાં પણ અનાદિથી પરિભ્રમણ કરતા જીવને કેટલીક તકલીફો છે. બધા એમ કહે છે કે અમારું સત્ય છે. તો કોનું સત્ય છે એ કેવી રીતે માનવું? એની પાસે એવું માપ કરવાનું કોઈ સાધન તો છે નહિ. પોતે મિથ્યાદષ્ટિ અજ્ઞાની હોય. હવે કયું સાચું છે? કોનું સાચું છે એ એને નક્કી કેવી રીતે કરવું? આ એક બહુ મોટી વિટંબણા સત્ય શોધવાવાળાને પહેલા તબક્કે સામે આવીને ઊભી રહે છે કે કરવું શું? કોનું સાચું માનવું? ત્યારે જગતની અંદર પણ બજારની અંદર ચીજ લેવા નીકળે. સોનું લેવા નીકળે, હીરા લેવા નીકળે, કીંમતીમાં કીંમતી ચીજ લેવા નીકળે. બજારમાં ઘણી દુકાનો હોય છે. એ મૂંઝાય છે કે કોની દુકાને જવું અને કોની દુકાને ન જવું? એમ કાંઈ મુંઝાય છે? એટલી તપાસ કરી લે છે કે આ બજારની અંદર પ્રમાણિક વેપારી કોણ? જે વેપારીની પ્રમાણિકતા તરીકેની શાખ હોય, આબરૂ હોય એને ત્યાં આપણે જાવું. અને એ પ્રમાણિક છે કે કેમ? એની બીજી તો કોઈ પરીક્ષા કરવાનું સાધન નથી પણ એની શાખ ઉપર વિશ્વાસ રાખીને એની દુકાનનું પગથિયું ચડી પૈસા આપીને માલ લે છે. તમારું સોનું તમે કહો છે કે બાવીસ કેરેટ એટલે બાવીસ કેરેટ જ નીકળશે. કબૂલ છે. આ તમે માલ પ્રમાણે પૈસા ગણી લ્યો. તો ત્યાં પણ પ્રમાણિકતાને પોતે એમ નહિ પૂછે કે આમાં વધારે સૌથી પૈસાવાળો કોણ? મારે નાના વેપારીને ત્યાં નથી જવું પણ મોટા વેપારીને ત્યાં જવું છે. એમ કંઈ વિચાર કરે છે? પ્રમાણિક કોણ? એમ જોવે છે. આટલા આટલા પ્રમાણિક છે. એમાં અમુક

નાના છે અને અમુક મોટા પણ છે પણ આ પ્રમાણિક છે. તો એને ત્યાં એ માલ લેશે.

અહીંયાં પણ એ વાત પ્રસિદ્ધ છે કે 'નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.' જેને નિર્દોષતા અનુભવગોચર છે. જેની નિર્દોષતા પરિણમી ગઈ છે. જેના સિદ્ધાંતો પૂર્ણ નિર્દોષતાની શ્રેણીને બતાવનારા છે એ સાચું કહેશે, એ તને ખોટું નહિ કહે. એ તારા હિતની વાત હશે, તને અહિત એમાંથી નહિ થાય. એ વાત તો છે, પ્રસિદ્ધ છે. એટલે જેને સત્ય જોતું હોય એને ભલે એક તબક્કે મૂંઝવણ થાય તો એક તબક્કે મુંઝવણ નીકળી જાય એવી પણ વસ્તુસ્થિતિ છે.

'શ્રીમદ્જી'માં તો આ પંદરમાં વર્ષનું, સત્તર વર્ષ પહેલાનું આ કાવ્ય છે કે 'નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.' 'બહુ પુણ્ય કર્યા પુંજથી... તારે કોનું માનવાનું છે? જગતમાં બધા એમ કહેશે કે અમારું સાચું... અમારું સાચું. અહીંયાં આવો... અહીંયાં આવો... અહીંયાં આવો. નિર્દોષ કોણ છે? કોના સિદ્ધાંતો નિર્દોષતાના પ્રતિપાદક છે? કુદરતી નિર્દોષતા સાથે, નિશ્ચય નિર્દોષતા સાથે વ્યવહાર નિર્દોષતા પણ સંકળાયેલી હોવને લીધી અંતરદષ્ટિ નહિ હોવા છતાં બાહ્યદષ્ટિથી પણ નિર્દોષતાની પરીક્ષા થઈ શકે છે. બરાબર છે? કે જુઓ! અમારા સર્વજ્ઞદેવ નિર્વશેષ અંતર્મુખ થઈને ધ્યાનસ્થ જ રહે છે. કોઈની સાથે રાગ કરતા નથી. આ મારા ભકતો છે એવો પણ ક્યાંય રાગ કરતા નથી. આ મારા ભકતો, આ મારા ભકતો નહિ એવો પણ રાગ કરતા નથી. આ અમારા ગુરુ તિલતુષમાત્ર જેને પરિગ્રહ નથી એવા નિર્ગ્રંથ ગુરુ છે. એનો કોઈપણ વ્યવહાર જુઓ અઠ્ઠાવીસ મૂળગુણનો, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈ જીવને ક્યાંય પણ મન-વચન-કાયાના નિમિત્તે કરવું, કરાવવું, અનુમોદનાના નિમિત્તે નવ કોટિએ ક્યાંય પણ કોઈને તકલીફ થાય એ વાત એની નથી. એવા બાહ્ય નિર્દોષતા સાથે જે સંકળાયેલા છે અને જેની અંતરંગ નિર્દોષતા જો ઓળખવામાં આવે તો જીવને આશ્ચર્ય થઈ જાય એવું છે. ઓહો..! આવી ચીજ છે! આવો સુંદર માર્ગ છે!!

અથવા જગતમાં બીજા માર્ગોથી જે અસાધારણ જુદો પડે એવો માર્ગ છે. સાધારણ નથી. મેળ ખાય એવો નથી. એવો માર્ગ હોવાથી એ માર્ગની સુંદરતાની પરીક્ષા, નિર્દોષતાની પરીક્ષા કરવા કોઈ ધારે તો બહુ સહલાઈથી એને માર્ગનો પત્તો લાગે એવું છે. ભલે ગમે તે અન્યમતમાં હોય. પણ એણે એક એ વાત નક્કી કરેલી હોવી જોઈએ કે નિર્દોષ અને પ્રમાણિક કોણ? તો એના ઉપર એ ચોક્કસ નિર્ણય ઉપર આવી શકે છે કે આ જ માર્ગ સત્ય છે અને આ સિવાય કોઈ માર્ગ સત્ય નથી.

મુમુક્ષુ :- ... કરવાનો વિચાર જ નથી આવતો. વિચારે તો બરાબર નિર્ણય થઈ શકે.

પૂજ્ય ભાઈશ્રી :- મમત્વ છે ને એ એક એવી ચીજ છે કે મમત્વને લઈને આ મારું સાચું, અમારું સાચું, અમારા કુળધર્મનું સાચું, અમારા ગુરુ કહે તે સાચું. એ કોઈ દિવસ બહાર ન નીકળી શકે. એ એમાંથી નીકળી જ ન શકે. એ કેદ થઈ ગયેલો છે એની અંદર. એવી રીતે પકડાયેલો છે કે એ પક્કડ છૂટી ન શકે. પણ સાચું તે મારું. મારું તે સાચું નહિ પણ સાચું તે મારું જેને કરવું છે, સત્યને જ પોતાનું કરવું છે એ ગમે તે સંપ્રદાયમાં હોય, ત્યાંથી છૂટી જતા એને વાર નહિ લાગે.

મુમુક્ષુ :- દિગંબરમાં છે એ કયાં..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો છે જ તે. ઓલા જેવું જ છે. મારું તે સાચું જ છે. પછી ક્યાંથી એ વિચારે? દિગંબર હોય પણ મારું છે એટલે સાચું છે. પતી ગયું. એ એક ન્યાયે તો અન્યમતી જેવો જ છે ખરેખર. ભલે દિગંબર હોય પણ અન્યમતી જેવો જ છે. એનામાં અને આનામાં કાંઈ જાજો ફેર નથી. ઓઘસંજ્ઞાનો માર્ગ જ નથી. ઓઘસંજ્ઞા તો મિથ્યાત્વના દર્શનમોહને વધારવાનો ભાવ છે. ઓઘસંજ્ઞાનો આ માર્ગ નથી. ઓઘસંજ્ઞા તોડવાનો માર્ગ છે આ તો.

જે સાચું છે એને ઓળખવું જોઈએ છે, એની પરીક્ષા કરવી પડે છે અને એ પછી એને અંગીકાર કરવાની વાત છે. એટલું ન થાય ત્યાં સુધી ભલે થોડી વાર લાગે પણ એમ ને એમ અંગીકાર કરવું કે એમ ને એમ ઝુકાવી દેવું એ યથાર્થ નથી અને એમાં કદી સન્માર્ગ હાથમાં આવતો નથી. ભલે દિગંબરમાં આવે તોપણ ન આવે. કોઈ એમ કહે કે અમે શ્વેતાંબર કે સ્થાનકવાસી બદલીને અહીંયાં આવ્યા. તો કહે છે, અહીંયાં આવ્યા પણ હજી ઓઘસંજ્ઞા મટે તો કામમાં આવે એવું છે. અહીંયાં આવી ગયા એટલે અહીંયાં આવી જ ગયા, સન્માર્ગમાં આવી ગયા એમ કાંઈ નથી. હજી ઘણું બાકી છે અહીંયાં આવ્યા પછી અને એ બધું જવાબદારી માગે એવો વિષય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા હતા કે સાચી જિજ્ઞાસા...

પૂજ્ય ભાઈશ્રી :- જિજ્ઞાસા મૂળ છે. જિજ્ઞાસા વગર કોઈ પ્રયત્ન સમજવાનો નહિ કરે. જિજ્ઞાસા વગર સાચું શું છે એ ઓળખવાનો પ્રયત્ન જીવ નહિ કરી શકે.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાંથી અહીં આવ્યા તો વ્યવહારથી તો દિગંબર કહેવાય ને?

પૂજ્ય ભાઈશ્રી :- તો પછી એવા જે સંપ્રદાયમાં જન્મ્યા છે એ વ્યવહારે દિગંબર ખરા કે નહિ? એટલે તો 'ગુરુદેવે' એક બહુ સરસ વાત સ્પષ્ટ કરી કે ભાઈ! નિશ્ચય અને વ્યવહાર તો સાથે રહ્યા છે. આત્મસિદ્ધિમાં કહે છે કે બંને સાથે રહેલ. તો જેને નિશ્ચય હોય એને વ્યવહાર ગણવો. નિશ્ચય ન હોય એને વ્યવહાર ગણવો નહિ. તો એને શું ગણવો? તો કહે છે, તું એને વ્યવહારાભાસમાં નાખ.

જે જૈન નથી તો જૈન જેવા જૈનના લેબાસમાં છે એને શું ગણવો? કે જૈનાભાસ. જૈન નથી પણ એ જૈનાભાસ છે. જેમાં જૈનનો આભાસ થાય એવા છે. અમે ચોવીસ તીર્થંકરને માનીએ છીએ. અમે છ દ્રવ્યને માનીએ છીએ, અમે નવ દ્રવ્યને માનીએ છીએ. અમે ફલાણું છે, ફલાણું છે. જૈનાભાસમાં નાખ્યા છે.

મુમુક્ષુ :- ... લબ્ધ રૂપે તો બૌદ્ધ અને વેદાંતી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રગટરૂપે જ છે, લબ્ધ રૂપે શું. પ્રગટ રૂપે જ છે. એક સમયની પર્યાય, અનિત્ય પર્યાયમાં હુંપણું સ્થાપ્યું એ બૌદ્ધમતી છે. બૌદ્ધમતી અનિત્ય પર્યાયને સ્વીકારે છે. નિત્ય અંશને નથી સ્વીકારતો. તો એ ખરેખર તો ભાવથી તો બૌદ્ધમતિ જ છે. જૈનમતી નથી ખરેખર. એટલે તો પરસમય શબ્દ વાપર્યો છે. આચાર્ય મહારાજના શ્રીમુખે કેવો શબ્દ આવી ગયો છે! પરમસય, પરસમયાઃ એને અમે પરસમય કહીએ છીએ. કેમ? કે એ વખતે બૌદ્ધમત તો નામ અત્યારે બૌદ્ધમત છે એનું. આ પચ્ચીસો વર્ષથી. ભગવાન મહાવીરસ્વામીના વખતથી. પણ એવો અભિપ્રાય તો જીવનો અનાદિથી છે. પર્યાયબુદ્ધિનો અભિપ્રાય તો અનાદિથી છે કે હું તો મનુષ્ય જ છું. હું તો ફલાણો માણસ જ છું. તો બૌદ્ધમતી છો તું. કેમકે પર્યાયબુદ્ધિ થઈ ગઈ. હું તો વાણિયો જ છું. એ બૌદ્ધમતિ છે. કોઈપણ પર્યાયમાં એ પર્યાયબુદ્ધિ રહી એટલે એ બૌદ્ધમતી જ થઈ ગયો. અનિત્ય પર્યાયને એણે નિત્ય માન્યો. એણે નિત્યને ન સ્વીકાર્યું. બૌદ્ધમતી થઈ ગયો.

મુમુક્ષુ :- પેલો ઈશ્વરને કર્તા માને, આ પરને કર્તા માને. એમાં કાંઈ ફેર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈશ્વર કર્તા માનવાનો જ છે. આજે નહિ ને કાલે માનશે. પરને કર્તા માને છે તે ઈશ્વરકર્તા માનશે, માનશે ને માનશે જ. એટલે તો કહ્યું કે આજે મિથ્યાત્વમાં પડ્યો છે એણે કષાયના કતલખાના માંડ્યા છે. 'ગુરુદેવે' તો બહુ જેટલી જલદ ભાષાનો ઉપયોગ થઈ શકે મિથ્યાત્વ તોડવા માટે એટલો ઉપયોગ કર્યો છે. એણે કતલખાના માંડ્યા છે. એણે એક કતલખાનું માંડ્યું છે નહિ, એણે અનંતા કતલખાના માંડ્યા છે. એકને જોઈ ન શકે. એક પ્રાણી કપાય.. આ કરે છે ને? વધ કરે છે. માતાના મંદિરમાં હજી ક્યાંક ક્યાંક ચાલે છે. બોકડો કે પાડો કોઈ ઊભો રાખે. સીધું આમ ગરદન ઉપર મોટું હથિયાર હોય, ધાડ દઈને એક ઝાટકે લોહીના ફુવારા છૂટે. જોઈ ન શકાય. એકસાથે સેકડોં પ્રાણીઓને કાપે એવી Machinery ગોઠવી હોય. અરેરાટી થાય એવું છે. એનું મૂળ આ છે. એ પણ કોઈ જીવનો ભાવ છે ને એની પાછળ? એવું કરવા પાછળ કોઈ જીવનો ભાવ છે ક્યાંથી ઊભો થયો? એનું મૂળ તને બતાવીએ છીએ કે આ પર્યાયી છે એ મિથ્યાબુદ્ધિ છે અને એમાંથી આ બધું

ફાલ્યુંફૂલ્યું છે એ એમાંથી ફૂલ્યું છે. અન્ય તત્ત્વમાં સુખ માન્યું છે એણે સ્વતત્ત્વમાં-પોતાના પરિપૂર્ણ પરમાત્માને એણે શ્રદ્ધામાં સુખના ભંડાર તરીકે સ્વીકાર્યો નથી. આ મોહની વાત લીધી છે.

એટલે કહે છે કે તારા સ્વભાવને ઓળખીને જ્ઞાન-ધ્યાનનું સિંચન કર. અંદરથી અનંત ગુણો ફૂલશે, ફાલશે.

પૂર્વ પુણ્ય યોગથી પ્રાપ્ત સત્સંગમાં જાગૃતિ / આત્મહિતની સાવધાની થઈ, યથાર્થ કાર્યપદ્ધતિ, પૂર્ણતાના ધ્યેયપૂર્વકની, આવતાં અવશ્ય હિત સધાય છે. પરંતુ પ્રાયઃ જીવ સત્સંગનું મૂલ્ય સમજવામાં ભૂલ કરે છે. તેથી પ્રાપ્ત સત્સંગ નિષ્ફળ થવા યોગ્ય સંજ્ઞાએ વિસર્જન કરે છે. પરંતુ જેને સત્સંગનું મૂલ્ય સમજાય છે અને સત્સંગની ભાવના તીવ્ર ભાવના પછી સત્સંગનો યોગ મળે છે તો ઘણું કરીને તે જીવ પ્રાપ્ત સત્સંગને નિષ્ફળ થવા દેતો નથી. વળી જે જીવને દુર્લભ સત્સમાગમ પ્રાપ્ત હોવા છતાં, દુર્લક્ષ સેવે છે, તેનો શરૂઆતથી જ અક્ષમ્ય અવિવેક હોઈને ઉપરની કોઈ ભૂમિકામાં વિકાસ થઈ શકે નહિ, તેમ વસ્તુ સ્થિતિ છે. આવી વસ્તુ સ્થિતિથી અજાણ જીવ ગમે તે અન્યથા પ્રયત્ને ચડી જઈ વૃથા સમય ખોવે છે. મનુષ્યપણું હારી જાય છે. ('અનુભવસંજીવની' બોલ નં.૪૫૩)

તા. ૨૪-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૨૧
પ્રવચન નં. ૨૪૭

પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે. દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી. સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્યસામાન્યનો જ સ્વીકાર હોય છે. ૩૨૧.

'બહેનશ્રીના વચનામૃત' ૩૨૧મો બોલ ૧૦૭ પાને. દ્રવ્યદૃષ્ટિનો વિષય છે આ બોલમાં. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની નિશ્ચય અપેક્ષાએ આ વ્યાખ્યા છે. બંને નિશ્ચય છે. પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ એ પણ નિશ્ચય છે. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એ પણ નિશ્ચય છે. તેથી ત્યાંથી શરૂ કરે છે.

'**પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે.**' જ્યારે પ્રગટ ચૈતન્ય સ્વભાવનો અનુભવ થાય છે ત્યારે દૃષ્ટિ પર્યાય ઉપરની અનાદિની છે તે બદલી જાય છે, તે દૃષ્ટિ ફરી જાય છે. પર્યાયમાંથી અહંપણું છૂટી જાય છે, પર્યાયનું લક્ષ પણ છૂટી જાય છે અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં સ્વદ્રવ્યપણે પોતાનો સ્વાનુભવ થાય છે. અનુભવ ગુણભેદની અપેક્ષાએ જ્ઞાનની પર્યાય છે અને દૃષ્ટિ શ્રદ્ધાનની પર્યાય છે પણ બંનેનું કાર્ય એકસાથે છે. એક જ સમયમાં દૃષ્ટિ અને જ્ઞાન સ્વરૂપના આશ્રયે, સ્વરૂપના અવલંબને પ્રગટ થઈને પરિણમે છે. એટલે આ એક સિદ્ધાંત છે, ત્રિકાળી નિયમ છે કે પર્યાય ઉપર દૃષ્ટિ જ્યાં સુધી રહી છે ત્યાં સુધી પ્રગટ ચૈતન્યનો અનુભવ થતો નથી અથવા જીવનો ચૈતન્યસ્વભાવ ચૈતન્યસ્વરૂપ છે તેનું સદશ શુદ્ધ પરિણમન થતું નથી.

મિથ્યાત્વ, અજ્ઞાન આદિ જે મોટા વિપર્યાસ છે અવસ્થામાં અથવા અજ્ઞાન, મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાય એવી જે ઘણી મલિનતા છે એવી મલિનતાનો નાશ થવો એને ચૈતન્ય પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. એવી

મલિનતાનો નાશ થાય અને જેવું સ્વરૂપ છે તેવું જ અવસ્થામાં પ્રગટ અનુભવગોચર થાય અથવા એવું સદશ પરિણમન થાય ત્યારે પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને થાય એવું ત્રણ કાળમાં બને નહિ. એવો સિદ્ધાંત છે એમ કહેવું છે.

'**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે.**' ત્યારે દ્રવ્યદૃષ્ટિ જ હોય, પર્યાયદૃષ્ટિનો નાશ જ થયો હોય, પર્યાયદૃષ્ટિનો અભાવ જ થયો હોય. અહીંયાં થોડું સ્પષ્ટીકરણ કરીએ. ઉપર ૩૧૮ બોલમાં એમ કહ્યું કે '**પ્રતીતિ માટેના વિચારોના સર્વ પ્રકારોમાં 'હું જ્ઞાયક છું' તે પ્રકાર મૂળભૂત છે.**' એક વાત એ લીધી. હવે મુમુક્ષુદશામાં જ્ઞાન જ સાધન છે એ કહેવા માટે જ્ઞાન જ સાધન છે એકમાત્ર હેતુરૂપ છે, સ્વાનુભવના એકમાત્ર હેતુરૂપ છે, એમ કહેવા માટે ઠામ ઠામ ઉપદેશ આપ્યો. અનેક પ્રકારે વાતો કરી.

કોઈ મુમુક્ષુજીવને એ વિષય ઉપર થોડી મૂંઝવણ થાય છે કે અમારે દૃષ્ટિથી ઉપડવું કે અમારે જ્ઞાનથી ઉપડવું? વિષય સ્પષ્ટ કરીએ. મુમુક્ષુદશામાં દૃષ્ટિ પૂરેપૂરી વિપરીત હોવાથી અથવા પર્યાયદૃષ્ટિ હોવાથી દૃષ્ટિનું બળ સવળું કામ કરતું નથી. દૃષ્ટિ એક બળવાન પરિણમન છે. અને બળવાન પરિણમન એટલા માટે છે કે જે-તે વિષયને તે ગ્રહે છે, શ્રદ્ધે છે એ પૂરી તાકાતથી ગ્રહે છે. મંદ મિથ્યાત્વ હોય ત્યારે પણ મિથ્યાત્વ સોએ સો ટકાનું છે. એવું સમજવા યોગ્ય નથી કે મિથ્યાત્વ મંદ થયું એટલે મિથ્યાત્વના ટકા ઓછા થઈ ગયા છે. મિથ્યાત્વપણું-મિથ્યાપણું સોએ સો ટકા છે. કેમકે એ પરિણમન જ પૂરું સવળું થાય છે અને પૂરું અવળું રહે છે. વિપર્યાસ અને અવિપર્યાસમાં આ પ્રકાર સમજવા યોગ્ય છે. તીવ્રતા, મંદતાનો ભેદ જુદી વાત છે. સમ્યક્-મિથ્યાત્વનો ભેદ જુદી વાત છે. આમાં ઘણા ભૂલ કરે. મિથ્યાત્વ મંદ થયું ને, મિથ્યાત્વ મંદ થયું ને. પણ હજી મિથ્યાત્વ રહ્યું છે એનું શું? અને મંદ થયું તેથી શું? એટલે તો નિશ્ચયનયના પક્ષમાં આવ્યો ત્યારે એમ કહ્યું કે તેથી શું થયું? ત્યારે તો સમ્યક્ સન્મુખ થઈને મંદ થયું છે. દિશા ફરી છે ને મંદ થયું છે તોપણ કહે તેથી શું? કેમકે મિથ્યાત્વ રહ્યું છે હજી. એ મલિનતા કોઈ ગજબની મલિનતા છે અને એ મલિનતા તો નીકળ્યે જ છૂટકો છે.

ત્યાં મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાયો. જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાવીને સ્વરૂપ સન્મુખ થયો. સ્વરૂપ સન્મુખતા આવી. જ્ઞાનમાં પુરુષાર્થ બળ વધ્યા. અને જ્યાં સ્વાનુભવ થયો ત્યાં દૃષ્ટિ આખી ઉથલી, ઊંધી પડી હતી તે ઊલટી થઈ આખેઆખી સવળી થઈ ગઈ. હવે જે સાધકદશા શરૂ થઈ વાસ્તવિક મોક્ષમાર્ગમાં એમાં જ્ઞાનબળ કરતાં દૃષ્ટિનું બળ વધારે છે. સાધક દૃષ્ટિના બળે આગળ વધે છે. એમ કેમ થયું ત્યાં? એક તબક્કો બદલાયો. પરિસ્થિતિ પણ

બદલાયી. પરિસ્થિતિ એ હતી કે સમ્યક્ સન્મુખ હતો ત્યાં સુધી દૃષ્ટિ ઉલટી હતી અને જ્ઞાનના લક્ષના ઓળખાણમાં સ્વતત્ત્વ પ્રતિભાસમાં જ આવ્યું હતું. દૃષ્ટિમાં હજી એ સ્વતત્ત્વનું ગ્રહણ નહોતું. દૃષ્ટિ તો જે સ્વભાવનો વિકલ્પ ઊઠે એમાં પણ હુંપણું કરતી હતી. 'હું જ્ઞાયક છું' એવા વિકલ્પનો સ્વ રૂપે અનુભવ કરતી હતી. અનુભવ થતો હતો ત્યાં તો. એકતાબુદ્ધિ હતી, પર્યાયદૃષ્ટિ હતી એ બધું હતું. પણ સાધકદશામાં આવતા...

મુમુક્ષુ :- એ વખતે ઉપાદેય તો ધ્રુવને માન્યો છે ને?

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદેયતા ચારિત્રના ખાતામાં જાય છે. હેય-ઉપાદેયતા ચારિત્રના ખાતામાં જાય છે.

મુમુક્ષુ :- પણ દૃષ્ટિ..

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનની જ પર્યાય છે. આ દૃષ્ટિ છે એ જ્ઞાનની પર્યાય છે. દૃષ્ટિ સવળી થઈ જ નથી. તો થઈ નથી તો અવળી છે. અવળી છે તો ક્યાં પડી છે? કે પર્યાય ઉપર પડી છે. પર્યાય ઉપર પડી છે અને પર્યાયમાં જે રાગતત્ત્વ છે એમાં અહંપણું-દૃષ્ટિ છે ત્યાં. આ સ્થિતિ દૃષ્ટિની છે ત્યાં. ભલે એ રાગ પછી શુદ્ધાત્મા વિષયક હો કે હું ત્રિકાળી છું, હું શુદ્ધ છું, હું ધ્રુવ છું, હું પૂર્ણ છું, આનંદસ્વરૂપ છું, જ્ઞાનસ્વરૂપ છું. અનંત ગુણના અભેદસ્વરૂપ છું, સ્વભાવસ્વરૂપ છું. તોપણ હુંપણું દૃષ્ટિએ કરીને સ્થપાતું હતું, જ્ઞાને કરીને એકતા અનુભવાતી હતી અને ચારિત્ર અપેક્ષાએ સાક્ષાત્ ઉપાદેયતા નથી.

'પરમાત્મપ્રકાશ'માં 'બ્રહ્મદેવજી' એમ કહે છે ટીકા કરતા કે ક્યારે શુદ્ધાત્મા ઉપાદેય છે? દર વખતે એક પ્રશ્ન ઉઠાવે છે પોતે કે નિર્વિકલ્પ સમાધિના કાળમાં જ સાક્ષાત્ આત્મા ઉપાદેય છે. આ શુદ્ધ છે અને ઉપાદેય છે એવા વિકલ્પના ભાવના કાળે સાક્ષાત્ ઉપાદેયપણું વર્તતું નથી. વિકલ્પ તો એવો છે. તો કહે છે, એ જ વિકલ્પ અંતરાય છે. સાક્ષાત્ ઉપાદેયતાના નિર્વિકલ્પ અનુભવથી જોતાં, ઉપરથી જોતાં એ જે વિકલ્પ છે એ જ બાધા છે.

મુમુક્ષુ :- પૂર્ણતાનું લક્ષ છે તોપણ બાધા છે?

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ છે પણ હજી દૃષ્ટિ થઈ નથી. લક્ષ થયું છે પણ દૃષ્ટિ ફરી નથી. અહીંયાં વિચાર ચાલે છે કે દૃષ્ટિ કાર્ય કરશે અહીંયાં કે જ્ઞાન કાર્ય કરશે? આ સ્થિતિએ, આ Stage ઉપર, આ સ્તરે દૃષ્ટિ કામ કરશે કે જ્ઞાન કામ કરશે? આ એક ચર્ચાનો વિષય છે. અને જ્યાં સુધી એ વિષયનો સ્પષ્ટ ખ્યાલ ન હોય ત્યાં સુધી સાધનની ભૂલ થવાની સંભાવના છે. આ તો ધારણાજ્ઞાનમાં તો સ્પષ્ટ થવું જોઈએ.

પુરુષાર્થ તો પછી ઉપડવાની વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય તો સમયે સમયે નવી જ ઉત્પન્ન થાય છે. અહીંયાં દૃષ્ટિ મિથ્યા છે તો પર્યાય મલિન ઉત્પન્ન થાય છે, દૃષ્ટિ સમ્યક્ થાય છે તો જ્ઞાનની પર્યાય નિર્મળ થાય છે તો ત્યાં તો જ્ઞાન દૃષ્ટિની પાછળ પાછળ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ એમાં જ્ઞાન સર્વથા મલિન નથી. જે જ્ઞાને સ્વરૂપને લક્ષમાં લીધું છે, આમેય જોકે જ્ઞાન સર્વથા મલિન નથી, જ્ઞાનનું અંતરંગ તો શુદ્ધ જ છે. એ ચર્ચા થઈ છે આપણે. ત્યાં સ્વભાવ છે અને ત્યાંથી સ્વભાવ પકડ્યો છે જ્ઞાને. જ્યારે જ્ઞાને જ્ઞાનમાં એટલે પોતામાં સ્વભાવને લક્ષમાં લીધો છે ત્યારે એણે જ્ઞાનને પકડીને લીધો છે. સ્વભાવ હતો તે પોતામાં જ હતો. સ્વભાવ પોતામાં જ હતો અને ત્યાંથી જ પકડ્યો છે.

મુમુક્ષુ :- પોતે પોતાને પકડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે. પોતે પોતામાંથી પોતાને જ પકડ્યો છે. કાર્ય અહીંયાં જ્ઞાને કર્યું છે, દૃષ્ટિએ નથી કર્યું. પણ જ્યારે જ્ઞાને દિશા બદલીને એમ જોયું કે અરે..! સ્વભાવ તો અહીંયાં છે. મારામાં જ છે. આ સ્વભાવને પ્રગટ-અપ્રગટની અપેક્ષા નથી એવો આ સ્વભાવ છે. અથવા .. પ્રગટ થવું એવો જ સ્વભાવ છે. ત્યારે એને એક વિશ્વાસ જન્મે છે. આ પણ જ્ઞાનની પર્યાય છે.

મુમુક્ષુ :- જ્ઞાનની ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. દૃષ્ટિ સમ્યક્ થવામાં .... જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન થાય છે એ 'ગુરુદેવે' સ્પષ્ટ કર્યું છે. ૧૭-૧૮ ગાથામાં આચાર્યદેવે સ્પષ્ટ કર્યું છે. એનું કારણ આ છે કે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે.

'ગુરુદેવ' તો આ વિષય ત્યાં સુધી લેતા હતા, આ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાનની ચર્ચા ચાલી ત્યારે, કે જે સ્વાનુભવમાં આવ્યો, આત્મા જે સ્વાનુભવમાં આવ્યો; પહેલા તો જે પ્રતિભાસમાં આવ્યો હતો એ તો પરોક્ષજ્ઞાનમાં આવ્યો હતો, પણ સ્વાનુભવમાં અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનમાં આવ્યો. ત્યારે અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનમાં આવ્યો ત્યારે આવો છું એમ જ્ઞાનમાં આવ્યું ત્યારે પ્રતીતિ થઈ કે આવો જ છું. જો આવો છું એમ જાણ્યું ન હોત તો જાણ્યા વિનાની પ્રતીતિ ન હોય. એ તો સસલાના શીંગડાની પ્રતીતિ કરવા બરાબર થઈ જાય. એટલે દેખતમાં એ બેસતો નથી કે જે વસ્તુ જાણતો ન હોય એની પ્રતીતિ કેવી રીતે હોય?

જેમ જે વસ્તુ પ્રત્યે શ્રદ્ધા ન હોય તો એનું આચરણ ન હોય. શ્રદ્ધા જ નથી તો આચરણ ક્યાંથી આવી ગયું? લોકો જે બાહ્યાચરણ પાળે છે અને શ્રદ્ધા નથી હોતી

તો આપણે શું કહીએ છીએ? કે હજી તો શ્રદ્ધાનું ઠેકાણું નથી અને આચરણ લાવ્યો ક્યાંથી? એ પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. એમ જેનું જ્ઞાન નથી એની પ્રતીતિનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કે કોની પણ પ્રતીતિ? જેને જાણતો નથી એની પ્રતીતિ કેવી રીતે હોઈ શકે? એ કોઈ રીતે હોઈ શકે નહિ. એ તો સ્વાનુભવ કાળે જે પ્રતીતિ છે એમાં પણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન લેતા હતા.

અહીંયાં એક બીજો વિષય ચર્ચામાં લેવો છે કે આવું સમ્યક્જ્ઞાન પ્રગટ થઈ ગયું, મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો, સાધકદશા હવે શરૂ થઈને ચાલી તો આગળ જે વધે છે એની અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન ત્રણેનું હોવા છતાં અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને પુરુષાર્થનું પરિણમન હોવા છતાં, ચારે લઈએ-ચતુષ્ટય લઈ લઈએ તોપણ એમાં દૃષ્ટિ પ્રધાન છે ચારે ગુણમાં. તો કેમ દૃષ્ટિપ્રધાન લ્યો છો? ચારે ચાર ગુણ મુખ્ય ગુણ છે. એમાં જ્ઞાન તો નેતા જેવો ગુણ છે. તો કહે છે, જ્ઞાન પણ પોતાની શક્તિને થોડીક બીજી રીતે વ્યય કરે છે. જ્ઞાન સ્વને પણ જાણે, જ્ઞાન પરને પણ જાણે. તો એનો એક શક્તિનો વિભાગ પરઅવલંબિત થાય છે. પર જાણવું એ દોષ નથી પણ પર અવલંબિત થાય છે, પર સન્મુખ થાય છે એટલો ત્યાં જ્ઞાનનો વિભાવ છે. ચારિત્ર? તો ચારિત્રમાં વીતરાગતા તો થઈ છે પણ હજી સરાગતા પણ છે અને એનો ભાગ પાડ્યો છે. પુરુષાર્થમાં પુરુષાર્થ પણ છે અને અપુરુષાર્થ પણ છે. એમાં પણ ભાગ પડ્યો છે. તો એ મુખ્ય ગુણોની અંદર વહેંચણી થાય છે. કેટલોક સ્વભાવ અને કેટલોક વિભાવ એમ વહેંચાયેલું પરિણમન છે. એક દૃષ્ટિ એવી છે કે એના પરિણમનમાં વહેંચણી નથી. એટલે ત્યાં દૃષ્ટિ પૂરી શક્તિથી (પરિણમતી) હોવાથી એમ કહે છે કે દંસણ મૂલો ધમ્મો. આ બધા ધર્મનું મૂળ, ચારિત્રધર્મનું મૂળ, ચરિતં ખલ ધમ્મો મુલો. ચારિત્ર ખરેખર ધર્મ છે પણ ચારિત્ર મૂળ ધર્મ નથી. દંસણ મૂળ ધર્મ છે. ચરિત ખલુ ધમ્મો 'પ્રવચનસાર'માં કહ્યું. દંસણ મૂલ્લો ધમ્મો 'અષ્ટપાહુડ'માં કહ્યું. બેય સૂત્ર એમણે જ આપેલા છે. પણ દંસણ મૂલ્લો ધમ્મો છે એમાં મોક્ષમાર્ગને વિષે દૃષ્ટિના બળે સાધકજીવ આગળ વધે છે. દૃષ્ટિના બળે આગળ વધીને પૂર્ણ થઈ જાય છે અને દૃષ્ટિના બળે સાદિઅનંત કાળ સિદ્ધ પરમાત્માઓ સિદ્ધદશામાં ટકી રહે છે. આવું દૃષ્ટિનું પ્રાધાન્ય ગણવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- પ્રયોજનની સિદ્ધિની જ્ઞાન પ્રધાનથી નથી, દૃષ્ટિ પ્રધાન છે ત્યાં.

પૂજ્ય ભાઈશ્રી :- આમ બે તબક્કે વાત સમજવી પડે એમ છે. મુમુક્ષુદશામાં? તો કહે જ્ઞાન જ સાધન છે. જ્ઞાન જ સાધન છે. અને સાધકદશાની અંદર? કે જેટલું દૃષ્ટિનું જોર એટલી કાર્યની સિદ્ધિ. જેટલું દૃષ્ટિનું જોર એટલો પુરુષાર્થ ઉગ્ર. જેટલું

જ્ઞાન વધ્યું એટલો પુરુષાર્થ ઉગ્ર એમ નહિ કહે. કેમકે જ્ઞાન તો ચોથા ગુણસ્થાને બાર અંગનું થઈ જાય કોઈને લબ્ધિ પ્રગટીને. તો ત્યાં કાંઈ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન ન પ્રગટે. પણ દૃષ્ટિમાં તો ગુણસ્થાનનો પણ ભેદ નથી. જે ચોથા ગુણસ્થાને એ જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને એ જ બારમા ગુણસ્થાને, એ જ ચૌદમા ગુણસ્થાને, એ જ સિદ્ધાલયમાં. પૂરેપૂરી સવળી (થઈને) શ્રદ્ધાન થઈ જાય છે અને તેથી એની અનંત શકિત કાર્ય કરતી હોવાથી, પ્રધાનતા હોવાનું કારણ છે કે એની શકિત કામ કરે છે. બીજા ગુણોની શકિત વહેંચાઈ છે. સ્વભાવ બાજુ અને વિભાવ બાજુ પરિણામમાં. આટલો જ એક તફાવત છે. એટલે મોક્ષમાર્ગને વિષે દૃષ્ટિનું પ્રાધાન્ય વિશેષે કરીને કહેવામાં આવ્યું છે. એનું આ કારણ છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ પૂર્ણતાને... 'પૂજ્ય બહેનશ્રીની' ચર્ચામાં આવે છે કે દૃષ્ટિ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ચારિત્ર થઈ ગયું હતું. તેરમે જ્યાં કેવળજ્ઞાન થયું તો કહે અહીંયાં પરમઅવગાઢ સમ્યક્ત્વ થયું. એવું નામ દેવાય છે શાસ્ત્રમાં.

મુમુક્ષુ :- સમ્યક્ત્વ તો એક પ્રકારનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ત્વ તો એક જ પ્રકારનું છે. પણ અહીંયાં બીજા ગુણોની પૂર્ણતા થઈ તો એમાં શ્રદ્ધાન ઉપર-સમ્યક્ત્વ આરોપ આવે છે. અને શાસ્ત્રની અંદર જેમ દૃષ્ટિનું કથન જ્ઞાનપ્રધાન, ચારિત્રપ્રધાન, પુરુષાર્થપ્રધાન થાય છે એમ જ્ઞાનનું કથન પણ દૃષ્ટિપ્રધાન, ચારિત્રપ્રધાન અને પુરુષાર્થપ્રધાન થાય છે. એમ ચારિત્રનું કથન પણ દૃષ્ટિપ્રધાન અને જ્ઞાનપ્રધાન થાય છે. સમજીને કોઈપણ કથન થાય તો તે કથન નિર્દોષ છે અને સમજ્યા વગર સાચું કથન થાય તોપણ તે કથન સદોષ છે. એટલે કથન સાથે ક્યારેય લડાઈ કરવી નહિ કે આવો શબ્દ વાપર્યો કેમ આણે? એ કોઈ દિવસ ન લેવું. એની સમજણ તપાસી લેવી. શબ્દ વાપરનારની સમજણ તપાસવી કે ભાઈ! તમે શું સમજીને આમ કહો છો? ત્યાં એની સમજણ યથાર્થ હોય તો શબ્દની સાથે ક્યારે પણ વાંધો લેવો એ વ્યાજબી નથી, યોગ્ય નથી.

મુમુક્ષુ :- પ્રશ્ન એવો થાય છે કે દૃષ્ટિ તો ચોથા ગુણસ્થાને પૂરી સમ્યક્ થઈ ગઈ. પણ જ્ઞાન હજી અધૂરું છે એ તો તેરમા ગુણસ્થાને પૂરું થાય છે. માટે જ્યાં સુધી જ્ઞાન કેવળજ્ઞાન ન થયું ત્યાં સુધી મુકિત નથી તો ત્યાં જ્ઞાન પ્રધાન થઈ ગયું?

પૂજ્ય ભાઈશ્રી :- મુકિત તો પૂર્ણ શુદ્ધિ થાય ત્યારે મુકિત છે. તોપણ હજી સિદ્ધદશા જેટલી મુકિત નથી. એટલે કે અસિદ્ધત્વ રહે છે. એટલે એ તો ... વાંધો નથી પણ વસ્તુસ્થિતિ તો જે છે એ છે એમ સમજી લીધા પછી કોઈ કથન સાથે ...

મુમુક્ષુ :- દૃષ્ટિ એ જ્ઞાનની પ્રધાનતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, દૃષ્ટિ જ્ઞાનની પ્રધાનતામાં શું છે કે કેવળજ્ઞાન થાય છે ત્યારે ભાવમોક્ષ કહેવામાં આવે છે. ત્યારે ભાવમોક્ષ એટલા માટે કહેવામાં આવે છે કે ... હોવાને લીધે ત્યાં સંપૂર્ણ મોક્ષદશા નથી ગણવામાં આવી. એક ભેદ એવો આવે છે શાસ્ત્ર કથનની અંદર કે આ જગતમાં જીવોના કેટલા ભેદ? કે બે ભેદ. કયા બે ભેદ? કે સિદ્ધ અને સંસારી. સિદ્ધ થયા પહેલા ચૌદમા ગુણસ્થાનના બધા જીવોને સંસારના Classમાં ખતવ્યા. સિદ્ધદશા થયા પહેલા ચૌદ ગુણસ્થાન સુધીના તેરમા અને ચૌદમા રહેલા બધા ગુણોને સંસારમાં ખતવી નાખ્યા.

આ 'બનારસીદાસ' લીધું છે, 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં. આ જગતના જીવોના કેટલા ભેદ? બે જ ભેદ છે. જ્યારે બે ભેદ જીવોના લેવા તો કયા? તો કહે છે, સિદ્ધો અને સંસારીઓ. અનંતા સિદ્ધો, અનંતા સંસારીઓ. સંસારીઓ કરતા અનંતમા ભાગે સિદ્ધો. પણ છે અનંતા બંને. સિદ્ધો અને સંસારીઓ લે તો તેરમા અને ચૌદમા ગુણસ્થાનવાળા જેને મોક્ષદશા કહીએ છીએ એ સંસારીમાં આવે છે. એટલે વસ્તુસ્થિતિ જેમ છે એમ સમજવી. જેમ છે એમ વસ્તુસ્થિતિ સમજો તો પછી કાંઈ વાંધો નથી.

જ્ઞાનનું મહત્ત્વ જે પ્રકારે છે તે પ્રકારે જ્ઞાનનું મહત્ત્વ સમજવું જોઈએ. જે પ્રકારે દર્શનનું મહત્ત્વ છે તે પ્રકારે શ્રદ્ધાનનું મહત્ત્વ સમજવું જોઈએ. જે પ્રકારે આચરણનું મહત્ત્વ છે એ પણ એ પ્રકારે સમજવું ઘટે છે. ચોથું અને પાચમું ગુણસ્થાન હોવા છતાં જિનમાર્ગ છે એ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનથી પ્રધાનપણે ગણવામાં આવે છે. કેમકે ચરિત ખલુ ધમ્મો. ચારિત્ર ખરેખર ધર્મ છે. ધર્મ છે તે સામ્ય છે. સામ્ય છે તે જીવના મોહક્ષોભ વિહિન પરિણામ છે. આ 'પ્રવચનસાર'માં વિષય લીધો. તો ચારિત્રથી જિનમાર્ગ કહેવામાં આવે છે. પ્રસિદ્ધપણે મૂર્તિમંત જિનમાર્ગ (ક્યારથી)? તો કહે છે, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનથી. કેમકે ઓલમાં તો ઓળખાતા નથી. જૈની હોવા છતાં જૈની ઓળખાતા નથી. જગતના બીજા જીવો સાથેનો એનો જે જાતનો દેખાવ છે એમાં જૈનો જુદાં નથી પડતા જલ્દી. તો કહે છે કે જૈનમાર્ગ છે ને એનો? જૈનમાર્ગ છે પણ હજી એટલો પ્રસિદ્ધ નથી એને વિષે. જૈનમાર્ગ ક્યાંથી પ્રસિદ્ધ? મુનિદશા અંગીકાર કરે ત્યારથી. ત્યાં સુધી રાજમાર્ગ ગણવામાં આવતો નથી. માર્ગમાં છે પણ હજી જેને એમ કહીએ કે આ State highway છે અને આ National highway છે, એના જેવું છે. આ રાજ્યનો માર્ગ છે જ્યારે ઓલો આખા રાષ્ટ્રનો, દેશનો ધોરીમાર્ગ છે. એમ આખા જૈન પરમેશ્વરનો ધોરીમાર્ગ દીક્ષા અંગીકાર કરે, ભાવલિંગી સંત થાય ત્યારથી, ત્યાં સુધી નહિ.

મુમુક્ષુ :- ધોરીમાર્ગે પણ પાછા ૧૧મેથી પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પડે તો પડે. ઉપશમ શ્રેણીએ જાય તો પડે, પાછો વળે. પણ એવું તો કો'ક બને, એવું કો'ક બને, એ તો એક જાણવાનો વિષય છે. એ કોઈ મુખ્યતા કરવાનો વિષય નથી. સંભવિતતા છે તો એનો બધાનો નિર્દેષ આવ્યો છે. વિષયનું પ્રતિપાદન તો જેમ છે એમ આવે. માર્ગની શ્રેણીમાં પણ બે પ્રકાર ઊભા થાય છે. ઉપશ્રમશ્રેણીએ જાય તો પાછુ વળવું પડે. ક્ષાયિકશ્રેણીએ જાય તો પાછો વળવાનો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી. હવે આ સ્પષ્ટતા પછી દરેક જગ્યાએ એ વિષય ઉપર કોઈપણ વાત આવશે તો તરત જ ખ્યાલ આવશે કે અહીંયાં આમ કેમ? અને અહીંયાં આમ કેમ? ક્યાં જ્ઞાનપ્રધાન? ક્યાં દૃષ્ટિપ્રધાન? એ તરત સમજવામાં આવી જાય એવું છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પહેલા જ્ઞાનથી ઉપડાય છે. સમ્યગ્દર્શન પછી...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શન પછી તો દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ બધું ઉપડે છે. દૃષ્ટિનું પ્રાધાન્ય છે. આમાં એક બોલ આવશે. સાધક દૃષ્ટિના બળે આગળ વધે છે એવો એક બોલ આવશે. અહીંયાં જ છે, ૩૨૧માં જ છે નીચે. નીચે પાછળ બીજા પાને છે.

'**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી.**' દ્રવ્યદૃષ્ટિ કરવાથી આગળ જવાય છે. જે મોક્ષમાર્ગમાં આગળ જવાય છે એમાં દૃષ્ટિનું પ્રાધાન્ય છે. જ્ઞાનનું પ્રાધાન્ય કેમ લેતા નથી? કે જ્ઞાન હજી વહેંચાય છે. આ પૂરું છે એટલે આના પરિણમનમાં બળ ઘણું છે. અનંતી જે શકિત છે, દરેક શકિતરૂપ છે ને? શ્રદ્ધાની પણ શકિત છે, જ્ઞાનની પણ શકિત છે, ચારિત્રની પણ શકિત છે, તો આ પૂરી શકિતથી પરિણમે છે માટે એનું જોર વધારે છે. જ્યારે આની-જ્ઞાનની શકિત વહેંચાયેલી છે. એક તો ખુલ્લું નથી. પૂરી જ્ઞાનની શકિત ખુલી નથી. જેટલી શકિત ખુલી છે એમાં વહેંચણી થઈ જાય છે. સ્વભાવ અને વિભાવ બે પડખા ઊભા થાય છે. આમાં બીજું પડખું ઊભું નથી થતું. સમ્યક્ મિથ્યાત્વ અંશે સમ્યક્, અંશે મિથ્યાત્વ એવું પડખું નથી ઊભું થતું. જ્યારે ઓલામાં તો વિભાવ ઊભો થાય છે. દૃષ્ટિનો વિભાવ ક્યાંય ન હોય મોક્ષમાર્ગમાં. જ્ઞાનમાં પરસત્તાવલંબનશીલપણું એટલો વિભાવ છે.

લોકોને એમાં થોડીક મૂંઝવણ થાય છે કે ક્યાંક જ્ઞાનની મુખ્યતાથી વાત આવે છે, ક્યાંક શ્રદ્ધાનની મુખ્યતાથી વાત આવે છે, હવે આપણે શું કરવું? તો કોઈને એવો કલ્પનાથી રાગ થઈ જાય છે કે બસ, દૃષ્ટિથી ઉપડવું, બસ, દૃષ્ટિથી જ ઉપડવું. પણ તું

ક્યાંથી ઉપડીશ દૃષ્ટિ છે નહિ? દૃષ્ટિ ઊંધી પડી છે. એના ઉપર જોર કરવા જઈશ તો પર્યાય ઉપર જોર વયું જશે અને તને ખબર નહિ પડે. એટલે જ્ઞાન જ સાધન છે. '**प्रसिद्धं ज्ञानमेवैकं साधनादिविधौ चितः**'. પંચાધ્યાયી ૪૦૧. '**स्वानुभूत्येकहेतुश्च तस्मात्तपरमं पदम्**'. સ્વાનુભૂતિનો એકમાત્ર હેતુ હોવાથી જ્ઞાનને પરમપદ કહીએ છીએ. એટલે આખા 'સમયસાર'માં... કેમકે ત્યાં તો સમ્યક્ કેમ થાય? મિથ્યાત્વ કેમ મટે? અને અજ્ઞાન કેમ મટે? અને અનુભવ કેમ થાય? આ વિષય ચાલ્યો છે. આખા ગ્રંથનો એક જ વિષય છે કે આત્મા જ્ઞાનમાત્ર છે. તો સાધન? તો કહે જ્ઞાનમાત્ર છે. ઉપાય? તો કહે, જ્ઞાનમાત્ર છે. ઉપેય? તો કહે, જ્ઞાનમાત્ર છે.

મુમુક્ષુ :- જ્ઞાનમાં ગોટા હોય તો દૃષ્ટિ શું કરે?

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ તો અમથી પણ ઊંધી પડી છે. હવે જ્ઞાનનો ગોટો ન નીકળે તો ઊંધી દૃષ્ટિ તો વધારે જોર કરશે. ઊંધુ જોર વધતુ જશે એનું. એ પડી છે તો ઊંધી જ તે.

... હોવાને સીઝે ત્યાં એને જગ્યા છે. સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં એ જગ્યા છે. એ જુદાં જુદાં તબક્કે જેમ છે એમ વાત સમજવી પડે છે. જેમકે કોઈ જીવ નિગોદમાં છે. નિગોદનો તબક્કો લઈએ તો અજાણરૂપ જ્ઞાન છે. મન નથી. એટલે ઉઘાડ એકદમ (બિડાઈ ગયો છે). મનનો ઉઘાડ નથી. ઈ તો અસંજ્ઞી પંચેન્દ્રિય થયો ત્યારથી ગયો. પછી જ્ઞાન હણાતું... હણાતું... હણાતું... હણાતું... અક્ષરના અનંતમાં ભાગે ગયું. એટલે જ્ઞાનનું પરિણમન તો અજાણરૂપ છે. કાંઈ જાણતું નથી. હવે ત્યાંથી ઉપર કેવી રીતે આવે? ઉપર તો કોઈને કોઈ જીવ આવે છે. એકેન્દ્રિયપણું છોડીને પંચેન્દ્રિય થાય છે. તો વિશુદ્ધતા રૂપ ચારિત્રથી ઉપર આવે છે. ત્યાં અજાણપણે જરાય ખબર નથી જ્ઞાનને, અજાણપણે કષાયની મંદતા થઈ એ ચારિત્રનું પરિણમન છે એ નિમિત્ત થયું અને સીધું જ્ઞાન ફડાક સંજ્ઞી પંચેન્દ્રિયે પહોંચ્યું ઉઘડીને. એક ગુણ બીજા ગુણમાં નિમિત્ત થાય છે.

મુમુક્ષુ :- એ તો નિગોદમાંથી નીકળીને ચક્રવર્તીને ત્યાં જન્મે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ચારિત્રની પ્રધાનતા છે. જ્ઞાનની નહિ અને દર્શનની પણ નહિ. જે સ્થાનમાં જે પ્રકાર ઉપજતો હોય એને એમ જ યથાર્થ જાણવો જોઈએ. બીજી રીતે જાણવા જાય તો વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધતા થશે. વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધતા શ્રદ્ધામાં ને વિશ્વાસમાં અને જ્ઞાનમાં થાય એને ક્યારે પત્તો લાગે સવળુ થવાનો? 'ગુરુદેવે' કહ્યું એક પણ વિપર્યાસ મટે નહિ ત્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય.

સમ્યગ્દર્શન થાય ત્યારે એક પણ વિપર્યાસ એને રહે નહિ. ભલે શાસ્ત્રનું અજાણપણું હોય તો છૂટી જાય.

હવે અહીંયાં ફરીથી લઈએ. '**પર્યાય પર દૃષ્ટિ રાખ્યે ચૈતન્ય પ્રગટ ન થાય, દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ ચૈતન્ય પ્રગટે.**' અહીંયાં એમ કહેવું છે કે જ્યારે ચૈતન્ય પ્રગટે ત્યારે દૃષ્ટિ પલટો મારે, મારે ને મારે જ. દૃષ્ટિ પર્યાયની રહે અને ચૈતન્ય પ્રગટે એમ બને નહિ. '**દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે,...**' તારા દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે '**તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.**' હવે વાતે વાતે એમ ન કહે કે અહીંયાં વચ્ચે જ્ઞાન સાધન છે. જ્યારે શ્રદ્ધાનો બોલ ચાલતો હોય ત્યારે શ્રદ્ધાની વાત સીધેસીધી મૂકે. વસ્તુનું સ્વરૂપ તો જેમ છે એમ જ સમજવું જોઈએ. '**દ્રવ્યમાં અનંત સામર્થ્ય ભર્યું છે, તે દ્રવ્ય પર દૃષ્ટિ થંભાવ.**' કેવી છે એ દૃષ્ટિ ?

'**નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈપણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.**' આ દૃષ્ટિ પોતાના પૂર્ણ ત્રિકાળી સ્વરૂપને એવી રીતે વળગે છે કે જોડે રહેલી કોઈપણ પર્યાય, પછી નિગોદની હોય, નિગોદની જોકે સમ્યગ્દૃષ્ટિને હોતી નથી, પણ કોઈપણ પર્યાય હોય, બેય દૃષ્ટાંતમાં લે છે, ઉપરની સિદ્ધદશા હોય તો એની સામે પણ દૃષ્ટિ જોતી નથી, દૃષ્ટિ વિષય કરતી નથી એને. અથવા એ છે કે નથી એ દૃષ્ટિનો વિષય નથી.

એક હયાતી ત્રિકાળીની દૃષ્ટિનો વિષય થાય છે. બીજી એમાં વિશેષતા જોતી નથી કાંઈ. શું શું પડ્યું છે દ્રવ્યના સામર્થ્યમાં? કેટલું સામર્થ્ય છે? એ જ્ઞાનનો વિષય છે. દૃષ્ટિનો વિષય તો એની હયાતીને ગ્રહણ કરવાનો છે. તો એકની હયાતી એવી રીતે એ ગ્રહણ કરે છે કે બાજુમાં રહેલી સિદ્ધ અવસ્થાની હયાતીને એ ગ્રહણ કરતી નથી. એ છે કે નથી એ વિષય જ નથી એનો.

જેમ 'સમયસાર'ની ૧૧મી ગાથામાં લીધું કે '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર તો અભૂતાર્થ છે. ભૂત એટલે હોવું-હયાતી હોવી. હોવી એટલે હયાતી હોવી. તો દૃષ્ટિ એમ કહે છે કે મારા વિષયમાં વ્યવહારનયના વિષયભૂત સિદ્ધપર્યાય, કેવળજ્ઞાનની પર્યાય વ્યવહારનયના વિષયભૂત છે. કેવળીને જો કે નય નથી પણ અહીંયાં સમ્યક્જ્ઞાનીને નય છે. અને એ કેવળજ્ઞાન એનો વિષય થાય. તો કહે છે, એ '**ववहारोऽभूदत्थो**'. છે જ નહિ. અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. સત્ નથી ત્યાં. અસત્યાર્થ શબ્દ વાપર્યો બીજો કે સત્ય નથી ત્યાં. સત્ એટલે હોવાપણું. ભૂત એટલે હોવાપણું, સત્ એટલે હોવાપણું. હોવાપણાના બે શબ્દ વાપર્યા. જેમ પૂજાના અનેક ભેદ હોય તો પૂજાના કેમ નમસ્કાર કરવું, વંદન કરવું, સ્તુતિ કરવી, અર્ઘ ચડાવવો,

ફલાણું કરવું, પ્રદક્ષિણા કરવી, અભિષેક કરવો આ બધા દ્રવ્યપૂજાના અંગ છે. તો બધી વાતો આવે કે આટલી આટલી રીતે આ પ્રકારે પૂજા થાય છે. તો અહીંયાં સત્ હોય ને એનું અસ્તિત્વ નથી. એ કહેવા માટે બે શબ્દ વાપર્યા. ૧૧મી ગાથા છે ને.

આ તો પ્રશ્ન ઊઠે એટલે ચોખવટ થાય બધી. ચર્ચાઓ બહુ થયેલી છે ને. બહાર જઈએ ત્યારે ઘણા સામે તો મળે. આમ હોવું જોઈએ... આમ હોવું જોઈએ.. આમ હોવું જોઈએ. પછી તો ચોખવટ થઈ જાય Automatic કે આમ હોય કે ન હોય. આમ હોય છે. '**व्यवहारनयो हि सर्व एव**' સર્વ શબ્દ વાપર્યો છે પાછો. વ્યવહારનય બધોય સર્વ. સર્વ શબ્દ વાપર્યો છે ટીકામાં. એટલે એની અંદર ગુણભેદ, પર્યાયભેદ, કેવળજ્ઞાન, પરમાનંદ, ક્ષાયિકચારિત્ર, ક્ષાયિકપુરુષાર્થ બધું આવી ગયું. સિદ્ધદશા બધું આવી ગયું. '**व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति, शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति। तथाहि–**' એ આ રીતે. એનો અર્થ આ રીતે કર્યો છે કે '**शुद्धनय એક જ ભૂતાર્થ હોવાથી...**' હવે ઈ એનો અર્થ કાઢ્યો છે, હોં! '**અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય અને અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' ત્રણ શબ્દ વાપર્યા છે.

મુમુક્ષુ :- વ્યવહારનય માટે?

પૂજ્ય ભાઈશ્રી :- હા. વ્યવહારનય માટે અસત્ય, અભૂત અને અવિદ્યમાન. વિદ્યમાનતાનો શબ્દ પણ વાપર્યો. કેમકે હયાતી પકડવી છે ને. શ્રદ્ધા તો હયાતીને પકડે છે. ગાથા એ છે '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થને આશ્રિત જ સમ્યગ્દર્શન થાય છે. એ ભૂતાર્થ કેવો છે? કે જેની અંદર વ્યવહાર સઘળો અભૂતાર્થ છે એવો આ ભૂતાર્થ છે. ભૂતાર્થ છે એટલે સત્યાર્થ છે. સત્યાર્થ છે એટલે વિદ્યમાન છે. ત્રણે બોલ સામે લીધા છે. '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે.**' ત્રણ શબ્દો લીધા છે એકસાથે.

મુમુક્ષુ :- ત્રણેના એક જ અર્થ છે-હયાતી?

પૂજ્ય ભાઈશ્રી :- આ 'જયચંદ્રજી'એ અર્થ કર્યા છે. સંસ્કૃતમાં તો અભૂત અને ભૂત એમ સામસામા એક એક જ શબ્દ વાપરેલા છે. 'જયચંદ્રજી'એ એકમાંથી ત્રણે બોલ લીધા છે. ભૂત, સત્ય અને વિદ્યમાન. અભૂત, અસત્ય અને અવિદ્યમાન. અને અહીંયાં આ કળશને તમે લ્યો ૧૧મા પછીનો કે આગળ-પાછળનો. એટલે 'રાજમલજી' એમ કહે છે કે જૂઠો છે વ્યવહાર. અસત્યમાંથી એમણે એ કાઢ્યું. વ્યવહાર? તો કહે, જુઠો છે. નિશ્ચય? તો કહે, સાચો છે. એક સાચો અને એક જૂઠો.

સીધું એમ જ કાઢે છે. પછી ચોથો કળશ છે સીધો. ૧૨ મી ગાથા છે. ૧૨મી ગાથા પછી ૪થો કળશ છે. જોઈ લઈએ જરા. ચોથામાં એ શબ્દનો પ્રયોગ છે.

'**आसन्यभव्य जीवो शुद्ध जीवने प्रत्यक्षपणे पामे छे.**' '**सपदि**' એટલે થોડા જ કાળમાં. બહુ શીઘ્રપણે પામે છે. '**केवो छे शुद्धजीव? के अतिशयमान ज्ञानज्योति छे. अनादि सिद्ध छे. वळी केवो छे?**' '**अनयपक्षाक्षुण्णम्**' '**मिथ्यावादथी अखंडित छे.**' મિથ્યાવાદ એને ખંડિત કરી શકતો નથી. '**भावार्थ एम छे–मिथ्यावादी बौद्धादि जूठी कल्पना घणा प्रकारे करे छे, तोपण तेओ ज जूठा छे; आत्मतत्त्व जेवुं छे तेवुं ज छे.**' આત્મતત્ત્વ જેવું છે તેવું જ છે એમ જ લે છે બધી જગ્યાએ.

'**हवे ते भव्यजीवो शुं करता थका शुद्ध स्वरूप पामे छे, ते ज कहे छे–आसन्न भव्य जीवो दिव्यध्वनि द्वारा कही छे उपादेयरूप शुद्ध जीववस्तु तेमां सावधानपणे रुचि–श्रद्धा–प्रतीति करे छे. विवरण–शुद्ध जीववस्तुनो प्रत्यक्षपणे अनुभव करे छे तेनुं नाम रुचि–श्रद्धा–प्रतीति छे.**' ઠીક! આ જ્ઞાનપ્રધાન કથન. શુદ્ધ જીવવસ્તુનો અનુભવ કરે છે તેનું નામ રુચિ, શ્રદ્ધા અને પ્રતીતિ છે. '**भावार्थ आम छे–वचन पुद्गल छे, तेनी रुचि करतां स्वरूपनी प्राप्ति नथी; तेथी वचन द्वारा कहेवामां आवे छे जे कोई उपादेय वस्तु, तेनो अनुभव करतां फळप्राप्ति छे.**' વસ્તુનો અનુભવ કરતાં ફળપ્રાપ્તિ છે.

'**केवुं छे जिनवचन?**' '**उभयनयविरोधध्वंसिनि**' '**बे पक्षपातने परस्पर वैरभाव तेनुं मेटनशील छे.**' બંનેના વેરભાવને મટાડનારું જિનવચન છે. '**भावार्थ आम छे– बंने नय विकल्प छे, शुद्ध जीवस्वरूपनो अनुभव निर्विकल्प छे, तेथी शुद्ध जीववस्तुनो अनुभव थता बंने नयविकल्प जूठा छे.**' આમ કાઢે છે. અહીંથી જ ઉપાડે છે એ તો.

મુમુક્ષુ :- વ્યવહારનય ને નિશ્ચયનય બેય જૂઠા છે?

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ જૂઠા છે, એના વિકલ્પ જૂઠા છે એમ કહે છે. કારણ કે નિશ્ચયનય, જે અધ્યાત્મનો નિશ્ચયનય છે એ તો નિર્વિકલ્પ છે અને આગમનો જે નિશ્ચયનય છે એમાં વિકલ્પ છે.

હવે '**वळी केवुं छे जिनवचन? स्याद्वाद अर्थात् अनेकांत–जेनुं स्वरूप पाछळ कह्युं छे–ते ज छे चिह्न जेनुं एवुं छे. भावार्थ आम छे–जे कोई वस्तुमात्र छे ते तो निर्भेद छे. ते वस्तुमात्र वचन द्वारा कहेतां जे कोई वचन बोलाय छे ते ज पक्षरूप छे.**' એટલી વાત છે. પછી તો કાળલબ્ધિનો વિષય શરૂ કરી દ્યે છે. એ વાત એમણે ૯મા

કળશમાં લીધી છે.

બધા વિકલ્પો મટે છે. '**જેમનું નામ વિકલ્પ છે તે બધાય મટે છે?**' હા, બધાય વિકલ્પ મટે છે, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતા. '**જે અનુભવ આવતાં પ્રમાણ-નય-નિક્ષેપ પણ જૂઠાં છે, ત્યાં રાગાદિ વિકલ્પોની શી કથા?**' શું વાત કરવી? શું કથા કરવી? '**ભાવાર્થ આમ છે કે રાગાદિ તો જૂઠા જ છે, જીવસ્વરૂપથી બાહ્ય છે. પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા એક જ જીવદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-રૂપ ભેદ કરવામાં આવે છે તે બધા જૂઠા છે. આ બધા જૂઠા થતાં જે કાંઈ વસ્તુનો સ્વાદ છે તેને અનુભવ કહીએ છીએ.**' આમ અનુભવની નાસ્તિથી પરિભાષા કરી છે.

'**તેથી વસ્તુસ્વરૂપને ગુણ-ગુણીભેદરૂપ વિચારતાં પ્રમાણ-નય-નિક્ષેપરૂપ વિકલ્પો ઊપજે છે. તે વિકલ્પો ભલે પ્રથમ અવસ્થામાં ભલા જ છે.**' એટલે હોય છે પહેલા. '**તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં જૂઠા છે.**' સ્વરૂપમાત્ર અનુભવતા એમાં નથી એમ નહિ, એ જૂઠા છે એમ કહી દ્યે છે. આ એમની પોતાની એક મૌલિક શૈલી છે, મૌલિક પદ્ધતિ છે.

'જયચંદ્રજી'એ ત્રણ અર્થ કાઢ્યા છે, ભૂત અને અભૂતમાંથી. બીજા બે શબ્દનો પ્રયોગ 'જયચંદ્રજી'એ (કર્યો છે)-વિદ્યમાનપણું અને સત્યપણું. ભાવાર્થમાં એમ જ લે છે પોતે. 'જયચંદ્રજી'એ સ્વતંત્ર ભાવાર્થ લખ્યો ૧૧ ગાથાનો, એમાં એમણે એવું જ લીધું છે. '**અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહેવામાં આવે છે.**' આ પોતે ભાવાર્થની અંદર પોતાની ભાષામાં લખે છે. એ તો ભાવાર્થ પોતાનો લખેલો છે. ત્યાં અનુવાદ પણ પોતાનો છે. તો અનુવાદમાં પણ બીજા બે અર્થ મૂકી દીધા છે. ભાવાર્થમાં ફરીને એ વાત લખી છે એમણે.

અહીંયાં આપણે ચાલતા વિષયમાં એ વાત છે કે '**નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈપણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.**' એટલે જ્યાં જે વસ્તુ નથી, ત્રિકાળી નિત્યમાં અનિત્ય પર્યાય જ નથી તો જે દૃષ્ટિ નિત્યને વિષય કરે છે એ એવી પદ્ધતિથી વિષય કરે છે કે જોડે પર્યાય છે કે નહિ એ પ્રશ્ન એના માટે નથી. એમાં નથી એમ તો નથી પણ બાજુમાં છે કે નહિ એ એનો વિષય નથી. હોવા, નહિ હોવાની બેય અપેક્ષા દૃષ્ટિને જોવાની રહેતી નથી. એવું કોઈ દૃષ્ટિનું પરિણમન છે. એને અહીંયાં એમ કહે છે કે એ શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.

'**સાધકદશા પણ શુદ્ધ દૃષ્ટિના વિષયભૂત મૂળ સ્વભાવમાં નથી.**' સાધકદશા છે

એ પણ એ સ્વભાવથી બહાર છે. અને એ સ્વભાવને જ માત્ર વિષય કરતી હોવાથી અને સ્વભાવને વિષય કરતી હોય એટલે સ્વભાવને જ સ્વ સ્વરૂપે ગ્રહણ કરતી હોવાથી સાધકદશાને કે સિદ્ધદશાને દૃષ્ટિ ગ્રહણ કરતી નથી. વિષય કરતી નથી અને ગ્રહણ પણ કરતી નથી. એવું દૃષ્ટિનું જે ચોક્કસ પ્રકારનું પરિણમન છે એને જ્યાં સુધી એ કથંચિત વચનગોચર છે ત્યાં સુધી અનુભવી દૃષ્ટિવાન-દૃષ્ટિવંત મહાત્માઓ અને ધર્માત્માઓ એને પ્રસિદ્ધ કરે છે. બાકી તો એનું પરિણમન એટલું બધું ગૂઢ, ઊંડું, સૂક્ષ્મ અને વચનઅગોચર છે. એ કોઈ વચનનો વિષય રહેતો નથી. એ વાત રાખીને જેટલું વચનગોચર છે એટલું ભિન્ન ભિન્ન જગ્યાએ દ્રવ્યદૃષ્ટિના બોલથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ જ્ઞાનમાં સહાયક છે એમ કહેવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ આખા અનંતા ગુણોના પરિણમનને સહાયક છે, એમ ગણીને એને મૂળ ધર્મ કહ્યો. કેમકે મૂળમાં સિંચન થાય છે. એટલે એને મૂળની ઉપમા આપી. વૃક્ષનું મૂળ પાયો. એમ આખા પરિણમનનું મૂળ, પાયો '**दंसणमूलो धम्मो**' એમ સૂત્ર છે.

પ્રગટ જ્ઞાનનું સ્વરૂપ-જ્ઞેય નિરપેક્ષ- જાણનક્રિયા છે. તેથી તેવા અનુભવ ગોચરપણાને લીધે, જાણનક્રિયાના આધારે જ્ઞાનમાં / જ્ઞાનમાત્રમાં 'સ્વ'પણું થઈ શકે છે. અર્થાત્ વર્તમાન જ્ઞાનક્રિયા પોતામાં, પોતાથી, પોતાના આધારે જ્ઞાનને 'સ્વરૂપે' ગ્રહણ કરી શકે છે. આમ ભેદવિવક્ષાથી કહી શકાય, જાણી શકાય (સમજાવવા માટે) વસ્તુતઃ અર્થાત્ તત્ત્વતઃ જ્ઞાન અને જાણનક્રિયા જુદા નહિ હોવાથી જ્ઞાન જ સ્વયંનો આધાર છે, તેને સ્વસંવેદન અર્થે કોઈના આધારની જરૂર નથી. આમ અંતર-અવલોકનથી જણાતાં, અનાદિ રાગની આધારબુદ્ધિ તૂટે છે; પરની આધારબુદ્ધિ પણ મટે છે; ત્યારે ભેદજ્ઞાન ઉદ્ભવે છે. જેથી પરભાવનું કર્તૃત્વ અને એકત્વ નાશ પામે છે. (૪૫૭) **('અનુભવસંજીવની' બોલ નં.૪૫૭)**

તા. ૨૬-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૨૧,૩૨૨
પ્રવચન નં. ૨૪૮

પાનું ૧૦૭. છેલ્લેથી બીજી લીટી છે. '**નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈપણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.**' બે વાત છે એમાં. એક તો દૃષ્ટિ નિજ પરમાત્મપદમાં થંભી ગઈ છે-અભેદ થઈ ગઈ છે અને તેથી પોતાને કે પોતાની બાજુમાં રહેલી કોઈપણ પર્યાયને એ વિષય કરતી નથી. વિષય કરતી નથી એટલે એમાં હુંપણું થતું નથી. શ્રદ્ધાએ કરીએ કરીને એમાં હુંપણું થતું નથી. અથવા એ અસ્તિ-નાસ્તિ સાથે, હોવાપણા સાથે કે નહિ હોવાપણા સાથે દૃષ્ટિને કોઈ લેવા-દેવા નથી. એક વાત તો એ સ્પષ્ટ થાય છે એમાંથી સીધે સીધી.

બીજી વાત એમાંથી એ સ્પષ્ટ થાય છે કે આ જીવ અનાદિથી પર્યાયબુદ્ધિ હોવાને લીધે અનેક પ્રકારે પર્યાયમાં અહંપણું કરે છે. અનેક પ્રકારે કરે છે. પર્યાયની મુખ્યતા રહે છે, પર્યાયનું જ લક્ષ રહે છે અને સુધાર-બગાડનો વિષય પણ પર્યાય અંગમાં હોવાને લીધે, સુધાર-બગાડનો વિષય પણ પર્યાય અંગમાં હોવાને લીધે પર્યાયનું મહત્ત્વ મર્યાદિત હોવા છતાં પણ ભૂલથી અમર્યાદિતપણે એ દૃષ્ટિનો વિષય થઈને રહી જાય છે. ત્યારે દ્રવ્યદૃષ્ટિ પ્રગટતી નથી.

મુમુક્ષુ :- ભૂલ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ તે ભૂલ છે. મિથ્યાત્વ છે તે ભૂલ છે. અન્યમતમાં પણ પર્યાયના દોષો ટાળવા અને પર્યાયમાં ગુણ પ્રગટ કરવા એવા અનેક પ્રકારે વિધાન છે, એના ઉપદેશ છે, એના ન્યાયો છે, એનું Logic છે અને જ્યાં જ્યાં જેની જેટલી બુદ્ધિ પહોંચી એટલી વિચારણા પણ છે. તોપણ દ્રવ્યદૃષ્ટિનો વિષય ક્યાંય નથી કે દૃષ્ટિ વિષય જ એને કરે નહિ. પર્યાયના સુધાર-બગાડને એમ કહ્યું ને? કે નિગોદથી માંડીને સિદ્ધ સુધીની પર્યાય. નિગોદને શું લેવાની જરૂર હતી? સમ્યગ્દર્શન તો ચોથા ગુણસ્થાનથી સાધક અવસ્થા પ્રગટ થાય છે તો ચોથા ગુણસ્થાનથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પર્યાય લેવી જોઈતી હતી. નિગોદથી લ્યે છે. તો કહે છે કે જે જૈનમત સિવાયના પણ બીજા મતો છે એ ઘણી ઘણી પર્યાયની વાતો કરે છે. અવસ્થાની પણ ઘણી ઘણી વાતો કરે છે અને બૌદ્ધમત તો એકલો પર્યાય ઉપર રચાયેલો મત છે. એટલે પર્યાય સુધારની વાતો એ કોઈપણ ધાર્મિક સંપ્રદાયનો મુખ્ય વિષય રહ્યો છે. અવસ્થાનો બગાડ-સુધાર એ તમામનો વિષય રહ્યો છે.

જૈનદર્શન ક્યાંથી વિશિષ્ટપણે જુદું પડે છે? કે દૃષ્ટિનો વિષય કોઈ પર્યાય નથી. નિગોદની પ્રચુર કલંકની દશા છે. છેલ્લી હદની દોષિત દશા છે એને પણ દૃષ્ટિ જોતી નથી અને સિદ્ધપદની છેલ્લી હદની જે શુદ્ધિની પર્યાય એને પણ દૃષ્ટિ જોતી નથી. એટલે શ્રદ્ધાનું-દૃષ્ટિનું કાર્ય અને એની મર્યાદા, કાર્યક્ષેત્ર, મર્યાદા કેટલી? આ વિષય એકદમ પાયાનો વિષય છે. તત્ત્વજ્ઞાનનો મૂળ પાયાનો આ વિષય હોવાથી 'કુંદકુંદ' ભગવાને '**दंसणमूलो धम्मो**' એવું નામ આપ્યું. એને મૂળની ઉપમા આપી. ધર્મની અંદર એને મૂળનું સ્થાન આપ્યું. '**दंसण**'ને મૂળનું સ્થાન આપ્યું. ઘણી ગંભીરતા છે વિષયની.

મુમુક્ષુ :- 'સોગાનીજી' કહે છે ને નિગોદ હો કે સિદ્ધ હો...

પૂજ્ય ભાઈશ્રી :- મને લાભ પણ નથી અને મને નુકસાન પણ નથી એમ કહે છે. એ જોરદાર વાત કરે છે. નિગોદની અવસ્થાનું નુકસાન નહિ? એમાં તો ઘણી અશાંતિ છે. અધ્યાત્મમાં તો લાભ-નુકસાનનો વિષય શાંતિ-અશાંતિ સાથે સંબંધ ધરાવે છે. રૂપિયા, આના, પાય સાથે નહિ. જગતમાં લાભ-નુકસાન રૂપિયા, આના, પાયમાં જોવાય છે. અથવા માન-અપમાનમાં આબરૂ-કીર્તિમાં જોવાય છે. બે વિષય છે. અને એટલા માટે કોઈ આબરૂ-કીર્તિ માટે પૈસા જતા પણ કરે છે. તો કોઈ આબરૂ-કીર્તિ ખોઈને પણ પૈસા લે છે. એ વિષય જગતનો રહ્યો. અધ્યાત્મમાં તો જેટલી અશાંતિ એટલું નુકસાન. જેટલી શાંતિ સમ્યક્ એટલો લાભ. સમ્યક્ શાંતિ એટલો લાભ.

દ્રવ્યદૃષ્ટિના પ્રકરણમાં એ વાતથી પણ પાર-એથી પર થઈને વિષય ચાલે છે. એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિ એમ કહે છે કે એવી શાંતિ-અશાંતિની લાભ-નુકસાનની ગણતરીનો વિષય પર્યાય સુધીની મર્યાદામાં છે. એની મર્યાદા ક્યાં સુધી? કે પર્યાય સુધીની એમની મર્યાદા. મારો જે ત્રિકાળી દ્રવ્યનો વિષય છે, દૃષ્ટિ એમ કહે છે કે મારો જે વિષય ત્રિકાળી દ્રવ્ય છે એમાં એની પહોંચ નથી. પર્યાયની શાંતિ-અશાંતિ મારા સુધી પહોંચતી જ નથી. તેથી ન તો નિગોદ મારો વિષય છે, ન તો સિદ્ધપણું મારો વિષય છે. નિગોદપણું-સિદ્ધપણું એ પર્યાયનો વિષય છે, મારો વિષય નથી. શાંતિ-અશાંતિ? તો કહે, એ મારો વિષય નથી. ગુણ-દોષ? તો કહે, એ મારો વિષય નથી. એ વાત અહીંયાં જે 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં કરી છે એ 'પૂજ્ય બહેનશ્રી'એ અહીંયાં ૩૨૧ નંબરના વચનામૃતમાં (કરી છે).

મુમુક્ષુ :- શ્રદ્ધા એટલે મારો વિષય શું?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળી પરમાત્મપદ. પરમેશ્વરપદ છે, જિનપદ-નિજપદ

છે એ મારો વિષય છે. એક સમયની પર્યાય રહિત, ૩૨૦ ગાથાની 'જયસેનાચાર્ય'ની ટીકા, એક સમયની પર્યાયથી રહિત, બંધ અને બંધના કારણથી શૂન્ય, મોક્ષ અને મોક્ષના કારણથી શૂન્ય અને તેના અભાવસ્વરૂપે રહેલું જે તત્ત્વ છે પરમપારિણામિકભાવ સ્વરૂપ એ દૃષ્ટિ કહે છે કે મારો વિષય છે.

મુમુક્ષુ :- મારો અને વિષય બે થઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો કથનની અંદર એટલી વિકૃતિ ઊપજે છે. એ સિવાય બીજો ઉપાય નથી.

મુમુક્ષુ :- ... શું આવે?

પૂજ્ય ભાઈશ્રી :- એનો વાચ્યાર્થ છે, કેટલો અભેદ છે એ સમજાવવા માટે પણ જ્ઞાનીઓએ એવા એવા શબ્દપ્રયોગ કર્યા છે કે દૃષ્ટિ પ્રસરી જાય છે ત્રિકાળી દ્રવ્યમાં. દૃષ્ટિ વ્યાપી જાય છે ત્રિકાળી દ્રવ્યમાં અને દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્યનો એવો કબજો કરી લે છે કે કબજો કરવામાં પણ કબજો અને કબજો કરનાર ધણી એમ બે વાત રહે એમ પણ નહિ. એટલે એટલો ખુલાસો કરે છે. એ તો આ વિષય જ અનુભવ પદ્ધતિથી સમજવાનો છે. શબ્દો તો મર્યાદામાં આ વાતને રજુ કરે છે. શબ્દો કરે છે એ શબ્દોની મર્યાદામાં વાતને રજુ કરે છે. વસ્તુ તો અનુભવની હોવાથી અનુભવ પદ્ધતિથી જ સમજ્યા વિના બીજો કોઈ છૂટકો આમાં નથી. બીજો કોઈ ઉપાય નથી આમાં.

એ બહુ મોટી વાત કરી છે કે '**નિગોદથી માંડીને સિદ્ધ સુધીની કોઈ પણ પર્યાય શુદ્ધ દૃષ્ટિનો વિષય નથી.**' એટલે કે પર્યાયમાં શ્રદ્ધાએ કરીને હુંપણું થાય છે તેના અનેક ચિહ્નો છે, અનેક એના લક્ષણ છે. પર્યાયાશ્રિત પરિણમન, પર્યાયના આધારે થયેલું પરિણમન, પર્યાયબુદ્ધિથી થયેલું પરિણમન, પર્યાયની મુખ્યતાથી થયેલું પરિણમન, પર્યાયના લક્ષે થયેલું પરિણમન, પર્યાયને અધિકાઈ આપીને થયેલું પરિણમન, પરિણામની અંદર રાગાદિ ભાવમાં દુઃખ હોવા છતાં દુઃખ નહિ લાગતું એવું પરિણમન એ પણ પર્યાયદૃષ્ટિને સૂચવે છે અને પર્યાયમાં સંતુષ્ટપણું. એવા અનેક પ્રકાર છે. એ બધા પ્રકાર પર્યાયદૃષ્ટિને સૂચવે છે અથવા પર્યાયના એકત્વને સૂચવે છે અને એ છે ત્યાં સુધી મિથ્યાત્વ છે, ત્યાં સુધી અનંતાનુબંધી છે, ત્યાં સુધી જન્મ-મરણની ગાંઠ સાજી સારી છે, પાંગરે એવી. અને કોઈપણ રીતે એ ગાંઠને ગાળ્યા વિના આ જીવને નિવેડો નથી.

મુમુક્ષુ :- પર્યાયના લક્ષે થતું પરિણમન, પર્યાય એમ ... પર્યાયનું લક્ષ કરનાર ...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં ને એમાં કરે છે, એમાં ને એમાં કરે છે. એટલે

પર્યાયાશ્રિત પરિણામ કહે છે એને અથવા પર્યાયમાં એકત્વરૂપ થયેલું પરિણામ કહે છે. બે નથી રહેતા. એકત્વ એને કહે છે.

મુમુક્ષુ :- ... સમજાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જરા સૂક્ષ્મ પડે છે. એટલે એના માટે એ વિષયને જો વધારે સૂક્ષ્મતાથી સમજવો હોય તો એ દૃષ્ટિકોણથી 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નો જે ત્રીજો ભાગ છે એ દૃષ્ટિકોણથી 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નો જે ત્રીજો ભાગ છે એમાં ઘણા શબ્દ પ્રયોગ છે અને ઘણી શૈલી કરી છે એમણે. એવું એક જ ઠેકાણેથી એવું એકમાત્ર એક જ પ્રકારનો વિષય એક જ ઠેકાણેથી આ એક જ ગ્રંથમાં મળે છે કે જેણે બીજો વિષય હાથમાં નથી લીધો.

મુમુક્ષુ :- આખો ત્રીજો ભાગ?

પૂજ્ય ભાઈશ્રી :- ત્રીજા ભાગમાં. પછી કોઈક કોઈક બોલ પ્રમાણના અને સમ્યગ્જ્ઞાનના છે. બાકી લગભગ મોટાભાગના બોલ 'દ્રવ્યદૃષ્ટિ'ના છે. કોઈ કોઈ બોલ પ્રમાણ અને સમ્યગ્જ્ઞાનના છે. એમાં તો દૃષ્ટિપ્રધાન દૃષ્ટિના વિષયને સમજાવતા અનેક પડખાથી, અનેક પ્રકારથી લગભગ એ જ બોલ છે બધા. એ વિષય કોઈવાર લેશું. એ વિષય પણ કોઈવાર લઈશું. જરૂરી છે. એના માટે થોડો જુદાં બે-ત્રણ કલાક જોઈએ એવો વિષય છે. એ વિષય છે ત્યાંથી.

અહીંયાં એ વિષય આ જગ્યાએ નાખ્યો છે કે પર્યાયને વિષય જ્યારે દૃષ્ટિ કરતી નથી ત્યારે એકલા દ્રવ્ય સામાન્યની કેટલી પ્રધાનતા? કેટલી મુખ્યતા? અને એનો આશ્રય શું ચીજ છે એ તરફ થોડું ધ્યાન ખેંચવા જેવો વિષય ઊભો થાય છે.

કહે છે કે '**સાધકદશા પણ...**' બીજી દશા-નીચેની મિથ્યાત્વની દશા તો જ્યાં દ્રવ્યને ઓળખતી પણ નથી, દ્રવ્યને જાણતી પણ નથી, દ્રવ્યની જેને કાંઈ ખબર નથી કે કઈ દિશામાં પોતાનું સ્વદ્રવ્ય પડ્યું છે? કઈ જગ્યાએ સ્વદ્રવ્ય પડ્યું છે? એને તો વિષય કરવાનો પ્રશ્ન નથી. પણ સાધક દશા જ્યાં દ્રવ્ય ઓળખાય, જ્યાં દ્રવ્યનો અનુભવ થયો એ સાધકદશા ખુદ જેમાં ઓળખાયું, જેમાં એ દૃષ્ટિ પરિણમી, જે દશામાં દૃષ્ટિ પરિણમી, જે દશામાં જ્ઞાન પરિણમ્યું, જે દશામાં ચારિત્ર પરિણમ્યું, જે દશામાં આનંદ અને શાંતિનું પરિણમન ઉત્પન્ન થયું એવી અનંત ગુણવંત દશા, ગુણ અનંત પ્રગટ્યા જેમાં.

'**ગુણ અનંત કે રસ સબૈ, અનુભવરસ કે માહિ, તાતે અનુભવ સારિખો ઔર દૂસરો નાહિ.**' એવી અનુભવની પ્રશંસા કરી છે અધ્યાત્મ ગ્રંથોમાં તોપણ અહીંયાં એમ કહે છે કે એવી સાધકદશા, એવી અનુભવદશા એ પણ શુદ્ધ દૃષ્ટિનો વિષયભૂત

ભાવ નથી, પદાર્થ નથી, મૂળ સ્વભાવમાં નથી. તેથી એને પણ દૃષ્ટિ વિષય કરતી નથી. એ પણ બહાર છે. મૂળ સ્વભાવથી એ બહાર છે. મૂળ સ્વભાવમાં જ નથી. એનાથી શૂન્ય છે, એનાથી રહિત છે અને એના અભાવ સ્વભાવે છે. ત્રણે બોલ લઈ લેવા. અહીં સુધી તો આપણે ચાલી ગયેલું. થોડો વિશેષ વિચાર આવ્યો એટલે લીધું ફરીને.

હવે કહે છે કે '**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી.**' આ દૃષ્ટિની મર્યાદામાં વાત છે. '**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ વધાય છે,...**' અથવા તો મોક્ષમાર્ગને વિષે દ્રવ્યદૃષ્ટિનું જોર ઘણું છે. તેથી દ્રવ્યદૃષ્ટિથી આગળ જવાય છે એમ કહેવાય છે. અને મોક્ષમાર્ગમાં જ્ઞાન પણ દ્રવ્યનો આશ્રય કરે છે અને જેટલા અંશે જ્ઞાન દ્રવ્યનો આશ્રય કરે છે તેટલા અંશમાં મોક્ષમાર્ગ છે. જેટલા અંશે જ્ઞાન પરસન્મુખ થાય છે, પરનો આશ્રય તો નથી કરતો, કેમકે સમ્યક્‌જ્ઞાન છે, પણ જેટલા અંશે એ પરનો વિષય કરે છે, પરસન્મુખ થાય છે એટલા અંશે મોક્ષમાર્ગ નથી. સાધકદશાની અંદર મોક્ષમાર્ગ મર્યાદિત છે અને મિશ્ર ભાવરૂપ દશા છે. બંધ અને મોક્ષ બંને પ્રકારના આંશિક પરિણામ સાધકદશાને વિષે હોય છે. તો જ્ઞાન જેટલે અંશે સ્વરૂપનો આશ્રય કરે છે તે પણ મોક્ષમાર્ગ જ્ઞાનને વિષે પણ સમજવો. ચારિત્ર ગુણ, પુરુષાર્થ પણ જેટલે અંશે સ્વરૂપનો આશ્રય કરે છે એટલો તે તે ગુણના પરિણામોમાં મોક્ષમાર્ગ સમજવો અને તે જ ગુણોના પરિણામ જેટલે અંશે અન્ય પદાર્થને વિષે જાય છે તેટલા અંશે ત્યાં બંધ ઉત્પન્ન થાય છે. એમ કરણાનુયોગના દૃષ્ટિકોણથી સમજવું.

અધ્યાત્મમાં કોઈવાર એને અત્યંત ગૌણ કરીને એમ કહેવામાં આવે છે કે સમ્યગ્દૃષ્ટિ અબંધ છે અથવા સમ્યગ્દૃષ્ટિ મુક્ત જ છે એમ પણ કહેવામાં આવે છે. ત્યાં દૃષ્ટિના પરિણમનની મુખ્યતાવાળું કથન છે. કેમકે દૃષ્ટિના વિષયમાં તો આત્મા સર્વથા મુક્ત છે. દૃષ્ટિના વિષયભૂત આત્મામાં બંધ કેવો? અરે..! જેમાં મોક્ષ જ નથી એને બંધ વળી કેવો? મોક્ષ તો એને લાગુ પડે છે કે જે બંધાયેલો હોય એને મોક્ષ લાગુ પડે છે.

'પરમાત્મપ્રકાશ'માં એ દૃષ્ટાંત લીધું કે કોઈ માણસ જેલમાં ગયો ન હોય, સજા કોઈ દિવસ થઈ ન હોય એવા સજ્જન પુરુષના ઘરે જઈને અભિનંદન ન આપી શકાય કે આપને અભિનંદન આપીએ છીએ કે આજે આપ જેલમાંથી છૂટ્યા અથવા અમુક દિવસે જેલમાંથી છૂટ્યા એના આજે અભિનંદન દેવા આવ્યા છીએ. એમ કહીએ તો તે એનું અપમાન કરવા બરાબર છે. જે માણસે ગુનો કર્યો નથી, જેલમાં ગયો નથી

એને એમ કેમ કહેવાય કે તમે મુક્ત થયા એમાં અમને ખુશી થઈ. એમ જે દ્રવ્યને વિષે બંધભાવ નથી, બંધનું કારણ નથી, બંધનું પરિણામ નથી એને મોક્ષ થયો-એની મુક્તિ થઈ એ વાત સ્વભાવને વિષે નથી. તો એની મોક્ષમાર્ગમાં પ્રધાનતા છે. અને એ પ્રધાનતા બતાવવા અર્થે, એ પ્રધાનતા દર્શાવિવા અર્થે અને દ્રવ્યદૃષ્ટિનો વિષય સારી રીતે સ્પષ્ટ કરાવવા અર્થે, માલુમ પડે એ અર્થે એમ પણ કહેવામાં આવે કે સમ્યગ્દૃષ્ટિ મુક્ત જ છે. સ હિ સ્વમુક્ત એવ. 'અમૃતચંદ્રાચાર્યે' એમ કહ્યું કે તે તો મુક્ત જ છે. અથવા તો અમે એને દેવ કહીએ છીએ. એ પણ લીધું એમણે. એ પણ કળશ લીધો છે. બે કળશ લીધા છે એમણે. તો એ વાતમાં ત્યાં કરણાનુયોગ લાગુ પાડવો નહિ અને જ્યાં કરણાનુયોગ સમજાવવો હોય કે એને જેટલે અંશે બંધ પરિણામ છે એટલો બંધ છે. જેટલે અંશે સ્વરૂપાશ્રિત પરિણામ છે એટલી મુક્તદશા છે, સાધકદશા છે. તો ત્યાં અધ્યાત્મનો વિષય કાંઈ લાગુ પાડવાનો પ્રશ્ન રહેતો નથી.

અનુયોગની-આગમના અનુયોગની વાત ચાલતી હોય ત્યારે અધ્યાત્મનો વિષય Agenda ઉપર નથી અને જ્યારે એકદમ અધ્યાત્મનો વિષય ચાલતો ત્યારે ચારે અનુયોગનો વિષય વચ્ચે લાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અથવા વચ્ચે લાવવો તે કહેનારની જે કહેવા ધારેલી વાત એને તોડવાની વાત છે, એને શિથિલ કરવાની વાત છે.

એટલે એકવાર 'સોગાનીજી'એ ચર્ચા દરમ્યાન એ એક સૂચના કરી હતી કે પોતે અધ્યાત્મ પ્રધાનતાથી, દૃષ્ટિ પ્રધાનતાથી કોઈ જોરથી વાત રજુ કરે ત્યારે એમ કે સામા બેઠેલા કોઈ મુમુક્ષુઓ એનો અનર્થ ન તારવે, નિશ્ચયાભાસપણું ન તારવે અને બીજી કાંઈ ઊલટી-સુલટી ગણતરી કરી ન લે, કલ્પના ન કરી લે એટલે કોઈ મુમુક્ષુ ચોખવટ કરે, સ્પષ્ટીકરણ કરે કે 'ભાઈશ્રી' આમ કહેવા માગે છે. એટલે કે દૃષ્ટિ અપેક્ષાએ આમ કહેવા માગે છે અને જ્ઞાન અપેક્ષાએ આમ પણ વાત છે. એક વાર, બે વાર, ચાર વાર, પાંચ વાર એવી અનેક વાર ખુલાસાવાળી વાત થવા માંડી ચર્ચામાં ત્યારે એમણે એમ કહ્યું કે અપેક્ષાઓ લગાડી લગાડીને કોઈ વાતનું જે જોર છે, વિષયનું જે જોર છે એને ઢીલું થાય એવી વાત કરે છે, અપેક્ષા લગાવીને એવી વાત કરે છે તો મને અંદરમાં ખટકે છે. શું કહ્યું? શું કરવા ખટકે છે? કે જે જોર દેવું છે, જે ત્રિકાળી દ્રવ્ય સામાન્ય ઉપર દૃષ્ટિથી જોર દેવું છે, પુરુષાર્થથી જોર દેવું છે, જ્ઞાનથી આશ્રય કરવો છે. આચરણથી આશ્રય (કરવો છે), એ જોર દેવા માટેનું જે પ્રયોજન જ્યાં ચાલે છે, એવું જ્યાં કથન ચાલે છે ત્યાં બીજી અપેક્ષા લગાડીને એ જોરને તોડી નાખવું એ અપેક્ષાની પદ્ધતિ બરાબર નથી. એટલે અમુક જગ્યાએ એવા જોરથી જ્યારે વાત ચાલતી હોય

ત્યારે બીજા ચારે અનુયોગનું જ્ઞાન, જ્ઞાનીઓને, આચાર્યોને જ્ઞાનમાં હોવા છતાં ત્યાં ખુલાસો નથી આપતા, ત્યાં સ્પષ્ટીકરણ નથી આપતા.

ક્ષાયિક પર્યાય પણ '**परदव्वं परसहावमिदि हेयं**'. તો ત્યાં 'પ્રવચનસાર'ની વાત ન કરાય. ઈ જ આચાર્ય 'પ્રવચનસાર'ની અંદર એમ કહે કે પર્યાય વિહિન દ્રવ્ય કોઈ દિવસ હોય જ નહિ. દ્રવ્ય અને પર્યાય તો સાથે જ રહે છે. ક્યારેય દ્રવ્ય-પર્યાય છૂટા પડતા નથી. પર્યાય વિનાનું દ્રવ્ય કોઈ દિવસ હોય નહિ. તો ત્યાં જે દ્રવ્યાનુયોગનો વિષય ચાલે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય ચાલે છે, વસ્તુના બંધારણનો વિષય ચાલે છે એ એક આગમનો દ્રવ્યાનુયોગનો જુદો વિષય છે અને અહીંયાં આશ્રય કરવાના હેતુથી જોર દેવું છે એ બીજી વાત છે. બે વાતને સાંકળી શકાય નહિ એકસાથે. જ્ઞાનમાં રાખી શકાય. પણ જ્યાં એક વાત ચાલતી હોય ત્યાં બીજી વાતને વચ્ચે ઘુસાડવાથી એનું પ્રયોજન ખલાસ થઈ જાય છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કહ્યું, બીજી ટાંગ લગાડવી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમણે કહ્યું કે એક વાત ચાલતી હોય ત્યાં બીજી વાતની ટાંગ લગાડવી નહિ. એ શબ્દ વાપર્યો છે એમણે. એક દિવસ એમ કહ્યું કે બીજી અપેક્ષા લગાડીને કોઈ સ્પષ્ટ કરવા જાય છે તો મને તો ખટકે છે. આ પદ્ધતિ બરાબર મને લાગતી નથી. એવી પણ વાત કરી છે એમણે.

એટલે અહીંયાં જ્ઞાનની વાત નથી લેતા. પણ ખબર છે કે જ્ઞાન પણ જેટલો આશ્રય કરે છે એટલું પ્રયોજનભૂત કાર્ય સધાય છે. પણ જ્ઞાનની અંદર બે ભાગ પડે છે એક ભાગ સવિકલ્પ દશામાં ઉપયોગથી પરનો આશ્રય કરે છે ત્યારે માત્ર લબ્ધ પરિણતિ જ સ્વરૂપનો આશ્રય કરે છે. પણ એ ઉપયોગ એટલો બહાર જાય છે એટલું એ ગુણની અંદર વિભાવિક પરિણમન છે અને એ વિભાવિક પરિણમનને જ્ઞાની કરતા નથી, એના કર્તા થતા નથી, એને કરાવતા નથી, એનું અનુમોદન પણ કરતા નથી. કરવું, કરાવવું, અનુમોદના વિભાવની હોઈ શકે નહિ. કેમકે એ દોષ છે. દોષને કરવું, કરાવવું, અનુમોદવું હોઈ શકે નહિ. જો એમ થાય તો દોષદૃષ્ટિ થઈ જાય. જો દોષની અનુમોદના પણ થાય, કરે એ તો અભિપ્રાયથી કરે એ તો ચોખ્ખી દોષદૃષ્ટિ છે, અભિપ્રાયથી કરાવે એ પણ ચોખ્ખી દોષદૃષ્ટિ છે પણ કોઈ એમ કહે કે અમારો કરવો, કરાવવાનો, દોષ કરવો, કરાવવાનો અમારો અભિપ્રાય નથી પણ ક્યાંક ક્યાંક બચાવ થઈ જાય છે, અનુમોદના થઈ જાય છે ત્યાં એ નવે કોટી તૂટી જાય છે. એક અનુમોદનાની કોટી તૂટતા નવે કોટી તૂટી જાય છે. 'ગુરુદેવની' માપની પદ્ધતિ આ હતી ... માપવાની.

એટલે જ્ઞાન છે એ સ્વઆશ્રય કરે છે તોપણ આંશિકપણે કરતું હોવાથી શ્રદ્ધાના પરિણમનમાં જે પૂરેપૂરું દ્રવ્યને આશ્રય કરવાનું જે પરિણામ છે એનું જોર જોઈને એમ કહેવાય છે કે મોક્ષમાર્ગને વિષે દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે. દ્રવ્યદૃષ્ટિએ આગળ જાય છે. દૃષ્ટિના જોરે સાધક આગળ વધે છે. જ્ઞાન, પુરુષાર્થ આદિ યથાસંભવ જેટલું છે એટલું સમજી લેવું. પણ અહીંયાં એ વાત નથી. અહીંયાં દૃષ્ટિને સમજાવવા માટે દૃષ્ટિના જોરે સાધક આગળ વધે છે એમ કહે છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ તો ખુલી ગઈ છે પછી વધારે જોર કેવી રીતે?

પૂજ્ય ભાઈશ્રી :- જેટલું છે એટલું. પણ દર વખતે પરિણમે છે ને? સમયે સમયે પરિણમે છે કે નહિ? સમયે સમયે એ કાર્ય (કરે છે). પૂરી થઈ ગઈ છે એટલે પછી એનું કાર્ય જ નથી એમ લેવું છે? સમયે સમયે પૂરું કાર્ય થાય છે.

મુમુક્ષુ :- જેટલું કાર્ય કરવું હતું એ બધું તો કરી ચૂકી.

પૂજ્ય ભાઈશ્રી :- કર્યા જ કરે છે. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી અનંત કાળ પર્યંત સિદ્ધદશામાં પણ કાર્ય કરે છે. કાર્યાન્વિત જ છે. સમયે સમયે કાર્યાન્વિત છે એ. એ પોતાનું કાર્ય ચાલુ જ રાખે છે. એ પોતાનું કાર્ય ચાલું રાખે છે એની ફલશ્રુતિ શું? એની ફલશ્રુતિ સાધક મોક્ષદશામાં આગળ વધે છે તે. તો સિદ્ધદશામાં એ ચાલુ રહે છે એની ફળશ્રુતિ શું? એની ફળશ્રુતિ એ કે સિદ્ધદશામાંથી એક સમયને માટે એક અંશે પણ ચ્યુતિ થતી નથી તે. એમ કાઢ્યું એમાંથી. અને એમ કેમ કાઢ્યું? એ દૃષ્ટિ સમજાય ત્યારે સમજાય એવું છે. દ્રવ્યદૃષ્ટિનું સ્વરૂપ સમજાય ત્યારે એ સમજાય એવું છે અને એ તો દૃષ્ટિના પરિણમન વગર ત્યાં સુધી નજર પહોંચવી મુશ્કેલ છે. ક્યાં સુધી કાઢ્યું!

અનુભવી મહાત્માઓએ એ વાત પ્રસિદ્ધ કરી કે દૃષ્ટિનો પૂટ... 'દીપચંદજી'એ એ વાત કરી કે દૃષ્ટિનો પૂટ લાગે છે. સાધકદશામાં મોક્ષમાર્ગને વિષે દૃષ્ટિનો પૂટ લાગે છે. જેમ સહસ્ત્રકૂટી અબરખ ભસ્મ કહે છે કે નહિ? સહસ્ત્રકૂટી-એને હજાર વખત પૂટ આપ્યો. પૂટ આપ્યો ત્યારે શું થયું કે એની શકિત વધવા માંડી. પરમાણુ તેના તે હતા. નવી ઔષધિ એમાં કોઈ નાખતા નથી. કોઈપણ જાતની બીજી ચીજ ભેળવતા નથી. તેની તે ચીજને પૂટ આપતા એની પ્રક્રિયામાં પૂડ આપવાની પ્રક્રિયા થયા કરે અને શકિત વધી જાય. એક હજાર ગણી શકિત વધી જાય. જેટલી હોય એનાથી એક હજાર ગણી વધે. એને સહસ્ત્ર કૂટી કહે છે.

એમ સાધકદશામાં પરિણમનને દૃષ્ટિનો પૂટ લાગે છે. આ હું.. આ હું... આ હું... આ હું... એનું એટલું બધું પરિણમનનું જોર છે કે અનંતે અનંત ગુણ ખીલવા

માંડે છે. કમળની પાંખડીઓ જેમ ખીલવા માંડે, અનંત પાંખડીનું કમળ હોય ને જેમ ખીલવા માંડે એમ આખો આત્મા મોક્ષમાર્ગમાં અંદરથી કોળવા માંડે છે. એનું કારણ? તો દૃષ્ટિનો પૂટ લાગે છે એને. સમયે સમયે એ પરિણમનને દૃષ્ટિનો પૂટ લાગે છે. તો 'ટોડરમલજી'એ એ કાઢ્યું કે સિદ્ધાત્માઓ સિદ્ધદશામાંથી એક સમયને માટે પણ ચ્યુત થતા નથી અને સાદિઅનંત કાળ સિદ્ધદશામાં ટકી રહે છે એનું કારણ એમનું સમ્યગ્દર્શન છે. એ રીતે સમ્યગ્દર્શનની જે મહત્તા છે એ મહત્તા દર્શાવવા માટે પોતાના અનુભવથી એ વાતો કાઢીને પ્રસિદ્ધ કરી છે.

મુમુક્ષુ :- બધા જ્ઞાનીઓ ... દૃષ્ટિનું જોર ઘણું છે... તો દૃષ્ટિમાં તીવ્ર-મંદ થતું હશે? કારણ કે ... એની વાતમાં દૃષ્ટિનું જોર ઘણું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે શું છે કે ત્યાં એનો પુરુષાર્થ ઉગ્ર છે એમ કહેવું છે. જોર એટલે પુરુષાર્થ.

મુમુક્ષુ :- બધા જ્ઞાની વચ્ચે તારતમ્ય ફેરફાર હોય...?

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થમાં ફેરફાર હોય છે. દૃષ્ટિ બધાની સરખી. ચોથા ગુણસ્થાનથી માંડીને સિદ્ધ સુધી.

મુમુક્ષુ :- દૃષ્ટિનું જોર આને વધારે છે એમ કેમ?

પૂજ્ય ભાઈશ્રી :- એ એક ગુણનો બીજા ગુણ ઉપર ઉપચાર છે. ખરેખર પુરુષાર્થ ત્યાં તીવ્ર ચાલે છે. એટલે તો એક વખત એ વિષય ચર્ચ્યો હતો. આપણે રાત્રે ચર્ચાઈ ગયેલો કે તમામ સમ્યગ્દૃષ્ટિઓને દૃષ્ટિ એકસરખી પરિણમે છે અને દૃષ્ટિનો વિષય પણ પરિપૂર્ણ નિજ પરમાત્મપદ એકસરખો છે. એના જ્ઞાનમાં પણ જે આત્મતત્ત્વ છે એ જે અનુભવગોચર થયું છે એ બધાને અનુભવ એકસરખો છે. આમ શ્રદ્ધા અને જ્ઞાન અને એનો વિષય એકસરખો હોવા છતાં બધાનો પુરુષાર્થ એકસરખો નથી. બધાનો પુરુષાર્થ એકસરખો નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ એ દૃષ્ટિનો જ પુરુષાર્થ થયો ને?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે શું છે કે જ્યારે પુરુષાર્થ ઉગ્ર થાય છે ત્યારે દૃષ્ટિના વિષયભૂત પદાર્થ ઉપરનું જોર વધે છે, વીર્યગુણનું પરિણમન તીવ્ર થાય છે. ત્યારે એ વિષય દૃષ્ટિનો સુવાંગ હોવાથી-એમાં વિભાગ નહિ પડતો હોવાથી એમ કહેવાય છે કે દૃષ્ટિનું ઘણું જોર છે આને. ખરેખર તો પુરુષાર્થનું જોર છે. દૃષ્ટિ તો બધાની સરખી જ છે પણ પુરુષાર્થનું જોર ઘણું છે ત્યાં. દૃષ્ટિનું જોર ઓછું-વત્તુ હોય છે એ તો બોલવાની વ્યવહાર પદ્ધતિ છે. એક ગુણના પરિણમનને બીજા ગુણ ઉપર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

પુરુષાર્થ ક્યાં કામ કરે છે? કે જે દૃષ્ટિનો વિષયભૂત પદાર્થ છે ને ત્યાં કામ કરે છે. એટલે દૃષ્ટિનું જોર કહે છે. કેમકે પુરુષાર્થ જ્યારે સ્વદ્રવ્યનો આશ્રય કરે, ત્રિકાળીનો આશ્રય કરી, પરમાત્મતત્ત્વનો, ત્યારે જ વીર્યગુણમાં જોર વધે છે. ત્યાં સુધી વીર્યગુણમાં જોર આવતું નથી. જેટલું પુરુષાર્થનું પરિણમન અન્ય પદાર્થને વિષે કે રાગ બાજુ જાય છે એટલી અશક્તિ વધે છે પરિણામમાં. પરિણામમાં એટલી અશક્તિ વધે છે.

મુમુક્ષુ :- સીમંધર સ્વામીના પુરુષાર્થમાં...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ખામી નથી. પુરુષાર્થમાં અનંત વીર્ય પ્રગટ્યું છે. પણ જે પૂર્વે નિબંધન કર્યું છે એમાં ફેરફાર કરવાનો કોઈ અધિકાર સીમંધરસ્વામીનો પણ નથી.

મુમુક્ષુ :- તેરમામાંથી ચૌદમામાં નથી આવતા તો.. એમને ચિંતા પણ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતાનો તો પ્રશ્ન જ નથી. પણ પુરુષાર્થના કાર્યક્ષેત્રની મર્યાદા પોતા પૂરતી છે. એક પરમાણુમાં પણ એનું કાર્યક્ષેત્ર નથી. એટલે એમનો પુરુષાર્થ હીણો છે કે એક પરમાણુને ન ચલાવી શકે? એક પરમાણુને પણ ફેરવી ન શકે? નહિ. એ તો એમ કહે છે કે આ વાણી નીકળે છે ને એને અમે નથી કરી શકતા. કરતા નથી એમ નહિ, કરી શકતા જ નથી અમે. એ અમારી અશક્તિ ગણો કે શક્તિ ગણો એ તમારા ઉપર છોડીએ છીએ. પણ અમે નથી કરી શકતા એ વસ્તુની સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ છે એ તો. પછી એમાં ઓછા-વત્તા પુરુષાર્થને કાંઈ જોવાનો પ્રશ્ન રહેતો નથી. પુરુષાર્થ તો ત્યાં અનંત વીર્ય પ્રગટી ગયું છે અને એ પુરુષાર્થનો પ્રશ્ન ત્યાં લાગુ પડતો નથી.

મુમુક્ષુ :- એ ગુણની તત્ સમયની યોગ્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિષય સાવ જુદો છે. એ વિષય તો સાવ જુદો છે. એને કેમ સમ્યક્ પ્રકારે લેવું? અને સમ્યક્ પ્રકાર ન લેવાય તો કેમ સ્વચ્છંદ થઈ જાય? બેય પડખેથી એ વાત જરા વિચારવા જેવી છે. પણ વિષયાંતર થઈ જાય એટલે અત્યારે નથી લેતા. પછી ફરી કોઈ વાર લેશું.

'**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે,...**' એમ કહીને મોક્ષમાર્ગને વિષે દ્રવ્યદૃષ્ટિ પ્રધાનપણે કાર્ય કરી રહી છે બીજા ગુણો કરતાં અથવા પૂર્ણપણે કાર્ય કરી રહી છે બીજા ગુણોની માફક, એનું કાર્ય વહેંચાયેલું નથી એમ બતાવવું છે. અને જગતમાં પણ કોઈ કોઈને પૂરેપૂરો વફાદાર હોય અને કોઈ અધકચરો વફાદાર હોય તો વિશ્વાસ કોના ઉપર મૂકશે? પૂરો વફાદાર હોય એના ઉપર મુકશે ને? અધકચરો છે

એને કામ સોંપશે? જવાબદારીનું કામ કોને સોંપશે? આ પૂરો વફાદાર છે. એમ દૃષ્ટિ છે એ દ્રવ્યની પૂરી વફાદારી કરે છે, પૂરેપૂરી વફાદારી કરે છે. હજી જ્ઞાન-આચરણ અને પુરુષાર્થ થોડાક થોડાક બહાર જાય છે અને એનો દૃષ્ટિ નિષેધ કરે છે અથવા એનો આત્મા પોતે નિષેધ કરે છે એમ કહીએ તો ચાલે. એટલે પણ દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે એમ કહેવાય. બીજાની ભલે મદદ હોય તો પણ એના પ્રમાણમાં છે, અહીંયાં પૂરેપૂરી મદદ છે. એકનું સમર્પણ પૂરું છે, એકનું સમર્પણ આંશિક છે. બે વચ્ચેના સમર્પણમાં ફેર છે. એમ જોઈને પણ એમ કહેવાય છે કે મોક્ષમાર્ગને વિષે દ્રવ્યદૃષ્ટિથી જ આગળ જવાય છે. એમ કહેવાની પાછળ હેતુ છે.

'**દ્રવ્યદૃષ્ટિ કરવાથી જ આગળ જવાય છે, શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી.**' જો કે જેને શુદ્ધ પર્યાય છે તેને તો શુદ્ધ પર્યાયની કે અશુદ્ધ પર્યાયની કોઈ પર્યાયની દૃષ્ટિ હોતી નથી. જો શુદ્ધ પર્યાયની ન હોય તો અશુદ્ધ પર્યાયની તો ચર્ચા કરવાનો પ્રશ્ન નથી. કેમકે પર્યાયની દૃષ્ટિ થાય એટલે પર્યાયમૂઢાः પરસમયાः થઈ જાય છે. ત્યાં પર્યાય શુદ્ધ ન રહે. શુદ્ધ પર્યાયની દૃષ્ટિ કરવા જાય ત્યાં પર્યાય સર્વથા અશુદ્ધતાને પામે. પર્યાયમાં શુદ્ધતા ન રહે.

એટલે શુદ્ધ પર્યાયોનો મહિમા કરાય છે. કેમકે તે અધ્યાત્મ પર્યાયો છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધદશા સુધીની જે જે અધૂરી કે પૂરી શુદ્ધ પર્યાયો છે, કેવળજ્ઞાન આદિ શુદ્ધ પર્યાયો, પૂર્ણ શુદ્ધ પર્યાયો છે, તોપણ એનો મહિમા છે એની મર્યાદા એ છે કે એ દૃષ્ટિને એને વિષય કરવા લાયક નથી. એ મર્યાદા રાખીને અપેક્ષિત વાત કહી છે એમ સમજવું જોઈએ.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાય એટલે દ્રવ્યની જાતિની પર્યાય એમ લેવું?

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્યની જાતિની પર્યાય છે. મલિનતા રહિતની પર્યાય છે, વિપર્યાસ રહિતની પર્યાય છે, દુઃખ રહિતની પર્યાય છે તોપણ એની મહત્તા છે એ મહત્તા કરતા કરતા મુમુક્ષુજીવને તો ત્યાં ચેતવ્યો છે કે તને હજી જ્યાં સુધી પર્યાયની એકતા અને પર્યાયદૃષ્ટિ રહી છે ત્યાં સુધી આ મર્યાદા બાજુ તારું લક્ષ જો ન રહે તો તને પર્યાયદૃષ્ટિ વધારે મજબૂત થવાનો આ અધ્યાત્મ પર્યાયોની મહત્તા નુકસાન કરશે.

ફરીથી. અધ્યાત્મ પર્યાયોની મહિમા તો દર્શનમોહને મંદ કરનારી છે. જો જીવને યથાર્થ પ્રકારે અધ્યાત્મ પર્યાયોનો મહિમા આવે, સમ્યગ્દર્શનનો મહિમા આવે, સમ્યગ્દૃષ્ટિનો મહિમા આવે, મુનિનો મહિમા આવે, સર્વજ્ઞદેવનો મહિમા આવે. કેમકે બધી અધ્યાત્મ પર્યાયોવાળા જીવો છે અને પર્યાય તો કોઈ વખત કોઈ દ્રવ્ય વગરની

રહેતી નથી. વ્યકિત વગરની રહેતી નથી. એટલે પર્યાય સાથે પર્યાયવાનની પણ મહત્તા કરવામાં આવે છે. કેમકે એકલી પર્યાય તો જુદી ક્યાંય મેળવી શકાતી નથી કે જોઈ શકાતી નથી. તો ત્યાં ત્યાં એમ કહેવામાં આવે છે કે આ પર્યાયોની મહત્તા કરવામાં તારું જે પર્યાયનું એકત્વબુદ્ધિનું પરિણમન અથવા પર્યાયદૃષ્ટિનું પરિણમન જે ચાલુ છે એને બળ ન મળે એટલી સાવધાની રાખીને મહત્તા કરજે. અથવા એ મહત્તા કરવા જતાં, એ કેવી રીતે થશે? એક કોરથી પર્યાયની જીવને મહત્તા આવે છે અને બીજી કોરથી એની દૃષ્ટિ ન થાય એવી વાતની સાવધાની રાખવી ઈ કેમ કરવું ? થોડો સૂક્ષ્મ પ્રશ્ન થઈ જાય છે. તો કહે છે, ત્રિકાળીના દ્રવ્યના જોરમાં રહીને કરવું. પછી તને દોષ નથી.

મોટાનો આશ્રય લઈશ તો તને વાંધો નથી. પણ એનો આશ્રય છોડી (મહિમા કરવાની વાત નથી). ત્રિકાળીનું જોર કરવા માટે એનો મહિમા છે. એ ત્રિકાળીનું નિત્યનું જોર છૂટી જાય અને એકલા અનિત્ય અંગનો જો મહિમા થાય તો તને જે દર્શનમોહ ઘટવાનું કારણ છે એ જ તને દર્શનમોહ વધવાનું કારણ થશે, બીજું કાંઈ નહિ થાય. લગભગ દર્શનમોહના પ્રકરણને વિષે આ એક પરિસ્થિતિ અનેક જગ્યાએ રહી છે.

જેમકે શાસ્ત્ર. સત્શાસ્ત્ર તો દર્શનમોહને તોડવાનું એક નિમિત્ત છે. કેમકે એમાં દર્શનમોહ કઈ રીતે તૂટે અને નિર્મોહિ-મોહરહિત પરમાત્મા કેવો છે એ બેય વાત એની અંદર છે-સત્શાસ્ત્રને વિષે. એટલે દર્શનમોહ નાશ પામવાનું નિમિત્ત છે. પણ જો અનુચિત પ્રકારે એ શાસ્ત્રનું અધ્યયન થાય તો દર્શનમોહને એ વધારે, ઘટાડવાને બદલે વધારે. આ પરિસ્થિતિ ઊભી થાય. આ પરિસ્થિતિ ઊલટી ઊભી થાય. સુલટી ન થાય તો ઉલટી થાય. એવા અનેક સ્થાનો છે કે જ્યાં દર્શનમોહ ઘટવાનું યથાર્થ પ્રકારે કારણ સેવ્યું હોય તો સેવી શકાય. અયથાર્થતા ઊભી થાય તો વધી જાય. એટલે સંભાળીને ગંભીરતાથી, વિષયની ગંભીરતા સમજીને પોતાના હિત-અહિતની ગંભીરતા સમજીને આ વિષયની અંદર પ્રવેશ કરવા જેવું છે.

મુમુક્ષુ :- અનુચિતપણે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- અનુચિતપણે એટલે અયથાર્થપણે. જેમકે આ જ વિષયમાં લઈએ કે અધ્યાત્મ પર્યાયો તો મહત્તા કરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન તો મહત્તા કરવા યોગ્ય છે, પૂજા કરવા યોગ્ય છે, વંદન કરવા યોગ્ય છે, સ્તુતિ કરવા યોગ્ય છે, પ્રશંસા કરવા યોગ્ય છે. ઘણાં શબ્દો... તો એ વાત ત્રિકાળીના જોરના અર્થે છે. પોતાનું ત્રિકાળી બાજુનું જોર વધી જાય એટલા માટે એ વાત છે. એનું જોર છૂટીને માત્ર જો

થાય તો જોખમ છે પાછું. એ જ વાતનું જોખમ એટલું જ છે પાછું. એમ છે.

એટલે અધ્યાત્મનો અભ્યાસ કરનારા પણ કોઈ વખત અન્ય માર્ગે ચાલ્યા છે એનું આ કારણ છે. આવી સૂક્ષ્મતા છે એ ધ્યાનમાં નથી હોતી. કેવળ અધ્યાત્મનો અભ્યાસ કરનારા, હોં! આગમનો અભ્યાસ કરનારાની વાત જુદી છે પાછી. કેમકે એમાં તો આટલો વિષય પ્રયોજનભૂતનો નથી. એમાં તો વસ્તુ વ્યવસ્થાની જે-તે અનુયોગ હોય એ અનુસારનો આગમના સિદ્ધાંતો છે. અધ્યાત્મ સિદ્ધાંતો અને અધ્યાત્મની પર્યાયોમાં પણ આ વિષય થોડો ત્યાં Redlight મૂકવા જેવો વિષય છે. એ વિષય 'સોગાનીજી'એ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં વિશેષપણે લીધો છે.

અહીંયાં પણ થોડું એ કહેવું છે એક વાક્ય કહીને કે '**શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી.**' શુદ્ધ પર્યાય અધ્યાત્મ પર્યાય છે. દૃષ્ટિ વિષય નથી કરતી. જ્ઞાન વિષય કરે છે. જ્ઞાનમાં એની મહત્તા અને ગુણ ઉઘડેલા જણાય છે. ખ્યાલ આવે છે કે અશુદ્ધિ મટી, શુદ્ધિ થઈ, આગળ વધ્યો. તેમ છતાં પણ તેમાં એકત્વ થવાની વાત નથી. એટલી મોકળાશ રાખીને, એટલી જગ્યા રાખીને પ્રશંસા થાય છે. અથવા તો ત્રિકાળીની પ્રશંસા કરવા અર્થે જે શુદ્ધ પર્યાય ત્રિકાળીની સેવા કરે છે એની પ્રશંસા કરીએ છીએ.

જેમકે કોઈ એમ કહે કે અમે તો 'ગુરુદેવ'ના દાસાનુદાસ છીએ. શું કહે? 'ગુરુદેવ'ની ભક્તિ કરીએ ત્યારે? કે અમે તો 'ગુરુદેવ'ના દાસાનુદાસ છીએ. તો કહે, એના કોઈ દાસ એટલે એના સેવા કરનારા હોય એને પણ અમે તો મહત્તા આપીએ છીએ. 'ગુરુદેવ'ની મહત્તા આપીએ છીએ એટલું જ નહિ પણ 'ગુરુદેવ'ની સેવા કરનારને અમે મહત્તા આપીએ છીએ. કેમ? કે 'ગુરુદેવ'ની મહત્તા છે એની અંદર. વેવાઈને ત્યાંથી પટ્ટાવાળા સમાચાર લઈને આવે તો એને ચા-પાણી-નાસ્તો સરખો કરાવે. પટ્ટાવાળો પછી ભલે ગાંજ્યો હોય પણ પટ્ટાવાળાને કાંઈ માન નથી દેતા. એ વેવાઈને માન દે છે. તો લક્ષ એનું વેવાઈ ઉપર છે. પટ્ટાવાળા ઉપર નથી. તો યથાર્થ છે. પણ એકલું પટ્ટાવાળાનું માખણ કરીને લઈ લે તો? તો એને કાંઈ ખબર પડતી નથી. એને કાંઈ ખબર પડતી નથી.

એમ દ્રવ્યની મહત્તા દ્રવ્યની સેવા કરનાર જે પર્યાય છે એની મહત્તા કરવાનું કારણ દ્રવ્યની મહત્તા કરવી છે. પણ દ્રવ્યની મહત્તા છૂટી જાય તો? તો કહે છે તું પર્યાયની મહત્તા કરે છો. તારું ઠેકાણું નથી એ પર્યાયની મહત્તા કરવાનું. એ અનુચિત રીતે છે, અયથાર્થ રીતે છે, એ રીતે ન કરી શકાય.

મુમુક્ષુ :- એવો જ કાગળ લઈને Postman આવ્યો હોય તો એને ન દે.

પૂજ્ય ભાઈશ્રી :- એને ન દે. કેમકે એને ત્યાં નોકરી કરે છે. એ તો Practical વાત સમજાય એવી છે કે નહિ? કે નથી સમજાય એવી?

'શ્રીમદ્‌જી'એ બહુ લખ્યું છે કે જે સત્પુરુષની ભકિત કરે છે એવા ભકિતમાનની અમને ભકિત કરવાનો ભાવ થાય છે. શું કહે છે? સત્પુરુષ પ્રત્યે એટલું બધું એમણે લીધું છે કે જે સત્પુરુષની ભકિત કરે છે એવો જે ભકિતમાન એની ભકિત કરવાનું અમને મન થાય છે. એ દાસાનુદાસ કહો કે એમ કહો. એક જ વાત છે.

મુમુક્ષુ :- એમ આવે કે નહિ કે 'ગુરુદેવશ્રી'ની ભકિત કરીએ છીએ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ. ખરેખર તો Practically તો એમ જ થાય. કેમકે વેવાઈના પટ્ટાવાળાને કાંઈ એમ ને એમ જવા દેતો નથી. વેવાઈના Office ના પટ્ટાવાળાને કાંઈ એમ ને એમ કાઢી મૂકતો નથી. ...પછી ... પહેલા તું બેસ. Officeમાં તો માણસને કહી દે કે ચા-નાસ્તો બરાબર સારું (કરાવી દેજો). ફલાણા ભાઈ આવ્યા છે એમ ન કહે, આપણા વેવાઈને ત્યાંથી ફલાણાભાઈ આવ્યા છે એમ જરાક કહે. ઠીક! વેવાઈ શ્રીમંત હોય, મોભાદાર હોય તો પછી એના પ્રમાણમાં બધું કરે. પ્રયોજનમાં તો અક્કલ ચાલે છે જીવની. અહીંયાં ભૂલ ખાય છે. અહીંયાં ભૂલ ખાય છે તો એનું નુકસાન થાય છે. ભૂલ કરે એટલું નુકસાન થાય એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના જ્ઞાનને પકડે એ જ સાચી જ્ઞાનીની ભકિત ખરી?

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એ જ્ઞાનને ન પકડે તો એનું સ્વરૂપ કેવી રીતે ઓળખશે? જો જ્ઞાનીના જ્ઞાનને ન ઓળખે તો જ્ઞાનીનું સ્વરૂપ કેવી રીતે સમજાણું? એ તો ઓઘસંજ્ઞાએ જ્ઞાની માન્યા છે એણે. ઓઘસંજ્ઞાએ માનવાથી તો એને જે લાભ થવો જોઈએ એ તો ન થાય.

મુમુક્ષુ :- એ સહજ ભકિત આવી. જ્ઞાનને પકડે તો જ્ઞાનીની સહજ ભકિત આવે.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી ભકિત આવે. ઓલી સાચી નથી, હજી ઓઘે ઓઘે છે. સાચી ભકિતની જરૂર છે. ઓળખીને ભકિત થવાની જરૂર છે તો એની એવી ભકિત આવશે, એનો રસ જ જુદો આવશે. ઓઘસંજ્ઞામાં બીજો રસ આવે છે અને ઓળખીને બીજો રસ આવે છે. બે વચ્ચે રસ ફરી જાય છે આખો. રસની જાત ફરી જાય છે એટલે એનો લાભ પણ જુદો છે.

હવે એ ચોખવટ કરી છે કે '**શુદ્ધ પર્યાયની દૃષ્ટિથી પણ આગળ જવાતું નથી. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર શુદ્ધ અખંડ દ્રવ્ય સામાન્યનો જ સ્વીકાર હોય છે.**' કેવળજ્ઞાન

પર્યાયને પણ દ્રવ્યદૃષ્ટિ સ્વીકારતી નથી. કેવળજ્ઞાન હોય છે એને પણ. ન હોય એને તો પ્રશ્ન નથી પણ જેને કેવળજ્ઞાન હોય છે એની દ્રવ્યદૃષ્ટિ કેવળજ્ઞાનને સ્વીકારતી નથી. આવું કામ દ્રવ્યદૃષ્ટિનું છે. એની ઓળખાણ આપે છે, કાર્યપદ્ધતિ સમજાવે અને શા માટે એની મહત્તા વિશેષ છે એ પણ એમાંથી નીકળે છે. અને દ્રવ્યનો કેવા પ્રકારે કેટલો, કેવો આશ્રય હોવા યોગ્ય છે એ પણ આમાંથી નીકળે છે, સ્પષ્ટ થાય છે. ૩૨૧ થયો.

જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે, આ પર છે.' દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડવા ઊભી રહેતી નથી. દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે' જ્ઞાન બધોય વિવેક કરે છે. ૩૨૨

૩૨૨. દૃષ્ટિ જે જ્ઞાનીને ઉત્પન્ન થઈ છે. એ જ્ઞાનીની વાત દૃષ્ટિ સાથે જ્ઞાન કામ કરે છે એમ સાથે લઈને થોડી વિશેષ ખુલાસાવાળી વાત કરે છે, જ્ઞાનદશાને સમજાવતા.

'**જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી.**' જ્ઞાનીની દૃષ્ટિ પોતાના અખંડ ચૈતન્ય સ્વરૂપમાં ભેદ પાડતી નથી. અથવા એમાં ગુણભેદ અને ધર્મભેદ હોવા છતાં એ દૃષ્ટિને વિષયગત થતા નથી. દૃષ્ટિનું એ કામ નથી. આ 'જામનગર'માં ઊંચામાં ઊંચુ શું મોતીચુરના લાડુ બનાવે છે. અડદિયાના ... એ ખાતા ખાતા આમાં કેટલું ઘી નાખ્યું છે? કેટલું કેસર નાખ્યું છે? કે કેટલી બદામ નાખી છે? એનો વિચાર કરે નહિ. જો આનંદ લેવો હોય તો એનો વિચાર ન કરે.

હીરાનો દસ લાખનો હાર પહેર્યો હોય. અત્યારે દસ હજારની કીંમત નથી. હીરાનો દસ લાખનો હાર ગળામાં પહેર્યો હોય તો એ હીરાના કેવા પહેલ પાડ્યા છે એના વિચાર કરવા રોકાય તો? પહેરવાનો આનંદ ન મળે. પહેરવાનો આનંદ એનો લૂંટાઈ જાય. આનંદ કરવાવાળો વિચાર કરતો નથી. એનો ને એનો લાંબો વિચાર કરતો નથી અને જે એના લાંબા વિચારમાં પડે છે એને આનંદ ઉત્પન્ન થતો નથી.

એવી એક સ્થિતિ દૃષ્ટિની પણ છે કે એ દૃષ્ટિ છે એ અંદરમાં ભેદ હોવા છતાં એ કામ જ્ઞાનને સોંપ્યું. આત્માએ કામ જ્ઞાનને સોંપ્યું છે કે જ્ઞાન એવા વિચાર કરવા હોય તો કરે. તોપણ એ વિચારને એમારું અનુમોદન નથી. ભેદવિચારને અમારું અનુમોદન નથી. એ ભેદવિચાર એની કીંમત વધુ સમજાવવા માટે છે. પણ કીંમત સમજાઈ ગયા

પછી એ ભેદવિચારની જ્ઞાનને પણ જરૂર રહેતી નથી. જ્ઞાન પણ ત્યાં વિચાર કરતું બંધ થઈ જાય છે. એટલે મોક્ષમાર્ગની અંદર બે વાત લીધી છે. નયચક્રની અંદર 'રહસ્યપૂર્ણ ચીઠ્ઠી'માં ૨૬૬ નંબર ગાથામાં ઉદ્ધારણ કર્યું છે 'ટોડરમલજી'એ કે યુક્તિમાર્ગથી પ્રથમ તો આત્માને ઓળખવામાં આવે છે. નિર્ણય કરવામાં આવે છે ત્યાં યુક્તિ માર્ગ છે. યુક્તિ માર્ગ એટલે? એમાં શું શું ભેદ-પ્રભેદ છે તે. પણ અનુભવ કાળે કાંઈ નથી. કેમકે ત્યાં તો પ્રત્યક્ષ આત્મા છે એનો અનુભવ છે. ત્યાં કાંઈ યુક્તિમાર્ગની જરૂર નથી. તો એ વાત એમણે નયચક્રમાં બે પદ્ધતિ લેવી હતી ને? પહેલા જ્ઞાનથી ઉપડે છે અને પછી દૃષ્ટિથી આગળ વધે છે. ઉપડે છે જ્ઞાનથી અને દૃષ્ટિથી આગળ વધે છે. તો જ્ઞાનમાં એ બધું ઓળખવા માટે બધું ચાલે છે. કેમકે એ જ્ઞાનનો અધિકાર છે. એ જ્ઞાનનું મૂળભૂત કાર્ય છે. પ્રયોજભૂત કાર્ય છે કે વસ્તુને ઓળખવી, વસ્તુને નક્કી કરવી, વસ્તુનું મૂલ્યાંકન કરવું એ જ્ઞાનનું કાર્ય છે. પછી વસ્તુનો ભોગવટો કરવો એમાં દર્શન, જ્ઞાન, આનંદ વગેરે અભેદ થઈને એવી રીતે વસ્તુને ભોગવે છે કે એની અંદર કોઈ ગુણભેદ ઉત્પન્ન ન થાય. ઉત્પન્ન થાય તો રંગમાં ભંગ પડે. તો એને ખરેખરો રંગ પરિણમનને ચડતો નથી. એ બહુ સ્વાભાવિક છે.

મુમુક્ષુ :- જ્ઞાન અને દૃષ્ટિની સંધી અહીંયાં લગાડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં સંધી છે. જ્ઞાન ત્યાં વિચાર કરતું બંધ થાય છે. ભેદ પાડતું બંધ થઈ જાય છે. પહેલા તો ઓળખે છે ત્યારે ઓળખવામાં જ્ઞાન કામ કરે છે. નિર્ણય કાળે એને અન્વેષણ કાળ કીધો છે. નિર્ણય કાળને અન્વેષણ કાળ (કહે છે). આચાર્ય .. 'ધવલ' નો ગ્રંથ છે. બહુ સુંદર ગ્રંથ છે. નયચક્ર મોટું. તો એને અન્વેષણ કાળ કીધો. તચ્ચ અન્વેષણ કાળે. તત્ત્વના અન્વેષણ કાળમાં યુક્તિ મગ્ગેણ-યુક્તિમાર્ગથી જોવામાં આવે છે તત્ત્વને. ણો આરાહણ સમયે. એનું આરાધન કરવું છે, આરોહણ કરવું છે. એની આરાધના કરવી છે. ણો આરાહણ સમયે. એ પ્રકાર આરાધન સમય નથી હોતો. કેમ? કે .... ત્યાં પ્રત્યક્ષ આત્મા છે. ત્યાં આત્મા પ્રત્યક્ષ થઈ ગયો પછી ત્યાં એ પ્રકાર ઉત્પન્ન થતો નથી. અન્વેષણ કાળની વાત જુદી છે, આરાધન કાળની વાત જુદી છે.

આ બે તબક્કાને જેમ છે એમ ન સમજે તો જ્ઞાન-દર્શનનો ગોટો એને કોઈ દિવસ ઉકલે નહિ. શ્રદ્ધા આમ ને જ્ઞાન આમ? શ્રદ્ધા આમ કરે અને જ્ઞાન આમ કરે? શ્રદ્ધા આવી રીતે કામ કરે અને જ્ઞાન આવી રીતે કામ કરે? અહીંયાં પણ કહેશે કે જ્ઞાન ભેદ પાડશે. સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે આ ચૈતન્યના ભાવો છે અને આ પર છે. દૃષ્ટિ નહિ. દૃષ્ટિ એવો વિવેક ન કરે અને જ્ઞાન વિવેક કરે તો દૃષ્ટિ અવિવેકી છે? નહિ, દૃષ્ટિને

પરમ વિવેક વર્તે છે. દૃષ્ટિ પહેલા આખી પરને ચોંટી હતી એ ઉખડીને આખી સ્વને ચોંટી. એણે પરમ વિવેક કરી લીધો છે. હજી જ્ઞાન પર બાજુ જાય છે તો વિવેક કરે છે કે આ પર છે એમ વિવેક કરી લે છે સમ્યક્‌જ્ઞાન. તો કહે છે કે પણ એ વિવેક કરવા એટલું પણ શું કરવા પર બાજુ જાય છે?

માણસ એમ કહે છે ને કે હું પર બાજુ જાઉં છું પણ પરનો વિવેક કરીને જાઉં છું. તો કહે પણ એટલી પણ જરૂર નથી. એકલો સ્વ બાજુ આવી જાને એમ કહે છે. દૃષ્ટિ એમ કહે છે કે એકલો સ્વ બાજુ આવી જા ને. જ્ઞાનને કહે છે. વાત તો ઠીક છે તારી. તારી વાતને અમે અનુસરવા માગીએ છીએ પણ હજી એટલી કચાશ છે. પણ છતાં વિવેક રાખ્યો છે એટલે બીજું બધું મોટું નુકસાન નહિ થાય. બાકી જેટલું પરસન્મુખ જવાય છે એટલું તો નુકસાન છે, છે ને છે જ. એમાં તો કાંઈ બચાવ કરવાનો વિષય રહેતો નથી. વિવેકને બહાને પણ બચાવ કરવાનો વિષય નથી. વિભાવ છે તે વિભાવ છે અને સ્વભાવ છે તે સ્વભાવ છે. વિભાવમાં સ્વભાવ નથી, સ્વભાવમાં વિભાવ નથી. એટલી વાત તો ચોખ્ખે ચોખ્ખી હોવી જોઈએ. ગુણમાં દોષ નથી, દોષમાં ગુણ નથી, લાભમાં નુકસાન નથી, નુકસાનમાં કદી લાભ નથી. એ ચોખ્ખું હોવું જોઈએ.

'**જ્ઞાનીની દૃષ્ટિ...**' સમય થઈ ગયો છે. વિશેષ લઈશું...

જે પુરુષ / આત્મા, અશુદ્ધતાનું નિમિત્ત એવું જે પરદ્રવ્ય, તેમાં અજ્ઞાનભાવે થતુ મમત્વ, તેનો સ્વરૂપજ્ઞાનપૂર્વક અભાવ કરી, પોતાના શુદ્ધાત્મ સ્વરૂપમાં લીન થાય છે, તે પુરુષ નિયમથી સર્વ અપરાધોથી રહિત થયો થકો, બંધનો નાશ કરીને, સદા પ્રકાશમાન થયો થકો, આત્મજયોતિ વડે નિર્મળપણે ઉછળતો જે ચૈતન્યરૂપ અમૃતનો પ્રવાહ, તેનાથી જેનો પૂર્ણ / અનંત મહિમા છે એવો મહિમાવંત થતો થકો, મુક્ત થાય છે. આ મુક્ત થવાનો પ્રક્રમ છે. (સ.સાર.ક. -૧૯૧)

('અનુભવસંજીવની' બોલ નં.૪૭૧)

તા. ૨૭-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૨૨,૩૨૩
પ્રવચન નં. ૨૪૯

'બહેનશ્રીના વચનામૃત'-૩૨૨. પાનું-૧૦૮. જ્ઞાનદશામાં શ્રદ્ધાન અને જ્ઞાન પરિણમન કરે છે. એ બંનેનું પરિણમન કેવા પ્રકારનું છે એ આ બોલનો વિષય છે.

'**જ્ઞાનીની દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી.**' દૃષ્ટિ છે એનું ભેદ પાડવાનું પોતાના ગુણ સ્વભાવનું કાર્ય નથી. દૃષ્ટિનો પરિણમવાનો સ્વભાવ અથવા પોતાનો ગુણ સ્વભાવ જ્યાં પણ પરિણમન કરે ત્યાં ભેદ પાડવાનો તેનો સ્વભાવ નથી. અહીંયાં જે અભેદ સ્વરૂપ સાથે-નિર્દેભ સ્વરૂપ સાથે અભેદભાવે ભેદ પાડ્યા વિના દૃષ્ટિ પરિણમી રહી છે ત્યાં ગુણભેદ વિષયગત થતા નથી. દૃષ્ટિને ગુણભેદ, પર્યાયભેદ, દ્રવ્યભેદ એવું કાંઈ પણ વિષયગત થતું નથી.

જ્યારે તે જ કાળે પરિણમતું, સાથે પરિણમતું જ્ઞાન એ સાથેનું જ્ઞાન કહ્યું. સાથે પરિણમતું એવું જ્ઞાન... '**સાથેનું જ્ઞાન વિવેક કરે છે...**' અથવા એમ જાણે છે કે '**આ ચૈતન્યના ભાવો છે, આ પર છે.**' જ્ઞાનનો વિષય સ્વ અને પર બંને હોવાથી તે વિવેક કરે છે. એવો અર્થ એમાંથી ન કાઢી શકાય કે દૃષ્ટિને વિવેક નથી. એવો અર્થ એમાંથી ન કાઢી શકાય. કેમ ન કાઢી શકાય? કે જે પરને વિષય કરતી નથી. પછી આ પર છે એમ ક્યાં કહેવાનું રહ્યું? એનું તો સર્વ સમર્પણ સ્વદ્રવ્યની સાથે છે અને એ જ દૃષ્ટિનો પરમ વિવેક છે. એ દૃષ્ટિનો-શ્રદ્ધાનો પરમ વિવેક છે કે એ જરા પણ પોતાના પરમેશ્વરપદ સિવાય, નિજ પરમેશ્વર સિવાય, નિજ પરમાત્મા સિવાય ક્યાંય પણ કોઈનો પણ આશ્રય લેતી નથી. પરમાત્માના ચરણમાં પોતાનું સર્વસ્વ જેણે સમર્પણ કર્યું છે એ દૃષ્ટિ પરમપદ સાથે લપેટ થઈને, અભેદ થઈને રહે છે. એટલે એને તો આ પર છે કે આ પર નથી એ વિષય કાંઈ એની કાર્ય કરવાની પદ્ધતિમાં આવતો નથી.

મુમુક્ષુ :- આ ... મહાવિવેક કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ એક જ ગુણ એવો છે કે મોક્ષમાર્ગની શરૂઆતથી જઘન્ય દશાથી પૂરેપૂરું સવળું પરિણમન એનું કામ કરવા લાગી જાય છે અને પ્રયોજનભૂત કાર્ય, દરેક ગુણ પોતાનું પ્રયોજનભૂત કાર્ય અધૂરું કરે એના કરતા પૂરું કરે એ વધારે યોગ્ય જ છે. સીધી વાત છે. વળી એનો સ્વભાવ જ અધૂરું કામ કરવાનો નથી, અધૂરું પરિણમન કરવાનો એનો સ્વભાવ નથી. તેથી પહેલેથી એ ગુણ એ રીતે કામ કરતો થઈ જાય છે.

'સાથેનું જ્ઞાન વિવેક કરે છે કે 'આ ચૈતન્યના ભાવો છે,...'' સાથેનું જ્ઞાન પોતામાં પરને જાણતાં પરને પોતામાં ભેળવતું નથી. પરને પરના સ્થાનમાં જાણે છે, પરને પર તરીકે જાણે છે અને તેથી પરને જાણવાનો એને દોષ લાગતો નથી. પરસન્મુખ થવાનો વિભાવ જુદી વાત છે. પરનું જાણવું તે બીજી વાત છે. એટલે એને અહીંયાં વિવેક કહ્યો છે કે **'આ ચૈતન્યના ભાવો છે,...'** અથવા આ સ્વભાવના ભાવો છે, આ આત્માના ભાવો છે અને **'આ પર છે.'** એમ જ્ઞાનનું પરિણમન એવા પ્રકારે પરિણમે છે. દૃષ્ટિનું પરિણમન એવા પ્રકારે પરિણમતું નથી. ગુણોને પરિણમવાનો પોતપોતાનો વિશિષ્ટ પ્રકાર છે. પોતાના ગુણ અનુસાર બન્ને પરિણમે છે. અલબત્ત જ્ઞાન અધૂરું છે એ વાત સ્પષ્ટ છે. તોપણ એની જાતિ સમ્યક્ જાતિ છે, કેવળજ્ઞાનની જાતિ છે. એ જાતિ બદલાયેલી છે તેથી તે જ્ઞાનમાં વિભાવ ઘટતો જાય છે. પરસન્મુખતા એની ઘટતી જાય છે અને સ્વભાવમાં આવવાનો ઉપયોગ ઉપર ઉપરના ગુણસ્થાને વધુને વધુ સ્વભાવમાં આવવાનો ઉપયોગ એનો થતો જાય છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને તો દૃષ્ટિ પ્રગટી નથી તો એ કેવી રીતે ...?

પૂજ્ય ભાઈશ્રી :- એને તો પહેલા જ્ઞાનથી જ્ઞાનલક્ષણ દ્વારા પોતાના જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખવાનો છે. પહેલી એની ઓળખાણ કરવાની છે, પહેલો એને સ્વસ્વરૂપનો નિર્ણય કરવાનો છે અને એ સ્વસ્વરૂપનો નિર્ણય થતાં એના પરિણામ સ્વભાવ સન્મુખ થશે. એનો દર્શનમોહ એકદમ ગળી જશે અને સ્વભાવ સન્મુખના પરિણામમાં જ્ઞાનમાં એનું મૂલ્યાંકન થશે કે મારું પરમતત્ત્વ કેટલું મહાન છે! અને એનો જ્ઞાનમાં મહિમા આવશે. શેમાં મહિમા આવશ? જ્ઞાનમાં એનો મહિમા આવશે. રાગમાં આવશે એ સાધારણ વાત છે પણ જ્ઞાનમાં આવશે તે અસાધારણ વાત છે.

જ્ઞાનમાં આવ્યા વિના રાગથી મહિમા તો ઘણા કરે છે કે આત્મા મહિમા કરવા જેવો છે, આત્માના ગુણ મહિમા કરવા જેવા છે, આત્માની અધ્યાત્મ પર્યાયો મહિમા કરવા જેવી છે એટલે એનો રાગ કર્યા કરે છે. જ્ઞાનમાં એનું જેવું જેટલું જેવડું સામર્થ્યવંત મહિમાવંત સ્વરૂપ છે એટલું જ જ્ઞાનમાં આવી જાય, પ્રતિભાસમાં આવે, એનો ભાવ ભાસે ત્યારે એને જ્ઞાનમાં કેટલું મહિમાવંત છે એ જણાય એ જ્ઞાનમાં એનો મહિમા થયો, એનું મૂલ્ય થયું અને ત્યારે પરિણામ કોઈ બીજી રીતે કામ કરવા લાગે છે.

એટલે પહેલું મુમુક્ષુએ તો ઓળખાણ કરવાની છે. એ ઓળખાણ થતાં જે જ્ઞાનમાં એનો મહિમા આવશે તે જ્ઞાનમાં સ્વરૂપ નિર્ણયનું જ્ઞાનબળ પણ પ્રગટશે.

જ્ઞાનની મુખ્યતા હોવાથી અને પુરુષાર્થ જલ્દી, સહેલાઈથી સમજાવી શકાતો નહિ હોવાથી એને જ્ઞાનબળ કહેવામાં આવે છે. ત્યાં પુરુષાર્થ પણ-ચૈતન્યવીર્યની સ્ફૂરણા થઈ ગઈ. એટલે પુરુષાર્થ ત્યાં ચાલુ થયો. એ પુરુષાર્થ આગળ વધીને પોતાના સ્વરૂપનો અનુભવ થાય એટલું જોર પકડશે, એટલું બળવાનપણું પ્રગટશે. ત્યારે સ્વાનુભવના કાળમાં જેવો આત્મા પરમ સ્વરૂપ પરમાત્મા અનુભવગોચર પોતે થયો કે હું આવો જ પરમાત્મા છું, એવી જ પ્રતીતિ આવી જશે. જેવો અનુભવમાં આવ્યો તેવી જ પ્રતીતિ આવી જશે. અને એ પ્રતીતિ આવી એનું નામ સમ્યગ્દર્શન થયું. એને દૃષ્ટિ થઈ એમ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ સ્વદ્રવ્યની નિર્વિકલ્પ સ્વ સ્વરૂપની નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ. નિર્વિકલ્પ પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન છે. એ સ્વાનુભવના કાળમાં સાથોસાથ ઉત્પન્ન થાય છે. ત્યારથી એ ગુણ પૂરેપૂરો સવળું કામ કરવા લાગી જાય છે, પ્રયોજનભૂત કામ કરવા લાગી જાય છે અને તેથી એની વિશિષ્ટતા મોક્ષમાર્ગને વિષે ગણવામાં આવી છે. કાલે ચર્ચા થઈને? સમ્યગ્દર્શનની પૂજા છે, સમ્યક્જ્ઞાનની પૂજા છે અને સમ્યક્ચારિત્રની પૂજા છે. પૂજાના પુસ્તકમાં છે ને પૂજા?

મુમુક્ષુ :- રત્નત્રયની ત્રણ પૂજા જુદી જુદી પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રણે જુદી છે અને ત્રણે ભેગી પણ છે. રત્નત્રયની ત્રણે ભેગી છે અને આ એક એક રત્નની જુદી પણ છે. તો સમ્યક્જ્ઞાન તો હજી અધૂરું જ્ઞાન છે. એ ૩૨૪માં લેશે. અનંતો ફેર છે. પૂર્ણ ક્ષાયિક... છેલ્લી લીટી છે. '**પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે.**' અનંતમા ભાગે છે. જે ગુણ અનંતમાં ભાગે પરિણમે એની શું પૂજા? કેમકે સવળો પરિણમ્યો. જેમ કોઈ નવો નવો જિનમાર્ગમાં પ્રવેશ કરવા આવે તો એનો આદર કરવામાં આવે આવો, ભાઈ! આવો. સારું થયું તમે આ બાજુ આવતા થયા. શું કહે એને? તમે આ માર્ગમાં આવવાનો વિચાર કર્યો બહુ સારો વિચાર કર્યો. એને એટલો બધો Support કરવામાં આવે છે કે જૂનાને એટલું નથી કરવામાં આવતું એટલું નવાને કરવામાં આવે છે. તો સમ્યક્જ્ઞાન થયું. આત્મા ભણી જ્ઞાન વળ્યું તો કહે તારી પૂજા કરીએ અમે. આત્માનું ચારિત્ર પણ અનંતમા ભાગે છે. યથાખ્યાત ચારિત્રની પાસે એ સ્વરૂપાચરણ ચારિત્ર તો અત્યંત જઘન્ય ચારિત્ર છે. એટલું બધું જઘન્ય ચારિત્ર છે કે એને ચારિત્રનું નામ દીધું છે એ બહુ ઓછા જાણે છે. નહિવત્ ચારિત્ર ગણીને એને બહુ નામ દેતા નથી. એની પ્રધાનતા કરતા નથી, મુખ્યતા કરતા નથી તોપણ જે સમ્યક્ચારિત્ર છે એની પૂજા છે.

ત્યારે સમ્યગ્દર્શન તો પૂરેપૂરું શુદ્ધ થઈને પરિણમે છે. એની પૂજા હોય એમાં તો

શું નવીન છે? એની પૂજા તો હોય જ. અધૂરાની પૂજા છે તોપણ જાતિ ફરી એટલે એની પૂજા કરે છે તો પૂરું પરિણમે એની પૂજા ન કરાય? આ તો ગણિતનો સાદો વિષય છે, સીધી રીતે સમજાય એવો વિષય છે. એ વિશેષ મહત્ત્વ છે એનું કારણ એ છે. અને એનું બીજા ગુણોમાં નિમિત્ત થવાનું પણ વિશેષ એક નિમિત્તત્વ પણ એમાં રહેલું છે. એ જોઈને એને ... કહેવામાં આવે છે.

'**દૃષ્ટિ અખંડ ચૈતન્યના ભેદ પાડવા ઊભી રહેતી નથી.**' શ્રદ્ધાન છે એ એવી રીતે વીંટળાઈ જાય છે અખંડ ચૈતન્યની સાથે કે એ ચૈતન્યની અખંડતા સાથે જ એને સંબંધ રાખે છે. ભેદો સાથે દૃષ્ટિને સંબંધ રહેતો નથી. એની સાથે એ સંબંધ પામતી નથી. એવું જ એનું કોઈ કાર્ય છે. અને જ્ઞાન પણ એવું જ દૃષ્ટિને અનુકૂળ પરિણમન કરે, અખંડ ચૈતન્યની સાથે અખંડ ભાવ ધારણ કરે ત્યારે એને શ્રદ્ધા-જ્ઞાનની મૈત્રી કહેવામાં આવે છે. ખંડ પાડે ત્યાં સુધી જ્ઞાનની પ્રવૃત્તિને અનુમોદવામાં આવતી નથી. જે અખંડ છે, જેનો મહિમા અખંડિત છે, જેનો પ્રતાપ અખંડિત છે એને અખંડ ભાવે અનુભવ કર ને. શા માટે એમાં ખંડ ખંડ કરે છે? એમાં ભેદ શા માટે જો છો? ભેદ જોવાનું કોઈ પ્રયોજન નથી. અભેદ ભાવે જ્ઞાનને પણ અનુભવવું તે જ પોતાના સ્વભાવને અનુકૂળ છે. ખંડ ખંડ પાડવો તે પણ એને અનુકૂળ નથી.

મુમુક્ષુ :- વિવેકને બહાને તો જ્ઞાન કરે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિવેક કરે છે તોપણ ત્યાંથી ઘટતું જાય છે. એ પર પ્રવૃત્તિનો ઉપયોગ એનો સમેટાતો જાય છે અને અંતે નિજ સ્વરૂપમાં લીન થઈને રહેવું એ એનું પ્રયોજન છે.

મુમુક્ષુ :- આમ તો જ્ઞાની કે અજ્ઞાની દૃષ્ટિ તો અખંડ જ... સંસારમાં અખંડ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ પર બાજુ છે, પોતાને છોડીને છે. એનો પરિણમવાનો સ્વભાવ તો અખંડપણે જ પરિણવાનો એનો સ્વભાવ છે. ઊલટું કાર્ય કરે ત્યારે પૂરેપૂરું ઊલટું કરે. સૂલટું કરે ત્યારે પૂરેપૂરું સૂલટું કરે. પૂરું ઊલટું કરે તો એનું ફળ ઘણું વિપરીત છે. અથવા ઘણું દુઃખદાયી છે કે એ નિગોદમાં જઈને પડે. એટલું પૂરું ઊલટું થાય તો એ ક્રમશઃ અધઃપતન થતાં થતાં એ નિગોદમાં જઈને પડે. એનું ફળ પણ એટલું આકરું છે. પૂરું ઊલટું છે તો એનું ફળ પણ એટલું આકરું છે. પૂર્ણ સૂલટું થાય તો એનું ફળ પણ એટલું મોટું છે કે સિદ્ધપદને એ પામે. બેય છેડા છે આ બાજુના. એક આ બાજુનો છેડો છે અને એક આ બાજુનો છેડો છે.

'**દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું, આટલી કચાશ તો છે.**'' પોતાના ને પોતાના પરિણમનમાં કેટલું સવળું, કેટલું અવળું એ જોવાનું કામ દૃષ્ટિનું

નથી. એવું સમ્યગ્દર્શન જોવે નહિ. દૃષ્ટિની એ ફરજ નથી, એ ધર્મ નથી, એ કર્તવ્ય નથી, એ એનું કાર્ય નથી કે આટલું પરિણામ સવળું છે, આટલી નિર્દોષતા પ્રગટી છે, આટલી વીતરાગતા પ્રગટી છે અને આટલી કચાશ રહી છે એટલે રાગ રહ્યો છે. જેમ કેરીમાં જેટલી કચાશ તેટલી ખટાશ અને જેટલી પાકી તેટલી મીઠી. 'શ્રીમદ્જી'એ આ દૃષ્ટાંત લીધું. એમ જીવના પરિણામમાં પણ જેટલી કચાશ એટલો રાગ, એટલી ખટાશ, એટલો દોષ અને જેટલું પરિણમન શુદ્ધ થયું છે એટલું પાકુ થયું છે. પાકુ થયું છે એટલું શુદ્ધ થયું છે. એમાં શાંતિની મીઠાશ છે, એમાં આનંદની મીઠાશ છે.

એટલે એ કહે છે, **'દૃષ્ટિ એવા પરિણામ ન કરે કે 'આટલું તો ખરું,...''** જેટલી કચાશ છે, જેટલો રાગાદિ ભાવ છે, જેટલું પરસન્મુખપણું છે એને જ્ઞાન સમર્થન કરતું નથી. જ્ઞાનનું સમર્થન સ્વભાવ બાજુના પરિણમનને છે. જ્ઞાનનું સમર્થન વિભાવને જરા પણ નથી. એ જ્ઞાનનો વિવેક છે. પણ જાણે છે. એટલું જાણવાનું અને એ પ્રકારે જાણવાનું કામ જ્ઞાનનું છે, શ્રદ્ધાનનું નથી એમ સમજવું. એવી રીતે જ્ઞાનમાં સ્પષ્ટ જણાતું હોવાથી પોતે પોતાના દોષનો અભાવ કરતો જાય છે અને પોતાના ગુણની પ્રાપ્તિમાં વૃદ્ધિગત થતો જાય છે. કેમકે આ જ્ઞાનમાં આ પ્રકારનો વિવેક છે.

મુમુક્ષુ :- મુમુક્ષુની દૃષ્ટિ છે એ પૂરીપૂરી ઊલટી...

પૂજ્ય ભાઈશ્રી :- હા. જ્યાં સુધી સમ્યગ્દર્શન નથી થયું ત્યાં સુધી પૂરીપૂરી ઊલટી છે. દૃષ્ટિ તો પૂરીપૂરી ઊલટી છે પણ એમાં તીવ્ર મંદતાનો ફરક પડે છે. મિથ્યાત્વ તીવ્ર થાય તો ગૃહીત સુધી પહોંચે. મિથ્યાત્વ મંદ થાય તો નિર્ણય થવાનો અવકાશ થાય, સ્વરૂપ નિશ્ચય થાય. સ્વરૂપ નિશ્ચય થતા અધિક મંદ થાય તો ઉપશમ થઈ જાય એવી પરિસ્થિતિ ઊભી થાય. તો એને ઉપશમ સમ્યગ્દર્શન પ્રગટે. પ્રથમમાં પ્રથમ જે સમ્યગ્દર્શન પ્રગટે છે એને ઉપશમ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તો એનો દર્શનમોહ દબાઈ જાય અને એટલો દબાઈ જાય કે દર્શનમોહનો ઉદય જ ન રહે. એવી એક સ્થિતિએ પહોંચી શકે છે.

મુમુક્ષુ પણ દૃષ્ટિ ઊંધી છે એટલે એનું કોઈ કાર્ય નથી થતું એવું નથી. એનું કાર્ય પણ દર્શનમોહ પ્રત્યયી અને જ્ઞાન પ્રત્યયી બરાબર થઈ શકે છે. જ્ઞાનમાં સ્વરૂપને ઓળખવાનું કામ છે, જ્ઞાનમાં સ્વરૂપનું મૂલ્યાંકન કરવાનું કામ છે અને જ્ઞાનમાં સ્વરૂપનો મહિમા કરવાનું કાર્ય છે. એમ થતાં એવું જ્ઞાનનું પરિણમન દર્શનમોહ ઉપર પણ નિમિત્ત પડે છે. દર્શનમોહના પરિણમનમાં પણ એ નિમિત્ત પડે છે. અને દર્શનમોહ દબાતો દબાતો એટલો દબાઈ જાય છે કે એકવાર પૂરેપૂરો ઉપશમ થઈ જાય છે. અને એને સમ્યગ્દર્શન ત્યાં પ્રગટ થઈ જાય છે.

મુમુક્ષુ :- અખંડતા જાળવી રાખે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પછી ... સવળો થઈ ગયો ને. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં અહીંયાં શ્રદ્ધાન છે એ સવળું થઈ ગયું. અખંડતા એ એનો ગુણ સ્વભાવ છે. ખંડિતપણું તો અવળા કે સવળામાં ક્યાંય એનો ગુણસ્વભાવ છે જ નહિ. એમ છે. એમ થઈ શકે છે.

એટલે જે જીવ સમ્યગ્દર્શન પામવાના નજીક નજીકના પરિણામ તરફ ઉત્તરોતર ક્ષણે આવી રહ્યો છે તે જીવ સમ્યક્ શ્રદ્ધાન પ્રત્યે, સમ્યક્જ્ઞાન પ્રત્યે અને પોતાના સ્વભાવ પ્રત્યે આગળ વધી રહ્યો છે એમ કહેવામાં આવે છે. એનું નામ મુમુક્ષુજીવ કહેવામાં આવે છે. ફરીને, એનું નામ મુમુક્ષુજીવ કહેવામાં આવે છે. બાકી નામમાત્ર મુમુક્ષુજીવ છે, ખરેખર મુમુક્ષુજીવ નથી એમ સમજવું. જેમ નામમાત્ર જૈન છે કે અમે તો અત્યારથી જૈન નથી, અમારા બાપ-દાદાના વખતથી જૈન છીએ. ગર્ભ દિગંબર કહેવામાં આવે છે કે અમે તો ગર્ભમાં આવ્યા ત્યારથી જ જૈન છીએ. એ નામમાત્ર જૈન છે. 'ગુરુદેવ' હળવી ભાષામાં એ વાત કરતા કે કોથળા ઉપર નામ લખ્યું હોય સાકર અને અંદર ભર્યું કરિયાતું. તો કરિયાતું કાંઈ મીઠું થાય નહિ, કડવું મટીને કાંઈ મીઠું થઈ જાય. કોથળા ઉપર નામ લખવાથી કાંઈ અંદરનો માલ કાંઈ ફરી જાય નહિ. એમ નામ જૈન પાડે કે નામ મુમુક્ષુ ગણે એટલે મુમુક્ષુ થઈ જાય કે જૈન થઈ જાય એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- નામ માત્ર એટલે ઉપચાર, ઉપચાર એટલે જૂઠું.

પૂજ્ય ભાઈશ્રી :- એ નામમાત્ર તો નામ પાડવાનો વ્યવહાર છે. વ્યવહાર જૂઠો છે. એ તો ઉપચારે વ્યવહાર જ કહેવાય છે. પણ એમાં પણ જે નામનિક્ષેપ છે, નામ છે એ નિક્ષેપના વિષયમાં જાય છે. તો નામનિક્ષેપનો અર્થ જ એવો ત્યાં કર્યો છે કે જેમાં જે ગુણ ન હોય છતાં એવું નામ પાડે એનું નામ નામનિક્ષેપ.

મુમુક્ષુ :- લક્ષ્મીચંદ હોય ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય ગરીબ છતાં લક્ષ્મીચંદ પાડે. તો એ કાંઈ એથી પૈસાવાળો થતો નથી. એટલે ગુણ ન હોવા છતાં નામ પાડે એનું નામ નામનિક્ષેપ છે. ગુણ હોય અને નામ પાડે એનું નામ તો ભાવનિક્ષેપ છે. જેવા ગુણ હોય, જેવા ભાવ હોય, એવો કહે તે ભાવનિક્ષેપ છે.

મુમુક્ષુ :- નામ લક્ષ્મીચંદ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- અરે..! અજાણ્યો હોય તો દસ રૂપિયા પણ ન આપે. રસ્તામાં કોઈ અજાણ્યો માણસ મળે કે મારું નામ લક્ષ્મીચંદ છે અને હું લાખોપતિ છું. એક દસ

રૂપિયા ઉછીના આપોને જરાક. પછી તમારા ઘરે હું પહોંચાડી દઈશ. તમે મને નથી ઓળખતા પણ હું તમને ઓળખું છું. તો કહે, એ વાત સાચી છે પણ દસ રૂપિયા તો હું તમને ઓળખું ત્યારે આપું. તમે મને ઓળખો એટલે હું આપી દઉં એવું કાંઈ કરતા નથી. ૩૨૨ થયો. દર્શન-જ્ઞાનનો જુદો જુદો પરિણમવાનો પ્રકાર છે મોક્ષમાર્ગને વિષે જ્ઞાનદશામાં એનું નિરૂપણ થયું.

જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી. તે પરિણતિમાં વિભાવથી દૂર ભાગે છે. જેમ એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય તેની વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે, તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે. ૩૨૩

૩૨૩. એ પણ જ્ઞાનીની દશાનો વિષય છે અને તે શાંતિ .. છે. ૩૨૩માં બોલમાં શાંતિથી વાત કરે છે. ૩૨૨માં શ્રદ્ધાન અને જ્ઞાનની વાત કરી. અને ૩૨૩માં એ જ જ્ઞાનીની શાંતિની વાત કરે છે. અનેક ગુણ પ્રગટ્યા છે ને સમ્યક્‌દૃષ્ટિને? જુદા જુદા ગુણથી એના સ્વરૂપને વર્ણવવામાં આવે છે. એટલા માટે વર્ણવવામાં આવે છે કે જીવની નિજ સ્વરૂપ પ્રાપ્તિની ભાવના વિશેષ થાય અને એમાં ગુણ પ્રગટાવવાની એને પ્રેરણા મળે.

'**જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ પાલવતો નથી.**' આ એની શ્રદ્ધાનમાં અથવા રુચિમાં એ વાત છે કે '**જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો છે...**' શાંતિનો લાભ જેને મળ્યો છે, સ્વરૂપ શાંતિનો, આત્મશાંતિનો જેને અનુભવ થયો છે તેને રાગ બિલકુલ, થોડો પણ પાલવતો નથી. થોડો પણ એને પોસાતો નથી. પાલવતો-પાલવતો એટલે પોસાવો. પોસાણ થવું. એને રાગ પોસાતો નથી. મનની શાંતિ એ જુદી ચીજ છે અને આત્માની શાંતિ એ તદ્‌ન જુદી ચીજ છે. મનની શાંતિ છે એ મંદ રાગરૂપ છે. અને મંદ રાગરૂપ શાંતિ એ વાસ્તિવિક શાંતિ નથી પણ એક પ્રકારની અશાંતિ છે. અશાંતિ છે, એ શાંતિ નથી. અહીંયાં ભૂલ ન થાય એ જરાક ધ્યાનમાં લેવા યોગ્ય વિષય છે.

ધર્મક્ષેત્રમાં આવતા કષાયની મંદતાના પરિણામ થવા સંભવ છે અને કષાયની

મંદતાના પરિણમ થતાં જીવને માનસિક શાંતિ ઊપજે અને એમાં એ સંતોષાય જાય કે ચાલો, આપણને હવે કાંઈ આકુળતા થતી નથી. પહેલાં આવા પરિણામ નહોતા થતાં ત્યારે આકુળતા થતી હતી અને હવે આવા પરિણામ અમુક પ્રકારના નથી થતા પણ અમુક પ્રકારના થાય છે માટે આકુળતા નથી થતી અને શાંતિ રહે છે. તેથી એ માનસિક શાંતિમાં સંતોષાવું એ માનસિક શાંતિમાં અટકવાનો અપરાધ છે. ગુણ નથી પણ એ અપરાધ છે. અટકવું તે અપરાધ છે. અટકવું તે અપરાધ છે, રોકાઈ જવું તે અપરાધ છે.

જ્યાં સુધી પોતાનું જેવું પૂર્ણ સ્વરૂપ છે, બસ! બિલકુલ એવી સદશ દશા ન પ્રગટ થાય ત્યાં સુધી ક્યાંય પણ અટકવું નહિ એવું જિનેશ્વરદેવનું ફરમાન છે. આ એક ફરમાન યાદ રાખવું કે મારે ક્યાંય અટકવા જેવું નથી. જેને પૂર્ણતાને લક્ષે શરૂઆત થાય છે એ તો પૂર્ણતા થાય ત્યાં સુધી અટકતા નથી. એને સમ્યગ્દર્શન થાય તો અટકતા નથી, મુનિપણું આવે તોપણ અટકતા નથી. ક્યાંય તે અટકતા નથી. પણ જેની શરૂઆત યથાર્થ પ્રકારે થઈ નથી એટલે કે પૂર્ણતાને લક્ષે થઈ નથી, પૂર્ણતાના લક્ષે થઈ નથી એટલે કે યથાર્થ પ્રકારે થઈ નથી એવા જીવ કોઈને કોઈ પ્રકારે અટકી જાય છે અને એ અટકવાના પ્રકાર પરિણામ આશ્રિત પરિણામના છે, અનેક પ્રકાર છે એમાં ક્યાંય અટકવા જેવું નથી. .... એમાં અટકી જવું એ અપરાધ છે. ત્યાં દર્શનમોહ વિશેષ તીવ્ર થાય છે એટલે એને અપરાધ ગણવામાં આવે છે. મોટો અપરાધ છે.

મુમુક્ષુ :- આમ પણ એને...

પૂજ્ય ભાઈશ્રી :- શરૂઆત ખોટી થઈ છે. શરૂઆત સાચી નથી થઈ. ... લક્ષ નથી. પૂર્ણતાનું લક્ષ નથી એટલે બરાબર લક્ષ નથી. એટલે એ અટકે, અટકે ને અટકે જ. પૂર્ણતાનું લક્ષ ન હોય તો અટક્યા વગર રહે નહિ. એટલી એની જે Master key છે એ આ છે. કેમકે અટકવાના પ્રકાર અનેક છે. તું કેટલા ગોખી ગોખીને યાદ રાખીશ? અને અટક્યા પછી યાદ રાખેલું સાંભરે તોય શું કામનું? એટલે એને એક મુખ્ય વાત સિદ્ધાંત આપી દીધો નિષ્કારણ કરુણાથી શ્રીગુરુએ કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' નહિતર તારી અવાસ્તિક એટલે કલ્પનામય શરૂઆત છે. અવાસ્તિવકનો અર્થ કલ્પના અને વાસ્તવિક એટલે કલ્પના રહિત, યથાર્થ. કલ્પનાએ ચડેલો છે એ તો દુઃખી થવાનો છે. આજે નહિ તો કાલે દુઃખી થવાનો છે. એ માર્ગ નથી પણ ઉન્માર્ગ થઈ જાય છે. તેથી ત્યાં લાલબત્તી મૂકી કે ક્યાંય અટકવા જેવું નથી.

મુમુક્ષુ :- મન તો જડ છે પછી એમાં શાંતિ-અશાંતિના જે ઉપદ્રવ થાય છે એમાં નિમિત્ત કોણ?

પૂજ્ય ભાઈશ્રી :- મન તો જડ છે પણ મનના આશ્રયે, મનના નિમિત્તે જીવ સ્વતંત્રપણે પરિણામ કરે છે પોતાના ઉપાદાનથી. નિમિત્તની અંદર કોઈને કોઈ એની બાહ્ય ક્રિયા હોય છે, મન-વચન-કાયાની એવી ક્રિયા હોય છે, જેને શુભયોગની ક્રિયા, શુભયોગની ક્રિયા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિમિત્ત રૂપ આત્મા જ છે?

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા પોતે ઉપાદાન. નિમિત્તપણે શુભયોગની ક્રિયા. બહારમાં જે શુભયોગની ક્રિયા કરે. પૂજા કરવા બેઠો. પૂજા સારી રીતે બોલે, શાસ્ત્ર વાંચન સારી રીતે કરે, યાત્રા કરે, દાન કરે, નામ સ્મરણ કરે, ઉપવાસ કરે અનેક પ્રકારે શુભયોગની ક્રિયા કરે, તપશ્ચાર્યા કરે, વ્રત-સંયમ અંગીકાર કરવાના પરિણામ કરે અનેક પ્રકારે કરે.

મુમુક્ષુ :- મન દ્વારા આત્મા..

પૂજ્ય ભાઈશ્રી :- Higher responsibility. દુનિયામાં પણ એમ જ છે. તમને Pramot કરે કે જાવ તમે આગળની જગ્યાએ, તો તમારી જવાબદારી વધે છે કે નથી વધતી? સીધી વાત છે. ... એનો કેમ સદુપયોગ કરવો? એને વિચાર-વિવેક કરીને કેવી રીતે સન્માર્ગને વિષે આવવું એ વિચાર કરવાની એને શકિત મળી છે. જ્યાં સુધી વિચાર કરવાની શકિત નથી ત્યાં સુધી તો જીવનો માર્ગમાં પુરુષાર્થ ચાલતો નથી કાંઈ. શું કરે? જ્યાં મન જ નથી ત્યાં શું કરે? તો મન મળ્યું એને નુકસાન નથી કાંઈ, કાંઈ ગુનો નથી. ઊલટાનું એને લાભનું કારણ છે. એટલો વિકાસ થયો છે એને જ્ઞાનનો, સમજણનો. પણ એ સમજણની શકિત મળી, સમજણની શકિત આવી એનો સદુપયોગ કરે તો એ એનો લાભ મળે અને દુરુપયોગ કરે તો એને નુકસાન જાય. માણસની પાસે સો રૂપિયાની મૂડી છે. હવે એને દારૂની બાટલી ખરીદવી હોય તો ખરીદી શકે અને 'સમયસાર' ખરીદવું હોય તો ખરીદી શકે. એને ક્યાં વાપરવા એનો વિવેક એના ઉપર આધારિત છે. મન તો મળ્યું, હવે એનો વિચાર કરીને કેવી રીતે સદુપયોગ કરવો? એટલું જોવાનું છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- રુચિ દોરવી જાય છે, રુચિ એને દોરવી જાય છે. એટલા માટે એમ કહ્યું કે પ્રથમમાં પ્રથમ તું તારા સ્વરૂપની જિજ્ઞાસા કર. ગુણની રુચિથી, ગુણથી પ્રગટતા સુખની રુચિથી, મનથી પ્રગટતા સુખની રુચિ નહિ પણ ગુણથી પ્રગટતા

સુખની રુચિને લીધે તું તારા સ્વરૂપની ઓળખાણ કર, તપાસ કર, જિજ્ઞાસા કર તો તારું મન છે એ ... જશે એમાં દોરવાઈ જશે નહિ. બહુ વ્યવસ્થિત માર્ગ છે. એકદમ પદ્ધતિસર Systematic. એવી System છે અફલાતુન System છે. આવી System ક્યાંય નથી, પદ્ધતિ ક્યાંય નથી જગતમાં. એટલી સરસ પદ્ધતિ છે. પોતાને પોતાનું હિત સૂઝે અને એ પદ્ધતિ એ ગ્રહણ કરે, અંગીકાર કરે તો બેડો પાર છે. સહજમાત્રમાં હિત થાય એવું છે અને નહિતર અહિતનું તો પડખું એવું છે કે એ ચક્કરમાં તો ફસાયેલો જ છે. શું કહે છે?

'**જેણે શાન્તિનો સ્વાદ ચાખ્યો...**' સમ્યગ્દૃષ્ટિ થતાં પ્રથમ સ્વાનુભવના કાળમાં પોતાની આત્મિક શાંતિનો સ્વાદનો અનુભવ કરે છે-આસ્વાદ લે છે. અહીંયાં પૂર્ણ શાંતિ નથી એટલે એને નમૂનો ચાખવા મળ્યો છે એમ કહ્યું. નમૂનો ચાખી લીધો. ઊંચામાં ઊંચી ચીજનો નમૂનો ચાખી લીધો. પછી રાગ છે એ એને ખડ જેવો લાગે છે. ઊંચામાં ઊંચી મીઠાઈ ખાધા પછી કોઈ ખડ ખવરાવે, ખોળ ખવરાવે તો? એ ખોળ એને ભાવે નહિ. એમ જો કોઈને ખોળ ભાવે છે કે ખડ ભાવે છે તો એને ઓલી મીઠાઈ ખાધી છે ઊંચી પોતે મીઠાઈ ખાધી છે, ચાખી છે એ વાત રહેતી નથી. એમ છે.

'સોગાનીજી' તો એ વાત લે છે કે ઘણું દુઃખ છે. રાગમાં તો ઘણું દુઃખ છે. મિથ્યાત્વ સહિતના રાગમાં તો ઘણું દુઃખ છે. ભઠ્ઠી જેવું દુઃખ છે. મંદ કષાયનો રાગ હોય તોપણ એ ભઠ્ઠી જેવું દુઃખ છે. ચાહે દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉપયોગ જાય અને રાગ થાય તોપણ ભઠ્ઠી જેવું દુઃખ છે. એ ક્યારે કહ્યું? એમણે શાંતિનો સ્વાદ ચાખ્યો ત્યારે કહ્યું. એની સરખામણી એ રીતે છે. નહિતર તો એ દુઃખ દુઃખ તરીકે બહુભાગ સમજાતું નથી.

રાગમાં દુઃખ છે, રાગમાં મલિનતા છે. જેમ વિષ્ટાની મલિનતા કોઈ ચાહતું નથી, ઈચ્છતું નથી. પણ થોડીક હોય તો વાંધો નહિ એવું પણ ત્યાં નથી. એમ થોડોક રાગ હોય તો પણ મલિનતા છે માટે એ ઈચ્છવા યોગ્ય નથી અને એમાં વિપરીતતા છે. પોતાના સ્વભાવથી વિરોધી સ્વભાવપણું છે. અથવા પોતાના સ્વભાવને ઘાતે એવો એનો સ્વભાવ છે. તો પોતાને ઘાતે એનો વિશ્વાસ કરે એ કેવી રીતે બની શકે? એ અમને પોસાતું નથી. અમને એ વાત પોસાતી નથી. કેમકે આ તો અમારો ઘાત કરનાર છે. રાગ છે એ તો અમારો ઘાત કરનાર છે. એક કળશ છે ૧૦૮ નંબરનો.

મુમુક્ષુ :- અશુભ રાગ દુષ્ટ છે એ તો કુંભાર પણ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો કુંભાર પણ કહે છે અને આખા જગતમાં બધા

એમ કહે છે. એમાં કોઈ વિશિષ્ટ વાત નથી.

'**मोक्षहेतुतिरोधानात्**' મૂળ શબ્દ આ પડ્યો છે. મોક્ષનું જે કારણ છે એને આ ઢાંકી દેનારો ભાવ છે. '**बन्धत्वात्स्वयमेव च**'. અને પોતે સ્વયં બંધસ્વરૂપ હોવાને લીધે. આ મૂળ શ્લોક આવી રીતે પડ્યો છે. '**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते**'. મોક્ષહેતુનો એ તિરોધાન કરનારો, ઢાંકી દેનારો હોવાથી એનો નિષેધ કરવામાં આવે છે. આ આચાર્ય ભગવાનનો કળશ છે. એના ઉપર 'રાજમલજી' ટીકા કરે છે.

'**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમ વર્જવાયોગ્ય પણ નથી.**' શુભા-શુભ કરવું પણ નહિ અને ત્યાગવું પણ નહિ. કરવું પણ નહિ અને છોડવું પણ નહિ. એનો '**ઉત્તર આમ છે કે- વર્જવાયોગ્ય છે.**' ત્યાગ કરવા યોગ્ય છે. શુભાશુભ બંનેનો ત્યાગ કરવા યોગ્ય છે. '**કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે,...**' વ્યવહારચારિત્ર અશુભભાવ ઉપર ઉપચાર ન આવે વ્યવહારચારિત્રનો, શુભભાવ ઉપર ઉપચાર આવે. સમ્યગ્દૃષ્ટિ નો અશુભભાવ છે એને વ્યવહાર ન કહેવાય. મોક્ષમાર્ગમાં શુભભાવને વ્યવહાર કહેવાય છે. '**કારણ કે વ્યવહાચારિત્ર હોતુ થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; તેથી વિષય-કષાયની માફક...**' એટલે અશુભભાવની માફક '**ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે. એમ કહે છે.**' '**तत् निषिध्यते**'.

મુમુક્ષુ :- કાલથી ભગવાનના દર્શન ન કરવા.

પૂજ્ય ભાઈશ્રી :- અંતરમાં ભગવાનના દર્શન કરવા એમ કહે છે. અંતરમાં પરમાત્મા બિરાજમાન છે એના દર્શન કરવા એમ કહે છે. એ જ સાચા દર્શન છે. પેલા દર્શન તો અનંત વાર કર્યા છે. પણ ખરેખર કર્યા નથી. કર્યા હોવા છતાં ખરેખર કર્યા જ નથી. એ તો ક્યારે કર્યા છે? કે જ્યારે એના ઉપરથી..

ભાવાર્થ કરે છે આખા કળશનો. '**કોઈ જીવ ક્રિયારૂપ યતિપણું પામે છે.**' જ્ઞાન-દર્શન નથી પણ ક્રિયારૂપ યતિપણું પામે છે. અત્યારે તો ક્રિયાના ઠેકાણા નથી પણ આ ક્રિયારૂપ યતિપણું પામ્યો છે એની વાત છે. '**તે યતિપણામાં મગ્ન થાય છે.**' એ ક્રિયામાં એ મગ્ન થાય છે '**કે અમે મોક્ષમાર્ગ પામ્યા.**' શું જાણીને મગ્ન થાય છે? કે અમે તો મોક્ષમાર્ગ પામ્યા, અમે દીક્ષા લીધી. '**જે કાંઈ કરવાનું હતું તે કર્યું.**' મનુષ્યભવમાં ચારિત્ર લેવાનું હતું, દીક્ષા લેવાની હતી એ અમે લીધી.'**તેથી તે જીવોને સમજાવે છે...**' આચાર્યદેવ કે એવો '**યતિપણાનો...**' ક્રિયાપણાનો '**ભરોસો છોડીને શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો.**' એમ કહેવું છે. આ ક્રિયા છોડો તો શું અમારે અશુભ

કરવી? એમ કહ્યું કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવો. અમારો કહેવાનો આશ્રય એ છે કે તમે તમારા શુદ્ધ પરમાત્મતત્ત્વને અનુભવો. એમ કહેવા માટે આ કહીએ છીએ. અશુભમાં લઈ જવા માટે કહેતા નથી.

મુમુક્ષુ :- પાછળ જવા માટે નહિ આગળ વધવા માટે કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને! કયા હેતુથી આ માર્ગમાં આવ્યો? ધર્મના ક્ષેત્રમાં શું કરવા આવ્યો? વધારે દોષિત થવા? કે દોષ છે એટલા પણ કાઢવા આવ્યો છો? સીધી વાત એ છે.

(અહીંયાં) શાંતિની મુખ્યતાથી વિષય લીધો છે જ્ઞાનદશાનો. જે જ્ઞાનીએ '**शान्तिनो स्वाद चाख्यो छे...**' જેણે એટલે જે જ્ઞાનીએ પોતાના સ્વરૂપની શાંતિનો સ્વાદ ચાખ્યો છે તેને રાગ બિલકુલ પાલવતો નથી. કેમકે એ રાગને સારી રીતે રીતે ઓળખે છે કે આ અમારો ઘાતક છે, આ મલિન છે અને સ્વયં દુઃખદાયી છે. એમાં કાંઈ સુખની ગંધ પણ નથી. તે એટલે તેવા જ્ઞાની '**परिणतिमां...**' એટલે પોતાની પરિણામધારામાં '**विभावथी दूर भागे छे.**' તે વિભાવથી દૂર જવા ચાહે છે. અથવા નિરંતર એમનો એવો પ્રયત્ન રહે છે કે વિભાવથી દૂર જવું. રાગથી દૂર જવું એવો એમનો પ્રયત્ન રહે છે. રાગથી દૂર જવાના પ્રયત્નના કાળે રાગ રહી ગયો છે તેથી એ દૂર જાય છે એ દષ્ટિકોણથી એમને જોવાય છે. કેમ રાગ કરે છે? એવા દષ્ટિકોણથી એમને જોવામાં આવતા નથી. ચૈત્ર, વૈશાખનો ખરો તપતો સૂરજ હોય અને ઠંડો પવન આવે. એને તડકો ન દેખાય કે તડકો મારા ઉપર ગરમી આપે છે એમ ન દેખાય.

'**એક બાજુ બરફનો ઢગલો હોય અને બીજી બાજુ અગ્નિ હોય...**' સત જ્યાંથી તાપ આપતો હોય તે બંને '**વચ્ચે ઊભેલો માણસ અગ્નિથી દૂર ભાગતો બરફ તરફ ઢળે છે.**' સ્વભાવિકપણે શું કરે? અગ્નિ બાજુ જાય કે બરફ બાજુ જાય? કહો. એક બાજુથી શીતળતા છે, એક બાજુથી ઉષ્ણતા છે કઈ બાજુ જશે? એ શીતળતા બાજુ જશે.

'**तेम जेणे थोडा पण सुखनो स्वाद चाख्यो छे,...**' આત્મા અનંત સુખનો, અનંત શાંતિનો ઢગલો છે. પર્વત છે. અનંત શાંતિનો દરિયો છે એમ કહો, અનંત શાંતિનો પર્વત છે એમ કહો. એવો જે આત્મા છે અને એક બાજુ રાગનો કષાયનો ભડકો છે, અગ્નિની જાળ છે. 'રાગ આગ દહે સદા તાતૈ સમામૃત સેઈએ' આગ જેવો રાગ છે. જેને અગ્નિની ઉપમા આપી છે. અગ્નિની જાળ જેમ બાળે છે.

એટલે ભ્રાંતિગત જીવો માટે 'દીપચંદજી' એમ કહે છે 'અનુભવપ્રકાશ'માં કે કષાયની મંદતા થઈ તો ઘણા જીવ રાજી થાય છે. રાગમાં રાજી થાય છે. કષાયની

મંદતાના રાગમાં રાજી થાય છે. એ કોના જેવો છે? કે અગ્નિ લાગી ત્યારે એમ કહે કે મને તો દીવાનો પ્રકાશ થયો. લાગી છે અગ્નિની જાળ અને કહે, મને તો અંધારું હતું એના બદલે દીવો પ્રગટ્યો. અરે..! ભરખાઈ જઈશ, અગ્નિની અંદર ભરખાઈ જઈશ તું. દીવો નથી પ્રગટ્યો, અગ્નિની જાળ લાગી છે અને એમાં ખાખ થઈ જાઈશ. એવી ઊંધી કલ્પના કરી શકાય નહિ.

મુમુક્ષુ :- જ્ઞાની પોતાના પરિણામની વાસ્તવિકતા ... ચોખ્ખો ચિતાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખો ચિતાર છે. બહુ સારો ચોખ્ખો ચિતાર છે. આખો 'સમયસાર'નો નિર્જરા અધિકાર આના ઉપર લખ્યો છે આચાર્ય મહારાજે. સંવર અધિકારમાં પણ ઘણી વાતો આવી છે પણ નિર્જરા તો સંવરથી વિશિષ્ટ ભાવ હોવાથી એમાં જરા વધારે ખોલીને વાત આપી છે. જ્ઞાનદશાનો અંતર-બાહ્ય ચિતાર નિર્જરા અધિકારમાં લીધો છે. અને તે સમ્યગ્દૃષ્ટિને પૂર્વ કર્મને લઈને અવિરતિ છે એવી દશામાં પણ એને નિર્જરા કેવી વિશિષ્ટ પ્રકારે કામ કરે છે, એનો બહુ સારો ચિતાર એટલે 'સમયસાર'નો આખો નિર્જરા અધિકાર છે.

દૃષ્ટાંતની જેમ સિદ્ધાંત. '**તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે,...**' પણ આત્માના સુખનો, હોં! જગતમાં જેને સુખ કહે છે એને અહીંયાં સુખ કહેવા માગતા નથી. એને તો અહીંયાં દુઃખના નામથી કહેશે. એને સુખના નામથી નહિ કહે પણ દુઃખના નામથી કહેશે. કેમકે એમાં આકુળતા છે. સુખનું લક્ષણ તો નિરાકુળતા તે સુખનું લક્ષણ છે. આકુળતા તે દુઃખનું લક્ષણ છે અને નિરાકુળતા તે સુખનું લક્ષણ છે.

'**તેમ જેણે થોડા પણ સુખનો સ્વાદ ચાખ્યો છે, જેને થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે...**' પાછો ચાખ્યું છે અને હજી પણ એમને શાંતિનું વેદન વર્તી રહ્યું છે. એટલે એમ કહ્યું કે શુદ્ધોપયોગમાં તો શાંતિનો સ્વાદ ચાખ્યો, આનંદનો અનુભવ કર્યો. પછી એ શુદ્ધોપયોગ છૂટતા એ સ્વાદ છૂટ્યો તો સર્વથા છૂટ્યો? કે નહિ. '**જેને થોડી પણ શાંતિનું વેદન વર્તી રહ્યું છે...**' જ્ઞાનધારામાં જેને સુખની ધારા, શાંતિની ધારા ચાલુ છે હજી. સાવ કાંઈ એમ મટી ગયું છે પરિણમન એમ છે નહિ.

આ જરા અંતરંગ પરિણતિનો વિષય લીધો છે. જે બાહ્ય વિકલ્પના અને બાહ્ય પ્રવૃત્તિના કાળ પણ ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને મોક્ષમાર્ગનું પરિણમન ચાલુ રહે છે, પરિણતિ ચાલુ રહે છે એની વાત લીધી છે. જે બાહ્ય ક્રિયામાં અજ્ઞાનભાવે કરેલા કર્મના ઉદય અનુસાર એની ક્રિયા હોવાથી બીજા અજ્ઞાનીઓ જેવી લાગતી હોવાને લીધે ઓળખાણની અંદર એક ભૂલાવાનું કારણ બને છે અથવા નહિ ઓળખવાની

અંદર નિમિત્ત પડે છે. નહિ ઓળખવાની અંદર નિમિત્ત પડે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને વેદન નિરંતર ચાલુ છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિરંતર ચાલુ છે. અહીં તો વિચાર શું કરવો છે? કે અનંત કાળમાં દુર્લભમાં દુર્લભ યોગ એવો સત્પુરુષનો યોગ છે અને એવો યોગ અનંત વાર મળ્યો છે. પાછો દુર્લભ હોવા છતાં અને કવચિત અનંત કાળે મળતો હોવા છતાં પણ એટલો અનંત કાળ પોતે ભૂતકાળમાં પસાર કર્યો છે કે એ અનંતવાર મળ્યો છે. પણ આવી બહારની સ્થિતિ અને અંદરની સ્થિતિમાં ફેર હોવાથી એની ઓળખાણ દુર્લભ રહી છે, કઠિન રહી છે અને તેથી એની ઓળખાણ નહિ થવાથી જીવ માર્ગ પામ્યો નથી. એકવાર પણ જો ઓળખે તો માર્ગ પામી જાય. એનો છૂટકારો થઈ જાય.

જ્ઞાન દશાની જે વાત કરે છે, જ્ઞાનદશાના બોલ આવે છે એની પાછળ હેતુ આ છે કે કોઈપણ રીતે જીવ જ્ઞાનીને ઓળખી શકે તો એનો નિવેડો થાય. નથી ઓળખ્યા એમાં તો એને પરિભ્રમણ ચાલુ રહ્યું છે. પણ ઓળખે તો એનો નિવેડો થાય. 'શ્રીમદ્જી'નો ૧૯૪ નંબરનો પત્ર આ જ વિષય ઉપર છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના સંગતમાં તો અનેક વાર આવ્યો પણ ઊંડો નથી ઉતર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડો નથી ઉતર્યો અથવા તો એનું સ્વરૂપ ઓળખવાની એણે મહેનત નથી કરી. પરિચય કર્યો નથી, સત્સમાગમ કર્યો નથી અને નજીક જઈને એના અંતેવાસી થઈને અથવા એના ચરણવાસી થઈને એણે ઓળખાણ કરી નથી. જો એક વાર પણ ઓળખાણ થાય તો એનો નિવેડો આવ્યા વિના રહે નહિ. આ Guaranteed વાત છે. એ વાત પોતે કરી છે ઈ Guaranteed વાત છે. એ તો 'ગુરુદેવે' પણ કરી છે.

શું કહે છે? જેને **'થોડી પણ શાન્તિનું વેદન વર્તી રહ્યું છે એવો જ્ઞાની જીવ દાહથી અર્થાત્ રાગથી દૂર ભાગે છે અને શીતળતા તરફ ઢળે છે.'** આ જ્ઞાનીના અંતરંગ પરિણમનની ચાલતી સતત પ્રક્રિયા છે. અથવા આનું નામ જ્ઞાનદશા કહેવામાં આવે છે. જે વિભાવ બાજુથી ભાગતો છે અને સ્વભાવ બાજુથી ઢળતો છે. વિભાવની જેણે પીઠ દીધી છે અને સ્વભાવ સન્મુખ જેણે ચાલવા માંડ્યું છે એને જ્ઞાની કહીએ. એવા જ્ઞાની છે એને જરા પણ રાગ પાલવે નહિ. ઊલ્ટાનું એ એનાથી દૂર જાય છે. પાલવતા નથી એટલે એનાથી તો એ દૂર ભાગે છે. દૂર ભાગવા માટે સતત પ્રયત્નવંત રહે છે. ક્યારે પણ એ પ્રયત્ન છોડતા નથી અથવા એમનો પુરુષાર્થ પરિણમ્યા કરે છે એમાં આ પ્રકારનું પ્રયોજનભૂત કાર્ય એમનું ચાલુ ને ચાલુ રહે છે-નિરંતર.

નિરંતરમાં ... પણ ઊંઘ આવે અને નસ્કોરા બોલતા હોય તો? તો કહે તોપણ.

પરિણમન કાંઈ બંધ થાય છે? અનંતા ગુણોનું પરિણમન ચાલતું હોય છે. અનંતા ગુણોનું પરિણમન એક સમય બંધ થતું નથી. જે સવળા થયા, સવળા માર્ગે જેનું પરિણમન ચાલુ થયું, જેને ઉપાય હાથ લાગી ગયો એ એ માર્ગે ચાલવાના છે કોઈપણ સ્થિતિમાં. અવળા ચાલે છે એ કોઈપણ સ્થિતિમાં અવળા એ માર્ગે ચાલે છે.

એમ કહીને અહીંયાં શાંતિની અને સુખની મુખ્યતાથી વિષય એટલા માટે લીધો છે કે આખરમાં જીવને કાંઈ પ્રયોજન છે તો સુખ શાંતિનું છે. જે કાંઈ કરવું છે કે જે કાંઈ નથી કરવું એ બધું એની પાછળ હેતુ અને પ્રયોજન હોય તો એને પોતાને સુખ શાંતિ જોઈએ છે. અને આ સુખ શાંતિ તે રસ્તો ભૂલેલો હોવાથી બીજા રસ્તે લેવા માગે છે તો સુખ મળવાને બદલે દુઃખ પ્રાપ્ત કરે છે. એના બદલે એ જ્ઞાનીની દશા જોઈને જ્યાં સુખ છે અને જે રીતે પ્રાપ્ત થાય એ સમજે તો એને સુખ શાંતિની અવશ્ય પ્રાપ્તિ થાય. અહીં સુધી રાખીએ...

મુમુક્ષુ જીવને સ્વરૂપ - ચિંતવનાદિ પરિણામ સ્વરૂપ લક્ષે સહજ થવાં ઘટે છે. નહિતો, તે પ્રકારે નહિ થતાં 'ચિંતવનમનન કર્તવ્ય છે' તેવા અભિપ્રાયથી થાય છે. ઉક્ત અભિપ્રાય / ઉદ્દેશ્યથી થતાં પરિણામ કાળે, લક્ષના અભાવને લીધે, તેમાં ઓઘસંજ્ઞા / કલ્પના આદિ અવશ્ય થઈ જશે; અને તેથી વિપર્યાસ મટવાને બદલે વૃદ્ધિગત થશે. મુમુક્ષુને જો સ્વરૂપલક્ષ ન થયું હોય તો, સ્વરૂપનું લક્ષ થાય તેવા પ્રયાસપૂર્વક સ્વાધ્યાય ચિંતવન, અંતરખોજ, જિજ્ઞાસા વગેરે હોવા ઘટે; જેથી નવો વિપર્યાસ ઉત્પન્ન ન થાય અને ચાલતો વિપર્યાસ મટવાનો અવસર આવે. આ રીતે મુમુક્ષુ ભૂમિકામાં અયથાર્થતા ન થાય અને યથાર્થપણે પરિણામ પ્રવર્તે તો સ્વાનુભવ સુધી પહોંચી શકાય. નહિ તો ઉલટાનું મોક્ષમાર્ગથી દૂર જવાનું થાય તે ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. **('અનુભવસંજીવની' બોલ નં.૪૭૩)**

તા. ૨૮-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૨૪,૩૨૫
પ્રવચન નં. ૨૫૦

જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે, પર્વતનો પ્રકાશ અને તેની કિંમત ઘણી વધારે હોય; તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે. એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં-ભલે તે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તોપણ-ઘણો મોટો તફાવત છે. જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ-એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપશમિક જ્ઞાનમાં અનંતો ફેર છે. ૩૨૪.

સમ્યક્ શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાનની સમીક્ષા કરી છે. જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે? અને કેવળજ્ઞાનનું સામર્થ્ય કેટલું છે? એની સરખામણી કરી છે.

'**જેમ એક રત્નનો પર્વત હોય અને એક રત્નનો કણિયો હોય ત્યાં કણિયો તો વાનગીરૂપ છે,...**' પ્રમાણ આપ્યું. એક મોટો આખો રત્નનો લાખો ટનનો પર્વત હોય. જે કેરેટમાં જોખાય છે એના બદલે લાખો ટનનો પર્વત હોય અને એકમાત્ર રત્નનો કણિયો એટલે ટૂકડો હોય. આખો રત્ન નહિ પણ એક ટૂકડો હોય તો તે ટૂકડો, કણિયો રત્ન કેવું હોય એના નમૂના રૂપે છે. એની વાનગીરૂપે છે એટલે એના નમૂના રૂપે છે. જથ્થામાં બહુ મોટો ફેર છે એમ આવ્યું છે. ભલે પત્થરની જાતિ રત્નની છે બંનેની તોપણ જથ્થામાં ઘણો ફેર છે.

'**પર્વતનો પ્રકાશ અને તેની કીંમત ઘણી વધારે હોય;...**' રત્નનો પર્વત હોય તો એના માઈલો સુધી પ્રકાશના કિરણો ફેલાતા હોય એટલો બધો એનો પ્રકાશ હોય. અને એની કીંમત અબજો રૂપિયામાં પણ થાય નહિ. એની કીંમત જ ન થાય એટલી બધી જેની ઘણી કીંમત હોય. તો રત્નનો કણિયો હોય તો તેમાંથી થોડો પ્રકાશ આવે અને એની કીંમત આંકી શકાય કે આટલા હજાર રૂપિયા, આટલા સો રૂપિયામાં આની

કિંમત છે. દૃષ્ટાંત લીધું છે રત્નનું.

સિદ્ધાંત અહીંયાં સમજાવો છે કે '**તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતા ઘણો વધારે છે.**' તેમ કેળળજ્ઞાનનો મહિમા અથવા કેવળજ્ઞાનનું સામર્થ્ય, કેવળજ્ઞાનનું સ્વરૂપ, કેવળજ્ઞાનનું મૂલ્ય, શ્રતુજ્ઞાન કરતાં ઘણું છે. સામર્થ્ય પણ ઘણું છે, સ્વરૂપમાં વિશિષ્ટતા પણ ઘણી છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનનો છેલ્લો સમય અને કેવળજ્ઞાનનો પહેલો સમય, બંનેમાં ઘણો ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણો ફેર. બારમા ગુણસ્થાનમાં છેલ્લે, શ્રુતજ્ઞાન છેલ્લા સમયે વ્યતીત થાય છે એવું જે શ્રુતજ્ઞાન. એ અહીંયાં લેશે. કેવું છે? કે વધીને એક અંતર્મુહૂર્તમાં બાર અંગને ફેરવે. અંતર્મૂહુર્તની અંદર બાર અંગને જાણે એટલું. બાર અંગ એટલે કોઈ સામાન્ય વાત નથી. બાર અંગ એટલે બધું શ્રુત એમાં આવી ગયું, કાંઈ શ્રુત બાકી ન રહે. પૂરું દ્રવ્યશ્રુત એમાં આવી ગયું. એને જાણનારું જ્ઞાન હોય તોપણ તે પહેલા સમયના અથવા પહેલા સમયે હોય છે એ જ સર્વ સમયે હોય છે, કેવળજ્ઞાન સરખું હોય છે, એ અનંતગુણ છે.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનના છેલ્લા સમયે અને કેવળજ્ઞાનના પહેલા સમયે ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું નથી. બહુ મોટુ અંતર છે.

મુમુક્ષુ :- એક જ Stage આટલું બધું અંતર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકદમ ભડાકો થાય છે. જેમ કોઈ એવો ફટાકડો હોય કે જેની પેલી શું હોય છે? વાટ... વાટ. વાટમાં સળગાવે તો સુર... સુર... સુર... સુર... થતું હોય અને બરાબર ફટાકડો કે Bomb આવે, Bombને વાટ મૂકે છે તો એકદમ Blasting થઈ જાય-ભડાકો થઈ જાય. તો એ સુરસુરયાનો છેલ્લો સમય અને મોટા ધડાકાનો પહેલો સમય, કેટલો બધો ફેર? બહુ મોટો ફેર છે. એમ કેવળજ્ઞાન પાસે બાર અંગનું સર્વ શ્રુત એક સુરસુરિયા જેવું છે.

મુમુક્ષુ :- છેલ્લા સમયનું જ્ઞાન પણ સુરસુરિયું.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. છેલ્લા સમયનું અનંતમા ભાગે છે. કેમકે આખરમાં એની મર્યાદા શ્રુતજ્ઞાનની છે. પહેલા સમયનું કે છેલ્લા સમયનું એની મર્યાદા તો શ્રુતજ્ઞાન પૂરતી જ છે. એની મર્યાદામાં કેવળજ્ઞાનને કાંઈ પહોંચી શકે એવું નથી. કેવળજ્ઞાનમાં કોઈ તારતમ્ય ભેદ નથી. કેવળજ્ઞાન તો પહેલા સમયે કે ત્યારપછીના કોઈપણ અનંત સમયે, બીજા સમયથી માંડીને કોઈપણ સમયે એકસરખું છે. શ્રુતજ્ઞાનની અંદર નિર્મળતા ઓછી-વત્તી હોય છે. પણ અહીંયાં તો

દૃષ્ટાંત એ લેશે કે ચરમસીમાએ પહોંચેલું શ્રુતજ્ઞાન. બારમા ગુણસ્થાનમાં છેલ્લે આવેલું શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન વચ્ચે પર્વત અને કણિયા જેટલો ફેર છે.

મુમુક્ષુ :- આટલો ફેર છે છેલ્લા ને પહેલા સમયમાં?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલો મોટો ફેર છે. બહુ મોટો ફેર છે. અનંતમા ભાગે છે. બારમા ગુણસ્થાને પૂરું શ્રુતજ્ઞાન અનંતમા ભાગે છે. અધૂરું નહિ પણ પૂરું શ્રુતજ્ઞાન અનંતમા ભાગે છે કેવળજ્ઞાન પાસે. એનું પરિમાણ એટલું જ પ્રમાણે છે. એમાં જરા પણ ઓછું વત્તું નથી.

મુમુક્ષુ :- એટલા માટે તો ચમત્કાર કહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચમત્કારિક વિષય છે.

મુમુક્ષુ :- ઓલું મર્યાદિત, ઘણું મર્યાદિત કહેવાય. છેલ્લો સમય ત્યાં ઘણો મર્યાદિત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા! ઘણું મર્યાદિત છે. શ્રુતજ્ઞાન ઘણું મર્યાદિત છે. કેવળજ્ઞાન પાસે અનંતમા ભાગે છે એટલે ઘણું મર્યાદિત છે. ચોક્કસ મર્યાદિત છે. છદ્મસ્થ અવસ્થા છે આખરમાં એ. છદ્મસ્થનું જ્ઞાન ગમે તેટલું વિશાળ હોય, ગમે તેટલું ઊંડું હોય તોપણ એ મર્યાદિત છે. છ દ્રવ્યને જાણે છે પરોક્ષપણે તોપણ મર્યાદિત છે. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં શ્રુતજ્ઞાન. ચૈતન્યમાં એવા ચમત્કારો ઘણા છે. ચૈતન્યમાં એવા ચમત્કારો ઘણા છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન, અમુક અંશે જાતિ ફેર ખરો કે નહિ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. જાતિ ફેર નથી. આ રત્નનો કણિયો છે અને આ રત્નનો પર્વત છે. એનો જ નમૂનો છે. ભાવશ્રુતજ્ઞાન, સમ્યક્ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનો જ નમૂનો છે. એમ છે.

મુમુક્ષુ :- આ શબ્દ ઉપરથી, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન. શ્રુતજ્ઞાન શબ્દ જુદો છે, કેવળજ્ઞાન શબ્દ જુદો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બંને ઉપાધિ છે. જ્ઞાન તો બંને જ્ઞાન જ છે. બંનેને ઉપાધિ છે-Degree છે પણ જે જ્ઞાન છે એ તો જ્ઞાન જ છે. બીજું, એ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને જાણી લે છે. કેવળજ્ઞાન કેવું હોય? કેવળજ્ઞાન કેવડું હોય? કેવળજ્ઞાનની કાળ મર્યાદા શું? ભાવ મર્યાદા શું? સામર્થ્ય મર્યાદા અનંતી કેટલી? એ બધું શ્રુતજ્ઞાન જાણી લે છે. ભલે અલ્પ છે તોપણ આટલું તો છે એમાં. એ પણ સમજવા જેવું છે.

ચૈતન્યનો સૌથી મોટો ચમત્કાર તો ચૈતન્યમાં રહેલો આનંદ સ્વભાવ છે. આનંદ સ્વભાવ છે. સાધકદશાની શરૂઆતથી માંડીને ત્યારપછીના સર્વ કાળ પર્યંત કોઈ

આત્મામાં આત્માને ખેંચનારી કોઈ જબરદસ્ત આકર્ષણની શકિત અથવા આકર્ષણની સંપત્તિ, શકિત કરતાં પણ આકર્ષણ થાય એવી સંપત્તિ હોય તો એ આત્મામાં રહેલો આનંદ સ્વભાવ છે. આ એક બહુ મોટો ચમત્કાર છે.

જ્યારે સ્વાનુભવ પ્રગટે છે ત્યારે સ્વાનુભમાં પ્રવેશતા જે ચમત્કાર ઊભો થાય છે તે પહેલાંની એક ક્ષણે પણ આનંદ નથી. જરાય આનંદ નથી, બિલકુલ આનંદ નથી. દુઃખ છે. આનંદ તો નથી પણ દુઃખ છે. ભલે મંદ દુઃખ છે તોપણ દુઃખ છે. અને એ જ સ્વાનુભવમાં આવ્યો અને આનંદનો વિકલ્પ પણ નથી કે આનંદ લઉં, આનંદ ભોગવું, આનંદ પામું, આનંદ પ્રગટ કરું. એ વિકલ્પ પણ નથી. પણ ચમત્કારિક રીતે સ્વાનુભવમાં પ્રવેશતા ફડાક દઈને આનંદ એવો ઊભો થાય છે કે તમામ સમ્યગ્દષ્ટિઓની એક ભાવના એની સાથે ઉત્પન્ન થઈ જાય છે કે મારી અનંત કાળાવલી આવા જ આત્મતત્ત્વના ભોગવટામાં વહો. 'નિયમસાર' ભાવનાનો ગ્રંથ છે. ત્યાં ટીકાકાર આચાર્ય મહારાજે એ વિષય લીધો છે કે મારી અનંત કાળાવલી આવી આવા આનંદમય આત્મતત્ત્વના ભોગવટામાં વહો. એ આત્માને આત્મામાં ખેંચાણ થાય એવી એક જબરદસ્ત સંપત્તિ છે. એને Magnetic property of the soul કહેવામાં આવે છે. જેમ Magnet ખેંચે છે એમ આનંદને લઈને ખેંચાય છે.

આખા જગતમાં એ જોવે છે કે મારા આનંદથી બધું શૂન્ય છે. આખું જગત મારા આનંદથી શૂન્ય છે અને મારું આત્મતત્ત્વ અનંતા આનંદથી ભરેલું છે. એટલે સમ્યગ્દષ્ટિને જગતમાં ક્યાંય રસ નથી આવતો અને એક આત્મામાં જ રસ આવે છે એનું આ કારણ છે. સામે સામે સરખામણી થાય એવી ચીજ પડી છે. આખું જગત પડ્યું છે તો કહે છે, આનંદથી ખાલી છે, આનંદથી શૂન્ય છે, આનંદથી રહિત છે, આનંદના અભાવસ્વરૂપે છે. મારું આત્મતત્ત્વ આનંદથી લબાલબ ભરેલું છે, ભરચક ભરેલું છે. જેમાં ખાલી અવકાશ નથી. અનઅવકાશપણે એકલો આનંદ અનંતો આનંદ ભરેલો છે. જેમાં અવકાશ નથી આનંદ સિવાય બીજો. એવો આનંદ ભરેલો છે. એ સાધકજીવને અને સિદ્ધ જીવને આનંદમય રહેવાની એક આકર્ષક સંપત્તિ છે. ચમત્કારીક સંપત્તિ છે. અસાધારણ ચમત્કાર છે! પછી જગતના કોઈ પદાર્થની મોહની એને લાગતી નથી. આ એક મોટો ચમત્કાર છે.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન થયા પછી?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સમ્યગ્જ્ઞાન થયા પછી, અનુભવ થયા પછી.

મુમુક્ષુ :- શ્રુતજ્ઞાનની સરખામણી...

પૂજ્ય ભાઈશ્રી :- શ્રુતજ્ઞાન છે એ સમ્યક્ શ્રુતજ્ઞાનની વાત છે. આ સમ્યક્

શ્રુતજ્ઞાનની વાત છે. આ સમ્યક્શ્રુતજ્ઞાનની વાત છે. ચોથા ગુણસ્થાનથી સમ્યક્ શ્રુતજ્ઞાન શરૂ થયું તે બારમા ગુણસ્થાન પર્યંત એની મર્યાદા છે. પછી કાળ ગમે તેટલો જાય કોઈને. કોઈને ઓછો, કોઈને વધુ, કોઈ અંતર્મુહૂર્તમાં સાધે તો કોઈને સાગરોપમના કાળ પછી પણ શ્રેણીનો કાળ આવે. શ્રેણીનો કાળ અંતર્મુહૂર્તનો છે. એ પહેલાંનો કાળ ગમે તેટલો હોય.

મુમુક્ષુ :- અહીં અંદર જ અત્યારે આનંદનો પર્વત છે ...

પૂજ્ય ભાઈશ્રી :- આનંદનો પર્વત છે. કેમકે ઊંધો ફરીને ઊભો છે.

મુમુક્ષુ :- કેટલી હદ સુધી ઊંધો પડ્યો છે!

પૂજ્ય ભાઈશ્રી :- પૂરેપૂરો ઊંધો. એની ઊંધાઈનો પાર નથી. 'શ્રીમદ્જી'એ કહ્યું ને કે આ પરમેશ્વરના અપલક્ષણ પણ ઓછા નથી. પોતે પરમેશ્વર છે એના અપલક્ષણ પણ ઓછા નથી. એની ઊંધાઈ પણ બડી. 'દીપચંદજી' કહે છે કે એની સવળાઈ તો બડી પણ એની ઊંધાઈ પણ બડી છે. એ સાધારાણ ઊંધાઈ નથી. અપરાધ પણ બહુ મોટો છે. એમને એમ નરક નિગોદમાં જાય છે એમ નથી. નિજ પરમેશ્વરનો નિરાદર છે, અનાદર છે એટલે જાય છે. સીધી વાત છે.

'**તેમ કેવળજ્ઞાનનો મહિમા શ્રુતજ્ઞાન કરતાં ઘણો વધારે છે.**' અથવા અનંતો વધારે છે. '**એક સમયમાં...**' કેવળજ્ઞાન કેવું છે? કે '**એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને...**' તેની સરખામણીમાં '**અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં ઘણો મોટો તફાવત છે.**' પછી એ લીધું '**ઘણો મોટો તફાવત છે.**' હાઈફન પૂરો કરીને. પછી તે શ્રુતજ્ઞાન '**ભલે અંતર્મુહૂર્તમાં બધુંય શ્રુત ફેરવી જનાર શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય તો પણ ઘણો મોટો તફાવત છે.**' આ શ્રુતકેવળીની પ્રસિદ્ધ વ્યાખ્યા આ છે કે જેને સર્વ શ્રુતનું જ્ઞાન હોય તેને શ્રુતકેવળી કહીએ. કેવળ એટલે સંપૂર્ણ. શ્રુત એટલે શ્રુતજ્ઞાન. જેનું શ્રુતજ્ઞાન, શ્રુતજ્ઞાન તરીકે હવે અધૂરું નથી. અંતર્મુહૂર્તમાં બધું ફેરવી જાય, આખું દ્રવ્યશ્રુત. બધું શ્રુત એટલે આખું દ્રવ્યશ્રુત ફેરવી જાય. બારેબાર અંગ. અંતર્મુહૂર્તમાં. એટલી લબ્ધિ હોય શ્રુતજ્ઞાનની તોપણ ઘણું મોટું અંતર છે. અનંતો ફેર છે. નીચે છેલ્લો શબ્દ છે '**અનંતો ફેર છે.**' અનંતમા ભાગે છે. બાર અંગનું અંતર્મુહૂર્તનું શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન પાસે અનંતમા ભાગે છે. એને શ્રુતકેવળી કહે છે.

અને ચોથા ગુણસ્થાને શ્રુતકેવળી કહે છે. શ્રુતકેવળી શબ્દો આવ્યો છે એટલે જરા એનો બીજો અર્થ છે-નિશ્ચય અર્થ છે. એનો ખુલાસો એ છે કે જે શ્રુતથી કેવળ શુદ્ધાત્માને જાણે. શ્રુતજ્ઞાન દ્વારા, ભાવશ્રુતજ્ઞાન દ્વારા, સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા કેવળ

શુદ્ધાત્માને જાણે તે નિશ્ચયથી શ્રુતકેવળી છે. સાચો શ્રુતકેવળી છે અને તે સમ્યગ્દષ્ટિ શ્રુતકેવળી થઈ ગયો. સમ્યગ્દર્શન થયું એટલે શ્રુતકેવળી થયો. આ પરિભાષા 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'ની નવ-દસ ગાથામાં કહી છે. નવ-દસ ગાથા સાથે છે. એની ટાકા કરતાં કરી છે. સ્વાનુભવ થયો એટલે એ શ્રુતકેવળી છે. ખરેખર એ શ્રુતકેવળી છે. નિશ્ચયતઃ એમ લીધું છે. અને જે સમગ્ર શ્રુતને જાણે, પૂરા શ્રુતને જાણે એ પણ શ્રુતકેવળી છે વ્યવહારતઃ. વ્યવહારથી એ શ્રુતકેવળી છે. આ નિશ્ચયથી શ્રુતકેવળી છે અને આ વ્યવહારથી શ્રુતકેવળી છે.

મુમુક્ષુ :- બાર અંગનો જાણનાર છે વ્યવહાર શ્રુતકેવળી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે. એની પરિભાષા, વ્યાખ્યા જ એમ કરી છે. ત્યાં શ્રુતકેવળી શબ્દ વાપર્યો છે 'ભગવાન કુંદકુંદાચાર્યે' મૂળ ગાથામાં. એની ટીકા કરતાં એક હજાર વર્ષ પછી 'અમૃતચંદ્રાચાર્યદેવે' શ્રુતકેવળીની આ વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ અને સમ્યક્ને એવું જ છે. છેલ્લા સમય સુધી મિથ્યાત્વ છે પછી સમ્યક્ છે. ... મિથ્યાત્વ છે. ભલે સમ્યક્ સન્મુખ થયેલો જીવ આગળ વધતો છે, એનો પુરુષાર્થ પણ આગળ વધતો છે. છતાં છેલ્લા સમય સુધી મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- એમાં તો શું છે કે પોતાનો આશ્રય ફરી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આશ્રય ફરી જાય છે પણ એ આશ્રય માટે પ્રયત્નવાન હોય છે અને આશ્રય ફરે છે. પ્રયત્નવાન નથી હોતો અને કાંઈ ઓચિંતો આશ્રય ફરે છે ઊંઘમાં એમ ત્યાં પણ નથી.

મુમુક્ષુ :- એ તો બરાબર છે પણ ઓલો તો પહેલો સમય અને છેલ્લો સમય ઈ બે વચ્ચે ... સીધો જ... ક્ષણિક છે, થોડું છે ઓલું પૂરેપૂરું છે. આટલો.....

પૂજ્ય ભાઈશ્રી :- જો કે ચોથા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીમાં ભિન્ન-ભિન્ન ગુણોનો વિકાસ છે. શ્રદ્ધાગુણને એવું નથી લાગુ પડતું પણ જ્ઞાનગુણનો આંતરિક વિકાસ છે. ભલે કોઈને બહારનો ઉઘાડ ન વધે પણ આંતરિક વિકાસ છે એટલે એની શકિત ઘટતી જાય છે. સ્વરૂપગ્રહણ શકિત. સ્વરૂપને ગ્રહવાની શકિત છે એ પરિસ્પષ્ટ થતી જાય છે, વિશદ્ થતી જાય છે, નિર્મળ થતી જાય છે. એવો ફરક છે. ચારિત્રમાં તો ચોખ્ખો ફરક છે. ચોથા ગુણસ્થાનથી પાંચમાનું વધારે, પાંચમાથી છઠ્ઠા-સાતમાંનુ વધારે. ત્યારપછી શ્રેણી માંડે તે અગિયારમાં સુધી, દસમા સુધી અને બારમામાં તો યથાખ્યાત ચારિત્ર થાય છે. એમાં પણ ક્રમશઃ વધારો છે.

તોપણ યથાખ્યાત ચારિત્ર થયા પહેલાનું જે ચારિત્ર છે તે અનંતમા ભાગે છે. આ અનંતુ ચારિત્ર છે, આ અલ્પ ચારિત્ર છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પૂર્ણતા અને અપૂર્ણતાનો મોટો ફરક છે. એવી રીતે આનંદ પણ પરમાનંદ પાસે સાધકદશાનો આનંદ અનંતમા ભાગે છે. ભલે છેલ્લા સમયે હોય તોપણ એ ફરક તો છે જ. પણ સાધકદશામાં વધતો વધતો ભાવ છે. દરેક ગુણોનો, શ્રદ્ધાને છોડીને દરેક ગુણોનો વિકાસિત ભાવ હોવા છતાં તે વિકાસ છેલ્લે અનંત ચતુષ્ટય પ્રગટ થાય એ પહેલા અનંતમા ભાગે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે એક અનંતુ છે અને એક અલ્પ છે. તો અલ્પ અને અનંતતા વચ્ચે તો આ ફરક હોય જ. એક અલ્પ જ્ઞાન છે અને એક અનંતુ જ્ઞાન છે. એક અલ્પ ચારિત્ર છે અને એક અનંતુ ચારિત્ર છે. એક અલ્પ આનંદ છે અને એક અનંતો આનંદ છે. અનંત એટલે જેની હદ નહિ. એને એક અલ્પ કહો. બે વચ્ચે તો અનંતો જ થયો ને? આમ ફેર હોય તો જ એવી રીતે કહી શકાય. સમજી શકાય એવો વિષય છે. પણ એ વસ્તુસ્થિતિ છે. એમ કેમ? એ વસ્તુસ્થિતિ છે, એવી વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :- સમ્યક્ શ્રુતજ્ઞાનની વ્યાખ્યા ...

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યક્ શ્રુતજ્ઞાન છે એમાં જે જાણ્યું છે એનું અનુભવકરણ છે. જો એને આચરણની મુખ્યતાથી જોઈએ તો. એટલે શું લેવું છે? કે સમ્યક્શ્રુત હોય તે માત્ર જાણે અને આચરણ એનું કાંઈ હોય જ નહિ એમ કોઈ ઊડાડે તો એમ નથી હોતું. એને 'દીપચંદજી'એ એમ કહ્યું કે શ્રુતના અનુભવકરણને સમ્યક્ શ્રુતજ્ઞાન કહીએ, ભાવશ્રુતજ્ઞાન કહીએ. સમ્યક્ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. ભાવશ્રુતજ્ઞાન કોને કહેવું? શ્રુતના અનુભવકરણને ભાવશ્રુતજ્ઞાન કહીએ. શ્રુત શું છે? ત્યાં પોતે વાત કરે છે કે શ્રુત શું છે? પરમાત્મા ઉપાદેય છે. નિજ પરમાત્મા ઉપાદેય છે. તો ભાવશ્રુતજ્ઞાનમાં એનું અનુભવકરણ ચાલે છે. કે આ મારું જે નિજ પરમ સ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે તે જ મને ઉપાદેય છે. એવો જ્ઞાનની અંદર વિવેક થાય છે. અને એને અનુભવવાનું કાર્ય પણ થાય છે. એ અનુભવકરણ નિજ પરમાત્માનું અનુભવકરણ તે ભાવશ્રુતજ્ઞાન છે. એમ છે ભાવશ્રુતજ્ઞાન. કોરુ જાણ્યા કરે, જ્ઞાન એટલે કોરું કોરું જાણ્યા કરે એમ મોક્ષમાર્ગમાં વાત નથી. મોક્ષમાર્ગમાં તો જે શ્રુતનું અનુભવકરણ છે એને જ ભાવશ્રુત કહેવાય છે અને એ ભાવશ્રુત દ્વારા આત્માના અમૃતરસને પીવામાં આવે છે. જ્યારે એ અનુભવકરણ થાય છે ત્યારે આનંદ

અમૃતના રસને એ પીએ છે, માણે છે. એમ ભાવશ્રુતજ્ઞાન છે.

મુમુક્ષુ :- કલ્પના બહારનું સુખ અને કલ્પના બહારનો આનંદ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ કલ્પનાતીત છે.

મુમુક્ષુ :- કલ્પના બહારનો...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઘણું છે એનું. કલ્પના બહારનો વિષય છે.

મુમુક્ષુ :- અરિહંત ભગવાન ઉપાદેય છે એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- નિજ પરમાત્મા ઉપાદેય છે, નિજ પરમાત્મા ઉપાદેય છે. અરિહંત નહિ. પરમાત્મા ઉપાદેય છે કે નિજ પરમતત્ત્વ, નિજ પરમસ્વરૂપ ઉપાદેય છે. એવું સમ્યક્ ભાવશ્રુતજ્ઞાનની અંદર ભાવાત્મકપણે વર્તે છે. એટલે કે પોતાના નિજ પરમાત્મ સ્વરૂપને જેવું પરમાત્મ સ્વરૂપ છે તે જ રૂપે સાક્ષાત્ અનુભવવાનું કાર્ય ચાલે છે. ભાવશ્રુતજ્ઞાન દ્વારા પોતે પરમાત્મા એમ અનુભવાયો. પોતે કેવો અનુભવાયો? કે પોતે પરમાત્મા છે. છે તેવો જ અનુભવાયો એનું નામ ભાવશ્રુતજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાન અનુભવકરણ કરવું તે. અનુભવકરણ તે એનું કાર્ય છે. એવો અનુભવાયો. આનું નામ ભાવશ્રુતજ્ઞાન છે.

મુમુક્ષુ :- અનુભવકરણ ચારિત્ર...

પૂજ્ય ભાઈશ્રી :- પછી આચરણ Automatic થઈ ગયું. જ્ઞાનનું આચરણ જ ચારિત્ર છે. જ્ઞાનની પ્રતીતિ તે પ્રતીતિ છે અને જ્ઞાનનું આચરણ તે ચારિત્ર છે. એટલે સમજવામાં જ્ઞાનની પ્રધાનતા લેવાય છે.

શું સરખામણી કરે છે? '**એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સંપૂર્ણપણે જાણનાર કેવળજ્ઞાનમાં અને અલ્પ સામર્થ્યવાળા શ્રુતજ્ઞાનમાં...**' ઘણો મોટો તફાવત છે. '**ભલે તે...**' શ્રુતજ્ઞાન. ભલે તે એટલે તે શ્રુતજ્ઞાન '**અંતર્મુહૂર્તમાં બધું...**' સંપૂર્ણ શ્રુત, બારેય અંગનું શ્રુત '**ફેરવી જનાર...**' ફેરવી જનાર એટલે? અવગાહન કરી જનાર. અધ્ધરથી ચાલે એમ નહિ. અવગાહન કરી જનાર '**શ્રુતકેવળીનું શ્રુતજ્ઞાન હોય...**' ગમે ત્યાંથી બહાર શ્રુતનો પ્રશ્ન કાઢે. ચોથા ગુણસ્થાનનો કાઢે કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો કાઢે કે દસમા ગુણસ્થાનનો (કાઢે), બારમા ગુણસ્થાનનો કાઢે, કેવળજ્ઞાનનો કાઢે ગમે તે કાઢે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાઢે તો ફડાક જવાબ દે. કેમકે એની પાસે લબ્ધિ છે. સીધો ઉપયોગ થાય એમાંથી. બાર અંગની લબ્ધિ છે. સીધો ઉપયોગ થાય. આમ છે. દ્રવ્યશ્રુતમાં આ વાત આ પ્રકારે છે.

એવું શ્રુતજ્ઞાન ચમત્કાર લાગે બીજાને. એ શ્રુતજ્ઞાન બીજાને તો (ચમત્કાર લાગે). એ તો લબ્ધિ છે એટલે એક જાતનો ચમત્કાર જ છે લૌકિક દૃષ્ટિએ તો. કે

વાંચ્યા વગર આવડે. વાંચીને તો ગમે તે માણસ કહે કે અહીંયાં આ નને દીર્ઘઈ ની છે અને ભ એકમાત્ર ભે અને દ ... ભેદ. વાંચીને તો સૌ કહે કે આ શબ્દ ભેદ છે. (આ તો) વાંચ્યા વગર કહે. તે દિવસે કયાં પુસ્તક પાના હતા. જે દિવસે ભગવાન જ્યાં સુધી બિરાજતા હતા ગૌતમ ગણધર હતા બાર અંગની લબ્ધિવાળા, ત્યાં ક્યાં એ વખતે પુસ્તકારૂઢ જ્ઞાન નહોતું કાંઈ. દ્રવ્યશ્રુત પુસ્તકારૂઢ હતું નહિ. એનો વિકલ્પ અને એની જે વાણી, ગણધરદેવની વાણી, ગણધરદેવનો વિકલ્પ એ દ્રવ્યશ્રુત અને એમની લબ્ધિ તે ભાવશ્રુત.

દ્રવ્યશ્રુતના બે ભેદ. એક વાણી રૂપે અને એક વિકલ્પ રૂપે. બે. વિકલ્પને પણ દ્રવ્યશ્રુત કહેવાય અને શબ્દારૂઢ થાય તે પણ દ્રવ્યશ્રુત કહેવાય છે. એટલે કે વાણી પ્રત્યે જનારો જ્ઞાનનો પર્યાય એ દ્રવ્યશ્રુત. તે દ્રવ્યશ્રુત. અને આત્માનું જ્ઞાન તે ભાવશ્રુત. શાસ્ત્રનું જ્ઞાન તે દ્રવ્યશ્રુત, વાણીનું જ્ઞાન તે દ્રવ્યશ્રુત, વિસ્તારવાળું જ્ઞાન તે દ્રવ્યશ્રુત, વિકલ્પાત્મક જ્ઞાન તે દ્રવ્યશ્રુત. સમ્યગ્દષ્ટિનું, હોં! અહીંયાં શુદ્ધાત્માના જ્ઞાનને ભાવશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે. એમ પણ બે ભેદ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની પણ વાણી આવા પ્રકારની હતી. જેણે અનુભવ કર્યો એ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સર્વ જ્ઞાનીઓની વાણી અસામાન્ય હોય છે. મિથ્યાદષ્ટિની એવી વાણી હોતી નથી. એની વાણીમાં ફેર હોય છે એ ફેર સમજવો જોઈએ.

'ગુરુદેવશ્રી' તો એક મહાપુરુષ હતા, તીર્થંકરદ્રવ્ય હતું એટલે એમની તો વિશિષ્ટતા હોય જ. કેમકે એ વાણી એટલી પુણ્ય સાથે હોય. કોઈપણ સમ્યગ્દષ્ટિની વાણીમાં મિથ્યાદષ્ટિની વાણી કરતાં તફાવત હોય છે. સાદિ ભાષા હોય. 'પૂજ્ય બહેનશ્રી'ની ભાષા બહુ સાદિ છે. એકદમ ઘરગથ્થુ અને સાદિ ભાષા અને સાદા શબ્દો. બહુ શાસ્ત્રિય પરિભાષાના એવા બહુ ભારેખમ શબ્દો ન લાગે વાણીમાં. સાવ સાદિ ભાષા લાગે. તોપણ વાણીમાં ફેર હોય છે. વાણીમાં ફેર હોય, હોય ને હોય જ છે. સમજનાર જોઈએ. વિદ્વાનોને ઘણીવાર એવું લાગે કે આમાં કાંઈ માલ નથી કાંઈ લાંબો. વાત કરે છે પણ એમાં કાંઈ બહુ ખાસ કાંઈ એવું દેખાતું નથી. પણ એ તો એની વિદ્વતા નથી દેખાતી. એટલે એ પોતાની દષ્ટિએ માપે છે. તત્ત્વદષ્ટિ હોય તો એને કેટલો માલ છે એ સમજણ પડે છે. તત્ત્વદષ્ટિ જુદી વાત છે, વિદ્વતાની દષ્ટિ જુદી વાત છે. વિદ્વતા અને જ્ઞાન કોઈ એક ચીજ નથી. વિદ્વતા અને જ્ઞાન કાંઈ એક ચીજ નથી. વિદ્વતા હોય અને જ્ઞાન ન હોય. જ્ઞાન હોય અને વિદ્વતા ન પણ હોય અને

હોય પણ ખરી. પણ વિદ્વતા હોય ત્યાં જ્ઞાન હોય જ એવો કોઈ નિયમ નથી.

... કારણરૂપ પરિણમે છે અને એ જ મતિ-શ્રુતજ્ઞાન સવળું થતાં જન્મ-મરણના નાશના કારણરૂપ પરિણમે છે. એક વૃદ્ધિના કારણરૂપ અને એક નાશના કારણરૂપ.બે વચ્ચે ઉલટોસુલટો ફેર છે. એ પણ ચમત્કાર જ છે ને! મતિ-શ્રુત તો મતિ-શ્રુત છે પણ એ ચમત્કાર જ છે ને કે એકથી ભવ બંધાય અને એકથી ભવ નિવૃત્ત થાય. કેટલો મોટો ચમત્કાર છે! ઘણો ચમત્કાર છે એટલે તો 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે, અદ્‌ભૂતાત અદ્‌ભૂતમ્. કેવું છે આત્મદ્રવ્ય? કે અદ્‌ભૂતથી અદ્‌ભૂત છે. શું કહેવું એનું! કહેવા માટે અમારી પાસે શબ્દો નથી. અદ્‌ભુતથી કોઈ અદ્‌ભુત છ!! એમ કહીને કહેતા અટકી જાય છે. '**अलमलमतिजल्पैर्दुर्विकल्पै**' બહુ વિકલ્પથી બસ થાઓ અને ... વાણીથી બસ થાઓ. આ ચૈતન્યરત્ન એવો આત્મા અદ્‌ભૂતથી કોઈ અદ્‌ભૂત છે! એની વાત અમે કરી શકતા નથી. વાત કરવા જતા વાણી મૌનપણાને ભજે છે. એવું દ્રવ્ય છે.

એટલે તો 'સોગાનીજી'એ વિષયમાં સંક્ષેપ કરવા માટે એવી વાત કરે છે કે બસ, એક પોતાનું સ્વદ્રવ્ય અને એમાં ખેંચાણ એનું. આથી વધારે બીજી કાંઈ વાત નથી. એક પોતાનું અંતરંગમાં સ્વભાવતત્ત્વ, સ્વદ્રવ્ય ચૈતન્યરત્ન અને એના પ્રત્યેના પરિણામની એકાગ્રતારૂપ ખેંચાણ. બસ, વાત પૂરી થઈ ગઈ. આથી વધારે કાંઈ કોઈ લાંબી ચર્ચા નહિ, કોઈ લાંબી વાત નહિ. આમાં બધું આવી ગયું. બાકી બધી જાણવાની વાત છે હવે. પતી ગયું આટલામાં. ઠીક! લાંબી લાંબી વાત તો બધો જાણવાનો વિષય છે.

મુમુક્ષુ :- આ બે વસ્તુ પર્યાપ્ત છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ. એ તો જરા કડક વાત કરતા એટલે (કહે), આ ચર્ચા ને વાંચન અને સ્વાધ્યાય બધું વિષયસેવન છે. સીધું અહીંયાં આ આત્મા હું અને અંદરનું ખેંચાણ એકાગ્રતા. બસ! વાત પૂરી થઈ ગઈ. એથી બહાર નીકળવાની વાત કાંઈ કરવી નહિ અને કરવી હોય તો અમારે કાંઈ સાંભળવી નથી. એવી Line થી વાત કરતા હતા. બહુ તીખી. ભાષા તીખી, પરિણતી તીખી, ભાષા તીખી.

'જ્યાં જ્ઞાન અનંત કિરણોથી પ્રકાશી નીકળ્યું, જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં...' ક્ષાયિક જ્ઞાન કહો કે કેવળજ્ઞાન કહો, નામ જુદું જુદું છે. સંપૂર્ણપણે જ્ઞાનાવરણી કેવળજ્ઞાનાવરણ પર્યંતના સર્વ જ્ઞાનને આવરણ કરવામાં નિમિત્તભૂત થતાં જે કર્મના પરમાણુઓ છે એનો ક્ષય થતાં જે જ્ઞાન પ્રગટ થયું. એટલે એને ક્ષાયિકજ્ઞાન કહેવામાં આવે છે. એ આગમભાષા છે.

'જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ એવા પૂર્ણ ક્ષાયિક જ્ઞાનમાં અને ખંડાત્મક ક્ષાયોપક્ષમિક જ્ઞાનમાં...' હવે જુઓ, એને ખંડાત્મક એવું વિશેષણ લગાડ્યું. પણ બાર અંગમાં ફરે છે. તો કહે છે, એ ખંડ ખંડ થઈને ફરે છે. બાર અંગમાં ફરે છે તો આત્મામાં કેમ ફરતું નથી? એમ કહે છે. અખંડ આત્મામાં ફરે એને અમારી અનુમોદના છે. બાર અંગમાં ફરે એને અમારી અનુમોદના નથી. આવું છે. સમ્યગ્દષ્ટિનું સમ્યક્ શ્રુતજ્ઞાન, ગણધરદેવનું સમ્યક્ શ્રુતજ્ઞાન બાર અંગમાં ફરે, એને અનુમોદના આપવા તૈયાર નથી એમ કહે છે. અમારી અનુમોદના એમાં નથી. ઠીક! અમારી અનુમોદના તો એ જ્ઞાન આત્મામાં ફરે એમાં છે. બાર અંગમાં ફરે એમાં નથી. એટલે ખંડાત્મકવાળું વિશેષણ ફેરવી નાખ્યું. ખંડખંડ થાય છે, અખંડ વૃત્તિ નથી. એ જ્ઞાનની કોઈ અખંડ વૃત્તિ નથી. અખંડના આશ્રયે જ્ઞાન અખંડ વૃત્તિને ધારણ કરે. અખંડને છોડે એટલે એની ખંડ વૃત્તિ થઈ જાય. ખંડખંડપણે જાય એ એનું સ્વરૂપ નથી. એને જ્ઞાન શું કહેવું? એને અમે જ્ઞાન પણ કહેવા માગતા નથી.

મુમુક્ષુ :- સત્ માર્ગના જ ગણિત જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાવ જુદા. એમાં અધ્યાત્મનું ગણિત સાવ જુદું છે પાછું. આગમ કરતાં પણ. સત્ માર્ગમાં પણ, ઉન્માર્ગના અને સત્માર્ગના આગમનું ગણિત જુદું છે અને આગમમાં અને અધ્યાત્મમાં અધ્યાત્મનું ગણિત પાછું સાવ જુદું છે. એક નવો જ ધડાકો છે ઈ. ઓલામાં તો હજી ગણિત.. ગણિત... ગણિત... ગણતા... ગણતા... પગલા ભરે છે. આમાં તો સીધો જ ધડાકો છે. એવો વિષય છે આ. અધ્યાત્મનો વિષય જરા એવો છે.

મુમુક્ષુ :- જગતનાં કોઈ ગણિત અહીં કામ લાગે એવા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કામ લાગે એવા નથી. આગમના ગણિત કામ લાગતા નથી અધ્યાત્મમાં. જગતના ગણિતનું તો બોતુ શું છે?

મુમુક્ષુ :- આ તો કેવળી ભગવાને કહેલું આગમ.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળીના આગમની વાત છે, સત્શ્રુતની વાત છે. એના... એવો વિષય છે. અધ્યાત્મનો વિષય જરા એવો છે.

મુમુક્ષુ :- ...પ્રાથમિક ભૂમિકા લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- આ તો સમજવાનો વિષય છે. ક્યાં શું? કેમ છે? કેવી રીતે છે? આખો નકશો-Plan તો આખો સમજવો પડે ને. પાયો ખોદવા પછી બેસજો. પણ પહેલા સમજી તો લ્યો કે આમાં ઈંટ ઉપર ઈંટ ચડે છે, .. ચડે છે તો ક્યાં સુધી કેટલે સુધી જાય છે ત્યારે આ સાતમો માળ આવે છે. એ સમજવું તો જોઈએ ને.

અધ્યાત્મ ક્યારે શરૂ થાય છે? અધ્યાત્મ કેમ શરૂ થાય છે? શુદ્ધાત્મા ઉપર કેવી હદે વજન જાય છે? કેવા પ્રકારે વજન જાય છે ત્યારે એમાં અધ્યાત્મના ભાવો આવિર્ભાવ થાય છે. એ વાત સમજવી તો પડશે ને? આગમના ન્યાયો સમજે, અધ્યાત્મને સમજે પછી આદરી શકે. સમજે જ નહિ તો શું આદરે? કાંઈ ખબર જ ન હોય તો શું આદરે?

મુમુક્ષુ :- અધ્યાત્મ ઉપર વધુ સારો પ્રકાશ પાડ્યો. પંડિતોએ ...

પૂજ્ય ભાઈશ્રી :- અધ્યાત્મ તો લુપ્તપ્રાયઃ હતું. પંડિતોના તો બધા જોઈ લીધા છે. સરવાળા-બાદ્બાકી કરી લીધા છે પંડિતોના. અધ્યાત્મનો વિષય પંડિતોનો નથી. આ જિનેન્દ્ર વર્ણી, જિનેન્દ્ર શબ્દકોષ લખ્યો છે. પંદર વર્ષ સુધી જે માણસે મૌન પાળીને રાતના ત્રણ-ત્રણ વાગ્યા સુધી અધ્યયન કર્યું છે. એ શ્રુતકેવળીની પરિભાષા શબ્દકોષમાં નથી લાવી શક્યા, જે 'અમૃતચંદ્રાચાર્યે' નવમી-દસમી ગાથામાં કરી છે. હમણાં થોડી અમારે ચર્ચા ચાલી કે શબ્દકોષ તો જો જો. જિનેન્દ્ર વર્ણીએ એમાં લીધું છે? તો કહે, નહિ. એ વાત નથી લઈ શક્યા. કેમકે એનો અધ્યાત્મનો દૃષ્ટિકોણ નહોતો. શબ્દના અર્થ કર્યા. તોપણ શ્રુતની મર્યાદા છે. એણે 'સમયસાર'ની નવમી-દસમી ગાથાની ટીકા નહોતી વાંચી એ થોડું છે. આખું 'સમયસાર' વાંચ્યું છે. નથી કરી શકતા. અધ્યાત્મનો વિષય તો ધ્યાન ખેંચાય કે આની વિશિષ્ટતા શું છે? એના ઉપર જ છે.

બીજી રીતે લઈએ કે જે આગમજ્ઞાનની વિશાળતા પાસે બાહ્ય દૃષ્ટિઓને વ્યામોહ ઊપજે છે કે શું જ્ઞાન છે આનું! ગજબ જ્ઞાન છે! કેટલી વાતો કરે છે! કેટલા ભેદ-પ્રભેદથી કેટલું કહી શકે છે!બાહ્યદૃષ્ટિ જીવોને બાહ્ય જ્ઞાન ઉપર વ્યામોહ થાય. લોકો તો મિથ્યાદૃષ્ટિના જ્ઞાનમાં વ્યામોહ પામે છે પણ સમ્યગ્દૃષ્ટિનું એવું જ્ઞાન હોય, ઓ..હો..! સમ્યગ્જ્ઞાન ને આટલી વિશાળતા! આટલી નિર્મળતા! આટલા ભેદ-પ્રભેદ! 'ટોડરમલજી' ગોમ્મટસારની ટીકા કરી છે-સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા. બધું બાહ્ય જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન હોવા છતાં બાહ્ય જ્ઞાન છે, ખંડાત્મક જ્ઞાન છે. લોકોને આશ્ચર્ય થાય. તો કહે છે કે એ ખંડાત્મક જ્ઞાન છે. એ જ્ઞાનની કોઈ કીંમત નથી. મોક્ષમાર્ગમાં એ જ્ઞાનની કીંમત નથી.

મુમુક્ષુ :- અધ્યાત્મનું પાસુ જો ઉપસાવવું હોય તો જેણે અનુભવ કર્યો હોય એ જ ઉપસાવી શકે, બીજો તો ઉપસાવી જ ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે. જેનો જે વિષય નથી, અજાણ્યો છે એ શું ઉપસાવે? જે વિષયથી જે અજાણ્યો હોય એ કેવી રીતે ઉપસાવે? હજી તો એની નિઃશંકતા પણ ન આવતી હોય. ઉપસાવવાની વાત તો જોર આવે ત્યારે ઉપસાવે.

મુમુક્ષુ :- આપ કહો છો કે પરિભાષા બીજી કરી. પણ કરી જ ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :- એ ક્યાંથી કરે? એનું ધ્યાન ન ખેંચાય. વાંચે ખરા. ઉપરથી ચાલ્યું જાય. ધ્યાન ન ખેંચાય.

મુમુક્ષુ :- જેનું આગમજ્ઞાન બરાબર ન હોય એ અધ્યાત્મને કહી શકે?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પ્રશ્ન જ નથી. એ તો ગૃહીતમાં જાય છે ને? આગમજ્ઞાનમાં વિપર્યાસ સાધે, આગમ કહે છે એમ એને ન ભાસે અને વસ્તુનું સ્વરૂપ એને અન્યથા ભાસે એ તો ગૃહીતમાં ગયો સીધો જ. ક્યાં ગયો એ? ગ્રહિત મિથ્યાત્વમાં ગયો. ત્યાં તો દર્શનમોહ તીવ્ર છે. એટલે એનું જ્ઞાન છે એ સીધું કામ કરતું નથી પણ આડું ચાલે છે. મિથ્યાત્વની પ્રકૃતિ તો તિર્યંચગતિમાં લઈ જનારી છે ને? નિગોદ આદિમાં. તો એ જ્ઞાન આડું ચાલે છે. એના ભાવ બધા આડા ચાલે છે. એનો તો પ્રશ્ન જ નથી. એ તો ચર્ચાનો વિષય જ નથી અહીંયાં. પણ જેનું જ્ઞાન આગમ અનુસાર છે, લોકોને મિથ્યાદૃષ્ટિ જીવોને વ્યામોહ થાય. જેવું આગમમાં કહે છે એવું જ કહે છે. નિરૂપણ સાચું છે, નિરૂપણ ખોટું નથી. બરાબર આગમ પ્રમાણે નિરૂપણ કરે છે. અહીં તો કહે છે, મિથ્યાદૃષ્ટિને મૂકો, સમ્યગ્દૃષ્ટિનું એ જ્ઞાન ખંડાત્મક છે. એ જ્ઞાન મોક્ષમાર્ગને સાધતું નથી. એવું છે.

અહીં તો સરખામણી છે, પ્રસ્તુત વિષયમાં તો. '**અનંત કિરણોથી પ્રકાશી નીકળેલું જ કેવળજ્ઞાન જ્યાં ચૈતન્યની ચમત્કારિક ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ...**' ઋદ્ધિ અને સિદ્ધિ બંને પ્રગટ થઈ ગઈ છે. બાહ્ય અપેક્ષાએ ઋદ્ધિ કહે છે. અંતરની પૂર્ણતાની અનુભવની પ્રાપ્તિની અપેક્ષાએ એને સિદ્ધિ કહે છે. એને ઋદ્ધિ-સિદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે એવું જે કેવળજ્ઞાન છે એની પાસે, પૂર્ણ ક્ષાયિક જ્ઞાનની પાસે જે ક્ષયોપશમ જ્ઞાન છે એમાં તો અનંતો ફેર છે. થોડો ઘણો ફેર નથી પણ એ અનંતો ફેર છે એ તો.

એમ અહીંયાં એક જ્ઞાનગુણના પરિણમનમાં છદ્મસ્થ અવસ્થા અને કેવળજ્ઞાન અવસ્થામાં કેટલો તફાવત હોય છે એની સમીક્ષા કરી છે, સરખામણી કરી છે. મિથ્યાદૃષ્ટિના જ્ઞાનના ઉઘાડની તો ચર્ચા જ નથી અહીંયાં. ૩૨૪ થયો.

જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે. બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ તે તો (દૃષ્ટિ અપેક્ષાએ) ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી. ૩૨૫.

૩૨૫. ૩૨૫ માં ફરી પાછો દ્રવ્યદૃષ્ટિનો વિષય ચાલે છે કે '**જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે કે ઉપયોગ બહાર આવે ત્યારે દૃષ્ટિ તળ ઉપર કાયમ ટકેલી છે.**' જે સ્વભાવની દૃષ્ટિ પ્રગટ થઈ એ સ્વભાવની દૃષ્ટિ સદાય ટકી રહે છે. એ ઉપયોગ બહાર આવે કે ઉપયોગ અંદર જાય એની સાથે દૃષ્ટિને ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જે ઉપયોગ અંદર સ્વાનુભવમાં ગયો એને અહીંયાં સ્વાનુભૂતિ કહી. ત્યારે પ્રથમ દૃષ્ટિ પ્રગટી. એનો ઉપયોગ ફરી જશે, દૃષ્ટિ ફરશે નહિ. આ ચર્ચા 'પંચાધ્યાયી'માં પંચાધ્યાયીકારે બહુ સરસ લીધી છે કે જ્ઞાનના ઉપયોગને અને શ્રદ્ધાનને-દૃષ્ટિને સમવ્યાપ્તિ પણ છે અને વિષમવ્યાપ્તિ પણ છે. એટલે ઉપયોગ સ્વરૂપમાં વ્યાપે ત્યારે પણ દૃષ્ટિ હોય તો સમવ્યાપ્તિ છે. ઉપયોગ બહાર અન્ય દ્રવ્યને વિષે જાય ત્યારે પણ દૃષ્ટિ આત્મામાં રહે એ એની વિષમ વ્યાપ્તિ છે. મોક્ષમાર્ગમાં બંને બને છે. એ પ્રકરણ ચાલ્યું છે. ત્યાં તો ઘણી સૂક્ષ્મ ચર્ચા કરી છે 'પંચાધ્યાયી'માં.

અહીંયાં વિષય સાદી ભાષામાં લે છે કે '**જ્ઞાનીને સ્વાનુભૂતિ વખતે...**' એટલે શુદ્ધોપયોગના કાળમાં '**કે ઉપયોગ બહાર આવે ત્યારે...**' વિકલ્પાત્મક ભાવમાં આવે અથવા વિકલ્પ શુભયોગની ક્રિયામાં લાગેલો હોય કે વિકલ્પ અશુભયોગની ક્રિયામાં લાગેલો હોય દૃષ્ટિ તળ ઉપર એટલે સ્વભાવ ઉપર કાયમ ટકેલી છે, કાયમ ચોંટેલી છે, કાયમ રહેલી છે, કાયમ પરિણમે છે. એમાં એ પરિણમન બદલતું નથી. સર્વ સમર્પણ. એને કાંઈ ફેરફાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

શુદ્ધોપયોગ હોય ત્યારે દૃષ્ટિ અંદર રહે એ તો સમજાય પણ ઉપયોગ ફરે અને દૃષ્ટિ કેમ અંદર રહે? એનું કામ ઈ કરે અને એનું કામ ઈ કરે. ઉપયોગ બહાર જાય એટલે દૃષ્ટિ એનો નિષેધ કરે. દૃષ્ટિ એમ ન કહે કે તું ભગવાન પ્રત્યે ગયો ને, વાંધો નહિ ઈ ચાલશે અમારે. સામે સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા બિરાજ્યા છીએ અને તું એના પ્રત્યે ઉપયોગ ગયો અને સામે પ્રતિબિંબ પડ્યું, ભગવાનનું અરિહંતદેવનું પ્રતિબિંબ આવ્યું ઉપયોગની અંદર એટલે આમાં વાંધો નહિ. નહિ, એમાં પણ વાંધો છે અમારે તો. દૃષ્ટિ કહે છે, મારે તો એમાં પણ વાંધો છે. મારે તો નિજ પરમાત્માને છોડીને તું જા છો શું કરવા? આ જ મારો પ્રશ્ન છે. બીજા અન્ય પરમાત્મા (ખરા) પણ આ પરમાત્માથી શું વધારે તું જોઈ ગયો કે તું ત્યાં ગયો? એ તારાથી ભિન્ન છે. એ તને કાંઈ લે, તને કાંઈ દે એવું કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- ત્યાં દૃષ્ટિ જ્ઞાનને રોકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિ જ્ઞાનનો નિષેધ કરે છે.

મુમુક્ષુ :- જ્ઞાન બહાર જાય છે, એને દૃષ્ટિ રોકે છે?

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિનો નિષેધ કરે છે, નકાર કરે છે એનો કે આમ ન થવું જોઈએ, આમ ન થવું જોઈએ. બાકી તો જ્ઞાન, જ્ઞાનનું સ્વતંત્ર કામ કરે, દૃષ્ટિ, દૃષ્ટિનું સ્વતંત્ર કામ કરે પણ એ સ્વતંત્રામાં નકાર કરે.

મુમુક્ષુ :- નિષેધ કરે છે એ શબ્દ બરાબર...

પૂજ્ય ભાઈશ્રી :- નિષેધ કરે છે. એ તો જે કરે છે એ જ કહેવાયને. એનું કામ એ કાંઈ કરે? એનું કામ એ ન કરે પણ એનો નિષેધ કરે છે. એનો નકાર એને આવે છે. આ ઈષ્ટ નથી. ઉપયોગને કહે છે કે તું બહાર જા એ તારા માટે ઈષ્ટ નથી. ખરેખર તો જ્યારે ઉપયોગ સ્વરૂપને છોડીને બહાર જાય ત્યારે એ પોતાને ઘાતવાનું કામ કરે છે. જ્ઞાનાવરણ ત્યારે બંધાય છે. એટલે એમ કહ્યું કે ઉપયોગ બહાર નિકલા કિ જમ કા દૂત સમજો. યમદૂત. જ્ઞાનપ્રાણનો ઘાત કરે છે. એટલે યમનું દૂત-મૃત્યુ થયું-ઘાત કરનાર.

ઉપયોગ '**બહાર એકમેક થયેલો દેખાય ત્યારે પણ...**' અહીં તો દૃષ્ટિની વાત કરવી છે કે આવું વૈષમ્ય દેખાય. બીજા ગુણને વિષે, સમ્યક્જ્ઞાનના પરિણમનને વિષે એવી વિષમતા દેખાય કે બહાર એકમેક થયેલો દેખાય. એને એમ લાગે કે અરે..! આ તો તન્મય થઈ ગયો જાણે ઉપયોગ. ભક્તિમાં ઉપયોગ એવો લાગ્યો હોય ભગવાનની ભક્તિમાં કે જાણે એકમેક થઈ ગયો હોય એવું લાગે. '**એકમેક થયેલો દેખાય...**' છે નહિ, હોં! એકમેક થાતા નથી. ત્યારે પણ ભિન્નતા તો એને ભાસે જ છે. પણ બાહ્ય દૃષ્ટિએ એવું લાગે કે એ એકમેક થયેલો દેખાય. એને ગુસ્સો આવે. એ ગુસ્સો કરે છે. એમ થાય કે આ ગુસ્સામાં એકમેક થઈ ગયો કે શું? એમ છે નહિ. ગુસ્સો કરે ત્યારે બધી ચેષ્ટા ગુસ્સાની હોય. વાણી, ચહેરો, આંખો, નાક, હોઠ બધું આમ ગુસ્સામય લાગે. એમ લાગે કે આ ગુસ્સાની સાથે તન્મયતા હશે ત્યાં? એમ દેખાય, હોં! ત્યાં તન્મયતા નથી. પણ એવું દેખાય ત્યારે પણ '**તે તો...**' તે એટલે દૃષ્ટિ. '**તે તો...**' એટલે તે દૃષ્ટિ તો '**ઊંડી ઊંડી ગુફામાંથી...**' તે આત્મા. તે દૃષ્ટિ એટલે તે દૃષ્ટિવાન આત્મા. એનો બોલ છે. એકલી દૃષ્ટિ ન લીધી અહીંયાં. ભાષા ફેરવી થોડી કે '**તે તો..**' એટલે તે દૃષ્ટિમાન આત્મા '**ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.**' બહારમાં તન્મય થયેલો દેખાય ક્રોધાદિ ભાવથી, રાગાદિ ભાવથી ત્યારે પણ એ તો '**ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.**'

આ એક સાધકદશાને, સમ્યગ્દૃષ્ટિને, જ્ઞાનીને ઓળખવા માટેનું વિચારણીય સ્થળ છે, વિચારણીય સ્થાન છે કે જ્યારે એનો બહારનો દેખાવ આવો હોય ત્યારે અંદરમાં પણ કોઈક બીજી વાત હોય છે અને બીજી કેવી હોય છે? કે '**ઊંડી ઊંડી ગુફામાંથી બહાર નીકળતો જ નથી.**' એવી એની એક સ્થિતિ પણ હોય છે અને એ

જ્યારે એને સમજવામાં આવે છે ત્યારે એ અંગેનો એનો પુરુષાર્થ કેવો અને કેવા પ્રકારનો છે? કેટલો અને કેવા પ્રકારનો છે? એ જો એને સમજાય તો એને એ દૃષ્ટિ અને એ પુરુષાર્થ પ્રત્યે એનું હૃદય અને એનું મસ્તક નમ્યા વગર રહે નહિ. આ સીધી વાત છે.

એટલા માટે આચાર્યોએ એ ગ્રંથરચના કરી એમાં સમ્યગ્દૃષ્ટિને વંદન કર્યા છે એનું કારણ આ તત્ત્વ છે. એનો ઉપયોગ બહાર ગયો; અંદર ઉપયોગ રહે ત્યારે ઊંડો ઊંડો અંદર ચાલ્યો જાય, સીધી વાત છે; પણ ઉપયોગ બહાર ગયો ત્યારે ઊંડો... ઊંડો... ઊંડો... ઊંડો... ગયો છે? આ આત્મા કેવો છે! કેવું કામ કરે છે આત્મા! કેવો ચમત્કારિક રીતે કામ કરે છે! 'રામચંદ્રજી' વિલાપ કરતા હતા. 'સીતાજી'ની પાછળ વિલાપ કરતા હતા. લૌકિકજનની જેમ, સાધારણ લૌકિકજન જેમ વિલાપ કરે તેવા વિલાપ કરતા દેખાડ્યા છે શાસ્ત્રની અંદર-પુરાણની અંદર. કથાનુયોગ ચાલ્યો છે. ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ છે, ચરમશરીરી છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ પડે જ નહિ ને.

પૂજ્ય ભાઈશ્રી :- હલવાનો પ્રશ્ન નથી એ તો. અંદરથી હલવાનો પ્રશ્ન નથી. એની એ દૃષ્ટિએથી દ્રવ્યને જુઓ તો એનું આખું દ્રવ્ય ફરી ગયું છે. એનું દ્રવ્ય જ આખું ફરી ગયું છે એમ કહીએ તો ચાલે. પણ એ દૃષ્ટિએ એ દ્રવ્યને સમજવું જોઈએ. એટલે અહીંયાં આત્મા લઈ લીધો. દૃષ્ટિ ન લીધી. એ બહાર નીકળતો નથી. બહાર નીકળતો જ નથી. એકદમ ઊંડે એટલો બધો ચાલ્યો ગયો છે કે બહાર નીકળતો જ નથી એ તો. ઉપયોગ બહાર નીકળ્યો છે. આત્મા તો બહાર નીકળ્યો જ નથી. ઉપયોગ બહાર નીકળ્યો છે. આત્મા નથી બહાર નીકળ્યો. તો કહે, પણ બહાર ઉપયોગ નીકળ્યો એમ કહો છો ને? એ ઉપયોગ નથી કહેવું જા અમારે. એ કોઈ અનાત્મા બહાર નીકળ્યો છે. આત્મા બહાર નીકળે નહિ એનો. એને અનાત્મા 'ગુરુદેવ' કહેતા. એ અનાત્મા બહાર નીકળ્યો છે. 'પ્રવચનસાર'માં ૧૭૨ ગાથાનો નવમો બોલ છે ને? ઉપયોગનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. પણ આ સાધકનો ઉપયોગ તો બહાર જાય છે. તો કહે એ ઉપયોગ અમારો નહિ. એ આત્મા નહિ. એ અનાત્મા છે, એ જડ છે. એને અમે ઉપયોગ કહેતા નથી. બહુ ઊંડા વિચારનું સ્થળ છે આ. કે આમાં કેવી રીતે કેમ કામ થતું હશે?

આમ તો લોકોને સમજાય કે પચ્ચીસ વર્ષનું એકનો એક જુવાન દીકરો ચાલ્યો ગયો હોય તો બારમાને દિવસે એની માને કોઈ લાડવાનું બટકું ખવડાવે. લાડવો ચોખ્ખો ખાય છે ને? આ બટકું ઉપાડ્યું. ચાવે ત્યારે તો ઉપયોગ વગર કેમ ચાવે? એ

શોકમાં ઊંડે ઊંડે છે. ત્યાં તો સમજે કે ઊંડા શોકમાં ઘેરાયેલા પરિણામમાં આ બધી ક્રિયા નહિવત છે. નહિવત જોવામાં આવે છે કે નહિ?

એમ સમ્યગ્દૃષ્ટિનું બાહ્ય પ્રવૃત્તિકાળનું સ્વરૂપ પણ આવી રીતે અહીંયાં એક દર્શાવવાનો પ્રકાર છે. દ્રવ્યદૃષ્ટિની પરિણમનની વાત લઈને એ આખું આત્માનું દ્રવ્ય કેવી રીતે પરિણમી ગયું છે એ અહીંયાં વિશિષ્ટ રીતે દર્શાવે છે. અહીં સુધી રાખીએ.

ભાવના અને ઇચ્છામાં ઘણું અંતર છે. શરૂઆતમાં જ પૂર્ણશુદ્ધિના ધ્યેયવશ, મુમુક્ષુ જીવને મોક્ષ અભિલાષ, સ્વરૂપ પ્રાપ્તિની ભાવના, આત્મશાંતિની ભાવના વગેરે ભાવનારૂપ પરિણામો થાય છે, તેમાં તત્સંબંધી યથાર્થ પ્રયત્નનો અભ્યાસ અવશ્ય હોય તો જ તે ખરી ભાવના છે. અને તેવા પ્રયત્ન અભ્યાસનું કેન્દ્રસ્થાન પોતાનું ધ્રુવસ્વરૂપ હોય છે. તેથી તેવી ભાવનામાં સંતુલન ખોઈને પર્યાય પ્રતિ જોર, કે પર્યાયત્વના રસથી માત્ર પર્યાયનું અવધારણ થઈ પર્યાયબુદ્ધિ દૃઢ થતી નથી. પરંતુ કેન્દ્રસ્થાને ધ્રુવ સ્વભાવ હોવાથી પયાર્યબુદ્ધિ મટે છે.

પરંતુ મોક્ષની ઇચ્છામાં, તત્ સંબંધી ઉપર ઉપરનો આકાંક્ષા ભાવ છે; જે પર્યાય આશ્રિત પરિણમનરૂપ હોવાથી તેમાં વિધિ-નિષેધના કૃતક ઉપાધિરૂપ ઉછાળા આવ્યા કરે છે. જેથી પર્યાયબુદ્ધિ દૃઢ થાય છે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૭૬)

તા. ૨૯-૦૨-૧૯૮૮, વચનામૃત-૩૨૬ થી ૩૨૮
પ્રવચન નં. ૨૫૧

તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે. ચૈતન્યના તળમાં પહોંચી ગયો તે ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો. ૩૨૬.

'તળ સ્પર્શ્યું તેને બહાર થોથું લાગે છે.' જ્ઞાનદશાનો વિષય છે. જેણે પોતાના પરિણતિના આનંદનું સ્વરૂપ ભગવાન આત્માનો આનંદનો સ્વાદ ચાખ્યો એણે તળ સ્પર્શ્યું એમ કહે છે. આનંદનો સ્વાદ ચાખ્યો છે એમાં. અતીન્દ્રિય વચનાતીત આનંદ છે. એના અનુભવ પાસે બહારમાં બધું લુખું લુખું લાગે છે, ખાલી ખાલી લાગે છે. એને થોથું લાગે છે. થોથું એટલે રસકસ વગરનું. જગતમાં સંસારી જીવને-મિથ્યાદષ્ટિ જીવને પોતાના જેવા કોઈ ઉદય હોય છે એ ઉદયના સંયોગોમાં ભર્યું ભર્યું લાગે છે. સાધારણ માણસ હોય તોપણ એને પોતાના ઘરમાં, પોતાના સંયોગમાં એને બધું ભર્યું ભર્યું લાગે છે. શ્રીમંત માણસ હોય તો લાગે સ્વભાવિક છે પણ સામાન્ય હોય, તદ્ન સાધારણ હોય તોપણ એને ભર્યું ભર્યું લાગે છે. એની આધારબુદ્ધિ હોવાને લીધે, સંયોગમાં એકત્વની બુદ્ધિ હોવાને લીધે સંસારી મિથ્યાદષ્ટિ જીવને સંયોગોની ઓથમાં બધું ભરેલું લાગે છે.

જ્ઞાનદશામાં એથી ઊલટી વાત છે. એને બહારનું બધું થોથું લાગે છે. જાણે કાંઈ જ અમારું નથી અને કોઈ જ અમારું નથી. એ જ્ઞાનદશાનો વિષય છે. અમારું કોઈ છે નહિ, ક્યાંય અમને અમારાપણું કરવું પડે એ વાત દુઃખદાયી લાગે છે. અમારી શાંતિને દઝાડનારો વિષય છે એમ લ્યે છે. આ વૈરાગ્યનો વિષય છે. જ્ઞાનદશામાં પોતાના આનંદ અને પોતાની પૂર્ણતાને લીધે, આધાર એ છે ત્યાં, રસકસવાળું પોતાનું સ્વરૂપ લાગે છે એને અહીંયાં તળ કહે છે, એને અહીંયાં સ્વભાવ કહે છે. એ સ્પર્શ્યું એટલે અભેદ ભાવે વેદ્યું, અભેદ ભાવે અનુભવ કર્યો તેને બહારમાં બધું ભિન્ન લાગે છે, રસકસ વિનાનું લાગે છે, ખાલી ખાલી લાગે છે, થોથા જેવું લાગે છે. જેમ કૂચામાં સ્વાદ નથી એમ ક્યાંય એને રસ અને સ્વાદ આવતો નથી.

'ચૈતન્યના તળમાં પહોંચી ગયો.' જ્ઞાની ચૈતન્યના તળમાં પહોંચી ગયા છે. **'તે**

ચૈતન્યની વિભૂતિમાં પહોંચી ગયો.' તળની અંદર-સ્વભાવની અંદર અનેક આશ્ચર્યકારી ગુણસંપત્તિ છે. રમણીય પ્રદેશ છે. આત્માનો અસંખ્ય પ્રદેશ છે એ રમણીય પ્રદેશ છે. શાંતિ, આનંદ, સુખ એ બધું ત્યાં ભર્યું છે. જાણે કે કોઈપણ પ્રકારની કમી નથી, ખામી નથી, ક્ષતિ નથી. એવું પોતાનું પોતાથી પૂર્ણ સ્વરૂપ છે. એમાં જે પહોંચ્યા છે. અથવા એ સ્વરૂપે થઈને જે સ્વાનુભવ કરે છે એને બહારના જગતના પ્રાણીઓની જેમ ક્યાંય પણ રસ આવતો નથી. જ્ઞાનમાત્રથી ભિન્ન પડી ગયા છે. ખરેખર તો જે ભિન્ન પડ્યા છે એ જ્ઞાનમાત્રથી ભિન્ન પડી ગયા છે. વિકલ્પ ઊઠે છે પણ એ લંબાતો નથી. કચાશ છે, સાધકદશા છે અશકિત છે ત્યાં સુધી વિકલ્પ ઊઠે છે પણ એ વિકલ્પ લંબાતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાત્રથી એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનમાત્રથી એટલે પોતે રાગાદિથી ભિન્ન છે. એક પર્યાયમાં બંને સાથે હોવા છતાં પોતે જ્ઞાનમાત્રપણે છે. રાગની સાથે જેને સંબંધ નથી. જ્ઞાનની જોડે રહેલા રાગ સાથે જેને સંબંધ નથી એને રાગના વિષય સાથેનો સંબંધ ક્યાં? એને એ સંબંધ રહેતો નથી. એટલે રસ વિનાનું થોથે થોથા જેવું લાગે છે.

મુમુક્ષુ :- એક સમયની બે પર્યાય-જ્ઞાન અને રાગ.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં ભિન્ન ભિન્ન ગુણોની છે ને? એક વિભાવરૂપ છે અને એક સ્વભાવરૂપ છે. સ્વભાવરૂપપણે અનુભવતા વિભાવ છે એનાથી જુદું પડી જવાય છે. એનો સંબંધ રહેતો નથી. સંબંધ એનો તૂટી જાય છે, છૂટી જાય છે.

મુમુક્ષુ :- સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી હોય. આમ દેખાય તો ...

પૂજ્ય ભાઈશ્રી :- બહારનો દેખાવ તો પૂર્વ કર્મના ઉદયવાળો છે. એને કોણ હેરવે અને કોણ ફેરવે? જેમ જગતમાં પાપનો ઉદય ઠેલી શકાતો નથી, એમ ઉદયમાં આવ્યા પછી કોઈપણ ઉદય ઠેલી શકાતો નથી, ફેરવી શકાતો નથી, આઘોપાછો કરી શકાતો નથી. એમાં કેટલો રસ લેવો, કેટલો રસ ન લેવો એ પોતાના ઉપર આધારિત છે. પોતાની યોગ્યતા ઉપર આધારિત છે, પોતાના સમજણ ઉપર આધારિત છે, પોતાના પુરુષાર્થ ઉપર આધારિત છે. પોતાને રસ લેવો જ પડે, પુણ્યનો ઉદય આવે એટલે એમાં રસ લેવો જ પડે એવું બંધન નથી. પાપનો ઉદય આવે એટલે એમાં દુઃખ વેદવું જ પડે એવું કોઈ આત્માને બંધન નથી. ઉદય, ઉદયમાં છે. જ્ઞાનમાત્રથી ભિન્ન પડતા ઉદય સાથેનો સંબંધ કપાઈ જાય છે. જે સંબંધ કપાઈ ગયો એની સાથે લેવા-દેવા રહેતો નથી. બહારથી સંયોગ છે, અંદરથી સંયોગ નથી. અંદરથી સંબંધ જ નથી. બહાર સંયોગ હોવા છતાં અંદરથી સંબંધ નથી. અને સંબંધ હતો એ ખરેખર અંદરનો

હતો. બહાર તો વસ્તુ ભિન્ન જ પડી છે. માને કે મારી ચીજ છે એટલે કાંઈ એની થઈ જતી નથી.

મુમુક્ષુ :- ખરેખર અંદરનો સંબંધ છે એમ કીધું ને એ સમજાવો.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર અંદરથી સંબંધ કરતો હતો એ. અંદરનો સંબંધનો હતો ત્યારે શું હતું કે અંદરથી સંબંધ જોડતો હતો કે આ ચીજ મારી છે. આ શરીર મારું છે, આ સંયોગો મારા છે, આને લઈને મને સુખ છે, આને લઈને મારી અનુકૂળતાઓ છે, આને લઈને મારી સગવડતાઓ અને નિરાંત છે, હવે મને વાંધો નથી. ત્યાં એની આધારબુદ્ધિ હતી એને લઈને એ બધું ભર્યું ભર્યું લાગતું હતું. પોતે અંદરથી સંયોગ એનો એકત્વબુદ્ધિએ જોડ્યો હતો. એટલે સંબંધ એને અંદરથી હતો. ચીજ તો તોપણ બહાર હતી. એના આત્મામાં કોઈ ચીજ આવતી નહોતી. એના આત્મામાં કોઈ ચીજને સંબંધ થતો નહોતો. દ્રવ્યે તો દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી. વસ્તુસ્થિતિ એ છે કે દ્રવ્યથી કોઈ બીજું દ્રવ્ય મળતું નથી, ભળતું નથી પણ જાણે પોતે ભળી ગયો હોય કે પોતામાં બીજા મળી ગયા હોય એવું મિથ્યા અનુભવ કરતો હતો. એ એને અંદરનો સંબંધ હતો ખરેખર તો.

એવી જ્ઞાન સહિતના વૈરાગ્યવાળી જ્ઞાનદશા-સાધકદશા હોય છે અને એને બહારમાં ક્યાંય રસ હોતો નથી. રસ દેખાય તોપણ તે એ ઉપરછલ્લો ચારિત્રમોહનો દોષ છે. એનાથી પણ એ જ વખતે જુદા પડવાના પ્રયત્નમાં જ્ઞાની ઊભા છે, એ જ વખતે એના નિષેધમાં ઊભા છે. અને એ જ વખતે પોતાની સાધનાથી એ દોષ ટાળવાના પુરુષાર્થવંત છે, ઉદ્યમવંત છે.

મુમુક્ષુ :- અંદરમાં બધી વિભૂતિ મારી અંદર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનેક વિભૂતિઓ છે. જેટલી શબ્દ દ્વારા કહી શકાય એટલી તો આવે છે ૪૭ શક્તિમાં વિભૂતિ જ છે. આત્માની પ્રભુત્વ શક્તિ. સ્વતંત્રપણે પોતે પ્રભુ છે. એના માથે કોઈ ઈશ્વર નથી. ધણીનો કોઈ ધણી નથી. ... કોઈ ઈશ્વર નથી. પોતે જ પરમેશ્વર સ્વરૂપે છે. પરમપદ પોતાનું છે સર્વોત્કૃષ્ટ. એનાથી કોઈ આગળ નથી. આવું છે. જે સાક્ષાત્ પરમેશ્વર દશાને પ્રાપ્ત થયા એ પણ એમ કહે છે કે તારો પરમેશ્વર તું અને તારું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ તું પોતે જ છો. અમે તારા ભગવાન અને તું અમારો ભક્ત એ વાત અમારી નજરમાં નથી.

એટલે તો આચાર્ય ભગવાને પહેલી ગાથામાં એ વાત લીધી. ત્યાં અરિહંત શબ્દ ન વાપર્યો. હું મારા આત્મામાં પણ સિદ્ધપદનું સ્થાપન કરું છું અને તારા આત્મામાં પણ સિદ્ધપદનું સ્થાપન કરું છું. જો તારે 'સમયસાર' શ્રવણ કરવું છે તો આ નજર

અમારી છે અને આ શરત પણ અમારી છે કે પહેલાં પોતાના આત્માને સિદ્ધપણે સ્થાપીને આગળ ચાલવાની વાત છે. પછી બીજી બધી વાત છે. પછી સાધકદશા પણ સમજાશે અને પછી બાધકદશા પણ સમજાશે. એ પહેલાં સાધક-બાધકપણાનું સાચું જ્ઞાન નહિ થાય. સાધક-બાધકપણા રહિત પોતાનું સિદ્ધ સ્વરૂપ છે. કે જે સિદ્ધ સ્વરૂપ પાસે એક સમયની સિદ્ધ અવસ્થા ગૌણ છે ખરેખર તો. મુખ્ય નથી. એક સમયની સિદ્ધ અવસ્થા જેની પાસે ગૌણ છે એવું સિદ્ધપદ છે. એને સ્થાપતા સાધકપણું શું? બાધકપણું શું? એનું બધું પરિજ્ઞાન થાય છે. એ પહેલાં બધી વાત તો છે એ વાતો ખરેખર સમજણવાળી નથી. આવી શરત છે.

એવી વિભૂતિ છે કે જેમાં રિદ્ધિ-સિદ્ધિ બાકી નથી. આગળ એક બોલ આવી ગયો. સ્વાનુભવના કાળમાં એ વાત લીધી છે. સિદ્ધપદ સુધીની બધી સિદ્ધિ એમાં સમાય છે. જમણા હાથ બાજુ વચ્ચે બોલ છે. પાછળ આવશે કાં તો. આ રિદ્ધિ-સિદ્ધિનો વ્યામોહ થાય છે ને જગતને? એને કહે છે કે સિદ્ધપદ સુધીની બધી સિદ્ધિ એમાં આવી જાય છે. કેટલા કેટલા વખાણ કર્યા છે સ્વાનુભવ દશાના!

મુમુક્ષુ :- ગાંડાને ડાહ્યો કરવો હોય તો વખાણ કરવા પડે.

પૂજ્ય ભાઈશ્રી :- પાછા ખોટા વખાણ નથી. જૂઠ-મૂઠની વાત નથી. કહે છે ને? જૂઠ-મૂઠનું ધ્યાન ધરે છે? પોતાના સિદ્ધપદનું ધ્યાન ધરે છે તો જૂઠ-મૂઠનું ધ્યાન ધરે છે? કે નહિ. છે એવું અંદરમાં, એમ કહે છે. રિદ્ધિ સિદ્ધિ શબ્દ વાપર્યો. લીધું છે કે સ્વાનુભવ થતાં સિદ્ધપદ સુધીની બધી લબ્ધિ એમાં આવી જાય છે. લબ્ધિ શબ્દ વાપર્યો છે. બધી લબ્ધિ એમાં સમાય જાય છે. સિદ્ધ અવસ્થા સુધીની બધી લબ્ધિ સમાય જાય છે. લબ્ધિ શબ્દ વાપર્યો છે.

મુમુક્ષુ :- ૨૪૭.

પૂજ્ય ભાઈશ્રી :- ૨૪૭. બરાબર છે. '**આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ...**' છે? વચ્ચે મુનિઓને લબ્ધિ પ્રગટે છે. ૬૪ ઋદ્ધિઓ. કે '**સિદ્ધદશા સુધીની...**' રસ્તાની બધી લઈ લેવી. '**સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.**' જ્યાં શુદ્ધ આત્માની અનુભૂતિ થઈ (એટલે) બધી લબ્ધિમાં આવી ગયો. તર્ક કરી શકે કોઈ. કોઈ સમ્યગ્દૃષ્ટિને પૂર્વકર્મના યોગે બહારમાં રોગ અને દારિદ્રતા ઘણી હોય. રોગ થાય અને દવા ન મળે. દારિદ્ર એવું હોય કે રોગ થાય અને દવા લાવવાની વ્યવસ્થા ન હોય. તો આમાં બધી લબ્ધિ એને કેવી રીતે મળી? વિચાર આવે એવો વિષય છે ને? એની એને અપેક્ષા નથી.

અપેક્ષા એને નથી.

જેવું અંદરમાં ભરપૂર તત્ત્વ છે એના ઊંડાણમાં ઊંડે ઊંડે ચાલ્યો ગયો છે. ૩૨૫માં લીધું ને '**ઊંડે ઊંડે ગુફામાંથી બહાર નીકળતો જ નથી.**' બહારમાં એમ કહે કે દવા લઈ આવો. અંદરમાં ઊંડી ગુફામાં ચાલ્યો ગયો છે. એને બધી લબ્ધિ, સિદ્ધ દશા સુધીની બધી લબ્ધિ આવી ગઈ. સ્વરૂપની કેટલી ખુમારીમાં છે એ એ જ જાણે છે. જગતમાં એમ કહે ને કે 'ઘાયલની ગત ઘાય જાણે' એમ કહે છે ને?

મુમુક્ષુ :- 'ઔર ન જાણે કોઈ.'

પૂજ્ય ભાઈશ્રી :- ઔર ન જાણે કોઈ. બીજો કોઈ ન જાણે એને. આ એવું છે. બહારનું અને અંદરનું મેળવવા જાય તો ચિત્ત સ્થિર રહેવું કઠણ પડે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પુણ્યની લબ્ધિથી તો માપવાનું, પુણ્ય-પાપના ઉદયથી માપવાનું માપદંડ જે છે જગતની અંદર એ માપદંડ અહીંયાં એકકોર મૂકી દેવો પડે છે. કેમકે જે આત્માઓ પુણ્ય-પાપના ઉદયથી ભિન્ન પડીને પર થઈ ગયા એનાથી એને એનાથી તું ક્યાં માપવા જા છો? પોતે માપતા નથી અને તું માપ તો એને ન્યાય થશે નહિ. કેમકે એ એનાથી પર થઈ ગયા છે. જે જેનાથી પર છે એનાથી એને તું માપે છો. તારો માપદંડ છે એ ખોટો છે. એને એક બાજુ મૂકી દે તું. એનાથી એ મપાશે નહિ.

મુમુક્ષુ :- 'સોગાનીજી'માં આવે છે ....

પૂજ્ય ભાઈશ્રી :- હા. કષાયની મંદતા એ ખરેખર પુણ્ય છે. કષાયની તીવ્રતા પાપ છે અને કષાયની મંદતા એ પુણ્ય છે. લોકો એમ જોવે છે કે પ્રતિકૂળતાનો ઉદય તે પાપ છે અને અનુકૂળતાનો ઉદય તે પુણ્ય છે. લોકો એમ જોવે છે. બાહ્ય દૃષ્ટિ છે એટલે બાહ્ય પદાર્થોથી માપે છે. જ્ઞાનીની અંતરંગ દૃષ્ટિ છે એટલે અંતરંગ પરિણામથી માપે છે. પણ એ તો અંદરમાં પણ પુણ્ય-પાપના ઉદયરૂપ પરિણામથી ભિન્ન પડ્યા છે. એને તું કેવી રીતે માપીશ? તીવ્ર કષાય કાળે તો તીવ્ર કષાયવાળા સમજીશ. મંદ કષાય કાળે તું મંદ કષાયવાળા એમને સમજીશ. પણ એ તો બેયથી ભિન્ન પડ્યા છે એનું શું? એ બંને પ્રકારના પરિણામમાં એ પોતાનો, પોતા રૂપે-પોતા સ્વરૂપે અનુભવ જ કરતા નથી. અને એ બંને પ્રકારના પરિણામમાંથી જેણે પોતાના અસ્તિત્વને ખસેડી લીધું છે. જે અસ્તિત્વ સ્થાપ્યું હતું એ ઉઠાવી લીધું છે ત્યાંથી. એનો માલિકી હક ઉઠાવી લીધો છે. સ્વામીત્વ બુદ્ધિ છૂટી ગઈ છે. 'રાજમલજી'એ ઘણા શબ્દો વાપર્યા છે નિર્જરા અધિકારમાં. એને એ રીતે માપવાનું એ સાચું માપ નથી. એ ૩૨૬ છે (એમાં) જ્ઞાન વૈરાગ્યનો વિષય લીધો છે.

દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું? કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે. છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે. અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે? ૩૨૭

હવે અહીંયાં ૩૨૭માં અજ્ઞાનીની દશા અને જ્ઞાનીની દશા એ બંને વચ્ચેની સરખામણી આપી છે.

'**દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું?**' એમ કહે છે. મોટો મોટા દૈવી મહેલો હોય છે. દેવોના નિવાસ્થાન. અહીંયાં તો એ પ્રકારના પરમાણુ નથી એટલે એનો અંદાજ પણ અહીંયાં આવી શકે એવું નથી. અહીંયાં તો સિમેન્ટના અને ચુનાના બનાવે છે, જે અમુક ટાઈમે પાછા પરમાણુ ખરવા લાગે છે. વગર મહેનતે મકાન જૂનું થઈ જાય છે. જૂનું કરવું પડતું નથી. એવા જ અહીંયાં પરમાણુના પ્રકાર હોય છે. ત્યાં એવો પ્રકાર નથી. ત્યાં કાંઈ સિમેન્ટ-ચુનો લઈને મકાન બનાવવું પડતું નથી. એ જાતની એની ઋદ્ધિ હોય છે અને જેમ માયાવી કોઈ બધું બનાવી નાખે એમ ફટાફટ બનવા મંડે છે.

આવે છે ને આમાં 'હરિવંશપુરાણ'માં? 'શ્રીકૃષ્ણ' 'ગોકુળ'ની અંદર બાળપણ વિતાવે છે. યુવાન થયા એટલે દેવોને ખ્યાલ આવ્યો. પુણ્ય છે ને? એના કરતાં-દેવો કરતા ઊંચા પુણ્ય છે. નારાયણ છે, વાસુદેવ છે એટલે એનાથી નીચેના પુણ્યવાળા દેવો આવે છે. 'દ્વારકા' સોનાની બનાવે છે. અને 'ગોકુળ'માં આવીને વિનંતી કરે છે કે પ્રભુ! ત્યાં 'દ્વારકા'માં પધારો તમે. એને સ્વામી તરીકે બોલાવે છે. પોતાથી ઊંચા પુણ્યવાળા છે ને? જેમ અહીંયાં કેમ સાહેબ.. સાહેબ કરે. પ્રધાન હોય, ફલાણો હોય. આપના માટે ત્યાં બધા નિવાસ સ્થાન બનાવી નાખ્યા છે. સોનાની 'દ્વારકા' બનાવી છે. તો એને કાંઈ ખાણમાંથી કે રિફાઈનરીમાંથી સોનું લેવા જાવું પડતું નથી.

મુમુક્ષુ :- પદ્મપુરાણમાં એમ આવે છે, રામ વનવાસથી પાછા ફરે છે તો વિદ્યાધરો અયોધ્યામાં સોનાનો વરસાદ વરસાવે છે. આખી પ્રજા ધનથી ભરાઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો ૧૬૧૦૮ સોનાના મહેલ બનાવ્યા છે. કેટલા? 'વાસુદેવ'ને ૧૬૧૦૮ સ્ત્રીઓ હોય છે. જેમ ચક્રવર્તીને ૯૬૦૦૦ હોય છે તો અર્ધચક્રીને ૧૬૧૦૮ હોય છે. તો દરેક રાણી માટે એક મહેલ. એક બેડરૂમ એમ નહિ

એક મહેલ એનો જુદો. બધી વ્યવસ્થા એની જુદી. એટલા પુણ્ય લઈને આવ્યા છે. એવડી મોટી દ્વારકા બનાવી છે. આમ માયાવી જેમ બનાવી નાખે એમ બનાવી નાખે. મનુષ્યલોકમાં એવી રીતના કરે છે. દેવલોકમાં તો હોય, એમાં ક્યાં મોટી વાત છે. દેવલોકમાં તો એવી રીતના થાય એમાં કાંઈ મોટી વાત નથી.

'**દેવલોકમાં ઊંચી જાતના રત્નો અને મહેલો હોય તેથી આત્માને શું?**' અહીં તો વિષય એ ચાલે છે કે એથી પણ આત્માને શું? એના વખાણ કરવાની વાત નથી કે આ જુઓ પુણ્યનો ઉદય! સોનાની 'દ્વારકા' બનાવી. રાગવર્ધક વાત નથી. એક પુણ્યનો ઉદય રાગ વધારવા માટે કહેવામાં આવતો નથી. પણ એ બધું હોય તોપણ આત્માને શું? એમ કહેવા માટે એ બધી વાત છે. બીજી Line છે આખી. એટલે તો વીતરાગી શાસ્ત્રો માટે એમ કહેવાય છે કે અન્યમતના શાસ્ત્રની જેમ તે રાગ-દ્વેષ વર્ધક શાસ્ત્રો નથી. એ ધ્યાન ખેંચ્યું છે. એ શાસ્ત્રનું અધ્યયન કરનારાઓ પ્રત્યે ધ્યાન ખેંચ્યું છે કે આ કોઈ રાગવર્ધક શાસ્ત્રો નથી. આવી કોઈ વાતો વાંચીને, સાંભળીને રાગ ન વધે એની અંદરમાં એને સાવધાની હોવી જોઈએ. એટલે એમ કહે છે, તેથી શું? તેથી આત્માને શું? આત્માને એની કાંઈ કીંમત નથી. દેવલોકના મહેલો અને રત્નોની આત્માને કોઈ કીંમત નથી. એ તો જે બહારના પૌદગલિક વૈભવને મહિમા આપે છે એને તો 'ગુરુદેવ' ચોખ્ખી ભાષામાં ભીખારા જ કહેતા કે તું ચૈતન્યરાજા થઈને ભીખ કાં માગે છો? સીધા એને ભીખારા જ કહેતા.

'**કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય...**' અહીંયાં તો અન્નને રાંધે અને પછી ખાય. પદ્ધતિ એ છે કે અન્ન રાંધીને ખાય અને એની ઉદર પુષ્ટિ કરે છે અને શરીર પોષણ કરે. '**કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા...**' જગતની અંદર. '**અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે.**' ત્યાં પુણ્યનો યોગ છે એટલે રાંધવાની કડાકૂટ નથી. સાણસી, ચીપીયો અને તાવડી ત્યાં વસાવવી પડતી નથી. અહીં કહે ને તાવડી તેર વાના માગે. તેરવાના નહિ અત્યારે તો ૨૧૩ વાના માગે છે, ૩૧૩ વાના માગે છે. એટલી બધા નાની-મોટી એવી જરૂરિયાતો વધી છે. પણ ત્યાં એ કાંઈ માથાકૂટ નથી. ઘણાં વર્ષો પછી કોઈને હજાર વર્ષે, કોઈને દસ હજાર વર્ષે વિકલ્પ ઊઠે આહારનો તો કંઠમાંથી અમી ઝરે છે અને તૃપ્તિ થઈ જાય. આહાર સંબંધીનો વિકલ્પ મટી જાય એને.

મુમુક્ષુ :- વિકલ્પ ઊઠે એ જ આકુળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ છે એ આકુળતા છે. ત્યાં પણ આકુળતા જ છે એમ કહે છે. ત્યાં ખાવાની અને રળવાની માથાકૂટ નથી પુણ્યનો ઉદય છે એટલે. પણ ત્યાં

બીજી આકુળતા ઘણી છે. કેમકે આ પુણ્યના ઉદયમાં પણ ચડતા-ઉતરતા પુણ્યના ઉદય હોય છે. મિથ્યાદૃષ્ટિને બીજાના પુણ્ય જોઈને, એના પુણ્યની હિણપ જોઈને એને દ્વેષ આવ્યા વિના રહેતો નથી. અહીંયાં પણ એમ જ થાય છે ને. કો'ક આગળ વધી જાય તો એને એમ થઈ જાય કે આને લાગ પડે પછાડવો જોઈએ. દ્વેષ આવે. તેજો દ્વેષ જેને કહે છે. પુણ્યમાં ત્યાં એ જાતની આકુળતા અને બળતરા દેવલોકમાં વિશેષ છે. ત્યાં મુખ્યપણે એ જાતનું દુઃખ છે. પૂર્વ કર્મ અનુસાર ઉદય છે બધાને. એમાં કાંઈ ઇચ્છા અનુસાર કોઈને ઉદય થતો નથી. ત્યાં પણ કે અહીંયાં પણ. એટલે જે પોતાથી વિશેષ હોય એ તો હોવાના જ તે. ચડ-ઉતર તો પરિણામ થાય છે. એના ફળ ચડ-ઉતર તો હોવાના જ છે જગતમાં. એ જોવે છે અને સળગે છે. જોવે છે અને સળગે છે. આ પરિસ્થિતિ થાય છે.

'**કર્મભૂમિના મનુષ્યો રાંધી ખાય ત્યાં પણ આકુળતા અને દેવોને અમી ઝરે ત્યાં પણ આકુળતા જ છે.**' આ મિથ્યાદૃષ્ટિ જીવોની વાત લીધી છે. કેમકે અહીંયાં અજ્ઞાની વિરુદ્ધ જ્ઞાનીનું સ્વરૂપ સમજાવવું છે. સામે સામું વિરુદ્ધ છે એકબીજાનું પરિણામ સ્વરૂપ. '**છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે.**' જેના ઉપર વિકલ્પ ગયો, ઊઠ્યો એ બધું .... પરિણામ એના ઉપર જાય છે. ઉદયમાન સંયોગો ઉપર ઉપયોગ જાય છે, પરિણામ લાગે છે એ પોતાની શાંતિને દઝાડનારા એ પરિણામ એને લાગે છે. '**છ ખંડને સાધનારા ચક્રવર્તીના રાજ્યમાં પણ આકુળતા છે.**' ત્યાં પણ ચક્રવર્તીના પુણ્યમાં પણ કાંઈ કે દેવલોકના પુણ્યમાં ક્યાંય પણ જીવને શાંતિ નથી. એકલી આકુળતા છે.

'**અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી રીતે શાન્તિ આપે?**' કેવી રીતે શી શાંતિ આપે? કેવી શાંતિ આપે? શાંતિનો ગુણ નથી અને શાંતિની પર્યાય નથી અને એને હોય તો કાંઈ લેવા-દેવાનો બે દ્રવ્ય વચ્ચે પ્રસંગ નથી, પરિસ્થિતિ નથી. કેમકે સંતો છે, સિદ્ધો છે શાંતદશાનો અનુભવ કરે છે. પોતામાં પોતાની શાંતિ છે. પોતાને શાંતિનો વ્યકત પ્રયોગ છે, અનુભવ છે. તોપણ કોઈ પોતાની શાંતિ બીજાને આપી શકે છે? એ તો બની શકતું નથી. આ પરમાણુઓ તો શાંતિ અને સુખ રહિતના પદાર્થો છે. જેની અંદર સુખનું નામનિશાન નથી કે શાંતિની ગંધ પણ એમાં નથી. તો એ તને કેવી રીતે શાંતિ આપશે? ત્યાં તારી અપેક્ષા રહી હોય કે અહીંથી મને સુખ-શાંતિ મળે તો એ તો ત્રણ કાળમાં બની શકે એવું નથી.

મુમુક્ષુ :- ... ઈ ગપ્પા ને?

પૂજ્ય ભાઈશ્રી :- ગપ્પા. ચોખ્ખે ચોખ્ખા ગપ્પા છે. એમ કે પમાડી દે. એવા ગુરુનો માથે હાથ મૂકીને પમાડી દે અને અનુભૂતિમાં લઈ જાય. પ્રયોગ કરાવે છે ને આ હીપનોટિઝમની જેમ. ચાલો તમને હવે શાંતિમાં લઈ જઈએ છીએ. એમ કરીને પછી બધા પ્રયોગ કરે છે. એ વાત સાચી નથી. પોતે સ્વતંત્રપણે એની અસર નીચે જાય છે. પેલો એને ખેંચી શકે છે એ તો કહેવામાત્ર છે, ખરેખર એમ છે નહિ. એમ છે.

મુમુક્ષુ :- તો તો ઉપાદાન શક્તિ જ ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદાન શકિત ન રહે અને તો પછી જગતની અંદર બધું એ ધારે એ પ્રમાણે જ થાય. જો કરી શકતો હોય તો એના વિકલ્પ અને એની ઈચ્છા પ્રમાણે જ થાય. તો એવું તો ક્યાંય જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- દાદા ભગવાન બહેનશ્રી પાસે આવ્યા. અત્યાર સુધીમાં ૨૫ હજાર માણસોને સમ્યગ્દર્શન કરાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- એ કેવી હસવા જેવી વાત લાગે! પટેલ છે, 'ગુજરાત'ના 'ચરોતર'ના પટેલ છે. ... જાય છે. પરદેશમાં જાય છે. દેશ-પરદેશમાં જાય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ખ્યાલ નથી. 'પાલીતાણા' આવેલા, 'સોનગઢ' થઈને ગયા. પૂજ્ય બહેનશ્રીને કહે અત્યાર સુધીમાં મેં પચ્ચીસ હજાર વ્યકિતને સમ્યગ્દર્શન આપ્યું છે. 'સોનગઢ'માં તો બધાને હસવું જ આવે. સમ્યગ્દર્શનને 'ગુરુદેવ'ની કૃપાથી ઓછે-વત્તે અંશે જે સમજી શક્યા છે એ વિચારને કે સમ્યગ્દર્શન શું ચીજ છે. એને તો હસવું જ આવે કે આ કાંઈ મૂળાભાજી થોડા છે? કે લારી લઈને નીકળે, ભાઈ ! લ્યો ભાઈ લ્યો. આઠ આનાના કીલો છે. એવું તો છે નહિ કાંઈ.

મુમુક્ષુ :- આ કરવા જેવો પ્રયોગ છે. બીજાથી થાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાથી થવાનો પ્રશ્ન નથી. અશક્ય અને અસંભવ છે. કોઈ એટલે કોઈનું કોઈ કરે શકે એ ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈનો અધિકાર નથી. ભગવાન તો એમ કહે છે, ૩૭૨-૩૭૩ ગાથામાં એમ કહે છે કે હું મારી વાણી કરી શકતો નથી અને આ દિવ્યધ્વનિ થાય છે એ સ્વયં થાય છે. કહેવાય કે આ ફલાણા અરિહંત તીર્થંકરદેવની વાણી અત્યારે પ્રગટ થઈ. ભગવાને પ્રગટ કરી વાણી? તો કહે, ના. આ વાણીના પરમાણુને હું પ્રગટ કરું છું એ વાત બિલકુલ ખોટી છે. કહેવમાત્ર, બોલવામાત્ર છે. આત્મામાં વાણીને કહેવાનું, વાણીને પ્રગટ કરવાનું કોઈનું સામર્થ્ય નથી. કોઈ આત્મામાં નથી. પછી બીજા આત્માને સુખ-શાંતિ લાવી દેવી કે કરી દેવી એ વસ્તુના સ્વરૂપમાં તો નથી.

અહીં તો પુદ્‌ગલની વાત લીધી છે કે '**અંતરની ઋદ્ધિ ન પ્રગટે, શાન્તિ ન પ્રગટે, તો બહારની ઋદ્ધિ અને વૈભવ શી શાન્તિ આપે?**' જેને શાન્તિ મળે છે એ તો એને અંદરની ચૈતન્ય ઋદ્ધિ પ્રગટતા, શાંતિની ઋદ્ધિ-સિદ્ધિ છે એ પ્રગટે છે. એમાંથી એને શાંતિ મળે છે અને એ સાધકદશાથી માંડીને સિદ્ધદશા પર્યંત અંદરથી શાંતિનો શ્રોત આવે છે, અંદરથી આનંદનો Current ઊભો થાય છે, એને બહારના કોઈ પદાર્થ સાથે કોઈ જાતનો સંબંધ નથી. બહારના સંયોગો ન તો દુઃખ આપે છે કે ન તો એને સુખ આપે છે. પણ બહારના પદાર્થો પ્રત્યે જીવના પરિણામ લાગે ત્યારે એને આકુળતા થાય છે એટલે એ પદાર્થો દુઃખદાયી છે એવો આરોપ કરાય છે. વસ્તુતાએ ન તો એ દુઃખનું કારણ છે કે ન તો એ સુખનું કારણ છે. એમ લેવું.

મુમુક્ષુ :- સુખ-દુઃખમાં વલણ જે બાજુ હોય એ બહુ કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં તો ચોખ્ખી વાત છે કે જેટલો અંદરમાં જાય, શાંતિના પિંડ ઉપર એટલું શાંતિ ને સુખ છે. જેટલું અહીંયાંથી ખસીને બહાર જાય તેટલી અશાંતિ અને દુઃખ છે. ચોખ્ખે ચોખ્ખી વાત છે. જો કે આખા જગતમાં આ એક સમસ્યા રહી કે સુખ ક્યાં અને સુખ કેમ મળે? ભ્રાંતિગત જીવોએ અનાદિથી એવો એક અભિપ્રાય સેવ્યો છે અને તદ્‌અનુસાર પુરુષાર્થ કરતા ગયા છે કે જેમ જેમ સંયોગોની પ્રાપ્તિ (થાય), સંયોગો વધે, અનુકૂળતાઓ વધે તેમ સુખ થાય. એટલે આખા જગતના પ્રાણીઓ સંયોગો પાછળ દોડે છે.

કીડી સવારે દરમાંથી બહાર નીકળે તો એક કણમાં સુખ માનીને પ્રવૃત્તિ કરે છે અને મોટા શહેનશાહ અને ચક્રવર્તી પણ વધતા વૈભવના વ્યવસાયી છે. એણે પણ વૈભવ વધે તો સુખ છે એમ માન્યું છે. અને બધાની દોડ એકધારી સંયોગો પાછળ છે. એટલે એક સમસ્યા રહી જગતની અંદર કે આ બધું મળવા છતાં સુખ શાંતિ મળતી નથી તો હવે ખરેખર સુખ કેમ મળતું હશે? અને ક્યાં મળતુ હશે? આ વિષય અજાણ્યો રહે છે.

અહીંયાં જૈનદર્શનમાં એ વાત નગારા ઉપર દાંડી પીટીને જાહેર કરે છે કે સુખ આત્મામાં છે અને સુખ ક્યાંય બહારમાં નથી. એનો તો આ બોલ છે કે દેવલોકના મહેલમાં પણ સુખ નથી, દેવલોકના રત્નમાં પણ સુખ નથી અને અહીંયાં મનુષ્યમાં સારામાં સારી મીઠાઈ રાંધીને ખાય તો એમાં પણ સુખ નથી. મૈસુબ, પીસ્તાની બદામની કત્રી બનાવી છે. પીસ્તાની, લ્યો આ. પીસ્તાની બનાવે છે ને. વધુમાં વધુ મોંઘી પીસ્તાની આવે. પાંચસો રૂપિયા કીલો. અરે..! પાંચસો રૂપિયા કીલો નહિ પાંચસો રૂપિયા તોલો હોય ને કે પાંચ હજાર રૂપિયા તોલે હોય તો એમાં પણ સુખ

આવે એવું નથી. છે નહિ ક્યાંથી આવે? અને ચક્રવર્તીનો વૈભવ હોય તો એને પણ ક્યાંય સુખ નથી. એ તો સમ્યગ્દૃષ્ટિ હોય એટલે બચી જાય ચક્રવર્તી તો. સમ્યગ્દૃષ્ટિ હોય તો બચે. મિથ્યાદૃષ્ટિ હોય તો નિયમથી સાતમે નરકે જાય. એટલા પાપ બાંધે. કેમકે મિથ્યાત્વ અવસ્થામાં તો સંયોગનો રસ તીવ્રતા પકડ્યા વિના રહી શકે નહિ. જ્યાં અનુકૂળ સંયોગો ભાળે, ઉલઝીને એવો પડે (કે) સાતમી નરકના ટાંકા બાંધે સમયે સમયે. 'ગુરુદેવ' તો હિસાબકિતાબ કરાવતા. બ્રહ્મદત્ત ચક્રવર્તીના આયુષ્યના સમયો લઈને.

મુમુક્ષુ :- કેટલા પલ્યોપમ, વર્ષો નહિ પણ પલ્યોપમ. ૫૬૯૦૬ પલ્યોપમ ભોગવે. એક સમયનો ...

પૂજ્ય ભાઈશ્રી :- કેટલું સમર્થમાં સમર્થ દૃષ્ટાંત છે! અહીંયાં મુમુક્ષુને ચેતવવાની એ વાત છે કે ધ્યાન રાખજે પુણ્યનો ઉદય આવે તો તારા પરિણામમાં રસ વૃદ્ધિ ન થાય એનું ધ્યાન રાખજે. નહિતર મરી જઈશ. એ તો એક દૃષ્ટાંત છે. એમ નથી કે આપણે ક્યાં ચક્રવર્તી છીએ અને આપણે ક્યાં એ વાત છે? અહીંયાં તો કહે છે કે, એ તો સમર્થ વાત છે. પુણ્યનો ઉદય અને પાપનો ઉદય ક્રમશઃ બધા જીવોને ચાલુ જ રહે છે. કેમકે પૂર્વ સંચિત છે એ તો. સંચિત કર્મનો ઉદય તો આવ્યા વિના રહેવાનો નથી. ક્યાંય પણ ઉદયમાં તીવ્ર રસે કરીને પરિણમવું એ આત્માથી દૂર જવાની વાત છે.

મુમુક્ષુ :- પરિણમતા નથી પણ અનુમોદના કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- અનુમોદના પરિણામ નથી તો બીજું શું છે? એ અનુમોદના પરિણામ નથી તો બીજું શું છે? ફળ તો સરખું જ છે. કરવું, કરાવવું અને અનુમોદવું ફળ તો સરખું છે. પરિણામ કરે કે અનુમોદના કરે. અનુમોદનાના પરિણામ કરે, કરવાના પરિણામ કરે, ફળ તો સરખું આવવાનું છે.

એટલે અહીંયાં અંતરની શાંતિ ઉપર વજન છે. બહારમાંથી ક્યાંય પણ શાંતિ શોધવા જઈશ તો મળશે નહિ. દેવલોકમાં પણ નથી, ચક્રવર્તીના વૈભવમાં પણ નથી અને વર્તમાન મનુષ્યોચિત જેટલા કોઈ ઉદયના પ્રકાર છે એમાં કોઈપણ પ્રકારમાં આત્માની શાંતિ નથી. આમ લોકો કહે કે ભાઈ! આ માણસને તો કાંઈ ઉપાધિ નથી, નિરાંત છે. હામ, દામ ને ઠામ છે. કોઈ ઉપાધિ નથી, કોઈ રોગ નથી, બીજી કોઈ ચિંતા નથી. પોતાને સંતોષ છે એટલે વધારે મેળવવાની પણ એને તૃષ્ણા નથી. એટલે તૃષ્ણાની આગદ પણ એને નથી અને ખાય-પીને આનંદથી અને શાંતિથી પોતાનું જીવન જીવે છે. સાચું હશે ને? એટલું નથી અને બીજા બધા કરતા મને આટલું છે, ક્યાં એનું દુઃખ છે એ શોધવા જેવો વિષય છે. બીજાને ઘણી ઉપાધિ છે,

માથાકૂટ છે અને મારે તો બધી નિરાંત છે એવો જે એણે પોતાના વર્તમાન સંયોગોનો આશ્રય લીધો છે એ જ એનું દુઃખ છે. એમાં એનો રસ પડ્યો છે અને એમાં જરાક ખીલી આઘીપાછી થાશે, એક ખીલી ખસે એ એને પોસાતી વાત નથી, હોં! હખળડખળ થયા વિના રહેવાનું નથી. કેમકે એ બધું શાશ્વત નથી કાંઈ. થોડું ઘણું હોય તો થોડો કાળ છે, એમાં હખળડખળ થયા વિના રહેતી નથી. અને પછી એને ખબર પડે છે કે આમ કેમ થયું? કેમ આ દુઃખ વધી ગયું એકદમ? ભાઈ! એ ઘરબાયેલું હતું. તારું દુઃખ તો ઉપર રાખ વળી હતી એટલે તને દેખાતું નહોતું, બાકી અંદર દુઃખ ભારોભાર પડ્યું હતું. એ સંયોગોનો આશ્રય લીધો એ જ મોટું દુઃખ છે અને એ દુઃખનો તને એ વખતે ખ્યાલ નહોતો એટલે દુઃખ નહોતું. તને ખ્યાલ ન હોય એટલે નહોતું એમ વાત છે નહિ.

મુમુક્ષુ :- ક્યાંથી ઉપડવું સુખી થાવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો વાત કરે છે. અંતરની ઋદ્ધિ અને અંતરની શાંતિ પ્રગટ કરવાની વાત છે. જ્યાં શાંતિ છે, જ્યાં શાંતિ ભરી છે એને ઓળખે, એને સમજે તો એ એની સમજણમાંથી વાત ઊભી થશે. જ્ઞાન જ સાધન છે અને બીજું કોઈ સાધન નથી. એ તો પોકારી પોકારીને કહે છે કે જ્ઞાન જ સાધન છે, બીજું કોઈ સાધન મુમુક્ષુને નથી. એ તો બધા સાધનથી એને હટાવે છે ખરેખર તો. તું ખોટા સાધનને, અન્યથા સાધનને છોડી દે. સાધ્ય આત્માની સિદ્ધિ તો યથાર્થ સાધનથી જ થશે. જ્ઞાનસ્વભાવી આત્માની સિદ્ધિ તો જ્ઞાન સ્વભાવથી જ થશે. બીજી કોઈ રીતે થશે નહિ. ચોખ્ખે ચોખ્ખી એ વાત છે. એ સ્વભાવનો નિર્ણય કર, ઓળખાણ કર અને એમાં એકાગ્ર થઈ ને અનુભવ કર. વાત એટલી ટૂંકી છે. બાકી બધી લાંબી લાંબી વાતો આ એક વાત ટૂંકી કરવા માટે છે. બીજી કોઈ વાત એમાં નથી.

મુમુક્ષુ :- આ કાળમાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ વાત બતાવી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર છે. આ વાત તો લુપ્તપ્રાય લોપાઈ ગયેલી વાત હતી, ઢંકાઈ ગયેલી વાત હતી. આમ એનો અભિપ્રાય તો અનાદિથી ચાલ્યો આવે છે. ભગવાનનો માર્ગ ક્યારેય વિશ્વમાંથી નાશ પામે છે અને બંધ થાય છે એવું તો બનતું નથી. પણ કોઈ ક્ષેત્રની અંદર એનો બહુ ઓછો અંશ હોય છે તો કોઈ ક્ષેત્રની અંદર એનો ઘણો અંશ હોય છે. એટલું બને છે. એ ગમે તેમ હોય, પોતાને કરવું હોય તો અહીંયાં આવે. વસ્તુ ખરેખર બધી તૈયારી છે. એ તો વિચાર આવે છે ત્યારે એમ ખરેખર લાગે છે કે ભલે હીણો કાળ છે તોપણ જેને કરી લેવું છે એને માટે બહુ સારો કાળ છે.

બહારમાં બીજા જીવોના પરિણામ જોતેં હીણો કાળ દેખાય છે. પણ એ બીજા જીવોના પરિણામ એ જીવો પાસે જ રહ્યા. તારે કરવું હોય એટલે કે મારે કરવું હોય તો એટલી બધી વાત પ્રસિદ્ધ થઈને સામે આવી ગઈ છે કે એને કરવું હોય તો સુગમતાથી કરી શકે એવું છે. પોતાનું હિત સાધવું હોય તો સાધી શકે એવું છે. અને બીજાના પરિણામ જોઈને વ્યર્થ સમય બગાડવા જેવો નથી. કેમકે જગતમાં તો એ બધું ચાલવાનું છે. જગત તો જગતની રીતે જ પરિણમવાનું છે. એની ચિંતા કરવાથી તને કેટલો ગુણ થાય? એનો વિચાર કરવાથી તને કેટલો ગુણ થાય? તને અવગુણ થાય. ગુણ તો ન થાય પણ તને અવગુણ થાય અને કાળ એટલો જાય એ વધારામાં કે તારો કામનો કાળ, કામ કરવાનો કાળ વ્યર્થ ચાલ્યો ગયો. ૩૨૭ થયો.

મુનિદશાની શી વાત! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે! તેમને તો સર્વગુણસંપન્ન કહી શકાય! ૩૨૮.

૩૨૮ છે મુનિદશા.. ધન્ય મુનિદશા! તમામ સાધકોની ભાવનાનો વિષય. અપૂર્વ અવસર ક્યારે એવો આવશે? 'શ્રીમદ્‌જી'એ ભાવના ભાવી. એ ભાવનાનો વિષય છે.

'**મુનિદશાની શી વાત!**' મુનિદશાનું સ્મરણ કરતા એટલો મહિમા આવે છે કે જેના આત્મામાં શુદ્ધ આત્માની અનુભૂતિની પ્રચુર સ્થિતિ ઊભી થઈ છે એવા મુનિદશાની શી વાત કરવી? વાતનો વિષય કરવો એ અઘરું પડે છે. બાહ્ય દેદારથી તો સમજી શકાય છે કે જગત આશ્ચર્યમાં પડી જાય. જે દશામાં રહેવું લોકોને આકરું લાગે, કઠણ લાગે. થોડાક સંયોગો હીણા થાય, ચાલતા સંયોગોમાંથી થોડાક ઓછા થાય તો સરસરી જાય અંદરથી-હલી જાય. અરેરે...! મારે શું થાશે? અહીંયાં કહે છે કે જેને તિલતુષમાત્ર સંયોગનો આધાર નથી. કેવી અંદરની ચીજ છે એનો આધાર લીધો હશે કે જેને બહારના આધારની કાંઈ પડી નથી! 'વંદે ચક્રી તથા ન મળે માન જો.' સામું જોવે નહિ. ચક્રવર્તી વંદન કરવા આવે. તો મારા ચૈતન્ય ચક્રવર્તીની સામું જોઉં કે આ ચક્રવર્તીની સામું જોઉં? કોની સામે જોઉં? એ ચક્રવર્તી પદ તો જેણે તુચ્છ માન્યું છે. પુણ્યની બધી પદવી જેણે તુચ્છ માની છે. એવી મુનિદશા છે.

એવી '**મુનિદશાની શી વાત! મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે!**' છઠ્ઠુ અને સાતમું ગુણસ્થાન. પ્રમત્ત અને અપ્રમત્ત એટલે છઠ્ઠું અને

સાતમું ગુણસ્થાન છે. પ્રમત્ત છે એ છઠ્ઠું ગુણસ્થાન છે, અપ્રમત છે એટલે સાતમું ગુણસ્થાન છે. પ્રમત્તનો સાદો અર્થ થાય છે પ્રમાદ. અઠ્યાવીશ મૂળગુણનો પાલન કરવાનો વિકલ્પ ઊઠે એને ભગવાને એનું નામ આપ્યું છે પ્રમાદ. પ્રમાદનું ગુણસ્થાન આપ્યું છે. ઠીક! દોષવાચક નામ છે ગુણસ્થાનનું. કેવું? દોષવાચક. મૂળગુણ પાળે છે અને એને દોષ કહેશો? આ અધ્યાત્મનો વિષય છે. અધ્યાત્મદષ્ટિથી રાગમાત્રને દોષમાં ગણવામાં આવ્યો છે. રાગનો કણ છે એ મલિન છે, દુઃખદાયી છે અને આત્માના સ્વભાવનો ઘાતક છે. વિરોધક છે, વિરોધ છે.

'**મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે!**' ક્ષણની અંદર વિકલ્પમાં આવે અઠ્યાવીશ મૂળગુણના. એથી વધારે એની મર્યાદા નથી. અને ક્ષણની અંદર અપ્રમત્ત દશામાં એટલે અપ્રમાદ દશામાં શુદ્ધોપયોગમાં પ્રવર્તે. એક ક્ષણની અંદર ચૈતન્યગોળો અંદરથી છૂટો પડી જાય. એવી પ્રચુર સ્વસંવેદનની દશામાં આવે. વળી પાછા એ વિકલ્પમાં આવે. વળી પાછા શુદ્ધોપયોગમાં આવે, વળી પાછા વિકલ્પમાં આવે. હાલતા, ચાલતા, ખાતા, પીતા, ઊઠતા, બેસતા, સૂતા બધી વખતે આ જ દશા છે. શાસ્ત્ર લખતા હોય તોપણ આ દશા અને પ્રવચન આપતા હોય તોપણ આ દશા. એવી મુનિદશા છે. એની ભાવના તમામ સાધકને હોય છે. એ દશા પ્રગટી નથી તો એ દશાની પ્રગટ કરવાની ભાવના વર્તે એવી સ્થિતિ હોય. બીજી સ્થિતિ સાધકની હોય નહિ. એ કુદરતી છે, બહુ કુદરતી વિષય છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર લખતાં હોય ત્યારે અપ્રમત્ત દશામાં આવે તો શાસ્ત્ર લખવાનું અટકી જાય કે ચાલુ રહે?

પૂજ્ય ભાઈશ્રી :- ચાલુ ન રહે. છતાં Link તૂટે નહિ. એનો ઉપયોગ છૂટી જાય. ઉપયોગ છૂટી જાય તો ક્ષણમાત્ર માટે પ્રવૃત્તિ ચાલુ છે કે બંધ છે એ ખ્યાલ પણ ન આવે કોઈને. પોતાને ન આવે અને બીજાને ખ્યાલ ન આવે. જેમકે બોલતા હોય. ધારાવાહી પ્રવચન આપતા હોય એમાં ઉપયોગ ચાલ્યો જાય. બીજાને ખ્યાલ પણ ન આવે.

મુમુક્ષુ :- બીજી રીતે એમ પણ કહી શકાય ને કે જડની પ્રવૃત્તિ હતી એ ચાલુ રહી અને અહીંયા ....

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. કોઈની સાથે પણ સંબંધ નથી. સામાન્ય રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ નથી થતી. કેમકે ઉપયોગનો વિષય એકસાથે અંદર અને બહાર બે પ્રકારે રહી શકે નહિ.

મુમુક્ષુ :- ઉપયોગ લંબાય જાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, છૂટી જાય. તો છૂટી જાય. ચાલતા હોય તો ઊભા રહી જાય. જો લંબાય જાય શુદ્ધોપયોગ તો ચાલતા હોય તો ઊભા રહી જાય. નહિતર ચાલતા ચાલતા પણ આવી જાય. વીજળીના ઝબકારાની જેમ જ્યારે આવે છે એટલે એ Second થી પણ ઓછી દશા છે. અને અહીંયાં જે લખવાનું છે એ તો બહુ સ્થૂળ ઉપયોગનો વિષય છે. એ તો આ વીજળી જેમ આકાશમાં થાય છે એવો ઝબકારા જેવો વિષય છે. એવી રીતે આવે ને જાય છે.

મુમુક્ષુ :- ઉપયોગ ... ઈ એના વેગમાં ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનો સંબંધ ન રહ્યો ને. ઉપયોગમાં તો ... પતી ગઈ વાત. વિકલ્પ ન રહે ચાલવાનો કે લખવાનો. વિકલ્પ વિના, પૂર્વ વિકલ્પ વિના, પૂર્વ યોજના વિના એમ ને એમ એ દશા ... આવે છે. ક્ષણે ક્ષણે. એટલે તો કેટલી અલૌકિક દશા છે! કેમકે અત્યારે તો જોવા મળતા નથી. અત્યારે તો જોવા મળતા નથી. દિગંબર સંપ્રદાયમાં નગ્ન મુનિઓ છે પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળા મુનિ જોવા મળતા નથી. બહુ (લોકોને) તો સમ્યગ્દર્શનની ખબર નથી, ધારણા જ્ઞાનની. એ પરિસ્થિતિવાળા છે. જેની ધારણા જ્ઞાનમાં સમ્યક્ મિથ્યા ... આ તો ભાવલિંગી સંત છે. જાણે કે હાલતા-ચાલતા સિદ્ધ! 'ભાગચંદજી'એ ગાયું છે ને? 'ચલતે ફરિતે સિદ્ધ કબ મિલી હૈ!' એવી દશા હોય છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ની ભાવના છે ને એ કાલે ટૂંકામાં લઈએ. લેવું હોય તો. મુનિદશા આવી છે અને જોગાનુજોગ ઉત્સવ છે હમણાં.

પૂજ્ય ભાઈશ્રી :- વિષયો તો એવા ઘણા સુંદર વિષય છે. પણ હવે જે શાસ્ત્ર... પછી એ આધાર લેવાય. ૩૨૮ એ છે, ૩૨૯ બે એ જ બોલ છે. તો આધાર લઈએ એવી વાત છે. પણ છોડીને ...

'મુનિઓ તો પ્રમત્ત-અપ્રમત્તપણામાં સદા ઝૂલનારા છે! તેમને તો સર્વગુણસંપન્ન કહી શકાય !' કહે છે કે અમને તો એમની પ્રવૃત્તિમાં કાંઈ દોષ જ દેખાતો નથી. જાણે સર્વગુણસંપન્ન થઈ ગયા એ તો! જગતની કોઈ પ્રવૃત્તિમાં એ પડતા નથી. જાણે સર્વગુણસંપન્ન થઈ ગયા. આમ તો અનંત ગુણો ખીલ્યા છે અને મોક્ષમાર્ગની પ્રધાન દશામાં આવી ગયા છે પણ ત્યાંથી જ એમને એવી રીતે જોવામાં આવે છે કે 'અમૃતચંદ્રાચાર્ય' એમ કહે છે કે આ તો મોક્ષતત્ત્વ છે. 'પ્રવચનસાર'ની પંચરત્ન છેલ્લી પાંચ ગાથામાં ભાવલિંગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. વિદ્વાન હોય તો હિસાબકિતાબ કરે કે મોક્ષતત્ત્વ તો તમે તેરમા-ચૌદમા ગુણસ્થાને સ્થાપો તો વ્યાજબી વાત છે. અમારો કરણાનુયોગ ના પાડે છે. મુનિને તો સંવર નિર્જરા

તત્ત્વમાં નાખો. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે તારો કરણાનુયોગ તારા ઘરે રાખ. તારો અભ્યાસ તારા ઘરે રાખ. અમને તો એ મોક્ષતત્ત્વ દેખાય છે. અને તને કાંઈ સમજાતું હોય તો સારી વાત છે. ન સમજાતું હોય તો નસીબ તારા. મોક્ષતત્ત્વ કહ્યું છે. છે હજી છદ્મસ્થ. તો કહે મોક્ષતત્ત્વ છે.

મુમુક્ષુ :- અધ્યાત્મની ચરમસીમા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે અનુયોગ કામ નથી લાગતા અહીંયાં. શું કહેવું છે? અનુયોગના આગમના સિદ્ધાંતોથી અધ્યાત્મ એક પર ચીજ છે. ત્યાં એની ટાંગ અડાડે એ વાત ખોટી છે. વચ્ચે એ અપેક્ષા લાવે તો એ કહેવા ધારેલો વિષય. વિવિક્ષીત વિષયને એ સમજવા માગતો નથી. એ એની અસરળતા છે-આડોડાઈ છે. એ કરવા યોગ્ય નથી.

આત્માર્થી જીવે લોકસંજ્ઞાના પરિણામથી ખાસ ચેતવા જેવું છે. તેમાં પણ સામૂહિક કાર્યક્રમમાં બીજાને સારું લગાડવા અથવા બીજાઓ મને સારું લગાડે, તેવા ભાવ થાય ત્યારે આત્માર્થી જીવે અંતરમાં પોતાને પુછવા જેવું અવલોકવા જેવું છે કે, અરે જીવ ! આવું પરમ દુર્લભ પરમ સત્ય સાંભળવા મળ્યું ! પછી તારે કોને કોને રાજી રાખવા છે ? અને તારે કોના કોનાથી રાજી થવું છે ? અને આ રાજી રાખવા અને થવાનું ક્યાં સુધી કર્યા કરવું છે ? હે જીવ ! સત્ય માર્ગથી જરા પણ વિચલીત થવું યોગ્ય નથી. તેમ અચળ રહેવાનો પુરુષાર્થ કરતા જે પરિસ્થિતિ સર્જાય, તેનો સ્વીકાર કરવાની પૂરી તૈયારી અભિપ્રાયમાં હોવી ઘટે છે. તેમ વર્તતા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ રહીને રાજી (નિરાકુળ સુખરૂપ) થવાનું બનશે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૭૯)

તા. ૨-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૨૮,૩૨૯
પ્રવચન નં. ૨૫૨

પાનું-૧૧૦. મુનિદશાનો મહિમા કર્યો છે. ૩૨૮ અને ૩૨૯ બંને બોલમાં વીતરાગ માર્ગમાં મુનિ ભગવંત કેવા હોય છે અને એનો કેટલો મહિમા છે, ૩૨૮માં પણ છેલ્લે એમ કહ્યું કે '**તેમને તો સર્વગુણસંપન્ન કહી શકાય!**' સર્વગુણસંપન્ન તો સિદ્ધ પરમાત્મા છે. છતાં મુનિરાજને અહીંયાં સર્વગુણસંપન્ન કહ્યા છે. ખરેખર તો મુનિરાજમાં સિદ્ધ ભગવાનના દર્શન કરે છે. આવતી કાલે જે સિદ્ધ થવાના છે એના દર્શન આજે કરે છે. આ લાભનું કારણ છે.

છેલ્લે 'પ્રવચનસાર'નો આધાર લીધો હતો. 'પ્રવચનસાર'ની છેલ્લી પાંચ ગાથામાં ભાવલિંગી મુનિરાજને મોક્ષતત્ત્વ કહ્યું. મોક્ષતત્ત્વ એટલે સિદ્ધપદ. સિદ્ધ અત્યારે નહિ હોવા છતાં બહુ નજીકના ભવિષ્યમાં સિદ્ધ થનારા છે અને બહુ નજીકના ભવિષ્યમાં અલ્પ કાળમાં જ સિદ્ધ થશે. એના બધા અણસાર અત્યારે છે એ જોઈને એમને અત્યારે જ સિદ્ધ કહેવામાં આવે છે કે આ તો સર્વગુણસંપન્ન છે. એમ જોનારને લાભ છે. પ્રયોજન સાથે સંબંધ છે એનો. એટલે ત્યાં એ વાત કરી છે.

'અમૃતચંદ્રાચાર્યદેવ'ને કરણાનુયોગની ગુણસ્થાનની ખબર નથી એમ નથી. આ મુનિરાજ છે છઠ્ઠે-સાતમે છે અને હું એને મોક્ષતત્ત્વ કેમ કહું? મોક્ષતત્ત્વ તો ચૌદમા ગુણસ્થાને, તેરમે ગુણસ્થાને કહું કે સિદ્ધદશાને કહું. પણ એમ કહેવા પાછળ પારમાર્થિક લાભ છે. એમ જોઈને આજે નથી થયા છતાં એને એમ કહેવામાં આવે છે. ભાવમાં તો સ્થાપના કરી લે છે. જેમ આપણે 'ગુરુદેવ'ની 'સૂર્યકીર્તિ' તરીકે સ્થાપના કરી તો એ તો દ્રવ્યે સ્થાપના કરી. પણ દ્રવ્યે સ્થાપના ન પણ કદાચ થાય, એવા સંજોગો હોય તો ન થાય પણ ભાવે સ્થાપના કરનારને તો લાભ જ છે.

મુમુક્ષુ :- ભાવમાં કોઈ રોકતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે રોકે? મારા ભાવને, તમારા ભાવને, કોઈના ભાવને કોઈ કેવી રીતે રોકે? ત્યાં તો કોઈની પહોંચ ચાલતી નથી.

મુમુક્ષુ :- આ અવ્યકતને...

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. પારમાર્થિક લાભ એટલે શું? એનો આ પ્રશ્ન છે. પરમાર્થના પ્રકરણમાં જે આત્મભાવને, સ્વભાવભાવને આવિર્ભાવ કરવાની વિધિ છે, કાર્યપદ્ધતિ છે એમાં અવ્યકતને વ્યકતપણે ભાવવાની પદ્ધતિ છે.

ભગવાનઆત્મા ત્રિકાળ અવ્યકત સ્વરૂપે છે, સામાન્ય સ્વરૂપે છે એને વ્યકતપણે ભાવવામાં આવતા તે વ્યકત થઈ જાય છે. વ્યકતપણે એની શ્રદ્ધા કરવામાં આવતા એ વ્યકત થઈ જાય છે. એવી જ સર્વત્ર પરિસ્થિતિ છે. આત્મારસ ઊપજવાની એ પરિસ્થિતિ છે. બીજી પણ એ જ પરિસ્થિતિ છે.

આમ વેપારી વેપાર કરે છે કે નહિ વાણિયા? આટલું પડતર થયું, આ ભાવનું પડતર થાય, આ ભાવનું વેચાણ થાય. વગર મહેનતે સામેથી લોકો લઈ જાય. કેટલો વેપાર કરાય પછી? જો પડતર કરતા ઊંચા ભાવે માલ ખપતો હોય વગર મહેનતે, વેચવા જાવું ન પડે. ભાઈ સાહેબ કરીને લઈ જાય કે મને પહેલા આપજો. તો કેટલો વેપાર કરે વાણિયો? એની શકિત બહારનો વેપાર કરે, ગજા બહારનો. વ્યાજે નાણા લાવીને કરે વેપાર. કરે કે ન કરે? કરે છે કે નથી કરતા? નફો ભાળે તો દેવું કરીને વેપાર કરે. કેમ? કે લાભનો રસ છે એમાં. લાભ દેખાણો એનો રસ ઉપજ્યો. હજી લાભ થયો નથી. દેખાણો છે હજી તો. થયો છે? આવી ગયા પૈસા નફાના ઘરમાં? અને નફો થશે તો શું શું કરીશ એ વિચારવાની જરૂર નથી. અત્યારે તો વેપારની અંદર લાગી જાય છે.

એમ ભવિષ્ય શું છે? એ અવ્યકતને વ્યકતપણે ભાવવાનો વિષય છે. મુનિરાજમાં પણ સિદ્ધના દર્શન કરે છે અને સમ્યગ્દષ્ટિમાં પણ એ દર્શન કરવામાં આવે છે. એટલે તો એમ કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર સમ્યગ્દષ્ટિમાં સમાય છે. અત્યારે એવો કાળ છે. બહારમાં દેવ-ગુરુ છે નહિ. શાસ્ત્રનો ઉકેલ તો કોઈની પાસે મિથ્યાદષ્ટિ પાસે છે નહિ. દેવ-ગુરુ-શાસ્ત્ર એક જગ્યાએ જોતા હોય તો ક્યાં મેળવવા? તો કહે, સત્પુરુષમાં. 'શ્રીમદ્જી'એ એ વિષય કાઢ્યો છે. સત્પુરુષ સંબંધી.

મુમુક્ષુ :- દષ્ટાંતમાં દિવાસળીમાં અગ્નિ, બોમ્બનો ધડાકો.. આ બાબતમાં નથી સમજાતું. થોડું સ્પષ્ટીકરણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધું સમજાય છે. એ તો એનું વાસ્તવિકતાનું જ્ઞાન થવું જોઈએ. એમ કહે કે આ પેટીમાં Bomb મૂકી દીધો છે. સાંતકુઝના Air port ઉપર Try કરી હતી ખોટી ખોટી કે Bomb મૂકાઈ ગયો છે. Air port ની અંદર ક્યાંક કોઈ જગ્યાએ Bomb મૂકી ગયા છે. આખું Station ખાલી કરો. Aerodrome ખાલી કરી દો. ફટાફટ પાંચ Minute માં, શિસ્તપાલન કરવાની જરૂર નહિ, પાંચ Minute માં આખું Aerodrome ખાલી. બધા કર્મચારીઓ, બધા Officer, બધા Passenger ફટાફટ ...

મુમુક્ષુ :- Practical side અને ... આમ તો સમજાય છે, ...

પૂજ્ય ભાઈશ્રી :- આ કેવી રીતે Practical થયો? તમને ખબર નથી. કહેનારને ખબર નથી ક્યાં Bomb મૂક્યો છે? તમને ખબર નથી ક્યાં Bomb મૂક્યો છે? ખાલી એક જાહેરાત આવી Mike ઉપર Loud speaker થી, Aerodrome ખાલી કરો, કોઈ Bomb મૂકી ગયું છે. આખું Aerodrome ઉડાડી દેવાનું એની અંદર કાવતરું છે માટે Aerodrome ખાલી કરી દો. તો પૂછવા જાય છે અને ખાતરી કરવા જાય છે કે કોણે જાહેરાત કરી? સાચી છે કે ખોટી છે? હું જોઉં તો માનું, નહિતર ન માનું. નજરે ભાળું તો માનું, નહિતર ન માનું. કાંઈ કરવા રોકાય છે? ઊભી પૂછડીયે કેવા ભાગે છે? એ પરિસ્થિતિ જે પ્રતીતની છે, એની અંદર શું છે એક પ્રતીત ભળે છે, જાણવા મળે છે કે Bomb મૂક્યો છે. એની સાથે એને વિશ્વાસ આવે છે.

અહીંયાં એને જો વિશ્વાસ આવે, એટલે 'દીપચંદજી'એ એ શબ્દ વાપર્યો છે કે અવ્યકતની વ્યકતપણે શ્રદ્ધા કરતાં તે વ્યકત થઈ જાય છે. પ્રતીત શબ્દ વાપર્યો છે. શાસ્ત્રમાં .. અવ્યકતની વ્યકતપણે શ્રદ્ધા કરતાં તે વ્યકત થઈ જાય છે. અવ્યકત એવો શુદ્ધાત્મા, જેમ Bomb ની અંદર શકિત ઘણી છે, એક દડા જેટલો આકારનો પદાર્થ આખા મકાનને ઉડાડી મૂકે, ફૂર્ચેફૂર્ચા બોલાવી દે, એમ આની અંદર આ પણ એક અસાધારણ અનંત શકિતવંત Bomb કરતાં અનંત શકિતવંત પદાર્થ છે આત્મા. એની વ્યકતપણે શ્રદ્ધા થતાં એનું જેવું સ્વરૂપ છે એવું અવસ્થાની અંદર વ્યકત થવા લાગે છે.

અવ્યકતને વ્યકતપણે શ્રદ્ધા કરવાના આ બધા પ્રયોગો છે. મુનિ ભગવાનમાં સર્વગુણસંપન્નતા, સિદ્ધપદ જેવું હાલતા ચાલતા એને સિદ્ધ કહેવા. 'ગુરુદેવ' કહેતા હતા ને કે મુનિરાજ જુઓ એટલે હાલતા-ચાલતા સિદ્ધ! સિદ્ધ કોઈ દિવસ હાલતા-ચાલતા નથી. સમશ્રેણીએ અરિહંતદશાનું જ્યાંથી નિર્વાણ થાય છે એક સમયમાં સિદ્ધ થઈ જાય છે પછી ત્યાં ને ત્યાં સદા કાળ સાદિઅનંત કાળ એક જ જગ્યાએ રહે છે. એક Inch હલતા-ચલતા નથી. અને અહીંયાં મનુષ્યલોકમાં કે ત્રણે ભુવનમાં એના દર્શન શક્ય નથી. સિદ્ધાલયમાં જવાતું નથી અને નીચે એના દર્શન શક્ય નથી. તો કહે છે, છે, એના દર્શન થાય એવું પણ છે. મુનિરાજને જુઓ તો એમાં હાલતા-ચાલતા સિદ્ધના દર્શન થશે. ઓલા તો સ્થિર છે. આ તમને હાલતા-ચાલતા સિદ્ધના દર્શન થશે. સ્થિર હોય તો Statue છે કે જીવંત છે એ ખબર ન પડે પણ હાલતા-ચાલતા હોય તો પૂછવા જાવું પડે નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીને પણ એવી ઉપમા જ આપી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આપી છે. ... ની ઉપમા આપી છે.

મુમુક્ષુ :- અવ્યકત સ્વભાવ છે એ કેવી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યકત કેવો હોય? અવ્યકત છે એ વ્યકત કેવો હોય? એની અવ્યકતતામાં એની વ્યકતતાને જોવી. જેમ નફો થયો નથી છતાં નફાને જોવે છે કે નથી જોતો? કેવી રીતે જોવે છે? Practically નફો થયો નથી, હજી તો વિચાર કર્યો છે. હજી માલ ખરીદ્યો નથી, માલ વેચ્યો નથી. કાંઈ કામ થયું નથી. એક હિસાબકિતાબ મૂક્યો કે અહીંયાં આ ભાવ. આપણે ત્યાં આ ભાવ. આ બે વચ્ચેનો આ તફાવત ખર્ચ બાદ કરતાં બહુ સારો નફો રહે છે. ઘણો સારો નફો રહે છે. પ્રમાણમાં નફો રહેવો જોઈએ એના કરતા બે-ત્રણ ગણો નફો રહેતો હોય તો જાલ્યો રહે? કાંઈ થયા વગર રસ ક્યાંથી ઉપડ્યો એને? એ બધા ધાઉધામાં કરે છે કે નહિ? ક્યાંથી રસ ઉપડ્યો એને? એને ભવિષ્યનું અત્યારે દેખાય છે. કાલની વાત એને આજે દેખાય છે. એ એને જેમ રસ ઉપજવાનું કારણ છે, એમ અહીંયાં પણ આવતી કાલે જે સિદ્ધ થવાના છે, સર્વજ્ઞસંપન્ન થવાના છે એને આજે નજર સામે સર્વગુણસંપન્નપણે જોવે છે તો એને રસ ઉપજે છે. સર્વગુણસંપન્ન એવો નિજ પરમેશ્વર છે એનો રસ એને ભળે છે. એ એને પારમાર્થિક લાભનું કારણ છે.

મુમુક્ષુ :- આમ તો ... દેખાય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. આખો દિવસ કાલની ચિંતા કરે છે. આજની રોટલી તો છે જ એની પાસે. કાલની રોટલીની ચિંતા કરે છે. બીજું શું કરે છે? ઈ ચિંતા કરવાનો રસ ક્યાંથી લાવે છે એ? લાવવો પડતો નથી. જરૂરિયાત દેખાય ત્યાં રસ લાવવો પડતો નથી.

શબ્દ તો બહુ સાદા છે. '**सर्वगुणसंपन्न कही शकाय!**' મુનિરાજને સર્વગુણસંપન્ન કહીએ. એ પ્રશંસા કરતાં, ગુણપ્રશંસા કરતાં આટલી વાત મૂકી દીધી એની અંદર આટલું બધુ ભોંયરાની જેટલું ઊંડાણ છે. ઊંડો ઉતરે તો એટલું ઊંડાણ છે. આમાં તો પારમાર્થિક લાભ રહેલો છે અને પોતાના સ્વભાવભાવને આવિર્ભાવ કરવાની વિધિ રહેલી છે ખરેખર તો.

મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્‌ભુત ઋદ્ધિને અનુભવે છે. તે દશામાં, અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે. મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન

કોઈ જુદું જ છે, વચનાતીત છે. ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. તું ત્યાં જા, તને ચૈતન્યદેવનાં દર્શન થશે. ૩૨૯.

૩૨૯. '**મુનિરાજ વારંવાર નિર્વિકલ્પપણે ચૈતન્યનગરમાં પ્રવેશી અદ્‌ભુત ઋદ્ધિને અનુભવે છે.**' વારંવાર ક્ષણે અને પળે નિર્વિકલ્પ ઉપયોગમાં આવીને. પરિણતિ તો નિર્વિકલ્પ જ હોય છે સર્વ ગુણસ્થાને. પણ શુદ્ધોપયોગપણે નિર્વિકલ્પ થઈને ચૈતન્યનગરમાં પ્રવેશે છે. ચૈતન્યપિંડ છે એને નગરની ઉપમા આપી છે. જેમ નગરમાં અનેક માણસો વસે છે, એમ અહીંયાં અનેક ઋદ્ધિ-સિદ્ધિથી ભરેલો આત્મપદાર્થ છે એમાં પ્રવેશ કરે છે. શુદ્ધોપયોગથી એમાં ઊંડા ઊતરી જાય છે, પ્રવેશ કરે છે અને પોતાની ચૈતન્યની અદ્‌ભુતથી અદ્‌ભુત ઋદ્ધિને ભોગવે છે, અનુભવ કરે છે. એમાં એ મસ્ત રહે છે. એટલા બધા મસ્ત રહે છે કે દેહનું ભાન પણ ભૂલી જાય છે. પાડોશમાં શરીર છે એનું ભાન ભૂલી જાય છે. આહાર-પાણીનો વિકલ્પ ઊઠે અને પાછો શાંત થઈ જાય, ઠરી જાય.

કોઈવાર તો મુનિઓને એવું બને કે આહારનો વિકલ્પ ઊઠે વળી પાછી અંદરથી મસ્તી ચડે. આનંદનો આહાર લેતા... લેતા.. લેતા... જેમ વેપારીને વેપાર કરતાં કરતાં રસ ચડે અને ભૂખ મરી જાય કે હવે આપણે સાંજે ખાશું. હવે ચાર તો વાગી ગયા. સાડા ચાર તો થઈ ગયા. બાર વાગ્યાનું ખાણું ચાર વાગ્યા સુધી સાંભર્યું નહી, હવે સાંજે છ વાગે એક સાથે. ઠીક! તો એને વિકલ્પ છૂટી જાય. એક કષાય-અશુભ કષાયનો રાગ છે, શુભ પણ નથી એમાં. અશુભ કષાયમાં જો ખાવાનું ભૂલી જાય જીવ-પામર જીવ, તો આ તો હાલતા-ચાલતા સિદ્ધ છે. એ આનંદનો આહાર કરે એમાં બહારનો આહાર ભૂલી જાય તો ભૂલી જાય એમાં શું મોટી વાત છે. ભૂલી જાય તો દિવસો સુધી ભૂલી જાય. પાછું બીજે જ દિવસે યાદ આવે એવું કાંઈ નથી. ક્યારે યાદ આવે એનું ઠેકાણું નથી. એવી દશામાં મુનિરાજ ઝૂલે છે.

'**તે દશામાં અનંત ગુણોથી ભરપૂર...**' પોતાના '**અનંત ગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયરૂપ તરંગોમાં અને આશ્ચર્યકારી આનંદ તરંગોમાં ડોલે છે.**' ચૈતન્યદેવ ડોલવા લાગ્યો એમ કહે છે. ડોલે છે તરંગ. ધ્રુવ તો ધ્રુવ રહે છે. શૈલી કરે છે આ. વિષયને સમજાવવા, સહેલો કરવા અથવા એ ભાવને વધારે વ્યક્તપણે દર્શાવિવા માટે, પ્રસિદ્ધ કરવા માટે એ બધી શૈલી છે.

મુમુક્ષુ :- અલંકાર.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ભાષા અલંકાર છે.

'**તે દશાના અનંતગુણોથી ભરપૂર...**' મુનિરાજની મુનિદશાની વાત કરે છે. '**અનંતગુણોથી ભરપૂર ચૈતન્યદેવ ભિન્ન ભિન્ન પ્રકારના ચમત્કારિક પર્યાયના તરંગોમાં...**' પર્યાયરૂપ તરંગોમાં '**અને આશ્ચર્યકારી આનંદતરંગોમાં ડોલે છે.**' એવો આશ્ચર્યકારી આનંદ છે. આનંદનો ઊભરો પણ એવો પ્રચુર આવે છે કે જેનું આશ્ચર્ય થાય એવું છે. જગતના ૨૨ પ્રકારના પરિષહ-ઉપસર્ગના જે વર્ણન આવે છે એ બધા ઉપસર્ગ-પરિષહના માપ છે. મુનિરાજના આનંદ પાસે એનો કાંઈ હિસાબ લાગે એવું નથી. આનંદ તૂટી જાય, આનંદ મટી જાય એનું માપ નથી એમાં. મટે કે ન મટે એ માપ નથી. પણ વધુમાં વધુ ગમે તેવા છેલ્લી હદના ઉપસર્ગ પરિષહ આવે તોપણ મુનિરાજ પોતાના શુદ્ધોપયોગમાંથી છૂટતા નથી, પોતાની દશામાંથી ચ્યુત થતા નથી.

અહીં તો એ દશા જઘન્ય પહેલી લાવવી હોય તો પાણી ઉતરી જાય એવું છે. ચોથા ગુણસ્થાનની ઉપયોગની સ્થિરતા લાવવી હોય તોપણ પાણી ઉતરી જાય એવું છે. અનંત કાળ ગયો છે. કેટલો ગયો છે? અનંત કાળ ગયો છે. હજી ચોથાની દશા નથી આવતી. વળી કાંઈ ઉપસર્ગ-પરિષહ છે નહિ. પાંચેય ઈન્દ્રિય સાબૂત છે. કાને સાંભળે છે, આંખે વાંચે છે. બરાબર છે? શ્રવણ કરવું, ચિંતવન કરવું, વાંચવું એ બધું કામ નિમિત્તપણે થઈ શકે છે. તોપણ હજી ચોથું ગુણસ્થાન લેવા જાય તો પરસેવો ઉતરી જાય એવું છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને સમયે સમયે એના ... કેટલી ખોટ જાય છે એ જો કોઈ સમજાવે તો ઊભો નહિ રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ ઊભો ન રહે, એક Minute ઊભો ન રહે, એક Second ઊભો ન રહે. સાચી વાત છે. મિથ્યાત્વની ભયંકરતા જોવે તો એની ઉપમા જડતી નથી. પછી કહે કે આ કાળો નાગ છે એમ કહે. આ કેન્સરનો દાદો છે એમ કહે. ગમે ઈ કહે. પણ એની ઉપમા જડે એવું નથી. કેમકે એ બધા તો એવા છે એક મરણના કારણ છે. એક વખત પ્રાણ છૂટવાના નિમિત્ત છે. આ અનંત વાર જન્મ-મરણનું કારણ છે. મિથ્યાત્વની ભયંકરતા કાંઈ થોડી નથી.

ગમે તેવી સ્થિતિમાં પણ અંદરના ચમત્કારીક પર્યાય રૂપ તરંગોમાં અને અંદરના આશ્ચર્યકારી તરંગોમાં મુનિ ભગવાનનો આત્મા ડોલે છે, એમાં રમણતા કરે છે. પોતે એમાં પોતાને આનંદની દશામાં ચૈતન્યની ચમત્કારિક દશામાં એ રમણતા કરે છે. ક્યાંય જગતની સામે જોતા નથી. જગત, જગતના ઘરે રહ્યું. 'જગ કો દે દી જગકી નિધીયાં.' જગતની નિધી સોંપી જગતને. કોઈનો પણ વિકલ્પ નથી. દરકાર કે તમા

નથી પણ વિકલ્પ નથી. એવી એકલી સાધના માટે નીકળી ગયા છે. કોઈ વિકલ્પ કરવાની પરિસ્થિતિ ન રહે એટલે બધું છોડીને નીકળી પડ્યા છે. આહાર-પાણીની વ્યવસ્થાનો પણ વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. એનો વિકલ્પ ન આવે કે કાલે શું થશે? આહાર મળશે કે નહિ મળે? જોગ ખાશે કે નહિ ખાય? એ પ્રશ્ન નથી. અત્યારે તો પરિસ્થિતિ જ નથી. અત્યારે જે પરિસ્થિતિ છે એ તો નામ રહી ગયું બાકી વસ્તુ તો કાંઈ છે નહિ અત્યારે. સાથે ખટારો ફરે, સાથે રસોડું કરવાવાળા ફરે. મોટી ગડબડ છે. મુનિદશાનું આ ચિત્ર જોઈએ ત્યારે આ નામધારી શ્વેતાંબર આદિ જૈન સાધુ જ કહેવાય છે ને? અત્યારે તો ઘણું વિચિત્ર લાગે છે. ક્યાં મુનિદશા? ક્યાં અલૌકિક આનંદની દશા, ચમત્કારિક દશા? અને ક્યાં આ બધા સાધારણ પ્રાણી? વિષય કષાય છૂટ્યા ન હોય. મિથ્યાત્વના હજી કોઈ છૂટવાના ઠેકાણા પણ ન હોય. આ તો ગૃહીતમાં આવી જાય છે. મુનિદશા નથી ત્યાં મુનિદશાનું નામ ધારણ કરે ત્યાં તો ગૃહીતમાં આવી જાય છે. ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય છે. તીવ્ર મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ભાવથી મિથ્યાત્વ નથી થયું ત્યાં સુધી .. ગૃહીત...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો શું છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને સરખી રીતે સમજીને માનતો હોય. હજી મિથ્યાત્વ ન છૂટ્યું હોય તો હજી અગૃહીત હોય.

મુમુક્ષુ :- પણ એને અંદર તો બધું...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બાકી ગર્ભમાં બધું પડ્યું છે. ગર્ભિતપણે પડ્યું છે. ન છૂટે ત્યાં સુધી એ જોખમ ઊભું જ છે બધું.

હવે અહીંયાં સમ્યગ્દૃષ્ટિને ભેળવે છે પોતે કે '**મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે.**' એક જાતિનું છે ને? એટલે સાથે લીધા. મુનિરાજનું જે સ્વસંવેદન છે અને સમ્યગ્દૃષ્ટિ જીવનું જે સ્વસંવેદન છે શુદ્ધોપયોગનું એ જુદું જ છે. કેવું જુદું છે? કે વચનાતીત છે. એને વચનથી કેવી રીતે કહીએ? સ્વસંવેદનની દશાની કેવી રીતે વાત કરવી? શું વાત કરવી? વાત કરવાનો વિષય નથી. અનુભવનો વિષય છે. ઘી બહુ મીઠું, બહુ મીઠું ઘી ભારે મીઠું ઘી. સાકર જેવું મીઠું છે? તો પતાસા જેવું મીઠું છે? કેવું મીઠું છે? દ્રાશ જેવું મીઠું છે? એ મીઠું છે એ મીઠું છે. ઘીની મીઠાશ એ ઘીની મીઠાશ. સ્વાદનો વિષય છે. શબ્દનો એ વિષય નથી. એ તો બધા હજી ઈન્દ્રિયના વિષયો છે એ શબ્દાતીત છે. એ સ્વાદ આદિ ઈન્દ્રિયના વિષયો શબ્દાતીત છે. જેમ આ આવે છે ને ગંધના પ્રકાર? અસંખ્ય પ્રકારની સુગંધ છે. આ બનાવે છે ને બધા. જુદા જુદા Mixing કરીને, એનું પણ આખું વિજ્ઞાન છે, એની દુનિયા છે આખી. આ બધા Synthetics ને અત્યારે તો

બહુ નીકળ્યું છે. એને વર્ણન કેવી રીતે કરે? આ સુંઘો, આ સુંઘો. હવે આ બેમાં શું ફેર બતાવો જોઈએ? ઈ પણ સુંઘવાથી થોડુંક સમજાય છે. બતાવે શું? હજી તો સમજવામાં થોડું સમજાય કે આ બે વચ્ચે શું ફેર છે? કહે કેવી રીતે? હજી ઈન્દ્રિયગમ્ય વિષયને કહી શકાતા નથી તો અતીન્દ્રિય વિષયને કહેવો કેવી રીતે?

જે સ્વસંવેદન અતીન્દ્રિય છે, મનનો સંગ છોડ્યા પછી જેનું વેદન શરૂ થાય છે. એટલે મનની પહોંચ નથી ત્યાં સુધી. એવી મનાતીત દશા છે. એને વચનમાં તો લાવવી ક્યાંથી? મન જેને ગ્રહણ કરી શકે નહિ, મન જેને પકડી શકે નહિ. જે વિકલ્પમાં શકિત નથી એવું જે અતીન્દ્રિય અલૌલિક પરિણમન છે એને કોઈ વચન દ્વારા કહી શકાય એવું નથી. એમ કહીને જો વચન દ્વારા કહી શકાય એવું નથી તો અહીંથી એક નવી જિજ્ઞાસા ઉત્પન્ન થવી ઘટે છે. અરે..! આ તે કેવી ચીજ હશે? જે કહી શકાતું નથી છતાં જેને કહેતા થાકતા નથી કહેનારા કે ભાઈ! કાંઈક એવું છે. અરે..! ભાઈ! કાંઈક એવું છે. એવું કોઈ અજબ-ગજબનું છે એમ કરતા જાય છે. કહી શકતા નથી અમે, એમ કરીને કહેતા જાય છે. જીવને કોઈ રીતે જિજ્ઞાસા ઉત્પન્ન થાય કે આ તે શું ચીજ હશે? આખી દુનિયા ભૂલી જવાય, દેહ ભૂલી જવાય, ભૂખ-તરસ ભૂલી જવાય, રોગની વેદના ભૂલી જવાય, ઉપસર્ગ-પરિષહ ભૂલી જવાય. બધું ભૂલી જવાય, જે વેદનાથી છૂટ્યું છૂટાય નહિ. જે વેદનાની પહોંચ નથી ત્યાં, જે વેદનાનો સ્પર્શ નથી ત્યાં. કેવી અલૌકિક ચીજ હશે?!

'સોગાનીજી' ત્રીજા ભાગમાં લખે છે કે, મરણ વખતે ભલે નરક જેવી વેદના હોય. ભલે શરીરને હજારો ધગધગતા સુઈયા પરોવી દે એવી વેદના હોય, ગરમ કરેલા સુઈયા. હજારો સુઈયા એક સાથે શરીરમાં ખૂંચાડે એવી વેદના હોય તોપણ સમ્યગ્દષ્ટિ જીવની એવી તૈયારી હોય છે (કે) સમાધિમરણ વખતે હું શુદ્ધોપયોગમાં રહીશ. મારી તૈયારી એવી છે કે ભલેને હોય એથી શું? હું પૂરો તૈયાર છું. એવા બધા બોલ લીધા છે. આ તો હજી ચોથા ગુણસ્થાનની તૈયારી છે. આટલી તૈયારીમાં હોય છે. પહેલેથી, ગમે ત્યારે આવો. એમ. ઓચિંતુ. એમને તો એવું જ બન્યું છે કુદરતી કે ઓચિંતો જ દેહ ત્યાગ કર્યો છે. ૫૨ વર્ષની બહુ નાની ઉંમર કહેવાય. અત્યારના પ્રમાણમાં તો ૫૨ વર્ષ હજી નાની (કહેવાય). ઘણા ખરા વટાવી ગયા છે.

મુમુક્ષુ :- એવો જ દાખલો છે, 'ટોડરમલજી'નો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો બહુ નાની ઉંમર. ૨૮ વર્ષની ઉંમર, 'શ્રીમદ્ રાજચંદ્રજી'ની ૩૪ વર્ષની ઉંમર. એ તો એમનો વેગ હશે એ જોવા જેવો અને સમજવા જેવો હોય છે. શાંતરસ અને વીરરસને અવિનાભાવીપણું છે. જગતનો

વીરરસ તો એની પાસે અપુરુષાર્થ અને નપુંસકતામાં જાય છે. એટલો આ વીરરસ છે. શાંતરસ એ વીરરસ સહિત જ હોય છે. એમાં અત્યંત પુરુષાર્થ છે, અલૌલિક પુરુષાર્થ છે, અસાધારણ પુરુષાર્થ છે, વચનાતીત પુરુષાર્થ છે, કહી શકાય નહિ એટલો જબરદસ્ત પુરુષાર્થ છે. જગતના જે વીર ગણાય એવા પુરુષો તો ત્યાં કાયરમાં ખપે છે. આમ અંદાજ લેવો હોય તો જગતના જે વીર કહેવાય, હિંમતવાળા કહેવાય, હિંમતબાજ કહેવાય, બહુ હિંમત ભાઈ એની. ક્યાંય ડરે નહિ. એ તો બધા અહીંયાં કાયરમાં ખપે છે. એટલી જેની વીરતા હોય છે, દઢતા હોય છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... ઘણા એવા પ્રસંગો બન્યા છે યુદ્ધની અંદર કે માથું પોતાની હાથે ઉતારીને આપે. અથવા કોઈ માથું કાપે તો ધડ લડે. એવા જોશમાં ને જોશમાં હોય છે. પણ એ બધા કાયરમાં ખપે. દર્શનમોહને જીતનારા પાસે તો એ બધા કાયરમાં ખપે. એટલે તો 'શ્રીમદ્જી'એ ઉપમા લીધી છે કે ભુજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરે એના કરતા જેણે સંસાર કારણનો નાશ કર્યો દર્શનમોહનો, એ વધારે પુરુષાર્થવંત છે, એ વધારે પરાક્રમી છે. દસ હજાર સુભટને એકલે હાથે હરાવે એવા બળના દૃષ્ટાંત લીધા છે. શરીરબળના. આત્મબળને બતાવવું કેવી રીતે? ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નાની ઉંમરે દેહ છૂટી ગયો. ૫૨ વર્ષની ઉંમરે ઓચિંતો Heart attack થી દેહ છૂટી ગયો. આગળ-પાછળ Heart decease નહોતો કાંઈ. Heart નો રોગ નહોતો. ઓચિંતો જ Heart attack આવ્યો અને આયુષ્ય પૂરું થવાનો કાળ હશે. સવારથી તબીયત થોડી અસ્વસ્થ હતી. પોતે પછી તૈયારીમાં હતા એટલે ડૉક્ટર-ફાકટરના બોલાવ્યા નહિ. પોતે તૈયારીમાં હતા એટલે કોઈ Doctor ને ન બોલાવ્યા. ચાર વાગે સાંજે (દેહ છૂટી ગયો). સવારથી અસ્વસ્થ હતા.

મુમુક્ષુ :- પહેલો જ Attack હતો?

પૂજ્ય ભાઈશ્રી :- હા, પહેલો જ. ચાર વાગે દેહ છૂટી ગયો.

શું કહે છે? '**મુનિરાજ તેમ જ સમ્યગ્દૃષ્ટિ જીવનું આ સ્વસંવેદન કોઈ જુદું જ છે, વચનાતીત છે.**' કોઈ વચનાતીત સ્વસંવેદન છે. જ્ઞાન, જ્ઞાનવેદનના આવિર્ભાવમાં આવે છે. અનંત ગુણોનું પરિણમન પણ સાથે ભળે છે એટલે એનું પણ સ્વપરપ્રકાશકપણું હોવાને લીધે એનું પણ વેદન આવે છે. આનંદનું વેદન પણ ત્યાં આવે છે. 'નિયમસાર'માં એ પ્રશ્ન કાઢ્યા કે શુદ્ધોપયોગ છે ત્યાં પર કોણ છે આમાં? તો કહે છે, આનંદ પર છે. જ્ઞાન સ્વ છે આનંદ પર છે. ત્યાં સ્વપરપ્રકાશક

શુદ્ધોપયોગમાં લીધું. જ્ઞાન સ્વ છે. જ્ઞાન, જ્ઞાનને વેદે તે સ્વ છે, જ્ઞાન આનંદને વેદે તે પર છે. એટલે ત્યાં વિકલ્પ નથી. પણ આ તો એક સ્વપરપ્રકાશકનું ત્યાં પ્રકરણ ચાલ્યું છે. ત્રીજા અધિકારમાં, છેલ્લા અધિકારમાં. શુદ્ધોપયોગ અધિકાર છે ને?

એવું વચનાતીત છે. '**ત્યાં શૂન્યતા નથી,...**' ત્યાં શૂન્યપણું નથી. વિકલ્પની શૂન્યતા હોવા છતાં ભાવ શૂન્યપણું નથી. સ્વસંવેદનભાવ ભરપૂરપણે છે. આનંદ પણ ત્યાં ભરપૂરપણે છે. આનંદનો ભાવ ભરપૂરપણે છે. અને અનંતા ગુણોનો ધોધ વરસે છે. મિથ્યાત્વ અવસ્થામાં દુષ્કાળ હતો. એકલો કષાયનો તાપ હતો અને ક્યાંય શાંતિનું પાણી નહોતું. શાંતિ શીતળતા. પાણીમાં શીતળતા હોય. શાંતિનું જળ નહોતું ક્યાંય અને એકલો કષાયનો તાપ હતો. ત્યાં ધોધ વર્ષા થઈ. સમ્યગ્દર્શન થયું અને સ્વસંવેદન આવ્યું ત્યાં એકસાથે જાણે બારે મેઘ ખાંગા થયા. બારે મેઘ વરસ્યા. અનંત ગુણોનું પરિણમન આવે છે ને એકસાથે.

કહે છે કે '**ત્યાં શૂન્યતા નથી,...**' વિકલ્પથી શૂન્ય થાય છે, અન્ય ભાવોથી શૂન્ય થાય છે અને અન્ય ભાવમાં અને વિકલ્પમાં જ આખી દુનિયા જોઈ છે એણે અને એમાં જ એને આખી દુનિયા માનીને બેસી ગયો છે. એટલે એનાથી શૂન્ય થાય છે એવી વાત આવે છે ત્યારે કોઈ ઊંધું પકડી લે છે કે બસ! શૂન્ય થઈ જાય. સાવ શૂન્ય થઈ જાય ત્યારે એને આત્માનો અનુભવ થયો ગણવો.

મુમુક્ષુ :- આમ તો ....

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમનની ખબર નથી હોતી. પરિણમન ચાલુ છે કે બંધ એ ક્યાં એને ખબર છે. એને તો એમ કે પરિણમન પણ બંધ થઈ જાય છે. એને એમ છે. પરિણમન શૂન્ય થઈ જાય એટલે આત્મામાં ડૂબી ગયો અને આત્મામાં આવી ગયો. એમ આત્મામાં ડૂબતો નથી અને એમ આત્મામાં આવતો નથી.

મુમુક્ષુ :- શૂન્ય શબ્દ વાપર્યો છે ત્યાં 'ગુરુદેવ' રજનીશની શૂન્યતા ઉપર બહુ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. અત્યારે આ વર્તમાનમાં એક પ્રખર પ્રવકતા છે. વકતૃત્વ-Oratory-Class one oratory છે. બોલવાની છટા ઘણી છે. એણે શૂન્યવાદ ઉપાડ્યો છે. શૂન્ય હો જાઓ. 'ભીતરમેં કુછ નહીં હૈ. કુછ ભીતર મેં નહીં હૈ. શૂન્ય હો જાઓ.' એના ઉપર કાંઈક દોરવાઈ ગયા. આખા હિન્દુસ્તાનમાં નહિ પણ દેશદેશાવરના માણસો એની પાછળ ગાંડા, પાગલ જેવા થઈને ફરે છે.

મુમુક્ષુ :- ભાંડો ફૂટી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- તોપણ હજી લોકોનું પાગલપણું છૂટતું નથી. એવા પાગલ ને પાગલ બેઠા છે પાછા.

મુમુક્ષુ :- કોઈ દેશ સંઘરવા તૈયાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તોપણ એના અનુયાયીઓ છોડે છે? અમારે તો કેટલાક નજીકના સગા છે એના અનુયાયીમાં. હજી જોવો તો એવી ને એવી જ પરિસ્થિતિ. ભગવાનનો આમ સંદેશો છે અને ભગવાન આમ કહે છે. ભગવાન.. ભગવાન... કરીને જ વાત કરે. ગાંડાના તો કાંઈ જુદાં ગામ થોડા જ હોય છે. કે .. કાંઈ શીંગડા હોતા નથી. આટલી બધી વાતો પ્રસિદ્ધ થઈ. એ પોતે પણ જેમ ફાવે એમ બોલી જાય છે. કેમકે એની Psychology disturb થયેલી છે. હવે તો બોલવાનું બંધ કર્યું છે એણે. બોલે તો સાવ ખુલ્લું થાય એવું છે. તોપણ લોકો નથી સમજી શકતા. કેટલાક તો સ્વાર્થથી પાછળ છે તો કેટલાક અણસમજણથી પાછળ છે. પાછળ હોવામાં બે કારણ છે. કેટલાકની તો દુકાનદારી ચાલતી હોય છે. પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે પણ (પાછળ પડેલા હોય). એ તો દરેક સંપ્રદાયમાં આ પરિસ્થિતિ છે. જ્યાં જ્યાં મૂળ માર્ગથી ફાંટા પડ્યા, દુકાનદારી ચાલુ થઈ ગઈ. એ સિવાય બીજી કોઈ રીતે ફાંટો પડે નહિ.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ માનનું સ્થાન ટકાવવું કે ચીજ-વસ્તુ મેળવવી એ બધું એક જ છે ને? મેળવવું જ છે ને? કાંઈને કાંઈ મેળવવું જ છે.

મુમુક્ષુ :- વિદ્વતાનો રસ ચડી જાય. ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, રસ ચડી જાય. પૈસાની ક્યાં એને ખોટ હતી. પૈસા તો કરોડો-અબજો રૂપિયા આવી જતા હતા. પણ છતાં માનનો રસ તો છે. એ તો દિગંબરમાંથી શ્વેતાંબર થયા એ તો હજી જંગલમાં જ રહેતા હતા. હજી તો ઝાડની છાલ પહેલીવહેલી (શરૂ કરી હતી). આહાર કરવા આવે ત્યારે, ગામમાં આહાર કરવા આવે ત્યારે ઝાડની છાલ વીંટાળે. પાછા જંગલમાં નગ્ન ફરે. તોપણ જુદાં પડ્યા કે નહિ? પેલા સાથે અમે નથી, અમારી વાત જુદી છે. અમે જુદા એનાથી. એને ક્યાં પૈસા જોતા હતા? એને કાંઈ ઘર માંડવું નહોતું, એને પૈસા જોતા નહોતા, દુકાન માંડવી નહોતી, કારખાનું કરવું નહોતું. એક માન ખાતર જુદા પડે છે. જુદાં પડવાનું થાય છે એમાં માન પણ મોટું કારણ છે. અને એ માન 'કુદંકુંદાચાર્યે' કહ્યું કે એક વસ્ત્રનો તાણો રાખીને જુદા પડીને એમ કહે કે આ માર્ગ છે. નિગોદં ગચ્છઈ. 'અષ્ટપાહુડ'માં (કહ્યું). અત્યારે જે અહીંયાં આવ્યા એનો દોષ નથી. જેમણે એ જુદા પડીને માર્ગ શરૂ કર્યો એનો દોષ છે. અભિપ્રાયનો દોષ મોટો છે. દોષના બે પ્રકાર- એક અભિપ્રાય સહિતનો દોષ અને એક અભિપ્રાય ન હોય છતાં પ્રકૃતિગત દોષ

થાય. એમ બે પ્રકારે દોષ થાય છે. પ્રકૃતિદોષ છે એ ક્ષમ્ય છે, અભિપ્રાયનો દોષ છે એ અક્ષમ્ય છે.

'**ત્યાં શૂન્યતા નથી, જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.**' જાગૃતપણે ત્યાં નિજ સ્વરૂપનું ગ્રહણ છે. સ્વસંવેદનમાં નિજ સ્વરૂપનું ગ્રહણ છે. જ્યાં સ્વરૂપ ગ્રહણ છે ત્યાં જાગૃતિ છે. જ્યાં સ્વરૂપ ગ્રહણ નથી ત્યાં જાગૃતિ નથી. સ્વરૂપ ગ્રહણનો પુરુષાર્થ છે ત્યાં જાગૃતિ છે. સ્વરૂપ ગ્રહણનો પુરુષાર્થ નથી ત્યાં જાગૃતિ નથી હોતી.

'**જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.**' જાગૃતપણે અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે. આ ઊંડી વાત છે. અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે એમાં 'જાગૃતપણે' એક શબ્દ આગળ રાખ્યો છે. કેમકે વિકલ્પ નથી. હું આત્મા છું, હું શુદ્ધ છું અને હું અનંત ગુણસંપન્ન છું અને મારામાં અનંતો આનંદ છે, મારું સ્વસ્વરૂપ પૂર્ણ છે અને અભેદ છે ને ધ્રુવ છે એ વિચારનો વિષય નથી. ગ્રહણ કરે છે.

(દ્રવ્યદૃષ્ટિ પ્રકાશમાં) ૪૫૪મો બોલ એના ઉપર છે. ચર્ચા થઈ હતી ને? બહુ સારો બોલ છે. '**सोचते रहने से तो जागृति नहि होती.**' જે મુમુક્ષુજીવો તત્ત્વવિચારમાં આવ્યા છે એને એક વિશેષ વાત કરે છે. જેને તત્ત્વવિચારો ઉગતા નથી એની ચર્ચા કરવાનું અહીંયાં કોઈ સ્થાન નથી. કેમકે એ તો સંયોગોની પાછળ એના વિકલ્પો છે, એની દોડ છે. એમાંથી એ નવરો થઈ શકે એવું નથી. પણ જે જીવો તત્ત્વના વિચાર કરે છે એને હવે એક નવી વાત કરે છે. બહુ મુદ્દાની વાત કરી છે આ જગ્યાએ. '**सोचते रहने से तो जागृति नहि होती.**' આ જાગૃતિ શબ્દ આવ્યો ને ત્યાંથી યાદ આવ્યું. '**ग्रहण करनेसे ही जागृति होती है.**' પોતાના સ્વરૂપને જાગૃત થઈને ગ્રહણ કરવું એક વાત છે અને એક માત્ર એનો વિકલ્પ વિચાર કરવો એ સાવ બીજી વાત છે. બે વચ્ચે બહુ મોટો ફરક છે. શું ફરક છે એ કહે છે હવે. '**सोचने में तो वस्तु परोक्ष रह जाती है.**' જે વિચાર ને વિકલ્પ ઊઠે છે એમાં તો વસ્તુ પરોક્ષ રહી જાય છે. જાણે કો'કનો વિચાર કરે છે-Third person નો. હું હું પણું કરે તોપણ તે વિકલ્પ છે હોં! એમાં ત્રીજો જ રહે છે એ. હું નથી આવતો એમ કહે છે. હું આવે ત્યાં ગ્રહણ થઈ જાય છે. ગ્રહણ થાય ત્યાં હુંપણું આવે છે એમ કહેવું છે. '**सोचने में तो वस्तु परोक्ष रह जाती है और ग्रहण करने में वस्तु प्रत्यक्ष होती है.**' આ પ્રત્યક્ષતાનો બોલ છે. બહુ મુદ્દાની વાતો આવે છે, હોં! બહુ મુદ્દાની વાતો આવે છે.

વસ્તુ જે સહજ પ્રત્યક્ષ છે, ત્રિકાળ પ્રત્યક્ષ છે, જેની પ્રત્યક્ષતાની અપેક્ષાએ

એનો પ્રત્યક્ષપણાનો ધર્મ અનંત પ્રત્યક્ષ છે એમ કહી શકાય, એવું જે સહજ વસ્તુનું સ્વરૂપ છે એને અપરોક્ષભાવે એટલે કે પ્રત્યક્ષ ભાવે એનું સાક્ષાત ગ્રહણ કરવું એ વિધિ છે. વિચાર કરવો, વિકલ્પમાં ઊભા રહેવું આઘે ઊભા ઊભા આવો છે અને તેવો છે કર્યા કરવું એ વિધિ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આ પ્રત્યક્ષ સ્વાદ લે છે અને પેલો વાતું કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ તો એના ઉપર સીધો એ પ્રવેશી જાય છે, એને સ્પર્શે છે. તદાકાર થાય છે, તન્મય થાય છે. વસ્તુને પકડે છે, ગ્રહણ કરે છે. આશ્રય કરે છે એમ કહો, સન્મુખ થાય છે એમ કહો, એકાગ્ર થાય છે બધું એકાર્થ છે એ રીતે.

'**ગ્રહણ કરને મેં વસ્તુ પ્રત્યક્ષ હોતી હૈ.**' હવે એક બીજો બોલ ઉમેરી દ્યે છે. '**સુનતે રહને ઔર સોચતે રહનેસે તો વસ્તુ કી પ્રાપ્તિ નહિ હોતી.**' આ રોજેરોજ સાંભળ્યા કરવું અને એનો વિચાર કર્યા કરવો, એ રીતે વસ્તુ નહિ પ્રાપ્ત થાય એમ કહે છે. આ સાંભળે છે એને કહે છે, હોં! સાંભળવા નથી આવતો એને બિચારાને તો પત્તો લાગવાનો પ્રશ્ન નથી. પણ જે સાંભળે છે ને એમ કહે છે કે આ તને સંભળાવવું છે. આ સંભળાવવું છે. સાંભળ સાંભળવું હોય તો. કાન ખુલ્લા રાખીને સાંભળતો રહે, સાંભળતો રહે અને વસ્તુની પ્રાપ્તિ થાય એ નહિ થાય એમ કહે છે. આવું સંભળાવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- સંતોષ થઈ જાય છે એ સાધનની ભૂલ છે એમ કહે છે. એ સાધનની ભૂલ છે. સાધન ઈ નથી. સાંભળ્યા કરવું એ સાધન નથી, એમ કહે છે. વિચાર-વિકલ્પ કર્યા કરવો એ સાધન નથી એમ કહેવું છે અહીંયાં. ગ્રહણ કરવું એ સાધન છે.

મુમુક્ષુ :- સંતોષ થઈ જાય છે કે વ્યસન થઈ જાય છે?

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ કહ્યું છે. ઈ પણ આમાં કહ્યું છે, આ જ ગ્રંથમાં કહ્યું છે. જેમ Injection લેવાની આદત થઈ જાય છે, એમ અહીંવાળાને-સોનગઢવાળાને એમ કરીને કીધેલું. ખોટું લાગે તો માફ કરવું, પણ એમને તો જે વિચાર આવ્યો, ખ્યાલ આવ્યો એ કહી દીધું છે. અહીંયાં સાંભળવાની ટેવ પડી છે. વાંચન કરોને, ભાઈ! વાંચન કરોને. ભાઈ કહેતા બે દિવસ પહેલા, બપોરે બે કલાક કરો. વાંચન કરો ને, સાંભળ્યા સાંભળ કરવાની વાત છે. વાત કો'ક બીજી છે. જે કરવાની વાત છે એ કો'ક બીજી છે.

'**વસ્તુ કી પ્રાપ્તિ નહિ હોતી. ગ્રહણ કરને હી અભ્યાસ શુરૂ હોના ચાહિયે.**' આમ

કહ્યું છે. વસ્તુને પ્રત્યક્ષ કરી કરીને, શ્રદ્ધામાં વસ્તુને પ્રત્યક્ષ કરી કરીને, પ્રતીતિમાં વસ્તુને પ્રત્યક્ષ કરી કરીને સ્વસંવેદનનો આવિર્ભાવ કરવો અને પરિણતિ હોય તો સ્વસંવેદનને વધારવું. બેયને માટે છે. સાધક માટે પણ એ વિધિ છે. સાધક ન થયો હોય તો સાધક થવા માટે પણ આ જ વિધિ છે.

મુમુક્ષુ :- સાધન બહુ ઊંડું છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ઊંડું છે. વિધિને દર્શાવતો બહુ સારો બોલ છે.

મુમુક્ષુ :- સાધકજીવ...

પૂજ્ય ભાઈશ્રી :- સાધન એ સાધન છે. સાધ્યને ખેંચીને લઈ આવે છે. એનું નામ સાધન છે. સિદ્ધપદને હાજર કરે છે.

એ ૪૬૧માં લીધું. '**હર ક્ષણ મૃત્યુ કે લિયે તો તૈયાર હી રહના. કભી ભી હો ઔર કૈસી ભી હો વેદાના હો-સાતવીં નરક જેસી ભી વેદના હો...**' કેવી? સાતમી નરક જેવી વેદના આવે છેલ્લા કાળમાં. '**ફિર ભી ક્યા?**' અત્યારથી તૈયારી. તો પણ શું? અત્યારથી તૈયારી છે. ૪૭૪માં એ કહ્યું, '**મૃત્યુ કબ આનેવાલી હૈ, યહ તો નિશ્ચિત (જાનકારી મેં) નહીં.**' નિશ્ચય ક્યારે આ જ ક્ષણે આવશે એ જાનને મેં નહિ. '**પરંતુ આને કી હૈ સો તો નિશ્ચિત હૈ;...**' એમાં ફેર નથી પડવાનો. Limited કાળ છે. '**ઈસલિયે હર ક્ષણ તૈયાર રહના હૈ. શરીર કે ટૂકડે-ટૂકડે હો જાયે, રોમ-રોમ પર ધધકતી સૂઈયાં લગા દી જાયે,... ફીર ભી અપને ધ્રુવ તત્ત્વમેં ઈનકા પ્રવેશ હી કહાં હૈ?**' એનો પ્રવેશ જ નથી. ઉત્કૃષ્ટ પાત્ર હોય તો નિર્વિકલ્પ સમાધિ રખ સકતે હૈં, એમ કરીને નીચેનો બોલ લીધો છે. પંડિતોને ફટકાર્યા છે, હોં! પંડિતોને ફટકાર્યા છે.

મુમુક્ષુ :- કાગ પક્ષી જેવી બોલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- કેમકે તને ઉઘાડમાં રસ આવે છે તો તેરી બોલી હમકો કાગ પક્ષી જેવી લાગે છે. (૪૮૮માં) એક બીજી વાત (કરે છે), '**જૈસે ઉધર કે પંડિતો કો લગતા હૈ...**' ઉધર એટલે સંપ્રદાયમાં, દિગંબરના પંડિતોને. '**હમ સબ જાનતે હૈં. વૈસે વાંચનકાર હો જાવે...**' અહીંયાં 'સોનગઢ'માં. '**વૈસે વાંચનકાર હો જાવે ઔર ઉઘાડ હો જાયે (લોગ) 'હમ સમઝતે હૈં-(ઐસે અહં મેં) અટક જાતે હૈં. વહ ઉઘાડ રુકને કા સાધન હો જાતા હૈ. પંડિતો કા સંસાર તો શાસ્ત્ર કહા હૈ ન!**' બધી વાતો લીધી છે. ચર્ચામાં તો આવે, બધી વાતો આવે.

મુમુક્ષુ :- કાગપક્ષી શબ્દ વાપરે એટલે પંડિતાઈ ઉપર મીંડું મૂકી દીધું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાચી વાત છે. જ્યાં અજ્ઞાનીઓને આકર્ષણ થાય છે

આહા..! કેવું સરસ સમજાવે છે! અને કેવું સરસ બોલે છે! ઉઘાડના રસવાળા બોલતા હોય તો લોકોને ભ્રમણા થાય છે, વાહ..! ઘણી સારી વાત કરે છે. કેટલા માણસો ભેગા થાય છે. આટલા માણસો તો સાંભળવા આવે છે. બહારની બાહ્યદૃષ્ટિ છે ને? એટલે ભ્રમણામાં એની જ મહત્તા આવે. અહીં તો કહે છે કે અમને તો બોલી જ કાગડા જેવી લાગે છે. કાગપક્ષી એટલે કાગડો. ઉઘાડમાં રસ હોય, ઉઘાડ વધી ગયો હોય અને રસ ચડ્યો હોય અને વાતો કરતો હોય તો કાગડો બોલતો હોય એવું લાગે. જેમ કાગડાની કા કા બોલી જેમ કઠોર શબ્દ છે. કોયલના અવાજમાં જે મીઠાશ છે અને કાગડાના અવાજમાં જેમ કઠોરતા છે. એમ કઠોરતા જેવી છે.

મુમુક્ષુ :- ... તત્ત્વ રહિતની વાત તો અમને સાંભળતા કાગ પક્ષી...

પૂજ્ય ભાઈશ્રી :- તત્ત્વરહિત, રસ નથી એનો. ઉઘાડમાં જેને રસ છે, ક્ષયોપશમમાં જેને રસ આવે છે એની બોલી અમને કાગપક્ષી જેવી લાગે છે. એમાં રસ નથી ને. આત્મરસ નથી ત્યાં. રાગનો રસ છે, શબ્દોનો રસ છે. ભાષાનો રસ છે એ શબ્દનો રસ છે. વિકલ્પનો રસ છે એ રાગનો રસ છે. એ અચેતનો જડનો રસ છે. એમાં આત્મરસ નહિ હોવાને લીધે કૂચા જેવું લાગે છે. કાંઈ માલ દેખાતો નથી. એમ કહેવું છે.

અહીંયાં તો કહે છે કે '**ત્યાં શૂન્યતા નથી,...**' સ્વસંવેદન ઉત્પન્ન થાય છે ત્યાં કાંઈ શૂન્યતા નથી, '**જાગૃતપણે...**' એટલે અનંત ગુણના પિંડને ગ્રહણ કરીને પોતાના અસંખ્ય ક્ષેત્રમાં અનંત ગુણમાં વ્યાપ્ય-વ્યાપક ભાવે પ્રસરી ગઈ, વ્યાપી જઈને અલૌકિ ઋદ્ધિનું, આત્માના અનંત ગુણોની '**અલૌકિક ઋદ્ધિનું અત્યંત સ્પષ્ટ વેદન છે.**' ઝાંખું, પાતળું, અનુમાન કરવું પડે એવું નહિ પણ અપરોક્ષપણે, પ્રત્યક્ષપણે અત્યંત સ્પષ્ટ વેદન છે. એવું સ્પષ્ટ વેદન છે કે એના જેટલી સ્પષ્ટતા પછી વિચારવામાં આવે ત્યારે રહે એમ વાત નથી. કંઈક પરોક્ષપણે ઊભું થઈ ગયું, મન વચ્ચે ઊભું થઈ ગયું. આ એવી વિચારે છે, પછી વિચાર કરે ત્યારે સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મને આવું વેદન હતું. એના કરતાં વેદન વખતની સ્પષ્ટતા વધી જાય છે. કેમકે ત્યાં પ્રત્યક્ષપણું છે અને અહીંયાં પરોક્ષપણું છે. એમ.

મુમુક્ષુ :- કેવળજ્ઞાનમાં જે...

પૂજ્ય ભાઈશ્રી :- જાત ફેર નથી. બંનેને પ્રત્યક્ષતા છે. જાતિ એક છે, વેદનની જાતિ એક છે. પ્રત્યક્ષતાની પણ જાતિ એક જ છે. આમ પ્રદેશોને જાણવા એ પ્રકાર નથી. એ પણ બાહ્ય ઉઘાડમાં જાય છે. કેવળજ્ઞાનનો બાહ્ય ઉઘાડ અનંતો છે. અને અંતર વેદન પણ અનંતુ છે. સ્વ પર બન્નેમાં અનંતુ પ્રકાશન છે. જ્યારે અહીંયાં

બન્નેમાં મર્યાદા છે. બહારનો ઉઘાડ પણ ઓછો છે અને અંદરનું પ્રત્યક્ષપણું પણ અલ્પ છે. અલ્પતા છે, બંને બાજુ અલ્પતા છે. ત્યાં બંને બાજુ અનંતપણું છે. એમ છે.

વળી, છદ્મસ્થ છે બહાર જોવા જતા એને પરસન્મુખતાનો ઉપયોગ થાય છે. પરસત્તાવલંબનશીલ જ્ઞાન થઈ જાય છે. સાથે રાગનો એ ઉત્પાદક-નિમિત્ત બની જાય છે અને આ બધી ગડબડ ઊભી થાય છે. કેવળીને નિરવશેષ અંતર્મુખ હોવા છતાં પણ જગતના સર્વ પદાર્થો, સચરાચર પદાર્થો સર્વ અને ત્રણે કાળની પર્યાયો સહિત પ્રતીબિંબિત થઈ જાય છે. એ પ્રકારમાં મોટો ફેર છે. બહારના પ્રકારમાં એ રીતે બહુ મોટો ફેર છે. એ તો કોઈને સમજાય નહિ એવી વાત છે કે અંદર ડૂબેલા રહે અને બહારનું બધું જણાય જાય? તો કહે છે, હા. અંદર ડૂબેલા રહે અને બહારનું બધું જણાય જાય એવી એ વાત છે. અને અહીંયાં છદ્મસ્થને તો અંદરનું જે સ્વસંવેદન છે એની જાતિ છે એ કેવળીના સ્વસંવેદનની જાતિ છે. મુનિને પણ એ જાતિનું વિશેષ છે, કેવળીને સંપૂર્ણ છે પણ જાત એની એ છે. એવું અત્યંત સ્પષ્ટ છે. પ્રત્યક્ષ છે ને! ગ્રહણ કરીને એણે વેદન વેદ્યું છે. વિકલ્પથી જાણ્યું નથી.

'**તું ત્યાં જા,...**' આ પ્રેરણા મૂકી છે. એવા સ્વરૂપમાં તું લીન થા, એવા સ્વસંવેદનમાં તું પ્રવેશ કર, '**તું ત્યાં જા, તને ચૈતન્યદેવના દર્શન થશે.**' ચૈતન્યદેવ, ચૈતન્યની જે દિવ્યમૂર્તિ છે એના તને દર્શન થશે. કેવી હશે? ચૈતન્યની દિવ્ય મૂર્તિ છે. શરીરાકાર એનું ક્ષેત્ર છે. દરેકને પોતાની અંદરમાં ચૈતન્યની દિવ્ય મૂર્તિ છે. તું અંદર જઈને એના દર્શન કર. તને દર્શન કરતાં તૃપ્તિ થશે નહિ. તૃપ્તિ થશે નહિ અને અતૃપ્તિ રહેશે નહિ, આનું નામ અનેકાંત છે. સમજાય એટલું સમજ. તને તૃપ્તિ થાશે નહિ અને અતૃપ્તિ તને રહેશે નહિ. આ બંને એકસાથે વાત છે. એવા ચૈતન્યમૂર્તિના પરમાત્મપદના દર્શન થાય છે. એની પ્રેરણા લીધી છે છેલ્લે છેલ્લે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એવી વાત છે.

તા. ૫-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૩૨, ૩૩૩
પ્રવચન નં. ૨૫૩

એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે. દુઃખ લાગતું હોય, ગમતું ન હોય, પણ આત્માને ઓળખ્યા વિનાજાણ્યા વિના જાય ક્યાં ? આત્માને જાણ્યો હોય, તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય, તો જ છૂટો પડે. ૩૩૨.

'બહેનશ્રીનાં વચનામૃત' ૩૩૨ બોલ ચાલે છે. પાનું-૧૧૨. ફરીથી લઈએ. '**એકાન્તે દુઃખના બળે છૂટો પડે એમ નથી, પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે.**' '**એકાન્તે દુઃખના બળે...**' દુઃખ દર્શાવવામાં આવે અથવા દુઃખના પ્રસંગે દુઃખદાયક સંયોગો પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થાય તો તેથી તેનાથી ભિન્નપણું થાય એમ બનતું નથી. છૂટો ન પડે. ભિન્નપણું થાય એવું બનતું નથી. નાસ્તિનો વિષય છે. અન્ય પદાર્થનો કે પોતાની પર્યાય સુદ્ધાનો આધાર કે આશ્રય લેવામાં તો તે સમ્યક્ નથી પરંતુ અસમ્યક્ છે. એટલે તેના બળે એમ કહેતાં તેના આધારે છૂટો પડે એમ લેવું છે. સંસારમાં એકલું દુઃખ છે. અનેક જાતના દુઃખના પ્રસંગો વિશેષ હોય છે. સુખનું નામ તો ક્યાંક ક્યાંક જ છે. અથવા ચાર ગતિમાં બધે દુઃખ, દુઃખ ને દુઃખ છે. એમ દર્શાવવામાં આવે તો એ દુઃખના ભયથી કે દુઃખના ભયનો આધાર લઈને છૂટો પડે, ભિન્ન પડે એમ બનતું નથી.

'**પણ દ્રવ્યદૃષ્ટિના જોરથી છૂટો પડે છે.**' દ્રવ્યદૃષ્ટિનું જોર એટલે? દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત પરમાત્મતત્ત્વ ઉપરની દૃષ્ટિ અને પુરુષાર્થ પરિણમતા પોતે એક જગ્યાએ-આ એક જ જગ્યાએ એકત્વ થતાં અન્ય સર્વ જગ્યાએથી એ છૂટો પડી જાય છે પછી ક્યાંય એને એક સમયની પર્યાયથી માંડીને, રાગના વિભાવથી માંડીને, રાગના વિષય પર્યંતના કોઈ પદાર્થ પ્રત્યે એને એકત્વ થતું નથી.

આ એક ન્યાયથી બધા ન્યાય એ રીતે વિચારી લેવા જોઈએ કે જેટલા પર્યાયાર્થિકનયના ન્યાયો છે તે આધાર લેવાનો વિષય નથી. એ ન્યાયનું બળ એટલું નથી કે જીવ છૂટો પડે. વિભાવથી છૂટો પડે, પરથી છૂટો પડે એ ન્યાયનું એટલું બળ

નથી. જો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય અને પુરુષાર્થ દ્રવ્ય ઉપરનું જોર થાય, પુરુષાર્થનું જોર-પુરુષાર્થનું પરિણમન દ્રવ્ય ઉપરનું થાય તો છૂટો પડે એ સિવાય છૂટો પડવાનો બીજો કોઈ ઉપાય નથી એમ બધા ન્યાય માટે સમજી લેવું.

'દુઃખ લાગતું હોય,...' વર્તમાન સ્થિતિમાં દુઃખ લાગતું હોય. વર્તમાન સંયોગોમાં ક્યાંય ગમતું ન હોય. એવું બનતું હોય કે જેને દુઃખ લાગતું હોય તેને ત્યાં આકર્ષણ નથી, રસ નથી, રુચિ નથી. જેને રસ પડે એને તો આત્મામાં આવવાનો સવાલ નથી. આત્મા સિવાય અન્ય દ્રવ્ય-ભાવમાં રસ પડે એને તો ત્યાંથી ખસવાનું કોઈ કારણ બનતું નથી. એટલે છૂટો પડી શકતો નથી. પણ આત્મામાં આવ્યા વિના વર્તમાન સંયોગોમાં દુઃખ લાગતું હોય કે ગમતું ન હોય કોઈપણ કારણસર અથવા કારણ વિના પણ, અકારપણે કોઈ એમ કહે કે અમને હવે ક્યાંય ગમતું નથી. ક્યાંય અમને સુહાતું નથી પણ જવું ક્યાં? કરવું શું? આ એક સમસ્યા ઊભી થાય છે. અને એ વાત બરાબર છે કે પોતાના સ્વરૂપને ઓળખ્યા વિના, જાણ્યા વિના એ પોતે ક્યાં ઠરે? ક્યાં સ્થિર થાય? ક્યાં જાય? આ સમસ્યા તો જરૂર છે. એટલે બહારથી છૂટવાની તૈયારી હોય એવા પરિણામવાળા જીવને પણ આત્મામાં આવવા માટે આત્માની ઓળખાણ પ્રથમ થવી આવશ્યક છે, જરૂરી છે. આત્મા કેવો છે? એ એને જાણવું જરૂરી છે. નહિતર બહારથી ખસીને ક્યાં જવું? અથવા બહારથી ખસીને અંતઃતત્ત્વ સ્વરૂપ આત્મામાં અંતર્મુખ કેવી રીતે થવું? આ સમસ્યા ઊભી રહે છે. તેથી એ ઉદાસીનતા અને વૈરાગ્ય હોય તોપણ એ ટકતા નથી. એ પરિણામ સાધારણ કષાયની મંદતામાં કેટલોક કાળ રહે છે. કોઈ જીવને તો તદ્ભવ પર્યંત રહે છે. લંબાઈ, લંબાઈને લંબાય તો તે ભવ પૂરતો રહે છે. ભવાંતર થતાં બધા જ ભાવો એના ભાવાંતર થઈ જાય છે. તેના તે ભાવો એ ટકી શકતા નથી. કેમકે ટકવાનું આધારભૂત તત્ત્વ એની પાસે નથી.

ભાવલિંગી મુનિ હોય છે આયુષ્ય પૂરું કરીને દેવલોકમાં જાય. મનુષ્યલોકમાં તો સર્વસંગપરિત્યાગ કરીને રાજપાટનો પણ ત્યાગ કરીને અસંગ અવસ્થામાં જંગલવાસી થયા હોય. સાધના અને આરાધનામાં પોતાથી શક્ય એટલો બધો પુરુષાર્થ થયો હોય. આયુષ્ય પૂરું થાય એટલે દેવલોકમાં જાય. ત્યાં અનેક પ્રકારના રાગના નિમિત્તો, એ રૂપ સંયોગો મળે. પણ પોતે દૃષ્ટિ લઈને જાય છે, અસંગ તત્ત્વની દૃષ્ટિ લઈને જાય છે તો ત્યાં પણ એ જુદાં રહી શકે છે. એ જ રીતે દ્રવ્યલિંગી મુનિ જાય તો જુદા રહી શકે નહિ. કેમકે એની સંયોગ ઉપર દૃષ્ટિ છે. મેં આ બધું છોડ્યું છે, મેં આ બધું ત્યાગ્યું છે, એમ હું તેનો ત્યાગનારો છું. સંયોગ ઉપર દૃષ્ટિ છે એ ત્યાં

સંયોગની સાથે લપટાઈ જશે. એ પરિસ્થિતિ ઊભી થયા વિના રહેશે નહિ. પોતાના રાગને પોતે જ રોકી શકે નહિ અથવા અહીંયાં પણ સંયોગ આધારિત પરિણમન હતું, એ ત્યાં પણ સંયોગ આધારિત પરિણમન જ રહ્યું. એટલે સંયોગનો આધાર તો સામાન્ય થયો. સંયોગ બદલાયા. આધારપૂર્વક આધાર રૂપ પરિણમવાની પદ્ધતિ પરિણમવાની બદલાણી નથી. એ તો તેની તે જ રહી. એટલે પ્રથમમાં પ્રથમ આત્માને ઓળખ્યા વિના બીજો કોઈ ઉપાય, બીજા કોઈ ઉપાયથી પોતાનું કલ્યાણ થાય કે કલ્યાણની દિશામાં આગળ વધી શકાય એવું કાંઈ બનતું નથી. ક્યાં જશે? કઈ દિશામાં આગળ વધશે? આત્માને ઓળખ્યા વિના કઈ દિશામાં આગળ વધશે?

'**આત્માને જાણ્યો હોય,...**' જાણ્યો હોય એટલે '**તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય,...**' આ નિર્ણયનો વિષય છે એ અસ્તિત્વ ગ્રહણનો વિષય છે. પોતાનું શુદ્ધ ચેતનામય, જ્ઞાનમય અસ્તિત્વ છે. એને સ્વરૂપની જાગૃતિમાં ગ્રહણ કરવામાં આવે છે. એટલે કે પોતાની હયાતીને વેદનથી ગ્રહણ કરવામાં આવે છે–સ્વભાવથી ગ્રહણ કરવામાં આવે છે ત્યારે એને પોતાનું ધ્રુવ આધારભૂત તત્ત્વ છે એના ગ્રહણમાં એ છૂટો પડી શકે છે–એ ભિન્ન પડી શકે છે.

શું ગ્રહણ કરીને છૂટો પડ્યો? એ છૂટા પડવાનો આંક નક્કી કરવાનું મુખ્ય સાધન છે. કોઈ એમ કહે કે અમે હવે છૂટા પડ્યા છીએ. હવે અમને ક્યાંય રાગ રહ્યો નથી. બધા સંયોગોથી અમે છૂટા પડીને દીક્ષા અંગીકાર કરી. પણ કોના આધારે? આ સવાલ છે. અસ્તિનો પત્તો લાગ્યા વિના ગમે તેટલી નાસ્તિ બહારમાં દેખાય તોપણ ખરેખર એ જીવ નાસ્તિમાં આવ્યો નથી. એની નાસ્તિ સાચી નથી, સમ્યક્ નથી.

જગતમાં ધર્મના ક્ષેત્રમાં અંધશ્રદ્ધાવાન જીવો બાહ્ય ત્યાગની અંદર મૂર્છાય છે. બાહ્ય ત્યાગની મહત્તા આપીને પોતે ભૂલે છે અને અંદરનો વિષય એને સમજવા માટે અઘરો થઈ પડે છે. કેમકે બાહ્યદૃષ્ટિ ત્યાં દૃઢ થઈ જાય છે. છેવટે એમ વિચારે છે કે આપણે ત્યાગ નથી કરી શકતા એવો ત્યાગ બીજા કરી શકે તો આપણા કરતાં તો એની સ્થિતિ ઊંચી છે એમ વિચારવું જોઈએ. એ બધી ગડબડ છે. ધર્મના ક્ષેત્રમાં એ બહુ મોટી ભૂલ થઈ જાય છે. જેણે આ વાત સાંભળી એવા પણ ભૂલે છે, ન સાંભળી હોય એવા ભૂલે તો એનું આશ્ચર્ય શું?

'સોનગઢ'માં એક પ્રસંગ બની ગયો એવો. (એક મુમુક્ષુ) હતા. એક વખત આહાર-પાણી લેતા હતા. મુનિ નહોતા, વસ્ત્રધારી હતા. એક જ વખત આહાર કરતા હતા. પાણી એક વખત પીતા હતા. એમ કહે છે, હોં! આપણે નજીક જઈને નથી નક્કી કર્યું. પણ આપણા 'સોનગઢ'ના 'ગુરુદેવ'ને સાંભળનારાઓને પણ

વ્યામોહ થયો એમાંથી. મુમુક્ષુઓનું ટોળું એક આગળ-પાછળ એવું થઈ ગયું કે જાણે આ કાંઈક પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક છે. એ પોતે જોકે એમ કહેતા કે હું પાંચમાં ગુણસ્થાનવર્તી છું. 'ગુરુદેવ' રહી ગયા ચોથા ગુણસ્થાનમાં અને મુમુક્ષુઓને મળી ગયા કોઈ પાંચમાં ગુણસ્થાવર્તી શ્રાવક. ચાલ્યા ગયા. ગડબડ પાછી ઊભી થઈ ગઈ. શું કારણ બન્યું? કે બાહ્ય ત્યાગની મૂર્છા. જુઓ તો ખરા, એક જ વખત આહાર લે છે. બીજી વખત આહાર લેતા નથી. બીજા લોકોની ભૂલ થાય એમાં શું?

મુમુક્ષુ :- ઢોંગ કર્યો હતો ને જીદે ચઢી ગયા હતા. પાછળથી બધા છબરડા જ હતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો જીદ્દિ પ્રકૃતિ હોય તો જ એવા ત્યાગ જીદના આધારે થતો હોય છે. જ્ઞાનના આધારે કે ચારિત્રના આધારે એ ત્યાગ ન થયો હોય. પણ એક જીદની પ્રકૃતિ હોય છે એટલે એ બાજુ જોર મારી જાય. જે બાજુ જોર પકડાઈ જાય ત્યાં ગમે તે કરી શકે.

મુમુક્ષુ :- પરસત્તાની વસ્તુ છોડવાનું અભિમાન. સ્વનું ગ્રહણ નથી કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. મિથ્યાત્વ દૃઢ કરે. દર્શનમોહ વધારે. અધર્મની દિશામાં વધારે આગળ વધે. આ પરિસ્થિતિ થાય.

એટલે અહીંયાં (કહે છે), '**આત્માને જાણ્યો હોય,...**' અથવા ઓળખ્યો હોય. ઓળખ્યો હોય એટલે '**તેનું અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય,...**' આટલી ચોખવટ કરી છે. ઓળખવાની અંદર અસ્તિત્વ ગ્રહણ લેવું. પોતાની શુદ્ધ સત્તાનું ગ્રહણ થાય, આધાર લેવાનું થાય. ગ્રહણ થવાનો અર્થ એ છે. પોતાની હયાતીમાં હુંપણું, શુદ્ધ અસ્તિત્વમાં જ્ઞાન દ્વારા હુંપણું થવું ત્યારે એને આત્માને ઓળખ્યો એમ કહેવામાં આવે છે. એના ઉપર તો 'શ્રીમદ્જી'એ ૨૮૦ નંબરનો બોલ લીધો છે કે એક વાર જો અસ્તિત્વ ગ્રહણ કરે તો એને સમ્યગ્દર્શન અવશ્ય પ્રાપ્ત થાય. કેમકે એ નિર્ણયની ભૂમિકા છે- ઓળખાણની ભૂમિકા છે એટલે એ સમ્યગ્દર્શનનું કારણ ત્યાં ઉત્પન્ન થયું. અને એકવાર અસ્તિત્વને ગ્રહણ કરે તો એ સમ્યગ્દર્શનનું અગં છે એમ કહ્યું. કારણ છે એટલે અંગ છે એમ કહ્યું. કારણ શબ્દ નાનો પડે છે. એટલે એનું અંગ કહી દીધું. અને અસ્તિત્વ ગ્રહણ કરે પછી કોઈ એવી પ્રકૃતિ જોર ખાતી નથી. પ્રકૃતિનો તીવ્ર ઉદય આવે તો એના પગ પાછા પડે છે. .... થઈ જાય છે. એ શબ્દ અહીંયાં લીધો છે.

'**તો જ છૂટો પડે.**' અસ્તિત્વ ગ્રહણ કર્યું હોય તો જ છૂટો પડે. એ અસ્તિત્વ છે એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. ત્યાં દૃષ્ટિ નથી પ્રગટી પણ અસ્તિત્વ ગ્રહણ કર્યું છે તોપણ એ

ભેદજ્ઞાનના વાસ્તવિક પ્રયોગમાં આવશે, ભેદજ્ઞાનની વાસ્તવિક પ્રક્રિયામાં એ આવશે અને એ ભેદજ્ઞાનના ફળ સ્વરૂપે શુદ્ધોપયોગ અને સમ્યગ્દર્શનને પ્રગટ કરશે. મુમુક્ષુની ભૂમિકામાં પર્યાયાર્થિક ન્યાયનો આધાર લેવો તે યથાર્થ નથી પણ દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત સ્વદ્રવ્યનો આધાર લેવો તે યથાર્થ છે. એ વાત અહીંયાં ૩૩૨માં સ્પષ્ટ કરી છે. દુઃખનું દૃષ્ટાંત આપીને.

મુમુક્ષુ :- નરકમાં પણ દુઃખ છે તો ત્યાં છૂટો આત્માના બળે થાય?

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનો આધાર હોય તો છૂટી પડી જાય. 'અંતર સુખરસ ગટાગટી.' 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી. સમ્યગ્ દગધારી કી રીત લગી હે અટાગટી.' લીધું છે ને? આ અટપટી વાત છે. બહારમાં દુઃખ ભોગવતો દેખાય. દુઃખની વેદનામાં જે બાહ્ય પરિસ્થિતિ આવે દુઃખ ભાવો વ્યકત થવાની એવી પણ દેખાય. દુઃખ ભાવો વ્યકત થતા દેખાય. એ રડે. રડે, રાડો પાડે. એવો રડે કે રાડો પાડે અને રડે. તોપણ અંતર સુખરસ ગટાગટી. તોપણ અંદર સુખની પરિણતિ છે એને. અનંત સુખના ધામરૂપ અસ્તિત્વ છે એ ગ્રહણ થઈ ગયું છે.

મુમુક્ષુ :- બહારના દુઃખના કારણે ઝેર ખાઈને મરી પણ જાય છે ને સમ્યક્દૃષ્ટિ?

પૂજ્ય ભાઈશ્રી :- શ્રેણિકરાજાનું આવે છે. હીરાની વીંટી ચૂંસી લે છે ને? આપઘાત કરે છે.

મુમુક્ષુ :- બહારના દુઃખમાં ઝેર ખાય ને આમ અંદરમાં સુખરસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- છતા અંદરમાં પરિસ્થિતિ જુદી હોય છે. એવી અટપટી પરિસ્થિતિ, ચિત્રવિચિત્ર પરિસ્થિતિ જોવામાં આવે છે સમ્યગ્દૃષ્ટિની, તોપણ એનું બહારનું પરિણમન અલ્પ રસવાળું હોવાથી એની અલ્પતા ગણવામાં આવે છે અને અંદરનું સ્વરૂપભૂત પરિણમન છે એ તીવ્ર રસવાળું હોવાથી એની બહુલતા ગણવામાં આવે છે. બે વચ્ચે એ ફરક છે અને જે જેમ છે એમ જોવું એ ન્યાય સંગત છે. જ્યાં રસની અલ્પતા છે ત્યાં એ પરિણમનને અલ્પ ગણવું જોઈએ. જ્યાં રસની તીવ્રતા છે ત્યાં એ પરિણમનને ભારે ગણવું જોઈએ-મુખ્ય ગણવું જોઈએ.

બહારમાં બાળકના હિતના અર્થે બાળકને ઠપકો આપે તો એ કઠોર વચન અને કડવા વેણ પણ ખરેખર એના હિત માટેના છે. અને દુઃખદાયક નથી પણ એના સુખદાયક છે એમ વિચારવું પડે છે. એકલું માપ કાંઈ બાહ્ય સંયોગથી, બાહ્યદૃષ્ટિથી બધી જગ્યાએ જગતમાં પણ Practcally કાઢવામાં આવતું નથી. એ તો સીધી વાત છે કે નહિ? શરીરનો રોગ મટાડવા માટે Operation કરાવે છે. હાથ-પગ જેવા મુખ્ય કાર્ય કરનારા અંગો કાપી નાખવા પડે છે. ભાઈ! આ સડ્યું છે. કાપ્યા વગર બીજો

રસ્તો નથી. નહિ કાપો તો બધું આખું શરીર સડી જશે. જેટલું સડ્યું છે એટલું કાપવું જ પડશે. કાપે તો વેદના થાય. તો એ વેદના સહન કરે છે એ સુખ માટે કરે છે. અને જે કાપે છે એ એનો દુશ્મન નથી પણ એની સુખની પરિસ્થિતિ ઊભી કરનારો છે. એ ત્યાં રડે છે પણ અંદરમાં એક પ્રતીતિ છે, એને વિશ્વાસ છે કે અત્યારે દુઃખ છે પણ ખરેખર હું સુખના રસ્તે આગળ વધી રહ્યો છું. દુઃખના રસ્તે હું જતો નથી. બસ, તો સમ્યગ્દૃષ્ટિ પણ સુખના રસ્તે આગળ વધે છે. પૂર્વે અજ્ઞાન ભાવે કરેલા કર્મના ઉદય આવે છે. લોકો એને દુઃખી જોવે છે પણ એનો અભિપ્રાય તો બદલાઈ ગયો છે. કોઈ સંયોગો સુખનું કારણ નથી. કોઈ સંયોગો દુઃખનું કારણ નથી. જેટલી મારી વિભાવની પરિસ્થિતિ ઊભી રહી છે ચારિત્રમોહમાં એના કારણે મને સુખ-દુઃખની લાગણી થાય છે. જેનો નિષેધ મારી દૃષ્ટિ અત્યારે જ કરે છે. એ વખતે એનું શ્રદ્ધા-જ્ઞાન એનો નિષેધ કરે છે કે આ કાંઈ સુખ-દુઃખનું કારણ નથી. સુખ-દુઃખ થવા જોઈએ નહિ. એ રીતે એ પરિણમન ચાલુ છે.

એવી સાધકદશાનું સ્પષ્ટ ચિત્ર જૈનદર્શન સિવાય નથી. અંતરની સાધકદશા શું છે? અને ગુણસ્થાન અનુસાર ત્યાં કેટલો મેળ હોય? કેટલો દુમેળ હોય એ બધી વાત અંતર-બાહ્ય વ્યવહાર નિશ્ચયથી સાધકપણાનો વિષય એક સન્માર્ગને વિષે છે, બીજે ક્યાંય ઉન્માર્ગોમાં ક્યાંય એ વિષય છે નહિ. બધે ગડબડ છે. ૩૩૨ થયો.

ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.

આવડતના માનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે. તે બધા પ્રસંગો નિઃસાર છે; સારભૂત એક આત્મસ્વભાવ છે. ૩૩૩.

૩૩૩. વિદ્વાનોને માર્ગદર્શન છે અહીંયાં. માર્ગદર્શન છે, જે જીવોને વિદ્વતા પ્રાપ્ત છે, ચાહે વકતા હોય કે ચાહે વકતા ન હોય અને લેખક હોય-બે પ્રકારે વિદ્વતા પ્રદર્શિત થાય છે એક લેખન શૈલીથી અને એક વકતૃત્વ કળાથી. જે ખાસ પ્રકારનો ઉઘાડ હોય છે. કોઈને બંને હોય છે, કોઈને બેમાંથી એક હોય છે. જેવો જેનો ઉઘાડ. એને અહીંયાં

લાલબત્તી મૂકે છે.

'ચેતીને રહેવું.' ચેતી જજે. ઉઘાડમાં રસ લઈશ નહિ એમ કહે છે. જે ઉઘાડ પ્રાપ્ત થયો એ ઉઘાડમાં તું રસ લઈશ નહિ, એ ઉઘાડનો તું આધાર લઈશ નહિ. ખરેખર એ ઉઘાડ કાંઈ નથી એમ સમજીને આગળ જજે. આત્મા ભણી આવજે. આગળ જજે એટલે આત્મા ભણી આવજે કે આ ઉઘાડ કાંઈ નથી. ઉઘાડની અપેક્ષાએ અત્યારે કોઈને એવો ઉઘાડ નથી. જે ઉઘાડની લબ્ધિ અગિયાર અંગ અને નવ પૂર્વ પર્યંતની મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાનને હોય છે. એની પાસે તો અત્યારે કોઈને હજારમાં ભાગનો પણ ઉઘાડ નથી. સહસ્ત્રાંશ નથી કોઈને. એવો અલ્પ ઉઘાડ છે. તોપણ જેની દૃષ્ટિ નીચી છે, એ ઉઘાડ નથી એવા જીવોથી પોતાનું વિશેષપણું, અહંપણું એને ઊભું થાય છે કે મારા જેવો ઉઘાડ ભાગ્યે જ કોઈને છે, બહુ ઓછાને છે અથવા કોઈને નથી. ગમે તેવી કલ્પના કરે છે. એની દૃષ્ટિ ઉઘાડ નથી એવા નીચી કોટીના જીવો પ્રત્યે જાય છે કે જેને ઉઘાડ નથી. આવું સમજતા નથી. આવું સમજાવી શકતા નથી. આવું દર્શાવી શકતા નથી. બોલીને કે લખીને. એને અહીંયાં એક ચેતવણી આપી છે કે ચેતી જજે.

'મને આવડે છે એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ.' મને આવડે છે, મને બોલતા આવડે છે, મને લખતા આવડે છે, મને સમજતા આવડે છે. એ કોઈ વાતમાં આવડતની હૂંફના રસ્તે ચડવા જેવું નથી. એનો આધાર (લેવો), એની હૂંફ. હૂંફ લેવી એટલે એનું અહંપણું થવું. એનો આધાર લેવો. મને મારી પાસે આ ચીજ છે. એમ. લોકોને બહારમાં સંપત્તિ ને એવું હોય છે ને? અમારી પાસે બધું છે. સાધનમાત્ર અમારી પાસે છે. કોઈની લાચારી અમે કરતા નથી. એ આત્મા સિવાય કોઈપણ અન્ય દ્રવ્ય કે અન્ય ભાવની હૂંફ આવે એટલે અધોગતિના રસ્તે ગયો. સીધી વાત છે. ત્રિકાળી પરમાત્મપદ સાક્ષાત્ સિદ્ધપદની હૂંફ આવે તો તે સમ્યક્ છે. વ્યાજબી છે. અને એ મોક્ષના પંથે આગળ જશે. નહિતર સંસારના પંથે અને સંસારમાં પણ અધોગતિના પંથે જીવ આગળ ચાલ્યો જાય છે. એટલે એ રસ્તે ચડવું નહિ, ભૂલેચૂકે પણ એ રસ્તે ચડવું નહિ.

મુમુક્ષુ :- ઉપરના બોલમાં આવ્યું, દુઃખના બળે. એમ આ બીજું ...

પૂજ્ય ભાઈશ્રી :- એ બધા પર્યાયાર્થિકનયના જ ભેદ છે. ગમે તેટલા ભેદો છે. અસંખ્ય ભેદો છે. આવવાનો એક જ વિષય પોતાનું સ્વદ્રવ્ય. પરમોત્કૃષ્ટ એવું પોતાનું જે સ્વરૂપ. અનુત્કૃષ્ટ સ્થાનમાં નથી લઈ જતા. ઉત્કૃષ્ટ સ્થાનમાં લઈ જાય છે કે તારું પદ છે અને સર્વોત્કૃષ્ટ છે. જ્યાં અનંત સુખ છે, જ્યાં બેહદ શાંતિ છે, જ્યાં અનંત આનંદ

છે એવું જે તારું ધામ છે. અક્ષયપાત્ર છે. અનાદિઅનંત એટલું ને એટલું, એવું ને એવું જ રહે છે. એની તને હૂંફ ચડતી નથી, એની હૂંફ આવતી નથી. એની હયાતી છે એ પણ વાત તને નથી. તારા શ્રદ્ધા-જ્ઞાનમાં એનું અસ્તિત્વ ગ્રહણ થતું નથી એટલે હયાતી પણ તું કબુલતો નથી. તો પછી એકાંતે દુઃખનો પ્રકાર ઊભો થાય એમાં બીજું કાંઈ વિચારવા જેવું નથી.

મુમુક્ષુ :- આવડતની હૂંફમાં ન ચડવું એટલે કોઈપણ પ્રકારે માન ન થઈ જવું એમ ને?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈપણ પ્રકારે ન સેવવું. અને આ આવડતમાં તો શું છે કે ખાસ કરીને મુમુક્ષુઓમાં પણ ભિન્ન ભિન્ન પ્રકારના ઉઘાડ થઈ જાય છે. કોઈને સ્મૃતિનો ઉઘાડ બહુ રહે કે કોઈપણ વાતનો શાસ્ત્ર આધાર ફડાક દઈને પકડી શકે. આ શાસ્ત્રમાં આ વાત આ જગ્યાએ છે. એવું યાદ રહી જાય એને કુદરતી. યાદ રાખવા માટે બહુ મહેનત ન કરવી પડે. તો કોઈને બોલવાની છટા હોય અને બોલવા વખતે ભાષામાં યોગ એવો હોય કે બહુ સારું બોલી શકે. એ જાતનો ઉઘાડ હોય છે. એને સમજણ સાથે તો સંબંધ છે. ભાષણ આપવું છે, વાંચન કરવું છે એને. એવી રીતે કોઈને લખવાની શૈલી સારી હોય. લખવાની અંદર વિચાર વ્યકત કરવાનો ઉઘાડ હોય, બોલવામાં વિચાર વ્યકત કરવાનો ઉઘાડ હોય, કોઈને ભકિત આદિની અંદર વિશેષપણે રસ હોય. સારી ભકિત કરે, કરાવી શકે. કોઈ મુમુક્ષુ પૂજા સારી ભણાવી શકે. કોઈને કોઈ ક્રિયામાં. ગમે ત્યાં બીજા કરતાં, બીજા સામાન્ય માણસો કરતાં કોઈ વિશિષ્ટતા હોય, વધારે જુદું સારું લાગે, આવડતવાળું લાગે તો એને ચેતવે છે કે આ મને આવડે છે. એવી વાત ભૂલેચૂકે ઊભી થવી જોઈએ નહિ. હવે આ માર્ગદર્શનની કીંમત કેટલી છે એ વિચારવા જેવો વિષય છે. એની કીંમત થઈ શકે નહિ. નહિતર આવે ધર્મના ક્ષેત્રમાં અને એવો ઊંધે રસ્તે ચડી જાય. સામાન્ય સંસારી જીવ પોતાનું અહિત કરે તેના કરતાં વધારે અહિત કરી બેસે.

મુમુક્ષુ :- એ શું કહ્યું? સામાન્ય સંસારી જીવ...

પૂજ્ય ભાઈશ્રી :- વિષય કષાયમાં પડ્યા છે એવા જીવો કરતાં આનું અહિત વધી જાય. અહિત વધી જાય. પરમાર્થના નામે અપરમાર્થને સેવે છે. 'શ્રીમદ્જી'નો બોલ છે. પરમાર્થના નામે અપરમાર્થને સેવે છે એ સંસારીજીવો કરતાં પણ વધારે દોષિત છે. વધારે અહિત કરે છે પોતાનું, વધારે દોષમાં પડે છે. અને એ ધોખામાં રહી જાય છે કે હું તો ધર્મ કરું છું ને? હું તો ધર્મની ક્રિયા કરું છું ને? મારો અભિપ્રાય તો ધર્મ કરવાનો છે ને? છેવટે કાંઈ નહિ તો ત્યાં ભૂલ કરે છે કે મારો અભિપ્રાય તો સાચો હતો ને?

... કાર્યોમાં તો બધી અગમચેતી પહેલેથી વાપરે છે. અગાઉથી બધી સાવધાની રાખે છે કે નથી રાખતા? તો અહીંયાં પણ એને ચારે પડખેથી અહિત કેમ ન થાય અને હિત કેમ થાય? એ વાત પૂરી દરકાર રાખીને, પૂરી ગરજ રાખીને, પૂરા ગરજવાન થઈને સમજવી રહી. 'ગુરુદેવ'એટલા માટે દૃષ્ટાંત આપતા હતા કે સમવસરણમાં ભગવાનની પાસે ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સ્વામી હોય, ગલુડિયાની જેમ (બેસે). પોતે Action કરતા હતા. ગલુડિયાની જેમ બેસે સાંભળવા. પુણ્યવંત છે. એક હુકમ થાય ત્યાં એને ઈન્દ્રપૂરીને વસાવી દે. સ્વર્ગને પૃથ્વી ઉપર ઉતારે એવો એને પુણ્યનો યોગ છે તોપણ ભગવાનની પાસે નમ્ર થઈ જાય છે. કેમકે એને પોતાના હિતની વાત સાંભળવાની ગરજ થઈ છે. ત્યાં ઠુંઠ થઈને બેસે, અભિમાન રાખીને બેસે કે હું તો મોટો છું. હું પુણ્યવંત છું, મારી તો આ પદવી છે. એ સંસારની પુણ્યની પદવી અહીંયાં કામમાં આવતી નથી. એવું છે.

એ એટલા માટે દૃષ્ટાંત આપતા હતા, એ એમ ન કહે કે તમે નમ્ર થઈને સાંભળજો. એમ સીધું ન કહે. વિચિક્ષણ જીવે એ પકડવા જેવું છે કે આ ઈન્દ્રનું દૃષ્ટાંત આપે છે એમા એમ સમજવા જેવું છે કે જો મને પણ તીર્થંકર જેવો યોગ થયો છે તો મારે પણ એકદમ નમ્રતા, ગરજવાન થઈને અને એકદમ મારા આત્માના હિતની ઘણી દરકાર લાવીને આ વાત સાંભળવા જેવી છે. નહિતર સંભળાશે ખરી પણ અંદર ઉતરશે નહિ.

મુમુક્ષુ :- એમાં કષાયનો આધાર અને આ દ્રવ્યનો આધાર.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એની હિતબુદ્ધિથી. હિતબુદ્ધિના આધારે પરિણમે છે. બહુ મોટો ફેર છે. ઘણા પ્રશ્ન કરે છે ને? કે સાંભળે તો છે ઘણાં પણ કેમ કંઈ થતું નથી એને? પણ સાંભળે છે એ કેવા ભાવે સાંભળે છે એનો અભ્યાસ કરીએ તો ખબર પડે. કે કોઈને કાંઈ ગડબડ છે, કોઈને કાંઈ ગડબડ છે, કોઈને કાંઈ ગડબડ છે. અનેક પ્રકારે સાંભળે છે. પણ હિતબુદ્ધિએ-એકમાત્ર હિતબુદ્ધિએ સાંભળે, એકમાત્ર હિતના લક્ષે સાંભળે તો એને ઉપદેશનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉત્પન્ન થયા વિના રહે નહિ. નિયમથી વાત છે. પાત્રતાનું એ લક્ષણ છે. અને પાત્રતા ઉત્પન્ન થાય. પાત્રતા હોય ત્યાં વસ્તુ રહે અને પાત્ર વિના વસ્તુ રહેતી નથી.

આ તો બહુ મહત્ત્વનો વિષય અહીંયાં કહ્યો છે કે '**ચેતીને રહેવું. 'મને આવડે છે' એમ આવડતની હૂંફના રસ્તે ચડવું નહિ. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.**' અનાદિથી ઊંધે રસ્તે તો ચાલ્યો જાય છે. હવે ધર્મના ક્ષેત્રમાં આવીને ઊંધાઈ વધારી એણે. મને આવડે છે, એમ થઈ ગયું. ઊંધાઈ વધારી. કોઈ વખત તો 'ગુરુદેવ' સીધી

ટકોર પણ કોઈને કરતા. એક બહેન જરા વિચિત્ર રીતે બેઠેલા સભામાં અને પાછા પ્રશ્નો પૂછે ધડાધડ. એટલે કહે કે પણ બેસતા તો સીખો. સીધુ કહ્યું કે પહેલાં બેસતા તો શીખો. કેમ બેસવું જોઈએ એ ખબર નથી. પછી સાચું-ખોટું બોલે મારો પગ દુઃખે છે, મારી કેડ દુઃખે છે. પણ એને વિનય ન હોય એવું દેખાયું હોય. પ્રશ્ન પૂછવાનો શું અર્થ છે? તમારો અને મારો બંનેનો વખત બગાડવાની વાત છે. જ્યાં હજી વિનય પણ નથી સાંભળનારને તો એને તો વખત બગાડવાનો છે પોતાનો અને બીજાનો. બીજું તો કાંઈ એમાં છે નહિ.

'**વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે.**' અનાદિથી સંસારમાં પરિભ્રમણ કરે છે. એમાં એને સ્વભાવનો રસ્તો ક્યાંય પત્તો લાગ્યો નથી. વિભાવના રસ્તે તો અનાદિથી ચડેલો જ છે. સ્વભાવના રસ્તે તો કોઈ દિવસ આવ્યો નથી. એમ લેવું ત્યાંથી. વિભાવના રસ્તે ચડેલો છે એટલે સ્વભાવના રસ્તે આવ્યો નથી. અને એ વિભાવના રસ્તે વધુ ને વધુ આગળ ન વધે તેથી '**ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ.**' શ્રીગુરુની જો એણે છત્રછાયાં લીધી હોય, શ્રીગુરુની શરણાગતિ, શ્રીગુરુનું શરણ સ્વીકાર્યું હોય, શ્રીગુરુ પ્રત્યે એને સમર્પણ થયું હોય, એની એને અત્યંત ભક્તિ વર્તતી હોય તો એ રોકાઈ જાય. એ રોકાયા વિના રહે નહિ. કાં તો એને ગુરુ દર્શાવે અને કાં તો એને પોતાને જ ખ્યાલ આવી જાય કે આવા ગુરુ છે અને મારા પરિણામ એની સાથે મેળ ખાય એવા નથી. એ ગુરુ જાણશે તો? એટલી ખબર પડે ત્યાં રોકાઈ જાય. જે ગુરુ પાસે હું જાઉં છું એ ગુરુ જાણશે તો? ત્યાં રોકાઈ જાય. એ પરિણામ કરી શકે નહિ.

મુમુક્ષુ :- 'શ્રીમદ્‌જી'એ સત્સંગના ગાણા ગાયા એ આ માતાજીએ ગાયા.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. બધા એક જ વાત કરે, કોઈ જુદી જુદી થોડી કરે કાંઈ?

'**ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ...**' પોતાના હિતનું લક્ષ છે એ પોતાની લગામ '**અને બીજી શ્રીગુરુની લગામ હોય તો જીવ પાછો વળે.**' એક અંદરની છે અને એક બહારની છે. બે લગામ છે.

મુમુક્ષુ :- સુધરવું છે એને માટે બધી સામગ્રી તૈયાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને માટે વાંધો નથી. જેને પોતાનું હિત કરવું છે એ ગમે તેવા દુષમકાળમાં પણ પોતાનું હિત કરી જાય છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ એ પોતાનું હિત કરી જાય છે. અને જેને હિત કરવું નથી એને ભૂખ નથી અને ભોજન પીરસ્યું છે એના જેવી વાત છે. ભૂખ ન હોય, અપચો થયો હોય, ખાવાની અરુચિ

વર્તતી હોય એને એમ કહે કે ભાઈ! તમને બહુ ભાવે છે એવી ચીજ બનાવી છે. તો કહે, એ વાત સાચી પણ અત્યારે ખાય તો વમન થાય એવું છે–Vomit થાય એવું છે. એ પરિસ્થિતિમાં શું ખાઈ શકે? મૈસુબ ભાવતો હોય ચાર શેર ઘીનો. પણ શું કામ લાગે? એ તો પચવો ભારે છે. સીધું ઝેર થાય. અપચો થયો હોય અને એમાં ભારેમાં ભારે મિષ્ટાન ખાય તો શું થાય? સીધું એમાંથી ઝેર થાય. એ ઝેર હોજરી સંઘરે નહિ એટલે સીધું બહાર ફેંકે છે. શરીરનું એ Foreign element છે. સીધું બહાર ફેંકે છે. શરીરમાં રહી શકે નહિ. રાખવું હોય તો રહે નહિ. એટલે શ્રીગુરુ મળે પણ પોતાને જો ભાવના ન હોય, હિતની ભાવના ન હોય તો શ્રીગુરુનો ઉપદેશ એને લાગુ પડતો નથી અથવા શ્રીગુરુનો ઉપદેશ એને સુહાતો નથી, રુચતો નથી.

'**ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ.**' ક્યાંથી? વિભાવના રસ્તેથી પાછો વળવા માટે એને ગુરુ જોઈએ. આ તો એક અનુભવી ગુરુનો વિષય એવો છે કે જીવને પોતાની ભૂલ પ્રાયઃ સમજાતી નથી. કોઈક જ વાર એને પોતાની ભૂલનો ખ્યાલ આવે. સો ભૂલ કરે એમાં એક–બે ભૂલનો ખ્યાલ આવે. ૯૯ ભૂલમાં તો એમ જ જાય. કેમકે જાણી જોઈને તો કોઈ ભૂલ કરતું નથી. અજાણપણે ભૂલ થાય છે એટલે પોતાને ખબર પડતી નથી. ત્યારે એને અનુભવી ગુરુ છે, શ્રીગુરુ છે એ એને બતાવે છે. એને અનંતા નુકસાનમાંથી બચાવે છે. એનો હિસાબ રૂપિયા, આના, પાઈમાં લાગે એવું નથી. એટલા મોટા નુકસાનમાંથી એને બચાવે છે. અધોગતિમાં પડતો એને ધારી રાખે છે. એટલે તો એ સ્થિતિકરણ અંગ લીધું છે. સમ્યગ્દૃષ્ટિને નિયમથી આઠ અંગ પ્રગટ થાય છે એમાં આ મૂળ ગુણ છે. મૂળ ગુણમાં છે ને? ૪૮ મૂળ ગુણ છે. સમ્યક્દૃષ્ટિના ૪૮ મૂળ ગુણ છે અને ૧૫ ઉત્તર ગુણ છે. એમાં આ આઠ અંગ છે– સ્થિતિકરણ. સ્થિતિકરણ, વાત્સલ્ય, પ્રભાવના એમ છે. એમાં બીજા જીવોને પડતા ધારી રાખે. બીજા જીવોની પડતી વૃત્તિને સ્થિર રાખે. એને ગુરુ કહેવામાં આવે છે. 'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે ને? આપ પરમઉપકારી છો એમ કરીને પડતી વૃત્તિને સ્થિર રાખનાર. સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર અને પડતી વૃત્તિને સ્થિર રાખનાર. એ શબ્દ લીધો છે એમણે.

'**ત્યાંથી રોકવા માથે ગુરુ જોઈએ. એક પોતાની લગામ અને બીજી ગુરુની લગામ...**' Control માં આવી જાય જીવ. જો ગુરુનો આજ્ઞાંકિત હોય, સ્વચ્છંદી હોય તો બીજી વાત છે, ગુરુને છેતરે કે ગુરુથી પ્રત્યક્ષપણે ઊંધો ચાલે, વિમુખ ચાલે, પણ આજ્ઞાંકિત હોય તો એ Control માં આવી જાય છે. ગુરુને એ વાત પસંદ નથી. અથવા ગુરુએ એની ના કહી છે એટલે એને વાત પૂરી થઈ ગઈ.

ગુરુ આજ્ઞામાં રહેલો મુમુક્ષુ ગુરુનો વિકલ્પ જાણે તો એની આજ્ઞા થઈ ગઈ એને. આ વિકલ્પ, આ મારા વિકલ્પથી એમના વિકલ્પમાં ઊલટી-સુલટી વાત છે. તો એ વિકલ્પ નથી પોતાના માટે તો એ આજ્ઞા સમજે છે. અને એ આજ્ઞા અનુસાર ચાલે. આજ્ઞાથી પ્રતિકૂળ ચાલે નહિ. અને નહિતર પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય, પ્રત્યક્ષ જ્ઞાની-ધર્માત્મા હોય અને એના વિકલ્પથી વિમુખ ચાલે તો એ બહુ મોટો સ્વચ્છંદ છે અને ત્યાં કોઈપણ પ્રકારનો ઉપદેશ પરિણમવાનો અવકાશ જ હોતો નથી. ત્યાં કોઈ ઉપદેશ લાગુ પડતો નથી. એ બંને લગામ જોઈએ. શું કહે છે?

એક તો પોતાની આત્મજાગૃતિ હોવી જોઈએ કે મારું હિતનું લક્ષ છે એ લક્ષને મારા પ્રતિકૂળ પરિણામો હું સંમત કરવા માગતો નથી, એ દિશામાં હું આગળ જવા માગતો નથી. અને એક જો પ્રત્યક્ષ યોગ હોય સદ્‌ગુરુનો, જ્ઞાનીનો તો એ પણ બહુ મોટી વાત છે. કેમકે પોતે લગામ રાખવા ચાહે પણ સંભવ છે કે પોતાની ભૂલ પોતાને ન જણાય. પણ જ્ઞાની તો ઉપર બેઠેલા છે એમની દૃષ્ટિ આ વિષયમાં ઘણી સૂક્ષ્મ થઈને કામ કરે છે. અને ગુણ-દોષના વિષયમાં એ પારંગત થયેલા છે. Expert છે-નિષ્ણાંત છે એ વિષયના. એટલે એ જે કહે તે પહેલાં માન્ય કરવું. ન સમજાય તોપણ પહેલાં માન્ય કરવું.

એકવાર એ પ્રશ્ન ચર્ચામાં ચાલ્યો હતો કે કોઈ વાત એવી હોય ગુરુની કે જે દેખત રીતે સંમત કરી શકાય એવી ન હોય. તો શું કરવું ત્યાં? દેખત રીતે એમ લાગતું હોય કે આ બરાબર નથી લાગતું. આમ કેમ કીધું હશે? એ વખતે આ જીવે શું કરવું? કે એ વખતે પણ પહેલા એને સંમત કરવું. મારા કરતાં આગળ છે. તેથી એ કહે તે સાચું હોય. અત્યારે મને નથી સમજાતું તો મારે એમને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. આ Line એણે પકડવી જોઈએ. Traffic માં શું કરે છે? આગળ એક વાહન જતું હોય અને સામેથી બીજું વાહન આવતું હોય તો પછી ઊભો રહે કે નહિ? કે આગળ જાય? Overtake કરવા જાય? Overtake કરવા જાય તો Accident થાય. શ્રીગુરુને તો Overtake કરવા જેવો જ નથી એમ કહે છે. પાછળ-પાછળ જ તું ચાલજે. ત્યાં તો Overtake કરવાનો સર્વથા પ્રતિબંધ છે. કોઈ રીતે Overtake કરી શકાય નહિ. એ સમજણનો વિષય સીધો જ છે.

પોતાને યોગ્ય લાગતું નથી. તો અત્યાર સુધી તો તને યોગ્ય લાગે એમ જ કર્યું છે, એમાં ક્યાં બીજી વાત છે? નવી વાત શું થઈ? અથવા મારા કરતાં વિશેષ આ વિષયની અંદર પૂછવા ઠેકાણું છે, ઉપદેશ લેવાનું ઠેકાણું છે એ વાત એને ક્યાં રહી? એ વાત એને રહેતી નથી. એને તો હું કહું છું એ બરાબર છે. એ જીવ પાછો વળતો

નથી અને એ પોતાના અહિતની દિશામાં આગળ વધી જાય છે. કેટલો આગળ વધી જાય છે એનું માપ પણ રહેતું નથી પછી.

હવે કહે છે કે '**આવડતના માનથી દૂર રહેવું સારું છે.**' અહીંયાં માનનો શબ્દ પ્રયોગ કર્યો છે. મને આવડે છે, હું સમજ્યો છું એ માન છે અને હું સમજું છું એવું માન ખરેખર જ્ઞાનીપુરુષની, સત્પુરુષની ઓળખાણ થવાના મુખ્ય બાધક કારણો માહેનું એક બાધક કારણ છે. 'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે પત્રાંક ૪૧૬. ૪૧૬માં એ વાત લીધી છે. હું સમજું છું. જ્ઞાનીપુરુષને નહિ ઓળખવાના ત્રણ કારણોમાં એ એક વાત લીધી છે હું સમજું છું. બીજું કારણ લીધું છે કે જ્ઞાની પ્રત્યે સમર્પણ કરતાં પરિગ્રહાદિની તીવ્ર બુદ્ધિ, તીવ્ર વૃત્તિ એ પણ જ્ઞાનીપુરુષને ઓળખવા દેતા નથી. ત્રીજું લીધું છે કે લોકભય, અપમાનભય, અપકીર્તિભય, લોકલજ્જા આદિ કારણોને વશ જીવ કુસંગને છોડતો નથી, અજ્ઞાનીનો સંગ છોડીને જ્ઞાનીનો સંગ કરતો નથી તે પણ જ્ઞાનીને નહિ ઓળખવાનું કારણ છે. નહિ ઓળખવા દેવાનું કારણ છે. આ ત્રણ કારણો ૪૧૬ નંબરના પત્રમાં લીધા છે.

એમાં મુખ્ય કારણ છે કે થોડુંઘણું ઉઘાડની અંદર સમજાવવા માંડ્યો, સમજવા મંડ્યો ત્યાં જીવને આવડતનું માન ચડી જાય છે. એનાથી દૂર રહેવું સારું છે. આમાં અનેક પ્રકાર ભજે છે. બહુભાગ જીવો તો જેમ અધૂરો ઘડો છલકાય એમ થોડુંક સમજે ત્યાં છલકાવા માંડે છે. અથવા પોતે ઉપદેશદાતા થઈ જાય છે. હજી જ્યાં ઉપદેશ લેવાની ઘણી જરૂર છે ત્યાં ઉપદેશ લેવાને બદલે ઉપદેશ દેવાના સ્થાનમાં જીવ આવી જાય છે. એ પણ એક આવડતનું માન છે. આ બોલ જ મુખ્યપણે વાંચનકારો અને વિદ્વાનો માટેનો છે.

એટલે જ્યાં સુધી પોતે ઉપદેશ લેવાને યોગ્ય છે એવું જીવને સમજાય, મુમુક્ષુજીવને જ્યાં સુધી એવી સમજ હોય કે મારે ઉપદેશ ગ્રહણ કરવો બાકી છે. સ્વરૂપબોધ પ્રાપ્ત કરવો મારે બાકી છે ત્યાં સુધી એણે ઉપદેશ દેવાના પ્રસંગથી દૂર રહેવું જોઈએ. એ એના માટે સૌથી વધારે યોગ્ય છે. અથવા એ એને બચી જવાનું એક સાવધાની ભર્યું પગલું છે. કે એને બને ત્યાં સુધી કોઈને ઉપદેશ દેવાનો પ્રસંગ આવે તો મૌન રહેવું તે સારું છે. એવું લાગે. પ્રસંગ આવે કે આને હું કહું બે શબ્દ, એણે મૌન રહેવુ વધારે સારું છે. કેમ કે બીજાને ઉપદેશ દેવા જતાં પોતાનું માન થયું છે કે નહિ એ વાત માન થનાર જીવને સમજાતી નથી. છેતરામણી પ્રકૃતિ છે. માયા અને માન બંને છેતરામણી પ્રકૃતિ છે. એ પરિણામમાં જીવ પોતે એ દોષથી, પોતે એ દોષથી પ્રવર્તી રહ્યો છે એવું એને ઘણું કરીને સમજાતું નથી. એ સ્થિતિ આવે છે.

મુમુક્ષુ :- વિપરીત શ્રદ્ધા હોય અને ઉઘાડ હોય તો સમજાવવું નહિ. પ્રયાસ જ ન કરવો. એનું નુકસાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- સમજાવાની દિશામાં ન જાવું. ના, એ પ્રયત્ન ન કરવો. એ નુકસાનકારક છે. ખરી વાત છે. અથવા અહીંયાં આત્માર્થીનું ચિત્ર એવું છે કે આત્માર્થી છે એ ઈ જ વિચાર કરે છે કે મારે મારો આત્મા સરે એ એક કામ છે. આ બીજાને સમજાવાનું મારું કામ નથી અત્યારે. કેમકે મારે હજી બાકી છે. આત્માર્થ સિદ્ધ થવો- આત્માનું પ્રયોજન સિદ્ધ થવું મને બાકી છે, આત્મલાભ થવો મને બાકી છે. એના ભાનમાં જ એ ઊભો છે. એ બીજાને સમજાવવા ઉતાવળો થતો નથી. જો ઉતાવળો થાય તો માન ચડતા એને વાર લાગતી નથી. એ ગડબડ છે.

મુમુક્ષુ :- આમ તો વકતા પોતાનું ઘૂંટે છે ને? આત્મલક્ષી હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો મર્યાદા બાંધી દીધી. એ વાત લીધી હતી આપણે કે આત્માર્થ સિવાય શાસ્ત્ર અધ્યયન કરવામાં આવે તો એ શાસ્ત્રિય અભિનિવેષનું કારણ છે. અભિનિવેષ એટલે માન-અભિમાન. આત્માર્થ સિવાય શાસ્ત્રનું અધ્યયન શાસ્ત્ર અભિનિવેષનું કારણ થશે.

મુમુક્ષુ :- વકતા-શ્રોતા બંને માટે તો આત્માર્થ તો Common.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સીધી વાત છે. વકતા હોય તો ગુરુઆજ્ઞાએ હોય તો વાંધો નથી. ગુરુ આજ્ઞાએ વકતા થનાર ગુરુના ગુણગાન કરશે વિશેષપણે અથવા સત્પુરુષોની શિખામણ છે, સૂચના છે કે આત્મજ્ઞાન થયા પહેલા જો શાસ્ત્ર વાંચન અથવા ઉપદેશનો ઉદય કોઈને વર્તતો હોય, સમાજમાં કોઈ એમ કહે કે ભાઈ! આપણે સમૂહ સ્વાધ્યાય કરવો છે, સાથે મળીને શાસ્ત્ર સ્વાધ્યાય કરવો છે તો તમે વાંચો. બીજા કોઈ વાંચે એના બદલે તમે વાંચો એ વધારે યોગ્ય છે. એમ એની યોગ્યતા જોઈને કોઈ વાંચન કરવા બેસાડે. મને કેમ વાંચન કરવા ન દીધું એ પ્રશ્ન નથી. એ તો પ્રશ્ન છે જ નહિ. પણ બીજા એને બેસાડે અને એને વાંચન કરવું પડે. અથવા શ્રીગુરુની આજ્ઞાથી એને વાંચન કરવું પડે તો એ લક્ષ રાખે તો બહુભાગ એ સત્પુરુષ પ્રત્યે આકર્ષણ થાય, સત્પુરુષના ગુણગ્રામ થાય, સત્પુરુષના વચનો પ્રત્યે પ્રીતિ થાય અને સત્પુરુષનો સમાગમ કરવાની વૃત્તિ શ્રોતાઓને ઊભી થાય એવો મુખ્ય પ્રકાર એને હોવો ઘટે. આ વાત લીધી છે ૭૨૯માં. 'શ્રીમદ્જી'એ સૂચના આપી છે. તો એ પ્રાયઃ અભિમાનના દોષથી બચે. કેમકે સત્પુરુષની મહિમા કરવા લાગે છે. બીજાની મહિમા કરવા જતાં એને પોતાની મહિમા ગૌણ કરવી પડે છે. એટલે અભિમાનના દોષથી એ બચી જાય છે. બહુ વિચિક્ષણતાથી એ વાત મૂકી છે.

મુમુક્ષુ :- સત્પુરુષની મહિમાની અંદર પણ સતત નિર્દોષતા રહે એ બહુ અઘરી ચીજ છે. પ્રશંસા નિષ્કામ ભાવે કરવી એ બહુ અઘરી ચીજ છે. એમાં પણ કાંઈક દોષ સેવાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :- સકામભાવે કરે તો એવો સકામભાવ કેવો હોય? ચોખ્ખો કરોને પ્રશ્ન. બરાબર છે? નિર્દોષપણે ન કરે તો કેવા કેવા દોષથી કરે? શું છે અભિપ્રાય અંદર? પ્રશ્ન સ્પષ્ટ કરો. ચર્ચા કરવા બેઠા છીએ વિષયની.

મુમુક્ષુ :- માનનો જે પ્રકાર છે એ નિમિત્તે પણે..

પૂજ્ય ભાઈશ્રી :- એવી પ્રવૃત્તિનું માન સેવે ટૂંકામાં. સીધી એ વાત છે. સત્પુરુષનો મહિમા કરે કૃત્રિમપણે, સહજ હોય એમાં તો માન આવે નહિ. કૃત્રિમ મહિમા કરે કે સત્પુરુષનો મહિમા કરવાનો કીધો છે ને. આપણે સત્પુરુષ વિદ્યમાન છે માટે એમનું માન કરો, બહુમાન કરો. એમાં પણ કૃત્રિમતા કરે. કૃત્રિમ સમર્પણ કરે. અંદરથી ન હોય એટલું. પાછુ એનું એને માન ચડે. મેં આટલું દાન કર્યું, મેં આટલી સેવા કરી, મેં આટલું ફલાણું કર્યું, હું આટલું બહુમાન કરું છું, હું આટલા ગુણગાન ગાઉં છું સત્પુરુષના, એ પણ માનનો પ્રકાર છે. એ તો બહુ છેતરામણી પ્રકૃતિ છે. એટલી બધી છેતરામણી પ્રકૃતિ છે કે માનનો દુશ્મન નમ્રતા છે તો નમ્રતાનું માન ચડે છે. હવે ક્યાં જાય? આપણે તો એકદમ નરમ. આપણે તો બિલકુલ નમ્રતા જ રાખવાવાળા. આપણે તો બસ! એકદમ નમ્રતામાં જ રહેવાવાળા. એનું માન ચડે પાછું. એ એવું માન છે. નમ્રતાના બહાને માન સેવાય જાય. હવે ક્યાં જાય? તો એને કહે છે કે શ્રીગુરુ એ વાત સમજી જશે. શ્રીગુરુ તને રોકશે વિભાવના રસ્તેથી. બીજો કોઈ ઉપાય નથી. નહિતર તું ક્યાં છેતરાઈ જઈશ તને ખબર પડશે નહિ. એ પ્રકૃતિ એવી છે.

આત્મસિદ્ધિમાં ગાયું છે 'માનાદિક શત્રુ મહા' મહા શત્રુમાં લીધો છે. 'નિજ છંદે ન મરાય' પોતે એને મારી શકતો નથી. પોતે મારવા જાય પોતાની રીતે-નિજ છંદે એટલે પોતાની રીતે-સ્વચ્છંદે, નિજછંદ કહો કે સ્વચ્છંદે છ્છહો, પોતાની રીતે મારવા જાય નહિ મરાય. 'જાતા સદ્ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય.' એ વાત લીધી છે.

મુમુક્ષુ :- આ તો જે 'શ્રીમદ્જી'એ કીધું છે ને? 'સહુ સાધન બંધન થયા' એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળવા છતાં જીવને કાંઈક અવગુણ હશે એટલે જ એવું થયું ને?

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. પોતાના અવગુણથી જ બહારના નિમિત્તોનું નિષ્ફળપણું થાય છે. મૂળ તો પોતાનો જ અવગુણ છે. એમ વિચાર કરતો મૂક્યો છે કે

'સૌ સાધન બંધન થયા, રહ્યો નહિ કોઈ ઉપાય' કોઈ ઉપાય નથી રહ્યો. હવે ઉપાય દર્શાવિનારા છે એની પાસે 'જાતા સદ્‌ગુરુ શરણમાં.'

મુમુક્ષુ :- સત્ સાધન સમજ્યો નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- 'સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય?' સત્ એટલે સાચું સાધન. શું છે એ સમજ્યો નથી તો બંધન ક્યાંથી જશે? એક એવું આમાં છે 'યમ નિયમ સંયમ આપ કિયો' એમાં પણ એવી એક વાત લીધી છે કે આ બધુ કર્યું છતાં 'તદપિ કછુ હાથ હજુ ન પર્યો'. એ વાત લીધી.

'**આવડતના માનથી દૂર રહેવું સારું છે.**' અથવા ચેતીને રહેવું સારું છે. અથવા કોઈ માન આપે તો માનના પ્રસંગથી એને દૂર રહેવાની લાગણી, વૃત્તિ ઉત્પન્ન થયા વગર રહેવી જોઈએ નહિ કે આ એક લપસણી જગ્યા છે. જો માનમાં લપસ્યો, તો લપસીને ક્યાં જશે એનો કાંઈ મેળ રહેશે નહિ. છોડો નહિ આવે. Time થઈ ગયો છે, વિશેષ પછી લઈશું...

સત્પુરુષ મળ્યા પછી, તેમના વચનમાં વિશ્વાસ આવ્યા પછી પણ, મુમુક્ષુ જીવ સંગદોષના વિષયની ગંભીરતાની ઓછપને લઈને, અથવા બાહ્ય કારણ / પરિસ્થિતિ વશ જો કુસંગનો ત્યાગ કરી શકે નહિ, તો અવશ્ય નુકસાન પોતાને થાય. અરે ! અજાણપણે પણ આ ભૂલથી થતું નુકસાન રોકી શકાતું નથી. કોઈ મુમુક્ષુ જીવ તો પ્રાપ્ત સત્સંગથી સંતુષ્ટ પામી, કુસંગ પ્રત્યે દુર્લક્ષ સેવે છે. તેને પણ સત્સંગનો લાભ થતો નથી. તે જીવ, સત્સંગ પ્રાપ્ત હોવા છતાં પણ, અપ્રાપ્ત થવા યોગ્ય સંજ્ઞાએ, સત્સંગનો કાળ વિસર્જીત કરે છે. જે અત્યંત ગંભીર ઉપયોગે વિચારવા યોગ્ય છે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૮૫)

તા. ૬-૦૩-૧૯૮૮, વચનામૃત-૩૩૩ થી ૩૩૫
પ્રવચન નં. ૨૫૪

'**આવડતના માનથી દૂર રહેવું સારું છે.**' ... વાત ચાલી છે. કોઈપણ પ્રકારે ક્ષયોપશમ વિશેષને લીધે જે કોઈ પ્રકારના ... પર્યાયબુદ્ધિને લીધે તેમાં અહંપણું થાય છે. જેને પર્યાયબુદ્ધિ છોડવી છે, કોઈપણ પર્યાયમાં જેને અટકવું નથી એવું લક્ષ છે એને પર્યાયની વિશેષતા ખ્યાલમાં આવે તોપણ પોતાના દ્રવ્ય સ્વભાવની મહાનતા લક્ષમાં રાખીને પર્યાયની મોટપ-પર્યાયનું મોટાપણું-મહાનપણું અથવા એમાં અહંપણું ન થાય તે દરકાર કરવાનો વિષય છે, ધ્યાનમાં લેવાનો વિષય છે.

પોતે બીજાથી પોતાને વિશેષ ગણે, એવું અંદરમાં જે પરિણામ થાય છે તે પણ પર્યાયની મહાનબુદ્ધિનું પરિણામ છે. બીજા જીવો વિશેષતા બતાવે, બીજા જીવો માન આપે તોપણ એમાં સાવચેત રહેવાનું છે. પુણ્યયોગ હશે તો બીજા જીવો માન આપશે. જગતમાં તો માન આપવાને લાયક ન હોય એવાને પણ તે પ્રકારના પુણ્યોદયથી માન મળે છે. અથવા અવગુણી હોય તોપણ લોકો એને માન આપે છે. ગુણવાનને તો માન આપે એ સ્વભાવિક છે. કદાચ ઉદય ન હોય તો ન પણ આપે. માન-અપમાન બંને પક્ષથી દૂર રહેવા જેવું છે.

'**આવડતના માનથી દૂર રહેવું સારું છે.**' આ એક વાત એને અભિપ્રાયમાં વણાઈ ગયેલી હોવી જોઈએ. મારે માનથી દૂર રહેવું છે. અને તો જ મારું પર્યાયમાં અટકવું, પર્યાયમાં એકત્વ અને પર્યાયનું અહંપણું છૂટશે. નહિતર મિથ્યાત્વનો અવિનાભાવી દોષ જે પર્યાયમૂઢપણું-પર્યાયમાં એકપણું, એ માન તો એની સાથે સીધેસીધો સંબંધ ધરાવે છે, છૂટી શકશે નહિ. એટલે ધર્મની પ્રાપ્તિમાં-સમ્યક્ ધર્મની પ્રાપ્તિમાં માન છે એ સૌથી મોટો અવરોધ છે એમ સમજવું જોઈએ. એને એમ કહ્યું કે દૂર રહેવું સારું છે. એ સૌથી મોટો અવરોધ છે એટલે એનાથી દૂર રહેવું સારું છે.

જગતના જેટલા સંપ્રદાયો ઊભા થયા ભગવાન 'ઋષભદેવસ્વામી'ના વખતમાં એ શરૂઆત થઈ. એ પહેલાં કોઈ અહીંયાં સંપ્રદાયો નહોતા. જૈનધર્મ આ ચોવીસીમાં પ્રસિદ્ધપણે ચાલુ થયો. બીજા સંપ્રદાયો એ વખતે નહોતા. માનથી બધા ઊભા થયા છે. મુખ્ય કારણ માન. જીવને વર્તમાન ભવ ખોઈ નાખવાનું કારણ થાય છે અને બીજા કેટલા ભવ ગુમાવે છે, કેટલા ભવ એળે જશે એનો કોઈ હિસાબ કાઢવો મુશ્કેલ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને માન તો ઘણું પડ્યું છે પણ નીચા ભવ મળે ત્યારે એનું એને દુઃખ થાય છે. અપમાન કરે ત્યારે માન ઓછું થયું કે એને દુઃખ થાય છે? જ્યારે કોઈ અપમાન કરે, અનુચિત શબ્દ કહે, દોષ ન હોય એવો દોષારોપણ કરે તો એને દુઃખ લાગે છે. કાંઈ માન નથી ઓછું થતું એનું. માન પડ્યું જ છે એટલે એને દુઃખ લાગે છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે ક્ષયોપશમ વિશેષ હોય. આવડત એટલે શું છે? સમ્યક્ આવડત નથી એને. ક્ષયોપશમ વિશેષ હોય, બહુ સારું બોલી જાણે, બહુ સારું લખી જાણે. અનેક પ્રકારે બીજા પણ બહારના કાર્યો કરવાની કુશળતા હોય એવી બુદ્ધિ ક્ષમતા હોય. બુદ્ધિ હોય. એ જાતના કાર્યોની, બહારના કાર્યોની ફાવટ હોય, વાતચીત કરતા સારી આવડે. ગમે તેની સાથે વાતચીત કરીને Negotiation કરવું, જે કાંઈ વ્યવહારિક કાર્યો છે, અનેક પ્રકારની કુશળતા હોય છે. વ્યવહાર કુશળતા જેને કહે છે. એમાં જીવને એનું અહંપણું રહે, એની ગણતરી રહે અથવા બીજા ઉપર નજર જઈને એની વિશેષતા લાગે. પોતામાં રહેલા ક્ષયોપશમની વિશેષતા લાગે, આવડતની વિશેષતા લાગે. અથવા બીજા અપમાન કે ત્યારે એને અણગમો બહુ થાય. આ જરા અહીંથી સામેથી લેવાનો વિષય છે. જ્યારે કોઈ બીજા જીવો અપમાન કરે, બીજા જીવો નિંદા કરે, અપમાન કરે, નિંદા કરે, સાચી કરે, ખોટી કરે ગમે તે કરે. પોતાને અણગમો થાય ત્યારે એ જીવે એ વિચારવા યોગ્ય છે કે નક્કી મને માનની કામના થાય છે. જો મને માન ન હોત તો આવો અણગમો ન થયો હોત. આ નથી ગમતું એનો અર્થ કે પેલું ગમે છે. પ્રતિપક્ષ ઊભો જ છે.

મુમુક્ષુ :- શું વિચારવાનું?

પૂજ્ય ભાઈશ્રી :- એણે એમ વિચારવું જોઈએ કે એ તો પરદ્રવ્ય છે. અપમાન કરનારો, નિંદા કરનારો જગતનો જીવ છે. પોતાને ભૂલીને ગમે તેમ પ્રવર્તે છે. અને પોતાને ભૂલે ત્યારે તો એમ જ થાય. ન તો એનો ભાવ મને અડે છે, ન તો એના શબ્દો મને સ્પર્શે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એના પણ શબ્દો નથી. બંને મારાથી તો ભિન્ને ભિન્ન છે. હું જે છું તે છું. એ માન આપે તો હું અધિક નથી અને એ માન ન આપે તો હું હીણો નથી. 'સોગાનીજી'ના શબ્દોમાં કહીએ તો કે કોઈ માન આપે કે ન આપે એ તો બધું

ધૂલ હી ધૂલ-ધૂડે ધૂડ છે. એ તો ધૂડ છે. કોઈ ચપટી ધૂડ આપે. બાળક રમે ને? લે તને ખાવાનું આપુ, એમ કરીને ચપટી ધૂડ આપે. સાચું હશે એ ખાવાનું? ખોટું ખોટું ન આપે હાથમાં? આ તને આપ્યું, આ પેંડો આપ્યો, આ જલેબી આપી. કાંઈ ન હોય. આ એવું છે માન. કેવું છે? એના જેવું છે. ચીજ હોય તો બતાવી દો કાંઈ. માન જેવી ચીજ હોય તો બતાવી દો.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઊભા રહેવું નહિ. પણ તીરસ્કાર થાય એના પ્રત્યે અણગમો ન થાય એવો પ્રયત્ન રાખવો અંદરમાં. અંદરમાં એના પ્રત્યે અણગમો ન થાય. ક્રોધ આવે ત્યારે ચોખ્ખો અણગમો છે પણ અંદરમાં પણ અણગમો ન થાય એવો પ્રયત્ન રાખવો.

મુમુક્ષુ :- એ વખતે ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વધારે સારું. એટલે હદ સુધી વિચાર આવે તો તો ખૂબ જ સારું છે. એમ કે હું તો અંદરમાં પરિપૂર્ણ પરમાત્મા સિદ્ધપદ સ્વરૂપે છે. મને ઓળખતો નથી એટલે ગમે તેમ ગણે છે. મને ઓળખતો નથી એટલે ગમે તેવી ગણના કરે છે. પણ એની ગણના કોઈ સાચી નથી. એ પણ અંદરમાં મારો જેવો સિદ્ધપદ સ્વરૂપે છે. પણ ભૂલ્યો છે એટલે એને આવા ચિત્ર-વિચિત્ર પરિણામ વર્તે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનું જ્ઞાન કરવું, એનું જ્ઞાન કરવું. એ ભૂલ્યો છે માટે આમ થાય છે, બીજું કાંઈ નથી. દ્રવ્યદૃષ્ટિનો વિષય ... ઘણી સારી. પર્યાયાર્થિકનયના, દ્રવ્યાર્થિકનયના ન્યાય તો અનેક પ્રકારના છે માન ટાળવાના.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- સન્માન એટલે શું કે ભાઈએ કીધુંને? અપમાન થાય ત્યાં જઈને ઊભું રહેવું કે નહિ? એવી જરૂર નથી કાંઈ. ત્યાં જવાની જરૂર નથી. ત્યાં જવાથી કોઈ પ્રયોજન નથી. એટલે એ એના સ્વમાનમાં રહી ગયો. અથવા પોતાના મૂળ સ્વરૂપને લક્ષમાં લીધું તો એ એનું સ્વમાન બરાબર છે. કોઈ કરોડપતિના દરવાજા ઉપર, ડેલી ઉપર જઈને... હવેલી હોય લાખો રૂપિયાની, એના બારણે જઈને લખી આવે કે આ ભાઈએ દેવાળુ કાઢેલું છે. એની સાથે વ્યવહાર કરવામાં ધ્યાન રાખજો. મને ખબર છે કે આ ભાઈએ દેવાળુ કાઢ્યું છે. એટલે એનું દેવાળું નીકળી જાય કાંઈ? તો એ વખતે એ શું વિચારે કરોડપતિ હોય ઈ? ભલેને લખી ગયો. એથી શું મને ફરક

પડે છે? મારે જો કોઈને ઘરે માંગવા જાવું હોય તો તકલીફ છે. કે લોકો મને આપશે કે નહિ આપે આવું લખવાથી? પણ લોકો મારી પાસે લેવા આવે છે કે ભાઈ! તમને અનુકૂળતા હોય તો કાંઈક અમને સગવડ કરી દો ને. તો એ તો એના લખવા, નહિ લખવાથી કાંઈ ફરે પડતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક પડે તો બીજી જગ્યા કોરી છે. લખી જા, મને એથી કાંઈ ફરક પડતો નથી. તારી વાત હાસ્યાસ્પદ છે. એમ કોઈ અપમાન કરે છે ત્યારે એ સમજે છે કે એના અપમાન કરવાથી કાંઈ થોડું મારું અપમાન થઈ જાય છે? એથી કાંઈ મારું અપમાન થતું નથી. અને એના માન આપવાથી કોઈ મારું માન વધી જાય છે એમ પણ ખરેખર નથી. હું જે છું તે છું અંદરમાં. અને મારું ઘર બરાબર મારા લક્ષમાં છે, સાબુત છે મને. મારા જ્ઞાન ધ્યાનની બહાર એ વાત નથી. પછી લોકો માન આપે કે ન આપે એની સાથે એને કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. સાધુને વિશેષ કરીને (લક્ષમાં રાખીને વાત કરી છે). ઉદર ભરવા માટે દુકાનદારી કરે છે અને ગચ્છ મતના ઝઘડા ઊભા કરે છે. એ પરિસ્થિતિની વચ્ચે એ પદ લખાયેલું છે. એ આત્માની વાત કરે તોપણ ખરેખર તો એને કોઈ અધિકાર નથી એ વાત કરવાનો. છતાં અનઅધિકારી થઈને એવી કોઈ વાત કરે છે તો એનો કાંઈ અર્થ નથી. ન તો એને લાભનું કારણ છે. એ વાતથી ન તો બીજાને કોઈને લાભનું કારણ છે.

મનુષ્યપર્યાયનો સૌથી મોટો પ્રતિબંધ એ માન છે. આ પર્યાયને વિષે જીવને કોઈ વિશેષ ધર્મપ્રાપ્તિમાં રોકનારો કષાય હોય તો તે માનકષાય છે. તેનાથી દૂર રહેવું સારું છે. પહેલેથી એ વાત વિચારી લેવી અને એનાથી દૂર રહેવું સારું છે. '**બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.**' બહાર પડવાનો પ્રસંગ આવે ત્યારે પણ એનાથી દૂર રહેવાય એ જાતનો એનો ભાવ અને પ્રયત્ન હોવો જોઈએ. 'પૂજ્ય બહેનશ્રી'નું જીવન તો સ્વયં એનો બહુ મોટો દૃષ્ટાંત છે. ક્યાંય પણ બહાર પડવામાં એમણે Platform સંભાળ્યું નથી. આજ્ઞામાં જ્ઞાન ધ્યાનમાં રહ્યા. માન આપે, વંદન નમસ્કાર કરે, ન કરે, કાંઈ સામું જોવાની વાત નહિ. સમાજની અંદર બીજું સ્થાન નથી તોપણ એમણે સ્થાન સંભાળ્યું નથી. 'ગુરુદેવ'ના દેહાંત પછી એવી કેટલીક પરિસ્થિતિ ઊભી થઈ... ચર્ચામાં ... કાંઈ નહિ. કોઈની સામે કાંઈ ગડબડ નહિ. હોય તો એમને પસંદ નથી. કોઈવાર એકાંતમાં ચર્ચા થાય ત્યારે જાણવા મળે. ગડબડ

એમને પસંદ નથી. અને લોકોને રોકી શકાય એવું નથી એવી પરિસ્થિતિ છે. એ ચાર દિવાલની વચ્ચે બેસીને આપણે આપણું કામ કરી લેવું છે ને. એ કામમાં આપણે પડ્યા છીએ ત્યાં બીજા વચ્ચે શું કરવા ... દે છે? આપણે આપણા કામમાં લાગેલા છીએ. આપણે આપણું કામ કરવું છે. એની પાછળ આપણે જીવવું છે, પછી બીજી માથાકૂટ વચ્ચે પસંદ પડતી નથી.

મુમુક્ષુ :- ...કેટલા વર્ષે બહાર પાડ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ૧૪ વર્ષે તો હું પહેલોવહેલો પરિચયમાં આવ્યો. લોકોને ખ્યાલ આવ્યો ૧૮ વર્ષે. ૧૭ વર્ષે. ૧૭-૧૮ વર્ષે. એ તો ના જ પાડતા હતા. મારે કોઈની સાથે પરિચય વધારવો નથી. અસંગ તત્ત્વને સાધવા માટે પરિચય વધારવો તે સાનુકૂળ પરિસ્થિતિ નથી. અસંગ તત્ત્વમાં અસંગભાવે રહેવું હોય તો જેટલો પરિચય ઓછો એટલો કામ કરવાનો અવકાશ વિશેષ. આ સીધો હિસાબ (હતો). બીજા જગતનો જીવોનો તો પરિચય વધારવાનો પ્રશ્ન નથી પણ સાધર્મીઓનો પણ પરિચય વધારવો નથી એમ કહેતા હતા. મારે કોઈનાથી કામ નથી. મારે મારું કામ એકલા હાથે કરવાની ફાવટ આવી ગઈ છે. બસ, એ પોતાના રસ્તે ચડી ગયા છે. કોઈની સાથે પરિચયમાં આવવા માગતા જ નહોતા. એ જાતનો પુણ્યોદય હતો એટલે આટલા બહાર આવી ગયા. એમને પોતાને બિલકુલ ઈચ્છા નહોતી. એટલે તો એક બોલ આવ્યો છે કે કોઈ જાણે, ન જાણે, ફૂલ જંગલમાં હોય કે ફૂલ બગીચામાં હોય એની સુંગધ અને એની સુંદરતા જ્યાં છે ત્યાં જેટલી છે એટલી જ છે. સ્થાનવિશેષને કારણે વધી જાય છે, ઘટી જાય છે એવું તો કાંઈ છે નહિ.

વળી કોઈ મને જાણે... એ ત્યાં સુધી વાત ચાલી હતી કે 'ગુરુદેવ' જાણે તો આત્માને શું ફાયદો? 'સોગાનીજી'ને પ્રશ્ન કર્યો હતો કે 'ગુરુદેવ'નો ઉપકાર છે. 'ગુરુદેવ'ને ખ્યાલ આવે કે આવા પણ મુમુક્ષુ પાકે છે તો એમને પ્રમોદ થશે, પ્રસન્નતા થશે. જેમ બાપનો દીકરો કોઈ ઘણાં દીકરામાંથી એક દીકરો કોઈ એવો નીકળે કે દુનિયામાં નામ રોશન કરે એવો. બાપને એમ થાય ને કે પાક્યો છે. આ તો કોઈ એવી વાત છે. જાણે તો સારી વાત છે. તો કહે, મારા આત્માને શું ફાયદો થશે? આ સવાલ કર્યો હતો. માનો કે એમણે જાણ્યું તો મારા આત્માને શું ફાયદો થશે? ફાયદા નુકસાનનો તો પ્રશ્ન છે જ નહિ. જો મારા આત્માને ફાયદો નુકસાન નથી તો આ વાતનો બોજો શું કરવા ઉપાડવો? એમને જણાવવું, આ વાત જણાવવાની જે ઉપાધિ એને બોજો કહેતા, એ બોજો શું કરવા ઉપાડવો? કાંઈ જરૂર ખરી? કાંઈ નહિ. તો કહે છે, જે સહેજ થાય એ જ બરબાર છે. કોઈ વાત ઊભી કરવી એ એમને ફાવતી

વાત નહોતી. એટલા બધા પોતાના કામમાં પડેલા હતા.

'**બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે.**' એવો પ્રસંગ ઊભો થાય તો પોતે આઘા રહે. આગળ આવવાની મહેનત કરે છે જગતના જીવો, આત્માર્થી પાછળ જવાની મહેનત કરે છે કે ભાઈ! મને પાછળ રાખો. તમે આગળ જાવ. આગળ તમે જાવ. મને પાછળ રહેવો દો. મારું ત્યાં કામ નથી. '**તે બધા પ્રસંગો નિઃસાર છે;...**' એટલે ધૂળ કીધી. ધૂળ કહો કે નિઃસાર કહો. '**તે બધા પ્રસંગો નિઃસાર છે;...**' સાર વિનાના છે, સુખ વિનાના છે, કીંમત વિનાના છે. જેની કોઈ કીંમત નથી. જગતમાં એમ કહે કે માન આપે ત્યારે એની કીંમત થઈ એમ કહે. જુઓ ભાઈ! સમાજે એની કીંમત કરી, કદર કરી. ખોટી વાત છે. એ કદરને, એ કીંમતને પોતે ગણતા નથી.

'**સારભૂત એક આત્મસ્વભાવ છે.**' બધા બહારના પ્રસંગો માન-અપમાનના નિઃસાર છે, સાર વિનાના છે અને સારભૂત તો એક પોતાનો આત્મસ્વભાવ જ સારભૂત છે, બીજું કોઈ સારભૂત નથી. પૂરેપૂરો સારભૂત પોતાનું સ્વરૂપ છે. એમાં બધું ભર્યું છે. અનંત આનંદ એમાં ભર્યો છે, અનંત શાંતિ ભરી છે. સર્વસ્વ-પોતાનું સર્વસ્વ બધું એમાં જ રહ્યું છે. પોતામાં જ રહ્યું છે. એને કોઈની અપેક્ષા કરવાની જરૂર પડે એ પરિસ્થિતિ નથી. એવું પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ પોતે જ છે. એ સારભૂત છે. એ જ પોતે જ પોતાને આધાર લેવા યોગ્ય છે અને બીજા કોઈનો પણ આધાર લેવા જેવો નથી, અવલંબન લેવા જેવું નથી. એક જ અવલંબનને યોગ્ય છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- સાચી ને સારી ક્યાં આવી? ઊલટું કર્યું એણે. એણે વિચારવું કે આ નુકસાન થાય છે. તારા આત્મગુણને ચોરે છે. ખીસામાંથી કોઈ સોનું લઈ લ્યે, ધન ચોરી લ્યે, રત્નો, હીરા, હીરાના દાગીના ચોરી લે, હીરાના પડીકા પડ્યા હોય એ ચોરી લે. શું થાય? એમ તારા ગુણરત્નને ચોરે છે એમ સમજવું. છાનુમાનું લઈ લ્યે એનું નામ ચોરે છે. માન આપે (ત્યારે) તને ખબર નથી પડતી કે મને માન ચડે છે. ચોરે છે, પોતે લુંટાય છે. કોઈ માન કરે તો શું થયું? એથી શું થયું? કોઈ અપમાન કરે તો એથી પણ શું થયું?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ... એ જ છે. માન દીધા વગર રહેશે નહિ. જો અપમાનમાં અણગમો થશે તો માન ગમ્યા વિના રહેશે નહિ. સીધી વાત છે. આત્માની સામે જોવું. ... તો નહિ ભૂલે. સારભૂત એવું જો પોતાનું પરમ નિર્દોષ તત્ત્વ છે એની સામે

જોવે તો નહિ ભૂલે અને નહિતર ભૂલો પડી જશે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એથી મોટું કયુ માન જોઈએ? પોતે પરમેશ્વર છે એથી કયુ મોટું માન? સર્વજ્ઞ પરમાત્મા પણ એમ કહે છે કે તું અમારા જેવો છો. અમારો ભકત છો અને અમારી ભકિત કર એવો આદેશ ભગવાન આપતા નથી. ... જો સર્વજ્ઞ જ્ઞાનમાં એમ આવ્યું કે આ જીવ મારા જેવો છે. મારી Line માંલ ભળવાનો છે અથવા મારી Lineમાં ભળ્યો છે અને બહુ અલ્પ કાળમાં સર્વજ્ઞપદને પ્રાપ્ત કરશે. અંદર જેવું સ્વરૂપ છે એવું પ્રગટ કરશે. તો આથી તારે બીજાનું કોનું Certificate જોઈએ છે?

'આનંદઘનજી'એ તો ગાયું છે ને કૂકર આશાધારી. માન લેવાની વૃત્તિવાળો જીવ કેવો છે? કે ઘરે ઘરે કૂતરો રોટલાના બટકા માટે ભમે, ભટકે એવો છે. આ મને માન આપે તો સારું. આ આપે તો સારું... આ આપે તો સારું... આ આપે તો સારું. ચારે કોરથી મને માન મળે તો સારું. બધેથી આશા રાખે છે માનના ટૂકડાની. રોટલાના ટૂકડાની જેમ માનના ટૂકડાની આશા રાખે છે. દીનવૃત્તિ છે. એ માન લેવા જાય છે એ પોતે જ ખરેખર હીણો થઈને માન લેવા જાય છે. એ પોતાની દીનવૃત્તિ છે. એવી દીનવૃત્તિમાં પરમાત્મ સ્વભાવ ક્યાંથી સાંભરે? એની સંભાળ એને આવતી નથી. ૩૩૩ થયો.

આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે. હું તો સેવક છું–એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે. ૩૩૪

૩૩૪. **'આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.'** શ્રીગુરુના સાનિધ્યમાં અથવા કોઈપણ વિશેષ જ્ઞાનીના સાનિધ્યમાં માન ન ચડે એવી એક સહજ પરિસ્થિતિ બને છે. કેમકે પોતે બહુમાન કરે છે ને? જ્યારે પોતે કોઈ બીજાનું બહુમાન કરે છે ત્યારે એને હું મોટો છું એ વાત તો એને આવતી નથી. એટલે 'જાતા સદ્‌ગુરુ ચરણમાં અલ્પ પ્રયાસે જાય.' આ બહુ મોટી વાત છે. માન ટાળવાનો બહુ સહેલો ઉપાય આ છે કે પોતાથી વિશિષ્ટ એવા જ્ઞાનીના સંગમાં રહેવું. એનું બહુમાન કરવું, એની ભકિત કરવી એ સહેજે માન ટળવાનું કારણ છે. મોટો અવરોધ,

મોટો દુશ્મન જીતવામાં નાનામાં નાનું હથિયાર કામમાં આવી જાય એવું એ છે.

'**આત્માર્થીને...**' આ તો 'ગુરુદેવ' બિરાજમાન હતા ત્યારની વાત ચાલે છે ને? '**શ્રી ગુરુના સાનિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.**' અવરોધ મટે એટલે પુરુષાર્થ કરવાની સહેજે જગ્યા થાય છે. પુરુષાર્થની પ્રેરણા મળે એવી અનેક વાતો, એવી સાક્ષાત્ પ્રેરણા શ્રીગુરુના સાનિધ્યમાંથી મળતી હોય છે. જીવે કેવી રીતે પુરુષાર્થ કરવો? કેમ પુરુષાર્થ કરવો? એ વાત અનેક રીતે શ્રીગુરુના સમાગમમાં (મળે છે). એટલે સહેજે પુરુષાર્થ થાય એવું બને છે. આત્મસ્વરૂપ દર્શાવે છે ને. વારંવાર આત્મસ્વરૂપ દર્શાવે છે. ગુરુ તેને કહીએ. 'દીપચંદજી' (લખે છે), મૂહર્મૂહુ. વારંવાર વારંવાર જે આત્મસ્વરૂપને બતાવે, પરમાત્મ સ્વરૂપને બતાવે તેને ગુરુ કહીએ. આ ગુરુનું લક્ષણ બાંધ્યું છે. ત્યાગી હોય તો ગુરુ માનીએ એમ નથી કહેવું. આત્માને દર્શાવે તેને ગુરુ માનીએ. એમ લીધું. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે સાચા ગુરુ જોય.' 'શ્રીમદ્જી'એ લીધું છે ને? નિર્ગ્રંથ ગુરુ તો અત્યારે દેખાતા નથી. નગ્ન દિગંબર નિર્ગ્રંથ ગુરુ તો કોઈ જોવામાં (આવતા નથી), ભાવલિંગી સંત તો જોવામાં આવતા નથી. તો ગુરુ માનવા કોને અમારે? જેની પાસેથી બોધ મળે. 'આત્મજ્ઞાન ત્યાં મુનિપણું તે જ સાચા ગુરુ જોય, બાકી કુળગુરુ કલ્પના' કુળગુરુમાં ગુરુ માનવા એ તો ગુરુની કલ્પના છે. 'આત્માર્થી નહિ જોઈ' ત્યાં તો કોઈ આત્માર્થી દેખાતા નથી. ગુરુ તો ક્યાં છે? આત્માર્થી પણ કોઈ દેખાતા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- 'શ્રીમદ્જી'એ અપૂર્વ અવસર ગાયું છે. ... વચનામૃતમાં ... ધન્ય મુનિદશાની કેવી વાતો આવી છે! એ દશા જ કોઈ એવી અલૌકિક દશા છે! તો નીચેના ગુણસ્થાને એ પ્રકારની ભાવના આવ્યા વિના રહે નહિ. જેના દર્શનમાત્રથી આત્મભાવ પ્રગટે. ન બોલે તોપણ, ઉપદેશ ન આપે તોપણ એવી નીતરતી વીતરાગતા છે. ... નીતરતી વીતરાગતા છે, એકલી વીતરાગતા છે. જોનાર થંભી જાય એવા ભાવલિંગી મુનિઓ (હોય છે).

'**આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં...**' એ તો 'ગુરુદેવ' પોતે કહેતાને કોઈ ભાવલિંગી મુનિના દર્શન થાય તો એના પગના તળીયા ચાટીયે. શું કહેતા? જાહેર સભામાં. કોઈ ખાનગીમાં વાત નહોતી કરી. જાહેર સભામાં વાત બોલ્યા હતા. ... સત્પુરુષની ભક્તિ કરનારની-ભક્તિમાનની ભક્તિ કરવી એવી વાત લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પછી એને માન ચઢવાનો પ્રશ્ન નથી. એ સ્થાનમાં આવી

ગયો ત્યાં એને માન ચડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

'**હું તો સેવક છું એ દૃષ્ટિ રહેવી જોઈએ.**' એ દૃષ્ટિ રહેવી જોઈએ એટલે એ દૃષ્ટિકોણ સદાય એને લક્ષમાં રહેવો જોઈએ. દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાનો સવાલ નથી. એ દૃષ્ટિકોણ એને મુખ્ય રહેવો જોઈએ, એને એ ખ્યાલ રહેવો જોઈએ સદાય કે ક્યાંય માન ન ચડી જાય. અંદરમાં પોતાના પરમાત્મપદને લક્ષમાં રાખે છે. બહારમાં કહે છે કે મારે ક્યાંય બહારમાં સ્થાન જોઈતું નથી. માન જોઈતું નથી. અરે..! તમે આપો તોપણ જોઈતું નથી. લેવા માટે દોડવું નથી, એ તો પ્રશ્ન નથી પણ આપો તોપણ જોઈતું નથી. એમ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. અવગુણથી ભાગે છે ને? અવગુણથી દૂર ભાગે છે.

'**હું તોસેવક છું એ દૃષ્ટિ રહેવી જોઈએ.**' અહીં તો કોઈ પદવી આપે સમાજમાં. પદવી હોય સેવા કરવાની, આ Minister છે કે કોઈપણ સંસ્થામાં, સમાજમાં, રાજ્યમાં ગમે ત્યાં હોય સેવા કરવાની પદવી, એને અધિકાર મળી ગયો .. મારો અધિકાર કેટલો એને હું પહેલાં (સમજી લઉં). પછી સેવા કરવાની વાત તો ક્યાંય એક કોર રહી ગઈ. મારી પદવી છે, મારે મારો આ અધિકાર છે.

મુમુક્ષુ :- ઉપાધિ વ્હોરી...

પૂજ્ય ભાઈશ્રી :- એ નુકસાન કરી જાય છે. પોતાના આત્માને એ નુકસાન કરે છે.

'**હું તો સેવક છું એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય...**' જે કાંઈ હોય એમાં કાંઈક પણ થાય '**તો સેવકપણું છૂટી જાય છે.**' એનું સેવકપણું છૂટી જાય, સેવકપણું રહેતું નથી. '**એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે.**' ઓલામાં નુકસાન છે. કાંઈક છું એમ થવામાં નુકસાન છે. અને હું તો એક સેવા કરનારો છું. પદ આપ્યું હોય તોપણ સેવા કરવાની છે. ન આપ્યું હોય તોપણ સેવા જ કરવાની છે. પછી ક્યાં પ્રશ્ન છે?

મુમુક્ષુ :- .... સેવાચાકરી કરવી..

પૂજ્ય ભાઈશ્રી :- ગુરુની સેવા ચાકરી કરવી અથવા તો એમના પ્રત્યે ભક્તિમાન થઈને રહેવું. શ્રીગુરુ પ્રત્યે ભક્તિમાન થઈને રહેવું. પણ ક્યાંય પણ કાંઈક છું એ વાત આવી ગઈ એટલે ... હું કાંઈક છું, સમાજમાં કાંઈક મારું સ્થાન છે. ... હું તો સેવક છું. હું ગુરુનો સેવક છું. આ ૨૧૩માં તો લીધું છે ને 'શ્રીમદ્જી'એ કે અમને તો પરમાત્મા કરતાં સત્પુરુષના ચરણની સેવા જ વધારે વ્હાલી છે. હે પરમાત્મા! તું

માઠું લગાડીશ નહિ. તું માઠું લગાડીશ નહિ. તારી સેવા કરવાવાળા તો ઘણાં છે. દુનિયા આખી પરમેશ્વરના નામે તારી સેવા કરે છે. હવે હું એક કદાચ તારી સેવામાંથી મારી એક સંખ્યા ઓછી થાય અને હું સત્પુરુષની સેવામાં જાઉં તો તારે ક્યાં ખોટ આવવાની છે? એવો ભાષા અલંકાર કર્યો છે. તારે ખોટ આવવાની નથી.

મુમુક્ષુ :- આધ્યાત્મિક ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ લખ્યું છે. કલમ ચાલી છે એની! હું કેમ એની સેવા કરું છું? એ તને કહું. તને છોડીને હું એની શું કરવા સેવા કરું છું એ તને ખબર છે? કેમ કે તું એને વશ પડ્યો છો. શું કીધું? હે પરમાત્મા! તું જે સત્પુરુષને વશ પડેલો છો એની મને સેવા કરવા દેને અને પાછી એની વિશેષતા એ છે કે તારા જેવાં પરમાત્મા એને વશ થયો હોવા છતાં એને કોઈપણ જાતનો અભિમાન કે દુર્ગુણ પ્રગટ્યો નથી. તું એને વશ હોવા છતાં એ છલકાણો નથી. એની ગંભીરતા એવી છે કે એ પચાવી ગયા છે આ વાતને. માટે મને એની સેવા કરવા દો. એમ કરીને બહુ લખ્યું છે. તું વશ હોવા છતાં જે ઉન્મત્ત નથી. અહીં તો થોડાક પૈસા આવે ત્યાં બધું ફરી જાય કાં પદવી મળે તો બધું ફરી જાય. અહીંયાં કહે છે કે પરમાત્મા એને વશ હોવા છતાં એની ઉન્મત્તતા એને આવી નથી. એના ખિસ્સામાં પરમાત્મા છે. તો કહે છે, એને ઉન્મત્તતા આવી નથી. આવી જેની મોટી Capacity છે એની ભક્તિ ન કરીએ તો શું કરીએ અમે? પોતે ભક્તિ કરે છે. બહુ વિચિત્ર ઢંગથી વાત કરી છે. એમ કરીને સત્પુરુષનો (મહિમા કર્યો છે).

'**હું કાંઈક છું' એમ થાય તો સેવકપણું છૂટી જાય છે. સેવક થઈને રહેવામાં લાભ છે.**' કાંઈક છું એમ રહેવામાં તો એકાંતે નુકસાન છે. '**સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.**' આ વિશેષ વાત કરી કે અંદરથી તારે આત્માના ગુણનો સમુદ્ર જો પ્રગટ કરવો હોય અથવા એ ગુણસમુદ્ર આડે કોઈ તને જો આડી ચાદર છે કે જેથી આખો સમુદ્ર દેખાતો નથી, પ્રગટ હોવા છતાં, આ સેવેકની વાત લીધી. બહુ ગૂઢ વાત કરી છે, ઘણી ગૂઢ વાત કરી છે.

એનો અર્થ જ એ છે કે શ્રીગુરુના સાન્નિધ્યમાં અત્યંત ભક્તિપણે રહેતાં એને પોતાના આત્માના ગુણ પ્રગટવાનું કારણ થઈ જશે. માન તો મોટો અવરોધ એનો ચાલ્યો ગયો. હવે જે શ્રીગુરુ પ્રત્યે ભક્તિમાન છે એનું કારણ એને ગુણ પ્રત્યે બહુમાન આવ્યું છે.

જેને ગુણ પ્રત્યે બહુમાન આવે એને ગુણનું આવરણ ખસે. ગુણ ઉપરનું આવરણ ખસે. ગુણવાન પ્રત્યે બહુમાન આવે એ ગુણ પ્રત્યેનું બહુમાન છે. અને

એને પોતાના નિજ ગુણ ઉપરનું આવરણ ખસે. ગુણવાન પ્રત્યે જેને બહુમાન ન આવે, ઉલટાનો એને તિરસ્કાર આવે કે ઉલટાની એને અભક્તિ થાય કે એવું કાંઈ થાય તો એને પોતાના ગુણ ઉપર આવરણ આવે. આમ સામેસામું છે. મોટું આવરણ દર્શનમોહનું છે. દર્શનમોહને લીધે જીવને પોતાનું સ્વરૂપ સૂઝતું નથી. મોટું આવરણ તો એ આડશ છે એ દર્શનમોહનું છે.

મુમુક્ષુ :- પરિણામમાં...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એનો અર્થ એ છે, બધાને ખ્યાલ છે એટલે મેં સ્પષ્ટીકરણ ન કર્યું. અંદરનું જે પરમાત્મસ્વરૂપ છે દૃષ્ટિએ એનો કબજો લીધો છે. સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ થયા ત્યારે દૃષ્ટિએ નિજ પરમાત્મપદનો કબજો લઈ લીધો છે. તો એના વશમાં આવ્યા એ. પોતાનો નિજ પરમાત્મા પોતાને વશ થયો. અને આવી મોટી ચીજ મળી અનંત ગુણનું ધામ, અનંતગુણનું નિધાન હાથમાં આવ્યું તોપણ જે ઉન્મત થયા નહિ. જેમને કરોડો-અબજો મળે તોપણ બહારમાં શ્રીમંતાઈ ન કરે, ડહોળ ન કરે તો માણસ શું કહે? ભાઈ! શ્રીમંતાઈને પચાવી ગયો. જરાય એને અભિમાન આવતું નથી. નમ્રતા ... ... એમ પરમાત્મા એને વશ થયા હોવા છતાં એ ઉન્મત્ત નથી. એવી એમની સ્થિતિ જોઈને અમને એના પ્રત્યે ભક્તિ (કરવાના) પરિણામ થાય છે. લખ્યું છે બહુ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, પોતાના પરમાત્માની વાત છે. કહેવાતા ઈશ્વરની કલ્પના તો બધાએ જુદી જુદી કરી છે. મુસલમાનોએ ખુદાની કરી છે. ક્રિશ્ચનોએ ઈસુના બાપની કરી છે. ઈશ્વરનો દીકરો કહે છે. ઈસુનો બાપ છે એ ઈશ્વર. ... અનેક પ્રકારે દેવ-દેવીઓ, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ .. અનેક રૂપ ... જૈનોમાં તીર્થંકરાદિ ભગવાન કહેવાય છે. પણ જૈનોની એ માન્યતા નથી કે એને કાંઈ વશ ... એ તો રાગી સ્થાપતા નથી. એ પ્રશ્ન એને માટે નથી. .. પરમાત્મા ક્યાં કોઈને વશ થાય છે.

મુમુક્ષુ :- નિજ પરમાત્મા...

પૂજ્ય ભાઈશ્રી :- હા. તારા કરતાં મને સત્પુરુષ ... કેમકે તું એને વશ થયો છતાં ઉન્મત્ત ન થયા. માટે એના પ્રત્યે ન ભક્તિ લાવવી હોય તોય ભક્તિ થઈ જાય. ... અથવા અત્યારે શું કરવું? મુમુક્ષુદશામાં સત્પુરુષને ... માંદો માણસ હોય. ટાઈફોડ થઈ ગયો હોય. ૨૦ દિવસના ઉપવાસ કરાવ્યા હોય એને ૨૦મે દિવસે બદામ પાક આપે? કેમ? બહુ શક્તિ આવે. શક્તિ ઘણી વધી જશે. બદામપાક આપો એટલે શક્તિ આવે. જલ્દી જલ્દી એને બદામ પાક ખવડાવી દો. શેર-બે શેર ખવડાવી દે તો

મરી જાય. એને એમ કહે છે કે આને શું જરૂર છે. ...મુમુક્ષુ છે એની નબળી સ્થિતિ છે, ઘણી નબળી સ્થિતિ છે. ક્યારે ક્યાં ઉથલી પડે (ખબર પડે નહિ). માંડ માંડ ઊભો થઈને ચાલવાની મહેનત કરે એમાં પડે હેઠો. વળી ઊભો થાય, વળી પડે હેઠો. વળી દડી જાય. બહુ જ અશકત દશા છે. પૂછે ત્યારે એને જવાબ મળે. નિર્ગ્રંથ મુનિ હોય તો જંગલમાં ચાલ્યા જાય, ક્ષેત્રથી કાંઈ બંધાયેલા રહે નહિ કે હું અહીંયાં રહીશ. તું આત્માર્થી થઈને આવ્યો છો એટલે હવે હું અહીંયાં રોકાઈ જઈશ એ વાત એમને નથી. તીર્થંકરની વાણી છૂટે ત્યારે છૂટે. એની ઇચ્છા થાય ત્યારે ન છૂટે, એને પ્રશ્ન ઊભો થાય ત્યારે ન છૂટે. જ્યારે છૂટે ત્યારે છૂટે એના સ્વ કાળે. એક સત્પુરુષ એવા છે કે અડધી રાત્રે પૂછે તો હોંકારો દ્યે એવા છે. અડધી રાતનો હોંકારો છે ઈ. જો એ પોતે સેવક થઈને એના સાન્નિધ્યમાં રહે તો એને કોઈપણ સમયે જવાબ મળે એમ છે. પોતાને મૂંઝવણ થાય (ત્યારે). અત્યારે એને એની જરૂર છે. અત્યારે સાલમપાકની જરૂર નથી. એને જે જોઈએ ઈ આપે. આને આ જરૂર છે, આને આ જરૂર છે, આને આ જરૂર છે. ....

સત્પુરુષના સહવાસને લઈને, સમાગમને લઈને જે અંદરમાં .... એ બીજા ગુણો પ્રગટવાની પૂર્વભૂમિકાની અત્યંત સાનુકૂળ સ્થિતિ છે. અત્યંત સાનુકૂળ સ્થિતિ છે. ... એમ સમજીને પણ જે એની ... એને ગુણસમુદ્ર ભગવાન આત્મા પ્રગટવાનું કારણ છે. બહુ ગૂઢ વાત કરી છે. લાગે ઉપરથી સાદી પણ અંદરમાં એના આત્મગુણો પ્રગટવાની તૈયારી થઈ ગઈ. આ એક પાત્રતાનો વિષય છે. .... પાત્રતાના અનેક લક્ષણ છે, એમાંનું આ એક (લક્ષણ છે).

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- બધા એક જ વાત કરે છે. કોઈ જુદી જુદી વાત કરતા નથી. કેમકે વસ્તુનું સ્વરૂપ છે એ એક પ્રકારે છે. એ કંઈ ફરી જાય છે? ત્રણે કાળે વસ્તુનું સ્વરૂપ એક પ્રકારે છે. વસ્તુને પ્રાપ્ત કરાવવાની વિધિ-પરમાર્થનો માર્ગ પણ ત્રણે કાળે એક જ પ્રકારે છે. પછી બીજી વાત ક્યાંથી આવવાની હતી? હજાર વર્ષ પહેલા કરે કે વર્તમાનમાં કરે, ગમે ત્યારે કરે, એક જ વાત આવવાની, બીજી વાત આવવાનો પ્રશ્ન નથી કે ફેર પડી જાય એમાં. ક્યાંય ફેર પડતો નથી. ખાસ કરીને અનુભવ અંગેના જે અધ્યાત્મ સિદ્ધાંતો છે એ સિદ્ધાતોમાં ક્યાંય ફેર પડતો નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના માટે આવે તો ના પાડતા કે એ બધો રાગ છે, રાગ છે, રાગ છે. .... બીજાને? તો કહે તરવાનું નિમિત્ત છે. બીજાની વાત આવે તો કહે ઈ

તરવાનું નિમિત્ત છે, ધ્યાન રાખજો. ... ૩૩૪ થયો.

બહારના ગમે તેવા સંયોગમાં ધર્મ ન છોડવો, ચૈતન્ય તરફની રુચિ ન છોડવી. ધર્મ કે રુચિ છૂટે તો અમૂલ્ય મનુષ્યભવ હારી ગયા. ૩૩૫.

અવાજ સ્પષ્ટ નથી.

વર્તમાન છે, તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. દડતો હીરો હાથમાંથી પડી જવા છતાં તુરત નજરે ચડે છે તેમ પલટતું વર્તમાન ધ્રુવને દર્શાવતું પલટી રહ્યું છે. અનિત્ય અવયવ દ્વારા નિત્ય સ્વરૂપ જણાય છે, અને તે અનિત્યમાં જણાય છે. ત્યાં નિત્ય અનિત્ય પરસ્પર વિરુદ્ધ હોવા છતાં, સર્વથા ભિન્ન નથી. નિત્ય દ્વારા અનિત્ય પર્યાયોમાં વ્યાપ્યું છે, એકત્વશક્તિના કારણથી કે જે એકત્વશક્તિ સ્વયં અનેક પર્યાયોમાં વ્યાપક 'એક દ્રવ્યમયપણા' રૂપે સદાય છે. તેમ છતાં દ્રવ્યત્વ છે, તે પર્યાયત્વ નથી અને પર્યાયત્વ છે તે દ્રવ્યત્વ નથી. આવો પરસ્પર અતદ્‌ભાવ એક દ્રવ્યમાં હોવા છતાં, વિરુદ્ધ ધર્મત્વશક્તિ એ વસ્તુ સ્વભાવ હોવાથી, અવિરોધપણે વસ્તુ રહે છે. આમ દ્રવ્યાનુયોગનો વિષય અતીવ ગંભીર છે.

('અનુભવસંજીવની' બોલ નં.૪૮૮)

વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

	ગ્રંથનું નામ તેમજ વિવરણ	મૂલ્ય
૦૧	અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો)	૦૨-૦૦
૦૨	અધ્યાત્મ સંદેઈ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો)	અનુપલબ્ધ
૦૩	આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૦૪	અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન)	૧૫૦-૦૦
૦૫	અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૦૮	અધ્યાત્મ પરાગ -	
૦૯	બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૦	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૧	બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) -	
૧૨	ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	-
૧૩	દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત	૦૨-૦૦
૧૪	દ્રવ્યષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા)	૦૪-૦૦
૧૫	દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો)	૦૬-૦૦
૧૬	ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન)	૧૦-૦૦
૧૭	દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો)	૧૦-૦૦
૧૮	ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ)	૦૫-૦૦
૧૯	ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૨૦	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૧	ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૨૨	જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૮-૦૦

૨૩	કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૨૪	કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૨૫-૦૦
૨૫	કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો)	૩૦-૦૦
૨૬	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૭	કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૨૮	ક્રમબદ્ધપર્યાય -	
૨૯	મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૧૫-૦૦
૩૦	નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ)	૧૦-૦૦
૩૧	પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત)	૧૫-૦૦
૩૨	પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત)	૧૧-૨૫
૩૩	પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	અનુપલબ્ધ
૩૪	પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો)	૨૫-૦૦
૩૫	પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો)	૩૫-૦૦
૩૬	પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો)	૭૫-૦૦
૩૭	પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	૬૫-૦૦
૩૮	પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો)	-
૩૯	પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ)	૦૩-૦૦
૪૦	પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૬-૦૦
૪૧	પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૪૨	પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૩	પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૮૫-૦૦
૪૪	પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૫	પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૪૦-૦૦
૪૬	પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૭	પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૩૦-૦૦
૪૮	પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૪૯	પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૦	પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૧	પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦
૫૨	પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો	૨૦-૦૦

૫૩	પ્રવચનસાર	અનુપલબ્ધ
૫૪	પ્રચારિસ્તકાય સંગ્રહ	અનુપલબ્ધ
૫૫	પદ્મનંદીપંચવિશતી	–
૫૬	પુરુષાર્થ સિદ્ધિ ઉપાય	અનુપલબ્ધ
૫૭	રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૮	રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૫૯	રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦-૦૦
૬૦	રાજહૃદય (ભાગ૪) (‘શ્રીમદ્ રાજચંદ્ર’ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૬૧	સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક)	૧૫-૦૦
૬૨	જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો)	૦૬-૦૦
૬૩	સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૦-૦૦
૬૪	સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૫	સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો)	૩૫-૦૦
૬૬	સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન)	૨૫-૦૦
૬૭	સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૨૫-૦૦
૬૮	સમકિતનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો)	૩૦-૦૦
૬૯	તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ)	–
૭૦	વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન)	૦૭-૦૦
૭૧	વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો)	૨૫-૦૦
૭૨	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧)	–
૭૩	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨)	–
૭૪	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩)	–
૭૫	વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪)	–
૭૬	યોગસાર	અનુપલબ્ધ
૭૭	ધન્ય આરાધક	–
૭૮	અધ્યાત્મ સુધા (ભાગ-૪) ‘બહેનશ્રીનાં વચનામૃત’ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦

૭૯	અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૩૦.૦૦
૮૦	છ ઢાળા પ્રવચન (ભાગ-૧)	૨૦-૦૦
૮૧	છ ઢાળા પ્રવચન (ભાગ-૨)	૨૦-૦૦
૮૨	છ ઢાળા પ્રવચન (ભાગ-૩)	૨૦-૦૦
૮૩	મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન)	૨૦.૦૦
૮૪	રાજહૃદય (ભાગ-૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૫	રાજહૃદય (ભાગ-૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૬	રાજહૃદય (ભાગ-૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૭	રાજહૃદય (ભાગ-૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૮	રાજહૃદય (ભાગ-૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૦) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૮૯	રાજહૃદય (ભાગ-૧૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૦	રાજહૃદય (ભાગ-૧૩) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૧	રાજહૃદય (ભાગ-૧૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૨	અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૧) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૩	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૨) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૪	રાજહૃદય (ભાગ-૧૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૫	રાજહૃદય (ભાગ-૧૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦

૯૬	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૩) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૭	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૪) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૮	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૫) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૯૯	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૬) ('શ્રીઅનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૦	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૭) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૧	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૮) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૨	અનુભવપ્રકાશના કિરણો (ભાગ-૯) ('શ્રી અનુભવપ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૩	રાજહૃદય (ભાગ-૧૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૪	રાજહૃદય (ભાગ-૧૮) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૫	રાજહૃદય (ભાગ-૧૯) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો)	૨૦.૦૦
૧૦૬	અધ્યાત્મ સુધા (ભાગ-૮) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦
૧૦૭	અધ્યાત્મ સુધા (ભાગ-૯) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો	૨૦.૦૦

श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

उपलब्ध प्रकाशन (हिन्दी)

	ग्रंथ का नाम एवं विवरण	मुल्य
०१	अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल)	–
०२	आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक–४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०–००
०३	अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन)	१५०–००
०४	आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा)	५०–००
०५	आत्मअवलोकन	–
०६	बृहद द्रव्यसंग्रह	अनुपलब्ध
०७	द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग–पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा)	३०–००
०८	दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन)	०६–००
०९	दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार)	०६–००
१०	धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन)	–
११	दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक–१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५–००
१२	धन्य पुरुषार्थी	–
१३	धन्य अवतार	–
१४	गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति)	१५–००
१५	गुरु गिरा गौरव	–
१६	जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन)	०८–००
१७	कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक–१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५–००
१८	कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	३०–००
१९	मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन)	०८–००
२०	मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक–२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	–
२१	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन)	१०–००
२२	निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई)	१०–००
२३	परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त)	–

२४	प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई)	०४–००
२५	परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक–१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२०–००
२६	प्रवचन नवनीत (भाग–१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०–००
२७	प्रवचन नवनीत (भाग–२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन)	२०–००
२८	प्रवचन नवनीत (भाग–३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन)	२०–००
२९	प्रवचन नवनीत (भाग–४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन)	२०–००
३०	प्रवचन सुधा (भाग–१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०–००
३१	प्रवचन सुधा (भाग–२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन)	२०–००
३२	पथ प्रकाश	२०.००
३३	प्रवचनसार	अनुपलब्ध
३४	प्रंचास्तिकाय संग्रह	अनुपलब्ध
३५	सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक)	१५–००
३६	ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त)	–
३७	सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक–४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	१८–००
३८	सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक–१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	२५–००
३९	सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन)	४०–००
४०	समयसार नाटक	अनुपलब्ध
४१	समयसार कलश टीका	अनुपलब्ध
४२	समयसार	अनुपलब्ध
४३	स्मरण संचिका	२०.००
४४	स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक–९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन)	२०–००
४५	तत्त्वानुशीलन (भाग–१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई)	२०–००
४६	तत्थ्य	अनुपलब्ध
४७	विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन)	१०–००
४८	वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन	२०–००

४९	भगवान आत्मा	२०.००
५०	जिन प्रतिमा जिन सारखी	२०.००
५१.	छः ढाला प्रवचन (भाग–१)	२०.००
५२.	छः ढाला प्रवचन (भाग–२)	२०.००
५३.	छः ढाला प्रवचन (भाग–३)	२०.००
५४.	प्रवचनसुधा (भाग–६)	३०.००

वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

०१	प्रवचनसार (गुजराती)	१५००
०२	प्रवचनसार (हिन्दी)	४२००
०३	पंचास्तिकायसंग्रह (गुजराती)	१०००
०४	पंचास्तिकाय संग्रह (हिन्दी)	२५००
०५	समयसार नाटक (हिन्दी)	३०००
०६	अष्टपाहुड (हिन्दी)	२०००
०७	अनुभव प्रकाश	२१००
०८	परमात्मप्रकाश	४१००
०९	समयसार कलश टीका (हिन्दी)	२०००
१०	आत्मअवलोकन	२०००
११	समाधितंत्र (गुजराती)	२०००
१२	बृहद द्रव्यसंग्रह (हिन्दी)	३०००
१३	मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती)	१०००
१४	योगसार	२०००
१५	अध्यात्मसंदेश	२०००
१६	पद्मनंदीपंचविंशती	३०००
१७	समयसार	३१००
१८	समयसार (हिन्दी)	२५००
१९	अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित)	३०००
२०	द्रव्यदृष्टि प्रकाश (गुजराती)	१०,०००
२१	द्रव्यदृष्टि प्रकाश (हिन्दी)	७६००
२२	पुरुषार्थसिद्दिउपाय (गुजराती)	६१००
२३	क्रमबद्धपर्याय (गुजराती)	८०००
२४	अध्यात्मपराग (गुजराती)	३०००
२५	धन्य अवतार (गुजराती)	३७००
२६	धन्य अवतार (हिन्दी)	८०००
२७	परमागसार (गुजराती)	५०००
२८	परमागमसरा (हिन्दी)	४४००
२९	वचनामृत प्रवचन भाग-१-२-३-४	५०००
३०	अनुभव प्रकाश (हिन्दी)	२०००
३१	निर्भ्रांत दर्शननी केडीए (गुजराती)	५०००
३२	निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी)	७५००

३३	गुरुगुण संभारणा (गुजराती)	३०००
३४	गुरुगुण संभारणा (हिन्दी)	७५००
३५	जिण सासणं सव्वं (गुजराती)	२०००
३६	जिण सासणं सव्वं (हिन्दी)	२०००
३७	द्वादश अनुप्रेक्षा (गुजराती)	२०००
३८	दस लक्षण धर्म (गुजराती)	२०००
३९	धन्य आराधना (गुजराती)	१०००
४०	धन्य आराधना (हिन्दी)	१५००
४१	प्रवचन नवनीत भाग–१–४ (गुजराती)	५८५०
४२	प्रवचन प्रसाद भाग–१–२	२३००
४३	पथ प्रकाश (गुजराती)	२०००
४४	पथ प्रकाश (हिन्दी)	५००
४५	प्रयोजन सिद्धि (गुजराती)	३५००
४६	प्रयोजन सिद्धि (हिन्दी)	२५००
४७	विधि विज्ञान (गुजराती)	२०००
४८	विधि विज्ञान (हिन्दी)	२०००
४९	भगवान आत्मा (गुजरात)	२०००
५०	भगवान आत्मा (हिन्दी)	१५००
५१	सम्यक्ज्ञानदीपिका (गुजराती)	१०००
५२	सम्यक्ज्ञानदीपिका (हिन्दी)	१५००
५३	तत्त्वानुशीलन (गुजराती)	४०००
५४	तत्त्वानुशीलन (हिन्दी)	२०००
५५	बीजुं कांई शोध मा (गुजराती)	४०००
५६	दूसरा कुछ न खोज (हिन्दी)	२०००
५७	मुमुक्षुता आरोहण क्रम (गुजराती)	२५००
५८	मुमुक्षुता आरोहण क्रम (हिन्दी)	३५००
५९	अमृत पत्र (गुजराती)	२०००
६०	अमृत पत्र (हिन्दी)	२५००
६१	परिभ्रमणना प्रत्याख्यान (गुजराती)	१५००
६२	परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी)	४०००
६३	आत्मयोग (गुजराती)	१५००
६४	आत्मयोग (हिन्दी)	३०००
६५	अनुभव संजीवनी (गुजराती)	१०००
६६	अनुभव संजीवनी (हिन्दी)	१०००
६७	ज्ञानामृत (गुजराती)	३५००
६८	ज्ञानामृत (हिन्दी)	१५००

६९	वचनामृत रहस्य (गुजराती)	१०००
७०	वचनामृत रहस्य (हिन्दी)	१०००
७१	दिशा बोध (हिन्दी–गुजराती)	३५००
७२	कहान रत्न सरिता (भाग–१)	१०००
७३	कहान रत्न सरिता (भाग–२)	१०००
७४	कुटुम्ब प्रतिबंध (गुजराती)	१५००
७५	कुटुम्ब प्रतिबंध (हिन्दी)	२५००
७६	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती)	१५००
७७	सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी)	२०००
७८	गुरु गिरा गौरव (हिन्दी–गुजराती)	३५००
७९	समयसार दोहन (गुजराती)	७५०
८०	समकितनुं बीज (गुजराती)	१०००
८१	स्वरूपभावना (गुजराती)	१०००
८२	स्वरूपभावना (हिन्दी)	१०००
८३	सुविधि दर्शन (गुजराती)	१०००
८४	सुविधिदर्शन (हिन्दी)	१९००
८५	आत्मसिद्धि शास्त्र पर प्रवचन	१२५०
८६	प्रवचन सुधा (भाग–१) (गुजराती)	१४००
८७	प्रवचन सुधा (भाग–२) (गुजराती)	७५०
८८	प्रवचन सुधा (भाग–३) (गुजराती)	१०००
८९	प्रवचन सुधा (भाग–४) (गुजराती)	१०००
९०	प्रवचन सुधा (भाग–५) (गुजराती)	१०००
९१	प्रवचन सुधा (भाग–६) (गुजराती)	१०००
९२	प्रवचन सुधा (भाग–७) (गुजराती)	७५०
९३	प्रवचन सुधा (भाग–८) (गुजराती)	७५०
९४	प्रवचन सुधा (भाग–९) (गुजराती)	७५०
९५	प्रवचन सुधा (भाग–१०) (गुजराती)	७५०
९६	प्रवचन सुधा (भाग–११) (गुजराती)	७५०
९७	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग–१ (गुजराती)	१०००
९८	कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग–२ (गुजराती)	१०००
९९	द्रव्यसंग्रह प्रवचन (भाग–१) (गुजराती)	१०००
१००	द्रव्यसंग्रह प्रवचन (भाग–२) (गुजराती)	१०००
१०१	राज हृदय (भाग–१) (गुजराती)	१५००
१०२	राज हृदय (भाग–२) (गुजराती)	१५००
१०३	राज हृदय (भाग–३) (गुजराती)	७५०
१०४	अध्यात्मस्था (भाग–१) (गुजराती)	१०००

१०५ अध्यात्मसुधा (भाग-२) (गुजराती)	१०००
१०६ अध्यात्म सुधा (भाग-३) (गुजराती)	१०००
१०७ अध्यात्म सुधा (भाग-४) (गुजराती)	७५०
१०८ अध्यात्म सुधा (भाग-५) (गुजराती)	७५०
१०९ गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन)	१०००
११० गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन)	७५०
१११ मुक्तिनो मार्ग (गुजराती)	१०००
११२ प्रवचन नवनीत (भाग-१) (हिन्दी)	१०००
११३ प्रवचन नवनीत (भाग-२) (हिन्दी)	१०००
११४ प्रवचन नवनीत (भाग-३) (हिन्दी)	१०००
११५ प्रवचन नवनीत (भाग-४) (हिन्दी)	१०००
११६ धन्य आराधक (गुजराती)	७५०
११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१)	१०००
११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२)	१०००
११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३)	१०००
१२० जिन प्रतिमा जीन सारखी	५००
१२१ स्मरण संचिका	१५००
१२२ दंसण मूलो धम्मो	३५००
१२३ प्रवचन सुधा (भाग-१) (हिन्दी)	१०००
१२४ प्रवचन सुधा (भाग-२) (हिन्दी)	१०००
१२५ प्रवचन सुधा (भाग-३) (हिन्दी)	१०००
१२६ प्रवचन सुधा (भाग-४) (हिन्दी)	१०००
१२७ प्रवचन सुधा (भाग-५) (हिन्दी)	१०००
१२८ प्रवचन सुधा (भाग-६) (हिन्दी)	१०००
१२७ धन्य पुरुषार्थी (गुजराती)	१५००
१२८ धन्य पुरुषार्थी (हिन्दी)	६५००
१२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१)	१०००
१३० राज हृदय (भाग-४) (गुजराती)	५००
१३१ राज हृदय (भाग-५) (गुजराती)	५००
१३२ राज हृदय (भाग-६) (गुजराती)	५००
१३३ राज हृदय (भाग-७) (गुजराती)	१५०
१३४ राज हृदय (भाग-८) (गुजराती)	१५०
१३५ राज हृदय (भाग-९) (गुजराती)	१५०
१३६ राज हृदय (भाग-१०) (गुजराती)	१५०
१३७ राज हृदय (भाग-११) (गुजराती)	१००
१३८ राज हृदय (भाग-१२) (गुजराती)	१००

१३९ राज हृदय (भाग–१३) (गुजराती)	१००
१४० राज हृदय (भाग–१४) (गुजराती)	१००
१४१ राज हृदय (भाग–१५) (गुजराती)	१००
१४२ राज हृदय (भाग–१६) (गुजराती)	१००
१४३ अध्यात्म सुधा (भाग–६) (गुजराती)	१५०
१४४ अध्यात्म सुधा (भाग–७) (गुजराती)	१५०
१४५ अनुभवप्रकाशना किरणों (भाग–२) (गुजराती)	१५०
१४६ अनुभवप्रकाशना किरणों (भाग–३) (गुजराती)	१५०
१४७ अनुभवप्रकाशना किरणों (भाग–४) (गुजराती)	१५०
१४८ अनुभवप्रकाशना किरणों (भाग–५) (गुजराती)	१५०
१४९ अनुभवप्रकाशना किरणों (भाग–६) (गुजराती)	१५०
१५० अनुभवप्रकाशना किरणों (भाग–७) (गुजराती)	१००
१५१ अनुभवप्रकाशना किरणों (भाग–८) (गुजराती)	१००
१५२ अनुभवप्रकाशना किरणों (भाग–९) (गुजराती)	१००
१५३ राज हृदय (भाग–१७) (गुजराती)	२००
१५४ राज हृदय (भाग–१८) (गुजराती)	२००
१५५ राज हृदय (भाग–१९) (गुजराती)	२००
१५६ अध्यात्म सुधा (भाग–८) (गुजराती)	१५०
१५७ अध्यात्म सुधा (भाग–९) (गुजराती)	१५०

પાઠકોની નોંધ માટે

પાઠકોની નોંધ માટે